ઉપાધ્યાય શ્રી માનવિજયજી મ. સા. કૃત સ્વોપજ્ઞ ટીકા તથા

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા કૃત ટિપ્પણ સમન્વિત

ધર્મસંગ્રહ

શબ્દશઃ વિવેચન

ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મસંગ્રહ ભાગ–૧

શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા સ્વોપજ્ઞ ટીકાકર્તા ❖

ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજા

❖ ટિપ્પણકર્તા ❖

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલનકારિકા ❋

પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં સામ્રાજ્યવર્તી,
ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી પુણ્યપાલસૂરિ મહારાજાનાં આજ્ઞાવર્તિની
પ. પૂ. વિદુષી સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. સા.નાં શિષ્યરત્ના પ. પૂ. સા. શ્રી ચારુનંદિતાશ્રીજી મ. સા.નાં
શિષ્યા સાધ્વીજી શ્રી ચિદ્નંદિતાશ્રીજી

✣ પ્રકાશક ✣



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ધર્મસંગ્રહ ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : ૩. ૨૬૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

૯, 'સિદ્ધાચલ વાટિકા', સ્મૃતિમંદિર પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫.

(શાંતિલાલ ગમનાજી ચેરીટેબલ ટ્રસ્ટ)

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૪૦

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. જૈનશાસન સ્થાપના
૧૬. ચિત્તવૃત્તિ
૧૭. શ્રાવક કે બારહ વ્રત એવં વિકલ્પ
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. પ્રશ્નોત્તરી

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત में ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો (ગુજ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. सेवो पास संखेसरो (હિન્દી)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન-ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન

૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧

૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા–૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય–વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૯. વાદદ્વાત્રિંશિકા–૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૧

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ–૧
૨. ધર્મતીર્થ ભાગ–૨

ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ના
સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

અનાદિ અનંતકાળથી ભવાટવીમાં ભ્રમણ કરતા જીવ માત્રની ઝંખના સુખ છે, પરંતુ જીવની કરુણ સ્થિતિ એ છે કે સાચું સુખ મળે ક્યાં તેની ખબર નથી માટે જ પરિભ્રમણ ચાલુ છે. પુણ્યસંયોગે આર્યદેશ-આર્યકુળમાં જન્મ પામતા ધર્મથી સુખ મળે છે. ધર્મ જીવનમાં કરવા જેવો છે વગેરે શબ્દો કાને અથડાતા. પરંતુ ખરેખર ધર્મ એટલે શું ? ધર્મ કોને કહેવાય ? What is the religion જીવની જિજ્ઞાસાને કારણે થોડી થોડી સમજ આવતી ગઈ. ધર્મનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ત્રણ લોકમાં પ્રતિષ્ઠિત ધર્મ છે. 'ધૃ' ધારણ કરવું. ધાતુ પરથી બનેલ ધર્મ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ શાસ્ત્રમાં - ધારણ કરે તે ધર્મ અર્થાત્ દુર્ગતિમાં પતિત એવા આત્માને ધારણ કરી સદ્‌ગતિમાં સ્થાપન કરનાર 'ધર્મ' કરેલ છે. ભવોદધિતારક તીર્થંકરે સ્થાપેલ ધર્મ. બે પ્રકારનો :- ૧. સાધુધર્મ, ૨. શ્રાવકધર્મ. પરંતુ વ્યક્તિભેદે, ભૂમિકા ભેદે, સંયોગભેદે - ધર્મના અનેક પ્રકારો થાય છે.

નિગોદથી નિર્વાણ - અવ્યવહાર રાશિથી વ્યવહારરાશિમાં આવી, ચૌદ ગુણસ્થાનકના ક્રમારોહ સ્વરૂપે ચેતન એવા આત્માની આત્મકથાના નિરૂપણ દ્વારા સાંગોપાંગ મોક્ષમાર્ગનું કથન જે જૈનદર્શનમાં છે તેવું અન્ય દર્શનમાં ક્યાંય નથી. તીર્થંકરે અર્થની દેશના આપી અને ગણધરે જિનવચનને સૂત્રાત્મક રીતે દ્વાદશાંગીની રચના કરી આત્માના સાચા સુખને બતાવનાર અનુપમ શ્રુતજ્ઞાનની ભેટ ધરી. આ અમૂલ્ય અનુપમ શ્રુતવારસોને પ્રાચીન મહર્ષિઓ, વિશિષ્ટ-શ્રુતધર - પૂર્વધરો - આપણા પૂર્વજોએ આપણા સુધી પહોંચાડી વર્તમાન પેઢી પર અનન્ય ઉપકાર કર્યો છે. પૂજ્ય જગદ્‌ગુરુ હીરસૂરિ મ.સા.ની પાંચમી પાટને શોભાવનાર શ્રી માનવિજયજી કૃત પ્રસ્તુત ગ્રંથ ધર્મસંગ્રહ...

"મૈત્ર્યાદિ ભાવોથી સંમિશ્ર અવિરુદ્ધ એવા વચનથી યથોદિત એવું જે અનુષ્ઠાન તે ધર્મ છે." ગ્રંથકારશ્રીએ વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કરી ચરમાવર્ત યથાપ્રવૃત્તિકરણ પામેલ ભવ્યજીવે મોક્ષની મંઝિલ-મોક્ષમાર્ગ દ્વારા કઈ રીતે પ્રાપ્ત કરવી અર્થાત્ ક્રમસર કઈ ભૂમિકા પ્રાપ્ત કરી સિદ્ધિ હાંસલ કરવી તેના નિરૂપણ માટે ગ્રંથકારશ્રીએ ચરમાવર્ત ધર્મયૌવનકાલ, આદિધાર્મિક, અપુનર્બંધક, મૈત્ર્યાદિ દૃષ્ટિ, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, પ્રમત્ત ગુણસ્થાનક, અપ્રમત્તગુણસ્થાનક સુધીના ક્રમારોહને આવરી લીધેલ છે. સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મના વિભાગીકરણથી શ્રાવકધર્મ દ્વારા અને સાપેક્ષ યતિધર્મ - નિરપેક્ષ યતિધર્મ દ્વારા સાધુધર્મનું નિરૂપણ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે. મૂળ ગાથા-૧૫૯ અને ઉદ્ધરણ સહિત ૧૪,૬૦૨ શ્લોક પ્રમાણ હોવાથી ગ્રંથકારશ્રીએ કૃતિનું નામ 'ધર્મસંગ્રહ' રાખેલ છે.

જિનવચનમાં અડગ શ્રદ્ધા ધરાવનાર સાધુધર્મનું પરિભાવન કરનાર નિઃસ્પૃહી બારવ્રતધારી સુશ્રાવક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ પોતાની આગવી સુંદર શૈલીથી તે તે ભૂમિકાના ભાવોને ખોલીને ધર્મનો મર્મ સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

કષ-છેદ-તાપશુદ્ધ ધર્મનું સ્વરૂપ, આદિધાર્મિક આદિની ભૂમિકા, સમ્યક્ત્વનું દ્રવ્યથી-ભાવથી સ્વરૂપ તથા દસ પ્રકારના સમ્યક્ત્વને ખૂબ ધ્યાનથી વાંચી મનન કરવા યોગ્ય છે.

વળી, શ્રાવકધર્મના બારવ્રતના અવાંતર ભાંગા છે અને ભગવાને બતાવેલ શ્રાવકધર્મ મોક્ષનું કારણ કઈ રીતે બને છે. શ્રાવકધર્મના અનુષ્ઠાનના યોગ્ય ભાવોની સૂક્ષ્મતા વિવેચનકાર સુશ્રાવકશ્રી પ્રવીણભાઈએ સરળ ભાષામાં સુંદર રીતે બતાવી છે, જેને વાંચતા-મનન કરતા શ્રાવકધર્મનું રહસ્ય સમજાતું જાય ? સાથે સાથે સર્વજ્ઞ એવા તીર્થંકર પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય કે કેવો સરસ ધર્મ પ્રભુએ ચારિત્રધર્મ બતાવ્યો છે.

-: ઋણ સ્વીકાર :-

યોગબીજ પ્રાપ્તિના તેર કારણમાંથી એક કારણ એવા ગ્રંથલેખન કરવાનો અનુપમ અવસર મને પ્રાપ્ત થયો. ગાઢ મિથ્યાત્વના પ્રબળ કારણ મોહ સામ્રાજ્યથી ઘેરાયેલ સંસારથી શાંત પ્રશાંત ઉપશાંત સૌમ્ય ધર્મસામ્રાજ્યનો યત્કિંચિત્ મુજજીવનમાં અનુભવ કરાવનાર જડ-ચેતન એવા ઉપકારીઓનો યત્કિંચિત્ ઋણ સ્વીકાર; કેમ કે સાચો ઋણ સ્વીકાર મોક્ષમાર્ગમાં આગળ વધી સમકિતના સહારે ભાવચારિત્રના યથાર્થ પાલન દ્વારા સામર્થ્ય યોગથી કેવલજ્ઞાન પામી યોગનિરોધ કરી નિર્વાણને હાંસલ કરી સિદ્ધિપદને વરશુ ત્યારે થશે. પરંતુ તે પામી શકાય તેના માટે પ્રેરણા-સામગ્રી આદિ અર્પણ કરનાર જગતમાં જેનો જોટો ન જડે તેવા સુદેવ-સુગુરુ-સુધર્મને પ્રદાન કરનારૂ પરમાત્માની અસીમ કૃપા મુજ પર ઊતરે તે જ અભ્યર્થના.

तुभ्यं नमस्त्रि भुवनार्तिहराय नाथ ! तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय ।
तुभ्यं नमः क्षितितलाऽमलभूषणाय, तुभ्यं नमो जिनभवोदधि शोषणाय ।।

અનંતા અરિહંત અને અનંતા સિદ્ધોનો ઉપકાર સમગ્ર જીવસૃષ્ટિ ઉપર છે પરંતુ વર્તમાન ભવમાં જેના દર્શન-વંદન-અર્ચન-પ્રતિમા દ્વારા અનન્ય ઉપકાર થયો છે તેવા ત્રૈલોક્યલલાયભૂત, ત્રિભુવનાર્તિહર, ક્ષિતિતલામલભૂષણ, ભવોદધિ શોષણ કરનાર જગત્ગુરુ શત્રુંજય શણગાર શ્રી આદિનાથ પ્રગટ પ્રભાવી શંખેશ્વર મંડન શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય, શાંતિદાયક શ્રી શાંતિનાથ, આસન્ન ઉપકારી ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી વસુ દ્વારા અર્પિત વાસુપૂજ્યસ્વામી અને શ્રેયકારી એવા શ્રેયાંસનાથ એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું. મારા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું.

अज्ञानतिमिरान्धानाम् ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मिलीतं येन तस्मै श्री गुरवे नमः ।।

"સુહગુરુ જોગો - તવ્વયણસેવણા આત્મવમખંડા"

મુજ સંયમજીવનના સાર્થવાહ, રક્ષણહાર, તારણહાર માર્ગદર્શક સદ્‌ગુરુવર્યનો યોગ-યોગાવંચક બની ફલાવંચકયોગમાં પરિણમન પામે તેવી મહેચ્છા. વધુ તો શું કહેવું ! પરમોપધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ના શબ્દો યાદ આવે છે.

"સમકિતદાયક ગુરુ તણો પચ્ચુવચાર ન થાય,
ભવ કોડાકોડી કરી કરતા સર્વ ઉપાય."

મોહ અને અજ્ઞાનને કારણે કાલપુટ વિષ જેવા વિષમ વિષયકષાયના તોફાની વમળમાં ઘેરાયેલ ભવ્ય જીવને શુદ્ધ ધર્મનું પ્રદાન કરી ધર્મશ્રવણ નૌકા દ્વારા હેમખેમ કિનારે પહોંચાડનાર, ૮૪ લાખ જલનિધિ તરણ પ્રવહણ, ભવોદધિત્રાતા, ભવ્યજીવ પ્રતિબોધક, સૂક્ષ્મતત્ત્વવિવેચક, અધ્યાત્મસંપન્ન ભાવાચાર્યના લક્ષ્યને સ્મૃતિમાં રાખી પ્રવ્રજ્યા પર્યાયને પરોપકારમાં પ્રવર્તાવતા ધર્મતીર્થરક્ષક, શ્રુતરક્ષક, સમ્યક્જ્ઞાન દાતા અનન્યોપકારી અનુપમેય ગુરુવર્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાના પાદ પંકજે મુજ પાપાત્માના નત મસ્તકે અનંતાનંત કોટિશઃ વંદન હોજો...

મોક્ષના એક માત્ર કારણ એવા ચારિત્રને વેશથી અર્પણ કરી સ્વની નિશ્રામાં સારણાદિ દ્વારા ધર્મનો ખરો મર્મ સમજાવી સંયમરથને મોક્ષપથ પર આગળ ધપાવવા માટે કટિબદ્ધ એવા હિતચિંતક-ચારિત્રસંપન્ન વિદૂષી સાધ્વીરત્ના પરમપૂજ્ય ગુરુવર્ય ચારુનંદિતાશ્રીજી મ.સા.ની કૃપા મુજ પર સદા વરસતી રહો, એવી અંતરની અભિલાષા.

સ્વાસ્થ્યની પ્રતિકૂળતામાં આત્માની સ્વસ્થતા દ્વારા સમાધિ આપનાર, બીજાના દોષોને ખમી ખાવાનો અનુપમ ગુણ ધરાવનાર, સ્વ નામને સાર્થક કરવામાં તત્પર એવા શતાધિક શ્રમણી ગચ્છ પ્રવર્તક હિતકાંક્ષી પ્રવર્તની વિદૂષી સાધ્વીરત્ના પરમોપકારી પરમપૂજ્ય ચંદ્રાનનાશ્રીજી મ.સા. - દાદીગુરુના આશીર્વાદથી મારું સંયમજીવન નંદનવન સમુ બની રહે તેવી અભ્યર્થના.

અગૃહીતા સંકેતાને પણ પ્રાજ્ઞ કહેવડાવે એવી મંદબુદ્ધિવાળી મને - એક પથ્થરને ધીરતા - ધૈર્યગુણથી સાત્ત્વિક વાત્સ્યના ટાંકણાથી ઘડનાર, સાધુજીવનના હાર્દને સમજાવનાર અને પ્રસ્તુત ગ્રંથની સંકલના માટે યોગ્ય બનાવનાર શિલ્પી એવા સુશ્રાવક શ્રી પ્રવીણભાઈ પંડિતની મુજ પર વડીલ તરીકેની છત્રછાયા દશવિધયતિધર્મના પાલનરૂપ સંયમજીવનમાં સદા રહે.

'સહાય કરે તે સાધુ'ને સાર્થક કરતા રત્નત્રયીની આરાધનામાં સહાય કરનાર - ખાસ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ માટે અનુકૂળતા કરી આપનાર ગુરુભગિની અને લઘુભગિનીની હું સદા ઉપકૃત છું.

"જા સંયમપંથે દીક્ષાર્થી તારો પંથ સદા ઉજમાળ રહે..."

અંતરના આશીર્વાદની દીક્ષાની રજા આપી એક જ ભવમાં નવો જન્મ આપનાર ભૌતિક ઉપકારી માતુશ્રી ચંદ્રાબહેન અને પિતાશ્રી સૂર્યકાન્તભાઈ તથા પરિવારજનનો ઉપકાર - કૃતજ્ઞતા ગુણથી કહી વિસરાય તેમ નથી.

રાજનગરની ધન્ય ધરા જેણે સન્માર્ગદાતા-મોક્ષમાર્ગ પ્રરૂપક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પાલખીના દર્શન કરાવ્યા અને અનેક મહાત્માઓનો મેળાપ કરાવી નામથી ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો.

દીક્ષાદાતા-પરમપૂજ્ય હિતરુચિવિજયજી મ.સા. વડી દીક્ષાદાતા-આચાર્યદેવેશ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા. ઘરની મમતા છોડાવનાર આચાર્યદેવેશ શ્રીમદ્વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા., હિતચિંતા કરનાર આચાર્યદેવેશ શ્રીમદ્વિજય હર્ષવર્ધનસૂરીશ્વરજી મ.સા. તથા સંયમજીવનમાં સહાયક થનાર અનેક મહાત્માઓની હું ઋણી છું.

આ યત્કિંચિત્ ઋણ સ્વીકાર દ્વારા સાચો ઋણ સ્વીકાર કરી શકું તેવી પરમપિતા પરમેશ્વરને પ્રાર્થના.

પ્રાદુર્ભાવ પામેલ મુક્તિની ઝંખનાનું કિરણ ઉજ્જ્વલ બની શીઘ્ર મુક્તિ આપે તેવા પુરુષાર્થને ઇચ્છતી ભવ્ય જીવ એવા વાચકજીવમાં મુક્તિની ઝંખના જાગે તેવી ઝંખના મુક્તિની શુભાભિલાષા.

❖ શુભં ભવતુ ❖

આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૭,
તા. ૬-૧૦-૨૦૧૧, ગુરુવાર.
ગીતાર્થગંગા, શ્રુતદેવતા ભવન,
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
સામ્રાજ્યવર્તી, ગચ્છાધિપતિ આચાર્યભગવંત
શ્રી પુણ્યપાલસૂરિ મહારાજાનાં આજ્ઞાવર્તિની
પ. પૂ. સા. ચંદ્રાનનાશ્રીજી મ. સા.નાં શિષ્યરત્ના
પ. પૂ. સા. ચારુનંદિતાશ્રીજી મ. સા.ના શિષ્યા
સાધ્વીજી ચિદ્નંદિતાશ્રીજી

ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ના

સંકલના

દુર્ગતિથી પડતા જીવને ધારણ કરે અને સદ્‌ગતિમાં સ્થાપન કરે તથા ઉત્તરોત્તર સુખની વૃદ્ધિ દ્વારા પૂર્ણ સુખની પ્રાપ્તિનું કારણ બને તે ધર્મ છે. આવો ધર્મ ચિત્તમાં ઉત્પન્ન થતો જીવનો પરિણામ છે અર્થાત્ જીવનો વર્તમાન ક્ષણમાં વર્તતો તત્ત્વને અનુકૂળ પરિણામ છે. આવા ધર્મને પ્રગટ કરવાનું કારણ બને તેવા ઉચિત અનુષ્ઠાનને પણ ઉપચારથી ધર્મ કહેવાય છે. આવા ધર્મના સ્વરૂપનો સંગ્રહ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે માટે 'ધર્મસંગ્રહ' એ પ્રમાણે ગ્રંથનું નામ આપેલ છે.

વળી તે ધર્મ સામાન્યથી બે પ્રકારનો છે :- (૧) ગૃહસ્થધર્મ અને (૨) સાધુધર્મ. વળી ગૃહસ્થધર્મ પણ બે પ્રકારનો છે. (૧) સામાન્ય ગૃહસ્થધર્મ અને (૨) વિશેષ ગૃહસ્થધર્મ. તેમાંથી સામાન્ય ગૃહસ્થધર્મનું વર્ણન પ્રસ્તુત ગ્રંથના પ્રથમ અધિકારમાં ગ્રંથકારશ્રીએ કરેલ છે, જેના વાંચન-ચિંતન-મનનથી વિવેકીજીવને બોધ થાય છે કે સંસારમાં વર્તમાનના ભવમાં પણ ક્લેશના પરિહારપૂર્વક સુખમય જીવન જીવવાનો ગૃહસ્થનો ઉચિત વ્યાપાર તે ધર્મ છે. ગૃહસ્થને અર્થોપાર્જન વગર જીવનવ્યવસ્થા સંભવે નહિ તેથી આલોકમાં અને પરલોકમાં ક્લેશ ન થાય તે રીતે ધન અર્જન કરે તે સામાન્ય ગૃહસ્થધર્મ છે. આલોકમાં ક્લેશ અલ્પ થાય અને પરલોકમાં અહિત ન થાય તે પ્રકારે સદ્‌ગૃહસ્થે જીવનમાં સર્વ પ્રવૃત્તિઓ કરવી જોઈએ અને તે પ્રકારે પ્રવૃત્તિ કરવા અર્થે શું શું ઉચિત કૃત્યો કરવા જોઈએ, જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ વર્તમાનમાં સુખનું કારણ બને અને આગામી ભવોના સુખની પરંપરાનું કારણ બને તેનો વિસ્તારથી બોધ કરાવવા અર્થે પ્રથમ અધિકારમાં સામાન્ય ગૃહસ્થધર્મનું વર્ણન કરેલ છે.

વળી, ધન અર્જન કરવું, લગ્ન કઈ રીતે કરવા, ગૃહનિર્માણ કઈ રીતે કરવું તે સર્વ કૃત્યો ધર્મરૂપ નથી તેમ સામાન્ય વિચારકને જણાય છતાં તેવા જ સર્વ કૃત્યોને પ્રસ્તુત ગ્રંથમાં સામાન્ય ગૃહસ્થધર્મ તરીકે કહેલ છે, તેથી વિચારકને જિજ્ઞાસા થાય કે સંસારના તે તે કૃત્યોને સામાન્ય ગૃહસ્થધર્મ કેમ કહેલ છે ? તેની સ્પષ્ટતા પૂજ્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા.ની ટિપ્પણી મૂકીને ગ્રંથકારશ્રીએ કરેલ છે, જેને નિપુણ પ્રજ્ઞાપૂર્વક વાચકવર્ગે વાંચવી જોઈએ જેથી સંસારના પણ વિવેકપૂર્વકના કૃત્યો આલોકના અને પરલોકના હિતનું કારણ બને છે તેને ધર્મ કહેવાય છે તેનો માર્ગાનુસારી બોધ થાય છે.

વળી, જે જીવો સ્વાભાવિક નિર્મળ મતિવાળા છે તે જીવો પ્રાયઃ પ્રસ્તુતમાં વર્ણન કરેલ સામાન્ય ગૃહસ્થધર્મને જ સેવવાના પરિણામવાળા હોય છે. ક્વચિત્ બોધના અભાવને કારણે તે પ્રકારે સામાન્ય ગૃહસ્થધર્મ સેવતા ન હોય તોપણ પ્રસ્તુત ગ્રંથમાં વર્ણન કરેલ સામાન્ય ગૃહસ્થધર્મના વર્ણનને વાંચીને

તે જીવોને અવશ્ય તે રીતે જીવન જીવવાના મનોરથો થાય છે. જેનાથી તેઓમાં તે તે પ્રકારની માર્ગાનુસારી નિર્મળ મતિ પ્રગટે છે અને જે જીવોમાં જેટલા અંશથી ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવી માર્ગાનુસારી બુદ્ધિ છે તે સમ્યક્ત્વને સન્મુખ પરિણામવાળી છે અને સમ્યક્ત્વ પામેલ જીવોમાં અવશ્ય તેવી માર્ગાનુસારી મતિ હોય જ છે અને વિશેષ પ્રકારના શ્રાવકધર્મને સેવનારા જીવો પણ જેમ શ્રાવકોના આચારોને સેવે છે તેમ પ્રસ્તુતમાં બતાવેલ સામાન્ય ગૃહસ્થધર્મને પણ સ્વશક્તિ અનુસાર સેવે જ છે; કેમ કે સામાન્ય ગૃહસ્થધર્મ આલોકમાં પણ અનિંદિત ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે અને આલોક-પરલોકના હિતને વ્યાઘાત ન કરે તે પ્રકારે ઉચિત આચરણા સ્વરૂપ છે. આ પ્રકારનો સામાન્ય ગૃહસ્થધર્મ પ્રસ્તુત ગ્રંથમાં વર્ણન કરાયેલ છે તેનું જેઓ પુનઃ પુનઃ ભાવન કરે છે તેઓ ક્વચિત્ કર્મદોષને કારણે કોઈક પ્રકારની વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તોપણ તેવા ધર્મને સેવવાના તેઓને મનોરથો થાય છે. તે સર્વ મનોરથો નિર્મળ મતિનું કારણ બને છે અને જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી તેવા જીવો પણ પ્રથમ અધિકારમાં બતાવેલ સામાન્ય ગૃહસ્થધર્મનું સેવન કરીને સમ્યક્ત્વને સન્મુખ બને છે અને તેવા જીવો જ સમ્યક્ત્વના સ્વીકારપૂર્વક વિશેષ પ્રકારના ગૃહસ્થધર્મને સેવવા માટે સમર્થ બને છે.

ધર્મસંગ્રહ ભાગ-૧ શબ્દશઃ વિવેચનમાં ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કે પૂજ્ય ઉપાધ્યાય મહારાજના આશય વિરુદ્ધ કાંઈ પણ ક્ષતિ થઈ હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૭,
તા. ૬-૧૦-૨૦૧૧, ગુરુવાર
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

– પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મસંગ્રહ ભાગ-૧ની અનુક્રમણિકા

શ્લોક નં.	વિગત	પાના નં.
૧-૨.	મંગલાચરણ અને ગ્રંથનું અભિધેય.	૧-૬
૩.	ધર્મનું સ્વરૂપ.	૬-૧૭
૪.	ધર્મના ભેદો.	૧૭-૧૯
૫-૧૪.	સામાન્ય ગૃહસ્થધર્મના ૩૫ ભેદો.	૨૦-૯૪
૫.	ન્યાયાર્જિત ધન ૨ કુલ-શીલથી સમાન એવા અન્ય ગોત્રીય સાથે વિવાહકર્મ.	૨૦-૨૯
૬.	૩ શિષ્ટાચાર ૪ અરિષડ્વર્ગનો ત્યાગ ૫ ઇન્દ્રિયજય ૬ ઉપદ્રવયુક્ત સ્થાનનો ત્યાગ.	૨૯-૩૬
૭.	૭ સુસ્થાનમાં ગૃહનો નિવેશ.	૩૭-૩૯
૮.	૮ પાપભીરુતા ૯ દેશના પ્રસિદ્ધ એવા આચારોનું પાલન ૧૦ સર્વ જીવોમાં અનિંદાપણું અને રાજાદિમાં વિશેષથી અનિંદાપણું.	૩૯-૪૨
૯.	૧૧ આયઉચિત વ્યય ૧૨ પોતાના વિભવાદિ અનુસાર વેશ ૧૩ માતાપિતાનું પૂજન ૧૪ સત્પુરુષનો સંગ કરવો ૧૫ કૃતજ્ઞતા.	૪૨-૪૯
૧૦.	૧૬ અજીર્ણમાં ભોજનનો ત્યાગ ૧૭ કાલે સાત્મ્યથી આલૌલ્યથી ભુક્તિ ૧૮ વ્રતસ્થ એવા જ્ઞાનવૃદ્ધની સેવા ૧૯ ગર્હિત એવા પાપસ્થાનોમાં અપ્રવર્તન.	૪૯-૫૭
૧૧.	૨૦ ભર્તવ્યનું ભરણ ૨૧ દીર્ઘદૃષ્ટિ ૨૨ ધર્મશ્રુતિ ૨૩ દયા ૨૪ બુદ્ધિના આઠ ગુણોનો યોગ ૨૫ ગુણોમાં પક્ષપાત.	૫૭-૬૫
૧૨.	૨૬ હંમેશાં અનભિનિવેશ ૨૭ પ્રતિદિન વિશેષજ્ઞાન કરે ૨૮ યથાયોગ્ય અતિથિમાં, સાધુમાં અને દીનમાં પ્રતિપન્નતા.	૬૫-૭૦
૧૩.	૨૯ ધર્મ-અર્થ-કામ ત્રિવર્ગનું પરસ્પર ઉપઘાત વગર સાધવું ૩૦ અદેશ-અકાલમાં અચરણ ૩૧ બલાબલનો વિચાર કરવો.	૭૦-૭૮
૧૪.	૩૨ યથાયોગ્ય લોકયાત્રા ૩૩ પરોપકારનું પાટવ ૩૪ લજ્જા ૩૫ સૌમ્યતા	૭૯-૮૧
૧૫.	સામાન્ય ગૃહસ્થધર્મના સેવનનું આલોકમાં અને પરલોકમાં પ્રાપ્ત થતું ફળ.	૯૪-૯૬
૧૬.	સામાન્ય ગૃહસ્થધર્મના સેવનથી યોગબીજોની પ્રાપ્તિ.	૯૬-૧૦૨

શ્લોક નં.	વિગત	પાના નં.
૧૭.	આદિ ધાર્મિકના અનેક ભેદો.	૧૦૨-૧૧૩
૧૮.	સામાન્ય ગૃહસ્થધર્મ સેવનારમાં દેશનાશ્રવણની યોગ્યતા.	૧૧૩-૧૩૪
૧૯.	ધર્મદેશના આપવાની વિધિ.	૧૩૪-૨૪૩
૨૦.	ધર્મદેશનાથી યોગ્ય જીવને પ્રાપ્ત થતાં ધર્મનું સ્વરૂપ.	૨૪૩-૨૫૩

✪ ❋ ✪

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

પૂ. ઉપાધ્યાય શ્રી માનવિજયજી કૃત સ્વોપજ્ઞ ટીકા સમન્વિત તથા
લઘુહરિભદ્ર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા કૃત ટિપ્પણી યુક્ત

ધર્મસંગ્રહ ભાગ-૧

શબ્દશઃ વિવેચન

❋❋❋ પ્રથમ ખંડ ❋❋❋

ટીકાનું મંગલાચરણ :-

प्रणम्य विश्वेश्वरवीरदेवं, विश्वातिशायिप्रथितप्रभावम् ।
शास्त्रानुसृत्या किल धर्मसंग्रहं, सुखावबुद्ध्यै विवृणोमि लेशतः ।।१।।

ટીકાર્થ :-

प्रणम्य ..... लेशतः ।। विश्वातिशायिप्रथितप्रभावम्=વિશ્વમાં અતિશાયિ પ્રગટ પ્રભાવવાળા, विश्वेश्वर-वीरदेवं=વિશ્વના ઈશ્વર એવા વીરદેવને, प्रणम्य=પ્રણામ કરીને, शास्त्रानुसृत्या=શાસ્ત્રની અનુસૃતિથી, किल=ખરેખર, सुखावबुद्ध्यै=સુખ અવબોધ માટે=સુખેથી બોધ કરાવવા માટે, धर्मसंग्रहं=ધર્મસંગ્રહનું, लेशतः=લેશથી, विवृणोमि=હું વિવરણ કરું છું. ।।૧।।

વિશ્વમાં અતિશાયિ પ્રથિત પ્રભાવવાળા વિશ્વના ઈશ્વર એવા વીરદેવને=વિશ્વના ઈશ્વર એવા વીર ભગવાનને, પ્રણામ કરીને શાસ્ત્રની અનુસૃતિથી=સર્વજ્ઞના વચનરૂપ શાસ્ત્રના અનુસરણથી, હું ખરેખર સુખ અવબોધ માટે=લોકોને સુખેથી બોધ કરાવવા માટે, ધર્મસંગ્રહનું લેશથી વિવરણ કરું છું. ।।૧।।

ભાવાર્થ :-

વીર ભગવાન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી અપાયાપગમાતિશયાદિ ચાર અતિશયવાળા છે. તેથી વિશ્વમાં અતિશયિત વિસ્તાર પામેલા પ્રભાવવાળા છે. વળી આખા વિશ્વનું રક્ષણ કરનારા હોવાથી વિશ્વના ઈશ્વર છે. એવા વીરભગવાનને પ્રણામ કરીને ગ્રંથકારશ્રી કહે છે કે હું સર્વજ્ઞકથિત શાસ્ત્રના અનુસરણપૂર્વક લોકોને સુખેથી બોધ કરાવવા માટે ધર્મના સંગ્રહનું લેશથી વિવરણ કરું છું.

અવતરણિકા :-

અત્ર ગ્રન્થકૃત્ પ્રથમં શ્લોકદ્વયેન મઙ્ગલં સમાચરન્ શ્રોતૃપ્રવૃત્તયે સ્વાભિધેયં પ્રતિજાનીતે –

અવતરણિકાર્થ :-

અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, ગ્રંથકારશ્રી પ્રારંભમાં શ્લોકદ્વય વડે મંગલને આચરતા શ્રોતૃની પ્રવૃત્તિ માટે= શ્રોતાની ગ્રંથમાં પ્રવૃત્તિ માટે, સ્વઅભિધેયની=પ્રસ્તુત ગ્રંથના વિષયની, પ્રતિજ્ઞા કરે છે –

શ્લોક :-

प्रणम्य प्रणताशेषसुरासुरनरेश्वरम् ।
तत्त्वज्ञं तत्त्वदेष्टारं महावीरं जिनोत्तमम् ।।१।।
श्रुताब्धेः सम्प्रदायाच्च, ज्ञात्वा स्वानुभवादपि ।
सिद्धान्तसारं ग्रथ्नामि, धर्मसङ्ग्रहमुत्तमम् ।।२।। ।।युग्मम्।।

અન્વયાર્થ :-

પ્રણતાશેષસુરાસુરનરેશ્વરમ્=નમાયેલા અશેષસુર, અસુર અને નરના ઈશ્વર, તત્ત્વજ્ઞં=તત્ત્વને જાણનારા, તત્ત્વદેષ્ટારં=તત્ત્વને દેખાડનારા, જિનોત્તમમ્=જિનોમાં ઉત્તમ એવા, મહાવીરં=મહાવીરને, પ્રણમ્ય=પ્રણામ કરીને, શ્રુતાબ્ધેઃ સમ્પ્રદાયાચ્ચ=શ્રુતસમુદ્રમાંથી અને સંપ્રદાયથી, સ્વાનુભવાદપિ=સ્વ અનુભવથી પણ, જ્ઞાત્વા=જાણીને, સિદ્ધાંતસારં ધર્મસંગ્રહમુત્તમમ્=સિદ્ધાંતના સારરૂપ એવા ઉત્તમ ધર્મસંગ્રહની, ગ્રથ્નામિ=હું રચના કરું છું. ।।૧-૨।।

શ્લોકાર્થ :-

નમાયેલા અશેષ સુર, અસુર, અને નરના ઈશ્વર, તત્ત્વને જાણનારા, તત્ત્વને દેખાડનારા, જિનોમાં ઉત્તમ એવા મહાવીરને પ્રણામ કરીને શ્રુતાબ્ધેથી=શ્રુતસમુદ્રમાંથી અને સંપ્રદાયથી=ગુરુ-પરંપરાથી, સ્વ અનુભવથી પણ જાણીને સિદ્ધાંતના સારરૂપ એવા ઉત્તમ ધર્મસંગ્રહની હું રચના કરું છું. ।।૧-૨।।

ટીકા :-

अहं श्रुताब्धेः सकाशात्, तथा सम्प्रदायाद्=गुरुपारम्पर्यात्, तथा स्वानुभवाच्च=स्वकीयश्रुत-चिन्तोत्तरोत्पन्नभावनाज्ञानाच्च, ज्ञात्वा=निर्णीय, धर्ममिति शेषः, सिद्धान्तसारम्=आगमस्य सारभूतम्, उत्तमं च लोकोत्तरधर्मनिरूपकत्वात्, धर्मसंग्रहं=धर्मसंग्रहनामकं शास्त्रम्, तत्र संगृह्यतेऽनेनेति संग्रहः, 'पुंनाम्नि' [सि. हे. ५-३-१३०] इति करणे घः, धर्मस्य वक्ष्यमाणलक्षणस्य संग्रहो धर्मसंग्रह इति

यद्वा धर्मस्य संग्रहो यत्र स धर्मसंग्रह इति व्युत्पत्तिस्तं ग्रथ्नामि रचयामीति क्रियाकारकसण्टङ्कः, किं कृत्वा? विशेषेण=ईरयति क्षिपति तत्तत्कर्माणीति वीरः,

"विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः" ।

इति लक्षणनिरुक्ताद्वा वीरः, महाँश्चासावितरवीरापेक्षया वीरश्च महावीरः, वीरत्वं च दानयुद्धधर्मभेदात्त्रिधा । यदाहुः–

"कृत्वा हाटककोटिभिर्जगदसद्दारिद्र्यमुद्राकथं,
हत्वा गर्भशयानपि स्फुरदरीन् मोहादिवशोद्भवान् ।
तप्त्वा दुस्तपमस्पृहेण मनसा कैवल्यहेतुं तपस्,
त्रेधा वीरयशो दधद्विजयतां वीरस्त्रिलोकी गुरुः" ।।१।।

तं प्रणम्य प्रकर्षेण भावपूर्वकं मनोवाक्कायैर्नत्वेति सम्बन्धः । शेषाणि महावीरपदविशेषणानि, तैस्तु सद्भूतार्थप्रतिपादनपरैश्चत्वारो भगवदतिशयाः प्रकाश्यन्ते, तत्र पूर्वार्धेन पूजातिशयः तत्त्वज्ञमित्यनेन ज्ञानातिशयः, तत्त्वं सकलपर्यायोपेतसकलवस्तुस्वरूपं जानातीति व्युत्पत्तेः । तत्त्वदेष्टारमित्यनेन तु वचनातिशयः, तत्त्वं दिशतीति व्युत्पत्तिसिद्धेः, जिनोत्तममित्यनेन च अपायापगमातिशयः, अपायभूता हि रागादयस्तदपगमेन भगवतः स्वरूपलाभः, स च जयति रागद्वेषमोहरूपान्तरङ्गान् रिपूनिति शब्दार्थात्सिद्धः । तदेवं चतुरतिशयप्रतिपादनद्वारेण भगवतो महावीरस्य पारमार्थिकी स्तुतिरभिहितेति भाव इति श्लोकयुग्मार्थः ।।१-२।।

टीकार्थ :-

अहं ..... श्लोकयुग्मार्थः ।। हुं श्रुतसमुद्रथी अने संप्रदायथी=गुरुपरंपराथी, अने स्वानुभवथी=स्वकीय श्रुत-चिन्तानो उत्तरमां उत्पन्न थयेला भावनाज्ञानथी धर्मने जाणीने=निर्णय करीने, सिद्धांतना सार एवा=आगमना सारभूत एवा, उत्तम धर्मसंग्रहनी=धर्मसंग्रह नामक शास्त्रनी, रचना करुं छुं એ प्रमाणे क्रियाना कारक साथे संबंध छे.

ધર્મસંગ્રહ ઉત્તમ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

लोकोत्तर धर्मनो निरूपक होवाने कारणे धर्मसंग्रह उत्तम छे.

ધર્મસંગ્રહ શબ્દની વ્યુત્પત્તિ બતાવીને અર્થ સ્પષ્ટ કરે છે –

त्यां=ग्रंथमां, जेना वडे संगृहीत थाय ते संग्रह એ प्रमाणे "पुंनाम्नि" सूत्रथी करणमां 'घ' प्रत्यय छे.

ધર્મસંગ્રહનો સમાસ સ્પષ્ટ કરે છે –

વક્ષ્યમાણ લક્ષણવાળા એવા ધર્મનો સંગ્રહ, ધર્મસંગ્રહ છે. અથવા ધર્મનો સંગ્રહ છે જેમાં તે ધર્મસંગ્રહ, એ પ્રકારની ધર્મસંગ્રહ શબ્દની વ્યુત્પત્તિ છે. તેવા ધર્મસંગ્રહની રચના હું કરું છું.

શું કરીને હું રચના કરું છું ? તેથી કહે છે –

વીરભગવાનને નમસ્કાર કરીને હું રચના કરું છું એમ સંબંધ છે.

'વીર' શબ્દની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે –

(૧) તે તે કર્મો વિશેષથી ક્ષપણા કરેલ છે એથી વીર છે. અથવા

(૨) 'જે કર્મનું વિદારણ કરે છે, તપથી શોભે છે, અને તપ-વીર્યથી યુક્ત છે તે કારણથી વીર છે.'

એ પ્રકારના લક્ષણની વ્યુત્પત્તિથી=વીર શબ્દની વ્યુત્પત્તિથી, વીર છે. ઇતર વીરની અપેક્ષાએ મહાન એવા આ વીર તે મહાવીર. અને

(૩) વીરત્વ દાન, યુદ્ધ, ધર્મના ભેદથી ત્રણ પ્રકારનું છે. જેને કહે છે –

"સુવર્ણકોટિ વડે જગતને દારિદ્રની મુદ્રાની કથા વગરનું કરીને મોહાદિના વશથી ઉદ્ભવ પામતા એવા ગર્ભમાં સૂતેલા પણ=સુષુપ્ત સંસ્કાર રૂપે રહેલા પણ, અને સ્ફુરણ પામતા એવા શત્રુઓને હણીને=વર્તમાનમાં નિમિત્તને પામીને પ્રાદુર્ભાવ પામતા એવા શત્રુઓને હણીને, અસ્પૃહ મનથી કૈવલ્યના હેતુ એવા દુસ્તપ તપને કરીને ત્રણ પ્રકારના વીરના યશને ધારણ કરતા ત્રણલોકના ગુરુ વીરભગવાન વિજય પામો."

તેને પ્રણામ કરીને=પૂર્વમાં ત્રણ પ્રકારની 'વીર' શબ્દની વ્યુત્પત્તિ બતાવી તેવા વીરભગવાનને પ્રણામ કરીને, પ્રકર્ષથી મન, વચન, કાયા વડે ભાવપૂર્વક નમસ્કાર કરીને હું ધર્મસંગ્રહની રચના કરું છું એમ સંબંધ છે. શ્લોકમાં શેષ મહાવીરપદનાં વિશેષણો છે. વળી સદ્ભૂતાર્થ પ્રતિપાદન પર એવા તેઓ વડે=શેષ વિશેષણો વડે, ભગવાનના ચાર અતિશયો પ્રકાશન કરાય છે. ત્યાં પૂર્વાર્ધથી= પ્રણતાશેષસુરાસુરનરેશ્વરમ્ એરૂપ પૂર્વાર્ધથી, પૂજાતિશય, 'तत्त्वज्ञं' એના વડે જ્ઞાનાતિશય પ્રકાશન કરાય છે; કેમ કે સકલ પર્યાયથી યુક્ત એવા સકલ વસ્તુના સ્વરૂપ રૂપ તત્ત્વને જાણે છે એ પ્રકારની 'તત્ત્વજ્ઞ' શબ્દની વ્યુત્પત્તિ છે. વળી 'तत्त्वदेष्टारं' એના વડે વચનાતિશય પ્રકાશન કરાય છે; કેમ કે તત્ત્વનો ઉપદેશ આપે છે એ પ્રકારે વ્યુત્પત્તિની સિદ્ધિ છે. અને 'जिनोत्तमम्'=એના વડે અપાયાપગમાતિશય પ્રકાશન કરાય છે. જે કારણથી અપાયભૂત રાગાદિ છે તેના અપગમથી=રાગાદિના અપગમથી, ભગવાનને સ્વરૂપનો લાભ છે=આત્માના સ્વરૂપની પ્રાપ્તિ છે, અને તે=અપાયાપગમાતિશય, રાગ, દ્વેષ, મોહરૂપ અંતરંગશત્રુનો જય કરે છે. એ પ્રકારના શબ્દના અર્થથી=જિન શબ્દના અર્થથી, સિદ્ધ છે. આ રીતે ચાર અતિશય પ્રતિપાદન દ્વારા ભગવાન મહાવીરની પારમાર્થિક સ્તુતિ કહેવાઈ એ પ્રકારનો ભાવ છે. આ પ્રમાણે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે, શ્લોકયુગ્મનો અર્થ છે=બે શ્લોકનો અર્થ છે. ॥૧-૨॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી બે શ્લોક દ્વારા વીર ભગવાનને નમસ્કાર કરે છે.

અને ધર્મસંગ્રહ ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરે છે. તેમાં પ્રથમ વીરભગવાનને નમસ્કાર કરે છે અને વીરભગવાનનાં ચાર વિશેષણો બતાવી પ્રભુની પારમાર્થિક સ્તુતિ કરે છે.

૧.'प्रणताशेषसुरासुरनरेश्वरम्'=તેનાથી ગ્રંથકારશ્રી ભગવાનનો પૂજાતિશય બતાવે છે.

૨.'तत्त्वज्ञं' તેનાથી ભગવાનનો જ્ઞાનાતિશય બતાવે છે.

૩.'तत्त्वदेष्टारं' તેનાથી ભગવાનનો વચનાતિશય બતાવે છે.

૪.'जिनोत्तमम्' તેનાથી ભગવાનનો અપાયાપગમાતિશય બતાવે છે.

અને તેવા ચાર અતિશયવાળા ભગવાન મહાવીર છે અને તે મહાવીર શબ્દની વ્યુત્પત્તિ બતાવવા અર્થે ત્રણ પ્રકારે 'વીર' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે.

(૧) જેઓએ તે તે કર્મોનો વિશેષથી નાશ કર્યો તે વીર. આ પ્રકારની વ્યુત્પત્તિથી ભગવાને કર્મનાશ માટે મહાપરાક્રમ ફોરવ્યું માટે વીર છે, તેમ બતાવ્યું.

(૨) શાસ્ત્રમાં 'વીર' શબ્દની વ્યુત્પત્તિ કહી છે તે પ્રમાણે જેઓ કર્મોનો નાશ કરે અને જેઓ તપથી શોભતા હોય અને તેથી તપ-વીર્યથી યુક્ત એવા તેઓ વીર કહેવાય. જેમ રાજા શત્રુનો નાશ કરે છે અને વૈભવથી શોભે છે તેમ વીર ભગવાન પણ તપરૂપી વૈભવથી શોભે છે અને કર્મરૂપી શત્રુનો નાશ કરવાના પરાક્રમરૂપ વીર્યથી યુક્ત છે તેથી વીર છે.

(૩) દાન, યુદ્ધ અને ધર્મના ભેદથી ત્રણ પ્રકારનું વીરત્વ છે. જેમ વીર ભગવાને મહાદાન આપ્યું તેથી દાનથી વીર છે. આત્મામાં સુષુપ્ત રહેલા મોહના સંસ્કારો અને અનાદિના મોહના પરિણામથી ઉત્પન્ન થયેલા વર્તમાનમાં થતા મોહના પરિણામો એરૂપ શત્રુને મહાપરાક્રમથી હણ્યા તેથી મોહરૂપી શત્રુ સાથે યુદ્ધ કરવામાં વીર છે. વળી નિઃસ્પૃહ એવા મનથી કેવલજ્ઞાનનો હેતુ એવા દુષ્કર તપને કરીને ધર્મનું સેવન કર્યું તેથી ધર્મથી વીર છે.

આ રીતે ત્રણ પ્રકારે ભગવાનનું વીરપણું બતાવીને તેવા ભગવાનને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે. ત્યાર પછી ધર્મસંગ્રહરૂપ ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરે છે. ત્યાં કહે છે કે શ્રુતરૂપ સમુદ્રમાંથી પદાર્થો ગ્રહણ કરીને પોતે આ ગ્રંથની રચના કરે છે. તેથી આ ગ્રંથ સર્વજ્ઞ કથિત છે અને સ્વમતિ કલ્પનાથી રચાયેલો નથી તેમ બતાવે છે. વળી આ ગ્રંથની રચના સંપ્રદાયથી પ્રાપ્ત થયેલા શ્રુતના અર્થ અનુસાર ગ્રંથકારશ્રી કરે છે. તેથી ગીતાર્થોની પરંપરાને સંમત પદાર્થો પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ ગ્રહણ કર્યા છે, સ્વમતિથી કંઈ ગ્રહણ કર્યું નથી. તે રીતે આ ગ્રંથ સુવિશુદ્ધ પરંપરા અનુસારી છે તેથી પ્રમાણભૂત છે, તેમ બતાવ્યું.

વળી ગ્રંથકારશ્રી કહે છે કે પોતે સત્શાસ્ત્રો ભણ્યા તેનાથી શ્રુતજ્ઞાન થયું. તેનું શાસ્ત્રાનુસારી મતિથી ચિંતન કર્યું અને તે ચિંતવનના ઉત્તરમાં પોતાને ભાવનાજ્ઞાન પ્રગટ્યું, તેરૂપ પોતાના અનુભવથી પદાર્થનો

નિર્ણય કરીને પોતે આ ગ્રંથ રચે છે. તેથી એ ફલિત થાય કે જેમ આ ગ્રંથમાં બતાવેલા પદાર્થો સર્વજ્ઞના વચન સાથે અને પરંપરા સાથે અવિરુદ્ધ છે તેમ ગ્રંથકારશ્રીના સ્વાનુભવ સાથે પણ અવિરુદ્ધ છે. તેથી ગ્રંથકારશ્રીએ શાસ્ત્રોમાંથી પદાર્થો ગ્રહણ કરીને માત્ર આ ગ્રંથ રચ્યો નથી પરંતુ પોતાના અનુભવને પણ સામે રાખીને આ ગ્રંથ રચ્યો છે તેથી પૂર્ણ ગ્રંથની રચના સર્વજ્ઞના વચનાનુસાર છે, માટે એકાંતે પ્રમાણભૂત છે. ॥૧-૨॥

અવતરણિકા :-

અથ ધર્મપદવાચ્યમાહ –

અવતરણિકાર્થ :-

હવે ધર્મપદના વાચ્યને કહે છે –

ભાવાર્થ :-

શ્લોક-૨માં ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરી કે ઉત્તમ એવા ધર્મસંગ્રહની હું રચના કરું છું. તેથી જિજ્ઞાસા થાય કે સંગ્રહના વિષયભૂત ધર્મપદથી વાચ્ય શું છે ? તે બતાવવા અર્થે કહે છે –

શ્લોક :-

वचनादविरुद्धाद्यदनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादिभावसम्मिश्रं, तद्धर्म इति कीर्त्यते ।।३।।

અન્વયાર્થ :-

मैत्र्यादिभावसंम्भिश्रं=મૈત્ર્યાદિભાવથી સંમિશ્ર, अविरुद्धात् वचनाद्=અવિરુદ્ધ એવા વચનથી, यथोदितम्=યથોદિત એવું, यदनुष्ठानं=જે અનુષ્ઠાન, तद्धर्म=તે ધર્મ, इति कीर्त्यते=એ પ્રમાણે કહેવાય છે. ॥૩॥

શ્લોકાર્થ :-

મૈત્ર્યાદિભાવથી સંમિશ્ર અવિરુદ્ધ વચનથી યથોદિત એવું જે અનુષ્ઠાન તે ધર્મ એ પ્રમાણે કહેવાય છે. ॥૩॥

ટીકા :-

उच्यते इति वचनमागमस्तस्माद्वचनमनुसृत्येत्यर्थः, यत् अनुष्ठानम् इहलोकपरलोकावपेक्ष्य हेयोपादेययोरर्थयोरिहैव शास्त्रे वक्ष्यमाणलक्षणयोर्हानोपादानलक्षणा प्रवृत्तिरिति 'तद्धर्म इति कीर्त्यते' इत्युत्तरेण योगः । कीदृशाद्वचनादित्याह–'अविरुद्धात्' कषच्छेदतापेषु अविघटमानात् तत्र विधिप्रतिषेधयोर्बाहुल्येनोपवर्णनं कषशुद्धिः, पदे पदे तद्योगक्षेमकारिक्रियोपदर्शनं छेदशुद्धिः,

विधिप्रतिषेधतद्विषयाणां जीवादिपदार्थानां च स्याद्वादपरीक्षया याथात्म्येन समर्थनं तापशुद्धिः । तदुक्तं धर्मबिन्दौ –

"विधिप्रतिषेधौ कषः" । [सू० ९३] "तत्सम्भवपालनाचेष्टोक्तिश्छेदः ।" [सू० ९४] "उभयनिबन्धनभाववादस्ताप" [सू० ९५] **इति ।**

तच्चाविरुद्धं वचनं जिनप्रणीतमेव, निमित्तशुद्धेः, वचनस्य हि वक्ता निमित्तमन्तरङ्गम्, तस्य च रागद्वेषमोहपारतन्त्र्यमशुद्धिस्तेभ्यो वितथवचनप्रवृत्तेः, न चैषाऽशुद्धिर्जिने भगवति, जिनत्वविरोधात्, जयति रागद्वेषमोहरूपान्तरङ्गान् रिपूनितिशब्दार्थानुपपत्तेः, तपनदहनादिशब्दवदन्वर्थतया चास्याभ्युपगमाद् । निमित्तशुद्ध्यभावान्नाजिनप्रणीतवचनमविरुद्धम्, यतः कारणस्वरूपानुविधायि कार्यम्, तत्र दुष्टकारणारब्धं कार्यमदुष्टं भवितुमर्हति निम्बबीजादिवेक्षुयष्टिरिति, अन्यथा कारणव्यवस्थोपरमप्रसङ्गात् यच्च यदृच्छाप्रणयनप्रवृत्तेषु तीर्थान्तरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वचित्किञ्चिदविरुद्धमपि वचनमुपलभ्यते, मार्गानुसारिबुद्धौ वा प्राणिनि क्वचित्, तदपि जिनप्रणीतमेव, तन्मूलत्वात्तस्य । तदुक्तमुपदेशपदे –

"सव्वप्पवायमूलं, दुवालसंगं जओ जिणक्खायं ।
रयणागरतुल्लं खलु, तो सव्वं सुन्दरं तम्मि ।।" [गा. ६९४] **त्ति ।।**

कीदृशमनुष्ठानं धर्म इत्याह 'यथोदितं' यथा येन प्रकारेण कालाद्याराधनानुसाररूपेण उदितम् प्रतिपादितम्, तत्रैवाविरुद्धे वचने इति गम्यम्, अन्यथाप्रवृत्तौ तु तद्द्वेषित्वमेवापद्यते न तु धर्मः । यथोक्तम् –

"तत्कारी स्यात् स नियमात्, तद्द्वेषी चेति यो जडः ।
आगमार्थे तमुल्लङ्घ्य, तत एव प्रवर्त्तते" ।। **इति ।**

धर्मदासक्षमाश्रमणैरप्युक्तम् –

"जो जहवायं न कुणइ, मिच्छदिट्ठी तओ उ को अन्नो ।
वड्ढेई मिच्छत्तं, परस्स संकं जणेमाणोत्ति" ।। **[उपदेशमाला गा. ५०४] ।**

पुनरपि कीदृशमित्याह–'मैत्र्यादिभावसंमिश्रं' मैत्र्यादयः मैत्रीमुदिताकरुणामाध्यस्थ्यलक्षणा ये भावा-अन्तःकरणपरिणामाः तत्पूर्वकाश्च बाह्यचेष्टाविशेषाः सत्त्वगुणाऽधिकक्लिश्यमानाऽविनेयेषु, तैः संमिश्रं=संयुक्तम्, मैत्र्यादिभावानां निःश्रेयसाभ्युदयफलधर्मकल्पद्रुममूलत्वेन शास्त्रान्तरेषु प्रतिपादनात् ।

[तत्र समस्तसत्त्वविषयः स्नेहपरिणामो मैत्री १ । नमनप्रसादादिभिर्गुणाधिकेष्वभिव्यज्यमानान्तर्भक्तिरनुरागः प्रमोदः २ । दीनादिष्वनुकम्पा करुणा ३ । अरागद्वेषवृत्तिभावो माध्यस्थ्यमिति

૪ ।] तदेवंविधमनुष्ठानं 'धर्म इति' दुर्गतिपतज्जन्तुजातधारणात्स्वर्गादिसुगतौ धानाच्च धर्म इत्येवंरूपत्वेन 'कीर्त्यते' शब्द्यते सकलाऽकल्पितभावकल्पनाकल्पनकुशलैः सुधीभिरिति ।

[नन्वेवं वचनानुष्ठानं धर्म इति प्राप्तम्, तथा च प्रीतिभक्त्यसङ्गानुष्ठानेष्वव्याप्तिरिति चेत्? न, वचनव्यवहारक्रियारूपधर्मस्यैवात्र लक्ष्यत्वेनाव्याप्त्यभावादिति । वस्तुतः प्रीतिभक्तित्वे इच्छागत-जातिविशेषौ, तद्वज्जन्यत्वेन प्रीतिभक्त्यनुष्ठानयोर्भेदः, वचनानुष्ठानत्वं वचनस्मरणनियतप्रवृत्तिकत्वम्, एतद् त्रितयभिन्नानुष्ठानत्वम् असङ्गानुष्ठानत्वं निर्विकल्पस्वरसवाहिप्रवृत्तिकत्वं वा । इह तु वचनादित्यत्र वेदात्प्रवृत्तिरित्यत्रेव प्रयोज्यत्वार्थिका पञ्चमी, तथा च वचनप्रयोज्यप्रवृत्तिकत्वं लक्षणमिति न कुत्राप्यव्याप्तिदोषावकाशः, प्रीतिभक्त्यसङ्गानुष्ठानानामपि वचनप्रयोज्यत्वानपायात् ।]

"धर्मश्चित्तप्रभवो, यतः क्रियाधिकरणाश्रयं कार्यम् ।
मलविगमेनैतत् खलु, पुष्ट्यादिमदेष विज्ञेयः ।।१।।
रागादयो मलाः खल्वागमसद्योगतो विगम एषाम् ।
तदयं क्रियात एव हि, पुष्टिश्चित्तस्य शुद्धस्य (शुद्धिश्च चित्तस्य) ।।२।।
पुष्टिः पुण्योपचयः शुद्धिः, पापक्षयेण निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन्; क्रमेण मुक्तिः परा ज्ञेया ।।३।।" **[षोडशके ३/२-३-४]**

इत्यादि षोडशकग्रन्थानुसारेण तु पुष्टिशुद्धिमच्चित्तं भावधर्मस्य लक्षणम् तदनुगता क्रिया च व्यवहारधर्मस्येति पर्यवसन्नम् प्रतिपादितं चेत्थमेव महोपाध्यायश्रीयशोविजयगणिभिरपि स्वकृत-द्वात्रिंशिकायाम् इत्थं च शुद्धानुष्ठानजन्या कर्ममलापगमलक्षणा सम्यग्दर्शनादिनिर्वाणबीजलाभफला जीवशुद्धिरेव धर्मः यच्चेहाविरुद्धवचनादनुष्ठानं धर्म इत्युच्यते तत्तूपचारात्, यथानड्वलोदकं पादरोगः । एतेन व्यवहारभावधर्मयोरुभयोरपि लक्षण उपपादिते भवतः, भावलक्षणस्य द्रव्ये उपचारेणैव संभवात् अन्योन्यानुगतत्वं च तयोस्तत्र तत्र प्रसिद्धमिति ।।३।।

टीकार्थ :-

उच्यते ..... प्रसिद्धमिति ।। કહેવાય છે એ વચન=આગમ, તેનાથી=વચનને અનુસરણ કરીને, જે અનુષ્ઠાન=આલોક અને પરલોકની અપેક્ષા કરીને આ જ શાસ્ત્રમાં વક્ષ્યમાણ લક્ષણવાળી હેય-ઉપાદેય અર્થની હાન-ઉપાદાન લક્ષણ પ્રવૃત્તિ છે તે અનુષ્ઠાન ધર્મ કહેવાય છે. એ પ્રમાણે શ્લોકના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે.

કેવા પ્રકારના વચનથી પ્રવૃત્તિ ધર્મ છે ? એથી કહે છે –

'અવિરુદ્ધથી=કષ, છેદ, તાપમાં અવિઘટમાન એવા વચનથી, પ્રવૃત્તિ ધર્મ છે એમ અન્વય છે.

ત્યાં=કષ-છેદ-તાપમાં; વિધિ અને પ્રતિષેધનું બાહુલ્યથી ઉપવર્ણન કષશુદ્ધિ છે. પદપદમાં=શાસ્ત્રમાં સ્થાને સ્થાને, તેના યોગક્ષેમને કરનારી ક્રિયાનું ઉપદર્શન છેદશુદ્ધિ છે=વિધિ અને પ્રતિષેધના યોગ અને ક્ષેમને કરનારી ક્રિયાનું ઉપદર્શન છેદશુદ્ધિ છે, વિધિ, પ્રતિષેધ અને વિધિ-પ્રતિષેધના વિષયોનું અને જીવાદિ પદાર્થોનું સ્યાદ્વાદની પરીક્ષાથી યથાર્થપણા વડે સમર્થન તાપશુદ્ધિ છે. તે ધર્મબિંદુમાં કહેવાયું છે=કષ, છેદ, તાપશુદ્ધિનું સ્વરૂપ પૂર્વમાં કહ્યું તે ધર્મબિંદુમાં કહેવાયું છે.

"વિધિ પ્રતિષેધ કષ છે." (સૂ. ૯૩) "તત્ સંભવની પાલનાને અનુરૂપ ચેષ્ટાની ઉક્તિ છેદ છે."=વિધિ પ્રતિષેધના સંભવ અને પાલનાને અનુરૂપ ચેષ્ટાની ઉક્તિ છેદ છે. (સૂ. ૯૪) "ઉભય નિબંધન ભાવવાદ તાપ છે."=વિધિ-પ્રતિષેધરૂપ ઉભયની સંગતિ થાય તેવા ભાવોનું કથન તાપ છે. (સૂત્ર-૯૫)

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને તે અવિરુદ્ધ વચન જિનપ્રણીત જ છે; કેમ કે નિમિત્તની શુદ્ધિ છે=વચનને કહેનારા એવા તીર્થંકરરૂપ નિમિત્તની શુદ્ધિ છે, જે કારણથી વચનના વક્તા અંતરંગ નિમિત્ત છે અને તેની=વચનની, રાગદ્વેષ મોહના પારતંત્રરૂપ અશુદ્ધિ છે; કેમ કે તેમનાથી=રાગ, દ્વેષ અને મોહથી, વિતથવચનની પ્રવૃત્તિ છે. અને આ અશુદ્ધિ=વિપરિત વચનરૂપ અશુદ્ધિ, જિન ભગવાનમાં નથી; કેમ કે જિનપણાનો વિરોધ છે.

ભગવાનમાં રાગ, દ્વેષ, મોહરૂપ અશુદ્ધિ સ્વીકારવામાં આવે તો જિનપણાનો વિરોધ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

રાગ, દ્વેષ, મોહરૂપ અંતરંગ શત્રુને જીતે છે તે 'જિન' એ પ્રકારના શબ્દના અર્થની અનુપપત્તિ છે=અસંગતિ છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ બાળકનું નામ 'જિન' રાખ્યું હોય તેટલા માત્રથી તે બાળક રાગ, દ્વેષ, મોહ રહિત નથી. તેમ જિન પણ રાગ, દ્વેષ, મોહ રહિત નથી તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

અને તપન, દહનાદિ શબ્દની જેમ અન્વર્થપણાથી=શબ્દના વ્યુત્પત્તિ અર્થના ભાવપણાથી, આનો=જિનના નામનો, સ્વીકાર છે.

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

નિમિત્તશુદ્ધિના અભાવને કારણે અજિનપ્રણીત વચન અવિરુદ્ધ નથી. જે કારણથી કારણના સ્વરૂપને અનુસરનાર કાર્ય છે તે કારણથી દુષ્ટ કારણથી આરબ્ધ કાર્ય અદુષ્ટ થવા માટે યોગ્ય નથી. જેમ લીમડાનાં બીજથી શેરડીનો સાંઠો થવા માટે યોગ્ય નથી; કેમ કે અન્યથા=કારણને અનુરૂપ કાર્ય થાય છે તેમ ન માનો તો, કારણવ્યવસ્થાના ઉપરમનો પ્રસંગ આવે=કારણવ્યવસ્થાના અસ્વીકારનો પ્રસંગ આવે, અને જે યદૃચ્છા પ્રણયન પ્રવૃત્ત એવા રાગાદિવાળા પણ તીર્થાન્તરીયોમાં ઘુણાક્ષર ઉત્કિરણ વ્યવહારથી કોઈક સ્થાને કાંઈક અવિરુદ્ધ પણ વચન પ્રાપ્ત થાય છે અથવા માર્ગાનુસારી બુદ્ધિવાળા પ્રાણીમાં ક્યારેક અવિરુદ્ધ વચન પ્રાપ્ત થાય છે તે પણ જિનપ્રણીત જ છે; કેમ કે તેનું=

તીર્થાંન્તરીયના વચનનું અથવા માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવના વચનનું, તદ્મૂલપણું છે=જિનપ્રણીત વચન મૂલપણું છે.

તે ઉપદેશપદમાં કહેવાયેલું છે=અન્યદર્શનમાં પણ જે યથાર્થ વચન છે તે જિનપ્રણીત છે એમ જે પૂર્વમાં કહ્યું તે ઉપદેશપદમાં કહેવાયેલું છે –

"जओ=જે કારણથી जिणक्खायं=જિન વડે કહેવાયેલી सव्वप्पवायमूलं दुवालसंगं=સર્વ પ્રવાદનું મૂલ દ્વાદશાંગી खलु=ખરેખર रयणागरतुल्लं=રત્નાકર તુલ્ય છે. तो=તે કારણથી सव्वं सुन्दरं=સર્વસુંદર तम्मि=તેમાં છે=દ્વાદશાંગીમાં છે."

"જે કારણથી જિન વડે કહેવાયેલી, સર્વ પ્રવાદનું મૂલ દ્વાદશાંગી ખરેખર રત્નાકર તુલ્ય છે, તે કારણથી સર્વ સુંદર તેમાં છે=દ્વાદશાંગીમાં છે." (ઉપદેશપદ ગાથા-૬૯૪)

અવિરુદ્ધ વચનથી જે અનુષ્ઠાન છે તે ધર્મ છે. શ્લોકનો એટલો અંશ ટીકામાં સ્પષ્ટ કર્યો. હવે તે અનુષ્ઠાનનું વિશેષણ શ્લોકમાં 'યથોદિત' આપેલ છે તેને સ્પષ્ટ કરે છે –

કેવું અનુષ્ઠાન ધર્મ છે ? એથી કહે છે – યથા=જે પ્રકારે કાલાદિ આરાધના અનુસારથી, ઉદિત છે=ભગવાન વડે પ્રતિપાદિત છે, ત્યાં જ અવિરુદ્ધ વચનમાં જે અનુષ્ઠાન છે તે ધર્મ છે, એ પ્રમાણે અન્વય છે. વળી અન્યથા પ્રવૃત્તિમાં=જે પ્રકારે ભગવાન વડે કહેવાયેલું છે તેનાથી અન્ય પ્રકારે પ્રવૃત્તિમાં, તેનું દ્વેષીપણું જ પ્રાપ્ત થાય છે=ભગવાનના વચનનું દ્વેષીપણું જ પ્રાપ્ત થાય છે, પરંતુ ધર્મ પ્રાપ્ત થતો નથી.

"यो जडः=જે જડ આગમાર્થે આગમ અર્થમાં तमुल्लङ्घ्य=તેનું ઉલ્લંઘન કરીને=આગમનું ઉલ્લંઘન કરીને तत एव=તેનાથી જ=આગમના વચનથી જ प्रवर्तते=પ્રવર્તે છે. स=તે ધર્મ કરનાર પુરુષ तत्कारी=ધર્મની ક્રિયા કરનાર स्यात्=થાય. च=અને नियमात्=નિયમથી, तद्द्वेषी=તેનો દ્વેષી થાય=ધર્મનો દ્વેષી થાય."

"જે જડ આગમ અર્થમાં તેનું ઉલ્લંઘન કરીને=આગમનું ઉલ્લંઘન કરીને તેનાથી જ=આગમના વચનથી જ, પ્રવર્તે છે, તે ધર્મ કરનાર પુરુષ ધર્મની ક્રિયા કરનાર થાય અને નક્કી ધર્મનો દ્વેષી થાય છે."

'इति' પાદપૂર્તિ અર્થે છે.

ધર્મદાસ ક્ષમાશ્રમણ વડે પણ કહેવાયેલું છે=ધર્મદાસ ક્ષમાશ્રમણ વડે પણ શાસ્ત્રવિધિનું ઉલ્લંઘન કરીને ધર્મ કરનાર ધર્મ કરતા નથી તેમ કહેવાયેલું છે.

"जो जहवायं न कुणइ=જે યથાવાદને કરતો નથી=જે ધર્મ કરનાર પુરુષ જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે કરતો નથી. तओ उ को अन्नो=તેનાથી કોણ અન્ય મિથ્યાદૃષ્ટિ છે ? परस्स संकं जणेमाणो=પરને શંકા ઉત્પન્ન કરતો मिच्छत्तं वड्ढेई=મિથ્યાત્વને વધારે છે." (ઉપદેશમાલા ગા. ૫૦૪)

"જે યથાવાદને કરતો નથી=જે ધર્મ કરનાર પુરુષ જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે કરતો નથી; તેનાથી કોણ અન્ય મિથ્યાદૃષ્ટિ છે ? પરને શંકા ઉત્પન્ન કરતો મિથ્યાત્વને વધારે છે." (ઉપદેશમાલા ગાથા ૫૦૪)

त्ति=પાદપૂર્તિ અર્થે છે.

શ્લોકમાં અનુષ્ઠાનનું વિશેષણ "मैत्र्यादिभावसम्मिश्रं" છે તેને સ્પષ્ટ કરે છે –

વળી પણ કેવું છે ?=તે અનુષ્ઠાન કેવું છે ? એથી કહે છે મૈત્ર્યાદિભાવ સંમિશ્ર છે=મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્ય લક્ષણ મૈત્ર્યાદિ જે ભાવો=અંતઃકરણના પરિણામો અને સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાન-અયોગ્ય જીવોમાં તત્પૂર્વક બાહ્યચેષ્ટા વિશેષ, તેનાથી સંમિશ્ર=સંયુક્ત એવું, અનુષ્ઠાન ધર્મ છે. એમ અન્વય છે; કેમ કે મૈત્ર્યાદિભાવોનું નિઃશ્રેયસ અને અભ્યુદયરૂપ ફલવાળા ધર્મરૂપ કલ્પદ્રુમના મૂલપણાથી શાસ્ત્રાન્તરોમાં પ્રતિપાદન છે.

મૈત્ર્યાદિભાવવિષયક પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મ.સા.ની ટિપ્પણી આ પ્રમાણે છે.

(ત્યાં=મૈત્ર્યાદિ ચાર ભાવોમાં, સર્વ જીવ વિષયક સ્નેહનો પરિણામ મૈત્રી છે. ૧. નમન, પ્રસાદાદિથી ગુણાધિક પુરુષોમાં અભિવ્યક્ત કરાતી અંતરંગ ભક્તિરૂપ અનુરાગ પ્રમોદ છે. ૨. દીનાદિમાં અનુકંપા કરુણા છે. ૩. અરાગ-અદ્વેષની વૃત્તિવાળો ભાવ માધ્યસ્થ્ય છે. ૪. 'इति' શબ્દ મૈત્ર્યાદિ ચાર ભાવનાના સ્વરૂપની સમાપ્તિ માટે છે.)

આવા પ્રકારનું અનુષ્ઠાન ધર્મ છે=પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનું અનુષ્ઠાન ધર્મ છે, એ પ્રમાણે દુર્ગતિમાં પડતા જંતુના સમૂહને ધારણ કરનાર હોવાથી અને સ્વર્ગાદિ સુગતિમાં સ્થાપન કરનાર હોવાથી ધર્મ, એવા રૂપપણાથી સકલ અકલ્પિત ભાવની કલ્પના કરવામાં કુશળ એવા સુંદર બુદ્ધિવાળા વડે કહેવાય છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિ અર્થે છે.

અહીં પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મ.સા.ની ટિપ્પણી આ પ્રમાણે છે.

(આ રીતે=પૂર્વમાં ધર્મનું લક્ષણ કર્યું એ રીતે, વચનાનુષ્ઠાન ધર્મ છે એ પ્રાપ્ત થયું, અને તે રીતે=વચનાનુષ્ઠાન ધર્મ છે એ પ્રાપ્ત થયું તે રીતે, પ્રીતિ, ભક્તિ અને અસંગ અનુષ્ઠાનમાં અવ્યાપ્તિ છે=ધર્મના લક્ષણની અવ્યાપ્તિ છે, એ પ્રમાણે કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે, તારી વાત બરાબર નથી; કેમ કે વચનવ્યવહાર ક્રિયારૂપ ધર્મનું જ અહીં લક્ષ્યપણું હોવાને કારણે અવ્યાપ્તિનો અભાવ છે. 'इति' શબ્દ શંકાના સમાધાનની સમાપ્તિ માટે છે. વસ્તુતઃ પ્રીતિ-ભક્તિપણું ઈચ્છાગત જાતિવિશેષ છે. તદ્વદ્જન્યપણાને કારણે=ઈચ્છાગત જાતિ-વિશેષવાળા અનુષ્ઠાનથી જન્મપણાને કારણે, પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનનો ભેદ છે. વચનાનુષ્ઠાનપણું વચનસ્મરણથી નિયત પ્રવૃત્તિવાળું છે. આ ત્રણથી ભિન્ન અનુષ્ઠાનપણું અસંગાનુષ્ઠાનપણું છે. અથવા નિર્વિકલ્પ સ્વરસવાહિ પ્રવૃત્તિપણું છે. વળી અહીં=ધર્મના લક્ષણમાં, 'वचनात्' વચનથી એ પ્રકારના વચનમાં, વેદથી પ્રવૃત્તિ છે એ પ્રકારના વચનમાં છે એની જેમ જ પ્રયોજ્યત્વ અર્થવાળી પંચમી વિભક્તિ છે. અને તે રીતે='वचनाद्' શબ્દમાં પ્રયોજ્ય અર્થવાળી પંચમી વિભક્તિ છે તે રીતે, વચન-પ્રયોજ્ય પ્રવૃત્તિપણું લક્ષણ છે=ધર્મનું લક્ષણ છે, એથી કરીને ક્યાંય પણ=પ્રીતિ-ભક્તિ આદિ અનુષ્ઠાનમાં ક્યાંય પણ, અવ્યાપ્તિદોષનો અવકાશ

નથી; કેમ કે પ્રીતિ, ભક્તિ, અસંગાનુષ્ઠાનનાં પણ વચનપ્રયોજ્યપણાનો અનપાય છે=વચનપ્રયોજ્યપણું વિદ્યમાન છે.)

'ધર્મશ્ચિત્તપ્રભવો'=ધર્મ ચિત્તથી થનારો છે. યતઃ જેનાથી=જે ધર્મથી, ક્રિયાધિકરણાશ્રયં કાર્યમ્=ક્રિયાના અધિકરણના આશ્રયવાળું કાર્ય થાય છે=ક્રિયાના અધિકારના આશ્રયવાળું ભવનિર્વેદાદિ કાર્ય થાય છે. એષઃ=આ=ધર્મ ખલુ=ખરેખર મલવિગમેન=મલવિગમનથી પુષ્ટ્યાદિમત્=પુષ્ટિ-શુદ્ધિવાળું એતત્=આ=ચિત્ત વિજ્ઞેયઃ=જાણવું. ।।૧।। (ષોડશક-૩, ૨)

ધર્મ ચિત્તથી થનારો છે. જે ધર્મથી ક્રિયાના અધિકારના આશ્રયવાળું કાર્ય થાય છે. ખરેખર આ ધર્મ, મલવિગમનથી પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત જાણવું. (ષોડશક-૩, ૨)

રાગાદયો મલાઃ=રાગાદિ મલ છે=આત્માને મલિન કરનાર ભાવો છે. ખલુ - આગમસદ્યોગતઃ=આગમસદ્યોગથી જ= આગમ સહિત જે સત્ક્રિયારૂપ વ્યાપાર તેનાથી જ, એષામ્=આમનો=રાગાદિ મલનો, વિગમઃ=વિગમ છે=નાશ છે. તદ્=તે કારણથી અયં=આગમ-સદ્યોગ ક્રિયા=ક્રિયા છે અત એવ હિ=આનાથી જ=ક્રિયારૂપ આગમ સદ્યોગથી જ ચિત્તસ્ય પુષ્ટિશ્ચ શુદ્ધિશ્ચ=ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ સંભવે છે. (ષોડશક-૩, ૩)

આત્માને મલિન કરનારા ભાવો રાગાદિ મલ છે. આગમ સહિત જે સત્ક્રિયારૂપ વ્યાપારથી રાગાદિ મલનો નાશ છે તે કારણથી આ ક્રિયા છે. આનાથી જ=ક્રિયારૂપ આગમ સદ્યોગથી જ, ચિત્તની પુષ્ટિ અને શુદ્ધિ સંભવે છે. (ષોડશક-૩, ૩)

પુષ્ટિઃ પુણ્યોપચયઃ=પુષ્ટિ પુણ્યનો ઉપચય છે. શુદ્ધિઃ=શુદ્ધિ પાપક્ષયેણ નિર્મલતા=પાપક્ષયથી નિર્મલતા છે. અસ્મિન્ દ્વયે અનુબન્ધિનિ=આ બંને અનુબંધી હોતે છતે ક્રમેણ=ક્રમથી પરા=પ્રકૃષ્ટ મુક્તિઃ=મુક્તિ જ્ઞેયા=જાણવી. (ષોડશક-૩, ૪)

પુષ્ટિ પુણ્યનો સંચય છે. શુદ્ધિ પાપક્ષયથી નિર્મલતા છે. આ બંને અનુબંધી હોતે છતે ક્રમથી પ્રકૃષ્ટ મુક્તિ જાણવી. (ષોડશક-૩, ૪)

ઈત્યાદિ ષોડશક ગ્રંથના અનુસારથી વળી પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત ભાવધર્મનું લક્ષણ છે. અને તેને અનુસરનારી ક્રિયા=ભાવધર્મને અનુસરનારી ક્રિયા, વ્યવહારથી ધર્મ છે એ પ્રમાણે ફલિત થયું અને આ પ્રમાણે જ=પૂર્વમાં કહ્યું કે પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત ભાવધર્મ છે અને તેને અનુસરનારી ક્રિયા વ્યવહારધર્મ છે એ પ્રમાણે જ, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ વડે પોતાના દ્વારા કરાયેલ દ્વાત્રિંશિકામાં પ્રતિપાદન કરાયેલું છે અને આ રીતે=પૂર્વમાં ધર્મનું લક્ષણ બતાવ્યું એ રીતે, શુદ્ધાનુષ્ઠાનથી જન્ય કર્મમલના અપગમરૂપ સમ્યગ્દર્શનાદિરૂપ નિર્વાણનું બીજ તેના લાભના ફળવાળી જીવની શુદ્ધિ જ ધર્મ છે અને જે અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, અવિરુદ્ધ વચનથી અનુષ્ઠાન ધર્મ એ પ્રમાણે કહેવાય છે તે વળી ઉપચારથી છે=કારણમાં કાર્યના ઉપચારથી છે, જે પ્રમાણે અનડ્વલોદક પાદરોગ છે, આના દ્વારા=ગ્રંથકારશ્રીએ ધર્મનું લક્ષણ કર્યું એના દ્વારા, વ્યવહારધર્મ અને ભાવધર્મ બંનેનું પણ લક્ષણ ઉપપાદિત થાય છે=પ્રતિપાદિત થાય છે; કેમ કે ભાવલક્ષણનું દ્રવ્યમાં ઉપચારથી જ સંભવ છે અને તે બંનેનું=ધર્મનાં દ્રવ્યલક્ષણ અને ભાવલક્ષણ બંનેનું, પરસ્પર અનુગતપણું ત્યાં ત્યાં પ્રસિદ્ધ છે. 'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩।।

ભાવાર્થ :-

શ્લોક-૨માં ગ્રંથકારશ્રીએ ધર્મસંગ્રહ રચવાની પ્રતિજ્ઞા કરેલી. તેથી હવે ધર્મનું લક્ષણ પ્રસ્તુત ગાથામાં બતાવે છે. અને તે ધર્મનું લક્ષણ કરતાં કહે છે કે 'અવિરુદ્ધ એવા વચનથી જે અનુષ્ઠાન તે ધર્મ કહેવાય છે.' તેથી ધર્મના લક્ષણમાં રહેલા 'વચન' શબ્દનો અર્થ કરતાં કહે છે કે 'જે કહેવાય તે વચન' તે પ્રકારની વ્યુત્પત્તિ છે. અને તે વ્યુત્પત્તિ અનુસાર સર્વજ્ઞના વચનરૂપ આગમ એ 'વચન' પદથી ગ્રહણ થાય છે. અને તે સર્વજ્ઞનું વચન કષ-છેદ-તાપ શુદ્ધ હોવાને કારણે અવિરુદ્ધ વચન છે અને તે વચનને અનુસાર જે ક્રિયા કરવામાં આવે તે ધર્મ છે. અહીં કહ્યું કે કષ-છેદ-તાપથી શુદ્ધ વચન અવિરુદ્ધ વચન છે. તેથી જિજ્ઞાસા થાય કે કષશુદ્ધિ આદિ શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

(૧) કષશુદ્ધિ :-

જે શાસ્ત્રમાં બહુલતાએ મોક્ષને અનુકૂળ એવી ઉચિત ક્રિયાઓનું વિધાન હોય અને મોક્ષને પ્રતિકૂળ એવી ક્રિયાઓનો નિષેધ હોય તે શાસ્ત્ર 'કષશુદ્ધ' કહેવાય. જેમ ભગવાનના શાસનમાં મોક્ષને અનુકૂળ એવી ધ્યાન-અધ્યયનની પ્રવૃત્તિઓનું બહુલતાએ વિધાન છે અને મોક્ષને પ્રતિકૂળ એવી સૂક્ષ્મ પણ હિંસાદિનો નિષેધ છે, માટે ભગવાનનું વચન કષશુદ્ધ છે.

(૨) છેદશુદ્ધિ :-

શાસ્ત્રમાં સ્થાને સ્થાને જે વિધિ અને પ્રતિષેધ કહ્યાં છે તેને પુષ્ટ કરે તેવી ઉચિત ક્રિયા બતાવી છે તે 'છેદશુદ્ધિ' છે. જેમ ધ્યાન-અધ્યયનની વિધિ બતાવ્યા પછી સાધુને ધ્યાન-અધ્યયનમાં ઠંડી આદિને કારણે વિઘ્ન થતું હોય અને તેના કારણે ધ્યાન-અધ્યયન દ્વારા આત્માને ભાવિત કરવાની ક્રિયા સ્ખલના પામતી હોય તો ભગવાને સાધુને વસ્ત્ર ધારણ કરવાની અનુજ્ઞા આપી. તેથી ધ્યાન-અધ્યયનની વિધિને અનુકૂળ ક્રિયા ભગવાને બતાવી છે. વળી હિંસાના પ્રતિષેધ માટે સંયમવૃદ્ધિનું પ્રયોજન ન હોય તો સાધુને વસ્ત્ર ધારણ કરવાનો ભગવાને નિષેધ કર્યો છે; કેમ કે શાતાના અર્થે શીતાદિનો પરિહાર કરી સાધુ વસ્ત્ર ધારણ કરે તો શાતા પ્રત્યે મમત્વનો ભાવ થાય અને શાતા પ્રત્યે મમત્વનો ભાવ થાય તો ભાવહિંસા થાય. તેથી સાધુને સૂક્ષ્મ પણ હિંસાના પરિહાર અર્થે, સંયમની વૃદ્ધિનું કારણ ન હોય તેવા વસ્ત્રધારણનો નિષેધ કર્યો છે. આ રીતે શાસ્ત્રમાં સ્થાને સ્થાને તે તે ક્રિયાઓ બતાવી છે તે સર્વ સાધુના સંયમની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે પૂર્ણ વિવેકવાળી છે. તેથી ભગવાનનું વચન છેદશુદ્ધિવાળું છે.

(૩) તાપશુદ્ધિ :-

શાસ્ત્રમાં જે વિધિ, પ્રતિષેધ, વિધિ-પ્રતિષેધના વિષયોને અને જીવાદિપદાર્થોને સ્યાદ્વાદના સિદ્ધાંતની પરીક્ષાથી યથાર્થપણા વડે જે શાસ્ત્રમાં સમર્થન છે તે શાસ્ત્ર તાપશુદ્ધ છે.

ભગવાને આત્માદિ પદાર્થોને દ્રવ્ય રૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય કહ્યા છે. તેથી સંસારની પ્રવૃત્તિને અનુરૂપ અને મોક્ષની પ્રવૃત્તિને અનુરૂપ સર્વ વિધિ-પ્રતિષેધ આદિ ક્રિયા સંગત થાય છે. ભગવાને જો

આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય કહ્યો હોય તો, એકાંતે નિત્ય એવા આત્મામાં સંસારના ઉચ્છેદને અનુકૂળ અને મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ ઘટે નહિ અને ભગવાને આત્માને એકાંતે અનિત્ય કહ્યો હોય તોપણ એકાંતે અનિત્ય એવા આત્મામાં સંસારના ઉચ્છેદને અનુકૂળ અને મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ ઘટે નહિ. તેથી સર્વત્ર સ્યાદ્વાદના વચનના બળથી પદાર્થનું નિરૂપણ હોવાને કારણે ભગવાનનું વચન તાપશુદ્ધ છે.

જે વચન કષ-છેદ-તાપશુદ્ધ હોય તે વચનથી કરાયેલી પ્રવૃત્તિ આત્માને એકાંતે કલ્યાણ કરનારી છે. તેથી અવિરુદ્ધ વચનથી કરાયેલું અનુષ્ઠાન 'ધર્મ' કહેવાય છે.

વળી ગ્રંથકારશ્રી કહે છે કે આવું અવિરુદ્ધ વચન જિનપ્રણીત જ છે, અન્ય કોઈનું નથી; કેમ કે વચનને કહેવામાં નિમિત્ત એવા ભગવાનનો આત્મા રાગ, દ્વેષ અને મોહથી રહિત છે. અને જેઓ રાગ, દ્વેષ, મોહ રહિત નથી, તેઓનું વચન કોઈક સ્થાનમાં અવિરુદ્ધ મળે તોપણ ક્યારેક રાગને વશ મૃષા કહે, ક્યારેક દ્વેષને વશ મૃષા કહે, ક્યારેક મોહરૂપ અજ્ઞાનને વશ મૃષા કહે તેવું બને. તેથી રાગ-દ્વેષને વશ નહિ એવા ચૌદપૂર્વીથી પણ મોહને વશ મૃષાવચન થવાનો સંભવ રહે. પરંતુ વીતરાગ, સર્વજ્ઞ તીર્થંકરો તો કેવળજ્ઞાનને કારણે સહજ રીતે જગતના તમામ પદાર્થો યથાર્થ દેખે છે અને તેમનામાં મૃષાવચન કહેવાના કારણભૂત રાગ, દ્વેષ, અજ્ઞાન વિદ્યમાન નથી તેથી જે યોગમાર્ગને સેવીને પોતે વીતરાગ, સર્વજ્ઞ બન્યા અને તે યોગમાર્ગના ઉચિત સ્વરૂપને કેવળજ્ઞાનથી તેઓ સ્પષ્ટ જાણે છે અને જગતના ઉપકારાર્થે શબ્દ દ્વારા જે કાંઈ બતાવી શકાય તે સર્વ જગતના જીવોના હિત અર્થે ભગવાને બતાવેલ છે. માટે ભગવાનનું વચન અવિરુદ્ધ છે. વળી, અન્યદર્શનવાળા રાગાદિવાળા પણ છે. અને સ્વબુદ્ધિ અનુસાર સ્વ-સ્વદર્શનના શાસ્ત્રને રચનારા છે. તેઓના વચનમાં પણ કોઈક કોઈક દૃષ્ટિથી મોક્ષમાર્ગનું કંઈક કંઈક યથાર્થ વર્ણન દેખાય છે તે ઘુણાક્ષર ઉત્કિરણ વ્યવહારથી પ્રાપ્ત થાય છે. અર્થાત્ જેમ કીડો કાષ્ઠમાં કોરણી કરતો હોય અને કોઈક અક્ષર તેની ક્રિયાથી પ્રાપ્ત થાય તેમ યથાતથા પ્રલાપ કરનારા એવા તેઓનાં કોઈક વચનો મોક્ષમાર્ગના કોઈક સ્થાને યથાર્થ બતાવનારા છે. વળી માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવોને પણ કોઈક સ્થાને સ્વભાવિક યથાર્થ પદાર્થનું જ્ઞાન થાય છે તેથી તેઓને હિંસાદિ પ્રવૃત્તિ પાપરૂપે જણાય છે અને આત્મકલ્યાણને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ ધર્મરૂપે જણાય છે. તે પણ પરમાર્થથી તો જિનપ્રણીત જ છે; કેમ કે ભગવાનના શાસનમાં તે પદાર્થોનું નિરૂપણ છે માટે પરિપૂર્ણ અવિરુદ્ધ વચન સર્વજ્ઞનું જ છે. બીજા કોઈનું નહિ. જે પણ અવિરુદ્ધ વચન છે તે સર્વ પણ દ્વાદશાંગી અનુપાતી હોવાથી સર્વજ્ઞના વચનાનુસાર છે. માટે જિનપ્રણીત વચન જ અવિરુદ્ધ વચન છે. અન્ય કોઈનું વચન સંપૂર્ણ અવિરુદ્ધ વચન નથી. તેથી કહેવું પડે કે વચનથી કરાયેલી પ્રવૃત્તિ ધર્મ છે, અન્ય નહિ.

વળી, તે અવિરુદ્ધ વચનથી કરાયેલી ધર્મપ્રવૃત્તિ પણ જે પ્રકારે કાલાદિની આરાધના રૂપે ભગવાને બતાવેલ છે તે પ્રમાણે કરાયેલી હોય તો ધર્મ બને પરંતુ જે પ્રવૃત્તિ જે કાળમાં, જે વિધિથી ભગવાને કરવાની કહી છે તેનાથી વિપરીત રીતે પોતાની ઇચ્છાનુસાર કરવામાં આવે તો ભગવાનના વચન પ્રત્યેનું દ્વેષીપણું પ્રાપ્ત થાય. માટે તે રીતે સ્વમતિથી કરાયેલ અનુષ્ઠાન ધર્મ બને નહિ.

વળી, સર્વજ્ઞના વચનાનુસાર કરાયેલું અનુષ્ઠાન પણ મૈત્ર્યાદિભાવોપૂર્વક કરવામાં આવે તો ધર્મ બને, અન્યથા, નહિ. તેથી એ ફલિત થાય કે જે મહાત્માનું ચિત્ત જગતના સર્વ જીવો પ્રત્યે સ્નેહના પરિણામરૂપ મૈત્રી ભાવવાળું છે તેથી કોઈ જીવનું અહિત ન થાય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરનારું છે. વળી, તે મહાત્માને ગુણવાન જીવોના ગુણના પક્ષપાતનો પરિણામ છે, દુઃખી જીવો પ્રત્યે કરુણાનો પરિણામ છે અને અયોગ્ય જીવ પ્રત્યે દ્વેષ ન થાય પરંતુ મધ્યસ્થ ભાવ રહે તેવો પરિણામ છે, તેવા મહાત્મા પોતાની શક્તિનો ગોપવ્યા વગર, ભગવાને પોતાની ભૂમિકા અનુસાર જે અનુષ્ઠાન જે રીતે કરવાનું કહ્યું છે તે રીતે કરતા હોય તો તેઓનું અનુષ્ઠાન ધર્મ છે.

અહીં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. શંકા કરીને સમાધાન કરે છે –

પૂર્વમાં કહ્યું એ રીતે અવિરુદ્ધ વચનથી, શાસ્ત્રમાં કહ્યું તે પ્રમાણેનું અનુષ્ઠાન ધર્મ છે. તેમ સ્વીકારીએ તો વચનાનુષ્ઠાન ધર્મ છે એ પ્રમાણે પ્રાપ્ત થાય. અને તેમ સ્વીકારીએ તો પ્રીતિઅનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં ધર્મનું લક્ષણ પ્રાપ્ત થાય નહિ; કેમ કે પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાન ભગવાને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે યથાર્થ થતું નથી. માટે પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાનમાં ધર્મનું લક્ષણ જશે નહિ. અને અસંગાનુષ્ઠાન ભગવાનના વચનથી નિયંત્રિત પ્રવૃત્તિરૂપ નથી પરંતુ જીવના અસંગ ભાવ સ્વરૂપ પરિણામોને કારણે સહજથી ઉચિત પ્રવૃત્તિરૂપ છે માટે અવિરુદ્ધ વચનથી જે કરાતું હોય તે ધર્મ તે પ્રકારનું લક્ષણ અસંગાનુષ્ઠાનમાં ઘટે નહિ. આ પ્રકારની શંકા કરીને તેનું સમાધાન કરતાં ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા. કહે છે. પ્રસ્તુત ધર્મનું લક્ષણ પ્રીત્યાદિ ચાર અનુષ્ઠાનમાં સંગત છે; કેમ કે વચનના વ્યવહારની ક્રિયારૂપ ધર્મનું જ અહીં લક્ષ્યપણું હોવાને કારણે પ્રીત્યાદિ ત્રણ અનુષ્ઠાનમાં અવ્યાપ્તિ નથી.

આશય એ છે કે ભગવાનના વચનાનુસાર જે ઉચિત વ્યવહાર છે તે વ્યવહાર અનુસારી ક્રિયારૂપ ધર્મને જ ગ્રંથકારશ્રીએ લક્ષ્ય કરીને ધર્મનું લક્ષણ કર્યું છે. તેથી પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનવાળા જીવો પણ જે ધર્મની ક્રિયા કરે છે તે ભગવાને બતાવેલા વ્યવહારને અનુરૂપ ક્રિયા સ્વરૂપ છે. ફક્ત ભગવાને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે કરવાની ઇચ્છાથી તેઓ કરતા હોય છે. છતાં તથા પ્રકારની શક્તિના સંચયના અભાવને કારણે ત્રુટીવાળું અનુષ્ઠાન બને છે. માટે ભગવાને બતાવેલ ક્રિયાનુસાર કરવાની ઇચ્છાથી પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાન થતું હોવાથી ધર્મનું લક્ષણ ત્યાં સંગત થાય છે. અને અસંગાનુષ્ઠાનવાળા જીવો જે કાંઈ ઉચિત પ્રવૃત્તિ કરે છે તે સર્વ ભગવાનના વચનના સ્મરણપૂર્વક નહિ હોવા છતાં ભગવાને બતાવેલ વ્યવહાર અનુસાર ક્રિયારૂપ છે. તેથી અસંગાનુષ્ઠાનમાં પણ પ્રસ્તુત ગ્રંથમાં કરાયેલ ધર્મનું લક્ષણ અવ્યાપ્ત થતું નથી.

વસ્તુતઃ પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન ઇચ્છાગત જાતિવિશેષ છે. અર્થાત્ પ્રીતિ અનુષ્ઠાનમાં કરાતા અનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ વર્તે છે અને ભક્તિ અનુષ્ઠાનમાં અનુષ્ઠાનથી નિષ્પન્ન થતા ગુણો પ્રત્યે ભક્તિ વર્તે છે. તેથી અનુષ્ઠાન કરવાની ઇચ્છાગત પ્રીતિત્વ અને ભક્તિત્વ જાતિ છે. તેથી પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાનનો ભેદ છે. અને ભગવાનના વચનના સ્મરણથી નિયંત્રિત પ્રવૃત્તિવાળું વચનાનુષ્ઠાન છે અને આ ત્રણેયથી ભિન્ન અનુષ્ઠાન અસંગાનુષ્ઠાન છે. અર્થાત્ પ્રીતિ કે ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરાતું નથી કે

ભગવાનના વચનના સ્મરણના બળથી નિયંત્રિત અનુષ્ઠાન કરાતું નથી પરંતુ અવિરુદ્ધ એવા વચનાનુસાર સહજભાવે જે અનુષ્ઠાન કરાય છે તે અસંગાનુષ્ઠાન છે. અથવા નિર્વિકલ્પ સ્વરસવાહિ પ્રવૃત્તિવાળું અસંગાનુષ્ઠાન છે. અર્થાત્ શુભ કે અશુભ સર્વ વિકલ્પો શાંત થયેલા હોવાથી વિકલ્પથી પર એવી જીવની સ્વાભાવિક અવસ્થા વર્તતી હોવાથી જે ઉચિત પ્રવૃત્તિ થાય છે તદ્સ્વરૂપ અસંગાનુષ્ઠાન છે.

અહીં ગ્રંથકારશ્રીએ ધર્મનું લક્ષણ કરતી વખતે કહ્યું કે 'અવિરુદ્ધ એવા વચનથી પ્રવૃત્તિ' ત્યાં વચન પ્રયોજ્ય તે પ્રવૃત્તિ છે, તેવો અર્થ કરવાનો છે. વચનથી નિયંત્રિત પ્રવૃત્તિ છે તેવો અર્થ કરવાનો નથી. તેથી પ્રસ્તુત લક્ષણ ચાર અનુષ્ઠાનમાં સંગત થાય છે; કેમ કે "વચનથી પ્રવૃત્તિ" તેનો અર્થ "વચનના સ્મરણથી નિયંત્રિત પ્રવૃત્તિ" તેવો કરીએ તો પ્રસ્તુત ધર્મનું લક્ષણ માત્ર વચનાનુષ્ઠાનમાં પ્રાપ્ત થાય. પરંતુ 'જે પ્રવૃત્તિનું પ્રયોજક વચન છે' તેવો અર્થ સ્વીકારીએ તો ભગવાને જે કરવાનું કહ્યું છે તે પ્રમાણે જે પ્રવૃત્તિ થતી હોય તે સર્વપ્રવૃત્તિમાં સાક્ષાત્ કે પરંપરાએ પ્રયોજક ભગવાનનું વચન છે તેવો અર્થ થાય. તેથી અસંગાનુષ્ઠાન પણ વચનના સ્મરણપૂર્વક થતું નહિ હોવા છતાં વચનથી પ્રયોજ્ય છે. માટે વચનથી પ્રયોજ્ય પ્રવૃત્તિવાળું ધર્મનું લક્ષણ પ્રીત્યાદિ ચાર અનુષ્ઠાનમાં સંગત છે; કેમ કે પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન કરનારા જીવો પણ ભગવાનના વચન પ્રત્યેના રાગથી પ્રીતિપૂર્વક કે ભક્તિપૂર્વક તે અનુષ્ઠાન કરે છે અને અસંગાનુષ્ઠાનવાળા જીવો પણ ભગવાને જે રીતે મોહના વિકલ્પથી પર એવા આત્મભાવોમાં દૃઢ ઉદ્યમ કરવાનું કહ્યું છે તે પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. વસ્તુતઃ અસંગાનુષ્ઠાનવાળા મહાત્મા પણ પૂર્વમાં ભગવાનના વચનના સ્મરણથી અનુષ્ઠાન કરતા હતા અને વચનના સ્મરણથી સેવાયેલા અનુષ્ઠાનના બળથી નિર્વિકલ્પદશાને પામે છે ત્યારે, વચનના સ્મરણ વગર સહજભાવથી આત્માના અસંગભાવને સ્ફુરણ કરવાને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરે છે તેથી અસંગાનુષ્ઠાનમાં પણ વચનપ્રયોજ્ય પ્રવૃત્તિ છે.

વળી, ષોડશક ગ્રંથમાં જે ધર્મનું લક્ષણ કહ્યું છે તે ગ્રંથ પ્રમાણે પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત ધર્મ છે અને તે લક્ષણ ભાવધર્મનું લક્ષણ છે. અને તેવા ભાવધર્મથી યુક્ત એવી ક્રિયા વ્યવહારધર્મનું લક્ષણ છે. તેથી ગ્રંથકારશ્રીએ જે ધર્મનું લક્ષણ કહ્યું છે તે વ્યવહારધર્મનું લક્ષણ છે અને તે વ્યવહારધર્મ સમ્યક્ ત્યારે જ કહેવાય કે જે ધર્મની અંદરમાં પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત વર્તતું હોય એ પ્રમાણે ફલિત થાય છે.

અહીં ષોડશક ગ્રંથના આપેલા શ્લોકનો અર્થ 'ગીતાર્થ ગંગા' દ્વારા પ્રકાશિત અમારા ષોડશક ગ્રંથમાંથી જાણી લેવો.

અહીં વિશેષ એ છે કે જે સાધક આત્મા પ્રણિધાનાદિ આશયપૂર્વક ધર્માનુષ્ઠાન સેવે છે તે વખતે જે ગુણોના પક્ષપાતવાળું ચિત્ત છે તે ચિત્તમાં ગુણનો રાગ વર્તે છે. તેથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે. અને ગુણના રાગના ઉપયોગવાળું ચિત્ત ગુણના આવારક એવા કર્મનો ક્ષય કરે છે. તેથી કર્મના વિગમનથી આત્મામાં શુદ્ધિ પેદા થાય છે અને જે ઉપયોગથી પુણ્યબંધ અને કર્મના વિગમનથી આત્મામાં શુદ્ધિ થતી હોય તેવો આત્માનો પરિણામ તે પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત છે. તે ભાવધર્મ છે અને તેવા ભાવધર્મથી યુક્ત ધર્માનુષ્ઠાનની ક્રિયા તે વ્યવહારધર્મ છે.

આ કથનથી શું ફલિત થાય ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે=ષોડશક ગ્રંથની સાક્ષીથી જે ધર્મનું લક્ષણ બતાવ્યું એ રીતે, શુદ્ધ અનુષ્ઠાનથી જન્ય=પુષ્ટિ-શુદ્ધિવાળા ચિત્તથી યુક્ત એવા અનુષ્ઠાનથી જન્ય, કર્મમલના અપગમ(નાશ)રૂપ સમ્યગ્દર્શનાદિ ગુણો છે તે નિર્વાણના બીજ છે અને નિર્જરાના લાભના ફળવાળી એવી જીવની શુદ્ધિ તે ધર્મ છે અને તે ભાવધર્મરૂપ છે. અને જે અહીં= પ્રસ્તુત ગ્રંથમાં, અવિરુદ્ધ વચનથી અનુષ્ઠાન ધર્મ કહેવાય છે, તે ઉપચારથી ધર્મ છે. અર્થાત્ ભાવધર્મની પ્રાપ્તિમાં કારણભૂત એવા અનુષ્ઠાનમાં ધર્મનો ઉપચાર કરાયો છે. જેમ પગના રોગનું કારણ અનડ્વલોદક છે તે અનડ્વલોદકને પાદરોગ તરીકે વ્યવહારથી કહેવાય છે. આ રીતે કથન કરવાથી એ ફલિત થાય કે વ્યવહારધર્મ અને ભાવધર્મ બંનેનું લક્ષણ ગ્રંથકારશ્રીના કથનથી ઉપપાદન થાય છે; કેમ કે ભાવધર્મનું સ્વરૂપ દ્રવ્યધર્મમાં ઉપચારથી જ સંભવે છે અને દ્રવ્યધર્મ અને ભાવધર્મ તે બંને પરસ્પર અનુગત છે તેમ ત્યાં ત્યાં પ્રસિદ્ધ છે.

આશય એ છે કે શાસ્ત્રોમાં તે તે સ્થાને કહ્યું છે કે જીવ અનુષ્ઠાનાત્મક દ્રવ્યધર્મ કરે તેનાથી જ ભાવધર્મ પ્રગટ થાય છે. ફક્ત પ્રણિધાનાદિ આશયપૂર્વક અનુષ્ઠાન કરે તો તે અનુષ્ઠાન ભાવધર્મથી સંવલિત હોય છે. અને પ્રણિધાનાદિ આશય વગર અનુષ્ઠાન કરે તો તે અનુષ્ઠાન બાહ્યથી તદ્સદૃશ જણાવા છતાં ઉત્તર-ઉત્તરના ભાવધર્મની નિષ્પત્તિનું કારણ બનતું નથી. આથી જે સાધક આત્મા, પ્રણિધાનાદિ આશયથી યુક્ત તે તે અનુષ્ઠાન કરે છે તેનાથી તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય એવો રત્નત્રયીનો પરિણતિરૂપ ઉત્તરનો ભાવધર્મ અવશ્ય પેદા થાય છે. માટે દ્રવ્યધર્મ અને ભાવધર્મ પરસ્પર અનુગત છે તેમ શાસ્ત્રમાં તે તે સ્થાને કહેવાયું છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્મા મૈત્ર્યાદિ ચાર ભાવોનું સ્વરૂપ સમ્યક્ જાણીને તે ચાર ભાવોથી આત્મા વાસિત થાય તે રીતે ઉપયોગપૂર્વક યત્ન કરે અને તે ભાવોથી વાસિત થયેલું ચિત્ત, કોઈક ઉચિત ધર્માનુષ્ઠાન કરવા પ્રવૃત્ત થાય ત્યારે ગુણવાનની ભક્તિરૂપ અનુષ્ઠાન હોય તો આ ગુણવાન પુરુષની ભક્તિ કરીને હું મારા આત્મામાં તે તે ગુણો પ્રગટ કરું તેવો પ્રણિધાનનો આશય રાખે અને દુષ્કૃતની નિંદાનું અનુષ્ઠાન હોય ત્યારે આ દુષ્કૃતોના સંસ્કારો મારા આત્મામાં છે તેને દૂર કરું તેવા પ્રકારના પ્રણિધાનનો આશય રાખે તો, તે મહાત્માનું અનુષ્ઠાન પુષ્ટિ-શુદ્ધિ યુક્ત ચિત્તવાળું બને અને તેવા અનુષ્ઠાનથી ઉત્તર-ઉત્તરના ગુણની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારનો ધર્મના લક્ષણનો ફલિતાર્થ છે. **॥૩॥**

અવતરણિકા :–

प्रदर्शितं धर्मलक्षणम् अथामुमेव धर्मं भेदतः प्रभेदतश्च बिभणिषुराह –

અવતરણિકાર્થ :–

ધર્મનું લક્ષણ બતાવાયું=ધર્મનું સ્વરૂપ બતાવાયું. હવે આ જ ધર્મને=પૂર્વમાં બતાવાયેલા સ્વરૂપવાળા જ ધર્મને, ભેદથી અને પ્રભેદથી કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

स द्विधा स्यादनुष्ठातृगृहिव्रतिविभागतः ।
सामान्यतो विशेषाच्च, गृहिधर्मोऽप्ययं द्विधा ।।४।।

અન્વયાર્થ :-

अनुष्ठातृगृहिव्रतिविभागतः=અનુષ્ઠાતૃ એવા ગૃહી અને વ્રતીના વિભાગથી, सः=તે=પૂર્વમાં જે ધર્મનું લક્ષણ કર્યું તે, द्विधा=બે પ્રકારનો, स्यात्=થાય. अयं गृहिधर्मोऽपि=આ ગૃહીધર્મ પણ, सामान्यतो विशेषाच्च=સામાન્યથી અને વિશેષથી, द्विधा=બે પ્રકારનો છે. ।।૪।।

શ્લોકાર્થ :-

અનુષ્ઠાતૃ એવા ગૃહી અને વ્રતીના વિભાગથી તે=ધર્મ, બે પ્રકારનો થાય. આ ગૃહીધર્મ પણ સામાન્યથી અને વિશેષથી બે પ્રકારનો છે. ।।૪।।

ટીકા :-

'सः' यः पूर्वं प्रवक्तुमिष्टो धर्मो 'द्विधा' द्वाभ्यां प्रकाराभ्यां 'स्याद्' भवेत्, कुत इत्याह– 'अनुष्ठातृगृहिव्रतिविभागतः' इति अनुष्ठातारौ धर्मानुष्ठायकौ यौ गृहिव्रतिनौ तयोर्विभागतो=विशेषात्, गृहस्थधर्मो यतिधर्मश्चेति भावः । तत्र गृहमस्यास्तीति गृही, तद्धर्मश्च नित्यनैमित्तिकानुष्ठानरूपः, व्रतानि महाव्रतानि विद्यन्ते यस्मिन् स व्रती, तद्धर्म्मश्च चरणकरणरूपः तत्र च गृहिधर्मं विशिनष्टि- 'गृहिधर्मोऽपीति' 'अयं' साक्षादेव हृदि वर्त्तमानतया प्रत्यक्षो गृहिधर्म उक्तलक्षणः, किं पुनः सामान्यधर्मः ? इत्यपिशब्दार्थः 'द्विधा' द्विभेदः, द्वैविध्यं दर्शयति–'सामान्यतो विशेषाच्च' इति तत्र सामान्यतो नाम सर्वविशिष्टजनसाधारणानुष्ठानरूपः, विशेषात् सम्यग्दर्शनाणुव्रतादिप्रतिपत्तिरूपः, चकार उक्तसमुच्चय इति ।।४।।

ટીકાર્થ :-

'सः' ..... उक्तसमुच्चय इति ।। તે=જે પૂર્વમાં કહેવા માટે ઈષ્ટ છે તેવો ધર્મ તે બે પ્રકારનો થાય. કેમ બે પ્રકારનો થાય ? એથી કહે છે. અનુષ્ઠાતૃ એવા ગૃહી અને વ્રતીના વિભાગથી=ધર્માનુષ્ઠાન કરનારા જે ગૃહસ્થ અને વ્રતી તે બંનેના વિભાગથી=વિશેષથી બે પ્રકારનો છે એમ અન્વય છે.

તે બે પ્રકાર જ સ્પષ્ટ કરે છે –

ગૃહસ્થધર્મ અને યતિધર્મ એ રીતે બે પ્રકારનો છે એ ભાવ છે. ત્યાં=ગૃહી અને વ્રતીના ભેદથી બે પ્રકારનો ધર્મ કહ્યો ત્યાં, ઘર આને છે એ ગૃહી અને નિત્ય નૈમિત્તિક અનુષ્ઠાનરૂપ તેનો ધર્મ તે ગૃહસ્થધર્મ છે. વ્રતો=મહાવ્રતો વિદ્યમાન છે જેમાં તે વ્રતી અને ચરણ-કરણરૂપ તેનો ધર્મ તે વ્રતીધર્મ

છે. અને ત્યાં=બે પ્રકારના ધર્મમાં, ગૃહીધર્મને=ગૃહસ્થના ધર્મને; વિશેષથી કહે છે=વિભાગથી કહે છે. ગૃહસ્થધર્મ પણ આ=સાક્ષાત્ જ હૃદયમાં વર્તમાનપણાથી પ્રત્યક્ષ એવો આ ઉક્ત લક્ષણવાળો ગૃહસ્થધર્મ પણ, બે પ્રકારનો છે=બે ભેદવાળો છે.

તેના બે ભેદને બતાવે છે –

સામાન્યથી અને વિશેષથી બે પ્રકારનો છે, એમ અન્વય છે. ત્યાં=બે પ્રકારના ગૃહસ્થધર્મમાં, સર્વવિશિષ્ટજન સાધારણ અનુષ્ઠાનરૂપ સામાન્યથી ગૃહીધર્મ છે અને સમ્યગ્દર્શન અણુવ્રતાદિના સ્વીકારરૂપ વિશેષથી ગૃહીધર્મ છે. ચકાર=સામાન્ય અને વિશેષમાં રહેલો 'ચ'કાર, ઉક્ત સમુચ્ચય માટે છે=ગૃહસ્થધર્મના બે ભેદના સમુચ્ચય માટે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે.

'गृहिधर्मोऽपीति'='गृहिधर्मोऽपि'માં રહેલ 'अपि' શબ્દથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે –

વળી સામાન્યધર્મનું શું કહેવું ? ગૃહસ્થધર્મ પણ બે ભેદવાળો છે=સામાન્યધર્મ તો ગૃહી અને વ્રતીના વિભાગથી બે ભેદવાળો છે, પરંતુ ગૃહીધર્મ પણ સામાન્ય અને વિશેષથી બે ભેદવાળો છે, એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે. ॥૪॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્લોક-૩માં ધર્મનું લક્ષણ બતાવ્યું. તે ધર્મને સેવનારા એવા ગૃહસ્થ અને વ્રતીના વિભાગથી તે ધર્મ બે પ્રકારનો છે : ૧. ગૃહસ્થધર્મ, ૨. યતિધર્મ.

ગૃહસ્થધર્મ શું છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

નિત્ય અને નૈમિત્તિક અનુષ્ઠાનરૂપ ગૃહસ્થધર્મ છે. તેથી એ ફલિત થાય કે ગૃહસ્થને કેટલાંક કૃત્યો નિત્ય કરવાના હોય છે તે નિત્ય અનુષ્ઠાનરૂપ છે. જેમ જિનપૂજાદિ નિત્ય અનુષ્ઠાનો છે અને કેટલાંક અનુષ્ઠાનો નૈમિત્તિક હોય છે. જેમ કે કોઈ નિમિત્તને પામીને ગૃહસ્થ તીર્થયાત્રા કરે છે. યતિધર્મ પાંચ મહાવ્રતરૂપ છે અને તેની આચરણા ચરણસિત્તરી-કરણસિત્તરીરૂપ છે.

વળી જેમ સામાન્ય ધર્મ બે પ્રકારનો છે તેમ ગૃહસ્થધર્મ પણ બે પ્રકારનો છે.

તે બે પ્રકાર સ્પષ્ટ કરતાં કહે છે –

સામાન્યથી ગૃહસ્થધર્મ અને વિશેષથી ગૃહસ્થધર્મ.

સર્વ વિશિષ્ટજન સાધારણ અનુષ્ઠાનરૂપ જે ધર્મ છે તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે અને સમ્યગ્દર્શન અણુવ્રતાદિના સ્વીકારરૂપ જે ગૃહસ્થધર્મ છે તે વિશેષથી ગૃહસ્થધર્મ છે. તેથી એ ફલિત થાય કે પ્રારંભિક ભૂમિકાના જીવોને અને વ્રતધારી શ્રાવકને જે આચરણા કરવી આવશ્યક છે એવી ઉચિત આચરણા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી અણુવ્રતાદિનો સ્વીકાર કરે છે તે વિશેષથી ગૃહસ્થધર્મ છે. **॥૪॥**

પ્રથમ અધિકાર

અવતરણિકા :-

તત્રાદ્યં ભેદં દશભિઃ શ્લોકૈર્દર્શયતિ –

અવતરણિકાર્થ :-

ત્યાં=ગૃહસ્થધર્મના બે ભેદો બતાવ્યા ત્યાં, આદ્યભેદને=સામાન્યથી ગૃહસ્થધર્મના પ્રથમભેદને, દસ શ્લોકો વડે ગ્રંથકારશ્રીશ્રી બતાવે છે –

શ્લોક :-

तत्र सामान्यतो गेहिधर्मो न्यायार्जितं धनम् ।
वैवाह्यमन्यगोत्रीयैः, कुलशीलसमैः समम् ।।५।।
शिष्टाचारप्रशंसारिषड्वर्गत्यजनं तथा ।
इन्द्रियाणां जय उपप्लुतस्थानविवर्ज्जनम् ।।६।।
सुप्रातिवेश्मिके स्थानेऽनतिप्रकटगुप्तके ।
अनेकनिर्गमद्वारं गृहस्य विनिवेशनम् ।।७।।
पापभीरूकता ख्यातदेशाचारप्रपालनम् ।
सर्वेष्वनपवादित्वं नृपादिषु विशेषतः ।।८।।
आयोचितव्ययो वेषो, विभवाद्यनुसारतः ।
मातापित्रर्चनं सङ्गः सदाचारैः कृतज्ञता ।।९।।
अजीर्णेऽभोजनं काले भुक्तिः सात्म्यादलौल्यतः ।
वृत्तस्थज्ञानवृद्धार्हा गर्हितेष्वप्रवर्त्तनम् ।।१०।।
भर्त्तव्यभरणं दीर्घदृष्टिर्धर्मश्रुतिर्दया ।
अष्टबुद्धिगुणैर्योगः पक्षपातो गुणेषु च ।।११।।

सदाऽनभिनिवेशश्च, विशेषज्ञानमन्वहम् ।
यथार्हमतिथौ साधौ दीने च प्रतिपत्तता ।।१२।।
अन्योऽन्यानुपघातेन त्रिवर्गस्यापि साधनम् ।
अदेशाकालाऽचरणं बलाबलविचारणम् ।।१३।।
यथार्हलोकयात्रा च परोपकृतिपाटवम् ।
ह्रीः सौम्यता चेति जिनैः प्रज्ञप्तो हितकारिभिः ।।१४।। दशभिः कुलकम् ।

શ્લોકાર્થ :-

ત્યાં સામાન્યથી ગૃહસ્થધર્મ ન્યાયાર્જિત ધન ઇત્યાદિના પ્રારંભથી સૌમ્યતા સુધી એ પ્રમાણે હિતકારી એવા જિન વડે કહેવાયેલો છે એમ શ્લોક-૧૪માં અંતિમ પાદ સાથે સંબંધ છે અને તે ૩૫ ભેદો ક્રમસર બતાવે છે –

૧. ન્યાયાર્જિત ધન, ૨. કુલ-શીલથી સમાન એવા અન્યગોત્રીય સાથે વિવાહકર્મ, ૩. શિષ્ટાચાર પ્રશંસા, ૪. અરિષડ્વર્ગનો ત્યાગ, ૫. ઇન્દ્રિયજય, ૬. ઉપપ્લુત=ઉપદ્રવયુક્ત સ્થાનનો ત્યાગ, ૭. અનતિપ્રગટ અને અનતિગુપ્ત એવા સુંદર પાડોશીવાળા સ્થાનમાં અનેક નિર્ગમ દ્વાર વગરના ગૃહનું સ્થાપન, ૮. પાપભીરુતા, ૯. દેશના પ્રસિદ્ધ એવા આચારોનું પાલન, ૧૦. સર્વજીવોમાં અનિંદાપણું અને રાજાદિમાં વિશેષથી અનિંદાપણું, ૧૧. આયઉચિત વ્યય, ૧૨. પોતાના વિભવાદિ અનુસાર વેશ, ૧૩. માતા-પિતાનું પૂજન, ૧૪. સત્ પુરુષોનો સંગ કરવો, ૧૫. કૃતજ્ઞતા, ૧૬. અજીર્ણમાં ભોજનનો ત્યાગ, ૧૭. કાલે સાત્મ્યથી અને અલૌલ્યથી ભુક્તિ=ભોજન, ૧૮. વૃતસ્થ એવા જ્ઞાનવૃદ્ધની સેવા, ૧૯. ગર્હિત એવાં પાપસ્થાનોમાં અપ્રવર્તન, ૨૦. ભર્તવ્યનું ભરણ, ૨૧. દીર્ઘદૃષ્ટિ, ૨૨. ધર્મશ્રુતિ, ૨૩. દયા, ૨૪. બુદ્ધિના આઠ ગુણોનો યોગ, ૨૫. ગુણોમાં પક્ષપાત, ૨૬. હમેશાં અનભિનિવેશ, ૨૭. પ્રતિદિન વિશેષજ્ઞાન કરે, ૨૮. યથાયોગ્ય અતિથિમાં, સાધુમાં અને દીનમાં પ્રતિપન્નતા=અન્નપાનાદિરૂપ ઉચિતદાનની ક્રિયા, ૨૯. ધર્મ-અર્થ-કામ ત્રણેયનું પણ પરસ્પર ઉપઘાત વગર સાધવું, ૩૦. અદેશ-અકાલમાં અચરણ, ૩૧. બલાબલનો વિચાર કરવો, ૩૨. યથાયોગ્ય લોકયાત્રા, ૩૩. પરોપકારનું પાટવ, ૩૪. હ્રી=લજ્જા, ૩૫. સૌમ્યતા. ।।૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪।।

ટીકા :-

'तत्र' तयोः सामान्यविशेषरूपयोः गृहस्थधर्मयोर्वक्तुमुपक्रान्तयोर्मध्ये 'सामान्यतो गेहिधर्मः' 'इति' अमुना प्रकारेण 'हितकारिभिः' परोपकरणशीलैर्जिनैरर्हद्भिः 'प्रज्ञप्तः' प्ररूपित इत्यन्तेन संबन्धः । स च यथा–'न्यायार्जितं धन'मित्यादि ।

तत्र स्वामिद्रोहमित्रद्रोहविश्वसितवञ्चनचौर्यादिगर्ह्यार्थोपार्जनपरिहारेणार्थोपार्जनोपायभूतः स्वस्ववर्णानुरूपः सदाचारो न्यायस्तेनार्जितं संपादितं धनम्, अयमेव धर्मः, न्यायार्जितं हि धनम् अशङ्कनीयतया स्वशरीरेण तत्फलभोगान्मित्रस्वजनादौ संविभागकरणाच्चेहलोकहिताय यदाह –

"सर्वत्र शुचयो धीराः, स्वकर्मबलगर्विताः ।
स्वकर्मनिन्दितात्मानः, पापाः सर्वत्र शङ्किताः ।।१।।"

सत्पात्रेषु विनियोगात् दीनादौ कृपया वितरणाच्च परलोकहिताय, पठ्यते च धार्मिकस्य धनस्य शास्त्रान्तरे दानस्थानम् यथा –

"पात्रे दीनादिवर्गे च, दानं विधिवदिष्यते ।
पोष्यवर्गाविरोधेन, न विरुद्धं स्वतश्च यत् ।।१।।" **[योगबिन्दुः गा. १२१]**

अन्यायोपात्तं तु लोकद्वयेऽप्यहितायैव, इहलोके विरुद्धकारिणो वधबन्धादयो दोषाः, परलोके नरकादिगमनादयः । यद्यपि कस्यचित्पापानुबन्धिपुण्यानुभावादिहलोकिकी विपन्न दृश्यते तथाप्यायत्याम-वश्यंभाविन्येव, यतः–

"पापेनैवार्थरागान्धः फलमाप्नोति यत् क्वचित् ।
बडिशामिषवत्तत्तमविनाश्य न जीर्यति" ।।

इति न्याय एव परमार्थतोऽर्थोपार्जनोपायोपनिषत् यदाह–

"निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः ।।१।।"

ईदृशं धनं च गार्हस्थ्ये प्रधानकारणत्वेन धर्मतयाऽऽदौ निर्दिष्टम्, अन्यथा तदभावे निर्वाहविच्छेदेन गृहस्थस्य सर्वश्रुतक्रियोपरमप्रसङ्गादधर्म एव स्यात् । पठ्यते च–

"वित्तीवोच्छेयम्मि य, गिहिणो सीयंति सव्वकिरियाउ ।
निरवेक्खस्स उ जुत्तो, संपुन्नो संजमो चेव ।।१।।" **[पञ्चाशक ४।७] त्ति १।।**

टीकार्थ :–

'तत्र' ..... चेव त्ति १।। त्यां=कहेवा माटे उपक्रान्त (प्रारंभ) करायेला सामान्य-विशेषरूप गृहस्थधर्ममां, सामान्यथी गृहस्थधर्म आ प्रकारे=श्लोक १४ सुधी वर्णन कर्युं ए प्रकारे, हितकारी वडे=परोपकार करवाना स्वभाववाळा एवा तीर्थंकर वडे, प्ररूपणा करायेल छे एनी साथे संबंध छे. श्लोक-५नो श्लोक-१४ना कथन साथे संबंध छे. अने ते आ प्रमाणे - 'न्यायार्जितं धनं' इत्यादि.

ન્યાયાર્જિત ધન :-

ત્યાં=ન્યાયાર્જિત ધન નામના પ્રથમ ગૃહસ્થધર્મમાં, ન્યાય શું છે ? તે સ્પષ્ટ કરે છે. સ્વામીદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વસિત પુરુષને ઠગવું, ચૌર્યાદિ, ગર્હા પ્રવૃત્તિથી અર્થનું ઉપાર્જન કરવું, તેના પરિહારથી અર્થના ઉપાર્જનના ઉપાયભૂત પોતપોતાના વર્ણને અનુરૂપ સદાચાર ન્યાય છે=નીતિ છે તેનાથી=ન્યાયથી, અર્જિત=સંપાદિત એવું ધન, એ જ ધર્મ છે.

અહીં પ્રશ્ન થાય કે ન્યાયાર્જિત ધન જ ધર્મ કેમ છે ? એથી કહે છે –

'હિ'=જે કારણથી, ન્યાયાર્જિત એવું ધન અશંકનીયપણાથી સ્વશરીર દ્વારા તેના=ધનના, ફળનો ભોગ હોવાથી અને મિત્ર-સ્વજનાદિમાં સંવિભાગકરણ હોવાથી ઈહલોકના હિત માટે છે. જે કારણથી કહે છે.

"સર્વત્ર પવિત્ર, ધીરપુરુષો સ્વકર્મના બળથી ગર્વિત હોય છે અને સ્વકર્મથી નિંદિત એવા પાપી સર્વત્ર શંકિત હોય છે."

સત્પાત્રમાં વિનિયોગને કારણે=ન્યાયાર્જિત ધનનો સત્પાત્રમાં વિનિયોગ કરવાને કારણે અને દીનાદિમાં કૃપાથી વિતરણ કરવાને કારણે પરલોકના હિત માટે થાય છે અને ધાર્મિક પુરુષના ધનનું શાસ્ત્રાન્તરમાં દાનનું સ્થાન કહેવાય છે અને તે 'યથા'થી બતાવે છે.

"પાત્રમાં અને દીનાદિવર્ગમાં પોષ્યવર્ગના અવિરોધથી વિધિપૂર્વક દાન ઈચ્છાય છે. અને પોતાનાથી અપાતું એવું જે વિરુદ્ધ નથી=દાયક અને ગ્રાહક બંનેને બાધાકારી નથી, એવું દાન ઈચ્છાય છે" એમ અન્વય છે. **(યોગબિંદુ શ્લોક-૧૨૧)**

વળી અન્યાયોપાત્ત=અન્યાયથી મેળવેલું ધન લોકદ્વયમાં પણ અહિત માટે જ છે. આલોકમાં વિરુદ્ધકારી જીવોને=અન્યાયથી ધન મેળવનારા જીવોને, વધ-બંધનાદિ દોષો છે અને પરલોકમાં નરકાદિગમનાદિ દોષો છે. જોકે કોઈક જીવને પાપાનુબંધી પુણ્યના ઉદયથી ઈહલોકિક આપત્તિ દેખાતી નથી, તોપણ ભવિષ્યમાં=પરલોકમાં, અવશ્યંભાવિ જ છે=નક્કી આપત્તિ છે. જે કારણથી કહેવાયું છે –

"પાપ વડે જ અર્થરાગમાં અંધ થયેલા પુરુષ ક્વચિત્ જે ફળ પ્રાપ્ત કરે છે તે=તે પાપ, બડિશ આમિષની જેમ=માછલી પકડવાના કાંટા ઉપર રાખેલા માંસના ટુકડાની જેમ તેનો નાશ કર્યા વગર જીર્ણ થતું નથી=નાશ પામતું નથી."

એથી ન્યાય જ પરમાર્થથી અર્થઉપાર્જનના ઉપાયનું ઉપનિષદ્ છે=રહસ્ય છે, જેને કહે છે –

"જેમ દેડકાંઓ પાણીના હવાડા તરફ આવે છે, જેમ પક્ષીઓ પૂર્ણ સરોવર તરફ આવે છે, તેમ શુભકર્મોને વિવશ=પરવશ, સર્વસંપત્તિઓ આવે છે."

અને આવું ધન ગૃહસ્થપણામાં પ્રધાનકારણપણાથી ધર્મપણારૂપે આદિમાં બતાવેલું છે. અન્યથા તેના અભાવમાં=ધનના અભાવમાં, નિર્વાહના વિચ્છેદને કારણે ગૃહસ્થના સર્વશ્રુત અને ક્રિયાના

ઉપરમનો પ્રસંગ હોવાથી=જ્ઞાન અને ક્રિયાના નાશનો પ્રસંગ હોવાથી, અધર્મ જ થાય. અને કહેવાય છે –

"વૃત્તિનો ઉચ્છેદ થયે છતે=આજીવિકાનો ઉચ્છેદ થયે છતે ગૃહસ્થની સર્વક્રિયાઓ સીદાય છે. વળી નિરપેક્ષને=આજીવિકાના ઉચ્છેદ પ્રત્યે નિરપેક્ષ એવા ગૃહસ્થને, સંપૂર્ણ સંયમ જ યુક્ત છે=સંગત છે." **(પંચાશક-૪/૭) ૧॥**

ભાવાર્થ :-

ગૃહસ્થને વ્રતગ્રહણ પૂર્વે અને વ્રતગ્રહણ કર્યા પછી સેવવા યોગ્ય આચારો પાંત્રીસ છે. તે પાંત્રીસ આચારો સામાન્યથી ધર્મરૂપ છે. તેમાં પ્રથમ 'ન્યાયાર્જિત ધન' છે.

(૧) ન્યાયાર્જિત ધન પ્રાપ્ત કરવું તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ન્યાયાર્જિત ધન તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે. જે ગૃહસ્થ સ્વામીદ્રોહ આદિ ગર્હ્ય પ્રવૃત્તિના પરિહારથી અર્થ ઉપાર્જન કરે છે. તેઓથી ઉપાર્જિત ધનને ધર્મ કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મ તો જીવનો અંતરંગ પરિણામ છે તેને બદલે સદાચારથી ઉપાર્જિત ધનને ધર્મ કેમ કહ્યો ? તેથી કહે છે –

જેમ ધર્મ આ લોક અને પરલોકમાં હિતકારી છે. તેમ ન્યાયાર્જિત એવું ધન ગૃહસ્થને આ લોક અને પરલોકમાં હિતકારી છે માટે ધનને જ ધર્મ કહેલ છે.

ન્યાયાર્જિત ધન આ લોકમાં હિતકારી કઈ રીતે છે ? તેથી કહે છે –

ન્યાયપૂર્વક કમાયેલું ધન હોવાથી ગૃહસ્થને રાજાદિ તરફથી ભય રહેતો નથી. અને તે ધનનાં ફળ પોતે ભોગવે છે અને પોતાની ઇચ્છાનુસાર મિત્ર-સ્વજનાદિમાં તેનો ઉપયોગ કરે છે. તેથી તેનું ધન આ લોકમાં હિતકારી છે. વળી, આ રીતે પ્રાપ્ત થયેલું ધન ભદ્રક પ્રકૃતિવાળા જીવો સત્પાત્રમાં વાપરે છે. અર્થાત્ ભગવદ્ભક્તિ, સુસાધુની ભક્તિ આદિમાં તેનો ઉપયોગ કરે છે. અને દીનાદિ જીવો પ્રત્યે કૃપાથી ધનનો ઉપયોગ છે. તેથી તે ધનથી, તે આત્માનું પરલોકમાં હિત થાય છે. અને ધર્મ હંમેશાં આ લોક-પરલોકમાં હિત કરનાર છે તેથી ન્યાયાર્જિત ધનને ધર્મ કહેલ છે.

વસ્તુતઃ ધન કમાતી વખતે અન્યાયના પરિહારનો જે ઉત્તમ પરિણામ છે અને પ્રાપ્ત થયેલા ધનનો સત્પાત્રાદિમાં વ્યય કરે છે તે વખતે થતો જીવનો પરિણામ ધર્મ છે તોપણ તે પરિણામના અંગભૂત એવા ધર્મને પણ અહીં ધર્મ કહેલ છે. વળી, અહીં ગૃહસ્થપણામાં આવું ધન ધર્મનિષ્પત્તિમાં પ્રધાન કારણ છે માટે સૌ પ્રથમ ન્યાયાર્જિત ધનને ધર્મ કહેલ છે અને જે ગૃહસ્થ પાસે ધન નથી તે ગૃહસ્થ પોતાનો નિર્વાહ કરી શકતા નથી અને પોતાનો નિર્વાહ દુષ્કર હોવાથી તે ગૃહસ્થથી શ્રુત અધ્યયન અને ધર્મની ક્રિયા પણ થતી નથી. તેથી તેઓને અધર્મની જ પ્રાપ્તિ થાય છે. તેથી એ ફલિત થાય કે ગૃહસ્થ અવસ્થામાં શાસ્ત્ર-અધ્યયન અને ઉચિત ધર્મક્રિયા કરવામાં પ્રધાન કારણ એવું ન્યાયપૂર્વક પ્રાપ્ત થયેલું ધન છે. માટે વિશેષ પ્રકારના ધર્મની નિષ્પત્તિનું કારણ હોવાથી ન્યાયાર્જિત ધનને ધર્મ કહેલ છે. **૧॥**

ટીકા :-

तथा गोत्रं नाम तथाविधैकपुरुषभवो वंशः, अन्यच्च तद्गोत्रं चान्यगोत्रम्, तत्र भवा अन्यगोत्रीयाः, अतिचिरकालव्यवधानवशेन त्रुटितगोत्रसंबन्धास्तैरन्यगोत्रीयैः, कीदृशैस्तैः ? कुलशीलसमैः तत्र कुलं पितृपितामहादिपूर्वपुरुषवंशः, शीलं मद्यमांसनिशाभोजनादिपरिहाररूपो व्यवहारः, ताभ्यां समैस्तुल्यैः 'समं' सार्द्धम्, किमित्याह–वैवाह्यं' विवाह एव तत्कर्म वा वैवाह्यम्, सामान्यतो गृहस्थधर्म इति प्रकृतं अग्रेपि सर्वत्र ज्ञेयम् । अत्र लौकिकनीतिशास्त्रमिदम् –

द्वादशवर्षा स्त्री, षोडशवर्षः पुमान्, तौ विवाहयोग्यौ, विवाहपूर्वो व्यवहारः कुटुम्बोत्पादन-परिपालनारूपश्चतुरो वर्णान् कुलीनान् करोति, युक्तितो वरणविधानम्, अग्निदेवादिसाक्षिकं च पाणिग्रहणं विवाहः स च लोकेऽष्टविधः, तत्र अलङ्कृत्य कन्यादानं ब्राह्म विवाहः १, विभवविनियोगेन कन्यादानं प्राजापत्यः २ गोमिथुनदानपूर्वमार्षः ३ । यत्र यज्ञार्थमृत्विजः कन्याप्रदानमेव दक्षिणा स दैवः ४ एते धर्म्या विवाहाश्चत्वारः, गृहस्थोचितदेवपूजनादिव्यवहाराणामेतदन्तरङ्गकारणत्वात् । मातुः पितुर्बन्धूनां चाप्रामाण्यात्परस्परानुरागेण समवायाद् गान्धर्वः ५, पणबन्धेन कन्याप्रदानमासुरः ६ प्रसह्य कन्याग्रहणाद्राक्षसः ७ सुप्तप्रमत्तकन्याग्रहणात्पैशाचः ८ एते च चत्वारोऽधर्म्याः । यदि वधूवरयोरनपवादं परस्परं रुचिरस्ति तदा अधर्म्या अपि धर्म्याः, शुद्धकलत्रलाभफलो विवाहः, तत्फलं च सुजातसुतसन्ततिरनुपहता चित्तनिर्वृतिर्गृहकृत्यसुविहितत्वमाभिजात्याचारविशुद्धत्वं देवातिथिबान्धवसत्कारानवद्यत्वं चेति । कुलवधूरक्षणोपायास्त्वेते गृहकर्मविनियोगः, परिमितोऽर्थसंयोगः, अस्वातन्त्र्यम्, सदा च मातृतुल्यस्त्रीलोकावरोधनमिति २।। ।।५।।

ટીકાર્થ :-

તથા ..... અવરોધનમિતિ ૨।। ।। અને ગોત્ર એટલે તેવા પ્રકારના એક પુરુષથી ઉત્પન્ન થયેલો વંશ અને અન્ય એવું તે ગોત્ર તે અન્ય ગોત્ર. ત્યાં થનારા=અન્ય ગોત્રમાં થનારા, જીવો અન્યગોત્રીય કહેવાય=અતિચિરકાલવ્યવધાનના વશથી ત્રુટિતગોત્ર સંબંધવાળા કહેવાય=ઘણી પેઢીઓ સુધી એક ગોત્રનો સંબંધ જેમનો નથી તે ત્રુટિત ગોત્ર સંબંધવાળા અન્યગોત્રી જીવો કહેવાય. તે અન્યગોત્રીય કે જેઓ કુલશીલથી સમાન છે. તેઓની સાથે વિવાહ કરવો તે ગૃહસ્થધર્મ છે એમ અન્વય છે. ત્યાં કુલ પિતા, દાદા, આદિ પૂર્વપુરુષનો વંશ છે અને શીલ મદ્ય, માંસ, રાત્રિભોજનાદિ પરિહારરૂપ વ્યવહાર છે. તેના દ્વારા તુલ્ય એવા અન્યગોત્રીય સાથે વિવાહ કરવો જોઈએ. વિવાહ જ અથવા વિવાહનું કર્મ તે વૈવાહ્ય છે. અને આવો વિવાહ કરવો તે સામાન્યથી ગૃહસ્થનો ધર્મ છે. સામાન્યથી ગૃહસ્થધર્મ છે એ પ્રકૃત આગળમાં પણ સર્વ કૃત્યોમાં યોજન કરવું. અહીં=વિવાહના વિષયમાં, લોકનીતિનું શાસ્ત્ર આ છે –

બાર વર્ષની સ્ત્રી, સોળ વર્ષનો પુરુષ તે બંને વિવાહયોગ્ય છે. કુટુંબના ઉત્પાદન-પરિપાલનરૂપ વિવાહપૂર્વકનો વ્યવહાર ચારવર્ણને કુલીન કરે છે. યુક્તિથી વરણનું વિધાન અને અગ્નિદેવાદિની સાક્ષી પાણિગ્રહણ વિવાહ છે અને તે=વિવાહ, લોકમાં આઠ પ્રકારનો છે. ત્યાં=આઠ પ્રકારના વિવાહમાં (૧) અલંકારોથી અલંકૃત કરીને કન્યાનું દાન બ્રાહ્મવિવાહ છે. (૨) વૈભવના વિનિયોગથી=ધનના વ્યયથી, કન્યાનું દાન પ્રાજાપત્યવિવાહ છે. (૩) ગોમિથુનના દાનપૂર્વક આર્ષવિવાહ છે. (૪) જ્યાં યજ્ઞ માટે બ્રાહ્મણોને કન્યાદાન જ દક્ષિણારૂપે છે તે દૈવવિવાહ છે. આ ચાર વિવાહ ધર્મ છે; કેમ કે ગૃહસ્થ ઉચિત દેવપૂજનાદિ વ્યવહારોનું આનું=ચાર પ્રકારના વિવાહનું, અંતરંગ કારણપણું છે. (૫) માતાના, પિતાના બંધુઓના અપ્રામાણ્યથી=અસંમતિથી પરસ્પર અનુરાગથી સંબંધ થવાને કારણે જે વિવાહ થાય તે ગાન્ધર્વ વિવાહ છે. (૬) પણબંધથી=શરતથી, કન્યાનું પ્રદાન તે આસુરવિવાહ છે. (૭) પ્રસહ્ય=કન્યા આદિની ઇચ્છા વગર, કન્યાના ગ્રહણથી જે વિવાહ થાય તે રાક્ષસવિવાહ છે. (૮) સૂતેલી પ્રમત એવી કન્યાના ગ્રહણથી જે વિવાહ થાય તે પૈશાચવિવાહ છે. અને ચારેય વિવાહ અધર્મવિવાહ છે. જો વધૂ અને વરને અનપવાદ=કોઈ જાતના વિવાદ વગર, પરસ્પર રુચિ છે તો અધર્મવિવાહ પણ ધર્મવિવાહ છે; કેમ કે શુદ્ધ સ્ત્રીના લાભના ફલવાળો વિવાહ છે. અને તેનું ફળ=શુદ્ધ સ્ત્રીના લાભનું ફળ, ૧. સુંદર એવી પુત્રસંતતિ ૨. અનુપહત ચિત્તની નિવૃત્તિ ૩. ગૃહકૃત્ય સુવિહિતત્વ ૪. અભિજાત્ય આચારનું વિશુદ્ધપણું ૫. દેવતા, અતિથિ, બાંધવના સત્કારનું અનવદ્યપણું છે.

'ઇતિ' શબ્દ શુદ્ધ સ્ત્રીના લાભના ફળોની સંખ્યાની સમાપ્તિ માટે છે.

વલી કુલવધૂના રક્ષણના ઉપાયો આ છે. ૧. ગૃહકર્મનો વિનિયોગ ૨. પરિમિત અર્થનો સંયોગ ૩. અસ્વતંત્રતા ૪. હંમેશાં માતૃતુલ્ય એવા સ્ત્રીલોકોથી અવરોધન. ૨॥ ॥૫॥

ભાવાર્થ :-

(૨) અન્ય ગોત્રવાળા સાથે અને સમાન કુલશીલવાળા સાથે વિવાહ કરવો તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

અન્ય ગોત્રનો અર્થ સ્પષ્ટ કરવા માટે ગોત્ર શું છે ? તે સ્પષ્ટ કરે છે –

કોઈ એક પુરુષથી જે પુત્રો થયા હોય અને તે પુત્રોની સંતતિનો પ્રવાહ હોય તે સર્વ એક ગોત્રવાળા કહેવાય. આમ છતાં કોઈ વિશિષ્ટ પુરુષ થયેલો હોય તેવા વિશિષ્ટ પુરુષથી જે પુત્રનો પ્રવાહ ચાલતો હોય તે બધા એક ગોત્રવાળા કહેવાય. તે બતાવવા માટે તેવા પ્રકારના એક પુરુષથી થયેલો વંશ ગોત્ર કહેવાય છે. અને અન્ય ગોત્ર એટલે એટલે અતિ ચિરકાળના વ્યવધાનથી=અતિ લાંબા સમયના ગાળાથી, જેઓનો ગોત્ર સંબંધ તૂટેલો છે તે અન્યગોત્રી કહેવાય. વિવાહ હંમેશાં એક ગોત્રમાં કરવો ઉચિત નથી તે પ્રકારે વ્યવહારની મર્યાદા છે.

વિવાહ કુલ અને શીલથી સમાન એવા અન્ય ગોત્રવાળા સાથે કરવો તે ગૃહસ્થનો ધર્મ છે. ત્યાં કુલ એટલે પિતા-પિતામહ આદિ પુરુષનો વંશ તે કુલ કહેવાય. તેથી જે વિવાહમાં સમાન કુલવાળા સાથે વિવાહ

થાય તે ઉચિત વિવાહ કહેવાય. વળી, શીલ એટલે મદ્ય, માંસ, રાત્રિભોજન આદિ જે અનુચિત પ્રવૃત્તિ છે તેનો પરિહાર જે કુલમાં થતો હોય તે શીલવાળાં કુળો કહેવાય. સમાનકુળ અને સમાનશીલવાળા સાથે વિવાહ કરવો તે સામાન્યથી ગૃહસ્થનો ધર્મ છે; કેમ કે તેમ કરવાથી ગૃહસ્થનું જીવન પરસ્પર ક્લેશ વગરનું અને આલોક-પરલોકના હિતનું કારણ બને તેવું થાય છે. જો કે ભોગની પ્રવૃત્તિ ધર્મમય બનતી નથી, તોપણ ગૃહસ્થને તે પ્રકારની માનસિક સ્થિતિ છે તેથી પૂર્ણ સંયમ પાળી શકે તેમ નથી, તેવા ગૃહસ્થ સમાન કુલ-શીલવાળા સાથે વિવાહ કરે તો અન્ય ઉચિત ધર્મની પ્રવૃત્તિઓ તેઓ કરી શકે છે. તેથી તે અન્ય ઉચિત પ્રવૃત્તિમાં કારણ વિવેકપૂર્વકનો કરાયેલો વિવાહ છે. જેથી આવા વિવાહકર્મને પણ ધર્મ કહેલ છે.

અને વિવાહના વિષયમાં લૌકિકનીતિ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

બાર વર્ષની સ્ત્રી અને સોળ વર્ષનો પુરુષ વિવાહયોગ્ય છે; કેમ કે બાર વર્ષની કન્યા થયા પછી તે પ્રકારના દેહના વિકાસને કારણે વિકારો થવાનો પ્રારંભ થાય છે અને તે ઉંમરમાં વિવાહ થાય તો તે શીલની મર્યાદાવાળી થઈ શકે અને જો વિલંબથી વિવાહ કરવામાં આવે તો માનસ વિકારાદિને કારણે કુલીન પણ ગૃહસ્થની પુત્રી શીલસંપન્ન બને નહિ. તેથી લોકનીતિ અનુસાર બારવર્ષની કન્યા અને સોળ વર્ષના પુરુષને વિવાહયોગ્ય કહ્યો છે. પુરુષ પણ સોળ વર્ષનો થાય ત્યારે દેહના વિકાસ અનુસાર વિકારવાળો બને છે. તેથી તે સમયે લગ્ન થવાથી કુલની મર્યાદાને સાચવનાર બને છે. વિલંબથી લગ્ન કરવામાં કુલમર્યાદા ભંગ થવાના પ્રસંગો આવે.

વળી, વિવાહપૂર્વકનો સ્ત્રી-પુરુષનો પરસ્પર વ્યવહાર કુટુંબનું ઉત્પાદન કરે છે અર્થાત્ પુત્રાદિ પરિવારનું ઉત્પાદન કરે છે અને કુટુંબનું પરિપાલન કરે છે. તથા ચાર વર્ણને કુલીન કરે છે.

વળી, સ્ત્રી-પુરુષનો વિવાહ યુક્તિથી વરવાની ક્રિયા છે અને તે અગ્નિદેવાદિની સાક્ષીએ પાણિગ્રહણરૂપ છે. આ વિવાહને લોકમાં આઠ પ્રકારનો કહ્યો છે.

૧. જેમ કોઈ પિતા કન્યાને અલંકારોથી અલંકૃત કરીને આપે તો તે વિવાહ બ્રાહ્મવિવાહ છે.

૨. કોઈ પિતા પોતાના વૈભવના વ્યયથી અર્થાત્ ઠાઠમાઠથી કન્યાનું દાન કરે તે પ્રાજાપત્ય વિવાહ છે.

૩. ગાયના યુગલના દાન-પૂર્વક કન્યાને આપે તે આર્ષવિવાહ છે.

૪. યજ્ઞ માટે આવેલા બ્રાહ્મણને કન્યાના પ્રદાનરૂપ દક્ષિણા આપે તે દૈવવિવાહ છે.

આ ચાર વિવાહ લોકમાં ધર્મ તરીકે સ્વીકારવામાં આવે છે; કેમ કે આ રીતે વિવાહ થયેલ હોય તો તે ગૃહસ્થ ઉચિત રીતે દેવાદિના પૂજનાદિ પોતાના આચારોનું સમ્યક્પાલન કરી શકે તેમાં તે વિવાહ અંતરંગ કારણ બને છે. આશય એ છે કે જે પિતાએ પોતાનાં કુલ-શીલાદિનો વિચાર કરીને પુત્રીને આ ચાર પ્રકારના વિવાહથી આપેલ હોય તે કન્યા પણ ઉચિત વરને પ્રાપ્ત કરીને ગૃહસ્થને ઉચિત દેવપૂજાદિ સર્વ વ્યવહાર સમ્યક્ કરી શકે અને તે પુરુષ પણ ઉચિત કન્યાને પ્રાપ્ત કરી દેવ-પૂજાદિ સર્વ વ્યવહાર સમ્યક્ કરી શકે છે. તેથી આ ચાર વિવાહ ધર્મની નિષ્પત્તિનાં અંગ હોવાથી ધર્મરૂપ કહેવાય છે.

૫. જે વિવાહમાં માતા, પિતા, બંધુની સંમતિ ન હોય પરંતુ પરસ્પર કન્યા અને વર વચ્ચે અનુરાગ થવાથી સંબંધ થાય તે ગાંધર્વ વિવાહ છે.

૬. કોઈ પિતા કોઈ સાથે શરત કરે કે આ કાર્ય તું કરીશ તો તને આ મારી કન્યા આપીશ. એ પ્રકારના પણબંધથી કન્યા આપે તે આસુરવિવાહ છે; કેમ કે તે રીતે કરવાથી કન્યાનું અહિત થવાનો સંભવ રહે.

૭. કોઈ માતા, પિતા કન્યા આદિની ઇચ્છા વગર પોતાના બળથી કન્યાનું ગ્રહણ કરે તો તે રાક્ષસવિવાહ છે.

૮. સૂતેલ પ્રમત્તકન્યાને ગ્રહણ કરે તે પૈશાચવિવાહ છે.

આ ચાર વિવાહ અધર્મરૂપ છે. આ અધર્મરૂપ વિવાહથી પણ વર-કન્યાને અનપવાદ પરસ્પર રુચિ થાય અર્થાત્ પોતાના કુળને ઉચિત ધર્મ કરવામાં વ્યાઘાત ન થાય તેવી પરસ્પર રુચિ થાય તો તે ચાર પ્રકારના અધર્મરૂપ વિવાહ પણ ધર્મરૂપ બને છે; કેમ કે શુદ્ધ સ્ત્રીની પ્રાપ્તિ કરવી તે વિવાહનું ફળ છે. અને આ અધર્મરૂપ ચારેય પ્રકારના વિવાહથી પણ કોઈને ધર્મમાં સહાયક થાય તેવી સ્ત્રીની પ્રાપ્તિ થઈ હોય તો તે વિવાહથી તે ગૃહસ્થનું હિત થાય છે, માટે તે વિવાહ પણ ધર્મરૂપ કહેવાય છે.

ધર્મમાં સહાયક એવી શુદ્ધ સ્ત્રીની=પત્નીની, પ્રાપ્તિનું ફળ :-

૧. સુંદર પુત્રની સંતતિની પ્રાપ્તિ છે. ૨. અનુપહત ચિત્તવૃત્તિ છે=પરસ્પર ક્લેશ નહિ થવાથી બંનેની ચિત્તવૃત્તિ હણાતી નથી પરંતુ પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત કૃત્યને અનુકૂળ ચિત્તવૃત્તિ રહે છે. ૩. ગૃહકૃત્યનું સુવિહિતપણું=ગૃહસ્થનાં ગૃહકૃત્યો સારી રીતે થાય તે, શુદ્ધ સ્ત્રીના લાભનું ફળ છે. ૪. અભિજાત્ય આચારોનું વિશુદ્ધપણું=પોતાના કુળના સુંદર આચારોનું વિશુદ્ધ પાલન, શુદ્ધ સ્ત્રીના લાભથી થાય છે. ૫. દેવ, અતિથિ, બાંધવાદિનો નિર્દોષ સત્કાર એ સુંદર પ્રકૃતિવાળી સ્ત્રીની પ્રાપ્તિથી થાય છે. તેથી ગૃહસ્થનું જીવન કાલુષ્ય વગરનું અને સ્વકુલને ઉચિત એવા આચારોને પાળવા માટે સમર્થ બને છે.

સ્ત્રીના શીલના રક્ષણના ઉપાયો :-

વળી, સ્ત્રીના શીલના રક્ષણના ઉપાયો આ છે –

૧. ગૃહકૃત્યોમાં સ્ત્રીને પ્રવર્તાવવી. જેથી યુવાવસ્થામાં નવરી - એકલી બેસીને નિરર્થક વિચારોમાં ચિત્તને પ્રવર્તાવી કામવિકારથી તે પીડાય નહિ.

૨. પરિમિત અર્થનો સંયોગ :- પુરુષ આખો દિવસ ધન પાછળ રહે તો સ્ત્રીની ઇચ્છા સંતોષાય નહિ તેથી સતત અસંતુષ્ટ મનવાળી તેને વિકારો સતાવે તેથી કુલીન પણ સ્ત્રીશીલનું રક્ષણ કરી શકે નહિ માટે પુરુષે પરિમિત અર્થઉપાર્જનમાં યત્ન કરવો જોઈએ.

૩. અસ્વતંત્રતા : યુવાન સ્ત્રીને એકલી ઇચ્છા પ્રમાણે જવાની સ્વતંત્રતા આપવામાં આવે તો ગમે ત્યાં જાય, ગમે તે પ્રવૃત્તિ કરે જેથી યૌવનના ઉન્માદને કારણે શીલ નાશ થવાનો પ્રસંગ આવે તેથી તેને સ્વતંત્રપણાથી જવાનો નિષેધ કરવો પરંતુ સદા વડીલોને પૂછીને જ ઉચિત સ્થાને જવાની અનુજ્ઞા આપવી. તે સ્ત્રીના શીલના રક્ષણનો ઉપાય છે.

૪. સદા માતા તુલ્ય ઉંમરલાયક સ્ત્રીઓના સમૂહ સાથે તે યુવાન સ્ત્રીને રાખવી જેથી તે સર્વના સાન્નિધ્યના કારણે પણ તેના શીલમાં દૂષણ ન આવે; કેમ કે ઉંમરલાયક સ્ત્રીઓ સાથે વસવાથી વિકાર પેદા થાય તેવા વિચાર પણ આવવાનો કુલીન સ્ત્રીને સંભવ નથી. **૨॥ ॥૫॥**

ટીકા :-

तथा शिष्यन्ते स्म शिष्टा वृत्तस्थज्ञानवृद्धसेवोपलब्धविशुद्धशिक्षा मनुजविशेषास्तेषामाचारश्चरितं यथा–

"लोकापवादभीरुत्वं दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं, सदाचारः प्रकीर्त्तितः ।।१।।
सर्वत्र निन्दासंत्यागो वर्णवादश्च साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं, तद्वत्संपदि नम्रता ।।२।।
प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा ।
प्रतिपन्नक्रिया चेति, कुलधर्मानुपालनम् ।।३।।
असद्व्ययपरित्यागः, स्थाने चैव क्रिया सदा ।
प्रधानकार्ये निर्बन्धः, प्रमादस्य विवर्ज्जनम् ।।४।।
लोकाचारानुवृत्तिश्च, सर्वत्रोचितपालनम् ।
प्रवृत्तिर्गर्हिते नेति प्राणैः कण्ठगतैरपि ।।५।।" **[योगबिन्दु गा. १२६-३०]**

इत्यादि, तस्य प्रशंसा प्रशंसनं पुरस्कार इत्यर्थः ।

तथा–

"गुणेषु यत्नः क्रियतां किमाटोपैः प्रयोजनम् ।
विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः" ।।१।।

तथा–

"शुद्धा प्रसिद्धिमायान्ति, लघवोऽपीह नेतरे ।
तमस्यपि विलोक्यन्ते, दन्तिदन्ता न दन्तिनः" ।।२।। **इति ।।३।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને જેઓ શુદ્ધ આચરણ કરે છે તે શિષ્ટો કહેવાય=વ્રતમાં રહેલા જ્ઞાનવૃદ્ધની સેવાથી ઉપલબ્ધ (પ્રાપ્ત) વિશુદ્ધ શિક્ષાવાળા મનુષ્યવિશેષ, શિષ્ટો કહેવાય. તેઓનો આચાર=ચરિત્ર તે શિષ્ટાચાર છે.

તે શિષ્ટાચારનું સ્વરૂપ 'યથા'થી બતાવે છે –

"૧. લોકાપવાદભીરુપણું ૨. દીનાદિના ઉદ્ધરણમાં આદર=યત્ન ૩. કૃતજ્ઞતા ૪. સુદાક્ષિણ્ય સદાચાર કહેવાય છે. ૫. સર્વત્ર નિંદાનો સંત્યાગ ૬. સજ્જનનો વર્ણવાદ=સજ્જનની પ્રશંસા. ૭. આપત્તિમાં અદૈન્ય. ૮. તેની જેમ સંપત્તિમાં અત્યંત નમ્રતા. ૯. પ્રસ્તાવમાં=અવસરે, મિતભાષીપણું ૧૦. અવિસંવાદન=પરસ્પર મનવચનકાયાના યોગોનું પરસ્પર વિસંવાદરહિતપણું. ૧૧. પ્રતિપન્ન ક્રિયા=સ્વીકારાયેલાં અથવા સ્વીકારેલાં વ્રતોની ઉચિત આચરણા અને ૧૨. કુલ ધર્મનું અનુપાલન=પોતાના કુલને ઉચિત ધર્મનું પાલન. ૧૩. અસદ્વ્યયનો પરિત્યાગ. ૧૪. સ્થાનમાં જ સદા ક્રિયા=ઉચિત સ્થાને જ સદા પ્રવૃત્તિ. ૧૫. પ્રધાન કાર્યમાં આગ્રહ=આત્માને હિતકારી એવાં શ્રેષ્ઠ કાર્યોમાં આગ્રહ ૧૬. પ્રમાદનું વર્જન=મદ્યપાનાદિનો ત્યાગ. ૧૭. લોકાચારની અનુવૃત્તિ=સુંદર લોકોના આચારનું સેવન. ૧૮. સર્વત્ર ઔચિત્યનું પાલન. ૧૯. કંઠગત પ્રાણો વડે પણ ગર્હિત કૃત્યોમાં પ્રવૃત્તિનો અભાવ=પ્રાણાંતે પણ કુલને દૂષિત કરે તેવા નિંદનીય અકાર્યનો ત્યાગ." **(યોગબિંદુ શ્લોક - ૧૨૬-૧૩૦)**

ઇત્યાદિ=પ્રસ્તુત શ્લોકોમાં કહેલા શિષ્ટાચારોથી અન્ય શિષ્ટાચારોનું ગ્રહણ છે. તેની=શિષ્ટાચારની, પ્રશંસા=પ્રશંસન=પુરસ્કાર=આગળ કરવું એ પ્રકારનો અર્થ છે.

તે શિષ્ટાચારનું પ્રશંસન 'તથા'થી બતાવે છે –

"ગુણોમાં યત્ન કરો, આટોપ વડે શું પ્રયોજન છે ? ઘંટ વગાડવાથી ક્ષીર વિવર્જિત એવી ગાય વેચાતી નથી."

અને

"અહીં=જગતમાં, લઘુ પણ શુદ્ધ આચારવાળા જીવો પ્રસિદ્ધિને પામે છે; ઇતર=મોટા પણ અશુદ્ધ આચારવાળા જીવો પ્રસિદ્ધિ પામતા નથી. અંધકારમાં પણ હાથીના દાંત દેખાય છે, હાથી દેખાતો નથી."

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૩॥

ભાવાર્થ :-

(૩) શિષ્ટાચાર-પ્રશંસા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

જેઓ સંયમમાં હોય, જ્ઞાનવૃદ્ધ હોય તેવા ત્યાગીઓની સેવાથી ઉપલબ્ધ થયેલા વિશુદ્ધ શિક્ષાવાળા મનુષ્યવિશેષો, શિષ્ટો છે. અને તેવા શિષ્ટપુરુષો જે આચરણા કરે તે શિષ્ટાચાર કહેવાય. તેવા શિષ્ટપુરુષોની આચરણાની હંમેશાં જે પ્રશંસા કરવી તે ગૃહસ્થનો સામાન્યધર્મ છે. તેથી જે ગૃહસ્થો ઉચિત પ્રવૃત્તિના પક્ષપાતી હોય તેઓ હંમેશાં શિષ્ટપુરુષોના આચારો પ્રત્યેના પક્ષપાતવાળા હોય છે. અને શક્તિ પ્રમાણે તે આચારોને જીવનમાં સેવવાનો પ્રયત્ન કરનારા હોય છે.

અહીં શિષ્ટાચારનું સ્વરૂપ યોગબિંદુના પાંચ શ્લોકોના ઉદ્ધરણથી બતાવેલ છે તે વિશેષથી 'યોગબિંદુ' ગ્રંથથી જાણવું.

શિષ્ટાચારનું પ્રશંસન કઈ રીતે કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

ગુણોમાં યત્ન કરવો જોઈએ. આટોપ વડે પ્રયોજન શું છે ? અર્થાત્ સ્વયં ગુણોમાં યત્ન ન કરતા હોય

અને પોતે ગુણવાન છે તેવું બતાવવા વડે કોઈ પ્રયોજન નથી; કેમ કે ગુણોમાં કરાયેલા યત્નથી જ ગુણ નિષ્પન્ન થાય છે.

પોતાનું એ કથન દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

ઘંટ વગાડીને ગાયને વેચવા માટે પ્રયત્ન કરવામાં આવે તોપણ દૂધ નહિ આપતી ગાય વેચાતી નથી. પરંતુ દૂધ આપતી હોય તો વેચાય છે તેમ સ્વમુખે પોતાના ગુણોની પ્રશંસા કરવાથી ગુણો આવતા નથી. પરંતુ ગુણમાં યત્ન કરવાથી જ ગુણની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે જેઓ શિષ્ટાચારનું પ્રશંસન કરે તેઓમાં શિષ્ટ પુરુષોના ગુણો પ્રાપ્ત થાય છે.

અન્ય પણ શિષ્ટાચારની પ્રશંસાને કહેનાર વચન બતાવે છે –

સામાન્ય પણ શુદ્ધ મનુષ્યો પ્રસિદ્ધિમાં આવે છે અર્થાત્ ધનાદિ સમૃદ્ધિથી સામાન્ય હોય કે પ્રતિભાદિથી સામાન્ય હોય છતાં શુદ્ધાચારવાળા હોય તો લોકો તેઓ પ્રત્યે આદરથી જુએ છે; જ્યારે જેઓ શુદ્ધ આચારવાળા નથી અને પોતાના ગુણોના ગુણગાન કરે છે તેવા મોટા હોય અથવા સમૃદ્ધિવાળા હોય કે બોલવાની પ્રતિભાવાળા હોય તોપણ સુંદર આચારવાળા નહિ હોવાથી પ્રસિદ્ધિમાં આવતા નથી.

તેમાં દૃષ્ટાંત બતાવે છે –

હાથીના દાંત નાના હોવા છતાં સફેદ હોવાથી અંધકારમાં દેખાય છે. અને હાથી મોટો હોવા છતાં કાળો હોવાથી અંધકારમાં દેખાતો નથી. તે રીતે ગુણરહિત જીવો પ્રસિદ્ધિને પ્રાપ્ત કરતા નથી અને હાથીના દાંત જેવા નાના પણ માણસો તેમના શુદ્ધ આચારથી પ્રસિદ્ધિને પ્રાપ્ત કરે છે. આ રીતે જેઓ હંમેશાં વિચારે છે તેઓનો શિષ્ટાચાર પ્રત્યેનો પક્ષપાત વધે છે તેથી તેઓમાં શિષ્ટોના આચારો પ્રગટ થાય છે. ૩॥

ટીકા :-

तथा अरयः शत्रवस्तेषां षड्वर्गोऽयुक्तितः प्रयुक्ताः कामक्रोधलोभमानमदहर्षाः, यतस्ते शिष्ट-गृहस्थानामन्तरङ्गाऽरिकार्यम् कुर्वन्ति, तत्र-परपरिगृहीतास्वनूढासु वा स्त्रीषु दुरभिसन्धिः कामः, अविचार्य परस्यात्मनो वापायहेतुरन्तर्बहिर्वा स्फुरणात्मा क्रोधः, दानार्हेषु स्वधनाप्रदानम् अकारण-परधनग्रहणं च लोभः, दुरभिनिवेशारोहो युक्तोक्ताग्रहणं वा मानः, कुलबलैश्वर्यविद्यारूपादिभिरहङ्कार-करणं परप्रधर्षनिबन्धनं वा मदः, निर्निमित्तमन्यस्य दुःखोत्पादनेन स्वस्य द्यूतपापद्यर्ध्याद्यनर्थसंश्रयेण वा मनःप्रमोदो हर्षः । ततोऽस्यारिषड्वर्गस्य त्यजनमनासेवनम् । एतेषां च त्यजनीयत्वमपायहेतुत्वात् यदाह–

"दाण्डक्यो नाम भोजः कामात् ब्राह्मणकन्यामभिमन्यमानः सबन्धुराष्ट्रो विननाश, करालश्च वैदेहः १ क्रोधाज्जनमेजयो ब्राह्मणेषु विक्रान्तस्तालजङ्घश्च भृगुषु २ लोभादैलश्चातुर्वर्ण्यमत्याहारयमाणः, सौवीरश्चाजबिन्दुः ३ मानाद्रावणः परदारानप्रयच्छन् दुर्योधनो राज्यादंशं च ४ मदाद्दम्भोद्भवो भूतावमानी, हैहयश्चार्जुनः ५ हर्षाद्वातापिरगस्त्यमभ्यासादयन्, वृष्णिसङ्घश्च द्वैपायनम् ।" **[कौटिलीयम् अर्थशास्त्रम्-१।६] इति ४।।**

ટીકાર્થ :-

તથા ..... ઇતિ ।। અને અરય=શત્રુઓ, તેઓનો ષડ્વર્ગ=શત્રુઓનો ષડ્વર્ગ, અયુક્તિથી=અયોગ્ય રીતે, પ્રયોગ કરાયેલા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ છે. જે કારણથી તેઓ=અયુક્તિથી પ્રયોગ કરાયેલા કામક્રોધાદિ, શિષ્ટ ગૃહસ્થોના અંતરંગ શત્રુનું કાર્ય કરે છે.

ત્યાં=અરિષડ્વર્ગમાં (૧) પરપરિગૃહીતા અથવા નહિ પરણેલી સ્ત્રીઓમાં દુરભિસંધિ=ખરાબ અભિલાષ, કામ છે. (૨) વિચાર્યા વગર બીજાને કે પોતાને અપાયનો=અનર્થનો, હેતુ એવો અંતરંગ કે બહિર્સ્ફુરણ સ્વરૂપ ક્રોધ છે. (૩) દાન યોગ્યમાં સ્વધનનું અપ્રદાન અને અકારણ પરધનનું ગ્રહણ લોભ છે. (૪) દુરઅભિનિવેશનો આરોહ અથવા ઉચિત કહેવાયેલાનું અગ્રહણ માન છે. (૫) કુલ, બલ, ઐશ્વર્ય, વિદ્યા, રૂપ આદિથી અહંકારનું કરણ અથવા પરના પ્રધર્ષનું કારણ મદ છે. (૬) નિર્નિમિત્ત અન્યને દુઃખ ઉત્પાદનથી અથવા પોતાના દ્યૂત, પાપઋદ્ધિ આદિ અનર્થના સંશ્રયણથી મનનો પ્રમોદ હર્ષ છે, તેથી આ અરિષડ્વર્ગનું ત્યજન=અનાસેવન, ગૃહસ્થનો ધર્મ છે તેમ અન્વય છે. અને આમનું=અરિષડ્વર્ગનું, ત્યજનીયપણું અપાયનું હેતુપણું હોવાથી છે=અનર્થનું હેતુપણું હોવાથી છે, જે કારણથી કહે છે –

"દાંડક્ય નામના ભોજે કામથી બ્રાહ્મણ કન્યાને ગ્રહણ કરતા બંધુ સહિત રાષ્ટ્રનો વિનાશ કર્યો. કરાલ એવો વિદેહ=ભયંકર એવો વિદેહનો રાજા, કામથી નાશ પામ્યો.

ક્રોધથી જન્મેજય નામનો રાજા બ્રાહ્મણોમાં વિક્રાંત=બ્રાહ્મણો ઉપર પ્રહાર કરતો, નાશ પામ્યો. ભૃગુઓમાં= ભૃગુવંશીઓમાં, પ્રહાર કરતો તાલજંઘ રાજા નાશ પામ્યો.

લોભથી ઐલ નામનો રાજા ચાતુર્વર્ણના અત્યાહારયમાણ=ધનને ગ્રહણ કરતો, નાશ પામ્યો. સૌવીરનરેશ અજબિંદુ=સૌવીરનગરનો રાજા અજબિંદુ, લોભથી વિનાશ પામ્યો.

માનથી રાવણ પરદારાને નહિ આપતો વિનાશ પામ્યો. માનથી દુર્યોધન પાંડવોને રાજ્યના અંશને નહિ આપતો વિનાશ પામ્યો.

દંભથી ઉદ્ભવ=દંભવાળો, ભૂતનો અવમાની=પોતાની સંપત્તિના અભિમાનવાળો, એવો હૈહય દેશનો રાજા અર્જુન મદથી વિનાશ પામ્યો.

હર્ષથી વાતાપિ નામનો અસુર અગસ્ત્ય ઋષિને પીડા કરતો હતો. અને વૃષ્ણિસંઘ=યાદવવંશ, દ્વૈપાયનને પીડા કરતો હતો. **(કૌટિલીય અર્થશાસ્ત્ર ૧/૬)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૪।।

ભાવાર્થ :-

(૪) અરિષડ્વર્ગનો ત્યાગ સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થ માટે અયુક્તિથી પ્રયોગ કરાયેલા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ છ અરિષડ્વર્ગ છે; કેમ કે શિષ્ટ ગૃહસ્થના શિષ્ટપણાનો વિનાશ કરવાનું કારણ તે છ શત્રુઓ છે. તેથી ધર્મપ્રધાન એવા શિષ્ટ

થવા માટે ગૃહસ્થે અંતરંગ શત્રુનું કાર્ય કરનારા એવા આ છ શત્રુનો ત્યાગ કરવો જોઈએ. તે અરિષડ્ વર્ગનું સ્વરૂપ આ પ્રમાણે છે –

૧. **અસમંજસ કામ** :- પર દ્વારા ગ્રહણ કરાયેલી સ્ત્રીમાં અથવા નહિ પરણેલી સ્ત્રીમાં ખરાબ અધ્યવસાય કામ છે.

૨. **અસમંજસ ક્રોધ** :- વિચાર્યા વગર સ્વ અને પરના અનર્થનો હેતુ અંતરમાં સ્ફુરાયમાન થતો અથવા બહાર દેખાતો એવો ક્રોધ તે અસમંજસ ક્રોધ છે. અને સદ્‌ગૃહસ્થ આ રીતે વિચાર્યા વગર ક્યાંય ગુસ્સો કરે નહિ. પ્રસંગે કોઈના હિતાર્થે કે કોઈ પ્રયોજનથી ક્રોધ કરે તો હિતાહિતનો વિચાર કરીને કરે.

૩. **અસમંજસ લોભ** :- દાનયોગ્ય એવા પાત્રમાં પોતાના ધનનું અપ્રદાન અને કોઈ કારણ વગર પરના ધનનું ગ્રહણ કરવું તે અસમંજસ લોભ છે. આવો લોભ શિષ્ટપુરુષના શત્રુનું કાર્ય કરે છે માટે શિષ્ટપુરુષોએ તેનો ત્યાગ કરવો જોઈએ.

૪. **અસમંજસ માન** :- દુરભિનિવેશનો આરોહ અથવા યુક્તિયુક્ત કહેવાયેલા કથનનું અગ્રહણ તે અસમંજસ માન છે. જે જીવોને પોતાના કથનમાં ખોટો આગ્રહ હોય છે. તે દુરભિનિવેશવાળા છે અથવા કોઈ વ્યક્તિ યુક્તિયુક્ત કથન કરે છતાં તેને સ્વીકારે નહિ પરંતુ પોતે જે માને તેનો આગ્રહ રાખે તે અસમંજસ માન છે. જે શિષ્ટત્વનો નાશ કરનાર હોવાથી શિષ્ટપુરુષોએ તેનો ત્યાગ કરવો જોઈએ.

૫. **અસમંજસ મદ** :- પોતાનું કુલ, પોતાનું બળ, પોતાનું ઐશ્વર્ય, પોતાની વિદ્યા કે પોતાનું રૂપ આદિથી અહંકાર કરવો તે અસમંજસ મદ છે. અથવા પરને ઉતારી પાડવાની પ્રવૃત્તિનું કારણ અસમંજસ મદ છે. આવો મદ શિષ્ટપુરુષ કરે નહિ.

૬. **અસમંજસ હર્ષ** :- નિર્નિમિત્ત અન્યને દુઃખ ઉત્પાદન દ્વારા હર્ષ તે અસમંજસરૂપ હર્ષ છે. જેમ રમૂજને કારણે ગુણસેન કુમારને પુરોહિતપુત્ર અગ્નિશર્માને ગધેડા પર બેસાડીને તેની મશ્કરી કરવાથી જે હર્ષ થતો હતો તે હર્ષ નિર્નિમિત અન્યને દુઃખ ઉત્પાદનરૂપ હોવાથી અસમંજસ હર્ષ છે. અથવા જુગાર, પાપવાળી ઋદ્ધિ આદિ અનર્થના આશ્રયણથી મનનો જે પ્રમોદ તે અસમંજસ હર્ષ છે. જેમ કેટલાક જીવોમાં જુગાર રમીને ધનની પ્રાપ્તિ થાય અથવા તો ખોટાં-સાચાં કાર્ય કરીને ધનની પ્રાપ્તિ થાય, તે વખતે જે મનનો પ્રમોદ થાય તે અસમંજસ હર્ષ છે અને આવો હર્ષ શિષ્ટપુરુષો ધારણ કરે નહિ.

અરિષડ્‌વર્ગનું આવું સ્વરૂપ જાણ્યા પછી અસમંજસ કામ, ક્રોધ, લોભ, માન, મદ, હર્ષ આદિ સર્વ શિષ્ટપુરુષોને ત્યાગ કરવા યોગ્ય છે. કારણ કે તેનાથી આ ભવમાં જ અનર્થ થાય છે. જેનાં દૃષ્ટાંતો કૌટિલ્યના અર્થશાસ્ત્રના ઉલ્લેખથી ગ્રંથકારશ્રીએ બતાવ્યાં છે. **૪॥**

ટીકા :-

तथा इन्द्रियाणां श्रोत्रादीन्द्रियाणां जय अत्यन्ताऽऽसक्तिपरिहारेण स्वस्वविकारनिरोधः, इन्द्रियजयो हि पुरुषाणां परमसम्पदे भवति, यदाह–

"आपदां कथितः पन्था, इन्द्रियाणामसंयमः ।
तज्जयः सम्पदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ।।१।।
इन्द्रियाण्येव तत्सर्वं, यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतानि सृष्टानि, स्वर्गाय नरकाय च ।।२।।" **इति ।**

सर्वथेन्द्रियजयस्तु यतीनामेव, इह तु सामान्यतो गृहस्थधर्म एवाधिकृतस्तेनैवमुक्तं युक्तमिति ५ ।।

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને અત્યંત આસક્તિના પરિહારથી સ્વ-સ્વ વિકારનો નિરોધ શ્રોત્રાદિ ઇન્દ્રિયોનો જય છે. ઇન્દ્રિયનો જય પુરુષને પરમ સંપત્તિ માટે થાય છે. જેને કહે છે –

"આપત્તિનો પંથ ઇન્દ્રિયોનો અસંયમ કહેવાયો છે. તેનો જય=ઇન્દ્રિયોનો જય, સંપત્તિનો માર્ગ છે. જેનાથી ઇષ્ટ છે તેનાથી જાઓ=જે માર્ગથી જવું તમને ઇષ્ટ છે તે માર્ગથી તમે જાઓ.

ઇન્દ્રિયો જ તે સર્વ છે. જે સ્વર્ગ અને નરક-ઉભયરૂપ છે. નિગૃહીત એવી ઇન્દ્રિયો સ્વર્ગ માટે છે અને સૃષ્ટ=છૂટી મુકાયેલી ઇન્દ્રિયો, નરક માટે છે."

'इति' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

વળી સર્વથા ઇન્દ્રિયનો જય યતિઓને જ છે. વળી અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, સામાન્યથી ગૃહસ્થધર્મ જ અધિકૃત છે. તે કારણથી આ પ્રમાણે કહેવાયેલું યુક્ત છે=અત્યંત આસક્તિના પરિહારથી સ્વ-સ્વ વિકારનો નિરોધ ઇન્દ્રિયજય છે, એ પ્રમાણે જે પૂર્વમાં કહેવાયું તે યુક્ત છે.

'इति' શબ્દ ઇન્દ્રિયજયના કથનની સમાપ્તિ માટે છે. ૫।।

ભાવાર્થ :-

(૫) ઇન્દ્રિયોનો જય તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થોએ શ્રોત્રાદિ પાંચેય ઇન્દ્રિયોમાં અત્યંત આસક્તિનો પરિહાર કરીને પોતાના ગૃહસ્થધર્મનું પાલન કરવું જોઈએ; કેમ કે ઇન્દ્રિયનો જય પુરુષને પરમ સંપત્તિનું કારણ બને છે. જે કારણથી અન્યત્ર કહેવાયું છે.

અન્યત્ર શું કહેવાયું છે ? તે સ્પષ્ટ કરે છે –

ઇન્દ્રિયોનો અસંયમ આપત્તિનો માર્ગ કહેવાયો છે. જે જીવોને રસેન્દ્રિય પ્રત્યે સંયમ નથી તે જીવો રસનાને વશ થઈને આહાર કરે છે અને દેહનો વિનાશ કરે છે. વળી જે જીવોને રસેન્દ્રિયનો સંયમ નથી તેઓ અત્યંત વર્જ્ય એવા માંસાદિ પદાર્થોનું સેવન કરીને દુર્ગતિમાં જાય છે. તેથી ઇન્દ્રિયોનો અસંયમ આપત્તિનો પંથ કહેવાયો છે. વળી ઇન્દ્રિયોનો સંયમ સંપત્તિનો માર્ગ છે. જે જીવોને રસેન્દ્રિય પર સંયમ છે તે જીવો દેહને અનુકૂળ હોય તેટલો જ પ્રમાણોપેત આહાર કરે છે. જેથી દેહને રોગાદિના અનર્થો થતા નથી. વળી અત્યંત વર્જ્ય એવા માંસાદિનો ત્યાગ કરે છે તેથી પરલોકના અનર્થો પ્રાપ્ત થતા નથી. સર્વ

ઇન્દ્રિય ઉપરનો અસંયમ તે-તે ઇન્દ્રિયને પરવશ થઈને ગૃહસ્થ દ્વારા અકાર્ય કરાવે છે માટે પાંચેય ઇન્દ્રિયોનો, અત્યંત આસક્તિના પરિહારથી ગૃહસ્થે નિરોધ કરવો જોઈએ. આ રીતે ઇન્દ્રિયોના અસંયમનું અને ઇન્દ્રિયોના સંયમનું ફળ બતાવીને ઉપદેશ આપતાં કહે છે કે આપત્તિનો માર્ગ કે સંપત્તિનો માર્ગ જે તમને ઇષ્ટ હોય તે માર્ગે તમે જાવ. તેથી એ ફલિત થાય કે આપત્તિનો માર્ગ કોઈને ઇષ્ટ નથી અને સંપત્તિનો માર્ગ સર્વને ઇષ્ટ છે માટે સર્વજીવોએ ઇન્દ્રિયો ઉપર સંયમ રાખવો જોઈએ. વળી કહે છે કે ઇન્દ્રિયો જ સ્વર્ગ-નરક ઉભયરૂપ છે. નિગૃહીત ઇન્દ્રિય સ્વર્ગ માટે થાય છે અને અનિગૃહીત ઇન્દ્રિય નરક માટે થાય છે. તેથી એ ફલિત થાય કે જે જીવોને ઇન્દ્રિયો પર સંયમ છે તેઓ કોઈપણ ઇન્દ્રિયને પરવશ થઈને અસદાચાર સેવતા નથી. જેથી તેઓની નિગૃહીત ઇન્દ્રિયો સદાચારના સેવન દ્વારા સ્વર્ગનું કારણ બને છે અને જેઓની ઇન્દ્રિય નિગૃહીત નથી પરંતુ યથેચ્છ પ્રવર્તે છે, તેઓ ઇન્દ્રિયને પરવશ સર્વ પાપો કરીને નરકમાં જાય છે.

અહીં 'ઇન્દ્રિયજય'નો અર્થ કરતાં કહ્યું કે અત્યંત આસક્તિના પરિહારથી સ્વ-સ્વ વિકારનો નિરોધ ઇન્દ્રિયજય છે. તેથી પ્રશ્ન થાય કે અત્યંત આસક્તિનો પરિહાર કેમ કહ્યો ? વસ્તુતઃ સર્વથા આસક્તિના પરિહારથી ઇન્દ્રિયોના વિકારનો નિરોધ તે ઇન્દ્રિયજય કહેવાય એમ કહેવું જોઈએ. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે સર્વથા ઇન્દ્રિયોનો જય મુનિને જ છે. અને અહીં મુનિના ઇન્દ્રિયજયનું વર્ણન પ્રસ્તુત નથી. પરંતુ, સામાન્યથી ગૃહસ્થધર્મનું વર્ણન પ્રસ્તુત છે. અને ગૃહસ્થો ઇન્દ્રિયની લાલસાને કારણે યતિધર્મ સ્વીકારી શકતા નથી તોપણ વિવેકી ગૃહસ્થોએ અત્યંત આસક્તિના પરિહારથી ઇન્દ્રિયોનો નિરોધ કરવો જોઈએ. તે બતાવવા માટે 'ઇન્દ્રિયજય'નો અર્થ કર્યો કે અત્યંત આસક્તિના પરિહારથી સ્વ-સ્વ વિકારનો નિરોધ 'ઇન્દ્રિયજય' છે. **૫॥**

ટીકા :-

तथा उपप्लुतं स्वचक्रपरचक्रविक्षोभात् दुर्भिक्षमारीतिजनविरोधादेश्चास्वस्थीभूतं यत् स्थानं ग्रामनगरादि तस्य विवर्जनं परिहरणम्, अत्यज्यमाने हि तस्मिन् धर्मार्थकामानां पूर्वार्जितानां विनाशेन नव्यानां चानुपार्जनेनोभयलोकभ्रंश एव स्यात् ६।। ।।६।।

ટીકાર્થ :-

तथा ..... स्यात् ।। અને ઉપપ્લુત=સ્વચક્ર અને પરચક્રના વિક્ષોભથી=વિરોધથી, અને દુર્ભિક્ષ, મારી, ઈતિ અને જનના વિરોધાદિથી, અસ્વસ્થીભૂત જે ગ્રામનગરાદિ સ્થાન તેનું વિવર્જન=પરિહરણ=ત્યાગ, તે ઉપપ્લુત સ્થાનનું વિવર્જન છે અને તે નહિ ત્યાગ કરાયે છતે પૂર્વમાં અર્જિત એવા ધર્મ, અર્થ, કામનો વિનાશ થવાથી અને નવીન એવા ધર્મ, અર્થ, કામનું ઉપાર્જન નહિ થવાથી ઉભયલોકનો ભ્રંશ જ થાય. ૬।। ।।૬।।

ભાવાર્થ :-

(૬) ઉપપ્લુત સ્થાનનો ત્યાગ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

સદ્‌ગૃહસ્થ ધર્મ, અર્થ, કામ ત્રણમાં પુરુષાર્થ કરનારા હોય છે અને તેમાં પણ ધર્મને પ્રધાન કરનારા હોય છે. તેથી સદ્‌ગૃહસ્થના ધર્મ, અર્થ, કામના પુરુષાર્થ આલોક-પરલોક માટે હિતકારી હોય છે અને તેવા સદ્‌ગૃહસ્થો કોઈ ગામ-નગરમાં રહેતા હોય અને તે ગામ, નગર સ્વચક્ર અને પરચક્રના વિક્ષોભથી અસ્વસ્થીભૂત હોય અર્થાત્ ગામવાસી લોકો દ્વારા ત્યાં ઉપદ્રવો થતા હોય તે સ્વચક્રના ઉપદ્રવો છે. અથવા તો અન્ય રાજાઓના તે નગરમાં વારંવાર ઉપદ્રવ થતા હોય તો તે નગર પરચક્રના વિક્ષોભવાળું છે અથવા તો તે નગરમાં દુર્ભિક્ષ, મારી કે અન્ય ઉપદ્રવો થયા હોય જેથી ગૃહસ્થની જીવનવ્યવસ્થા સારી રીતે થઈ શકતી ન હોય તેવા ઉપદ્રવવાળા નગરનું સદ્‌ગૃહસ્થે વર્જન કરવું જોઈએ. તે સદ્‌ગૃહસ્થના ધર્મનું અંગ છે; કેમ કે તે સ્થાનનું વર્જન કરવામાં ન આવે તો પોતે જે ધર્મનું સેવન કરેલું છે તેનાથી જે સુંદર ચિત્ત બન્યું છે તેનો વિનાશ થાય. વળી, જે પોતે અર્થઉપાર્જન કર્યું છે અને જે ભોગસામગ્રી ભેગી કરી છે તે સર્વનો વિનાશ થાય અને તેથી તે સદ્‌ગૃહસ્થ આલોકમાં પણ દુઃખી થાય છે અને પરલોકમાં પણ દુઃખી થાય છે. વળી તેવાં ઉપદ્રવવાળા સ્થાનમાં રહેવાથી ધર્મ, અર્થ અને કામના નવીન ઉપાર્જનમાં સમ્યક્‌પ્રયત્ન થતો નથી અને ધર્મનું સેવન નહિ થવાથી ઉત્તમચિત્ત થતું નથી. અર્થ અને ભોગ સામગ્રી નહિ મળવાથી ચિત્ત હંમેશાં કાલુષ્યવાળું રહે છે. તેથી આલોકમાં ક્લેશને પામે છે અને જન્માંતરમાં દુર્ગતિને પ્રાપ્ત કરે છે. માટે સદ્‌ગૃહસ્થે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો જોઈએ. **૬॥ ॥૬॥**

ટીકા :-

तथा न विद्यन्ते नैकानि बहूनि निर्गमद्वाराणि निःसरणमार्गा यत्र यथा स्यात्तथा, गृहस्य=अगारस्य, विनिवेशनं=स्थापनम्, बहुषु हि निर्गमेषु अनुपलक्ष्यमाणनिर्गमप्रवेशानां दुष्टलोकानामापाते स्त्रीद्रविणादिविप्लवः स्यात् [अत्र चानेकद्वारतायाः प्रतिषेधेन विरोधिविधिराक्षिप्यते, ततः प्रतिनियतद्वारसुरक्षितगृहो गृहस्थः स्यादिति लभ्यते?], तथाविधमपि गृहं स्थान एव निवेशितुं युक्तम् नास्थाने, स्थानं तु शल्यादिदोषरहितं बहलदूर्वाप्रवालकुशस्तम्बप्रशस्तवर्णगन्धमृत्तिका-सुस्वादुजलोद्‌गमनिधानादिमच्च स्थानगुणदोषपरिज्ञानं च शकुनस्वप्नोपश्रुतिप्रभृतिनिमित्तादिबलेन । स्थानमेव विशिनष्टि 'सुप्रातिवेश्मिके' इति, शोभनाः शीलादिसंपन्नाः प्रातिवेश्मिका यत्र तस्मिन्, कुप्रातिवेश्मिकत्वे पुनः 'संसर्गजा दोषगुणा भवन्ति' [ ] इति वचनात् निश्चितं गुणहानिरुत्पद्यत इति तन्निषेधः, दुष्प्रातिवेश्मिकास्त्वेते शास्त्रप्रसिद्धाः ।

"खरिआ तिरिक्खजोणी, तालायरसमणमाहण सुसाणे ।
वग्गुरि अहवा गुम्मिअ, हरिएस पुलिंद मच्छंधा ।।१।।" **[ओघनिर्युक्तिः गा-७६७]**

પુનઃ કિંભૂતે સ્થાને? 'અનતિપ્રકટગુપ્તકે' અતિપ્રકટમસંનિહિતગૃહાન્તરતયાઽતિપ્રકાશમ્, અતિગુપ્તં ગૃહાન્તરૈરેવ સર્વતઃ સન્નિહિતૈરનુપલક્ષ્યમાણદ્વારાદિવિભાગતયાતીવ પ્રચ્છન્નમ્, તદેવાતિગુપ્તકં સ્વાર્થે કઃ નાતિપ્રકટમ્ અનતિપ્રકટમ્, નાતિગુપ્તકમનતિગુપ્તકમ્, ततोऽनतिप्रकटं चाऽनतिगुप्तकं चेति द्वन्द्वस्तस्मिन्, અતિપ્રકટે સ્થાને ક્રિયમાણં ગૃહં પરિપાર્શ્વતો નિરાવરણતયા ચૌરાદયો નિઃશઙ્ક-મનસોઽભિભવેયુઃ, અતિગુપ્તે ચ સર્વતો ગૃહાન્તરૈર્નિરુદ્ધત્વાન્ન સ્વશોભાં લભતે, પ્રદીપનાદ્યુપદ્રવેષુ ચ દુઃખનિર્ગમપ્રવેશં ચ સ્યાત્ ૭। ।।૭।।

ટીકાર્થ :-

તથા ..... સ્યાત્ ।। અને નૈક=બહુ, નિર્ગમદ્વારો=નિઃસરણમાર્ગો, જેમાં વિદ્યમાન નથી તેવું જે પ્રમાણે થાય=બહુ નિર્ગમદ્વારો વગરનું થાય, તે પ્રકારના ઘરનું વિનિવેશન=સ્થાપન, ગૃહસ્થે કરવું જોઈએ; કેમ કે બહુ નિર્ગમદ્વારોમાં નહિ દેખાતા નિર્ગમસ્થાનથી પ્રવેશ કરતા દુષ્ટલોકોના આગમનમાં સ્ત્રી, ધન, આદિનો વિપ્લવ થાય=વિનાશ થાય.

(અહીં=અનેક નિર્ગમદ્વારવાળા ઘરમાં અનેક દ્વારતાના પ્રતિષેધથી વિરોધિવિધિનો આક્ષેપ થાય છે, તેથી પ્રતિનિયત દ્વારથી સુરક્ષિત ગૃહવાળો ગૃહસ્થ થાય. એ પ્રમાણે પ્રાપ્ત થાય છે.) તેવા પ્રકારનું ગૃહ પણ સ્થાનમાં જ કરવું યુક્ત છે અસ્થાનમાં નહિ. વળી શલ્યાદિદોષથી રહિત બહલ, દૂર્વાપ્રવાલ, કુશસ્તમ્બ, પ્રશસ્તવર્ણ - પ્રશસ્તગંધવાળી માટી, સુસ્વાદુ જલના ઉદ્ગમ અને નિધાનાદિવાળું સ્થાન છે અને સ્થાનના ગુણ-દોષનું પરિજ્ઞાન શકુન, સ્વપ્ન, ઉપશ્રુતિ વગેરે નિમિત્તાદિ બળથી જાણવું.

વળી તે સ્થાનને જ વિશેષથી બતાવે છે –

સુંદર પાડોશીવાળા સ્થાનમાં ઘર કરવું જોઈએ=શોભન શીલાદિ સંપન્ન એવા પાડોશી જ્યાં છે તે સ્થાનમાં ઘર કરવું જોઈએ. વળી, ખરાબ પાડોશીવાળા સ્થાનમાં સંસર્ગથી ગુણ-દોષો થાય છે એ પ્રકારનું વચન હોવાથી નિશ્ચિત ગુણહાનિ ઉત્પન્ન થાય છે. એથી તેનો નિષેધ છે=ખરાબ પાડોશીવાળા સ્થાનમાં ઘર કરવાનો નિષેધ છે. વળી, ખરાબ પાડોશીઓ શાસ્ત્રમાં પ્રસિદ્ધ આ છે.

"ખરિઆ=દ્વિઅક્ષરિકાવાળા, જ્યાં રહે તે ગૃહસ્થને માટે અનાયતન છે. તિરિક્ખજોણી=તિર્યંચો, જ્યાં રહેતા હોય તે પણ અનાયતન છે. તાલાયર=ચારણો, જ્યાં રહેતા હોય તે અનાયતન છે. શ્રમણ=શાક્યાદિ સાધુ, જ્યાં રહેતા હોય તે અનાયતન છે. માહણ=બ્રાહ્મણો, જ્યાં રહેતા હોય તે અનાયતન છે. સુસાણ=શ્મશાન, તે અનાયતન છે. વગ્ગુરિ=શિકારી, ગુમ્મિઅ=ગુલ્મિકા=ગોત્તિપાલા, હરિએસ=હરિએસા, પુલિંદ=ભીલ, મચ્છંધા=મત્સ્યબંધા, આ બધા જ્યાં રહેતા હોય તે અનાયતન છે=ગૃહસ્થને રહેવા યોગ્ય સ્થાન નથી." **(ઓઘનિર્યુક્તિ, ગા. ૭૬૭)**

વળી, ગૃહસ્થે કેવા સ્થાનમાં ઘર કરવું જોઈએ ? તે બતાવે છે –

અનતિપ્રકટ કે અનતિગુપ્ત સ્થાનમાં ગૃહ કરવું જોઈએ. અતિપ્રકટ=અસંનિહિત ગૃહાન્તરપણું હોવાને કારણે અતિપ્રકાશક અને અતિગુપ્ત=સર્વતઃ=ચારે બાજુથી; સંનિહિત એવા ગૃહાન્તરો વડે જ

અનુપલક્ષ્યમાણદ્વારાદિના વિભાગપણાને કારણે અત્યંત પ્રચ્છન્ન, તે જ અતિગુપ્તક, સ્વાર્થમાં 'ક' પ્રત્યય છે. તેથી ન અતિપ્રકટ અનતિપ્રકટ, ન અતિગુપ્ત અનતિગુપ્ત ત્યારપછી અનતિપ્રકટ અને અનતિગુપ્ત એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ કરવો. તેમાં=તેવા સ્થાનમાં, ગૃહ કરવું જોઈએ નહિ એમ અન્વય છે; કેમ કે અતિપ્રગટ સ્થાનમાં કરાતું ગૃહ ચારેબાજુથી નિરાવરણ હોવાને કારણે ચોરાદિ નિઃશંક મનવાળા અભિભવ કરે અને અતિગુપ્તમાં સર્વથી ગૃહાન્તરોથી નિરુદ્ધપણું હોવાને કારણે સ્વશોભાને પ્રાપ્ત કરતું નથી=ઘર પોતાની શોભાને પ્રાપ્ત કરતું નથી, અને અગ્નિ આદિના ઉપદ્રવોમાં દુઃખેથી નિર્ગમન અને પ્રવેશ થાય. ૭॥ ॥૭॥

ભાવાર્થ :-

(૭) અનતિપ્રગટ અને અનતિગુપ્ત એવા સુંદર પાડોશીવાળા સ્થાનમાં અનેક નિર્ગમદ્વાર વગરના ગૃહનું સ્થાપન તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થે ગૃહનું સ્થાપન કેવા સ્થાને કરવું જોઈએ ? તેનું સ્વરૂપ બતાવે છે –

જે સ્થાન શલ્યાદિ દોષથી રહિત હોય અર્થાત્ જે ભૂમિમાં હાડકાદિ શલ્ય ન હોય તેવા સ્થાને ગૃહ કરવું જોઈએ. વળી દુર્વાર, બહલ, પ્રવાલાદિ નામની વનસ્પતિ જ્યાં ઘણી હોય, વળી જે જમીનની માટીના વર્ણ, ગંધ વગેરે પ્રશસ્ત હોય અને જ્યાંથી સુસ્વાદુ જલનો ઉદ્ગમ થતો હોય અને જે ભૂમિમાંથી નિધાનાદિ પ્રાપ્ત થતાં હોય તેવી ભૂમિમાં ગૃહ કરવું જોઈએ. જેથી ગૃહસ્થને ગૃહસ્થજીવનમાં ઉપદ્રવો પ્રાપ્ત ન થાય અને ધર્મપરાયણ ગૃહસ્થ પરસ્પર અવિરુદ્ધ એવા ધર્મ, અર્થ, કામ ત્રણ પુરુષાર્થને સમ્યક્ સેવીને આલોક અને પરલોકનું હિત સાધી શકે. જો તે ગૃહસ્થ અસ્થાને=પૂર્વમાં વર્ણન કર્યું એવા લક્ષણ વગરના સ્થાને, ગૃહ કરે તો ગૃહસ્થજીવનમાં અનેક જાતની આપત્તિ આવે જેથી આ લોક અને પરલોકને હિતકારી ત્રણ પુરુષાર્થને ગૃહસ્થ સાધી શકે નહિ. વળી, તેવા સુલક્ષણવાળા સ્થાનમાં પણ જ્યાં ધર્મપરાયણ એવા સુંદર પાડોશી વસતા હોય તેવા સ્થાને ગૃહસ્થે ગૃહ કરવું જોઈએ; કેમ કે સંસર્ગને કારણે ગુણ-દોષની પ્રાપ્તિ થાય છે. તેથી સારા પાડોશીવાળા સ્થાનમાં ગૃહ કરવાથી તેના સંસર્ગને કારણે પણ ગુણની વૃદ્ધિ થાય છે. અને ખરાબ પાડોશીવાળા સ્થાનમાં ગૃહ કરવાથી તેના સંસર્ગને કારણે દોષોની વૃદ્ધિ થાય છે. માટે વિવેકી ગૃહસ્થે સુંદર ગુણવાળા અને સુંદર પાડોશીવાળા સ્થાનમાં ગૃહ કરવું જોઈએ. પરંતુ જે-તે સ્થાનમાં અને ખરાબ પાડોશીવાળા સ્થાનમાં ગૃહ કરવું જોઈએ નહિ. વળી, સુંદર ભૂમિના ગુણો અને દોષોનું પરિજ્ઞાન ગૃહસ્થે શકુનથી, સ્વપ્નથી કે ઉપશ્રુતિ વગેરેથી=શિષ્ટ લોકોમાં થતી વાતો વગેરેથી જાણી લેવું. જેમ સુંદર પાડોશીવાળી સુંદર ભૂમિમાં ગૃહ કરવું આવશ્યક છે તેમ ગૃહ અતિપ્રકટ ન જોઈએ અને અતિગુપ્ત ન જોઈએ. અતિપ્રગટ એટલે નજીકમાં બીજું ગૃહ ન હોય પરંતુ બીજાં ગૃહ ઘણાં દૂર દૂર હોય અને અતિ ગુપ્ત એટલે ચારેબાજુથી સંનિહિત ગૃહોથી અતિ પ્રચ્છન્ન હોય અર્થાત્ ચારેબાજુથી નજીક રહેલાં ગૃહોથી ઢંકાયેલું હોય. અતિ પ્રગટ સ્થાનમાં ગૃહ કરવાથી ચારેબાજુ ખુલ્લું હોવાને કારણે ચોરો વગેરે નિઃશંકમનવાળા થઈને રાત્રિ આદિ સમયમાં પ્રવેશ કરે તો તેઓથી થતા ઉપદ્રવને કારણે ગૃહસ્થને અનેક પ્રકારના ક્લેશની પ્રાપ્તિ થાય. તેથી

સદ્‌ગૃહસ્થે ભાવિમાં ચોરાદિના ઉપદ્રવથી ક્લેશ ન થાય તેની ઉચિત વિચારણાપૂર્વક ગૃહ કરવું જોઈએ. વળી, અતિગુપ્ત ગૃહ હોય તો ગૃહાન્તરથી નિરુદ્ધ હોવાને કારણે અર્થાત્ બીજાં ગૃહોથી ઘેરાયેલું હોવાને કારણે, ગૃહની શોભા પ્રાપ્ત થતી નથી અને સદ્‌ગૃહસ્થોને તેના કારણે હંમેશાં ચિત્તમાં ક્લેશનો સંભવ રહે છે; કેમ કે સદ્‌ગૃહસ્થ સંપૂર્ણ નિરપેક્ષ પરિણામવાળા નથી. વળી અતિગુપ્ત ગૃહ હોય તો અગ્નિ આદિનો ઉપદ્રવ થાય ત્યારે તેમાંથી નીકળવું દુષ્કર બને અને પોતાની સારભૂત વસ્તુ ગ્રહણ કરવા માટે પ્રવેશ કરવો દુષ્કર બને. તેથી ક્લેશની પ્રાપ્તિ થાય, માટે ગૃહસ્થે તે રીતે ગૃહ કરવું જોઈએ કે જેથી ક્લેશના નિમિત્તનો પરિહાર થાય અને સ્વસ્થતાપૂર્વક ધર્મપ્રધાન ત્રણ પુરુષાર્થને સાધી શકે.

(ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ની ટિપ્પણી પ્રમાણે એ અર્થ છે કે અનેક દ્વારનો નિષેધ કરવાથી વિરોધિવિધિ આક્ષિપ્ત થાય છે. તેથી પ્રતિનિયત દ્વારોથી સુરક્ષિત ગૃહવાળો ગૃહસ્થ થાય. આ વચનથી એ પ્રાપ્ત થાય કે ધર્મપરાયણ ગૃહસ્થને ગૃહ કેમ કરવું તેની ઉચિતવિધિ શાસ્ત્ર બતાવે છે. જો કે, શાસ્ત્ર ગૃહસ્થના આરંભમાં પ્રવૃત્તિ કરાવે નહિ પરંતુ ગૃહસ્થનું જીવન આલોક અને પરલોકમાં સુખાકારી થાય તે રીતે ધર્મપ્રધાન એવા ત્રણ પુરુષાર્થને સેવી શકે માટે ગૃહસ્થને ઉપકારક એવી ગૃહનિર્માણની વિધિ શાસ્ત્ર બતાવે છે જેથી તે દોષરૂપ નથી.) **૭॥ ॥૭॥**

ટીકા :-

तथा पापानि दृष्टादृष्टापायकारणानि कर्माणि तेभ्यो भीरुकता भयम्, तत्र दृष्टापायकारणानि चौर्यपारदारिकत्वद्यूतरमणादीनि इहलोकेऽपि सकललोकसिद्धविडम्बनानि, अदृष्टापायकारणानि मद्यमांससेवनादीनि शास्त्रनिरूपितनरकादियातनाफलानि भवन्तीति दृष्टादृष्टापायहेतुभ्यो दूरमात्मनो व्यावर्त्तनमिति तात्पर्यम् ८।।

ટીકાર્થ :-

तथा ..... तात्पर्यम् ।। અને પાપો દૃષ્ટ-અદૃષ્ટ અનર્થનાં કારણો એવાં કર્મો છે=કૃત્યો છે અર્થાત્ વર્તમાનમાં અને પરલોકમાં અનર્થનાં કારણ એવાં કૃત્યો છે. તેનાથી ભીરુકતા=ભય, તે પાપભીરુકતા છે. તેમાં દૃષ્ટ અપાયકારણ ચોરી, પારદારિકપણું, દ્યૂતરમણાદિ આલોકમાં પણ સકલલોકસિદ્ધ વિડંબનાનાં કારણો છે અને અદૃષ્ટ અપાયકારણ=પરલોકના અનર્થનાં કારણ એવાં મદ્ય, માંસ સેવનાદિ શાસ્ત્રમાં નિરૂપિત નરકાદિ યાતનાના ફલવાળાં થાય છે. તેથી દૃષ્ટ અને અદૃષ્ટ અપાયના હેતુથી આત્માને દૂર વ્યાવર્તન કરે અર્થાત્ આત્માને દૂર રાખે એ પ્રકારનું તાત્પર્ય છે. ૮।।

ભાવાર્થ :-

(૮) પાપભીરુતા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

જે કૃત્યો દૃષ્ટ અપાયનાં કારણ હોય અર્થાત્ વર્તમાનમાં અનર્થનાં કારણ હોય અને જે કૃત્યો અદૃષ્ટ અપાયનાં કારણ હોય અર્થાત્ પરલોકમાં અનર્થનાં કારણ હોય તે કૃત્યો પાપો કહેવાય. અને તેવાં કૃત્યોથી

સદ્‌ગૃહસ્થ હંમેશાં ભય પામે છે. અર્થાત્ તેવાં કૃત્યો પોતાનાથી સેવન ન થાય તેની ચિંતા રાખે છે. તે પાપભીરુતા ગુણ છે. તેમાંથી જે કૃત્યો આલોકમાં અનર્થનાં કારણ હોય તે દૃષ્ટ અપાયનાં કારણ કહેવાય. જેમ ચોરી કરવાથી કે પરસ્ત્રી ગમન કરવાથી કે જુગાર રમવાથી આ લોકમાં પણ વિડંબના થવાના પ્રસંગો આવે છે તેથી કષાયને વશ થઈને ગૃહસ્થ તેવાં પાપો કરે નહિ; કેમ કે વર્તમાનમાં તેના અનર્થોનો વિચાર કરીને વિવેકીપુરુષ તે પાપોથી દૂર રહે છે. જે કૃત્યો પરલોકમાં અનર્થનાં કારણ હોય તે અદૃષ્ટ અપાયનાં કારણ કહેવાય. જેમ મદ્ય, માંસ, વગેરેનું સેવન શાસ્ત્રમાં કહેલી નરકાદિ યાતનાના ફલવાળું છે. તેથી પરલોકના અપાયનાં કારણ મદ્ય-માંસાદિ છે તેમ શાસ્ત્રવચનથી જાણીને ગૃહસ્થ તેના પરિહાર માટે યત્ન કરે છે અને સદા વર્તમાનના અનર્થના અને ભાવિના અનર્થના હેતુ એવાં પાપોનો દૂરથી ત્યાગ કરે છે. ૮॥

ટીકા :-

तथा ख्यातस्य=प्रसिद्धस्य=तथाविधापरशिष्टसंमततया दूरं रूढिमागतस्य देशाचारस्य=सकल-मण्डलव्यवहाररूपस्य भोजनाच्छादनादिचित्रक्रियात्मकस्य प्रपालनमनुवर्त्तनं, तदाचारातिलङ्घने तद्देशवासिजनतया सह विरोधसंभवेनाकल्याणलाभः स्यादिति, पठन्ति चात्र लौकिकाः–

"यद्यपि सकलां योगी, छिद्रां पश्यति मेदिनीम् ।
तथापि लौकिकाचारं, मनसापि न लङ्घयेत् ।।१।।" **इति ९।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને દેશના પ્રસિદ્ધ એવા આચારોનું પાલન અને ખ્યાત=પ્રસિદ્ધ=તેવા પ્રકારના બીજા શિષ્ટને સંમતપણાને કારણે અત્યંત રૂઢિને પામેલ એવા દેશના આચારનું=સકલ મંડલના વ્યવહારરૂપ ભોજન, આચ્છાદનાદિ ચિત્ર ક્રિયારૂપ વ્યવહારનું પ્રપાલન=અનુવર્તન, ગૃહસ્થનો ધર્મ છે; કેમ કે તેના આચારના અતિલંઘનમાં=તે દેશના આચારના અતિલંઘનમાં, તે દેશના વાસી જનપણાની સાથે વિરોધનો સંભવ હોવાને કારણે અકલ્યાણનો લાભ થાય અને અહીં=દેશાચારના પાલનના વિષયમાં, લૌકિકો કહે છે –

'જો કે યોગી સકલ પૃથ્વીને છિદ્રોરૂપે જુએ છે તોપણ લૌકિક આચાર મનથી પણ લંઘન કરે નહિ. ।।૧।।'

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૯॥

ભાવાર્થ :-

(૯) દેશના પ્રસિદ્ધ એવા આચારોનું પાલન તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

દેશના પ્રસિદ્ધ આચારોનું=તેવા પ્રકારના બીજા શિષ્ટને સંમતપણાથી અત્યંત રૂઢિને પામેલ એવા દેશના આચારોનું, ગૃહસ્થે અનુવર્તન કરવું જોઈએ અર્થાત્ જે દેશમાં ગૃહસ્થ રહેતો હોય તે દેશમાં બીજા શિષ્ટ પુરુષો રહેતા હોય અને તેઓને જે પ્રકારના જીવનવ્યવહારના આચારો સંમત હોય તે આચારોનું સદ્‌ગૃહસ્થે પાલન કરવું જોઈએ; કેમ કે તે દેશના આચારોનું ઉલ્લંઘન કરવામાં આવે તો તે દેશમાં રહેતા અન્ય

શિષ્ટપુરુષોને એમ લાગે કે આ દેશના વાસી લોકો કરતાં જૈનોનો આચારો વિરોધવાળા છે માટે આ જૈનોનો ધર્મ સારો નથી એ પ્રકારે અનર્થની પ્રાપ્તિ થાય. તેથી તે દેશમાં વર્તતા શિષ્ટપુરુષને સંમત એવા આચારોનું ધર્મીપુરુષે ક્યારેય ઉલ્લંઘન કરવું જોઈએ નહિ.

અહીં ભોજન-આચ્છાદનાદિ ચિત્ર ક્રિયારૂપ આચાર ગ્રહણ કરવાથી એ પ્રાપ્ત થાય કે તે દેશમાં શિષ્ટપુરુષો કેવું ભોજન કરે છે ? કેવાં વસ્ત્રો ધારણ કરે છે ? કેવા પ્રકારનું ભોજન તેઓ ત્યાગ કરે છે ? તે જાણીને તે પ્રમાણે સદ્ગૃહસ્થે આચારોનું પાલન કરવું જોઈએ. તેથી શિષ્ટલોકોને તે ગૃહસ્થના આચારો વિપરીત રૂપે જણાય નહિ અને તેના બદલે સ્વેચ્છા પ્રમાણે તે ગૃહસ્થ વ્યવહાર કરે તો તે દેશના લોકોને તે આચારો વિપરીત રૂપે જણાય. ૯॥

ટીકા :-

तथा सर्वेषु=जघन्योत्तममध्यमभेदेषु जन्तुषु, अपवादोऽश्लाघा तं करोतीत्येवंशीलोऽपवादी तत्प्रतिषेधादनपवादी तस्य भावस्तत्त्वम् अपवादाभाषणमित्यर्थः, परापवादो हि बहुदोषः यदाह वाचकचक्रवर्त्ती–

"परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचैर्गोत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ।।१।।" **[प्रशमरतिः का० १००]**

तदेवं सकलजनगोचरोऽप्यवर्णवादो न श्रेयान्, किं पुनः नृपामात्यपुरोहितादिषु बहुजनमान्येषु? नृपाद्यवर्णवादात्तु प्राणनाशादिरपि दोषः स्यात्, अत उक्तं 'नृपादिषु विशेषत' इति १०।। ।।८।।

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને સર્વ જીવોમાં=જઘન્ય, ઉત્તમ, મધ્યમ ભેદવાળા સર્વ-જીવોમાં, અપવાદ=અશ્લાઘા=નિંદા, તેને કરે છે એવા સ્વભાવવાળો તે અપવાદી તેના પ્રતિષેધથી=અપવાદના પ્રતિષેધથી, અનપવાદી તેનો ભાવ=અનપવાદીનો ભાવ, તે અનપવાદીપણું છે=અપવાદનું અભાષણ છે=કોઈની નિંદાનું અકરણ એ પ્રકારનો અર્થ છે. જે કારણથી પરનો અપવાદ=પરની નિંદા, બહુ દોષરૂપ છે. જેને વાચક ચકવર્તી કહે છે –

"પરના પરિભવરૂપ પરિવાદથી=બીજાને પરિભવ કરે તેવી નિંદાથી અને આત્માના ઉત્કર્ષથી=પોતાની પ્રશંસાથી દરેક ભવમાં અનેક ભવકોટિ સુધી દુર્મોચ=દુઃખે કરીને છૂટે તેવું, નીચગોત્ર કર્મ જીવ વડે બંધાય છે." **(પ્રશમરતિ કા. ૧૦૦)**

આ રીતે સકલજનગોચર પણ=સકલલોક વિષયક પણ, અવર્ણવાદ શ્રેયકારી નથી. વળી, રાજા, અમાત્ય, પુરોહિત આદિ બહુજનમાન્ય એવા પુરુષોમાં શું કહેવું ? અર્થાત્ તેઓનો અવર્ણવાદ અત્યંત શ્રેયકારી નથી; કેમ કે રાજાદિના અવર્ણવાદથી પ્રાણનાશાદિ પણ દોષ થાય. આથી રાજાદિના વિષયમાં વિશેષથી અવર્ણવાદ યુક્ત નથી એ પ્રમાણે કહેવાયું. ૧૦।। ।।૮।।

ભાવાર્થ :-

(૧૦) સર્વજીવોમાં અનિંદાપણું અને રાજાદિમાં વિશેષથી અનિંદાપણું તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે.

સદ્‌ગૃહસ્થ કોઈપણ જીવોની નિંદા કરે નહિ. અર્થાત્ હલકી કોટિના જીવો હોય, ઉત્તમ કોટિના જીવો હોય કે મધ્યમ કોટિના જીવો હોય તોપણ તેઓની નિંદા કરે નહિ; કેમ કે પરની નિંદા કરવામાં ઘણા દોષો છે ? તે દોષો બતાવવા જ ઉમાસ્વાતિજી મહારાજે 'પ્રશમરતિ'માં કહ્યું છે કે જે જીવો બીજાને પરિભવ થાય તેવો પરિવાદ કરે=નિંદા કરે, અને પોતાનો લોકો આગળ ઉત્કર્ષ બતાવે તે જીવ નીચગોત્ર કર્મ બાંધે છે જે નીચગોત્ર કર્મ દરેક ભવમાં વિપાક બતાવે અને અનેક ભવકોટિ સુધી છૂટે નહિ તેવું બંધાય છે. માટે સદ્‌ગૃહસ્થે કોઈને પીડાકારી થાય તેવી અન્ય વ્યક્તિના અવાસ્તવિક દોષોની કે વાસ્તવિક દોષોની પણ નિંદા કરવી જોઈએ નહિ. ફક્ત તે જીવોના હિત અર્થે વિવેકપૂર્વક તેને, તેના દોષો બતાવીને સુધારવા યત્ન કરવામાં આવે તો કોઈ દોષ નથી. પરંતુ કોઈના પણ દોષ જોઈને પોતાના અસહિષ્ણુ સ્વભાવને કારણે તેની નિંદા કરવામાં આવે તો નીચગોત્ર કર્મબંધની પ્રાપ્તિ થાય છે. આ રીતે સર્વજીવો વિષયક અવર્ણવાદ ત્યાજ્ય છે. વળી, ઘણા લોકોને માન્ય એવા રાજા, અમાત્ય, પુરોહિત આદિના વિષયમાં અવર્ણવાદ તો અત્યંત ત્યાજ્ય છે; કેમ કે તેઓને ખ્યાલ આવે કે આ પુરુષ મારી નિંદા કરે છે તો પ્રાણનાશ આદિનો પણ પ્રસંગ આવે. 'આદિ'થી અન્ય અનર્થોની પ્રાપ્તિ પણ થાય. આથી ગૃહસ્થે વિશેષથી રાજા આદિ વિષયક નિંદા કરવી જોઈએ નહિ. **૧૦॥ ॥૮॥**

ટીકા :-

तथा आयस्य वृद्ध्यादिप्रयुक्तधनधान्याद्युपचयरूपस्योचितश्चतुर्भागादितया योग्यो वित्तस्य व्ययो भर्त्तव्यभरणस्वभोगदेवाऽतिथिपूजनादिषु प्रयोजनेषु विनियोजनम्, तथा च नीतिशास्त्रम्–

"पादमायान्निधिं कुर्यात्, पादं वित्ताय घट्टयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्त्तव्यपोषणे ।।१।।"

केचित्त्वाहुः–

"आयादर्द्धं नियुञ्जीत, धर्मे समधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छमैहिकम् ।।१।।"

आयानुचितो हि व्ययो रोग इव शरीरे कृशीकृत्य विभवसारमखिलव्यवहारासमर्थं पुरुषं करोति । पठ्यते च–

"आयव्ययमनालोच्य, यस्तु वैश्रमणायते ।
अचिरेणैव कालेन, सोऽत्र वै श्रमणायते ।।१।।" **इति । ११।।**

ટીકાર્થ :-

તથા ..... इति ।। અને આયને=વૃદ્ધ્યાદિને પ્રયુક્ત ધન-ધાન્યાદિના ઉપચયરૂપ આયને, ઉચિત એવો=ચાર ભાગાદિપણાથી યોગ્ય એવો, ધનનો વ્યય તે આય-ઉચિત વ્યય છે. વ્યયના બે ભાગ બતાવે છે. ૧. ભર્તવ્યનું ભરણ ૨. સ્વભોગ, દેવ અતિથિ, પૂજનાદિ પ્રયોજનમાં વ્યય અને તે રીતે= પૂર્વમાં કહ્યું કે ચાર ભાગાદિપણાથી ધનનો વ્યય કરવો જોઈએ તે રીતે, નીતિશાસ્ત્ર છે.

"આયથી=ધનના લાભથી પાદમ્=ચોથો ભાગ, નિધિને કરે=સંગ્રહને કરે. પાદને=ચોથા ભાગને, ધનવૃદ્ધિમાં યોજન કરે. ધર્મ અને ઉપભોગમાં પાદને=ચોથા ભાગને કરે અને ભર્તવ્યપોષણમાં પાદને કરે=ચોથા ભાગનો વ્યય કરે."

વળી કેટલાક કહે છે –

"આયથી સમધિક અર્ધ ધર્મમાં વાપરે તેનાથી શેષ વડે=તેનાથી શેષ ધન વડે, યત્નથી તુચ્છ ઐહિક શેષ કૃત્યો કરે."

શરીરમાં રોગની જેમ આયથી અનુચિત વ્યય વૈભવસારને કૃશ કરીને=શ્રેષ્ઠ વૈભવનો વિનાશ કરીને, અખિલ વ્યવહારમાં અસમર્થ પુરુષને કરે છે. અને કહેવાય છે –

"આય વ્યયનું અનાલોચન કરીને વળી જે ધનનો વ્યય કરે છે, તે અચિર જ કાલથી=અલ્પ જ કાળથી, અહીં=જગતમાં, ધન વગરનો થાય છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. 'वै' પાદપૂર્તિ અર્થે છે. ૧૧।।

ભાવાર્થ :-

(૧૧) આય-ઉચિત વ્યય તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થ પાસે જે ધન હોય તે ધન દ્વારા વેપાર, વાણિજ્ય આદિથી તેની વૃદ્ધિ કરે છે અને તે વૃદ્ધિરૂપ જે ધન તે 'આય' છે. તેનો ચાર ભાગાદિપણાથી ગૃહસ્થે વ્યય કરવો જોઈએ અને તેમાં બે ભાગથી વ્યય બતાવે છે. વ્યય બતાવે છે. એક ભાગ ભર્તવ્યના પોષણમાં વાપરવો જોઈએ અને એક ભાગથી પોતાના ભોગ અને દેવતા, અતિથિ, પૂજનાદિ પ્રયોજનમાં વાપરવો જોઈએ.

આની સાક્ષી રૂપે નીતિશાસ્ત્રનો પાઠ આપે છે –

તેથી એ પ્રાપ્ત થાય કે વ્યાપારાદિથી જે ધન પ્રાપ્ત થાય તેના ચાર ભાગ કરવા જોઈએ. એક ભાગ ભાવિ માટે સંગ્રહ કરવો જોઈએ, એક ભાગ ધનની વૃદ્ધિ માટે યોજન કરવો જોઈએ, એક ભાગ ધર્મ અને સ્વના ઉપભોગમાં વાપરવો જોઈએ અને એકભાગ પોતાના ઉપર આધારિત હોય તેવા સર્વના પોષણ માટે વાપરવો જોઈએ. આ રીતે વ્યય કરવાથી સદ્ગૃહસ્થ જીવનમાં નિશ્ચિત રીતે ધર્મ, અર્થ અને કામ ત્રણ પુરુષાર્થ સેવીને આલોક અને પરલોકના હિતને સાધે છે; કેમ કે વૃદ્ધાવસ્થામાં કે કોઈ એવા વિષમ સંયોગોમાં ઉચિત ધનસંચય કરેલો હોવાથી ગૃહસ્થને ચિંતા કે દરિદ્રતા પ્રાપ્ત થતી નથી. અને તે ગૃહસ્થ જેમ સ્વભૂમિકાનુસાર ભોગાદિમાં પ્રયત્ન કરે છે તેમ સ્વભૂમિકાનુસાર ધર્મમાં પણ પ્રયત્ન કરે છે. જેથી

ધર્મપરાયણ એવું ગૃહસ્થજીવન ક્લેશ વગરનું પ્રાપ્ત થાય છે.

આ રીતે નીતિશાસ્ત્ર અનુસાર આયવ્યયનું સ્વરૂપ બતાવ્યા પછી કેટલાક આલોક કરતાં ધર્મને જે અધિક મહત્ત્વ આપે છે તેનું ઉદ્ધરણ ટાંકે છે –

તેઓ કહે છે કે વ્યાપારાદિથી જે ધન પ્રાપ્ત થાય તેમાંથી સદ્ગૃહસ્થે અર્ધથી અધિક ભાગ ધર્મમાં વ્યય કરવો જોઈએ. અને અવશેષ જે ધન છે તેનાથી તુચ્છ ઐહિક એવું સર્વકૃત્ય કરવું જોઈએ. અર્થાત્ ભાવિ માટે સંગ્રહ પણ તેમાંથી કરવો જોઈએ અને પોતાના તેમ જ ભર્તવ્યનું પોષણ પણ તેમાંથી કરવું જોઈએ અને વ્યાપારમાં પણ અધિક ધનનું યોજન તેમાંથી જ કરવું જોઈએ. આ પ્રકારનું અર્ધથી અધિક ધર્મમાં વ્યય કરવાનું કથન જે લોકોને આજીવિકાની ચિંતા ન કરવી પડે તેટલા પ્રમાણમાં વિપુલ ધનની પ્રાપ્તિ થતી હોય તેવા લોકોને આશ્રયીને છે, પરંતુ જેઓ આ રીતે ધર્મમાં અર્ધથી અધિક ધનનો વ્યય કરે તો શેષ ધનથી પોતાની આજીવિકા પણ ચાલે નહિ અને ભર્તવ્યનું પોષણ પણ થઈ શકે નહિ તેવી સ્થિતિ હોય તો ક્લેશની પ્રાપ્તિ થાય. માટે તેવા જીવોને આશ્રયીને પ્રથમ વિકલ્પ અનુસાર ચાર ભાગ કરીને ધનનો વ્યય કરવો જોઈએ. પરંતુ જે કંઈ ધન પ્રાપ્ત થાય છે તે ધન તત્કાલ જ ભોગાદિમાં કે ધર્માદિ કૃત્યમાં વાપરીને ભાવિના વિચાર વગર જીવન જીવવું સદ્ગૃહસ્થને ઉચિત નથી.

વળી, જેઓ આય કરતાં અધિક વ્યય કરે છે તેવા પુરુષોનો વૈભવ ધીરે ધીરે ક્ષીણ થાય છે. અને વૈભવને કારણે સમસ્ત ઉચિત વ્યવહારો જે સદ્ગૃહસ્થ કરે છે તે કરવા માટે તે અસમર્થ થાય છે. જેમ રોગ શરીરને કૃશ કરે છે તેમ તેવા પુરુષનો વ્યય તેના વૈભવને ક્ષીણ કરે છે અને આ રીતે ગૃહસ્થના વૈભવ ઉપર જીવનારા સર્વ ઉચિત વ્યવહારો નાશ પામવાથી તે પુરુષને ક્લેશની પ્રાપ્તિ થાય છે. જેથી આલોક-પરલોક ઉભયલોકનું અહિત થાય છે માટે સદ્ગૃહસ્થે પોતાના આયને અનુરૂપ જ વ્યય કરવો જોઈએ, યથાતથા નહિ. આ પ્રકારની ઉચિત પ્રવૃત્તિ ગૃહસ્થનો ધર્મ છે; કેમ કે તેનાથી જ શુદ્ધ ધર્મનું પાલન થાય છે. **૧૧॥**

ટીકા :-

तथा विभवादीनां=वित्तवयोऽवस्थानिवासस्थानादीनामनुसारत आनुरूप्येण वेषो वस्त्राभरणादिभोगः, लोकपरिहासाद्यनास्पदतया योग्यो वेषः कार्य इति भावः । यो हि सत्यप्याये कार्प्पण्याद् व्ययं न करोति, सत्यपि वित्ते कुचेलत्वादिधर्मा भवति, स लोकगर्हितो धर्मेऽप्यनधिकारी स्यात्, प्रसन्ननेपथ्यो हि पुमान् मङ्गलमूर्त्तिर्भवति मङ्गलाच्च श्रीसमुत्पत्तिर्यथोक्तम् –

"श्रीर्मङ्गलात्प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्द्धते ।
दाक्ष्यात्तु कुरुते मूलं, संयमात्प्रतितिष्ठति ।।१।।"

मूलमित्यनुबन्धनम्, प्रतितिष्ठतीति प्रतिष्ठां लभत इति १२।।

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને વિભવાદિના=વિત્ત, વય, અવસ્થા, નિવાસસ્થાન આદિના અનુસારથી=

અનુરૂપપણાથી, વેશ=વસ્ત્ર, આભરણાદિનો ભોગ તે વિભવ અનુસારથી વેશ છે. લોકમાં પરિહાસ આદિ અનાસ્પદપણાથી યોગ્ય વેશ ધારણ કરવો જોઈએ, એ પ્રકારનો ભાવ છે. વિદ્યમાન આય હોતે છતે જે કૃપણપણાથી વ્યય કરતો નથી અને વિદ્યમાન ધન હોતે છતે કુચેલત્યાદિ ધર્મવાળા થાય છે=જીર્ણાદિ વસ્ત્ર પહેરનારા થાય છે, લોકગર્હિત એવા તે ધર્મમાં પણ અનધિકારી થાય. પ્રસન્ન વસ્ત્રવાળો પુરુષ=સુંદર વસ્ત્રવાળો પુરુષ, મંગલમૂર્તિ થાય છે, અને મંગલથી ધનની સમુત્પત્તિ થાય છે. જે કારણથી કહેવાયું છે.

"લક્ષ્મી મંગલથી પ્રભવ પામે છે. પ્રાગલ્ભ્યથી=વધારવા માટેના ઉત્સાહથી, પ્રવર્ધમાન થાય છે. વળી દાક્ષ્યથી=ચતુરાઈથી, મૂલને કરે છે=અનુબંધને કરે છે. સંયમથી પ્રતિષ્ઠાને પામે છે." **૧૨॥**

ભાવાર્થ :-

(૧૨) પોતાના વિભવાદિ અનુસાર વેશ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

સદ્‌ગૃહસ્થે પોતાના વૈભવ, પોતાની ઉંમર, પોતાની અવસ્થા, પોતાનું નિવાસસ્થાન આદિને અનુસરીને વસ્ત્ર-આભરણાદિ ભોગરૂપ વેશ ધારણ કરવો જોઈએ. અર્થાત્ તેને અનુરૂપ વેશ ધારણ કરવામાં ન આવે તો લોકને માટે હાસ્યાસ્પદ થાય, માટે લોકને હાસ્યાસ્પદ થાય તેવો વેશ ધારણ કરવો જોઈએ નહિ.

કઈ રીતે લોકમાં હાસ્યાસ્પદ બને ? તે સ્પષ્ટ કરે છે –

જે પુરુષ સારું ધન કમાતો હોય છતાં કૃપણતાથી વ્યય ન કરે અને ધનાદિ વિદ્યમાન હોવા છતાં જીર્ણાદિ વસ્ત્રો વાપરે તો લોકમાં નિંદા પામે અને તેવો પુરુષ ધર્મમાં પણ અનધિકારી થાય. વળી પોતાના વૈભવને અનુસાર સુંદર વસ્ત્રો ધારણ કરનાર પુરુષ મંગલમૂર્તિ થાય છે=મંગલરૂપ બને છે. મંગલ થવાને કારણે સંપત્તિ આવે છે. અને સદ્‌ગૃહસ્થને આવી સંપત્તિ આવે તો ધર્મપ્રધાન એવા ત્રણ પુરુષાર્થને સેવીને તે વિશેષ પ્રકારે આલોક અને પરલોકમાં સુખી થાય છે. માટે ધનની વૃદ્ધિ થાય તદર્થે પણ ગૃહસ્થે વૈભવને અનુરૂપ સુંદર વેશ ધારણ કરવો જોઈએ.

અહીં સાક્ષીપાઠ આપ્યો તેનો ભાવ એ છે કે વૈભવને અનુરૂપ વેશ પહેરવાથી પુરુષ મંગળરૂપ બને છે. તેથી લક્ષ્મી પ્રભવ પામે છે. અને લક્ષ્મીની વૃદ્ધિ કરવાનો ઉત્સાહ હોવાથી ધન વધે છે. અને સદ્‌ગૃહસ્થમાં ચતુરાઈ હોવાને કારણે તે લક્ષ્મી ઉત્તરોત્તર વધે છે પરંતુ નાશ પામતી નથી. તેથી અનુબંધવાળી બને છે. વળી સદ્‌ગૃહસ્થ, ગૃહસ્થને અનુરૂપ ઇન્દ્રિયોના સંયમવાળો હોવાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીને ધર્મમાર્ગે વ્યય કરીને ઉચિત આત્મહિત સાધે છે. તેથી સંયમને કારણે તેની લક્ષ્મી પ્રતિષ્ઠાને પામે છે અર્થાત્ લોકમાં કહેવાય છે કે આ પુણ્યશાળી છે કે ધર્મમાં ધનનો વ્યય કરીને આત્મહિત સાધે છે તે પ્રકારની પ્રતિષ્ઠાને પામે છે. **૧૨॥**

ટીકા :-

तथा माता च पिता च मातापितरौ 'आ द्वन्द्वे' [સિદ્ધ હે૦ ૩-૨-૩૯] इत्यात्वम्, मातुश्चाभ्यर्हित-

त्वात्पूर्वनिपातः । यन्मनुः–

"उपाध्यायादृशाऽऽचार्य, आचार्याणां शतं पिता ।

सहस्रं तु पितुर्माता, गौरवेणातिरिच्यते ।।" **[मनुस्मृतिः २।१४५] इति ।**

माता जननी पिता जनकस्तयोरर्चनम् पूजनम्, त्रिसन्ध्यं प्रणामकरणेन परलोकहितानुष्ठाननियोजनेन, सकलव्यापारेषु तदाज्ञया प्रवृत्त्या, वर्णगन्धादिप्रधानस्य पुष्पफलादिवस्तुन उपढौकनेन, तद्भोगे भोगेन चान्नादीनां, तदीयव्रतविशेषोल्लङ्घनव्यापारादिलक्षणौचित्यातिक्रमवर्जनेनेति १३।।

टीकार्थ :-

तथा ..... क्रमवर्जनेनेति ।। अने माता-पितानो समास स्पष्ट करे छे –

माता अने पिता=मातापितरौ "आ द्वन्द्वे" એ પ્રકારના સૂત્રથી માતા-પિતાના સમાસમાં 'આ' આ પ્રત્યય લાગ્યો, તેથી માતૃના સ્થાને માતા થયેલ છે. માતા-પિતાના સમાસમાં માતા અધિક પૂજનીય છે માટે પૂર્વમાં માતાનો નિપાત છે.

માતા અધિક પૂજનીય કેમ છે ? તેમાં 'મનુસ્મૃતિ'ની સાક્ષી આપતાં કહે છે –

જે કારણથી મનુએ કહ્યું છે –

"દશ ઉપાધ્યાય=એક આચાર્ય, સો આચાર્ય=એક પિતા, હજાર પિતા=એક માતા. તેથી માતા ગૌરવથી બધા કરતાં અધિક છે." **(મનુસ્મૃતિ : ૨/૧૪૫)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

માતા=જનની, પિતા=જનક, તે બંનેનું અર્ચન=ત્રણ સંધ્યામાં પ્રણામ કરણ દ્વારા પૂજન, પરલોકમાં હિતકારી એવા અનુષ્ઠાનમાં નિયોજનથી=માતા-પિતાને પ્રવર્તાવવાથી પૂજન, સકલ વ્યાપારોમાં તેમની આજ્ઞાથી પ્રવૃત્તિ દ્વારા પૂજન, વર્ણ-ગંધાદિથી શ્રેષ્ઠ એવાં પુષ્પ-ફલાદિ વસ્તુઓ આપવા દ્વારા માતા-પિતાનું પૂજન, તેમના ભોગમાં=માતા-પિતાના ભોગોમાં, અન્નાદિના ભોગથી પૂજન=તેઓ જે વસ્તુ વાપરે તે વસ્તુ પોતે વાપરે, તે પ્રકારના ભોગથી માતા-પિતાનું પૂજન અને માતા-પિતાના વ્રત-વિશેષના ઉલ્લંઘનના વ્યાપારાદિ લક્ષણ ઔચિત્યનું અતિક્રમ તેના વર્જનથી માતા-પિતાનું પૂજન.

'इति' શબ્દ માતા-પિતાના પૂજનના સ્વરૂપની સમાપ્તિ માટે છે. ૧૩।।

ભાવાર્થ :-

(૧૩) માતા-પિતાનું પૂજન તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

માતા-પિતાનું પૂજન કરવું જોઈએ. માતા-પિતાના સમાસમાં પ્રથમ માતાને ગ્રહણ કરેલ છે. તેનું કારણ સર્વ કરતાં અધિક પૂજનીય માતા છે. તે પ્રમાણે મનુસ્મૃતિમાં કહેવાયેલું છે.

માતા-પિતાની પૂજા કઈ રીતે કરાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

૧. ત્રણ સંધ્યામાં નમસ્કાર કરવા દ્વારા માતા-પિતાનું પૂજન કરવું જોઈએ. જેથી તેમના કરાયેલા ઉપકારની સ્મૃતિ રહે અને તેમની સાથે ઉચિત વર્તન કરવાને અનુકૂળ ઉત્તમ પ્રકૃતિ બને.

૨. માતા-પિતાને પરલોકના હિતકારી એવા ધર્માનુષ્ઠાનમાં વ્યાપારવાળા કરીને તેમનું પૂજન કરવું જોઈએ. જેથી તેમના કરાયેલા ઉપકારની સ્મૃતિ રૂપે તેઓના પરલોકના હિતની ચિંતા થાય.

૩. પોતાના સર્વવ્યાપારોમાં=કૃત્યોમાં, તેમની આજ્ઞા ગ્રહણ કરીને પ્રવૃત્તિ કરવા વડે, તેઓનું પૂજન કરવું જોઈએ. જેથી ઉપકારીને આધીન થવાની પ્રકૃતિ દૃઢ બને.

૪. સુંદર વર્ણવાળાં, સુંદર ગંધવાળાં પુષ્પ, ફલાદિ વસ્તુ માતા-પિતાને આપવા દ્વારા તેમનું પૂજન કરવું જોઈએ. તેથી માતા-પિતાનો ઉચિત સત્કાર થાય અને તેના કારણે પોતાનો કૃતજ્ઞતા-ગુણ સ્થિર થાય.

૫. માતા-પિતા જે અન્નાદિનો ભોગ કરે તે જ ભોગ પોતે કરે, અન્ય ભોગ ન કરે તે દ્વારા તેમનું પૂજન કરવું જોઈએ. આમ કરવાથી ઉપકારીના ઉપકારનું સ્મરણ રહે.

૬. માતા-પિતાએ જે વ્રતો લીધાં હોય તેનું પાલન ન કરવામાં આવે તો તેમના ઔચિત્યનો અતિક્રમ થાય. તેવા ઔચિત્યના અતિક્રમનું વર્જન કરવા દ્વારા માતા-પિતાનું પૂજન કરવું જોઈએ. જેમ માતા-પિતાએ કોઈ ધર્મકૃત્ય કરવાનું કોઈ વ્રત ગ્રહણ કરેલ હોય અને પોતાની શક્તિ હોય તો તેનું ઉલ્લંઘન કરે નહિ પરંતુ તેમને ઉત્સાહ થાય તે રીતે તે કૃત્ય કરાવે જેથી પોતાના ઔચિત્યનો અતિક્રમ=ભંગ ન થાય અને તેમ કરવાથી તેમના પ્રત્યેની ભક્તિ થાય છે. **૧૩॥**

ટીકા :-

तथा सत् शोभन आचार इहपरलोकहितावहा प्रवृत्तिर्येषां ते सदाचारास्तैः सह सङ्गः=संगतिः, असत्सङ्गे हि सपदि शीलं विलीयेत । यदाह–

"यदि सत्संगनिरतो, भविष्यसि भविष्यसि ।
अथासज्जनगोष्ठीषु, पतिष्यसि पतिष्यसि ।।१।।" **इति ।**

तथा–

"सङ्गः सर्वात्मना त्याज्यः, स चेत् त्यक्तुं न शक्यते ।
स सद्भिः सह कर्त्तव्यः, सन्तः सङ्गस्य भेषजम् ।।२।।" **इति च १४ ।।**

ટીકાર્થ :-

तथा ..... इति च ।। અને सत्=શોભન, आचार=આલોક અને પરલોકના હિતને કરનારી પ્રવૃત્તિ, જેઓને છે તેઓ સદાચારવાળા છે. તેઓની સાથે સંગ=સંગતિ, તે સદાચારવાળા સાથેનો સંગ છે. જે કારણથી અસત્ના સંગમાં શીઘ્ર શીલ નાશ પામે છે. જેને કહે છે –

"જો સત્સંગ નિરત થઈશ તો તું થઈશ=શીલસંપન્ન થઈશ. હવે અસત્જનની ગોષ્ઠીમાં=દુર્જનોના સમુદાયમાં, પડીશ તો તું પડીશ=શીલથી પડીશ."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને

"સંગ સર્વાત્મના ત્યાજ્ય છે=સંપૂર્ણ ત્યાજ્ય છે. જો તે=સંગ, ત્યાગ કરવો શક્ય નથી તો તે=સંગ, સજ્જનની સાથે કરવો જોઈએ. સંતપુરુષો સંગનું=સંગરૂપ રોગનું, ઔષધ છે."

'इति च' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૧૪॥

ભાવાર્થ :-

(૧૪) સત્પુરુષોનો સંગ કરવો તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

આલોકમાં અને પરલોકમાં હિત કરનારી પ્રવૃત્તિ તે સદાચાર છે અને આવા સદાચારવાળા પુરષો સાથે ગૃહસ્થે સંગ કરવો જોઈએ; કેમ કે ખરાબ પુરુષો સાથે સંગ કરવાથી શીઘ્ર ગૃહસ્થનું શીલ નાશ પામે છે. અર્થાત્ સુંદર આચારો નાશ પામે છે.

તેમાં અન્યકૃત શ્લોકની સાક્ષી આપી. તેનો અર્થ એ છે કે જો તું સત્સંગમાં નિરત રહીશ તો સુંદર ગુણવાળો થઈશ અને અસત્ પુરુષોના સંગમાં પડીશ તો તું શીલથી પતન પામીશ.

આ વચનથી એ ફલિત થાય કે ગૃહસ્થો ધર્મપરાયણ થઈને જીવતા હોય. આમ છતાં આત્મામાં અનાદિનો મોહ પડેલો છે. તેથી જો અસત્ પુરષો સાથે સંગ કરવામાં આવે તો ખરાબ સંસ્કારો શીઘ્ર જાગ્રત થાય છે. તેથી ધર્મી પણ ગૃહસ્થ અનુચિત પ્રવૃત્તિ કરવા માટે પ્રેરાય છે. પરંતુ જેઓ સુંદર આચારવાળા પુરુષો સાથે સંગ કરે છે તેઓને તેમના સુંદર આચાર જોઈને સુંદર આચાર કરવાની પ્રેરણા મળે છે. માટે ગૃહસ્થે આલોક અને પરલોકના હિતાર્થે ઉત્તમ પુરુષો સાથે સંગ કરવો જોઈએ.

વળી, તેમાં બીજા શ્લોકની સાક્ષી આપી. તેનાથી એ પ્રાપ્ત થાય કે સર્વ પાપોનું બીજ સંગ છે; કેમ કે સંગની વાસનાથી આત્મા કર્મ બાંધે છે. અને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. માટે વિવેકી વ્યક્તિએ સર્વ સંગનો ત્યાગ કરીને યતિધર્મ સ્વીકારવો જોઈએ. અને સંગનો ત્યાગ ગૃહસ્થને શક્ય ન જણાય તો તેણે ઉત્તમ પુરુષો સાથે સંગ કરવો જોઈએ; કેમ કે આત્મામાં અનાદિથી લાગેલો સંગરૂપ રોગ છે. તેનું ઔષધ સંતપુરુષો છે; કેમ કે સંતપુરુષો સદા સંગને છોડીને અસંગી થવા માટે ઉદ્યમ કરનારા છે અને તેમના સંગથી અસંગ થવાની પ્રેરણા મળે છે, જેથી અનાદિનો સંગનો રોગ વધતો નથી પરંતુ ક્રમસર નાશ પામે છે. **૧૪॥**

ટીકા :-

तथा कृतस्य ज्ञता=ज्ञानम्=अनिह्नवः, एवं हि तस्य महान् कुशललाभो भवति, अत एव कृतोपकारं शिरसि भारमिव मन्यमानाः कदापि न विस्मरन्ति साधवस्तदुक्तम्–

"प्रथमवयसि पीतं तोयमल्पं स्मरन्तः, शिरसि निहितभारा नालिकेरा नराणाम् ।
उदकममृतकल्पं दद्युराजीवितान्तं, नहि कृतमुपकारं साधवो विस्मरन्ति" ।।१।। **इति १५।। ।।९।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને કરાયેલાની જ્ઞતા=જ્ઞાન=અનિહ્નવ, તે કૃતજ્ઞતા છે. આ રીતે તેને=કૃતજ્ઞતાવાળા પુરુષને, મહાન કુશલનો લાભ થાય છે. આથી જ કરાયેલા ઉપકારને માથા ઉપર રહેલા ભારની જેમ માનતા સાધુપુરુષો=સજ્જન પુરુષો, ક્યારેય પણ વિસ્મરણ કરતા નથી=કોઈના કરાયેલા ઉપકારનું ક્યારેય વિસ્મરણ કરતા નથી. તે કહેવાયું છે –

"પ્રથમ વયમાં પીવાયેલું પાણી અલ્પ સ્મરણ થાય છે. માથા પર નિહિત કરાયેલા=સ્થાપન કરાયેલાં, ભારવાળાં એવાં નારિયેળો=વૃક્ષ પર લટકતાં ભારવાળાં એવાં નારિયેળો, મનુષ્યોને અમૃત જેવું પાણી આપે છે. કરાયેલા ઉપકાર આજીવન અંત સુધી સજ્જન પુરુષો વિસ્મરણ કરતા નથી જ."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૧૫।। ।।૯।।

ભાવાર્થ :-

(૧૫) કૃતજ્ઞતા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

પોતાના ઉપર કરાયેલા ઉપકારનું જ્ઞાન=કરાયેલ ઉપકારનું અવિસ્મરણ તે કૃતજ્ઞતા ગુણ છે. અને જે જીવો પોતાના ઉપર કરાયેલા ઉપકારને ભૂલતા નથી તેવા જીવોને મહાન એવા કુશલનો લાભ થાય છે; કેમ કે કૃતજ્ઞતા ગુણને કારણે પ્રાયઃ જીવની પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય છે અને તેની ઉત્તમપ્રકૃતિને કારણે લોકોમાં તે આદરપાત્ર બને છે. તેથી આલોક અને પરલોકમાં મહાન કુશલનો લાભ થાય છે. આથી જ ઉત્તમ પુરુષો પોતાના ઉપર કરાયેલા ઉપકારને માથા પર રહેલા ભારની જેમ માનતા, ક્યારેય પણ ઉપકારને ભૂલી જતા નથી. તેથી જેમનાથી ઉપકાર થયો છે તેમની સાથે ઉપકારની અભિવ્યક્તિ કરે તેવું ઉચિત વર્તન સદા કરે છે. તેમાં સાક્ષી આપે છે. તેનો અર્થ એ છે કે એકદમ બાલ્યાવસ્થામાં પીવાયેલું પાણી અલ્પ સ્મરણમાં રહે છે તેમ જે જીવો બાળ જેવા છે તેમના ઉપર કોઈ ઉપકાર કરે તો તેઓ તેટલો કાલમાત્રમાં તેનું સ્મરણ રાખે છે. પોતાનું પ્રયોજન સિદ્ધ થયા પછી ઉપકારને સ્મરણમાં રાખતા નથી અને વૃક્ષ ઉપર લટકતાં નારિયેળ મસ્તક ઉપર નિહિત ભારવાળાં દેખાય છે. અર્થાત્ વૃક્ષના મસ્તક પર લટકતાં નારિયેળ ભારવાળાં દેખાય છે. તેઓ મનુષ્યોને અમૃત જેવું પાણી આપે છે. તેમ ઉત્તમપુરુષો કોઈના દ્વારા કરાયેલા ઉપકારને પોતાના માથા ઉપર રહેલા ભારની જેમ માનતા હોવાને કારણે જીવન સુધી તે ઉપકારને ભૂલતા નથી પરંતુ ઉપકારીના ઉપકારને સદા સ્મૃતિમાં રાખીને તેમની સાથે તે પ્રકારનું ઉચિત વર્તન કરે છે. **૧૫।। ।।૯।।**

ટીકા :-

तथा अजीर्णेऽजरणे पूर्वभोजनस्य, अथवाऽजीर्णे परिपाकमनागते पूर्वभोजनेऽर्द्धजीर्णे इत्यर्थः, अभोजनं भोजनत्यागः, अजीर्णभोजने हि सर्वरोगमूलस्य वृद्धिरेव कृता भवति । यदाह–"अजीर्ण

प्रभवा रोगाः" [] **इति । तत्राजीर्णं चतुर्विधम्–**

"आमं विदग्धं विष्टब्धं, रसशेषं तथा परम् ।

आमे तु द्रवगन्धित्वं विदग्धे धूमगन्धिता ।।१।।

"विष्टब्धे गात्रभङ्गोऽत्र, रसशेषे तु जाड्यता ।" []

द्रवगन्धित्वमिति द्रवस्य गूथस्य कुथिततक्रादेरिव गन्धो यस्यास्ति तत्तथा तद्भावस्वतत्त्वमिति ।

"मलवातयोर्विगन्धो, विड्भेदो गात्रगौरवमरौच्यम् ।

अविशुद्धश्चोद्गारः षडजीर्णव्यक्तलिङ्गानि ।।१।।

मूर्छा, प्रलापो, वमथुः, प्रसेकः, सदनं, भ्रमः ।

उपद्रवा भवन्त्येते, मरणं वाप्यजीर्णतः ।।२।।"

प्रसेक इति अधिकनिष्ठीवनप्रवृत्तिः, सदनमिति अङ्गग्लानिरिति १६।।

टीकार्थ :-

तथा ..... अङ्गग्लानिरिति ।। અને પૂર્વભોજનના અજીર્ણમાં=અજરણમાં, અભોજન=ભોજનનો ત્યાગ, અથવા અજીર્ણમાં=પૂર્વ ભોજન પરિપાક નહિ પામે છતે=અર્ધ જીર્ણ થયે છતે, અભોજન=ભોજનનો ત્યાગ. હિ=જે કારણથી, અજીર્ણભોજનમાં સર્વરોગના મૂલની વૃદ્ધિ જ કરાયેલી થાય છે. જે કારણથી કહે છે. અજીર્ણ પ્રભવ રોગો છે=અજીર્ણથી ઉત્પન્ન થયેલા રોગો છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

ત્યાં=ભોજનત્યાગના વિષયમાં, અજીર્ણ ચાર પ્રકારનું છે.

"૧. આમ ૨. વિદગ્ધ ૩. વિષ્ટબ્ધ અને ૪. પરમ=છેલ્લું, રસશેષ. વળી, આમ અજીર્ણમાં દ્રવગંધિપણું છે=મળ દુર્ગંધવાળો થાય છે. વિદગ્ધ અજીર્ણમાં ધૂમગંધિતા છે=મળમાં ધૂમ જેવી વાસ આવે છે, વિષ્ટબ્ધ અજીર્ણમાં ગાત્રભંગ થાય છે=શરીર તૂટે છે, વળી રસશેષ અજીર્ણમાં જાડ્યતા=શરીરમાં જડતા આવે છે=શરીરમાં સુસ્તી લાગે છે. સૂઈ રહેવાનું મન થાય છે."

દ્રવગંધિત્વનો અર્થ કહે છે –

દ્રવગંધિત્વ એટલે દ્રવને=મળને, કુથિત એવા તક્રાદિના જેવી ગંધ છે જેને તે તેવું છે=તે અજીર્ણ દ્રવગંધી છે. તેનો ભાવ=તેનું સ્વતત્ત્વ=તેનું સ્વરૂપ, તે દ્રવગંધિપણું છે.

'इति' શબ્દ દ્રવગંધિત્વના સ્વરૂપની સમાપ્તિ અર્થે છે.

હવે ભોજન કરાયેલા આહારથી થયેલા અજીર્ણનાં લિંગો બતાવે છે –

"૧-૨. મલ અને વાતમાં=વાછૂટમાં ખરાબ ગંધ ૩. વિડ્ભેદ=મળનો ભેદ=મળ એક સાથે છૂટો ન થાય પરંતુ થોડો

થોડો આવે ૪. ગાત્રગૌરવ=સુસ્તી આવે ૫. અરૌચ્ય=આહાર વિષયક અરુચિ ૬. અવિશુદ્ધ ઉદ્‌ગાર=ખરાબ ઓડકાર."

છ અજીર્ણનાં વ્યક્ત લિંગો છે.

"મૂર્છા, પ્રલાપ, વમન, પ્રસેક, સદન, ભ્રમ આ ઉપદ્રવો થાય છે=અજીર્ણને કારણે આ ઉપદ્રવ થાય છે. અથવા અજીર્ણથી મરણ પણ થાય છે."

પ્રસેક એટલે અધિક નિષ્ઠીવનની પ્રવૃત્તિ=અધિક પ્રમાણમાં થૂંકવાની પ્રવૃત્તિ, સદન એટલે અંગની ગ્લાનિ=દેહની અસ્વસ્થતા.

'ઇતિ' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ૧૬॥

ભાવાર્થ :-

(૧૬) અજીર્ણમાં ભોજનનો ત્યાગ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

વિવેકી સદ્‌ગૃહસ્થ માર્ગાનુસારી બુદ્ધિવાળા હોય છે. તેથી ભોજનાદિ પ્રવૃત્તિ પણ પોતાના અહિતનું કારણ થાય તે રીતે કરે નહિ તે બતાવવા માટે કહે છે. અજીર્ણમાં ભોજનનો ત્યાગ. અજીર્ણના બે અર્થ કરે છે. ૧. પૂર્વનું ભોજન અજીર્ણ થયું હોય=સરખું પચ્યું ન હોય. અર્થાત્ પૂર્વના ભોજનથી દેહમાં વિકૃતિ થઈ હોય ત્યારે ભોજનનો ત્યાગ કરે. ૨. પૂર્વનું ભોજન પૂર્ણ પચ્યું ન હોય અર્થાત્ વિપરીત રૂપે પરિણામન પામ્યું નથી પરંતુ અડધું પચ્યું હોય ત્યારે ભોજન ન કરે પરંતુ પૂર્વનું ભોજન પચી ગયું હોય ત્યારે ક્ષુધા લાગે છે. અને તે વખતે વિવેકી ગૃહસ્થ ભોજન કરે. આ બંને પ્રકારના અજીર્ણમાં ભોજન કરવાથી સર્વરોગોના મૂળની=સર્વ રોગોની નિષ્પત્તિની કારણીભૂત એવી ધાતુની વિકૃતિની, વૃદ્ધિ થાય છે માટે સુખના અર્થી જીવે અજીર્ણમાં ભોજન કરવું જોઈએ નહિ. જેથી સ્વસ્થ શરીરને કારણે ગૃહસ્થ ધર્મ, અર્થ, કામ ત્રણે પુરુષાર્થને અવિરુદ્ધ રીતે સેવીને આલોક અને પરલોકનું હિત સાધી શકે.

અજીર્ણનું સ્વરૂપ બતાવવા માટે તેના ચાર ભેદો બતાવે છે –

(૧) આમ અજીર્ણ :- આમ=મળમાં ચીકાશ થાય તે આમ અજીર્ણ છે. અને આમ અજીર્ણને કારણે મળમાં ખરાબ થયેલાં છાશ આદિ જેવી દુર્ગંધ આવે છે. આ પ્રકારના જ્ઞાનથી અજીર્ણને જાણીને અજીર્ણમાં ભોજનનો ત્યાગ કરવો જોઈએ.

૨. વિદગ્ધ અજીર્ણ :- આહાર અડધો પચ્યો હોય તે વિદગ્ધ અજીર્ણ કહેવાય છે. અને વિદગ્ધ અજીર્ણ થવાથી મળમાં ધુમાડા જેવી ખરાબ ગંધ આવે છે.

૩. વિષ્ટબ્ધ અજીર્ણ :- આહાર બરાબર પચેલ નહિ હોવાથી મળ દેહમાં ભરાઈ રહે છે. પરંતુ મળશુદ્ધિ વ્યવસ્થિત થતી નથી તેથી ગાત્રભંગ થાય છે=શરીર તૂટે છે.

૪. રસશેષ અજીર્ણ :- ગ્રહણ કરાયેલ આહાર પૂર્ણ પચતો નથી ત્યારે રસશેષ નામનું અજીર્ણ થાય છે. જેના કારણે શરીરમાં જડતા આવે છે. અર્થાત્ શરીરમાં સુસ્તી આવે છે.

વળી, અજીર્ણ થયું હોય તેનાં વ્યક્ત ચિહ્નો બતાવે છે –

જે પુરુષે જે આહાર ગ્રહણ કર્યો હોય તે પચ્યો ન હોય પરંતુ વિકૃતિ થઈ હોય તો તેના મળમાં ખરાબ ગંધ આવે છે અને વાછૂટ થાય તેમાં પણ ખરાબ ગંધ આવે છે. વળી, મળશુદ્ધિ થતી નથી. પરંતુ વારંવાર જવાની શંકા થાય છે અને થોડો થોડો મળ આવે છે. વળી, શરીરમાં જડતા પેદા થાય છે. પથારીમાં પડ્યા રહેવાનું જ મન થાય છે, આહારની અરુચિ થાય છે અને ખરાબ ઓડકાર આવે છે. આ સર્વ ગ્રહણ કરાયેલો આહાર નહિ પચવાને કારણે થયેલી વિકૃતિનાં લિંગો છે.

વળી, અજીર્ણના કારણે દેહમાં ઉપદ્રવ થાય છે, તેમ બીજા પણ ઉપદ્રવો થાય છે. અજીર્ણને કારણે ક્યારેક મૂર્ચ્છા આવે છે. ક્યારેક મન પરનો કાબૂ જવાથી જેમ-તેમ પ્રલાપ તે પુરુષ કરે છે. વળી, ક્યારેક દેહની તેવી અસ્વસ્થતા થવાને કારણે તે પુરુષ ફરી ફરી અધિક પ્રમાણમાં થૂંકવાની પ્રવૃત્તિ કરે છે કે દેહમાં અસ્વસ્થતા થાય છે. વળી પોતાને માનસિક ભ્રમ થાય છે. અતિશય પ્રમાણમાં અજીર્ણ થયું હોય તો મૃત્યુ પણ થાય છે.

આ સર્વ અજીર્ણના ઉપદ્રવોને જાણીને બુદ્ધિમાન પુરુષે અજીર્ણમાં ભોજનનો ત્યાગ કરવો જોઈએ અને અજીર્ણ ન થાય તે રીતે જ આહાર ગ્રહણ કરવો જોઈએ, જેથી આ લોક અને પરલોકનું હિત થાય. **૧૬॥**

ટીકા :-

तथा काले बुभुक्षोदयावसरलक्षणे सात्म्यात् ।

"पानाहारादयो यस्याऽविरुद्धाः प्रकृतेरपि ।

सुखित्वाय च कल्प्यन्ते, तत्सात्म्यमिति गीयते ।।१।।"

इत्येवंलक्षणादलौल्यतश्च, चकारो गम्यः, आकाङ्क्षातिरेकादधिकभोजनलक्षणलौल्यत्यागात् भुक्तिर्भोजनम्, अयमभिप्रायः—आजन्म सात्म्येन भुक्तं विषमपि पथ्यं भवति, परमसात्म्यमपि पथ्यं सेवेत न पुनः सात्म्यप्राप्तमप्यपथ्यम्, सर्वं बलवतः पथ्यमिति मन्वानः कालकूटं खादन्सुशिक्षितो हि विषतन्त्रज्ञो म्रियत एव कदाचिद्विषात्, सात्म्यमपि च लौल्यपरिहारेण यथाग्निबलमेव भुञ्जीत, अतिरिक्तभोजनं हि वमनविरेचनमरणादिना न साधु भवति । "यो हि मितं भुङ्क्ते स बहु भुङ्क्ते" **[] अक्षुधितेन ह्यमृतमपि भुक्तं भवति विषम्, तथा क्षुत्कालातिक्रमादन्नद्वेषो देहसादश्च भवति, विध्यातेऽग्नौ किं नामेन्धनं कुर्यादिति १७ ।।**

ટીકાર્થ :-

तथा ..... कुर्यादिति ।। અને કાલે=ભૂખના ઉદયના અવસર લક્ષણકાળમાં, સાત્મ્યથી=ઉદ્ધરણમાં આપેલા એવા લક્ષણવાળા સાત્મ્યથી અને અલૌલ્યથી=આકાંક્ષાના અતિરેકથી અધિક ભોજન-લક્ષણ લૌલ્યના ત્યાગથી, ભુક્તિ=ભોજન, છે.

સાત્મ્યના સ્વરૂપને બતાવનાર શ્લોકનો અર્થ આ પ્રમાણે છે.

"જેની પ્રકૃતિના પણ પાન-આહારાદિ અવિરુદ્ધ છે અને સુખીપણા માટે કલ્પાય છે તે સાત્મ્ય છે. એ પ્રમાણે કહેવાય છે."

આ પ્રકારનો અભિપ્રાય છે – આજન્મ=આજીવન, સાત્મ્યથી ખાધેલું વિષ પણ પથ્ય થાય છે. પરંતુ સાત્મ્ય પણ પથ્ય સેવવું જોઈએ. વળી, સાત્મ્ય પ્રાપ્ત પણ અપથ્ય સેવવું જોઈએ નહિ.

કેમ સાત્મ્ય પ્રાપ્ત પણ અપથ્ય સેવવું જોઈએ નહિ ? તે સ્પષ્ટ કરે છે –

બળવાનને સર્વ પથ્ય છે. એ પ્રમાણે માનતો કાલકૂટ વિષને ખાતો સુશિક્ષિત પણ વિષતંત્રને જાણનારો કદાચિત્ વિષથી મરે જ છે. અને સાત્મ્ય પણ ભોજન લૌલ્યના પરિહારથી પોતાના જઠરાગ્નિના બલ પ્રમાણે જ ખાવું જોઈએ. જે કારણથી અતિરિક્ત ભોજન વમન-વિરેચન-મરણાદિ વડે સુંદર થતું નથી.

વળી લૌલ્ય પરિહાર વિષયક સ્પષ્ટતા કરે છે –

"જે મિત=પરિમિત, ખાય છે તે બહુ ભોજન કરે છે."

અક્ષુધિત વડે ખવાયેલું અમૃત પણ વિષ થાય છે. અને ક્ષુત્કાલના અતિક્રમથી=ક્ષુધાકાલને ઓળંગીને ભોજન કરવાથી, અન્નનો દ્વેષ=અન્નની અરુચિ, અને દેહનો નાશ થાય છે; કેમ કે અગ્નિ બુઝાયે છતે ઇંધન શું કરે ? અર્થાત્ ક્ષુધાકાળને ઓળંગ્યા પછી ભોજન કરવામાં આવે તો જઠરાગ્નિરૂપ અગ્નિ શાંત થયે છતે ભોજન રૂપ=ઇંધન પચે નહિ.

'ઇતિ' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. ૧૭॥

ભાવાર્થ :-

(૧૭) કાલે સાત્મ્યથી અને અલૌલ્યથી ભુક્તિ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે.

ગૃહસ્થે ભૂખના ઉદયના અવસરરૂપ કાલમાં સાત્મ્યથી અને અલૌલ્યથી ભોજન કરવું જોઈએ.

સાત્મ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે –

પોતાના શરીરની પ્રકૃતિ સાથે વિરુદ્ધ ન હોય તેવાં પાન અને આહારાદિ વાપરવાથી સુખનું કારણ થાય છે અને તેવાં આહાર-પાન સાત્મ્ય કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે દરેક જીવોના શરીરની પોતાની પ્રકૃતિ હોય છે અને તે પ્રકૃતિને જાણીને કેવા પ્રકારનાં આહાર-પાન પોતાની પ્રકૃતિને અવિરુદ્ધ છે તેનું જ્ઞાન કરીને તેવાં જ આહાર-પાન ગૃહસ્થે કરવાં જોઈએ. જેથી તે આહાર પચીને સુખની નિષ્પત્તિનું કારણ બને છે. તે સાત્મ્ય ભોજન કહેવાય. અર્થાત્ પોતાના દેહની પ્રકૃતિને અનુરૂપ ભોજન કહેવાય. વળી તે ભોજન ઇચ્છાના અતિશયને કારણે અધિક પ્રમાણમાં કરવામાં આવે તો તે ભોજનગત લોલુપતા છે. તેવી લોલુપતાનો ત્યાગ કરીને પોતાના દેહની સ્વાભાવિક શક્તિ અનુસાર પ્રમાણોપેત ભોજન ગૃહસ્થે કરવું જોઈએ.

સાત્મ્યભોજન કરવાથી શું થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ જીવને આજન્મ સાત્મ્યપણાથી ખાધેલું વિષ પણ પથ્ય થાય છે. અર્થાત્ પોતાની પ્રકૃતિને ઉપઘાત ન થાય તે પ્રમાણે અલ્પમાત્રામાં પ્રતિદિન વિષનું ભક્ષણ કરે તો તે વિષ પણ તેને પચી જાય તેવું થાય છે. આમ છતાં, તે વિષ જીવ માટે પથ્ય નથી. તેથી ગૃહસ્થે પરમ સાત્મ્ય એવું પણ અપથ્ય વિષ સેવવું જોઈએ નહિ પરંતુ પરમસાત્મ્ય પણ પથ્ય એવો આહાર કરવો જોઈએ. પણ સાત્મ્ય પ્રાપ્ત પણ અપથ્ય-વિષાદિ જેવું અન્ય પણ અપથ્ય સેવવું જોઈએ નહિ.

કેમ સાત્મ્ય પ્રાપ્ત પણ અપથ્ય સેવવું જોઈએ નહિ? તેમાં યુક્તિ આપે છે –

બલિષ્ઠ શરીરવાળા માટે સર્વ પથ્ય છે એમ માનતો પુરુષ કાલકૂટ વિષને ખાય અને તે પુરુષ સુશિક્ષિત હોય, વિષના તંત્રને જાણનારો હોય તોપણ તે વિષનો પ્રતિકાર કરી શકે નહિ અને કદાચ તે વિષથી મરે જ છે. આશય એ છે કે કોઈ બલિષ્ઠ શરીરવાળા વિચારે કે જેનું શરીર બલિષ્ઠ હોય તે જે ભોજન કરે તે સર્વ તેને પચી જાય છે. માટે તેને માટે સર્વભોજન પથ્ય છે એમ માનીને ગમે તે પ્રકારનાં આહાર-પાનાદિ વાપરતો હોય અને તેને પચી જતાં હોય તેવો પુરુષ ગમે તેવા આહારની જેમ કાલકૂટ વિષને ખાય અને તે સુશિક્ષિત હોય અર્થાત્ સારી રીતે જાણતો હોય કે શરીરમાં ગયેલું વિષ શરીરનો નાશ કરે તેવું છે, છતાં મેં તેને ખાધું છે અને વિષના નિવારણના ઉપાયને પણ જાણતો હોય તેથી વિષ ખાધા પછી વિષ દેહમાં વ્યાપે નહિ તેવા ઉચિત ઉપાય કરે તોપણ શીઘ્ર પ્રાણનો નાશ કરે તેવું કાલકૂટવિષ, તેના પ્રયત્ન છતાં શરીરમાં વ્યાપી જાય તો કદાચ તે વિષથી મરે જ છે. તેમ પોતાના શરીરની પ્રકૃતિનો વિચાર કર્યા વગર બલવાન શરીરવાળાને સર્વ પથ્ય છે તેમ માનીને પોતાની પ્રકૃતિને વિરુદ્ધ સર્વ પ્રકારનો આહાર જેઓ કરે છે તેઓના દેહમાં તે વિરુદ્ધ આહાર કંઈક-કંઈક દેહની શક્તિને અવશ્ય ક્ષીણ કરે છે. માટે મને બધું પચી જાય છે તેમ માની વિષ ખવાય નહિ, તેમ વિષ જેવું અપથ્ય પણ ગૃહસ્થે ખાવું જોઈએ નહિ. માટે દેહના આરોગ્યના અર્થીએ સદા પોતાની પ્રકૃતિને અનુરૂપ એવું પથ્યનું સેવન કરવું જોઈએ.

વળી, પોતાની પ્રકૃતિને અનુરૂપ એવું પથ્ય પણ ભોજન પોતાના જઠરાગ્નિના બળને અનુરૂપ પ્રમાણસર ખાવું જોઈએ પરંતુ લોલપતાથી અધિક ભોજન કરવું જોઈએ નહિ; કેમ કે અધિક ભોજન કરવાથી વમનાદિ અસુંદર દોષો થાય છે. વળી, આયુર્વેદમાં કહ્યું છે કે જેઓ પરિમિત ભોજન કરે છે=પોતાના જઠરાગ્નિને અનુરૂપ પરિમિત ભોજન કરે છે. તેઓ નીરોગી રહેવાથી ઘણું ભોજન કરે છે. વળી જેઓ ભૂખ ન હોય છતાં પથ્ય પણ આહાર કરે છે તેઓનો તે પથ્ય પણ આહાર વિષ બને છે=આરોગ્યનો નાશ કરનાર બને છે. વળી, ગૃહસ્થે પ્રતિદિન નિયતકાળે ભોજન કરવું જોઈએ. પરંતુ નિયતકાળનો અતિક્રમ કરવો જોઈએ નહિ; કેમ કે નિયતકાળે જ ભોજન કરનારને તે ભોજનના કાળે જઠરાગ્નિમાંથી રસો ઝરે છે અને તે વખતે ક્ષુધા લાગે છે. કોઈ અન્ય પ્રવૃત્તિને કારણે જો ગૃહસ્થ તે ક્ષુધાના કાળને અતિક્રમ કરીને ભોજન કરે તો ભોજન પ્રત્યે અરુચિ થાય છે અને તે ભોજન પચતું નથી તેથી દેહનો નાશ થાય છે. માટે દેહના સમ્યક્ પાલનાર્થે ગૃહસ્થે સાત્મ્યપૂર્વક, લોલુપતાના પરિહારથી ક્ષુધાના નિયતકાળે ભોજન કરવું જોઈએ, પરંતુ પ્રતિદિન ભોજનના કાળનો ફેરફાર કરીને અનુકૂળતા મુજબ ભોજન કરવું જોઈએ નહિ.

આ રીતે સાત્મ્યથી અને લોલુપતાના પરિહારથી જે ગૃહસ્થ ભોજન કરે છે તેઓ દેહના આરોગ્યને પામે છે. અને દેહનું આરોગ્ય સુરક્ષિત હોય તો ધર્મપ્રધાન તે ગૃહસ્થો ધર્મ અવિરુદ્ધ અર્થ-કામ સેવીને આલોક અને પરલોકના સુખને પ્રાપ્ત કરે છે અને દેહનું આરોગ્ય હોવાથી ઉચિત કાલે ધર્મનું સેવન કરીને આલોક-પરલોકનું હિત કરે છે. જો સાત્મ્યપૂર્વક અને લોલુપતાના પરિહારપૂર્વક ભોજન ન કરે તો દેહના આરોગ્યનો નાશ થવાથી તે ગૃહસ્થના ધર્મ-અર્થ-કામ ત્રણેય પુરુષાર્થનો નાશ થાય છે. જેથી તે ગૃહસ્થ આલોક-પરલોકમાં સુખી થતો નથી. માટે કાલે સાત્મ્ય અને અલોલુપતાથી કરાયેલ ભોજન પણ ધર્મના અંગરૂપ હોવાથી ધર્મરૂપ છે. **૧૭॥**

ટીકા :-

तथा वृत्तमनाचारपरिहारः सम्यगाचारपालनं च तत्र तिष्ठन्तीति वृत्तस्थाः, ज्ञानं हेयोपादेयवस्तु-निश्चयस्तेन वृद्धा महान्तः वृत्तस्थाश्च ते ज्ञानवृद्धाश्च तेषामर्हा सेवाऽभ्युत्थानादिलक्षणा, गुणभाजो हि पुरुषाः सम्यक् सेव्यमाना नियमात्कल्पतरव इव सदुपदेशादिफलैः फलन्ति यथोक्तम्–

"उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।

स्थाने विनय इत्येतत्साधुसेवाफलं महत् ।।१।।" **इति [शास्त्रवार्तासमुच्चये गा. ७] १८ ।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને વૃત્ત અનાચારનો પરિહાર અને સમ્યક્આચારનું પાલન છે, તેમાં=તેવા વૃત્તમાં, જેઓ રહે છે તેઓ વૃતસ્થ છે. જ્ઞાન હેય-ઉપાદેય વસ્તુનો નિશ્ચય તેનાથી વૃદ્ધ-મહાન, તે જ્ઞાનવૃદ્ધ છે. હવે વૃતસ્થ અને જ્ઞાનવૃદ્ધનો સમાસ સ્પષ્ટ કરે છે. વૃત્તમાં રહેલા એવા તે જ્ઞાનવૃદ્ધ, તેઓની અર્હા=અભ્યુત્થાનાદિ લક્ષણ સેવા, તે વૃત્તસ્થ એવા જ્ઞાનવૃદ્ધની સેવા છે. હિ=જે કારણથી, ગુણવાન એવા પુરુષો સમ્યક્ સેવાતા નિયમથી કલ્પતરુની જેમ સદુપદેશાદિ ફળો વડે ફળે છે. જે કારણથી કહેવાયું છે.

"નિત્ય શુભનો ઉપદેશ, ધર્મચારીનું દર્શન, સ્થાને વિનય એ મહાન સાધુસેવાનું ફળ છે." **(શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ગા. ૭)**

'इति' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ૧૮॥

ભાવાર્થ :-

(૧૮) વૃત્તસ્થ એવા જ્ઞાનવૃદ્ધની સેવા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ધર્મી ગૃહસ્થો હંમેશાં પૂર્ણધર્મના અર્થી હોય છે. આમ છતાં પૂર્ણધર્મ સેવવાનું સામર્થ્ય પ્રગટ થયું નથી. તેથી ગૃહસ્થઅવસ્થામાં રહી સ્વભૂમિકા અનુસાર ધર્મ સેવે છે. તેવા ગૃહસ્થને ઉત્તમ આચારમાં રહેલા જ્ઞાનવૃદ્ધ પુરુષ પ્રત્યે ભક્તિ હોય છે. તેથી હંમેશાં તેઓની અભ્યુત્થાનાદિરૂપ સેવા કરે છે.

વૃત્તસ્થ જ્ઞાનવૃદ્ધ કોણ છે ? તે સ્પષ્ટ કરે છે –

જે મહાત્મા અનાચારનો પરિહાર કરે છે અને શાસ્ત્રાનુસારી સમ્યક્ આચારનું પાલન કરે છે તેઓ વૃત્તમાં રહેલા છે અને વૃત્તમાં રહેલા તેઓ સત્શાસ્ત્રોનો અભ્યાસ કરીને હેય-ઉપાદેય વસ્તુના નિશ્ચિત જ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેવા જ્ઞાનથી તેઓ સમૃદ્ધ હોય છે તેથી જ વૃત્તમાં રહેલા અને જ્ઞાનથી સમૃદ્ધ એવા મહાત્માની ગૃહસ્થો હંમેશાં સેવા કરે છે; કેમ કે ગૃહસ્થો મહાત્મા પાસેથી સદુપદેશના અર્થી હોય છે. અને આવા ઉત્તમપુરુષો સમ્યક્રીતે સેવાતા કલ્પતરુની જેમ સદુપદેશ આપીને નિયમથી ફલ દેનારા થાય છે.

અહીં વિશેષ એ છે કે જેઓએ ભગવાને બતાવેલા સત્શાસ્ત્રોનો બોધ કર્યો છે તેઓ સંસારના કારણીભૂત એવા ભાવો અને સંસારની કારણીભૂત એવી પ્રવૃત્તિને યથાર્થ રીતે હેય રૂપે જોઈ શકે છે અને મોક્ષના કારણીભૂત ભાવો અને મોક્ષના કારણીભૂત ભાવોમાં સહાયક એવી ઉચિત પ્રવૃત્તિઓ ઉપાદેય રૂપે જાણી શકે છે. એટલું જ નહિ પણ તે તે જીવોની તે તે ભૂમિકા પ્રમાણે શું હેય છે ? શું ઉપાદેય છે ? તેનો શાસ્ત્રમતિથી નિર્ણય કરી શકે છે અને તેવા જ્ઞાનવૃદ્ધ પુરુષની સેવા કરવાથી સદ્ગૃહસ્થને પણ પોતાની ભૂમિકા પ્રમાણે શું ઉચિત કરવું જોઈએ તેનો યથાર્થ બોધ થાય છે. તેથી સદ્ગૃહસ્થ મહાત્માની સેવા કરીને કલ્યાણની પરંપરા પામે છે. **૧૮॥**

ટીકા :-

तथा गर्हितेषु लोकलोकोत्तरयोरनादरणीयतया निन्दनीयेषु मद्यमांससेवनपररामाभिगमनादिपापस्थानेषु अप्रवृत्तिर्गाढं मनोवाक्कायानामनवतारः, आचारशुद्धौ हि सामान्यायामपि कुलाद्युत्पत्तौ पुरुषस्य माहात्म्यमुपपद्यते, यथोक्तम्–

"न कुलं हीनवृत्तस्य, प्रमाणमिति मे मतिः ।
अन्त्येष्वपि हि जातानां, वृत्तमेव विशिष्यते" **॥१॥ इति १९॥ ॥१०॥**

ટીકાર્થ :-

तथा ..... इति ॥ અને ગર્હિત=લોક અને લોકોત્તર બંનેમાં અનાદરણીયપણાથી નિંદનીય એવાં મદ્યસેવન, માંસસેવન, પરસ્ત્રીનું અભિગમન આદિ પાપસ્થાનોમાં અપ્રવૃત્તિ=ગાઢ મન, વચન, કાયાનો અનવતાર કરવો જોઈએ, हि=જે કારણથી, સામાન્ય પણ આચારની શુદ્ધિ હોતે છતે કુલાદિની ઉત્પત્તિમાં પુરુષનું માહાત્મ્ય ઉત્પન્ન થાય છે. જે કારણથી કહેવાયું છે –

"હીનવૃત્તનું કુલ પ્રમાણ નથી. એ પ્રમાણે મારી મતિ છે. અંત્યકુલમાં=હીનકુલમાં, પણ જન્મેલાનું વૃત્ત=આચાર, જ વિશેષ છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ૧૯॥ ॥૧૦॥

ભાવાર્થ :-

(૧૯) ગર્હિત એવાં પાપસ્થાનોમાં અપ્રવર્તન તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

લોકમાં પણ મદ્ય-માંસસેવન, પરસ્ત્રીગમનાદિ નિંદ્યકૃત્ય કહેવાયાં છે અને લોકોત્તર ધર્મમાં પણ આ સર્વ પ્રવૃત્તિ નિંદ્ય કહેવાઈ છે. તેથી તેવી પ્રવૃત્તિ સારા ગૃહસ્થો ક્યારેય કરે નહિ એટલું જ નહિ પરંતુ મન-વચન-કાયાના કોઈ વ્યાપાર તે પ્રવૃત્તિમાં ન થાય તેમ અત્યંત યત્ન કરે છે. આ પ્રકારના સામાન્ય પણ પાપની નિવૃત્તિથી આચારની શુદ્ધિ થયે છતે આ ગૃહસ્થ કુલાદિમાં ઉત્પન્ન થયો છે. તે પ્રકારનું માહાત્મ્ય તે પુરુષનું ઉત્પન્ન થાય છે.

કેમ આચારની શુદ્ધિથી પુરુષનું માહાત્મ્ય ઉત્પન્ન થાય છે ? તેમાં સાક્ષી આપતાં કહે છે –

હીન આચારવાળાનું સારું કુલ પ્રમાણ નથી અર્થાત્ સફળ નથી, તે પ્રમાણે મારી મતિ છે. અને હલકા પણ કુલમાં થયેલાના સુંદર આચાર હોય અર્થાત્ મદ્ય, માંસાદિના ત્યાગરૂપ સુંદર આચાર હોય તો તેઓ વિશેષ ગણાય છે. માટે સુંદર કુલની ઉત્પત્તિ માત્ર સારા કુલથી થતી નથી પરંતુ ઉત્તમ આચારથી થાય છે. આથી ગૃહસ્થો અત્યંત નિંદનીય એવા આચારોથી હંમેશાં દૂર રહે છે જે તેઓનો ધર્મ છે. **૧૯॥ ॥૧૦॥**

ટીકા :-

तथा भर्त्तव्यानां=भर्त्तुं योग्यानां मातापितृगृहिण्यपत्यसमाश्रितस्वजनलोकतथाविधभृत्यप्रभृतीनां, भरणं=पोषणम्, तत्र त्रीण्यवश्यं भर्त्तव्यानि, मातापितरौ, सती भार्या अलब्धबलानि चापत्यानीति यत उक्तम्–

"वृद्धौ च मातापितरौ, सतीं भार्यां सुतान् शिशून् ।
अप्यकर्मशतं कृत्वा, भर्त्तव्यान्मनुरब्रवीत् ।।१।।"

विभवसम्पत्तौ चान्यानपि । अन्यत्राप्युक्तम् –

"चत्वारि ते तात गृहे वसन्तु, श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो भगिनी व्यपत्या, जातिश्च वृद्धो विधनः कुलीनः ।।१।।" **इति २० ।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને ભર્તવ્યનું=ભરણ-પોષણ કરવા યોગ્ય એવાં માતા-પિતા, પત્ની, પુત્ર, સમાશ્રિત સ્વજનલોક અને તેવા પ્રકારના નોકર વગેરેનું, ભરણ=પોષણ, કરવું જોઈએ. ત્યાં=ભર્તવ્યમાં, ત્રણનું અવશ્ય પોષણ કરવું જોઈએ. ૧. માતા-પિતા ૨. સતી સ્ત્રી ૩. અલબ્ધબલવાળા એવા પુત્રો. આ ત્રણનું અવશ્ય પાલન કરવું જોઈએ. જે કારણથી કહેવાયું છે –

"વૃદ્ધ માતા-પિતા, સતી ભાર્યા, શિશુ અવસ્થાવાળા પુત્રોને સેંકડો અકર્મ કરીને પણ પોષણ કરવાં જોઈએ, એમ મનુ કહે છે."

પૂર્વમાં ભર્તવ્ય કેટલા છે તે બતાવ્યું અને ત્યાર પછી કહ્યું કે ત્રણનું અવશ્ય પોષણ કરવું જોઈએ. હવે અન્યનું પણ ક્યારે પોષણ કરવું જોઈએ તે બતાવે છે –

વૈભવની પ્રાપ્તિ હોતે છતે માતા-પિતાદિ પૂર્વમાં કહેલા ભર્તવ્યથી અન્યનું પણ પોષણ કરવું જોઈએ.

અન્યત્ર પણ કહેવાયું છે –

"હે તાત ! લક્ષ્મીથી યુક્ત એવા તારા ઘરમાં ગૃહસ્થધર્મ હોતે છતે ચાર વસો. ૧. દરિદ્ર એવા મિત્ર, ૨. વિધવા બહેન, ૩. સ્વજ્ઞાતિના વૃદ્ધો, ૪. ધન વગરના કુલીન."

'ઇતિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૨૦॥

ભાવાર્થ :-

(૨૦) ભર્તવ્યનું ભરણ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થે પોતાના ઉપર નિર્ભર રહેતા ભર્તવ્યનું પોષણ કરવું તે પણ ધર્મ છે; કેમ કે સ્વાર્થવૃત્તિથી તેઓની ઉપેક્ષા કરે તો શિષ્ટપણાનો નાશ થાય અને ઉચિત પ્રવૃત્તિ નહિ કરવાથી અધર્મની પ્રાપ્તિ થાય. અને ભર્તવ્યનું પોષણ કરવું તે ઉચિત પ્રવૃત્તિ હોવથી ગૃહસ્થનો ધર્મ છે.

ગૃહસ્થના ભર્તવ્ય કોણ છે ? તે બતાવે છે –

માતા-પિતા, પત્ની, પુત્રો, પોતાના પર આશ્રિત સ્વજનલોક અને જે સદા માટે તેમના ત્યાં કામ કરતા હોય તેવા પ્રકારનો નોકરવર્ગ. વળી ગૃહસ્થ પાસે વિશેષ વૈભવ ન હોય તો ત્રણનું તો અવશ્ય પોષણ કરવું જોઈએ. ૧. માતા-પિતા ૨. શીલસંપન્ન ભાર્યા ૩. સ્વ પર નિર્ભર ન થયા હોય તેવાં નાની ઉંમરના બાળકો. જો તેઓનું ભરણપોષણ ન કરવામાં આવે તો તેઓનો વિનાશ થાય. તેમાં મનુની સાક્ષી આપી કહ્યું કે સેંકડો અકર્મ કરીને પણ આ ત્રણનું અવશ્ય પોષણ કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે ગૃહસ્થે ઉચિત કૃત્ય કરીને જ આજીવિકા કરવી જોઈએ, આમ છતાં, કોઈક એવા વિષમ સંયોગોને કારણે આજીવિકા પ્રાપ્ત ન થતી હોય તો ગૃહસ્થ ગમે તે રીતે પણ પોતાની આજીવિકામાં યત્ન કરે છે. તેમ ત્રણના માટે પણ અવશ્ય યત્ન કરવો જોઈએ. જો તે યત્ન સ્વાર્થવૃત્તિને કારણે કરવામાં ન આવે તો ધર્મનો નાશ થાય. ત્યાં કહ્યું કે સતી ભાર્યાનું અવશ્ય પોષણ કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ સ્ત્રી દુરાચારી હોય તો તેને ઘરમાંથી કાઢી મૂકે તોપણ કોઈ દોષ નથી.

વળી, કહ્યું કે વૈભવ હોય તો અન્ય સર્વનું પણ પોષણ કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે વૈભવસંપન્ન શ્રાવક ધર્મનો અર્થી હોય તો જેમ ધર્મમાં ધન વ્યય કરે છે તેમ સંસારમાં સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી માતા-પિતાદિ ત્રણથી અતિરિક્ત પાલન કરવા યોગ્ય એવા સર્વનું અવશ્ય પાલન કરે. જો તેઓની ઉપેક્ષા કરીને માત્ર સ્વાર્થથી પોતાનું અને પોતાના કુટુંબનું જ પાલન કરે તો અધર્મની પ્રાપ્તિ થાય. **૨૦॥**

ટીકા :-

તથા દીર્ઘકાલભાવિત્વાદ્દીર્ઘસ્યાર્થસ્યાનર્થસ્ય ચ દૃષ્ટિઃ પર્યાલોચનં સુવિમૃશ્યકારિત્વમિત્યર્થઃ, અવિમૃશ્યકારિત્વે હિ મહાદોષસમ્ભવાત્ યત ઉક્તમ્–

"સહસા વિદધીત ન ક્રિયામવિવેકઃ પરમાપદાં પદમ્ ।
વૃણુતે હિ વિમૃશ્યકારિણં, ગુણલુબ્ધાઃ સ્વયમેવ સમ્પદઃ ।।૧।।" **ઇતિ ૨૧।।**

ટીકાર્થ :-

તથા ..... ઇતિ ।। અને દીર્ઘકાલભાવિપણું હોવાથી દીર્ઘ એવા અર્થની અને અનર્થની દૃષ્ટિ=પર્યાલોચન, તે દીર્ઘદૃષ્ટિ છે=સુંદર વિચારપૂર્વક કરવાપણું છે એ પ્રકારનો અર્થ છે; કેમ કે અવિચારપૂર્વક કરવાપણામાં મહાદોષનો સંભવ છે. જે કારણથી કહેવાયું છે –

"સહસા ક્રિયાને કરવી જોઈએ નહિ; કેમ કે અવિવેક પરમ આપત્તિનું સ્થાન છે. વિમૃશ્યકારી જીવોને=વિચારક જીવોને ગુણમાં લુબ્ધ એવી સંપત્તિ સ્વયં જ વરે છે."

'ઇતિ' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ૨૧।।

ભાવાર્થ :-

(૨૧) દીર્ઘદૃષ્ટિ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

સંસારમાં વિચારક જીવો દીર્ઘદૃષ્ટિવાળા હોય છે. દીર્ઘદૃષ્ટિથી પદાર્થને જોઈને પ્રવૃત્તિ કરવી તે પણ ગૃહસ્થનો ધર્મ છે. આથી દીર્ઘદૃષ્ટિવાળા ધર્માત્માઓ આલોક અને પરલોકમાં વ્યાઘાત ન થાય તેવી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. દીર્ઘદૃષ્ટિનો અર્થ કરે છે. દીર્ઘ એવા અર્થ અને અનર્થની દૃષ્ટિ=દીર્ઘ એવા અર્થ અને અનર્થનું પર્યાલોચન તે દીર્ઘદૃષ્ટિ અને ધર્મી જીવ આજીવન સુધીનું આલોકનું પણ હિત વિચારે છે, તેમ પરલોકનું પણ હિત વિચારે છે અને આલોક-પરલોકને સામે રાખીને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે. તેવો પુરુષ દીર્ઘદૃષ્ટિવાળો છે. અવિચારક રીતે પ્રવૃત્તિ કરવામાં મહાદોષનો સંભવ છે. તેમાં સાક્ષી આપી તેનું તાત્પર્ય એ છે કે વિચારક પુરુષે કોઈ ક્રિયા અંદરથી ઇચ્છા ઊઠે કે સહસા કરવી જોઈએ નહિ, પરંતુ તે ક્રિયાનું ભાવિ અને વર્તમાનમાં ફળ શું છે ? પરલોકમાં ફળ શું છે ? તેનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ; કેમ કે તેવો વિચાર કર્યા વગર અવિવેકપૂર્વક પ્રવૃત્તિ કરવામાં આવે તો તે અવિવેક, પરમ આપત્તિનું સ્થાન છે. અર્થાત્ તે અવિવેકથી આલોકમાં પણ આપત્તિ આવે અને અંતે પરલોકમાં પણ આપત્તિ આવે. વળી, જેઓ વિચારપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેઓમાં માર્ગાનુસારી બુદ્ધિરૂપ ગુણ છે અને સંપત્તિ હંમેશાં જીવના ગુણમાં લુબ્ધ હોય છે. તેથી જે જીવોમાં વિચારપૂર્વક કરવાની માર્ગાનુસારી બુદ્ધિ છે તેઓના ગુણમાં લુબ્ધ થયેલ લક્ષ્મી બાહ્ય સંપત્તિ દ્વારા કે અંતરંગ સંપત્તિ દ્વારા તે પુરુષને વરે છે. આથી જેઓ વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા છે તેઓને ક્વચિત્ કર્મના દોષથી બાહ્ય આપત્તિ દેખાય તોપણ તેની ઉત્તમપ્રવૃત્તિને કારણે પ્રાયઃ પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય. કદાચ આ ભવમાં પૂર્વભવનું બાધક કર્મ વિશિષ્ટ હોય તો સંપત્તિ પ્રાપ્ત ન થાય તોપણ

વિચારપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરનારા પુરુષને અવશ્ય જન્માન્તરમાં ઉત્તમ કુલાદિ સંપત્તિ પ્રાપ્ત થાય છે અને અંતરંગ રીતે ઉત્તમ પ્રકૃતિરૂપ ગુણસંપત્તિ પ્રાપ્ત થાય છે. માટે વિચારક પુરુષે દીર્ઘકાળનું હિત વિચારીને ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. **૨૧॥**

ટીકા :-

तथा धर्मस्याभ्युदयनिःश्रेयसहेतोरिहैव शास्त्रे वक्तुं प्रस्तावितस्य कान्तकान्तासमेतयुवजन-किन्नरारब्धगीताकर्णनोदाहरणेन श्रुतिः श्रवणम्, तस्माच्च मनःखेदापनोदादि गुणः स्यात् यदाह–

"क्लान्तमपोज्झति खेदं, तप्तं निर्वाति बुध्यते मूढम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ।।१।।"

प्रत्यहं धर्मश्रवणं चोत्तरोत्तरगुणप्रतिपत्तिसाधनत्वात्प्रधानमिति २२ ।।

ટીકાર્થ :-

तथा ..... प्रधानमिति ।। અને અભ્યુદય અને મોક્ષના હેતુ એવા, અહીં જ શાસ્ત્રમાં કહેવા માટે પ્રસ્તાવિત એવા ધર્મની, કાન્તાથી યુક્ત એવા કાન્ત યુવાનજનને કિન્નરથી આરબ્ધ ગીતના શ્રવણના ઉદાહરણથી શ્રુતિ=શ્રવણ, તે ધર્મશ્રુતિ છે. અને તેનાથી=તે ધર્મશ્રુતિથી, મનના ખેદના અપનોદ આદિ ગુણ થાય છે. જે તે કહે છે.

"વ્યાકુલ=પ્રવૃત્ત, ઉપયુક્ત સુભાષિતવાળું ચિત્ત કલાન્ત એવા ખેદને દૂર કરે છે=વિષમસંયોગથી ખિન્ન થયેલા એવા ખેદને દૂર કરે છે. તપ્ત અવસ્થાને દૂર કરે છે. અર્થાત્ આત્મામાં તેવા સંયોગથી જે તપ્ત અવસ્થા થઈ છે તેને શાંત કરે છે, મૂઢને બોધ કરાવે છે. સ્થિરતાને પામે છે."

અને પ્રતિદિન ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર ગુણ પ્રતિપત્તિનું સાધનપણું હોવાથી પ્રધાન છે.

'इति' કથનની સમાપ્તિ અર્થે છે. ૨૨॥

ભાવાર્થ :-

(૨૨) ધર્મશ્રુતિ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થે પ્રતિદિન ધર્મનું શ્રવણ કરવું જોઈએ; કેમ કે ધર્મશ્રવણ સદ્ગૃહસ્થ માટે શ્રેષ્ઠ કોટિનો ધર્મ છે. તે ધર્મ કેવા સ્વરૂપવાળો છે, તે બતાવતાં કહે છે –

અભ્યુદય અને નિઃશ્રેયસનો હેતુ ધર્મ છે. તેથી સમ્યક્ સેવાયેલો ધર્મ સંસારમાં જીવને સુખ-શાંતિ આપે છે અને અંતે મોક્ષરૂપ ફળ આપે છે. વળી, તે ધર્મ પ્રસ્તુત ગ્રંથમાં જ કહેવા માટે પ્રસ્તાવિત છે. તેવા ધર્મને સાંભળવા માટે શ્રાવક સદા તત્પર હોય.

કઈ રીતે સાંભળે ? તેથી બતાવે છે –

જેમ કોઈ પુરુષ રૂપસંપન્ન હોય, સુંદર સ્ત્રીથી પરિવરેલો હોય, યુવાન હોય અને કિન્નરથી આરબ્ધ ગીતને સાંભળવામાં જે રીતે તત્પર હોય તે રીતે ગૃહસ્થ ધર્મ સાંભળવામાં તત્પર હોય. વળી, તે ધર્મશ્રવણથી શ્રાવકના ચિત્તમાં થયેલા ખેદાદિ દોષો દૂર થાય છે. અર્થાત્ કોઈક એવા વિષમ સંયોગોને કારણે મન ખિન્ન રહેતું હોય તો ધર્મના શ્રવણને કારણે ચિત્ત પ્રસન્નતાને પામે છે. ખેદાદિ દોષો દૂર થાય છે. તેમાં સાક્ષી આપે છે. ધર્મ સાંભળવામાં વ્યાકુળ એવું ચિત્ત=પ્રવૃત્ત એવું ચિત્ત, કલાન્ત એવા ખેદને=ચિત્તને વિહ્વળ કરે તેવા ખેદને, દૂર કરે છે; કેમ કે ધર્મશ્રવણથી ચિત્ત બાહ્ય પદાર્થો પ્રત્યે નિરપેક્ષ બને છે. અને બાહ્ય પદાર્થની સાપેક્ષતાને કારણે વિષમ સંયોગોમાં ચિત્ત ખેદને પ્રાપ્ત કરે છે. બાહ્ય પદાર્થ પ્રત્યે નિરપેક્ષ થયેલ ચિત્ત જેમ મનનો ખેદ દૂર કરે છે તેમ કષાયોની તપ્ત અવસ્થાને શાંત કરે છે. વળી, પોતે મોહથી મૂઢ છે તેવા મૂઢને બોધ કરાવે છે. અર્થાત્ ધર્મશ્રવણથી તેને જ્ઞાન થાય છે કે મોહથી મૂઢને જ આ સર્વ ક્લેશો હોય છે. જેને મોહ નથી તેને જગતના બાહ્ય પદાર્થજન્ય કોઈ ઉપદ્રવ નથી. આ રીતે મૂઢને બોધ કરાવીને ધર્મથી વાસિત ચિત્ત યોગમાર્ગને અનુકૂળ એવી સ્થિરતાને પ્રાપ્ત કરે છે. માટે ગૃહસ્થે પ્રતિદિન ધર્મશ્રવણ કરવું જોઈએ; કેમ કે પ્રતિદિન ધર્મશ્રવણથી ગૃહસ્થને ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિ થાય છે. માટે ગૃહસ્થ માટે ધર્મશ્રવણ પ્રધાન અંગ છે. **૨૨॥**

ટીકા :-

तथा दया=दुःखितजन्तुदुःखत्राणाभिलाषः, दयालुर्हि सर्वसत्त्वहितकाङ्क्षितया परमयतनावान् सर्वमेव धर्मं क्षमादिसारमाराधयति, तदुक्तम्–"धर्मस्य दया मूलम्" **[प्रशमरति का. १६८] इत्यादि २३ ।।**

ટીકાર્થ :-

तथा ..... इत्यादि ।। અને દુઃખિત જન્તુના દુઃખના ત્રાણનો અભિલાષ=દુઃખ દૂર કરવાનો અભિલાષ, દયા છે. જે કારણથી સર્વ જીવોનું હિતકાંક્ષીપણું હોવાને કારણે પરમયતનાવાળો દયાળુ જીવ ક્ષમાદિ સાર એવા સર્વ જ ધર્મનું આરાધન કરે છે. તે કહેવાયું છે=દયા સર્વધર્મનો સાર છે તે કહેવાયું છે.

"ધર્મનું મૂળ દયા છે." **(પ્રશમરતિ કા. ૧૬૮) ઇત્યાદિથી અન્ય ઉદ્ધરણનો સંગ્રહ કરવો. ૨૩॥**

ભાવાર્થ :-

(૨૩) દયા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

દયા ગૃહસ્થનો ધર્મ છે.

દયાનું સ્વરૂપ બતાવે છે –

સંસારમાં દુઃખી જીવોને જોઈને તેઓના દુઃખને દૂર કરવાનો અભિલાષ તે દયા છે અને આવા દયાળુ જીવો બધા જીવોની હિતની કાંક્ષા રાખનારા હોય છે. તેથી સંસારના આરંભમાં પણ પરમ યત્નાવાળા હોય છે. તેથી તેવા સદ્ગૃહસ્થ ક્ષમાદિ સાર એવા સર્વધર્મનું આરાધન કરે છે; કેમ કે દયાળુ જીવની દયા

ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષમા, માર્દવ આદિ ગુણોને અવશ્ય પ્રાપ્ત કરાવે છે. 'સર્વધર્મનું મૂળ દયા છે' તે પ્રમાણે પ્રશમરતિમાં કહેવાયું છે તેથી ગૃહસ્થે હંમેશાં સર્વ જીવો પ્રત્યે દયાપ્રધાન વર્તન કરવું જોઈએ. **૨૩॥**

ટીકા :-

तथा अष्टभिर्बुद्धिगुणैर्योगः=समागमः, बुद्धिगुणाः शुश्रूषादयः, ते त्वमी–

"शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
ऊहोऽपोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ।।१।।"

तत्र शुश्रूषा=श्रोतुमिच्छा, श्रवणमाकर्णनम्, ग्रहणं=शास्त्रार्थोपादानम्, धारणमविस्मरणम्, ऊहो=विज्ञातमर्थमवलम्ब्य अन्येषु तथाविधेषु व्याप्त्या वितर्कणम्, अपोह=उक्तियुक्तिभ्यां विरुद्धादर्थात् हिंसादिकात् प्रत्यपायसम्भावनया व्यावर्त्तनम्; अथवा ऊहः सामान्यज्ञानमपोहो विशेषज्ञानम्, अर्थविज्ञानमूहापोहयोगान्मोहसन्देहविपर्यासव्युदासेन ज्ञानम्, तत्त्वज्ञानमूहापोहविशुद्धमिदमित्थमेवेति निश्चयः, शुश्रूषादिभिर्हि उपाहितप्रज्ञाप्रकर्षः पुमान्न कदाचिदकल्याणमाप्नोति, एते च बुद्धिगुणा यथासंभवं द्रष्टव्याः २४ ।।

ટીકાર્થ :-

तथा ..... द्रष्टव्याः ।। અને આઠ બુદ્ધિના ગુણોની સાથે યોગ=સમાગમ. બુદ્ધિના ગુણો શુશ્રૂષાદિ છે. વળી તે આ છે=આગળમાં કહેવાય છે એ છે –

૧. "શુશ્રૂષા=તત્ત્વને સાંભળવાની ઇચ્છા. ૨. શ્રવણ=તત્ત્વનું શ્રવણ. ૩. ગ્રહણ=તત્ત્વનું ગ્રહણ. ૪. ધારણ=ગ્રહણ કરાયેલા તત્ત્વનું બુદ્ધિમાં ધારણ. ૫. ત્યારપછી ઊહ=ધારણ કરાયેલા તત્ત્વ પ્રત્યે સૂક્ષ્મ વિચારણા. ૬. ત્યાર પછી અપોહ ૭. અર્થવિજ્ઞાન અને ૮. તત્ત્વજ્ઞાન બુદ્ધિના ગુણો છે." ।।૧।।

ત્યાં=બુદ્ધિના ગુણોમાં, ૧. સાંભળવાની ઇચ્છા શુશ્રૂષા છે=તત્ત્વને સાંભળવાની ઇચ્છા શુશ્રૂષા છે. ૨. શ્રવણ=તત્ત્વને સાંભળવું. ૩. ગ્રહણ=શાસ્ત્રમાં અર્થનું યથાર્થ ગ્રહણ. ૪. ધારણ=ગ્રહણ કરાયેલ અર્થનું અવિસ્મરણ. ૫. ઊહ=જાણેલા અર્થનું અવલંબન લઈને તેવા પ્રકારના અન્ય પદાર્થોમાં વ્યાપ્તિથી વિતર્કણ=વિશેષ રૂપે અવલોકન. ૬. અપોહ=ઉક્તિ અને યુક્તિ દ્વારા હિંસાદિ એવા વિરુદ્ધ અર્થથી પ્રત્યપાયની સંભાવનાને કારણે વ્યાવર્તન. 'અથવા'થી ઊહનો અને અપોહનો અન્ય અર્થ કરે છે. ઊહ એટલે સામાન્ય જ્ઞાન અને અપોહ એટલે વિશેષજ્ઞાન. ૭. અર્થવિજ્ઞાન=ઊહ અને અપોહના યોગને કારણે મોહ, સંદેહ અને વિપર્યાસના વ્યુદાસથી થતું જ્ઞાન અર્થવિજ્ઞાન છે. ૮. તત્ત્વજ્ઞાન=ઊહ-અપોહથી વિશુદ્ધ 'આ આમ જ છે' એ પ્રકારનો નિશ્ચય. શુશ્રૂષાદિ વડે જ પ્રાપ્ત થયેલી પ્રજ્ઞાના પ્રકર્ષવાળો પુરુષ ક્યારેય પણ અકલ્યાણને પ્રાપ્ત કરતો નથી. અને આ બુદ્ધિના ગુણો ગૃહસ્થમાં યથાસંભવ જાણવા - દરેક ગૃહસ્થને તેની યોગ્યતાને અનુસાર તરતમતાથી જાણવા. ૨૪॥

ભાવાર્થ :-

(૨૪) બુદ્ધિના આઠ ગુણોનો યોગ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થ સ્વશક્તિ અનુસાર બુદ્ધિના આઠ ગુણ સાથે સમાગમ કરવા યત્ન કરે છે; કેમ કે વિચારક ગૃહસ્થને સંસારનું સ્વરૂપ જીવ માટે વિડંબનારૂપ છે તેવું માર્ગાનુસારી બુદ્ધિથી જણાય છે અને આ સંસારના ઉચ્છેદનો ઉપાય સત્શાસ્ત્રનો બોધ કરવો અને સત્શાસ્ત્રના વચનાનુસાર પ્રવૃત્તિ કરવી એ છે તેવો સ્થિર નિર્ણય છે. તેથી તેની માર્ગાનુસારી પ્રજ્ઞાને કારણે હંમેશાં તેને શાસ્ત્રના પરમાર્થને સાંભળવાની ઇચ્છા વર્તે છે અને તે સાંભળવાની ઇચ્છાથી પ્રેરાઈને તે વિવેકી ગૃહસ્થ યોગીઓ પાસે અર્થનું શ્રવણ કરે છે. અર્થનું શ્રવણ કર્યા પછી કોઈ સ્થાનમાં નિર્ણય ન થાય તો તેઓને પૂછીને તે સત્શાસ્ત્રના અર્થનું યથાર્થ ગ્રહણ કરે છે. ગ્રહણ કરાયેલા અર્થને સ્વશક્તિ અનુસાર પરાવર્તન કરીને તેનું ધારણ કરે છે જેથી તે અર્થનું પોતાને વિસ્મરણ ન થાય પરંતુ બોધ થયેલો પદાર્થ સદા બુદ્ધિ સમક્ષ ઉપસ્થિત રહે. જેનાથી સર્વત્ર વિશેષ રીતે ઉચિત પ્રવૃત્તિ થાય છે. વળી, વિવેકી એવો ગૃહસ્થ ધારણ કરાયેલા અર્થનું અવલંબન લઈને ઊહ કરે છે. અર્થાત્ જે પ્રકારે મહાત્માએ આ પદાર્થ આમ બતાવેલ છે. તે રીતે અન્ય - અન્ય પદાર્થોમાં તે વચનનું યોજન કરે છે. જેથી શાસ્ત્રશ્રવણથી થયેલો બોધ વિસ્તારને પામે છે. વળી, ઊહ કર્યા પછી શાસ્ત્રવચનની ઉક્તિથી અને પોતાની બુદ્ધિથી કરાયેલ ઊહથી પ્રગટ થયેલ યુક્તિથી હિંસાદિ એવી અનર્થકારી પ્રવૃત્તિથી પોતાને અનર્થની સંભાવના છે, તેવો નિર્ણય કરીને તે પાપોનું વ્યાવર્તન કરે છે. અર્થાત્ ઊહ કર્યા પછી તે બોધને અનુરૂપ ઉચિત આચરણા કરીને શક્તિ અનુસાર આરંભ-સમારંભથી ગૃહસ્થ નિવર્તન પામે છે. અથવા ઊહ અને અપોહનો અન્ય અર્થ કરે છે. ઊહ એટલે સામાન્યજ્ઞાન અને અપોહ એટલે વિશેષ જ્ઞાન. તેથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રના ગ્રહણ કરાયેલા અર્થોને ધારણ કર્યા પછી તે પદાર્થ વિષયક ઊહાપોહ કરવામાં આવે છે કે આ વચન કઈ રીતે સંગત થાય ? તેમાં આ વચન કઈ રીતે સંગત છે ? તે ઊહરૂપ છે તે સામાન્યજ્ઞાન છે. અને આ વચન આ રીતે સંગત છે તેવો વિશેષ નિર્ણય તે વિશેષજ્ઞાન છે. અને આ રીતે ઊહાપોહનો યોગ કરવાથી=શાસ્ત્રથી જાણેલા પદાર્થો ઉપર ઊહાપોહ કરવાથી, કોઈક સ્થાનમાં પોતાને અજ્ઞાન હોય તો તે દૂર થાય છે. કોઈક સ્થાનમાં પોતાને સંદેહ હોય તો તે દૂર થાય છે. અને કોઈક સ્થાનમાં પોતાને વિપર્યાસ હોય તો તે દૂર થાય છે અને જે યથાર્થ જ્ઞાન થાય છે તે અર્થવિજ્ઞાન છે=પદાર્થનું સમ્યગ્જ્ઞાન છે. આ અર્થવિજ્ઞાન કર્યા પછી તત્ત્વજ્ઞાન થાય છે; કેમ કે તે અર્થવિજ્ઞાન કર્યા પછી ફરી-ફરી અનેક યુક્તિઓથી તે પદાર્થનો ઊહાપોહ કરવામાં આવે ત્યારે શાસ્ત્રવચનનો આ અર્થ આમ જ છે. તેવો સ્થિર નિર્ણય થાય છે. તે તત્ત્વજ્ઞાન છે. અને આ બુદ્ધિના આઠ ગુણોમાં વિવેકી ગૃહસ્થ પોતાની શક્તિ અનુસાર યત્ન કરે તો તે ગુણોની વૃદ્ધિ થાય છે. અને જેઓ તે પ્રકારે યત્ન કરે નહિ તેઓમાં તે તે ગુણોને પ્રગટ કરવાની શક્તિ હોવા છતાં તે તે ગુણ પ્રગટ થતા નથી કે વૃદ્ધિ પામતા નથી. જે ગૃહસ્થમાં શુશ્રૂષાદિ ગુણોને કારણે પ્રજ્ઞાનો પ્રકર્ષ થયો છે તેવો પુરુષ આ સંસારમાં ક્યારેય પણ અકલ્યાણને પામતો નથી; કેમ કે બુદ્ધિના આઠ ગુણોથી નિર્મળ બુદ્ધિવાળા જીવો જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ એકાંતે હિતનું કારણ બને છે. વળી આ બુદ્ધિના ગુણોને પોતાનામાં પ્રગટ કરવા અર્થે જે ગૃહસ્થ જેટલો પ્રયત્ન કરે તેટલા પ્રયત્ન

અનુસાર પોતાની સ્વાભાવિક જ્ઞાનાદિ શક્તિને અનુરૂપ તે તે ગુણો તેનામાં પ્રગટ થાય છે; કેમ કે તે તે ગુણોનાં આવારક કર્મોની પ્રચુરતા જેમનામાં છે. તેઓને ઘણા યત્નથી પણ તે તે ગુણો અલ્પ પ્રમાણમાં પ્રગટ થાય છે. અને જેમનામાં તે તે ગુણોનાં આવારક કર્મો શિથિલ છે તેઓને તે તે ગુણોને અનુકૂળ પ્રયત્ન અનુસાર તે તે ગુણો અતિશયતાથી પ્રાપ્ત થાય છે. જે જીવોમાં બુદ્ધિના આઠ ગુણોનાં આવારક કર્મો શિથિલ છે તેઓ, જો અતિશયથી પ્રયત્ન કરે તો શુશ્રૂષાદિ ગુણો દ્વારા પ્રજ્ઞાના પ્રકર્ષવાળા થાય છે અને શુશ્રૂષાદિ ગુણો દ્વારા પ્રજ્ઞાના પ્રકર્ષવાળા થયેલા જીવો ક્યારેય અકલ્યાણને પ્રાપ્ત કરતા નથી. તેથી ગૃહસ્થે અવશ્ય સ્વશક્તિને ગોપવ્યા વગર બુદ્ધિના આઠ ગુણોમાં શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરવો જોઈએ. **૨૪॥**

ટીકા :-

तथा गुणेषु=सौजन्यौदार्यधैर्यदाक्षिण्यस्थैर्यप्रियप्रथमाभिभाषणादिषु स्वपरयोरुपकारकारणेष्वात्मधर्मेषु, पक्षपातो=बहुमानं तत्प्रशंसासाहाय्यदानादिनानुकूला प्रवृत्तिः, गुणपक्षपातिनो हि जीवा अवन्ध्यपुण्यबीजनिषेकेणेहामुत्र च गुणग्रामसम्पदमारोहन्ति २५।। ।।११।।

ટીકાર્થ :-

तथा ..... आरोहन्ति ।। અને ગુણોમાં=સૌજન્ય, ઔદાર્ય, ધૈર્ય, દાક્ષિણ્ય, સ્થૈર્ય, પ્રિય એવું પ્રથમ અભિભાષણ આદિરૂપ સ્વ-પર ઉપકારના કારણ એવા આત્મધર્મમાં, પક્ષપાત=બહુમાન, તત્ પ્રશંસા સાહાય્ય દાનાદિ દ્વારા અનુકૂલ પ્રવૃત્તિ=સૌજન્યાદિ ગુણોની પ્રશંસા અને તેવા ગુણવાળાઓને સહાય આપવા આદિથી તે ગુણવાળા જીવોને અનુકૂળ પ્રવૃત્તિ કરવી જોઈએ. હિ=જે કારણથી ગુણના પક્ષપાતી જીવો અવંધ્ય પુણ્યબીજના સિંચનથી આલોક અને પરલોકમાં ગુણના સમૂહની સંપદાને આરોહણ કરે છે. ૨૫।। ।।૧૧।।

ભાવાર્થ :-

(૨૫) ગુણોમાં પક્ષપાત તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગુણોનો પક્ષપાત કરવો તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

તે ગુણો બતાવે છે –

૧. સૌજન્ય=સર્વ જીવો સાથે સૌજન્યપૂર્વક=સજ્જનતાપૂર્વક, વર્તન કરવું. ૨. ઔદાર્ય=સર્વ પ્રવૃત્તિઓમાં ઉદારતાપૂર્વક પ્રવૃત્તિ કરવી. ૩. ધૈર્ય=ઉચિત પ્રવૃત્તિઓ ધીરતાપૂર્વક કરવી. અર્થાત્ દુષ્કર પણ અનુષ્ઠાન ધીરતાપૂર્વક કરવાથી ક્રમે કરીને સમ્યક્ નિષ્પન્ન થાય છે. તેથી ધર્માનુષ્ઠાનમાં ધૈર્યપૂર્વક પ્રવૃત્તિ કરવી. અથવા વિષમ સંયોગો આવે તોપણ ધૈર્યપૂર્વક તેનો ઉકેલ કરે પરંતુ દીનતા ધારણ ન કરે. ૪. દાક્ષિણ્ય=બધા સાથે અનુકૂલપણાથી વર્તન કરે પરંતુ સ્વાર્થપૂર્વક વર્તન કરે નહિ. ૫. સ્થૈર્ય=દરેક પ્રવૃત્તિ વિચારીને સ્થિરતાપૂર્વક કરે. ચિત્તની અત્યંત અસ્થિરતા ધારણ કરે નહિ. ૬. કોઈની સાથે પ્રથમ સંભાષણ પ્રીતિ ઉત્પન્ન કરે તેવું કરે પરંતુ પ્રથમ સંભાષણ અપ્રિય કરે નહિ. ક્વચિત્ કોઈ પુરુષ કાર્ય બરાબર ન કરે તો

પાછળથી ગૃહસ્થને ક્યારેક કટુવચન બોલવાનો પ્રસંગ આવે. પરંતુ પ્રથમ વચનપ્રયોગ હંમેશાં પ્રિય હોય તેવો કરે. ગૃહસ્થના આ સર્વધર્મો સ્વ-પરના ઉપકારના કારણ છે; કેમ કે આવા ધર્મવાળા જીવને વર્તમાનમાં પણ ચિત્તના ક્લેશો થતા નથી અને તેના સંબંધમાં આવનારા જીવોને ક્લેશના કારણ બનતા નથી પરંતુ ઉચિત પ્રવૃત્તિ કરનારા બને છે. આવા પ્રકારના આત્માના ધર્મોમાં ગૃહસ્થે પક્ષપાત કરવો જોઈએ=બહુમાન કરવું જોઈએ અને સૌજન્યાદિ ધર્મની હંમેશાં પ્રશંસા કરવી જોઈએ અને તેવા ધર્મોવાળા અન્ય જીવોને સહાય કરવી જોઈએ. ઇત્યાદિ તેવા ગુણોવાળા પુરુષો સાથે જ અનુકૂળ પ્રવૃત્તિ છે. તે ગુણોનો પક્ષપાત છે.

અહીં પ્રશ્ન થાય કે આવા ગુણોનો પક્ષપાત કરવાથી ગૃહસ્થને શું પ્રાપ્ત થાય ? તેથી કહે છે –

ગુણના પક્ષપાતી જીવો અવંધ્યપુણ્યબીજના સિંચનથી=ઉત્તરોત્તર પુણ્ય વધે તેવા પુણ્યના બીજરૂપ ગુણોના સિંચનથી, આલોક અને પરલોકમાં ગુણના સમુદાયની સંપદાને પ્રાપ્ત કરે છે.

આશય એ છે કે જે ગૃહસ્થને સૌજન્યાદિ ગુણોનો પક્ષપાત છે તે ગૃહસ્થમાં સૌજન્યાદિ ગુણો ઉત્તરોત્તર પ્રગટ થાય છે. જે અવંધ્ય એવા પુણ્યના બીજરૂપ છે અને તે અવંધ્યપુણ્યના બીજભૂત ગુણોના સિંચનથી તેઓનો આત્મા આ ભવમાં પણ ગુણની સંપત્તિને પ્રાપ્ત કરે છે અને પરભવમાં પણ ગુણની સંપત્તિને પ્રાપ્ત કરે છે; કેમ કે ગુણના પક્ષપાતથી બંધાયેલું પુણ્ય ઉત્તમ કુલાદિની પ્રાપ્તિ કરાવી જીવનમાં અધિક-અધિક ગુણોનું આધાન કરે છે. **૨૫॥ ॥૧૧॥**

ટીકા :-

तथा अनभिनिवेशोऽभिनिवेशराहित्यम्, अभिनिवेशश्च नीतिपथमनागतस्यापि पराभिभवपरिणामेन कार्यस्यारम्भः, स च नीचानां भवति यदाह–

"दर्पः श्रमयति नीचान्निष्फलनयविगुणदुष्करारम्भैः ।
स्रोतोविलोमतरणव्यसनिभिरायस्यते मत्स्यैः ।।१।।"

अनभिनिवेशश्च कादाचित्कः शाठ्यान्नीचानामपि सम्भवत्यत आह–'सदा' इति २६ ।।

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને અનભિનિવેશ=અભિનિવેશ રહિતપણું, અને નીતિપથમાં નહિ આવેલા પણ પરના અભિભવના પરિણામથી કાર્યનો આરંભ અભિનિવેશ છે. તે નીચ જીવોને થાય છે. જેને કહે છે –

"દર્પ નીચ જીવોને નિષ્ફળ નયવિગુણ એવા દુષ્કર આરંભ વડે શ્રમ કરાવે છે. પ્રવાહના વિલોમ તરવાના વ્યસનવાળા એવ મત્સ્યો વડે યત્ન કરાય છે."

અને અનભિનિવેશ ક્યારેય શઠપણાથી નીચ જીવોને પણ સંભવે છે. આથી કહે છે. સદા=સદા અનભિનિવેશ રાખવો જોઈએ.

'इति' કથનની સમાપ્તિ માટે છે. ૨૬॥

ભાવાર્થ :-

(૨૬) સદા અનભિનિવેશ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થે નીતિમાર્ગથી વિરુદ્ધ તેવા કાર્યમાં સદા અભિનિવેશ રાખવો જોઈએ નહિ.

અભિનિવેશ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

નીતિપથમાં નહિ આવેલું તેવું પણ કાર્ય, પરના અભિભવના પરિણામથી આરંભ કરાય તે અભિનિવેશ છે. જેમ, કોઈ પ્રવૃત્તિથી પોતાને કોઈ લાભ થતો હોય અથવા ન થતો હોય અને તે પ્રવૃત્તિનું કોઈ ફળ પ્રાપ્ત થતું હોય અથવા કોઈ ફળ ન હોય, આમ છતાં બીજાને પરાભવ કરવાના પરિણામથી તે કાર્યનો આરંભ કરાય તે અભિનિવેશ કહેવાય. અને આવો અભિનિવેશ નીચ જીવોને થાય છે.

તેમાં અન્યની સાક્ષી આપે છે –

જે જીવોમાં દર્પ છે તે દર્પ, જે કાર્યનું કોઈ ફળ ન હોય તેવા નિષ્ફળ, નયવિગુણ=યુક્તિ રહિત અને ઘણા શ્રમથી થાય તેવું દુષ્કર કાર્યના આરંભથી નીચ જીવોને શ્રમ કરાવે છે.

તે કથન દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

પ્રવાહથી વિપરીત દિશામાં તરવાના વ્યસનવાળા મત્સ્ય વડે યત્ન કરાય છે. અર્થાત્ પાણીનો પ્રવાહ જેમ ચાલતો હોય તેનાથી વિપરીત દિશામાં તરવાના વ્યસનને કારણે તે મત્સ્યને ઘણું કષ્ટ પડે છે. ક્યારેક મૃત્યુ પણ થાય છે. તોપણ તેવા ઊંધા સ્વભાવવાળા મત્સ્ય તેવું અર્થ વગરનું દુષ્કર કાર્ય કરે છે તેમ તે જીવોમાં હું આ કાર્ય કરી શકું છું. તે પ્રકારનો અહંકાર છે. તે જીવો નિષ્ફળ એવાં પણ અર્થ વગરનાં દુષ્કર કાર્ય કરવા યત્ન કરે છે, પરંતુ પોતાની શક્તિનું આલોચન કરીને ઉચિત કૃત્ય કરતા નથી તે અશક્ય અનુષ્ઠાન સેવવાનો અભિનિવેશ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે માનકષાયને વશ અર્થ વગરનું કાર્ય કરીને હું દુસ્કર કાર્ય કરી શકું છું તે બતાવવાનો અભિનિવેશ હોય અથવા બીજાને હીન દેખાડવાનો પ્રયત્ન જેમાં હોય તે અભિનિવેશ છે. વળી, અભિનિવેશરહિતપણું ક્યારેક શઠપણાને કારણે નીચ જીવોને પણ સંભવે છે. અર્થાત્ સામાન્યથી નીચ જીવો માનને વશ અભિનિવેશપૂર્વક કાર્ય કરનારા હોય છે તોપણ પોતે શિષ્ટ છે તે બતાવવા માટે શિષ્ટલોકજનની વચ્ચે શઠપણાથી અભિનિવેશ રહિત પ્રવૃત્તિ કરે તોપણ જે મિથ્યાભિમાનવાળા છે તેવા નીચ જીવો સદા અભિનિવેશ વગરના હોતા નથી; કેમ કે પ્રસંગ આવે ત્યારે તેઓની પ્રકૃતિ અવશ્ય અભિવ્યક્ત થાય છે. તેથી ગૃહસ્થના ધર્મ તરીકે કહ્યું કે સદા અનભિનિવેશવાળા રહેવું જોઈએ. તેથી સદ્ગૃહસ્થ હંમેશાં=માનકષાયને વશ થઈને અસંબદ્ધ કાર્ય કરવાનો આગ્રહ રાખે નહિ. પરંતુ જેનાથી કોઈનો અભિભવ ન થાય તેવી સફળ પ્રવૃત્તિ કરનારા જ હોય. **૨૬॥**

ટીકા :-

तथा [वस्त्व]वस्तुनोः कृत्याकृत्ययोः स्वपरयोर्विशेषस्यान्तरस्य ज्ञानं निश्चयः, अविशेषज्ञो हि

नरः पशोर्नातिरिच्येत, अथवा विशेषस्यात्मन एव गुणदोषाधिरोहलक्षणस्य ज्ञानम् । यदाह–

"प्रत्यहं प्रत्येवेक्षेत, नरश्चरितमात्मनः ।

किं नु मे पशुभिस्तुल्यं, किं नु सत्पुरुषैरिति!" ।।

तच्च कदाचिदितरस्यापि भवतीत्यत आह–'अन्वहम्' इति निरन्तरमित्यर्थः २७ ।।

ટીકાર્થ :-

तथा ..... निरन्तरमित्यर्थः ।। અને વસ્તુ-અવસ્તુના સ્વ-પરના કૃત્ય અકૃત્યના વિશેષનું=અંતરનું, જ્ઞાન=નિશ્ચય, તે વિશેષજ્ઞાન છે. અવિશેષને જાણનારો પુરુષ પશુથી અધિક નથી. અથવા આત્માના જ ગુણદોષના અધિરોહણ લક્ષણવિશેષનું જ્ઞાન વિશેષજ્ઞાન છે. જેને કહે છે –

"મનુષ્ય, 'શું હું પશુઓની સાથે તુલ્ય છું કે સત્પુરુષોની સાથે તુલ્ય છું' એ પ્રકારના પોતાના ચરિત્રને પ્રતિદિવસ જોનારો થાય."

અને તે=વિશેષજ્ઞાન, ક્યારેક ઇતરને પણ=ધર્મપરાયણ ગૃહસ્થથી ઇતરને પણ, થાય છે. એથી કહે છે.

પ્રતિદિવસ=નિરંતર, વિશેષજ્ઞાન કરનારો થાય એમ અન્વય છે. ૨૭।।

ભાવાર્થ :-

(૨૭) પ્રતિદિન વિશેષજ્ઞાન કરે તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થ પ્રતિદિવસ વિશેષ પ્રકારનું જ્ઞાન કરે.

વિશેષ પ્રકારના જ્ઞાનનો અર્થ કરે છે –

વસ્તુ-અવસ્તુના કૃત્ય-અકૃત્યનું=આ વસ્તુ કર્તવ્ય છે કે આ વસ્તુ અકર્તવ્ય છે તેનું પોતાના અને પરના વિષયમાં વિશેષ રૂપે જ્ઞાન કરે અર્થાત્ મારા માટે આ કૃત્ય કરવા જેવું છે અને આ કૃત્ય કરવા જેવું નથી. પરના માટે પણ આ કૃત્ય કરવા જેવું છે અને આ કૃત્ય કરવા જેવું નથી તેનો વિશેષ નિર્ણય કરે તે વિશેષજ્ઞાન કહેવાય. જે જીવ આવું વિશેષજ્ઞાન કર્યા વગર પોતાનું કૃત્ય કરે છે જેના ફળરૂપે પોતે દુઃખી થાય છે અને બીજાનું તેવું કૃત્ય કરીને તેનું અહિત કરે છે. જે મનુષ્ય સ્વ-પર વિષયક કૃત્યાકૃત્યનો વિચાર કરતા નથી તેઓ પશુ જેવા છે.

'અથવા'થી વિશેષજ્ઞાનનો અર્થ અન્ય પ્રકારે કરે છે –

પોતાનો આત્મા કયા પ્રકારના ગુણ અને કયા પ્રકારના દોષનું સેવન કરે છે ? તેનું વિશેષથી જ્ઞાન કરવું તે વિશેષજ્ઞાન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પોતે પ્રતિદિન ગુણસંપત્તિને વધારવા માટે ઉદ્યમ કરે છે કે પોતાના અનાદિના દોષો છે તેને પોષવા માટે ઉદ્યમ કરે છે, તેનું સૂક્ષ્મ આલોચન ગૃહસ્થે પ્રતિદિવસ કરવું જોઈએ. જેથી

ગુણવૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ થાય અને વિદ્યમાન દોષોની હાનિને અનુકૂળ ઉદ્યમ થાય.

તેમાં સાક્ષી આપતાં કહે છે કે સદ્‌ગૃહસ્થ પ્રતિદિવસ વિચારે કે જેમ પશુ કોઈ જાતનો વિચાર કર્યા વગર જીવન જીવે છે. તેના જેવું જીવું છું કે સત્‌પુરુષો હંમેશાં ગુણવૃદ્ધિને અનુકૂળ યત્ન કરનારા હોય છે તેની જેમ હું યત્ન કરું છું ? આ રીતે જે પુરુષ પ્રતિદિન આત્મનિરીક્ષણ કરે તે પુરુષ પ્રતિદિન વિશેષજ્ઞાનનું આશ્રયણ કરે છે. અર્થાત્ સ્વગત ઉચિત પ્રવૃત્તિ વિષયક વિશેષજ્ઞાનનું આશ્રયણ કરે છે.

અહીં કહ્યું કે આવા પ્રકારનું વિશેષજ્ઞાન ક્યારેક ઇતરને પણ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ ધર્મી ગૃહસ્થ નથી અને ભોગપ્રધાન છે તેવા પણ જીવો કોઈક નિમિત્તને પામીને ક્યારેક પોતાના ઉચિત કૃત્ય વિષયક ઊહાપોહ કરે છે ત્યારે તે જીવોને કંઈક પુણ્ય બંધાય છે. અને કાંઈક માર્ગાનુસારીબુદ્ધિ થાય છે. આમ છતાં તેઓ મોહથી અતિવાસિત હોવાને કારણે પ્રતિદિન તે પ્રકારનો ઊહાપોહ કરતા નથી. તેથી તેઓ કલ્યાણની પરંપરાને પામતા નથી. જ્યારે સંસારથી ભય પામેલ અને પરલોકના હિતના અર્થી ગૃહસ્થે તો પ્રતિદિન આ રીતે વિશેષજ્ઞાન કરવું જોઈએ. જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ ગુણસંચયમાં અત્યંત ઉદ્યમવાળો થાય. પરંતુ પશુની જેમ જીવન પૂર્ણ કરવામાં પસાર ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ. આ રીતે વિશેષજ્ઞાનમાં યત્ન કરનારા સદ્‌ગૃહસ્થો સંચિત વીર્યવાળા થાય ત્યારે દેશવિરતિ આદિના ક્રમથી સંયમને પણ પ્રાપ્ત કરે છે. માટે કલ્યાણના અર્થીએ પ્રતિદિવસ વિશેષજ્ઞાન કરવામાં ઉદ્યમ કરવો જોઈએ. **૨૭॥**

ટીકા :-

तथा, न विद्यते सततप्रवृत्तातिविशदैकाकारानुष्ठानतया तिथ्यादिदिनविभागो यस्य सोऽतिथिः, यथोक्तम् –

"तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ।।१।।"

साधुः शिष्टाचाररतः सकललोकाविगीतः, दीनो "दीङ्क्षये" **[दिवादौ धा० १०१] इतिवचनात् क्षीणसकलधर्मार्थकामाराधनशक्तिः, तेषु प्रतिपन्नता प्रतिपत्तिरन्नपानादिरूपोपचार इतियावत् । कथं? यथार्हम् औचित्यानतिक्रमेण औचित्यं च यस्यातिथ्यादेरुत्तममध्यमजघन्यरूपाप्रतिपत्तिरित्यर्थः, तस्यानुल्लङ्घनेन, तदुल्लङ्घने हि शेषाः सन्तोऽपि गुणा असन्त इव भवन्ति । यदाह–**

"औचित्यमेकमेकत्र गुणानां कोटिरेकतः ।
विषायते गुणग्राम, औचित्यपरिवर्जितः ।।" **इति २८।। ।।१२।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને સતત પ્રવૃત્ત એવું અતિવિશદ એકાકાર અનુષ્ઠાનપણું હોવાના કારણે તિથિ

આદિ દિવસનો વિભાગ નથી જેને તે અતિથિ. જે કારણથી કહેવાયું છે –

'તિથિ, પર્વ અને ઉત્સવો સર્વ જે મહાત્મા વડે ત્યાગ કરાયા છે તેને અતિથિ જાણવો. શેષને અભ્યાગત જાણવો.'

શિષ્ટાચારમાં રત સકલલોકથી અનિંદિત સાધુ છે. "દીન શબ્દ ક્ષય અર્થમાં છે," એ પ્રમાણે વચન હોવાથી ક્ષીણ થયેલ છે સકલ ધર્મ, અર્થ અને કામની આરાધનાની શક્તિ જેનામાં તે દીન છે. તેઓમાં=અતિથિ, સાધુ અને દીનમાં, પ્રતિપન્નતા=પ્રતિપત્તિ=અન્નપાનાદિરૂપ ઉપચાર, ત્યાં સુધી પ્રતિપન્નતાનો અર્થ છે.

કેવી રીતે પ્રતિપન્નતા કરવી જોઈએ ? તેથી કહે છે –

યથાયોગ્ય=ઔચિત્યના અનતિક્રમથી પ્રતિપત્તિ કરવી જોઈએ, એમ અન્વય છે. અતિથિ આદિની, ઉત્તમ, મધ્યમ અને જઘન્યરૂપ પ્રતિપત્તિરૂપ જે ઔચિત્ય છે તે ઔચિત્યના, અનુલ્લંઘનથી પ્રતિપત્તિ કરવી જોઈએ. તેના ઉલ્લંઘનમાં શેષ વિદ્યમાન ગુણો અસત્ જેવા થાય છે. અર્થાત્ નિરર્થક થાય છે. જેને કહે છે=ઔચિત્યના ઉલ્લંઘનથી શેષ ગુણો નિરર્થક થાય છે એમ પૂર્વમાં કહ્યું તેને કહે છે –

"એક ઠેકાણે ઔચિત્ય એક અને એક બાજુ ગુણોની કોટિ, ઔચિત્યથી પરિવર્જિત ગુણોનો સમુદાય વિષ જેવો વર્તે છે."

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. ૨૮।। ।।૧૨।।

ભાવાર્થ :-

(૨૮) યથાયોગ્ય અતિથિમાં, સાધુમાં અને દીનમાં પ્રતિપન્નતા=અન્નપાનાદિરૂપ ઉચિત દાનની ક્રિયા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

સદ્ગૃહસ્થ અતિથિની, સાધુની અને દીનની પોતાની શક્તિ અનુસાર અન્નપાનાદિથી પ્રતિપત્તિ કરે=અન્નપાનાદિના દાનનો ઉચિત વ્યવહાર કરે. આ પ્રકારનો સદ્ગૃહસ્થનો ધર્મ છે. ત્યાં અતિથિ કોણ છે ? તે બતાવે છે. જેઓ પોતાની શક્તિના પ્રકર્ષથી અતિ સુંદર એકાકારવાળું અનુષ્ઠાન સેવે છે અર્થાત્ શક્તિના પ્રકર્ષથી ઉત્તમ અનુષ્ઠાન સતત સેવે છે, તેઓ માટે તિથિ આદિ દિવસનો વિભાગ નથી માટે તેઓ અતિથિ કહેવાય અને તેઓ સુસાધુ છે.

તેમાં સાક્ષી આપી તેનો અર્થ આ પ્રમાણે છે –

જે મહાત્માએ તિથિ, પર્વ, ઉત્સવો સર્વનો ત્યાગ કર્યો છે અર્થાત્ માત્ર તિથિ, પર્વ અથવા ઉત્સવના પ્રસંગે ધર્મની આરાધના કરતા નથી પરંતુ પ્રતિદિન સર્વ શક્તિથી ધર્મમાં ઉદ્યમ કરે છે તેને અતિથિ જાણવા. ગૃહસ્થના ઘરે જે મહેમાન આવે છે તેમના માટે અતિથિ શબ્દનો પ્રયોગ થાય છે. તે ખરેખર અતિથિ નથી પરંતુ અભ્યાગત છે=મહેમાન તરીકે આવેલા છે તેમ જાણવું.

વળી, સાધુ કોણ છે ? તે સ્પષ્ટ કરે છે –

શિષ્ટના આચારમાં રત બધા લોકોને અનિંદિત છે તે સાધુ છે.

દીન કોણ છે ? તે સ્પષ્ટ કરે છે –

જે મનુષ્ય ધર્મ, અર્થ અને કામની આરાધના કરીને આલોકનું અને પરલોકનું હિત સાધી શકે તેવી શક્તિવાળા નથી તેથી બીજાની પાસેથી માંગીને પોતાની આજીવિકા કરે છે તે દીન છે. તેઓમાં=અતિથિ એવા, સાધુમાં અને દીનમાં પ્રતિપન્નતા તે ગૃહસ્થનો ધર્મ છે. પ્રતિપન્નતા એટલે અન્ન-પાનાદિના દાન દ્વારા તેઓનો સત્કાર કરવો.

કઈ રીતે અન્નપાનાદિ દ્વારા આ ત્રણનો સત્કાર કરવો ? તે બતાવતાં કહે છે –

ઔચિત્યના અનતિક્રમથી આ ત્રણનો સત્કાર કરવો.

તે ઔચિત્યના અનતિક્રમને સ્પષ્ટ કરે છે –

અતિથિ સૌથી ઉત્તમ છે. સાધુ મધ્યમ છે અને દીન જઘન્ય છે અને તેને અનુરૂપ ત્રણેયમાં જે પ્રતિપત્તિ છે=અન્નદાનાદિની પ્રવૃત્તિ છે તેનું ઉલ્લંઘન કર્યા વગર તેઓને અન્નદાનાદિ સાથે તે ઔચિત્યથી પ્રતિપત્તિ છે. તેથી એ ફલિત થાય કે અતિથિ ઉત્તમ પાત્ર છે. માટે તેઓના પ્રત્યે અત્યંત આદરપૂર્વક અન્નદાનાદિ આપે. સાધુ મધ્યમપાત્ર છે. અહીં સાધુ શબ્દથી દીક્ષિત ગ્રહણ કરવાના નથી, પરંતુ જે શિષ્ટના આચારો પાળતા હોય તેવા સજ્જન સદ્ગૃહસ્થ ગ્રહણ કરવાના છે. તેવા સજ્જનો મધ્યમપાત્ર છે. તેથી તે મધ્યમપાત્રને અનુરૂપ તેઓ પ્રત્યે બહુમાનપૂર્વક અન્ન-દાનાદિથી સત્કાર કરવો જોઈએ. દીન જઘન્યપાત્ર છે તેથી તેઓને દયાભાવથી અન્ન-દાનાદિ આપવા જોઈએ. આ પ્રકારના ઔચિત્યના અનુલ્લંઘનથી અન્નદાનાદિ આપવાથી વિવેકપૂર્વકની પ્રવૃત્તિ થાય છે.

અહીં અતિથિ શબ્દથી ભાવસાધુનું ગ્રહણ છે. સાધુ શબ્દથી શિષ્ટના આચારોને પાળનારા સદ્ગૃહસ્થનું ગ્રહણ છે અને દીન શબ્દથી માંગનારાનું ગ્રહણ છે.

ઔચિત્યનું મહત્ત્વ બતાવતાં ઉદ્ધરણ આપે છે તેનો અર્થ આ પ્રમાણે છે –

એક બાજુ ઔચિત્ય એક ગુણ અને બીજી બાજુ કરોડો ગુણ; ઔચિત્ય વગરના ગુણો વિષ તુલ્ય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ઔચિત્યપૂર્વક વ્યવહાર કરનારા નથી, તેઓ તપ-ત્યાગ કરતા હોય, દાન આપતા હોય કે અન્ય સુકૃત કરતા હોય તોપણ ગુણવાન અને અગુણવાન વચ્ચેના ઔચિત્યનો ભેદ જેઓ કરતા નથી અને બધાને સરખા માને છે. અથવા નિર્ગુણને અધિક સ્થાન આપે છે અને ગુણવાનને હીન સ્થાન આપે છે તેઓનો સર્વ ધર્મ ઔચિત્ય રહિત હોવાથી અસાર છે. માટે ગુણવાન, મધ્યમ કે નિર્ગુણના ભેદપૂર્વક તેને અનુરૂપ ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ. **૨૮॥ ॥૧૨॥**

ટીકા :-

तथा त्रिवर्गो धर्मार्थकामास्तत्र यतोऽभ्युदयनिःश्रेयसंसिद्धिः स धर्मः, यतः सर्वप्रयोजनसिद्धिः सोऽर्थः, यत आभिमानिकरसानुविद्धा सर्वेन्द्रियप्रीतिः स कामः, ततोऽन्योऽन्यस्य परस्परस्याऽनुपघातेनापीडनेन त्रिवर्गस्यापि उक्तस्वरूपस्य नत्वेकैकस्येत्यपिशब्दार्थः, साधनं सेवनम् । त्रिवर्गसाधन-

विकलस्योभयभवभ्रष्टत्वेन जीवननैरर्थक्यात् यदाह–

"यस्य त्रिवर्गशून्यानि, दिनान्यायान्ति यान्ति च ।
स लोहकारभस्त्रेव, श्वसन्नपि न जीवति ।।१।।"

तत्र धर्मार्थयोरुपघातेन तादात्विकविषयसुखलुब्धो वनगज इव को नाम न भवत्यास्पदमापदाम् न च तस्य धनं धर्मः शरीरं वा यस्य कामेऽत्यन्ताशक्तिः, धर्मकामातिक्रमाद्धनमुपार्जितं परे अनुभवन्ति, स्वयं तु परं पापस्य भाजनम्, सिंह इव सिन्धुरवधात् अर्थकामातिक्रमेण च धर्मसेवा यतीनामेव धर्मो न गृहस्थानाम् । न च धर्मबाधयार्थकामौ सेवेत, बीजभोजिनः कुटुम्बिन इव नास्त्यधार्मिकस्यायत्यां किमपि कल्याणम् स खलु सुखी योऽमुत्रसुखाविरोधेनेहलोकसुखमनुभवति तस्माद्धर्माबाधनेन कामार्थयोर्मतिमता यतितव्यम्, एवमर्थबाधया धर्मकामौ सेवमानस्य ऋणाधिकत्वम्, कामबाधया धर्मार्थौ सेवमानस्य गार्हस्थ्याभावः स्यात् ।

एवं च तादात्विकमूलहरकदर्येषु धर्मार्थकामानामन्योऽन्यबाधा सुलभैव तथाहि–यः किमप्य-संचित्योत्पन्नमर्थमपव्येति स तादात्विकः, यः पितृपैतामहमर्थमन्यायेन भक्षयति स मूलहरः, यो भृत्यात्मपीडाभ्यामर्थं संचिनोति न तु क्वचिदपि व्ययते स कदर्यः, तत्र तादात्विकमूलहरयोरर्थभ्रंशेन धर्मकामयोर्विनाशान्नास्ति कल्याणम्, कदर्यस्य त्वर्थसङ्ग्रहो राजदायादतस्कराणां निधिः न तु धर्मकामयोर्हेतुरिति । अनेन त्रिवर्गबाधा गृहस्थस्य कर्त्तुमनुचितेति प्रतिपादितम्, यदा तु दैववशाद् बाधा संभवति तदोत्तरोत्तरबाधायां पूर्वस्य पूर्वस्य बाधा रक्षणीया । तथाहि–कामबाधायां धर्मार्थयोर्बाधा रक्षणीया, तयोः सतोः कामस्य सुकरोत्पादत्वात्, कामार्थयोस्तु बाधायां धर्मो रक्षणीयः धर्ममूलत्वादर्थकामयोः उक्तं च–

"धर्मश्चेन्नावसीदेत, कपालेनापि जीवतः ।
आढ्योऽस्मीत्यवगन्तव्यं, धर्मवित्ता हि साधवः ।।१।।" २९।।

टीकार्थ :-

तथा ..... साधवः ।। અને ધર્મ-અર્થ-કામ ત્રિવર્ગ છે. ત્યાં=ત્રિવર્ગમાં, જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ છે તે ધર્મ છે. જેનાથી સર્વપ્રયોજનની સિદ્ધિ છે તે અર્થ છે. જેનાથી આભિમાનિક એવા રસથી અનુવિદ્ધ સર્વ ઇન્દ્રિયની પ્રીતિ છે તે કામ છે. તેનાથી=તે ત્રિવર્ગથી, અન્યોન્યના=પરસ્પરના, અનુપઘાતથી=અપીડનથી, સાધન=સેવન, ગૃહસ્થ ધર્મ છે. 'ત્રિવર્ગસ્યાપિ'માં 'અપિ' શબ્દનો અર્થ કરતાં કહે છે. કહેવાયેલા સ્વરૂપવાળા ત્રિવર્ગનું પરંતુ એક-એકનું નહિ=એક-એકને સાધવું તે ગૃહસ્થધર્મ નથી તે 'અપિ' શબ્દનો અર્થ છે.

ગૃહસ્થે ત્રણ વર્ગ કેમ સાધવા જોઈએ ? તેમાં હેતુ કહે છે –

ત્રિવર્ગના સાધનથી વિકલ પુરુષનું ઉભયભવભ્રષ્ટપણું હોવાને કારણે જીવનનું નિરર્થકપણું છે. જેને કહે છે –

"જેના ત્રિવર્ગ શૂન્ય દિવસો આવે છે અને જાય છે તે લોહકારની=લુહારની, ધમણની જેમ શ્વાસ લેતો પણ જીવતો નથી."

ત્રણેય વર્ગને છોડીને એક-એકનું સેવન ગૃહસ્થ માટે ઉચિત નથી તે બતાવતાં કહે છે –

ત્યાં=ત્રિવર્ગમાં, ધર્મ અને અર્થના ઉપઘાતથી તત્કાલ આનંદ આપનાર વિષયસુખમાં લુબ્ધ જંગલના હાથીની જેમ કોણ આપત્તિનું સ્થાન થતું નથી ? અર્થાત્ જે ધર્મ, અર્થના ઉપઘાતથી કામને સેવે છે તે પુરુષ સર્વ આપત્તિનું સ્થાન બને છે અને તેનું=તેવા ગૃહસ્થનું, ધન, ધર્મ અને શરીર નથી. અર્થાત્ તેનું ધન, ધર્મ અને શરીર નાશ પામે છે, જેને કામમાં અત્યંત આસક્તિ છે. ધર્મ અને કામના અતિક્રમથી ઉપાર્જિત એવું ધન બીજા અનુભવે છે=બીજા ભોગવનારા થાય છે. પરંતુ સ્વયં તો પાપનું ભાજન થાય છે. જેમ હાથીના વધથી સિંહ પાપનું ભાજન થાય છે. અર્થ અને કામના અતિક્રમથી ધર્મની સેવા સાધુનો જ ધર્મ છે - ગૃહસ્થનો નહિ.

આ રીતે ધર્મ, અર્થ અને કામમાં પરસ્પર બાધાથી એક-એકનું સેવન ગૃહસ્થનો ધર્મ નથી તેમ બતાવ્યા પછી તે ત્રિવર્ગ કોની પ્રધાનતાપૂર્વક સાધવો જોઈએ તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અને ધર્મના બાધપૂર્વક ગૃહસ્થ અર્થ-કામ સેવે નહિ. બીજભોજી એવા કુટુંબની જેમ=ખેતીના વપન માટે રાખેલા બીજને ખાનારા એવા ખેડૂતના કુટુંબની જેમ, અધાર્મિકને ભવિષ્યમાં કંઈ પણ કલ્યાણ નથી. તે ખરેખર સુખી છે જે પરલોકના સુખના અવિરોધથી આલોકના સુખને અનુભવે છે. તે કારણથી ધર્મની અબાધાથી કામ અને અર્થમાં બુદ્ધિશાળીએ યત્ન કરવો જોઈએ. આ રીતે=જે રીતે ધર્મની બાધાથી અર્થ, કામને સેવનાર પુરુષનું હિત થતું નથી એ રીતે, અર્થની બાધાથી ધર્મ અને કામને સેવનારા પુરુષનું ઋણ અધિકપણું થાય છે અર્થાત્ બીજાઓનો દેવાદાર થાય છે. કામની બાધાથી ધર્મ અને અર્થને સેવનારા પુરુષને ગૃહસ્થપણાનો અભાવ થાય છે અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, તાદાત્વિક, મૂલહર અને કદર્યમાં ધર્મ, અર્થ અને કામની અન્યોન્ય બાધા સુલભ જ છે.

તાદાત્વિકાદિ ત્રણમાં અન્યોન્ય બાધા સુલભ કેમ છે ? તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

જે પુરુષ કંઈ પણ સંચય કર્યા વગર ઉત્પન્ન અર્થને વાપરે છે તે તાદાત્વિક છે. જે પિતા, દાદા આદિના અર્થનું અન્યાયથી ભક્ષણ કરે છે. તે મૂલહર છે. જે ભૃત્ય=નોકર અને પોતાને પીડાથી અર્થનો સંચય કરે છે પરંતુ ક્યાંય વાપરતો નથી તે કદર્ય છે=કંજૂસ છે. ત્યાં=તાદાત્વિકાદિ ત્રણમાં તાદાત્વિક અને મૂલહર પુરુષના અર્થભ્રંશના કારણે ધર્મ અને કામનો વિનાશ થવાથી કલ્યાણ નથી. વળી કંજૂસ પુરુષના અર્થસંગ્રહ રાજા, વારસદાર અને ચોરોની નિધિ છે. પરંતુ ધર્મ અને કામનો હેતુ નથી.

'इति' શબ્દ 'तथाहि'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.

આના દ્વારા=પૂર્વમાં વર્ણન કર્યું કે તાદાત્વિકાદિ ત્રણેયની અન્યોન્ય બાધા સુલભ છે એના દ્વારા, ત્રિવર્ગની બાધા=ધર્મ, અર્થ, કામની પરસ્પરની બાધા, ગૃહસ્થને કરવી અનુચિત છે એ પ્રકારે પ્રતિપાદન કરાયું. વળી, જ્યારે ભાગ્યના વશથી બાધા સંભવે છે ત્યારે ઉત્તરોત્તરની બાધામાં=ધર્મ, અર્થ, કામ ત્રણેયની ઉત્તરોત્તર બાધામાં, પૂર્વ-પૂર્વની બાધા રક્ષણીય છે. તે આ પ્રમાણે, કામની બાધામાં ધર્મ અને અર્થની બાધા રક્ષણીય છે; કેમ કે ધર્મ-અર્થ હોતે છતે કામનું સુકર ઉત્પાદકપણું છે=કામ સુખેથી પ્રાપ્ત થાય છે. વળી, કામ અને અર્થની બાધામાં ધર્મ રક્ષણીય છે; કેમ કે અર્થ-કામનું ધર્મ મૂલપણું છે. અર્થાત્ ધર્મથી જ અર્થની પ્રાપ્તિ છે. અને કહેવાયું છે –

"જો ધર્મ સીદાય નહિ તો કપાલથી પણ સુંદર જીવિતવાળો છું=ભીખ માંગીને પણ સુંદર જીવન જીવવાવાળો છું. એ પ્રમાણે જાણવું. हि=જે કારણથી ધર્મની વિત્તવાળા સાધુઓ છે=ધર્મની સંપત્તિવાળા ઉત્તમ પુરુષો છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ૨૯॥

ભાવાર્થ :-

(૨૯) ધર્મ-અર્થ-કામ ત્રણેયને પણ પરસ્પર ઉપઘાત વગર સાધવા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થે ધર્મ-અર્થ-કામ ત્રણેને પરસ્પર અવિરુદ્ધ રીતે સેવવા જોઈએ.

તેમાં ધર્મ, અર્થ, કામ શું છે ? તે બતાવતાં કહે છે –

જે પ્રવૃત્તિથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ છે. તેથી એ ફલિત થાય કે જે ગૃહસ્થ દાન, શીલ, તપાદિરૂપ જે અનુષ્ઠાન સેવે છે. તેનાથી તેનો અભ્યુદય થાય છે અને પરંપરાએ મોક્ષ થાય છે. તે ગૃહસ્થનો ધર્મ છે.

જેનાથી સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય છે તે અર્થ છે, એમ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે ગૃહસ્થ ધનથી દાનધર્મ સેવી શકે છે, ભોગો કરી શકે છે અને સુખે સુખે પોતાનો જીવનનિર્વાહ કરી શકે છે. માટે ધનથી સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય છે. તેથી સર્વપ્રયોજનની સિદ્ધિને કરનાર અર્થ છે.

જેનાથી આભિમાનિક રસથી અનુવિદ્ધ (યુક્ત) સર્વ ઇન્દ્રિયની પ્રીતિ થાય છે તે કામ છે; કેમ કે તે તે ઇન્દ્રિયોના સ્વબુદ્ધિથી કલ્પિત ભોગોથી તે તે ઇન્દ્રિયજન્ય ગૃહસ્થને જે આનંદ થાય છે તેને કામ કહેવાય છે.

વળી, ગૃહસ્થે ધર્મ, અર્થ અને કામ એકબીજાને ઉપઘાત ન કરે તે રીતે સેવવા જોઈએ. અર્થાત્ કામનું તે રીતે સેવન ન કરવું જોઈએ કે જેથી અર્થ અને ધર્મમાં યત્ન ન થાય, અર્થનું તે રીતે સેવન ન કરવું જોઈએ કે જેથી કામ અને ધર્મમાં યત્ન ન થાય અને ધર્મનું તે રીતે સેવન ન કરવું જોઈએ કે જેથી અર્થ અને કામમાં યત્ન ન થાય.

કેમ પરસ્પર અબાધાથી ત્રિવર્ગનું સેવન કરવું જોઈએ ? તેમાં યુક્તિ બતાવે છે –

ત્રિવર્ગ સાધન વિકલનું ઉભયભવભ્રષ્ટપણું હોવાને કારણે જીવન નિરર્થક છે.

આશય એ છે કે જે ગૃહસ્થ માત્ર ધન કમાય છે કે માત્ર ભોગ કરે છે કે અર્થ-કામનો વિચાર કર્યા વગર માત્ર દાનાદિ ધર્મ કરે છે તે ગૃહસ્થનું જીવન આલોક અને પરલોક બંને માટે અહિતકારી બને છે; કેમ કે પોતાના અર્થાદિનો વિચાર કર્યા વગર માત્ર ધર્મ સેવે તો ધનરહિત અવસ્થામાં ક્લેશ પામીને આલોક નિરર્થક કરે છે અને ક્લેશના બળથી પરલોકમાં અહિત સાધે છે. કેવલ અર્થઉપાર્જનમાં પ્રવર્તતો હોય તો આલોકમાં અર્થઉપાર્જનના ક્લેશને પામે છે અને તે અર્થને ધર્મમાં વાપર્યા વગરનું જીવન હોવાથી પરલોકમાં અહિતને પ્રાપ્ત કરે છે. અને માત્ર કામ સેવે છે, તેઓ ક્ષીણ શરીરવાળા થઈને અને અર્થાદિના અભાવવાળા થઈને આલોકમાં દુઃખી થાય છે અને ધર્મના અભાવને કારણે પરલોકમાં દુઃખી થાય છે. માટે ગૃહસ્થે ત્રિવર્ગને પરસ્પર અવિરુદ્ધ રીતે સેવવા જોઈએ.

જેઓ ધર્મના અને અર્થના ઉપઘાતથી માત્ર કામ સેવે છે તેઓ તત્કાલ સુખના અર્થી છે તેથી તેને 'तादात्विक' કહેવાય છે. જેમ વનનો હાથી, હાથણીમાં લુબ્ધ થઈને તેની પાછળ દોડે છે અને તેને ગ્રહણ કરવા માટે પુરુષોએ ત્યાં ઘાસથી ઢાંકેલો ખાડો કરીને રાખેલો હોય છે તેમાં તે પડે છે. તેથી અનર્થને પામે છે તેમ ઇન્દ્રિયમાં લુબ્ધ જીવ ધનનો નાશ કરે છે, ધર્મનો નાશ કરે છે અને શરીરનો નાશ કરીને સર્વ અનર્થો પ્રાપ્ત કરે છે. માટે ગૃહસ્થે કામમાં અત્યંત આસક્તિ રાખવી જોઈએ નહિ પરંતુ ધર્મ અને અર્થને બાધ ન થાય તે પ્રમાણે જ કામનું સેવન કરવું જોઈએ.

જેઓ ધર્મના અને કામના અતિક્રમથી ધન ઉપાર્જન કરે છે તેઓ 'કદર્ય' કહેવાય છે અને તેઓનું ધન વર્તમાનમાં, ભોગના આનંદનું કારણ નથી અને ધર્મના સેવનમાં ધનનો વ્યય નહિ હોવાથી ધર્મનિષ્પત્તિનું પણ કારણ નથી. પરંતુ બીજાના ભોગનું કારણ છે અને અર્થ-અર્જનના પાપનું તે પુરુષ ભાજન થાય છે. જેમ હાથીનો વધ કરીને સિંહ પોતે ભોગ કરતો નથી પરંતુ સિંહથી નાશ પામેલા હાથીના દેહનો બીજા ઉપભોગ કરે છે તોપણ હાથીના નાશનું પાપ સિંહને પ્રાપ્ત થાય છે તેમ ધન-અર્જનનું પાપ કદર્યને લાગે છે અર્થાત્ કંજૂસ પુરુષને પ્રાપ્ત થાય છે.

વળી, અર્થ-કામના અતિક્રમથી ધર્મનું સેવન યતિનો જ ધર્મ છે. ગૃહસ્થનો નહિ. તેથી ગૃહસ્થે અર્થ-કામના અતિક્રમથી પણ ધર્મનું સેવન કરવું જોઈએ નહિ. આશય એ છે કે સાધુઓ પાંચ ઇન્દ્રિયોથી સંવૃત થઈને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સર્વત્ર વીતરાગના વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી તેઓ અર્થ, કામનો ત્યાગ કરીને પૂર્ણ ધર્મ સેવનારા છે અને તેવો ધર્મ ગૃહસ્થ સેવી શકે તેમ નથી. આથી જ સર્વવિરતિ ગ્રહણ કરતો નથી. આમ છતાં મુગ્ધબુદ્ધિથી પોતાના અર્થ-કામનો વિચાર કર્યા વગર માત્ર ધર્માનુષ્ઠાનમાં રત રહે તો પોતાની આર્થિક સ્થિતિ નબળી થવાથી ક્લેશની પ્રાપ્તિ કરે છે. અને કામના સેવનકૃત આનંદ નહિ હોવાથી ચિત્ત હંમેશાં ખિન્ન રહે છે. માત્ર મુગ્ધ ધર્મબુદ્ધિથી બાહ્ય આચરણા કરી શકે છે. પરંતુ સાધુની જેમ પૂર્ણ ધર્મ પાળી શકતો નથી. માટે અર્થ-કામના અતિક્રમથી ધર્મનું સેવન ગૃહસ્થ માટે ઉચિત નથી.

વળી, વિવેકી ગૃહસ્થ ધર્મની બાધા થાય તે રીતે અર્થ, કામને સેવતા નથી. જેમ કોઈ ખેડૂતનું કુટુંબ ખેતીમાંથી ઉત્પન્ન થયેલા ધાન્યના બીજને વાવણી માટે રાખેલું હોય અને પ્રસંગે ધાન્ય ઓછું જણાય તો તે બીજનો ભોગ કરે તો ફરી ખેતી કરી શકે નહીં તેથી તેનો નિર્વાહ થાય નહિ તેથી બીજને ભોગવનારા કુટુંબીઓ વિનાશ પામે છે. તે રીતે અર્થ-કામની પ્રાપ્તિનું બીજ ધર્મ છે અને તે ધર્મનો નાશ કરીને જેઓ અર્થ-કામ સેવે છે તે ભાવિમાં ધર્મ રૂપી ધનથી રહિત હોવાને કારણે અર્થ-કામને પામશે નહિ, પરંતુ દુઃખની પરંપરાને પ્રાપ્ત કરશે, માટે ગૃહસ્થે ધર્મની બાધા ન થાય તે રીતે અર્થ-કામ સેવવાં જોઈએ. અર્થાત્ પોતાની શક્તિના પ્રકર્ષથી ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ. અને પોતાની આજીવિકાનો પ્રશ્ન ન થાય તે રીતે અર્થ ઉપાર્જનમાં યત્ન કરવો જોઈએ. અને ઇન્દ્રિયોની ઉત્સુકતા ધર્મમાં વ્યાઘાતક ન થાય તદર્થે ઉચિત કાલે ભોગ કરીને ઇન્દ્રિયોને શાંત રાખવા યત્ન કરવો જોઈએ. જેથી બાધા વગર અધિક-અધિક ધર્મનું સેવન થઈ શકે.

તે જીવ સંસારમાં સુખી છે જે પરલોકના સુખના અવિરોધથી આલોકના સુખને અનુભવે છે. તેથી ધર્મની બાધા ન થાય તે રીતે જ ગૃહસ્થે અર્થ-કામમાં યત્ન કરવો જોઈએ. આનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે. જે જીવો તાદાત્વિક છે=તત્કાલ સુખને જોનારા છે, તેઓના જીવનમાં ભોગથી ધર્મ અને અર્થની બાધા થાય છે. જે પૂર્વજોથી ઉપાર્જિત અર્થનો અયોગ્ય રીતે વ્યય કરે છે તે 'મૂલહર' કહેવાય છે. જેમ કોઈ ગૃહસ્થ બાપદાદાનું અર્જન કરાયેલું ધન જુગારાદિમાં વ્યય કરે. આવા જીવો ધર્મ પણ કરી શકતા નથી અને કામના સુખને પણ મેળવી શકતા નથી તેથી આલોક અને પરલોકમાં દુઃખી થાય છે. આનાથી એ ફલિત થાય કે કોઈ યોગ્ય જીવને વડીલ ઉપાર્જિત ધન મળેલું હોય અને અયોગ્ય રીતે તે ધનનો વ્યય ન કરે અને અર્થઉપાર્જનની તેને આવશ્યક્તા ન હોય તો તેમાં પણ યત્ન ન કરે પરંતુ શક્તિના પ્રકર્ષથી ધર્મમાં યત્ન કરીને ગૃહસ્થજીવન જીવે તો કોઈ દોષ નથી.

જે જીવો કંજૂસ છે તેઓ ધન અર્જન કરે છે પરંતુ કંજૂસાઈને કારણે ભોગ પણ કરતા નથી, ધર્મમાં પણ ધનનો વ્યય કરતા નથી. તેઓનું ધન રાજા, દાયાદ=વારસદાર અને ચોરોનું ધન બને છે. પરંતુ પોતાના ઉપભોગનું કારણ કે પોતાના પરલોકના હિતનું કારણ ધન બનતું નથી. આનાથી એ ફલિત થાય કે કંજૂસ જીવો કંજૂસાઈને કારણે ધર્મમાં ધન વ્યય ન કરતા હોય અને અન્ય ધર્માનુષ્ઠાન કરતા હોય તોપણ પરમાર્થથી ધર્મ કરતા નથી; કેમ કે ગૃહસ્થનો દાનધર્મ મુખ્ય છે. જે ગૃહસ્થ શક્તિ હોવા છતાં દાનધર્મ સેવી ન શકે તેઓની અન્ય આચરણા ધર્મરૂપ બને નહિ. માટે ગૃહસ્થે પોતાની આજીવિકાથી કંઈક અધિક મળે તો અવશ્ય દાનધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ તો જ તેનાથી અન્ય ધર્મનું પણ સેવન થાય.

વળી, ભાગ્યને વશ ત્રિવર્ગમાં બાધા થાય તેવા સંયોગો ઉત્પન્ન થાય તો ગૃહસ્થે ધર્મ-અર્થ-કામમાં ઉત્તર-ઉત્તરની બાધાથી પૂર્વ-પૂર્વનું રક્ષણ કરવું જોઈએ. જેમ આજીવિકાનો પ્રશ્ન થાય તેવી સ્થિતિ હોય તો કામને ગૌણ કરીને પણ અર્થઉપાર્જનમાં પ્રયત્ન કરવો જોઈએ અને તેમ ન કરવામાં આવે અને ભોગમાં જ ગૃહસ્થ રત રહે તો આજીવિકાના અભાવને કારણે ક્લેશની પ્રાપ્તિ થાય અને ધર્મનું પણ સેવન અશક્ય બને.

ધર્મની બાધા થતી હોય તો અર્થ અને કામના ભોગથી પણ ધર્મનું રક્ષણ કરવું જોઈએ. જેમ કોઈક એવા

સંજોગોમાં ધર્મનો નાશ થતો હોય કે કોઈ મહાત્માને આપત્તિ આવી હોય તો તેના નિવારણ માટે ગૃહસ્થે પોતાના અર્થ-કામને ગૌણ કરીને પણ તે કૃત્ય કરવું જોઈએ; કેમ કે રક્ષણ કરાયેલો ધર્મ સર્વ ઇષ્ટને આપનારો છે. માટે ગૃહસ્થે ધર્મ-અર્થ-કામમાં પૂર્વપૂર્વની મુખ્યતા કરીને ગૃહસ્થજીવન જીવવું જોઈએ. જેથી આલોક અને પરલોકમાં એકાંતે સુખની પરંપરા પ્રાપ્ત થાય. **૨૯॥**

ટીકા :-

तथा प्रतिषिद्धो देशोऽदेशः, प्रतिषिद्धः कालोऽकालः, तयोरदेशाकालयोरचरणं चरणाभावः, अदेशाकालचारी हि चौरादिभ्योऽवश्यमुपद्रवमाप्नोति ३० ।।

ટીકાર્થ :-

तथा ..... आप्नोति ।। અને પ્રતિષિદ્ધ દેશ અદેશ છે, પ્રતિષિદ્ધ કાલ અકાલ છે. તે અદેશ અને અકાલમાં અચરણ=ચરણનો અભાવ. हि=જે કારણથી, અદેશ અકાલચારીને ચોરાદિ વડે અવશ્ય ઉપદ્રવ પ્રાપ્ત થાય છે. ૩૦॥

ભાવાર્થ :-

(૩૦) અદેશ અને અકાલમાં અચરણ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

જે દેશમાં શિષ્ટલોકો જવાનો નિષેધ કરતા હોય, જે કાળમાં શિષ્ટલોકો બહાર જવાનો નિષેધ કરતા હોય તેવા દેશમાં અને તેવા કાળમાં ગૃહસ્થે જવું જોઈએ નહિ; કેમ કે જે દેશમાં જવાથી ચોર, ઠગારા વગેરેના ઉપદ્રવ હોય તેવા સ્થાનમાં શિષ્ટલોકો જવાનો નિષેધ કરે છે અને જે રાત્રિ આદિ કાળમાં બહાર જવાથી ઉપદ્રવ થવાનો સંભવ હોય ત્યાં શિષ્ટપુરુષો જવાનો નિષેધ કરે છે. આમ છતાં, અવિચારક ગૃહસ્થ વિચારે કે સાહસિકને કંઈ દુષ્કર નથી અને તેવા દેશમાં કે તેવા કાળમાં જાય તો ચોરાદિ વગેરેનો ઉપદ્રવ પામીને આલોકમાં પણ દુઃખી થાય અને ધનાદિનો કે દેહાદિનો નાશ થાય તો પરલોક સાધવામાં પણ વિઘ્ન થાય છે. અને ક્વચિત્ દુર્ધ્યાન આદિથી મૃત્યુ થાય તો દુર્ગતિની પણ પ્રાપ્તિ થાય છે. તેથી વિવેકી ગૃહસ્થે પ્રતિષિદ્ધ દેશમાં કે પ્રતિષિદ્ધ કાલમાં જવું જોઈએ નહિ.

આર્તધ્યાન કે ક્લેશના પરિહારાર્થે વિવેકી ગૃહસ્થ પ્રતિષિદ્ધ દેશ અને પ્રતિષિદ્ધ કાલનો પરિહાર કરે તે પણ ધર્મનું અંગ હોવાથી ગૃહસ્થનો સામાન્યથી ધર્મ છે. **૩૦॥**

ટીકા :-

तथा बलं शक्तिः, स्वस्य परस्य वा द्रव्यक्षेत्रकालभावकृतं सामर्थ्यम्, अबलमपि तथैव, तयोर्विचारणं= पर्यालोचनम्, बलाबलपरिज्ञाने हि सर्वः सफल आरम्भः, अन्यथा तु विपर्ययः, यदाह–

"स्थाने शमवतां शक्त्या, व्यायामे वृद्धिरङ्गिनाम् ।
अयथाबलमारम्भो, निदानं क्षयसम्पदः ।।१।।" **इति ।**

अत एव च पठ्यते–

"कः कालः? कानि मित्राणि? को देशः कौ व्ययागमौ? ।

कश्चाहं? का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ।।१।।" **इति ३१।। ।।१३।।**

ટીકાર્થ :-

तथा ..... इति ।। અને બલ=સ્વ અથવા પરની શક્તિ=દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકૃત સામર્થ્ય. અબલ પણ તે પ્રકારે જ છે=જે પ્રકારે બલ છે તેનાથી વિરુદ્ધ સ્વરૂપે જ છે. તે બન્નેની વિચારણા=પર્યાલોચન, ગૃહસ્થધર્મ છે. 'હિ'=જે કારણથી, બલાબલના પરિજ્ઞાનમાં સર્વ સફલ આરંભ છે. અન્યથા વળી= બલાબલના અપરિજ્ઞાનમાં, વળી, વિપર્યય છે=સર્વ વિફલ આરંભ છે. જેને કહે છે –

"શમવાળા એવા મનુષ્યોને શક્તિથી સ્થાનમાં વ્યાયામ કરાયે છતે=યત્ન કરાયે છતે, વૃદ્ધિ છે=ઇષ્ટફલની વૃદ્ધિ છે. અયથાબલનો આરંભ ક્ષયસંપત્તિનું કારણ છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ છે.

અને આથી જ=બલાબલની વિચારણા કરીને ગૃહસ્થે પ્રવૃત્તિ કરવી જોઈએ. આથી જ કહેવાય છે.

"કયો કાળ છે ? કયાં મિત્ર છે ? કયો દેશ છે ? શું વ્યય-આગમ છે ?=શું ધનાદિનો વ્યય છે કે ધનાદિની પ્રાપ્તિ છે ? હું કોણ છું ? અને મારી શક્તિ શું છે ? તે વારંવાર વિચારવું જોઈએ."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ છે. ૩૧।। ।।૧૩।।

ભાવાર્થ :-

(૩૧) બલાબલનો વિચાર કરવો તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે.

વિચારક પુરુષ કોઈપણ કૃત્ય કરતી વખતે પોતાનું બળ શું છે ? અથવા જેની સાથે પ્રવૃત્તિ કરવાની છે તેવા પરનું બળ શું છે ? તેની ઉચિત વિચારણા કરી પ્રવૃત્તિ કરે તો અનર્થની પ્રાપ્તિ થાય નહિ. બળ એટલે પોતાની કે પરની શક્તિ અને તે શક્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકૃત સામર્થ્યરૂપ છે. જેમ કોઈ કાર્ય કરતા ગૃહસ્થ પોતાની પાસે ધનનું સામર્થ્ય શું છે ? ક્ષેત્ર પોતાને અનુકૂળ શું છે ? તે કાર્ય કરવાને અનુકૂળ કાલકૃત સામર્થ્ય શું છે ? અને વિષમ સંયોગોમાં પોતાના ક્લેશના પરિહારરૂપ ભાવનું સામર્થ્ય શું છે ? તેનો વિચાર કરીને સર્વ પ્રવૃત્તિ કરે. વિચાર કર્યા વગર પોતાનાથી અધિક બલવાન સાથે સંઘર્ષ આદિ થાય તો વિનાશ કે અન્ય અનર્થોની પ્રાપ્તિનો પ્રસંગ આવે.

વળી, જેમ બલની વિચારણા થાય છે તેમ અબલની પણ તે જ રીતે વિચારણા થાય છે. અને કોઈપણ પ્રકારના=કાર્ય કરવામાં બલ-અબલનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ અને જે વ્યક્તિ બલ-અબલના પરિજ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેના સર્વ આરંભો સફળ થાય છે. જેમ ધન-અર્જનના પ્રસંગમાં બલ-અબલની

વિચારણાપૂર્વક વ્યાપાર કરે તો વિનાશ થવાનો પ્રસંગ આવે નહિ અને પોતાની શક્તિનો વિચાર કર્યા વગર કોઈ એવું કાર્ય કરે તો વિનાશ થવાનો પ્રસંગ આવે. વળી, ધર્મના ક્ષેત્રમાં પણ પોતાના બલાબલનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવામાં આવે તો જે પ્રકારના ધર્મને સાધવામાં પોતાનું સામર્થ્ય છે તે પ્રકારના ધર્મને સેવીને તે ધર્મનું ઉત્તમ ફળ પ્રાપ્ત કરે. બલાબલનો વિચાર કર્યા વગર પોતાની શક્તિથી ઉપરની ભૂમિકાનો ધર્મ જેઓ સ્વીકારે છે તેઓ શક્તિના અભાવને કારણે તે ધર્મના ફળને પામતા નથી. કેવલ બાહ્ય આચરણાના ક્લેશને પામે છે. જો વિચારક ગૃહસ્થ પોતાનું શારીરિક બળ, પોતાને અનુકૂળ સંયોગ, પોતાને અનુકૂલ કાલ અને પોતાના અનુકૂળ ભાવોને જોઈને ઉચિત ધર્મમાં પ્રવૃત્તિ કરે તો અવશ્ય ધર્મના ફળને પ્રાપ્ત કરે છે; કેમ કે શક્તિ અનુસાર સેવાયેલો બાહ્ય ધર્મ અંતરંગ ગુણવૃદ્ધિ કરીને હિતનું કારણ બને છે. આ રીતે ભોગાદિની પ્રવૃત્તિમાં પણ પોતાના બલાબલનો વિચાર કરીને ગૃહસ્થ પ્રવૃત્તિ કરે તો વિનાશ પામે નહિ અને બલાબલનો વિચાર કર્યા વગર ભોગાદિ કરે તો દેહનો વિનાશ, ધનનો વિનાશ અને ધર્મનો પણ વિનાશ પ્રાપ્ત કરે. માટે ગૃહસ્થે સર્વ કાર્યોમાં બલાબલનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. વળી, પરની સાથે કોઈ કાર્યનો પ્રસંગ હોય તો ત્યાં બલાબલનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. જેમ કોઈ રાજા હોય તો શત્રુરાજાના બલાબલનો વિચાર કરીને સામનો કરે તો અનર્થની પ્રાપ્તિ કરે નહિ અને વિચાર્યા વગર કરે તો વિનાશને પામે.

બલાબલના વિચારપૂર્વક પ્રવૃત્તિ કરવામાં સાક્ષીપાઠ આપ્યો તેનો અર્થ આ પ્રમાણે છે –

બલાબલની વિચારણામાં શમ પરિણામવાળા પુરુષો શક્તિથી સ્થાને વ્યાયામ કરે અર્થાત્ વિચારક પુરુષ સ્વશક્તિનો વિચાર કરીને સ્થાને યત્ન કરે તો ઇષ્ટ એવા કાર્યની વૃદ્ધિ થાય છે. અને જેઓ પોતાના બલાબલનો વિચાર કર્યા વગર અસ્થાને આરંભ કરે છે તેઓનો આરંભ વિનાશનું કારણ છે.

બલાબલની વિચારણા કઈ રીતે કરવી જોઈએ ? તે બતાવવા માટે ઉદ્ધરણ આપે છે –

વર્તમાનનો કાલ કયો છે ? અર્થાત્ આ કાલમાં કરાયેલ કૃત્ય મને ફળ આપશે કે નહિ ? તેનો વિચાર કરવો જોઈએ. મારા મિત્રો કેવા છે ? અર્થાત્ આ કૃત્ય કરતાં આપત્તિ આવશે તો તેમાં સહાયક થાય તેવા મિત્રો છે કે નહિ ? તેનો વિચાર કરવો જોઈએ. આ દેશ કેવો છે ? જેથી હું કાર્ય કરું અને આપત્તિ આવે તો દેશ સહાયક થાય તેવો છે કે નહિ ? તેનો નિર્ણય કરે. અર્થાત્ નીતિમાન રાજા હોય તો સહાયક થાય, અન્યથા ન થાય. તેનો વિચાર કરે અને આ પ્રવૃત્તિમાં શું વ્યય થાય તેમ છે ? શેની પ્રાપ્તિ થાય તેમ છે ? તેની વિચારણા કરી પ્રવૃત્તિ કરે. હું કોણ છું ? અર્થાત્ હું ગૃહસ્થ છું ? હું સાધુ છું ? અથવા હું કયા કુલાદિનો છું ? ઇત્યાદિનો વિચાર કરે. અને મારી શું શક્તિ છે ? અર્થાત્ જે કાર્ય સ્વીકારવા માટે હું તત્પર થયો છું તે કાર્યમાં મારી શું શક્તિ છે ? ઇત્યાદિની વારંવાર વિચારણા કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ.

આ રીતે જે ગૃહસ્થ બલાબલનો વિચાર કરીને સર્વ વ્યવહાર કરે છે તેઓના સર્વ પુરુષાર્થ એકાંતે આલોક અને પરલોકના હિતનું કારણ બને છે. માટે બલાબલની વિચારણા પણ ધર્મનું અંગ છે. **૩૧॥ ॥૧૩॥**

ટીકા :-

तथा यथार्हा=या यस्योचिता, लोकयात्रा=लोकचित्तानुवृत्तिरूपो व्यवहारः, सा विधेया, यथार्हलोकयात्रातिक्रमे हि लोकचित्तविराधनेन तेषामात्मन्यनादेयतया(ता)परिणामापादनेन स्वलाघवमेवोत्पादितं भवति एवं चान्यस्यापि स्वगतस्य सम्यगाचारस्य लघुत्वमेवोपनीतं स्यादिति ।।

उक्तं च–

"लोकः खल्वाधारः, सर्वेषां धर्मचारिणां यस्मात् ।

तस्माल्लोकविरुद्धं, धर्मविरुद्धं च संत्याज्यम् ।।१।।" **[प्रशमरति १३१] ३२।।**

ટીકાર્થ :-

तथा ..... संत्याज्यम् ।। અને યથાયોગ્ય જે જેને ઉચિત છે તેવી લોકયાત્રા=લોકચિત્તની અનુવૃત્તિરૂપ વ્યવહાર, તે કરવો જોઈએ. हि=જે કારણથી, યથાયોગ્ય લોકયાત્રાનો અતિક્રમ કરાયે છતે લોકચિત્તના વિરાધનથી તેઓના પોતાનામાં અનાદેયતાના પરિણામના આપાદનથી સ્વલાઘવ જ ઉત્પાદન કરાયેલું થાય છે. અને આ રીતે=યથાયોગ્ય લોકયાત્રા ન કરવામાં આવે એ રીતે, સ્વગત સમ્યક્ આચારનું લઘુત્વ જ અન્યને પણ પ્રાપ્ત કરાયેલું થાય.

'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે અને કહેવાયું છે.

"જે કારણથી ખરેખર સર્વધર્મચારીઓનો લોક આધાર છે તે કારણથી લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ સંત્યાજ્ય છે." **(પ્રશમરતિ૦ શ્લોક-૧૩૧) ૩૨।।**

ભાવાર્થ :-

(૩૨) યથાયોગ્ય લોકયાત્રા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થે દરેક જીવો સાથે જે પ્રકારે ઉચિત વ્યવહાર હોય તે પ્રકારે ઉચિત વ્યવહાર સંપાદન કરવો જોઈએ. જો ગૃહસ્થ દરેકની ભૂમિકાને અનુસાર ઉચિત વ્યવહાર ન કરે તો તે લોકોના ચિત્તનું વિરાધન થવાથી=તે લોકોનું ચિત્ત ગૃહસ્થ પ્રત્યે વિરુદ્ધ ભાવવાળું થવાથી, તેઓને તે ગૃહસ્થ અનાદેય થાય છે. અર્થાત્ આદરપાત્ર થતો નથી. તેથી પોતાનું લાઘવપણું જ પ્રાપ્ત થાય છે. અને આ રીતે અન્ય સાથે ઉચિત વ્યવહાર નહિ કરવાથી ગૃહસ્થ વડે સેવાયેલો ધર્મ પણ અન્ય જીવોને અસાર જણાય છે. તેથી ગૃહસ્થે પોતાની ભૂમિકા અનુસાર સર્વ જીવો સાથે ઉચિત સંભાષણ કે ઉચિત પ્રવૃત્તિરૂપ વ્યવહાર કરવો જોઈએ.

સદ્ગૃહસ્થનો સર્વ જીવો સાથે ભૂમિકાનુસાર ઉચિત વ્યવહાર અન્યને ધર્મપ્રાપ્તિનું કારણ બને છે અને પોતાની પણ ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિ બને છે. તેથી તે વ્યવહાર ધર્મરૂપ છે. **૩૨।।**

ટીકા :-

तथा परोपकृतौ=परोपकारे, पाटवं=पटुत्वम्, परोपकारपरो हि पुमान् सर्वस्य नेत्रामृताञ्जनम् ३३ ।।

ટીકાર્થ :-

तथा ..... नेत्रामृताञ्जनम् ।। અને परोपकृतिमां=પરોપકારમાં, पाटव=પટુપણું, જે કારણથી પરોપકાર-તત્પર પુરુષ સર્વજીવોના ક્ષેત્રના અમૃતના અંજન જેવો છે અર્થાત્ સર્વજીવોને પ્રિય લાગે છે. ૩૩॥

ભાવાર્થ :-

(૩૩) પરોપકારનું પાટવ તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

સુંદર પ્રકૃતિવાળા ગૃહસ્થો હંમેશાં પરનું હિત કેમ થાય ? તેની ચિંતા કરનારા હોય છે. તેથી પોતાની શક્તિ અનુસાર જે-જે પ્રકારે પરનું હિત થાય તે પ્રકારે પરના હિતમાં પ્રવૃત્તિ કરે છે અને આવા પરોપકારના સ્વભાવવાળો ગૃહસ્થ સર્વને પ્રિય જણાય છે. **૩૩॥**

ટીકા :-

तथा ह्रीर्लज्जा वैयात्याभावः इतियावत्, लज्जावान् हि प्राणप्रहाणेऽपि न प्रतिज्ञातमपजहाति यथाह–

"लज्जां गुणौघजननीं जननीमिवार्यामत्यन्तशुद्धहृदयामनुवर्त्तमानाः ।

तेजस्विनः सुखमसूनपि संत्यजन्ति, सत्यस्थितिव्यसनिनो न पुनः प्रतिज्ञाम् ।।१।।" **३४।।**

ટીકાર્થ :-

तथा ..... प्रतिज्ञाम् ।। અને ह्री=લજ્જા=વૈયાત્યનો અભાવ=નિર્લજ્જતાનો અભાવ. જે કારણથી લજ્જાવાળો પુરુષ પ્રાણના નાશમાં પણ પ્રતિજ્ઞાનો ત્યાગ કરતો નથી. જે પ્રમાણે કહે છે –

"અત્યંત શુદ્ધ હૃદયવાળી આર્ય માતાની જેમ ગુણના સમુદાયને નિષ્પન્ન કરનારી લજ્જાને અનુવર્તન કરતા તેજસ્વી જીવો સુખપૂર્વક પ્રાણનો પણ ત્યાગ કરે છે. વળી, સત્યસ્થિતિના વ્યસનવાળા પુરુષો પ્રતિજ્ઞાનો ત્યાગ કરતા નથી." **૩૪॥**

ભાવાર્થ :-

(૩૪) લજ્જા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

ગૃહસ્થ લજ્જાના સ્વભાવવાળા હોય છે. લજ્જા એટલે ઉદ્ધતાઈનો અભાવ. અને લજ્જા સ્વભાવવાળા પુરુષ, પોતે જે પ્રતિજ્ઞા કરી હોય તે પ્રતિજ્ઞાનો પ્રાણના ભોગે પણ નિર્વાહ કરે છે. તેમાં સાક્ષી આપે છે. જેમ કોઈકની માતા અત્યંત શુદ્ધ હૃદયવાળી અને આર્ય=ઉત્તમ સ્વભાવવાળી, હોય તો તે માતા પુત્રની હિતચિંતા

કરી પુત્રને ગુણસંપન્ન બનાવે છે તેમ જીવમાં રહેલ લજ્જા ગુણ, ગુણોના સમુદાયને નિષ્પન્ન કરનાર છે. અને તેવી લજ્જાને ધારણ કરનાર જીવો પોતાની પ્રતિજ્ઞા પાળવામાં તેજસ્વી હોય છે તેથી કોઈ વિષમ સંયોગ આવે તો સુખપૂર્વક પ્રાણોનો પણ ત્યાગ કરે છે. પરંતુ સ્વીકારેલી સત્યમર્યાદાના પાલનમાં વ્યસનવાળા તેઓ પ્રતિજ્ઞાનો ત્યાગ કરતા નથી.

આ લજ્જા ગુણ જીવમાં ધર્મનિષ્પત્તિનું પ્રબળ કારણ હોવાથી ધર્મરૂપ છે. **૩૪॥**

ટીકા :-

तथा सौम्यता=अक्रूराकारः, क्रूरो हि लोकस्योद्वेगकारणं सौम्यश्च सर्वजनसुखाराध्यो भवतीति ३५।। ।।१४।।

ટીકાર્થ :-

तथा ..... भवतीति ।। અને સૌમ્યતા=અક્રૂર આકાર, જે કારણથી ક્રૂર પુરુષ લોકોના ઉદ્વેગનું કારણ બને છે અને સૌમ્ય પુરુષ સર્વજીવ વડે સુખેથી આરાધ્ય થાય છે.

'इति' શબ્દ પાંત્રીશ ભેદોની સમાપ્તિ માટે છે. ૩૫।। ।।૧૪।।

ભાવાર્થ :-

(૩૫) સૌમ્યતા તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે :-

જે જીવોની પ્રકૃતિ સૌમ્ય હોય છે તેઓ કોઈના પ્રત્યે ક્રૂરતાવાળું વર્તન કરતા નથી. અને જે જીવોની પ્રકૃતિ ક્રૂર હોય છે તેઓ બીજા લોકોના ઉદ્વેગનું કારણ બને-છે. સૌમ્ય પુરુષની સાથે સર્વજીવો સુખપૂર્વક સર્વ વ્યવહાર કરી શકે છે તેથી સૌમ્યતા તે જીવની ઉત્તમપ્રકૃતિ છે માટે ધર્મરૂપ બને. **૩૫॥ ॥૧૪॥**

ટીકા :-

उक्तः सप्रभेदः सामान्यतो गृहिधर्मः । [अत्रेदमवधेयम् न्यायार्जितधनसुस्थानगृहनिवेशन-मातापित्रर्चनादीनां सिद्धान्ते कर्त्तव्यताबोधकप्रत्यक्षवचनानुपलम्भेन धर्मलक्षणस्य योजयितुमशक्यत्वेऽपि तत्तदधिकारिशिष्टाचारमहिम्ना तादृश २ विधिवचनानामुन्नयनान्नासंलग्नता दोष इति । एवमप्यप्राप्तांश एव विधिप्रवृत्तेः प्राप्तेषु धनादिषु न्यायार्जितत्वाद्यंशानामेव विधेयत्वाद्विशिष्टे कथं धर्मत्वम्? विध्यस्पर्शादिति चेत्सत्यम्, अनूद्यताविधेयतयोर्विषयताविशेषयोः प्राप्त्यप्राप्तिनियतत्वेऽपि इष्टसाधनत्वादिरूपविध्यर्थस्य विशिष्ट एव संभवात् । कथं तर्हि सततताभ्यासविषयाभ्यासभावाभ्यासानां मध्ये भावाभ्यासस्यैव धर्मानुष्ठानत्वमनुमतमुपदेशपदे, सततताभ्यासविषयाभ्यासयोश्च निषिद्धम्? इति चेत् न कथञ्चित्, सम्यग्दर्शनाद्यनुगतभावग्राहिनिश्चयनयाभिप्रायेणैव तन्निषेधाद् अपुनर्बन्धकाद्युचितभावलेशग्राहिव्यवहारनयाभिप्रायेण तत्समर्थनादेव, तथा च तद्ग्रन्थः—

"अन्ने भणंति तिविहं, सययविसयभावजोगओ णवरं ।
धम्मंमि अणुट्ठाणं, जहुत्तरपहाणरूवं तु ।।१।।
एअं च ण जुत्तिखमं, णिच्छयणयजोगओ जओ विसए ।
भावेण य परिहीणं, धम्माणुट्ठाणमो किह णु ।।२।।
ववहारओ उ जुज्जइ, तहा तहा अपुणबंधगाईसुत्ति ।" **[उपदेशपद गा. १४९, १५०-१]**

एतदर्थो यथा–"अन्ये आचार्या ब्रुवते त्रिविधं=त्रिप्रकारं, सततविषयभावयोगतः योगशब्दस्य प्रत्येकमभिसंबन्धात् सततादिपदानां सततताभ्यासादौ लाक्षणिकत्वात्सततताभ्यासविषयाभ्यासभावाभ्यासयोगादित्यर्थः, नवरं=केवलम्, धर्मेऽनुष्ठानं यथोत्तरं प्रधानरूपं तुरेवकारार्थः यद्यदुत्तरं तदेव ततः प्रधानमित्यर्थः, तत्र सततताभ्यासो नित्यमेव मातापितृविनयादिवृत्तिः, विषयाभ्यासो मोक्षमार्गनायकेऽर्हल्लक्षणे पौनःपुन्येन पूजनादिप्रवृत्तिः, भावाभ्यासो भावानां सम्यग्दर्शनादीनां भवोद्वेगेन भूयो भूयः परिशीलनम् ।।१।।

एतच्च द्विविधमनुष्ठानम्, न युक्तिक्षमं=नोपपत्तिसहम्, निश्चयनययोगेन=निश्चयनयाभिप्रायेण, यतो मातापित्रादिविनयस्वभावे सतताभ्यासे सम्यग्दर्शनाद्यनाराधनारूपे धर्मानुष्ठानं दूरापास्तमेव, विषय इत्यनन्तरम् अपिर्गम्यः, विषयेऽपि अर्हदादिपूजालक्षणे विषयाभ्यासेऽपि, भावेन भववैराग्यादिना परिहीणं धर्मानुष्ठानम्, कथं नु ? न कथंचिदित्यर्थः, ओकारः प्राकृतत्वात्; परमार्थोपयोगरूपत्वाद्धर्मानुष्ठानस्य, निश्चयनयमते भावाभ्यास एव धर्मानुष्ठानं नान्यद्वयमिति निगर्वः ।।२।।

व्यवहारतस्तु व्यवहारनयादेशात्तु, युज्यते द्वयमपि, तथा २ तेन २ प्रकारेणापुनर्बन्धकादिषु=अपुनर्बन्धकप्रभृतिषु । तत्रापुनर्बन्धकः पापं न तीव्रभावात्करोतीत्याद्युक्तलक्षणः, आदिशब्दादपुनर्बन्धकस्यैव विशिष्टोत्तरावस्थाविशेषभाजौ मार्गाभिमुखमार्गपतितौ अविरतसम्यग्दृष्ट्यादयश्च गृह्यन्त" **इति ।**

ननु तथापि धर्मसंग्रहिण्यां निश्चयनयमतेन शैलेशीचरमसमय एव धर्म उक्तः, तत्पूर्वसमयेषु तु तत्साधनस्यैव सम्भवः–

"सो उभयक्खयहेऊ सीलेसीचरमसमयभावी जो ।
सेसो पुण णिच्छयओ, तस्सेव पसाहगो भणिउ ।।" **[गा. २६] त्ति वचनात् ।**

अत्र तु निश्चयतो धर्मानुष्ठानसंभवश्चाप्रमत्तसंयतानामेवेति कथं न विरोधः ? इति चेन्न, धर्मसंग्रहिण्यां धर्मस्यैवाभिधित्सितत्वेन तत्र धर्मपदव्युत्पत्तिनिमित्तग्राहकैवंभूतरूपनिश्चयनयस्य शैलेशीचरमसमय एव प्रवृत्तिसंभवात् अत्र तु धर्मानुष्ठानपदव्युत्पत्तिनिमित्तग्राहकैवंभूतरूपनिश्चयनयस्याप्रमत्तसंयत एव प्रवृत्तिसंभवेन विरोधलेशस्याप्यनवकाशात् । हन्तैवं निरुपचरितो भावाभ्यासोऽप्रमत्तसंयतस्यैव, प्रमत्तसंयतदेशविरताविरतसम्यग्दृशां त्वापेक्षिकत्वेनौपचारिक एव प्राप्त इत्यपुनर्बन्धकस्यैवौपचारिक इति कथं युज्यते? इति चेद्, यथा पर्यवनयव्युत्क्रान्तार्थग्राही द्रव्योपयोगः परमाणावेवापश्चिम-

विकल्पनिर्वचनः, तथा निश्चयनयव्युत्क्रान्तार्थग्राही व्यवहारनयोऽप्यपुनर्बन्धक एव तथेत्यभिप्रायादिति गृहाण । अत एव–

"अपुनर्बन्धकस्यायं, व्यवहारेण तात्त्विकः ।
अध्यात्मभावनारूपो, निश्चयेनोत्तरस्य तु ।।" इत्युक्तं योगबिन्दौ । [गा. ३६९]

यत्त्वत्रापुनर्बन्धकस्याप्युपलक्षणत्वात् सम्यग्दृष्ट्यादीनामपि (सम्यग्दृष्टेः च) वृत्तौ ग्रहणं कृतम्, तदपेक्षयैवेति तत्त्वम् । तदयं परमार्थः–निश्चयेनानुपचरितं धर्मानुष्ठानमप्रमत्तसंयतानामेव, प्रमत्तसंयतादीनां त्वपेक्षया निश्चयव्यवहाराभ्याम्, अपुनर्बन्धकस्य तु व्यवहारेणैव, तेन सामान्यतो गृहिधर्मो व्यवहारेणापुनर्बन्धकापेक्षयैवेति स्थितमिति ।]

ટીકાર્થ :-

उक्तः ..... स्थितमिति ।] પ્રભેદ સહિત સામાન્યથી ગૃહસ્થધર્મ કહેવાયો.

[અહીં=અત્યાર સુધી ગૃહસ્થના પાંત્રીશ સામાન્ય ધર્મનું વર્ણન કર્યું એમાં, આ=આગળમાં કહેવાય છે એ, જાણવું=ન્યાયાર્જિતધન - સુસ્થાન ગૃહનો નિવેશ - માતાપિતાદિનું અર્ચન આદિનું સિદ્ધાન્તમાં કર્તવ્યતાબોધક વચનનું પ્રત્યક્ષ અનુપલમ્ભ હોવાને કારણે ધર્મના લક્ષણનું યોજન કરવા માટે અશક્યપણું હોવા છતાં પણ તે તે અધિકારી શિષ્ટાચારના મહિમાથી=ગૃહસ્થ રૂપે તે તે ભૂમિકાના અધિકારી એવા શિષ્ટાચારના મહિમાથી, તેવા તેવા પ્રકારના વિધિવચનનું ઉન્નયન થવાથી=ગૃહસ્થની પૂર્વભૂમિકામાં આ પ્રકારનું કર્તવ્ય છે તેવા પ્રકારના વિધિવચનની ઉપસ્થિતિ થવાથી, અસંલગ્નતા દોષ નથી=પૂર્વમાં વર્ણન કરાયેલ પાંત્રીશ પ્રકારના સામાન્ય ધર્મમાં ન્યાયાર્જિત ધનાદિને ધર્મ કહેવામાં અસંલગ્નતાદોષ નથી.

'इति' શબ્દ પાંત્રીશ પ્રકારના ગૃહસ્થના ધર્મમાં ન્યાયાર્જિત ધનાદિને ધર્મ સ્વીકારવામાં કોઈ દોષ નથી તે કથનની સમાપ્તિ માટે છે.

આ રીતે પણ=પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે ન્યાયાર્જિત ધનને ધર્મરૂપે સ્વીકારવામાં દોષ નથી એ રીતે પણ, અપ્રાપ્ત અંશમાં જ વિધિની પ્રવૃત્તિ હોવાથી=ન્યાયપૂર્વક ધન કમાવું જોઈએ એમાં સ્વતઃ ગૃહસ્થ ન્યાયપૂર્વકમાં પ્રવૃત્ત નહિ હોવાના કારણે ન્યાયપૂર્વક અંશમાં જ વિધિની પ્રવૃત્તિ હોવાથી, પ્રાપ્ત એવા ધનાદિમાં ન્યાયાર્જિતત્વાદિ અંશોનું જ વિધેયપણું હોવાના કારણે વિશિષ્ટમાં=ન્યાયાર્જિત વિશેષણથી વિશિષ્ટ એવા ધનમાં, ધર્મપણું કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે વિધિનો અસ્પર્શ છે=ન્યાયાર્જિત ધનમાં રહેલ 'ધન' શબ્દમાં વિધિનો અસ્પર્શ છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

તારી વાત સાચી છે. (તોપણ ન્યાયાર્જિતધનને ધર્મરૂપે સ્વીકારવામાં દોષ નથી.)

કેમ દોષ નથી ? તેમાં યુક્તિ આપે છે –

વિષયતા વિશેષરૂપ અનુદ્યતાનું અને વિધેયતાનું=ઉદ્દેશ્ય વિધેયભાવનું, પ્રાપ્તિ-અપ્રાપ્તિની સાથે નિયતપણું હોવા છતાં પણ ઈષ્ટસાધનત્વાદિરૂપ વિધિ અર્થનું વિશિષ્ટમાં જ=ન્યાયાર્જિત વિશેષણથી વિશિષ્ટ એવા ધનમાં જ, સંભવ છે. કેવી રીતે તો પછી સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસમાં ભાવાભ્યાસનું જ ધર્માનુષ્ઠાનપણું ઉપદેશપદમાં અનુમત છે ? અને સતતાભ્યાસ-વિષયાભ્યાસનું નિષિદ્ધ છે=સતતાભ્યાસ અને વિષયાભ્યાસનું ધર્માનુષ્ઠાનપણું નિષિદ્ધ છે એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

કોઈક રીતે નહિ=કોઈક રીતે નિષેધ નથી; કેમ કે સમ્યગ્દર્શનાદિ અનુગત એવા ભાવગ્રાહી નિશ્ચયનયના અભિપ્રાયથી જ તેનો નિષેધ હોવાથી=સતતાભ્યાસ અને વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાનનો નિષેધ હોવાથી, અપુનર્બંધકાદિ ઉચિત ભાવલેશગ્રાહી વ્યવહારનયના અભિપ્રાયથી તેનું સમર્થન જ છે=સતતાભ્યાસ-વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાનપણાનું સમર્થન જ છે. અને તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે સમ્યગ્દર્શનાદિ અનુગત ભાવગ્રાહી નિશ્ચયનયના અભિપ્રાયથી સતતાભ્યાસમાં અને વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાન સંગત નહિ હોવા છતાં અપુનર્બંધકાદિ ઉચિત ભાવલેશગ્રાહી વ્યવહારનયના અભિપ્રાયથી ઉપદેશપદમાં સતતાભ્યાસમાં અને વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાનપણાનું સમર્થન જ છે તે પ્રમાણે, તે ગ્રંથ છે=ઉપદેશપદનું વચન છે.

"અન્ય આચાર્ય કેવલ સતત-વિષય અને ભાવના યોગથી ધર્મવિષયક અનુષ્ઠાન યથોત્તર પ્રધાનરૂપ જ ત્રિવિધ કહે છે." **(ઉપદેશપદ-ગાથા-૧૪૮)**

"અને આ=અન્ય આચાર્યો કહે છે, એ યુક્તિક્ષમ નથી જે કારણથી નિશ્ચયનયના યોગથી વિષયમાં પણ ભાવથી પરિહીન ધર્માનુષ્ઠાન કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય." **(ઉપદેશપદ-ગાથા-૧૪૯)**

"વ્યવહારથી=વ્યવહારનયથી, તે તે પ્રકારના અપુનર્બંધકાદિમાં ઘટે છે=સતતાભ્યાસ અને વિષયાભ્યાસ બંનેમાં ધર્મપણું ઘટે છે." **(ઉપદેશપદ-ગાથા-૧૫૦/૧)**

આનો અર્થ=પૂર્વમાં જે અઢી શ્લોક બતાવ્યા એનો અર્થ, 'યથા'થી બતાવે છે –

અન્ય આચાર્ય સતત-વિષય અને ભાવના યોગથી ત્રિવિધ=ત્રણ પ્રકારનું, કહે છે. 'સતત-વિષય અને ભાવના યોગથી' એમાં રહેલ યોગ શબ્દનો પ્રત્યેકમાં સંબંધ હોવાથી સતતાદિ પદોનું સતતાભ્યાસાદિમાં લાક્ષણિકપણું હોવાથી, સતતાભ્યાસ-વિષયાભ્યાસ-ભાવાભ્યાસના યોગથી એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે=સતત-વિષય-ભાવ યોગથી એ શબ્દનો અર્થ સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસના યોગથી એ પ્રકારનો પ્રાપ્ત થાય છે, કેવલ ધર્મમાં યથોત્તર પ્રધાનરૂપ અનુષ્ઠાન છે. 'તુ' શબ્દ 'એવકાર' અર્થવાળો છે. તેથી જે જેના ઉત્તરમાં છે તે જ તેનાથી પ્રધાન છે – એ પ્રકારનો અર્થ છે=સતતાભ્યાસના ઉત્તરમાં વિષયાભ્યાસ છે તેથી સતતાભ્યાસ કરતાં વિષયાભ્યાસ પ્રધાન છે. વિષયાભ્યાસના ઉત્તરમાં ભાવાભ્યાસ છે. તેથી વિષયાભ્યાસ કરતાં ભાવાભ્યાસ પ્રધાન છે એ પ્રકારનો અર્થ છે. ત્યાં=ત્રણ પ્રકારના અભ્યાસમાં, સતતાભ્યાસ નિત્ય જ માતાપિતાના વિનયાદિની પ્રવૃત્તિ છે. વિષયાભ્યાસમાં અરિહંત લક્ષણ મોક્ષમાર્ગના નાયકમાં પુનઃપુનઃપણાથી પૂજનાદિ પ્રવૃત્તિ છે. ભાવાભ્યાસ સમ્યગ્દર્શનાદિ ભાવોનું ભવના ઉદ્વેગથી ફરી ફરી પરિશીલન છે. ॥૧૧॥

અને આ દ્વિવિધ અનુષ્ઠાન=સતતાભ્યાસ અને વિષયાભ્યાસ એ બંને અનુષ્ઠાન, યુક્તિક્ષમ નથી=ઉપપત્તિ સહ નથી=ધર્મરૂપે સ્વીકારવામાં યુક્તિવાળા નથી. જે કારણથી નિશ્ચયનયના યોગથી=નિશ્ચયનયના અભિપ્રાયથી, માતાપિતાદિના વિનયના સ્વભાવવાળા સમ્યગ્દર્શનાદિની અનારાધનારૂપ સતતાભ્યાસમાં ધર્માનુષ્ઠાન દૂરાપાસ્ત જ છે= ધર્માનુષ્ઠાન નથી જ. શ્લોકમાં 'વિસએ' શબ્દ પછી 'અપિ' અધ્યાહાર છે. તેથી અર્હદાદિ પૂજાલક્ષણ વિષયમાં પણ= વિષયાભ્યાસમાં પણ, ભવવૈરાગ્ય આદિ ભાવોથી પરિહીણ ધર્માનુષ્ઠાન કેવી રીતે હોય ? અર્થાત્ કોઈ રીતે ન હોય. શ્લોકમાં 'धम्माणुट्ठाणमो' શબ્દ છે તેમાં રહેલો 'ओ'કાર પ્રાકૃતપણાથી છે. તેથી તેનો કોઈ અર્થ નથી.

વિષયાભ્યાસમાં પણ ધર્માનુષ્ઠાન કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

ધર્માનુષ્ઠાનનું પરમાર્થના ઉપયોગરૂપપણું હોવાથી=આત્મામાં પારમાર્થિકભાવરૂપ સમ્યક્-દર્શનાદિ વિષયક ઉપયોગરૂપપણું નિશ્ચયનયના મતમાં ભાવાભ્યાસ જ ધર્માનુષ્ઠાન છે, અન્યદ્વય નહિ=સતતાભ્યાસ અને વિષયાભ્યાસ ધર્માનુષ્ઠાન નથી, એ પ્રકારનો નિગર્વ છે=એ પ્રકારનો નિર્ણય છે. ॥૨॥

વળી, વ્યવહારથી=વ્યવહારનયના આદેશથી, બંને પણ ઘટે છે=સતતાભ્યાસ અને વિષયાભ્યાસ બંને પણ ધર્માનુષ્ઠાન ઘટે છે. 'तथा तथा'=તે તે પ્રકારે, અપુનર્બંધકાદિમાં ઘટે છે, એમ અન્વય છે. ત્યાં=અપુનર્બંધકાદિમાં, પાપ તીવ્રભાવથી કરતો નથી ઇત્યાદિથી કહેવાયેલા લક્ષણવાળો અપુનર્બંધક છે. આદિ શબ્દથી=અપુનર્બંધકાદિમાં રહેલા આદિ શબ્દથી, અપુનર્બંધકની જ વિશિષ્ટ ઉત્તર અવસ્થાવિશેષને ભજનારા એવા માર્ગાભિમુખ, માર્ગપતિત અને અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગ્રહણ કરેલ છે.

'इति' શબ્દ ઉદ્ધરણના અર્થની સમાપ્તિ માટે છે.

'ननु'થી શંકા કરે છે. તોપણ=પૂર્વમાં ઉપદેશપદનું ઉદ્ધરણ આપ્યું અને તેમાં કહ્યું કે નિશ્ચયનયથી ભાવાભ્યાસ જ ધર્મ છે અને વ્યવહારનયથી સતત અભ્યાસ અને વિષયઅભ્યાસ પણ ધર્મ છે તોપણ, ધર્મસંગ્રહણીમાં નિશ્ચયનયના મતથી શૈલેશીના ચરમસમયમાં જ ધર્મ કહેવાયો છે. વળી, તેના પૂર્વસમયોમાં=શૈલેશીના ચરમસમયથી પૂર્વના સમયોમાં, તેના સાધનનો જ સંભવ છે=નિશ્ચયનયને અભિમત ધર્મના સાધનનો જ સંભવ છે=વ્યવહારનયને અભિમત જ ધર્મનો સંભવ છે. કેમ કે,

"તે ઉભય ક્ષયનો હેતુ છે જે શૈલેશીના ચરમસમયભાવિ છે. શેષ વળી નિશ્ચયનયથી તેનો જ=નિશ્ચયનયનો જ, પ્રસાધક કહેવાયો છે=નિશ્ચયનયના ધર્મને સાધનારો વ્યવહારનયથી ધર્મ કહેવાયો છે." **(ધર્મસંગ્રહણી, ગાથા ૨૬) એ પ્રમાણે વચન છે.**

વળી અહીં=ઉપદેશપદના વચનમાં, નિશ્ચયથી=નિશ્ચયનયથી, ધર્માનુષ્ઠાનનો સંભવ અપ્રમત્ત સંયતોને જ છે, એથી કેવી રીતે વિરોધ નથી ?=ધર્મસંગ્રહણીના કથન સાથે ઉપદેશપદના વચનને કેવી રીતે વિરોધ નથી ? એ પ્રમાણે કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

'न'=વિરોધ નથી; કેમ કે ધર્મસંગ્રહણીમાં ધર્મનું જ અભિધિત્સિતપણું હોવાને કારણે=ધર્મનું જ વક્તવ્યપણું હોવાને કારણે, ત્યાં=ધર્મસંગ્રહણીમાં, ધર્મપદની વ્યુત્પત્તિના નિમિત્તગ્રાહક એવા એવંભૂતરૂપ નિશ્ચયનયની શૈલેશીઅવસ્થાના ચરમસમયમાં જ પ્રવૃત્તિનો સંભવ હોવાથી, વળી અહીં=ઉપદેશપદમાં, ધર્માનુષ્ઠાનપદની વ્યુત્પત્તિના નિમિત્ત ગ્રાહક એવા એવંભૂત નિશ્ચયનયની અપ્રમત્ત સંયતમાં જ

પ્રવૃત્તિનો સંભવ હોવાને કારણે વિરોધલેશનો પણ અનવકાશ છે=ધર્મસંગ્રહણીના કથન સાથે ઉપદેશપદના કથનમાં વિરોધલેશનો પણ અનવકાશ છે=ધર્મસંગ્રહણીના કથન સાથે ઉપદેશપદના કથનનો વિરોધ નથી.

'હન્ત'થી શંકા કરે છે –

આ રીતે=ઉપદેશપદ વચનનો પૂર્વમાં અર્થ કર્યો એ રીતે, નિરુપચરિત ભાવાભ્યાસ અપ્રમત્તસંયતને જ છે. પ્રમત્તસંયત, દેશવિરત અને અવિરત એવા સમ્યગ્દૃષ્ટિનું આપેક્ષિકપણું હોવાને કારણે= પ્રમત્તસંયતાદિમાં ભાવાભ્યાસનું આપેક્ષિકપણું હોવાને કારણે, ઔપચારિક જ પ્રાપ્ત છે=ઔપચારિક જ ધર્માનુષ્ઠાન પ્રાપ્ત છે. એથી અપુનર્બંધકને જ ઔપચારિક છે=અપુનર્બંધકને ઔપચારિક ધર્માનુષ્ઠાન છે, એ પ્રકારનું વચન કેવી રીતે ઘટે ?=એ પ્રકારનું વચન અન્યત્ર ઉપલબ્ધ છે તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહિ. એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી તેના સમાધાન માટે કહે છે - જે પ્રમાણે પર્યવનયવ્યુત્ક્રાંત અર્થગ્રાહી એવા પર્યાસ્તિકનયના સ્પર્શ વગરના અર્થને ગ્રહણ કરનાર એવા, દ્રવ્યનો ઉપયોગ પરમાણુમાં જ અપશ્ચિમ વિકલ્પના નિર્વચનરૂપ છે=છેલ્લા વિકલ્પના કથનરૂપ છે, તે પ્રમાણે નિશ્ચયનયવ્યુત્ક્રાન્તાર્થગ્રાહી વ્યવહારનય પણ અપુનર્બંધકમાં જ તે પ્રકારે કહે છે=ઔપચારિક ધર્મ કહે છે, એ પ્રકારના અભિપ્રાયથી અપુનર્બંધકને ઔપચારિક ધર્માનુષ્ઠાન કહેનાર અન્ય સ્થાનનું વચન સંગત છે એમ અન્વય છે એ પ્રમાણે ગ્રહણ કર. આથી જ=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો કે નિશ્ચયનય વ્યુત્ક્રાંત અર્થગ્રાહી વ્યવહારનય અપુનર્બંધકમાં ઔપચરિક ધર્મ સ્વીકારે છે આથી જ,

"અપુનર્બંધકનું જ આ=ધર્માનુષ્ઠાન, વ્યવહારથી તાત્વિક છે. વળી, અધ્યાત્મભાવનારૂપ ઉત્તરનું=સમ્યગ્દૃષ્ટિનું, નિશ્ચયથી તાત્વિક છે." **(યોગબિંદુ, ગાથા-૩૬૯)**

એ પ્રમાણે યોગબિંદુમાં કહેવાયું છે. જે વળી અહીં=યોગબિંદુમાં અપુનર્બંધકનું પણ ઉપલક્ષણપણું હોવાથી સમ્યગ્દૃષ્ટિનું વૃત્તિમાં ગ્રહણ કરાયું તે અપેક્ષાથી જ છે, એ પ્રકારનું તત્ત્વ છે.

ધર્મસંગ્રહણીના અને ઉપદેશપદના કથનનો સ્થૂલથી દેખાતો વિરોધ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ દૂર કર્યો તે સર્વનું નિગમન કરતાં કહે છે –

તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું તે કારણથી, આ પરમાર્થ છે – નિશ્ચયનયથી અનુપચરિત ધર્માનુષ્ઠાન અપ્રમત્તસંયતોને જ છે. વળી પ્રમત્તસંયતાદિને અપેક્ષાથી નિશ્ચયનય-વ્યવહારનય દ્વારા ધર્માનુષ્ઠાન છે. વળી અપુનર્બંધકને વ્યવહારથી જ છે. તે કારણથી સામાન્યથી ગૃહસ્થધર્મ વ્યવહારનયથી અપુનર્બંધકની અપેક્ષાએ જ છે, એ પ્રકારે સ્થિત છે.]

'ઇતિ' શબ્દ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના કથનની સમાપ્તિ માટે છે.

❖ યોગબિંદુ શ્લોક ૩૬૯નું જે ઉદ્ધરણ ટીકામાં આપ્યું છે ત્યાર પછી કહ્યું કે 'सम्यग्दृष्ट्यादीनामपि वृत्तौ ग्रहणं कृतम्' ત્યાં 'सम्यग्दृष्ट्यादीनामपि'ને બદલે 'सम्यग्दृष्टेश्च' એ પ્રમાણે વૃત્તિમાં પાઠ છે અને તે શુદ્ધ છે તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં સામાન્યથી ગૃહસ્થના પાંત્રીસ પ્રકારના ધર્મનું સ્વરૂપ બતાવ્યું. તે કથનમાં આગળ કહે છે એ પદાર્થ વિચારવા જેવો છે અને તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે. ન્યાયાર્જિત ધન, સુસ્થાનમાં ઘરનો નિવેશ અને માતા-પિતાની પૂજાદિને સિદ્ધાંતમાં કર્તવ્યનો બોધ કરાવે તેવું પ્રત્યક્ષ વચન ક્યાંય ઉપલબ્ધ નથી, તેથી ન્યાયાર્જિત ધનાદિમાં ધર્મનું લક્ષણ યોજન કરી શકાય નહિ; તોપણ તે તે ધર્મના અધિકારી=તે તે ભૂમિકાના ધર્મના અધિકારી, એવા શિષ્ટાચારના મહિમાથી તેવી તેવી વિધિનું ઉન્નયન થાય છે=ન્યાયાર્જિત ધનાદિના વિધિવચનની ઉપસ્થિતિ થાય છે, તેથી ન્યાયાર્જિત ધનાદિમાં ધર્મનું લક્ષણ ગ્રંથકારશ્રીએ યોજન કર્યું છે તે અસંબદ્ધ નથી.

આશય એ છે કે શાસ્ત્રમાં જે જે સ્થાનમાં જેને જેને જે જે પ્રવૃત્તિ કર્તવ્ય કહી હોય તે તે જીવને આશ્રયીને તે તે પ્રવૃત્તિ ધર્મ છે તેમ સ્વીકારી શકાય અને શાસ્ત્રમાં ધર્મપદથી વાચ્ય સર્વવિરતિધર્મ, દેશવિરતિધર્મ કે અવિરત સમ્યગ્દૃષ્ટિનાં પૂજાદિ કૃત્યોને ધર્મ કહેલ છે. તેથી ન્યાયપૂર્વક ધનઅર્જનાદિને ધર્મ કહેનાર વચન શાસ્ત્રમાં સાક્ષાત્ ઉપલબ્ધ નથી, તોપણ જે જે શિષ્ટપુરુષના આચારો હોય તે ધર્મ છે. એ પ્રકારનો ધર્મપદનો સામાન્ય અર્થ છે; કેમ કે વિવેકપૂર્વકની સર્વ ઉચિત પ્રવૃત્તિમાં કાંઈક કાંઈક કષાયોનું અપ્રવર્તન હોય છે. અને ધર્મના પ્રથમ ભૂમિકાના અધિકારી એવા શિષ્ટપુરુષનો આચાર છે કે ગૃહસ્થાવસ્થામાં નીતિપૂર્વક ધન કમાવું, વળી ભવિષ્યમાં કોઈ આપત્તિ ન આવે તેના માટે ઉચિત સ્થાને ઘરનું નિર્માણ કરવું. વળી આલોકમાં પોતાનાં ઉપકારી માતા-પિતાનું પૂજન કરવું. તેથી તે શિષ્ટાચારના મહિમાથી આવા પ્રકારની વિધિ શાસ્ત્રસંમત છે તેમ નિર્ણય કરી શકાય છે. તેથી સાક્ષાત્ તેવી પ્રવૃત્તિને ધર્મ કહેનારું વચન શાસ્ત્રમાં ઉપલબ્ધ ન હોય તોપણ તેને ધર્મરૂપે સ્વીકારવામાં કોઈ દોષ નથી.

અહીં તે-તે અધિકારી શિષ્ટાચારના મહિમાથી તેવા-તેવા વિધિવચનનું ઉન્નયન થાય છે. એમ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો સાક્ષાત્ નિર્લેપ પરિણતિરૂપ ધર્મ કરવા સમર્થ નથી તોપણ સારી રીતે ધનાદિ કમાઈને, તેના દ્વારા ભગવદ્ભક્તિ આદિ કરીને સુંદર ભાવો કરી શકે તેવી પ્રકૃતિવાળા છે. તેઓ ન્યાયપૂર્વક ધન કમાઈને ધનનો વ્યય ગુણવાનની ભક્તિમાં કરીને ગુણ પ્રત્યેના પક્ષપાતવાળા થાય તેવા છે. તેવા અધિકારી શિષ્ટપુરુષોનો આચાર છે કે ન્યાયપૂર્વક ધન કમાય અને શક્તિ અનુસાર ધર્મમાં વ્યય કરીને ગુણના પક્ષપાતી બને. તેવા જીવો માટે ન્યાયપૂર્વક ધન કમાવું એ પણ ધર્મની પ્રવૃત્તિનું અંગ હોવાથી ધર્મપ્રવૃત્તિ છે. વળી, પોતાના જીવનમાં આપત્તિઓ ન આવે તેના માટે સારા-સુરક્ષિત સ્થાને ગૃહનું નિર્માણ કરવું તે પણ ધર્મ છે; કેમ કે અસ્થાને ગૃહનું નિર્માણ કરે અને આર્થિકાદિ સંયોગો વિષમ થાય ત્યારે દુર્ધ્યાનાદિ કરીને આલોકમાં દુઃખી થાય અને પરલોકમાં પણ દુઃખી થાય. માટે તેના પરિહારના ઉપાયભૂત એવા ગૃહનું ઉચિત સ્થાને નિર્માણ કરવાથી આલોકમાં પણ ઉપદ્રવ વગરનું જીવન થાય છે અને પરલોક અર્થે ઉચિત ધર્મની પ્રાપ્તિ કરવામાં વિઘ્ન ન આવે તેવી પ્રવૃત્તિ થવાથી પરલોકમાં હિતની પ્રાપ્તિ થાય છે. માટે સારા સ્થાને ગૃહનું નિર્માણ પણ ધર્મનું અંગ છે. વળી, આદિ શબ્દથી અજીર્ણમાં ભોજનનો ત્યાગ ઇત્યાદિનું ગ્રહણ છે; કેમ કે અજીર્ણમાં ભોજનત્યાગાદિની પ્રવૃત્તિ પણ તે તે ભૂમિકાના ગૃહસ્થ માટે શરીરની સ્વસ્થતાનું કારણ બનવાથી આલોક અને પરલોકના હિત માટે થાય છે.

આ રીતે ન્યાયાર્જિતધનાદિની પ્રવૃત્તિને ધર્મ સ્વીકારવામાં કોઈ દોષ નથી તોપણ અપ્રાપ્ત અંશમાં જ વિધિની પ્રવૃત્તિ હોય છે. જ્યારે પ્રાપ્ત એવા ધનાદિ અર્જનની પ્રવૃત્તિમાં વિધિની પ્રાપ્તિ નથી પરંતુ ન્યાયપૂર્વક ધનઅર્જન અંશમાં વિધિની પ્રાપ્તિ છે તેથી 'ન્યાયાર્જિત ધન કમાવું ધર્મ છે' તેમ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ; કેમ કે ધન કમાવાની પ્રવૃત્તિ ધર્મરૂપ નથી. પરંતુ ધન કમાવાની ક્રિયામાં ન્યાયપૂર્વકની પ્રવૃત્તિ ધર્મ છે. એ પ્રકારની શંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે – ઉદ્દેશ્યની વિષયતા અને વિધેયની વિષયતા ભિન્ન પ્રકારની છે એવા ઉદ્દેશ્ય-વિધેયભાવનું પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં નિયતપણું હોવા છતાં પણ ઇષ્ટ સાધનત્વાદિરૂપ વિધિઅર્થનું ન્યાયાર્જિત વિશેષણથી વિશિષ્ટ એવા ધનમાં જ સંભવ છે. માટે ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિને ધર્મ કહી શકાય.

આશય એ છે કે કોઈ પુરુષ પોતાની ભૂમિકા પ્રમાણે ધન કમાવામાં અપ્રવૃત્ત હોય ત્યારે શિષ્ટપુરુષ તેને કહે કે સદ્ગૃહસ્થે પોતાની આજીવિકા અર્થે ન્યાયપૂર્વક ધન કમાવું જોઈએ. તે વખતે તે જીવને આશ્રયીને ન્યાયપૂર્વક ધન કમાવામાં વિધિની પ્રાપ્તિ છે; કેમ કે સદ્ગૃહસ્થ પોતાની આજીવિકા ભીખ માંગીને કરે અથવા આજીવિકાની ચિંતા કર્યા વગર જીવે તો ક્લેશની પ્રાપ્તિ થાય તે ગૃહસ્થ માટે ઉચિત નથી. તેથી તે સ્થાનમાં ન્યાયપૂર્વક ધન કમાવું તે વિધેય છે-અને તે સ્થાનમાં ક્લેશ વગરનું ધર્મપરાયણ જીવન જીવવું તે ઉદ્દેશ્ય છે. તેથી ક્લેશ રહિત ધર્મપરાયણ જીવન જીવવાને ઉદ્દેશીને ન્યાયપૂર્વક ધન કમાવામાં વિધિ છે. અને કોઈક ગૃહસ્થ ધન કમાવા માટે સ્વતઃ પ્રવૃત્ત હોય પરંતુ લોભને વશ ન્યાયનીતિને છોડીને અન્યાયથી પણ ધન પ્રાપ્ત કરતો હોય તેવા પુરુષને કહેવામાં આવે કે 'ન્યાયપૂર્વક ધન કમાવું જોઈએ' તે સ્થાનમાં ધન કમાવાની પ્રવૃત્તિ સ્વતઃ પ્રાપ્ત હતી. તેથી ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિને ઉદ્દેશીને ન્યાયપૂર્વક પ્રવૃત્તિ કરવાનું વિધાન કરાય છે=તું જે ધન કમાવાની પ્રવૃત્તિ કરે છે તે અન્યાયપૂર્વક કરીશ નહીં પરંતુ ન્યાયપૂર્વક કરજે, એમ કહેવામાં આવે છે. તે સ્થાનમાં ન્યાયપૂર્વક ધન કમાવામાં વિધિ નથી; કેમ કે ધન કમાવાની પ્રવૃત્તિ સ્વતઃ પ્રાપ્ત હતી છતાં ન્યાયપૂર્વકની પ્રવૃત્તિ અપ્રાપ્ત હતી તેથી ન્યાયપૂર્વકની પ્રવૃત્તિ કરાવવામાં વિધિ છે. માટે તે સ્થાનમાં ન્યાયપૂર્વક અંશમાં જ વિધિની પ્રાપ્તિ છે. તોપણ સદ્ગૃહસ્થને માટે ઇષ્ટ એવી આજીવિકાનું સાધન અને ઇષ્ટ એવા ધર્મનું સાધન ન્યાયપૂર્વકનું ધન છે. તેથી આજીવિકા માટે અને ધર્મનાં કાર્યોમાં સદ્વ્યય કરવાના આશયથી ન્યાયપૂર્વક ધન અર્જન કરે તે ગૃહસ્થ માટે ધર્મરૂપ છે; કેમ કે ન્યાયપૂર્વક ધન કમાય તો ધન કમાવામાં અનીતિનો પરિણામ થતો નથી અને ન્યાયપૂર્વક ધન કમાઈને ધર્મપ્રધાન જીવન જીવે તો તે ધનનો સન્માર્ગમાં વ્યય કરી તે ગૃહસ્થ ઉત્તમ ભાવો કરી શકે છે તે સર્વ ભાવો ધનના અભાવમાં થાય નહિ. તેથી ક્લેશ વગરની આજીવિકા અને સ્વભૂમિકા અનુસાર ઉચિત ધર્મકૃત્ય કરી શકે તેમાં સહાયક ન્યાયપૂર્વક કમાયેલું ધન છે. માટે ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિને ધર્મ કહેવામાં કોઈ દોષ નથી.

અહીં કહ્યું કે ઇષ્ટ સાધનત્વાદિરૂપ વિધિઅર્થનો વિશિષ્ટમાં જ સંભવ છે ત્યાં આદિ પદથી બલવદ્ અનિષ્ટ અનનુબંધીત્વ અને કૃતિસાધ્યત્વનું ગ્રહણ છે. એથી એ પ્રાપ્ત થાય કે ગૃહસ્થ માટે જે ધનની પ્રાપ્તિ ઇષ્ટનું સાધન હોય, બલવાન અનિષ્ટનું અનનુબંધી હોય અને કૃતિથી સાધ્ય હોય તેવા ધનની પ્રાપ્તિ માટે ગૃહસ્થે ઉદ્યમ કરવો જોઈએ અને એ પ્રકારનો ગૃહસ્થનો ઉદ્યમ ધર્મ છે.

આશય એ છે કે વિવેકી ગૃહસ્થ આલોકમાં પણ ક્લેશ વગરની પ્રવૃત્તિ ઇચ્છે છે અને પરલોકના હિતનો નાશ ન થાય તે પ્રકારની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેવા ગૃહસ્થ માટે ધર્મપ્રધાન એવા જ અર્થ-કામ હોય છે. તેથી તેવા ગૃહસ્થો વિચારે છે કે ખરેખર જીવનમાં પૂર્ણ ધર્મ સેવવા જેવો છે. આમ છતાં, પૂર્ણ ધર્મ સેવવાની પોતાની શક્તિ નથી. એવું જણાય ત્યારે ધર્મને બાધ ન થાય તે રીતે અર્થ કામને સેવે છે, તેથી પોતાની શક્તિના પ્રકર્ષથી ધર્મમાં ઉદ્યમ કર્યા પછી તેઓ ધર્મને બાધ ન થાય તે પ્રકારે નીતિપૂર્વક ધન કમાય છે અને તે ધનનો ભોગમાં પણ તે રીતે ઉપયોગ કરે કે જેથી ધર્મને બાધ ન થાય. વળી તેવા વિવેકી ગૃહસ્થો સ્વશક્તિના પ્રકર્ષથી શક્ય એટલા ધર્મનું સેવન કરે છે છતાં ભોગની ઇચ્છા ધર્મની પ્રવૃત્તિમાં વિઘ્નભૂત જણાય છે ત્યારે યતનાપૂર્વક ભોગ કરે છે જેથી કામની ઇચ્છા શમે અને ધન કમાવાની પ્રવૃત્તિ પણ ધર્મની પ્રવૃત્તિનો વ્યાઘાત ન થાય તે પ્રકારે કરે છે તેઓની તે ધન કમાવાની પ્રવૃત્તિ બલવાન અનિષ્ટની અનુબંધી નથી. વળી, ધન કમાવાની જે પ્રવૃત્તિ પોતાના પ્રયત્નથી=કૃતિથી, સાધ્ય હોય તેવી જ પ્રવૃત્તિ કરે છે. જેથી નિષ્ફળ પ્રવૃત્તિના ક્લેશની પ્રાપ્તિ ન થાય.

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે ઇષ્ટસાધનત્વાદિરૂપ વિધિ અર્થ ન્યાયપૂર્વકરૂપ વિશેષણથી વિશિષ્ટ ધન કમાવવામાં હોય તો પછી ઉપદેશપદમાં સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસમાંથી માત્ર ભાવાભ્યાસને જ ધર્માનુષ્ઠાન કેમ કહ્યું ? વળી સતતાભ્યાસમાં અને વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાનનો નિષેધ કેમ કર્યો ? વસ્તુતઃ જેમ સતત અભ્યાસરૂપ માતાપિતાદિની સેવા ધર્મ નથી તેમ ન્યાયપૂર્વક ધન કમાવવાની પ્રવૃત્તિને પણ ધર્મ કહી શકાય નહીં એ પ્રકારની શંકા થાય; કેમ કે સતતાભ્યાસમાં માતા-પિતાના અર્ચન આદિની પ્રવૃત્તિ છે. અને સતતાભ્યાસરૂપ માતા-પિતાનું અર્ચન ધર્મ હોત તો ઉપદેશપદમાં તેનો નિષેધ કરે નહિ, અને ઉપદેશપદના વચનઅનુસાર સતત અભ્યાસ ધર્મ નથી તેમ ન્યાયપૂર્વક ધન કમાવું એ પણ ધર્મ નથી. આ પ્રકારની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપદેશપદમાં સતતાભ્યાસ અને વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાનનો નિષેધ સર્વથા કરેલો નથી પરંતુ સમ્યગ્દર્શન આદિ અનુગત ભાવગ્રાહી નિશ્ચયનયના અભિપ્રાયથી તેનો નિષેધ કર્યો છે અને અપુનર્બંધકાદિ ઉચિત ભાવલેશગ્રાહી એવા વ્યવહારનયના અભિપ્રાયથી સતતાભ્યાસમાં અને વિષયાભ્યાસમાં ધર્માનુષ્ઠાનનું સમર્થન જ કર્યું છે.

આશય એ છે કે ભગવાનનું શાસન નિશ્ચયનય અને વ્યવહારનય સ્વરૂપ છે. નિશ્ચયનય અનેક ભેદવાળો છે. તેમાં જે નિશ્ચયનય મોક્ષમાં સાક્ષાત્ કારણભૂત એવા સમયગ્દર્શનાદિ ભાવોને ધર્મરૂપે સ્વીકારે છે તે નિશ્ચયનયના અભિપ્રાયથી ભાવાભ્યાસને ધર્માનુષ્ઠાન કહી શકાય; કેમ કે ભાવાભ્યાસમાં રત્નત્રયીના ભાવોનો અભ્યાસ છે. જે રત્નત્રયીના ભાવોનો અભ્યાસ ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને વીતરાગતાનું કારણ છે તેથી નિશ્ચયનય ભાવાભ્યાસને ધર્મ કહે છે. તે દૃષ્ટિથી ન્યાયાર્જિતાદિ ધનાદિને ધર્મ કહી શકાય નહીં તોપણ અપુનર્બંધકાદિ જીવો જે કોઈ ઉચિત પ્રવૃત્તિ કરે છે તેમાં કષાયોની અલ્પતા છે તેથી રત્નત્રયીને અનુકૂળ ભાવલેશ છે તેને આશ્રયીને વ્યવહારનયથી શિષ્ટની સર્વપ્રવૃત્તિને ધર્મ સ્વીકારવામાં આવે છે. આથી જ માતા-પિતાની ભક્તિ કરવી તે શિષ્ટાચારરૂપ હોવાથી વ્યવહારનયથી ઉપદેશપદમાં તેને ધર્મરૂપે સ્વીકારેલ છે; કેમ કે તે પ્રવૃત્તિમાં અપુનર્બંધકાદિ જીવોને ઉચિત એવો ભાવલેશ છે જે ભાવ કષાયોની

અલ્પતા કરનાર હોવાથી મોક્ષને અનુકૂળ છે તેથી તે ભાવલેશને ગ્રહણ કરનાર વ્યવહારનય તે પ્રવૃત્તિમાં ધર્મ સ્વીકારે છે.

અહીં કહ્યું કે સતતાભ્યાસમાં અને વિષયાભ્યાસમાં અપુનર્બંધકાદિને ઉચિત ભાવલેશ છે માટે ધર્માનુષ્ઠાન છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગૃહસ્થ અવસ્થામાં માતા-પિતાની ઉચિત ભક્તિ કરવી એ પણ ઉચિત પ્રવૃત્તિરૂપ છે અને ઉચિત પ્રવૃત્તિ ધર્માનુષ્ઠાનરૂપ છે. ફક્ત ભાવાભ્યાસમાં જેવી ઉચિત પ્રવૃત્તિ છે તેવી ઉચિત પ્રવૃત્તિ સતતાભ્યાસમાં નથી; કેમ કે ભાવાભ્યાસમાં સર્વ ઉદ્યમથી મોહના ઉત્મૂલનને અનુકૂળ એવી ઉચિત પ્રવૃત્તિ છે. જ્યારે સતતાભ્યાસમાં પ્રથમ ભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ છે. તેથી સતતાભ્યાસાદિમાં ઉચિત પ્રવૃત્તિ કરવારૂપ ભાવલેશ છે અને તે ભાવલેશને સામે રાખીને સતતાભ્યાસની પ્રવૃત્તિમાં ધર્માનુષ્ઠાનપણું કહેવાયું છે.

ઉપદેશપદની સાક્ષી આપી તેમાં ત્રણ પ્રકારના અભ્યાસનું વર્ણન કરેલ છે. ૧. સતતાભ્યાસ ૨. વિષયાભ્યાસ અને ૩. ભાવાભ્યાસ. તેમાં સતત ગૃહસ્થને કરવા યોગ્ય માતા-પિતાની વિનયાદિ પ્રવૃત્તિ તે સતતાભ્યાસ છે. વળી, મોક્ષમાર્ગને બતાવનારા એવા અરિહંત ભગવંતોની ભક્તિથી પૂજનાદિની પ્રવૃત્તિ છે તે વિષયાભ્યાસ છે; કેમ કે મોક્ષમાર્ગના વિષયભૂત એવા તીર્થંકર પ્રત્યે ભક્તિ છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની વૃદ્ધિ થાય તે પ્રકારે શાસ્ત્રઅધ્યયન અને શાસ્ત્રાનુસારી અનુષ્ઠાનોનું સેવન તે ભાવાભ્યાસ છે. અને નિશ્ચયનય આત્માના પારમાર્થિક ભાવોને ધર્મરૂપે સ્વીકારે છે તેથી ભાવાભ્યાસને ધર્મ કહે છે. વળી વ્યવહારનય સ્વભૂમિકાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિને ધર્મરૂપે સ્વીકારે છે, તેથી સતતાભ્યાસ અને વિષયાભ્યાસને પણ ધર્માનુષ્ઠાન તરીકે સ્વીકારે છે. માટે અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર જે કંઈ પણ માતા-પિતાદિની સેવા વગેરે કરે છે તે સર્વને વ્યવહારનય ધર્મરૂપે સ્વીકારે છે.

અહીં 'ननु'થી શંકા કરે છે કે 'ધર્મસંગ્રહણી'માં નિશ્ચયનયથી શૈલેશીના ચરમ સમયમાં જ ધર્મ કહેવાયો છે અને શૈલેશીના ચરમ સમય પૂર્વે જે કંઈ પ્રવૃત્તિ છે તે ધર્મનું સાધન છે. માટે વ્યવહારનયથી તેને ધર્મ કહેવાયો છે અને પૂર્વમાં ઉપદેશપદની સાક્ષી આપી તેના વચન પ્રમાણે નિશ્ચયનયથી ધર્માનુષ્ઠાનનો સંભવ અપ્રમત્તસંયતને જ છે; કેમ કે અપ્રમત્તસંયત જ પરિપૂર્ણ રત્નત્રયી માટે સુદૃઢ યત્નવાળા હોવાથી ભાવાભ્યાસ કરે છે. તેથી ધર્મસંગ્રહણીના વચન સાથે ઉપદેશપદના વચનનો વિરોધ કેમ નહિ થાય ? તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ધર્મસંગ્રહણીમાં ધર્મને કહેવાની ઇચ્છા છે, ધર્માનુષ્ઠાનને કહેવાની ઇચ્છા નથી અને ધર્મપદની વ્યુત્પત્તિના નિમિત્તના ગ્રાહક એવા એવંભૂતરૂપ નિશ્ચયનય શૈલેશીના ચરમ સમયમાં જ ધર્મ સ્વીકારે છે. ઉપદેશપદમાં ધર્માનુષ્ઠાનને ધર્મપદથી કહેવાની ઇચ્છા છે, માટે ધર્માનુષ્ઠાનપદની વ્યુત્પત્તિના નિમિત્તના ગ્રાહક એવા એવંભૂતરૂપ નિશ્ચયનય અપ્રમત્તસંયતને જ ભાવાભ્યાસરૂપ ધર્માનુષ્ઠાન સ્વીકારે છે તેથી ધર્મસંગ્રહણીના વચન સાથે ઉપદેશપદના વચનનો વિરોધ નથી.

આશય એ છે કે મોક્ષરૂપ કાર્યને સાધે તેવો ધર્મ શૈલેશીના ચરમ સમયે છે અને તેવા ધર્મને કહેવાના અભિપ્રાયથી ધર્મસંગ્રહણીમાં શૈલેશીના ચરમ સમયમાં ધર્મ છે તેમ સ્વીકારેલ છે. શૈલેશીના ચરમસમયના

પૂર્વનો ધર્મ, ધર્મ નથી પરંતુ ધર્મનું સાધન છે, તેમ કહેલ છે. ઉપદેશપદમાં મોક્ષસાધક ધર્માનુષ્ઠાન પરિપૂર્ણ ક્યાં હોય છે ? તેને સામે રાખીને અપ્રમત્તમુનિઓને ધર્માનુષ્ઠાન છે, તેમ સ્વીકારીને ભાવાભ્યાસરૂપ ધર્મ અપ્રમત્તમુનિને જ છે, અન્યને નહિ તેમ કહેલ છે.

અહીં કહ્યું કે ધર્મપદની વ્યુત્પત્તિના નિમિત્તગ્રાહક એવો એવંભૂતરૂપ નિશ્ચયનય શૈલેશીના ચરમસમયમાં જ ધર્મ સ્વીકારે છે અને ધર્માનુષ્ઠાન પદની વ્યુત્પત્તિના નિમિત્તગ્રાહક એવો એવંભૂતરૂપ નિશ્ચયનય અપ્રમત્તસંયતને ધર્મ સ્વીકારે છે તે કથનમાં ધર્મપદની વ્યુત્પત્તિ એ છે કે "વત્થુ સહાવો ધમ્મો." એ વ્યુત્પત્તિથી વિચારીએ તો જીવનો સ્વભાવ સિદ્ધ અવસ્થામાં છે, તેથી તે ધર્મ સંસાર અવસ્થામાં નથી. વળી, સિદ્ધ અવસ્થારૂપ ધર્મનું કારણ એવો જે ધર્મ છે તે ધર્મની વ્યુત્પત્તિ પ્રમાણે વિચારીએ તો દુર્ગતિથી પડતા જીવને ધારણ કરે અને સુગતિમાં સ્થાપન કરે તે ધર્મ એમ પ્રાપ્ત થાય અને જીવને માટે ચારગતિઓ વિડંબનારૂપ હોવાથી દુર્ગતિરૂપ છે જ્યારે મોક્ષ સર્વથા વિડંબના રહિત હોવાથી સુગતિ છે. એ પ્રમાણે અર્થ કરીએ તો જે ધર્મ ચારગતિઓની વિડંબનાથી પર એવી મોક્ષરૂપ સુગતિમાં આત્માને સ્થાપન કરે તેને ધર્મ કહેવાય. આવો ધર્મ શૈલેશીના ચરમ સમયે છે; કેમ કે શૈલેશીના ચરમ સમયે જીવ સર્વકર્મનો ક્ષય કરીને સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. આવા પ્રકારના ધર્મપદની વ્યુત્પત્તિના નિમિત્તને ગ્રહણ કરનાર એવા એવંભૂતરૂપ નિશ્ચયનય શૈલેશીના ચરમસમયમાં જ ધર્મ સ્વીકારે છે.

વળી, ધર્મઅનુષ્ઠાન પદની વ્યુત્પત્તિ એ છે કે શૈલેશીના ચરમસમયમાં થનારા ધર્મને નિષ્પન્ન કરવા માટે જે અંતરંગ અપ્રમાદભાવથી ઉદ્યમ કરાય છે તે ધર્માનુષ્ઠાન છે અને તેવું ધર્માનુષ્ઠાન અપ્રમત્તમુનિઓમાં છે; કેમ કે અપ્રમત્તમુનિ સર્વ વિકલ્પથી પર એવી નિર્વિકલ્પદશામાં વર્તે છે અને તે નિર્વિકલ્પદશારૂપ અંતરંગ ઉદ્યમ એ ધર્માનુષ્ઠાન છે. તે ધર્માનુષ્ઠાનપદની વ્યુત્પત્તિના નિમિત્ત ગ્રાહક એવો એવંભૂત નિશ્ચયનય અપ્રમત્તમુનિમાં જ ધર્મ અનુષ્ઠાન સ્વીકારે છે. માટે ધર્મસંગ્રહણીના વચન સાથે ઉપદેશપદના વચનનો વિરોધ નથી.

અહીં 'હન્ત'થી શંકા કરતાં કહે છે કે ઉપદેશપદમાં સ્વીકાર્યું તે પ્રમાણે નિરુપચરિત ભાવાભ્યાસ અપ્રમત્તસંયતને જ છે. અને તેમ સ્વીકારીએ તો પ્રમત્તસંયત, દેશવિરતિધર કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જે રત્નત્રયીનો અભ્યાસ કરે છે તેઓનો રત્નત્રયીનો અભ્યાસ કોઈક અંશથી છે, પરિપૂર્ણ નથી. તેથી ઔપચારિક જ ભાવાભ્યાસ છે તેમ પ્રાપ્ત થયું અને શાસ્ત્રમાં અપુનર્બંધકને જ ઔપચારિક યોગમાર્ગ છે તેમ કહેલ છે. પ્રમત્તસંયતાદિને ઔપચારિક યોગમાર્ગ કહેલ નથી. તેથી ઉપદેશપદના કથન સાથે તે શાસ્ત્રવચનનો વિરોધ આવશે.

શંકાકારનો આશય એ છે કે ઉપદેશપદના વચનાનુસાર જે અપ્રમત્તમુનિઓ છે તેઓ અસંગ-અનુષ્ઠાન સેવે છે અને સર્વથા અસંગભાવ જ રત્નત્રયીના ભાવના અભ્યાસરૂપ છે. માટે નિરુપચરિત ભાવાભ્યાસ અપ્રમત્તમુનિઓને જ છે. અને પ્રમત્તસંયત, દેશવિરત કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જે ધર્મઅનુષ્ઠાન સેવે છે તે ધર્માનુષ્ઠાનમાં અસંગભાવનો પરિણામ નથી પરંતુ અસંગભાવને અભિમુખ ભાવ છે. તેથી તેઓના અનુષ્ઠાનમાં અપેક્ષાએ ભાવાભ્યાસ છે, પૂર્ણ ભાવાભ્યાસ નથી. માટે પ્રમત્તસંયતાદિના અનુષ્ઠાનને ઔપચારિક ભાવાભ્યાસરૂપ જ સ્વીકારી શકાય અને શાસ્ત્રમાં અપુનર્બંધકને ઔપચારિક યોગમાર્ગ સ્વીકારેલ છે અને

પ્રમત્તસંયતાદિને ઔપચારિક યોગમાર્ગ સ્વીકારેલ નથી. તેથી ઉપદેશપદના વચન સાથે અન્ય શાસ્ત્રવચનનો વિરોધ કેવી રીતે નહિ થાય ? અર્થાત્ થશે. તેનો ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

જે પ્રમાણે પર્યાયનયથી વ્યુત્ક્રાંત અર્થને ગ્રહણ કરનાર દ્રવ્યનો ઉપયોગ પરમાણુમાં જ અપશ્ચિમ વિકલ્પના નિર્વચનરૂપ છે તે પ્રમાણે નિશ્ચયનયના વ્યુત્ક્રાંત અર્થને ગ્રહણ કરનાર વ્યવહારનય અપુનર્બંધકમાં જ ઔપચારિક યોગમાર્ગ સ્વીકારે છે.

આશય એ છે કે કારણ હોય તે દ્રવ્ય કહેવાય અને કાર્ય હોય તે પર્યાય કહેવાય આ પ્રકારનો નિયમ છે. આ નિયમાનુસાર દ્વયણુક, ત્રયણુકાદિ સ્કંધો કોઈક અપેક્ષાએ કારણ છે અને કોઈક અપેક્ષાએ કાર્ય છે. અર્થાત્ દ્વયણુકસ્કંધ પરમાણુનું કાર્ય છે અને ત્રયણુકાદિ સ્કંધોનું કારણ દ્વયણુક છે. તેથી દ્વયણુકાદિ સ્કંધમાં કારણ તરીકે વિચાર કરીએ ત્યારે દ્રવ્યનો ઉપયોગ વર્તે છે અર્થાત્ આ દ્રવ્ય છે તેવો ઉપયોગ વર્તે છે; તોપણ તે દ્રવ્યનો ઉપયોગ પર્યાયનયના વ્યુત્ક્રાંત અર્થવાળો નથી; કેમ કે દ્વયણુકાદિને પરમાણુનાં કાર્ય કહીએ ત્યારે તે દ્વયણુકનો ઉપયોગ પર્યાયનયને સ્પર્શનારો છે. તેથી દ્વયણુકમાં વર્તતો દ્રવ્યનો ઉપયોગ પર્યાયનયના વ્યુત્ક્રાંત અર્થને ગ્રહણ કરનારો નથી પરંતુ પર્યાયનયના અર્થગ્રાહી એવો દ્રવ્યનો ઉપયોગ છે. જ્યારે પરમાણુ તો દ્વયણુકાદિનું કારણ છે પરંતુ પરમાણુ સ્વયં કોઈનું કાર્ય નથી. તેથી પરમાણુ કેવળ કારણ છે અને કોઈનું કાર્ય નથી. માટે પરમાણુમાં પર્યાયનયના વ્યુત્ક્રાંત અર્થગ્રાહી એવા દ્રવ્યનો ઉપયોગ વર્તે છે જે છેલ્લા કારણ તરીકેના વિકલ્પરૂપ છે.

તે પ્રમાણે પ્રમત્તસંયત, દેશવિરત, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તતા નથી તેથી તેઓમાં રત્નત્રયીના અભ્યાસને અનુકૂળ પૂર્ણ ભાવાભ્યાસ નથી પરંતુ નિર્વિકલ્પ ઉપયોગને અભિમુખ એવા વિકલ્પાત્મક ધર્માનુષ્ઠાનરૂપ ભાવાભ્યાસ છે, તેથી અપેક્ષાએ રત્નત્રયીની પરિણતિ હોવા છતાં અપેક્ષાએ પ્રશસ્ત એવા રાગાદિના વિકલ્પો પણ છે. તેથી પૂર્ણ ધર્માનુષ્ઠાનનું સેવન નથી. માટે પ્રમત્તસંયતાદિ કેવલ ભાવાભ્યાસ કરતા નથી, પરંતુ કંઈક અંશથી જ ભાવાભ્યાસ કરે છે જ્યારે અપ્રમત્તમુનિઓ કેવલ ભાવાભ્યાસ કરે છે. તેથી નિશ્ચયનય અપ્રમત્તસંયતને ભાવાભ્યાસ છે તેમ કહે છે અને પ્રમત્તસંયતાદિને કંઈક અંશથી ભાવાભ્યાસ સ્વીકારે છે અને જે અંશમાં ભાવાભ્યાસ નથી પરંતુ ભાવાભ્યાસને અનુકૂળ સંયમના વિકલ્પો વર્તે છે તે અપેક્ષાએ કરાતી ધર્મની ક્રિયાને ઔપચારિક ભાવાભ્યાસ કહે છે. માટે પ્રમત્તસંયતથી માંડીને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોમાં નિશ્ચયનયને અભિમત તેવા ભાવાભ્યાસથી યુક્ત ઔપચારિક યોગમાર્ગ છે, પરંતુ અપુનર્બંધક આદિ જીવોમાં નિશ્ચયનયને અભિમત એવો ભાવાભ્યાસ સર્વથા નથી એમ યોગબિંદુમાં કહેલ છે. વળી નિશ્ચયનયના અર્થથી વ્યુત્ક્રાંત અર્થને ગ્રહણ કરનાર એવો વ્યવહારનય અપુનર્બંધકમાં ઔપચારિક યોગમાર્ગ સ્વીકારે છે. તેથી જે સ્થાનમાં અપુનર્બંધકને ઔપચારિક યોગમાર્ગ કહ્યો છે તે સ્થાનમાં નિશ્ચયનયના અર્થને નહિ સ્પર્શનાર એવા વ્યવહારનયને આશ્રયીને કથન છે. ઉપદેશપદના વચનાનુસાર અપ્રમત્તસંયતને ભાવાભ્યાસ સ્વીકારીએ ત્યારે પ્રમત્તસંયતથી માંડીને અવિરત સમ્યગ્દૃષ્ટિમાં જે ઔપચારિક ભાવાભ્યાસ છે તે નિશ્ચયનયને અભિમત ભાવાભ્યાસના સ્પર્શવાળો ઔપચારિક ભાવાભ્યાસ છે. આ રીતે અપેક્ષાએ બન્ને કથનો હોવાથી સ્યાદ્વાદની મર્યાદા અનુસાર કોઈ વિરોધ નથી.

આ કથનની પુષ્ટિ માટે કહે છે –

આથી જ અપુનર્બંધક જીવોને અધ્યાત્મભાવનારૂપ યોગમાર્ગ વ્યવહારનયથી તાત્ત્વિક છે અને સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને નિશ્ચયનયથી તાત્ત્વિક છે એમ યોગબિંદુમાં કહેલ છે. અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનય વ્યુત્ક્રાંત અર્થગ્રાહી વ્યવહારનય અપુનર્બંધક જીવોને ઔપચારિક યોગમાર્ગ સ્વીકારતો હોય અને તેને સામે રાખીને અપુનર્બંધકનો યોગમાર્ગ વ્યવહારનયથી તાત્ત્વિક છે તેમ કહેવામાં આવ્યું હોય અને નિશ્ચયનયથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને અધ્યાત્મભાવનારૂપ યોગમાર્ગ હોય તો યોગબિંદુની ટીકામાં અપુનર્બંધકના ઉપલક્ષણથી સમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ કેમ કર્યું ? તેથી ગ્રંથકારશ્રી કહે છે તે ટીકાકારશ્રીનું વચન અપેક્ષાએ છે માટે દોષ નથી.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને અપેક્ષાએ અનંતાનુબંધીના ક્ષયોપશમજન્ય ચારિત્રનો પરિણામ છે તેમ સૂક્ષ્મ ચારિત્રને ચારિત્રરૂપે સ્વીકારનાર નિશ્ચયનય કહે છે. તે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રનો અભ્યાસ છે તેથી ભાવાભ્યાસ છે. વળી દેશવિરતિથી જ ચારિત્રનો સ્વીકાર વ્યવહારનય કરે છે. તે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં ચારિત્ર નથી પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન માત્ર છે અને ભાવાભ્યાસ એ રત્નત્રયીના અભ્યાસરૂપ છે. માટે વ્યવહારનય સમ્યગ્દૃષ્ટિમાં ચારિત્ર નહિ હોવાથી સમ્યગ્દૃષ્ટિને પણ ભાવાભ્યાસ નથી એમ કહે છે. માટે યોગબિંદુની વૃત્તિમાં અપુનર્બંધકના ઉપલક્ષણથી સમ્યગ્દૃષ્ટિને ગ્રહણ કરેલ છે; કેમ કે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિમાં પણ ભાવાભ્યાસ નથી તે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિમાં પણ અપુનર્બંધક જીવોની જેમ જ વ્યવહારનયથી ઔપચારિક યોગમાર્ગ છે એ પ્રકારનું તત્ત્વ છે=એ પ્રકારનો પરમાર્થ છે.

પૂર્વના કથનથી શું ફલિત થાય છે ? તે બતાવે છે –

નિશ્ચયનયથી અનુપચરિત ધર્માનુષ્ઠાન અપ્રમત્તસંયતને જ હોય છે; કેમ કે અપ્રમત્તસંયત સતત અસંગાનુષ્ઠાનને સેવીને રત્નત્રયીની વૃદ્ધિ કરે છે તેથી તેઓનું ધર્માનુષ્ઠાન સંસારના ક્ષયનો એકાંત હેતુ છે. વળી, પ્રમત્તસંયતાદિને અપેક્ષાથી નિશ્ચયનયથી અને વ્યવહારનયથી ધર્માનુષ્ઠાન છે. આશય એ છે કે પ્રમત્તસંયત, દેશવિરત અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જે રત્નત્રયીની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે જે ધર્માનુષ્ઠાન સેવે છે તે નિશ્ચયનયથી ધર્માનુષ્ઠાન છે અને ધર્માનુષ્ઠાન સેવનકાલમાં પ્રમત્તસાધુ જે વિકલ્પો કરે છે તે વિકલ્પઅંશથી વ્યવહારનયથી ઉપચરિત ધર્માનુષ્ઠાન છે; કેમ કે પ્રશસ્ત એવા રાગાદિથી તે વિકલ્પો થાય છે. વળી, દેશવિરત કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જે ધર્માનુષ્ઠાન સેવે છે તેમાં પણ રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ જે વ્યાપાર છે તે નિશ્ચયનયથી અનુપચરિત ધર્માનુષ્ઠાન છે અને તે ધર્મવ્યાપારકાલમાં જે વિકલ્પઅંશો છે તે વ્યવહારનયથી ઉપચરિત ધર્માનુષ્ઠાન છે.

વળી, દેશવિરતિધર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો ધનઅર્જનાદિ કે માતા-પિતાની સેવા કરે છે કે ઉચિત સ્થાને ગૃહનિર્માણ આદિ કરે છે તે સર્વ કૃત્યકાળમાં પણ નિશ્ચય-વ્યવહાર દ્વારા ધર્માનુષ્ઠાન છે; કેમ કે દેશવિરતિધર કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા હોય છે તેથી સંસારની કોઈપણ

પ્રવૃત્તિ કરે ત્યારે ભગવાનના વચનના ઉપદેશના નિયંત્રણથી તે પ્રવૃત્તિ કરે છે. તેથી સંસારના પ્રવૃત્તિના કાલમાં પણ તેઓમાં વર્તની રત્નત્રયીની પરિણતિની વૃદ્ધિને અનુકૂળ વર્તતો વ્યાપાર છે; કેમ કે વિવેકદૃષ્ટિને કારણે સંસારની પાપપ્રવૃત્તિ કેમ ઘટે ? એવા યત્નપૂર્વક તેઓ સંસારની સર્વ પ્રવૃત્તિ કરે છે અને જે અંશથી તે પ્રવૃત્તિમાં રત્નત્રયીને વૃદ્ધિને અનુકૂળ વ્યાપાર નથી છતાં ઉચિત પ્રવૃત્તિ છે તે અંશથી વ્યવહારનયથી તે પ્રવૃત્તિને ધર્મ કહેવાય છે. માટે પ્રમત્તસંયત, દેશવિરત અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને કેવલ નિશ્ચયનયથી ધર્માનુષ્ઠાન નથી પરંતુ નિશ્ચયવ્યવહારરૂપ ઉભયનયથી સંકીર્ણ એવું ધર્મઅનુષ્ઠાન છે.

વળી, અપુનર્બંધક જીવોને વ્યવહારનયથી જ ધર્માનુષ્ઠાન છે; કેમ કે અપુનર્બંધક જીવો સાક્ષાત્ રત્નત્રયીમાં યત્ન કરી શકતા નથી. પરંતુ તેનું કારણ બને તેવી ઉચિત આચરણા કરે છે. તેથી વ્યવહારનય ઉપચારથી તે ઉચિત આચરણાને ધર્મ કહે છે તે કારણથી સામાન્યથી ગૃહસ્થધર્મ=પૂર્વમાં બતાવાયેલો પાંત્રીસ પ્રકારનો સામાન્યથી ગૃહસ્થધર્મ, વ્યવહારનયથી અપુનર્બંધકની અપેક્ષાએ જ છે. એ પ્રમાણે સ્થિત છે=એ પ્રમાણે સિદ્ધ છે.,

આશય એ છે કે અપુનર્બંધક જીવો સાક્ષાત્ રત્નત્રયીને અનુકૂળ અભ્યાસ કરી શકતા નથી તોપણ રત્નત્રયીનું કારણ બને તેવા આ પાંત્રીસ પ્રકારના સામાન્ય ગૃહસ્થધર્મમાંથી યથાયોગ્ય ગૃહસ્થધર્મનું સેવન કરે છે. માટે અપુનર્બંધકની અપેક્ષાએ જ આ સામાન્યથી ગૃહસ્થધર્મ છે. જો કે અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરત શ્રાવકો પણ તેવી પ્રવૃત્તિ કરે છે પરંતુ તેઓની તે ધનાર્જનાદિની પ્રવૃત્તિ વ્યવહારથી ગૃહસ્થધર્મ નથી પરંતુ નિશ્ચય-વ્યવહાર દ્વારા સ્વીકારાયેલા એવા સંકીર્ણ ગૃહસ્થધર્મરૂપ છે. જ્યારે અહીં બતાવેલ સામાન્યથી ગૃહસ્થધર્મ વ્યવહારથી અપુનર્બંધકની અપેક્ષાએ જ છે, એ પ્રમાણે ફલિત થાય છે.

અહીં વિશેષ એ છે કે અપ્રમત્તમુનિઓને તો નિશ્ચયનયથી કેવલ ધર્માનુષ્ઠાન જ હોય છે. પ્રમત્તસંયત, દેશવિરત અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જ્યારે શુભયોગમાં હોય છે ત્યારે નિશ્ચયવ્યવહાર દ્વારા ધર્મ હોય છે અને અશુભયોગમાં હોય ત્યારે અધર્મની પ્રાપ્તિ થાય છે. આથી જ પડિલેહણાદિની ક્રિયામાં પ્રમાદવાળા સાધુને છ કાયની વિરાધનારૂપ અધર્મની પ્રાપ્તિ છે. આથી જ બ્રાહ્મી-સુંદરી આદિના જીવને અશુભયોગને કારણે મિથ્યાત્વની પ્રાપ્તિ થઈ તેથી સ્ત્રીવેદ બંધાયું. અને અપુનર્બંધક જીવો પણ જ્યારે આગામી હિતના વિચારપૂર્વક ધર્મપ્રધાન થઈને ધનાદિ અર્જન કરે છે ત્યારે તેઓની તે પ્રવૃત્તિ ધર્મરૂપ બને છે. અને પ્રમાદને વશ થઈ લોભાદિને કારણે અનીતિ આદિ કરે છે કે અસમંજસ કષાયને વશ થઈ કોઈ પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓની તે પ્રવૃત્તિ અધર્મરૂપ બને છે. **॥૧૪॥**

અવતરણિકા :-

સપ્રભેદં સામાન્યતો ગૃહિધર્મમભિધાય સામ્પ્રતં તત્ફલં દર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

પ્રભેદ સહિત સામાન્યથી ગૃહસ્થધર્મને કહીને હવે તેના ફલને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

एतद्युतं सुगार्हस्थ्यं, यः करोति नरः सुधीः ।
लोकद्वयेऽऽप्यसौ भूरि, सुखमाप्नोत्यनिन्दितम् ।।१५।।

અન્વયાર્થ :-

यः=જે, सुधीः=બુદ્ધિમાન, नरः=પુરુષ, एतद्=આનાથી, युक्तं=પૂર્વમાં બતાવેલા પાંત્રીશ પ્રકારના ધર્મથી યુક્ત, सुगार्हस्थ्यं=સુગૃહસ્થપણું, करोति=કરે છે, असौ=આ=આ પુરુષ, लोकद्वयेऽऽपि=આલોકમાં અને પરલોકમાં પણ, अनिन्दितम्=અનિંદિત એવા भूरि=ઘણા, सुखम्=સુખને, आप्नोति=પ્રાપ્ત કરે છે. ।।૧૫।।

શ્લોકાર્થ :-

જે બુદ્ધિમાન પુરુષ આનાથી યુક્ત=પૂર્વમાં બતાવેલા સામાન્યથી પાંત્રીશ પ્રકારના ધર્મથી યુક્ત, સુગૃહસ્થપણું કરે છે તે પુરુષ, લોકદ્વયમાં પણ=આલોક અને પરલોકમાં પણ, અનિંદિત એવા ઘણા સુખને પ્રાપ્ત કરે છે. ।।૧૫।।

ટીકા :-

एतेनानन्तरोदितेन सामान्यगृहिधर्मेण संयुतं सहितं 'सुगार्हस्थ्यं' शोभनगृहस्थभावं 'यः' कश्चित् पुण्यसम्पन्नः 'सुधीः' प्रशस्तबुद्धिः 'नरः', पुमान् 'करोति' विदधाति 'असौ' सुगार्हस्थ्यकर्त्ता 'लोकद्वयेऽपि' इहलोकपरलोकरूपे, किं पुनरिहलोक एवेत्यपिशब्दार्थः 'अनिन्दितं' शुभानुबन्धितयाऽगर्हणीयम्, 'भूरि' प्रचुरं 'सुखं' शर्म 'आप्नोति' लभते ।।१५।।

ટીકાર્થ :-

एतेनानन्तरोदितेन ..... लभते ।। અનંતરમાં કહેવાયેલ=પૂર્વશ્લોકોમાં કહેવાયેલ, આ સામાન્ય ગૃહસ્થધર્મથી યુક્ત=સહિત, સુગૃહસ્થપણાને=શોભન ગૃહસ્થભાવને, જે કોઈ પુણ્યસંપન્ન સુંદર બુદ્ધિવાળો=પ્રશસ્ત બુદ્ધિવાળો, પુરુષ કરે છે. આ સુગૃહસ્થપણાનો કર્તા આલોક અને પરલોકરૂપ લોકદ્વયમાં પણ અનિંદિત=શુભાનુબંધીપણાથી અગર્હણીય, પ્રચુર સુખને પ્રાપ્ત કરે છે.

'लोकद्वयेऽपि' માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

શું વળી આલોકમાં જ, એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે=આલોકમાં તો ઘણું સુખ મેળવે છે પરંતુ લોકદ્વયમાં પણ ઘણું સુખ મેળવે છે, એ પ્રકારનો 'अपि' શબ્દનો અર્થ છે. ।।૧૫।।

ભાવાર્થ :-

પૂર્વમાં સામાન્યથી ગૃહસ્થધર્મનું સ્વરૂપ બતાવ્યું. અને તેવા સામાન્યથી ગૃહસ્થધર્મને જે કોઈ બુદ્ધિમાન પુરુષ સેવે છે તેનો ગૃહસ્થભાવ સુંદર છે. અને તેવા સુંદર ગૃહસ્થભાવને કારણે આલોકમાં ભોગસુખને પામે

છે. નીતિપૂર્વકનું જીવન હોવાથી રાજાદિ કોઈથી ઉપદ્રવને પામતો નથી અને ધર્મપ્રધાન સ્વભૂમિકાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ હોવાથી પરલોકમાં પણ સુખની પરંપરાને પામે છે. તેથી તેવા ગૃહસ્થને પ્રાપ્ત થયેલું સુખ ઉત્તરોત્તર અધિક ધર્મ સેવીને સુખનું કારણ હોવાથી શુભાનુબંધવાળું છે. તે સુખ શુભ અનુબંધવાળું હોવાથી શિષ્ટપુરુષથી નિંદિત નથી. વળી ઉત્તમ પ્રકૃતિ અને ધર્મપ્રધાન જીવન હોવાથી તે ગૃહસ્થ પ્રચુર સુખને પામે છે; કેમ કે વર્તમાનમાં અક્લેશપૂર્વકનું જીવન છે, ઉચિત પ્રવૃત્તિ કરનાર છે અને પરલોકમાં પુણ્યના બળથી અધિક અધિક ભોગસામગ્રી પ્રાપ્ત કરી ધર્મપરાયણ થશે. તેથી દરેક ભવમાં અધિક-અધિક સુખની પરંપરા પ્રાપ્ત થશે. **॥૧૫॥**

અવતરણિકા :-

इति प्रतिपादितं सामान्यतो गृहिधर्मफलम्, अथ एतद्गुणयुक्तस्य पुंसः सदृष्टान्तमुत्तरोत्तर-गुणवृद्धियोग्यतां दर्शयति –

અવતરણિકાર્થ :-

હવે સદ્ધર્મ ગ્રહણની યોગ્યતાને કહે છે –

ભાવાર્થ :-

આ પ્રમાણે સામાન્યથી ગૃહસ્થધર્મનું ફળ પ્રતિપાદન કર્યું. હવે આવા ગુણયુક્ત પુરુષની, ઉત્તરોત્તર ગુણવૃદ્ધિની યોગ્યતાને દૃષ્ટાંતપૂર્વક બતાવે છે –

શ્લોક :-

तस्मिन् प्रायः प्ररोहन्ति, धर्मबीजानि गेहिनि ।
विधिनोप्तानि बीजानि, विशुद्धायां यथा भुवि ।।१६।।

અન્વયાર્થ :-

तस्मिन् गेहिनि=તે સદ્ગૃહસ્થમાં=પૂર્વમાં વર્ણન કર્યું એવા સામાન્ય ધર્મને સેવન કરનારા એવા સદ્ગૃહસ્થમાં, प्रायः धर्मबीजानि प्ररोहन्ति=પ્રાયઃ ધર્મબીજો પ્રરોહ પામે છે, यथा विशुद्धायां भुवि=જે પ્રમાણે વિશુદ્ધ ભૂમિમાં, विधिना उप्तानि बीजानि=વિધિથી વવાયેલાં બીજો. ॥૧૬॥

શ્લોકાર્થ :-

તે સદ્ગૃહસ્થમાં=પૂર્વમાં વર્ણન કર્યું એવા સામાન્ય ધર્મને સેવન કરનાર એવા સદ્ગૃહસ્થમાં, પ્રાયઃ ધર્મબીજો પ્રરોહ પામે છે. જે પ્રમાણે વિશુદ્ધ ભૂમિમાં વિધિથી વવાયેલાં બીજો. ॥૧૬॥

ટીકા :-

'प्रायो' बाहुल्येन 'धर्मबीजानि' लोकोत्तरधर्मकारणानि, तानि चामूनि योगदृष्टिसमुच्चये प्रति-पादितानि–

"जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं, योगबीजमनुत्तमम् ।।२३।।
उपादेयधियाऽत्यन्तं, संज्ञाविष्कम्भणान्वितम् ।
फलाभिसन्धिरहितं, संशुद्धं ह्येतदीदृशम् ।।२५।।
आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।
वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ।।२६।।
भवोद्वेगश्च सहजो, द्रव्याभिग्रहपालनम् ।
तथा सिद्धान्तमाश्रित्य, विधिना लेखनादि च ।।२७।।
लेखनापूजनादानं, श्रवणं वाचनोद्ग्रहः ।
प्रकाशनाथ स्वाध्यायश्चिंतना भावनेति च ।।२८।।
दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यात्सेवनं चैव, सर्वत्रैवाविशेषतः ।।३२।।" **[योगदृष्टि० गा. २३, २५, २६, २७, २८, ३२] इति ।**

'तस्मिन्' पूर्वोक्तगुणभाजने 'गेहिनि' गृहस्थे 'प्ररोहन्ति' प्रकर्षेण=स्वफलावन्ध्यकारणत्वेन, रोहन्ति धर्मचिन्तादिलक्षणाङ्कुरादिमन्ति जायन्ते उक्तं च–

"वपनं धर्मबीजस्य, सत्प्रशंसादि तद्गतम् ।
तच्चिन्ताद्यङ्कुरादि स्यात्, फलसिद्धिस्तु निर्वृतिः ।।१।।
चिन्तासच्छ्रुत्यनुष्ठानदेवमानुषसम्पदः ।
क्रमेणाङ्कुरसत्काण्डनालपुष्पसमा मताः ।।२।।"

कीदृशानि सन्ति प्ररोहन्तीत्याह–'विधिना' देशनार्हबालादिपुरुषौचित्यलक्षणेन 'उप्तानि' निक्षिप्तानि, अनिक्षिप्तेषु हि तेषु कथमपि धर्मस्यानुदयात् यत उपदेशपदे –

"अकए बीजक्खेवे, जहा सुवासेवि न भवई सस्सं ।
तह धम्मबीजविरहे, न सुस्समाएवि तस्सस्सं ।।" **[गा. २२४] ति ।**

यथेति दृष्टान्तार्थः 'बीजानि' शाल्यादीनि 'विशुद्धायाम्' अनुपहतायां 'भुवि' पृथिव्यां विधिनोप्तानि सन्ति, प्रायोग्रहणादकस्मादेव पक्वतथाभव्यत्वे क्वचिन्मरुदेव्यादावन्यथाभावेऽपि न विरोध इति ।।१६।।

ટીકાર્થ :-

પ્રાયઃ ..... ઇતિ ।। શ્લોકમાં કહેલ 'પ્રાયઃ' નો અર્થ બહુલતાથી છે. ધર્મબીજો=લોકોત્તરધર્મનાં કારણો, છે અને તે ધર્મના કારણો યોગદૃષ્ટિસમુચ્ચયમાં આ પ્રતિપાદન કરાયાં છે.

"જિનમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત અને તેમને નમસ્કાર જ અને પ્રણામાદિ અનુત્તમ યોગબીજ છે. ।।૨૩।।

અત્યંત ઉપાદેયબુદ્ધિથી, સંજ્ઞાવિષ્કમ્ભણથી યુક્ત, ફલાભિસંધિથી રહિત આ=કુશલચિત્ત, આવા પ્રકારનું સંશુદ્ધ છે=ફલપાક આરંભ કરે એવું સંશુદ્ધ છે. ।।૨૫।।

ભાવયોગી એવા આચાર્યાદિમાં પણ આ=સંશુદ્ધ એવું કુશલચિત્ત, વિશુદ્ધ છે. અને વિધિપૂર્વક શુદ્ધાશય વિશેષથી વૈયાવૃત્ય યોગબીજ છે એમ અન્વય છે. ।।૨૬।।

અને સહજ ભવનો ઉદ્વેગ, દ્રવ્ય અભિગ્રહનું પાલન તથા સિદ્ધાંતને આશ્રયીને વિધિપૂર્વક લેખનાદિ ધર્મબીજ છે. ।।૨૭।।

લેખના, પૂજના, દાન, શ્રવણ, વાચના, ઉદ્ગ્રહ=વાચનાનું વિધિપૂર્વક ગ્રહણ, પ્રકાશના, સ્વાધ્યાય, ચિંતના અને ભાવના આ સર્વ ધર્મબીજો છે. ।।૨૮।।

દુઃખિતોમાં અત્યંત દયા, ગુણવાનમાં અદ્વેષ અને સર્વત્ર જ અવિશેષથી=પક્ષપાત વગર, ઔચિત્યથી સેવન ધર્મબીજ છે. ।।૩૨।।" **(યોગદૃષ્ટિસમુચ્ચય૦)**

તે ગૃહસ્થમાં=પૂર્વમાં કહેલા ગુણના ભાજન એવા ગૃહસ્થમાં, ધર્મબીજો પ્રકર્ષથી=સ્વફલના અવન્ધ્યકારણપણાથી, પ્રરોહ પામે છે=ધર્મચિંતાદિ લક્ષણ અંકુરાદિવાળાં થાય છે. અને કહેવાયું છે -

"ધર્મબીજનું વપન તદ્ગત સત્પ્રશંસાદિ છે=ધર્મગત સત્પ્રશંસાદિ છે. તદ્ચિન્તાદિ=ધર્મનિષ્પત્તિનું ચિંતન આદિ, અંકુરાદિ થાય. વળી ફલસિદ્ધિ નિવૃત્તિ છે=મોક્ષ છે. ।।૧।।

ચિંતા, સત્શ્રુતિ, અનુષ્ઠાન, દેવ-મનુષ્યની સંપત્તિઓ ક્રમથી અંકુર, સત્કાંડ=કંદ, નાલ અને પુષ્પાદિ જેવી મનાય છે. ।।૨।।"

કેવા છતા પ્રરોહ પામે છે=કેવા પ્રકારના છતા યોગબીજો પ્રરોહ પામે છે ? એથી કહે છે – દેશના યોગ્ય બાલાદિપુરુષના ઔચિત્યલક્ષણ વિધિથી વપન કરાયેલાં તે ધર્મબીજો પ્રરોહ પામે છે, એમ અન્વય છે. જે કારણથી અનિક્ષિપ્ત એવા તેઓ હોતે છતે=જે જીવોમાં યોગબીજો નહીં નિક્ષેપ કરાયેલ હોતે છતે, કોઈપણ રીતે ધર્મનો અનુદય છે. જે કારણથી ઉપદેશપદમાં કહ્યું છે –

"જે પ્રમાણે બીજનો ક્ષેપ નહિ કરાયે છતે સુવર્ષામાં પણ ધાન્ય થતું નથી, તે પ્રમાણે ધર્મબીજના વિરહમાં=પૂર્વમાં કહેલ સંશુદ્ધ કુશલચિત્તાદિરૂપ ધર્મબીજના વિરહમાં, સુષમામાં પણ=તીર્થંકરાદિના મહોત્સવાદિ પ્રસંગોવાળા સુષમાકાલ નામના સુંદરકાળમાં પણ, તે ધાન્ય=તે ધર્મરૂપ ધાન્ય, થતું નથી." **(ઉપદેશપદ - ગા. ૨૨૪)**

શ્લોકમાં કહેલ 'યથા' શબ્દ દૃષ્ટાંત અર્થવાળો છે. તેથી જે પ્રમાણે વિશુદ્ધ એવી=અનુપહત એવી પૃથ્વીમાં વિધિથી વપન કરાયેલાં બીજો થાય છે, બીજો પ્રરોહ પામે છે, તે પ્રમાણે ધર્મબીજો પ્રરોહ પામે છે, એ પ્રમાણે અન્વય છે. શ્લોકમાં 'પ્રાયઃ' શબ્દના ગ્રહણથી અકસ્માત જ પક્વતથાભવ્યત્વમાં

ક્યારેક મરુદેવાદિમાં અન્યથાભાવ હોવા છતાં પણ=પૂર્વમાં બીજાધાન નહિ કરાયેલું હોવા છતાં પણ, ધર્મ નિષ્પન્ન થયો તેનો વિરોધ નથી.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૬॥

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું તેવા પાંત્રીસ પ્રકારનો સામાન્યધર્મ જે ગૃહસ્થ પાલન કરે છે તે ગૃહસ્થની પ્રકૃતિ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારી બને છે. જેમ વિશુદ્ધ ભૂમિમાં વિધિપૂર્વક વપન કરાયેલાં બીજો પ્રરોહ પામે છે, તેમ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા ગૃહસ્થમાં ભગવાનના શાસનને પામીને જિન પ્રત્યે સંશુદ્ધ કુશલચિત્તાદિરૂપ ધર્મના બીજો પ્રરોહ પામે છે. અને તે ધર્મબીજો લોકોત્તર ધર્મની નિષ્પત્તિનાં કારણો છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોએ આ ધર્મબીજો આત્મામાં વપન કર્યાં છે તેવા જીવોને ઉપદેશાદિ સામગ્રી દ્વારા તીર્થંકર વડે કહેવાયેલા લોકોત્તરધર્મરૂપ સમ્યક્ત્વ, દેશવિરતિધર્મ અને સર્વવિરતિધર્મ પ્રાપ્ત થાય છે. તે યોગબીજોનું વર્ણન યોગદૃષ્ટિમાં આ પ્રમાણે કહ્યું છે.

તીર્થંકરોમાં સંશુદ્ધ એવું કુશલચિત્ત ઉત્તમ એવું યોગબીજ છે. તીર્થંકરને જોઈને નમસ્કારની ક્રિયા તે યોગબીજ છે. અને તીર્થંકરને પ્રણામાદિની ક્રિયા તે યોગબીજ છે. પરંતુ આ ત્રણેય સંશુદ્ધ હોય તો યોગબીજ બને છે. અન્યથા નહિ. સંશુદ્ધ કુશલચિત્ત દ્વારા મનોવ્યાપારનું ગ્રહણ છે. જિનને સંશુદ્ધ નમસ્કાર દ્વારા વાક્ વ્યાપારનું ગ્રહણ છે અને સંશુદ્ધ પ્રણામાદિ દ્વારા કાયવ્યાપારનું ગ્રહણ છે. યોગબીજ કહેવાથી એ પ્રાપ્ત થાય કે તે યોગબીજ જ ધર્મનાં બીજ છે. અનુત્તમ કહેવાથી તે શ્રેષ્ઠ એવાં યોગબીજ છે.

આ ત્રણેય પ્રકારનાં યોગબીજોમાં સંશુદ્ધ વિશેષણ આપ્યું તેથી સંશુદ્ધનું સ્વરૂપ શું છે ? તે સ્પષ્ટ કરે છે -

સ્વબોધ અનુસાર જિનને જોઈને જેમને અત્યંત ઉપાદેય બુદ્ધિ થાય છે. અર્થાત્ આ જિન જ ઉપાસના કરવા યોગ્ય છે તેવી બુદ્ધિ થાય છે અને વળી તે વખતે નમસ્કાર કરે છે ત્યારે તે જિનમાં કુશલચિત્ત થાય છે. તે આલોક-પરલોકની આશંસાપૂર્વક કે માનાદિ ક્રિયાને વશ થઈ નમસ્કારની ક્રિયા નથી પરંતુ પોતાના બોધ અનુસાર વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ છે તેથી તે કુશલચિત્તાદિ સંશુદ્ધ છે. વળી તે સંશુદ્ધ ચિત્ત આવા પ્રકારનું છે એમ કહ્યું તેનો અર્થ યોગદૃષ્ટિમાં ફલપાક આરંભ સદૃશ કહેલ છે. તેથી એ ફલિત થાય કે આત્મામાં રહેલો તે કુશલ પરિણામ વીતરાગના ગુણો પ્રત્યેના રાગથી પ્રવર્તે છે, જે રાગ વીતરાગભાવને પ્રગટ કરવાને અનુકૂળ=પ્રારંભની ક્રિયા સ્વરૂપ છે. તેથી વીતરાગભાવરૂપ ફલને પકવવાના આરંભ તુલ્ય છે. આનાથી એ ફલિત થાય કે જે ગૃહસ્થ ઉચિત પ્રવૃત્તિ કરવાના અર્થી છે તેથી શક્તિ અનુસાર પૂર્વમાં વર્ણન કર્યું એવો સામાન્ય ગૃહસ્થધર્મ સેવે છે. પ્રમાદવશ કોઈ પ્રકારની અન્યથા પ્રવૃત્તિ હોય તોપણ તેઓને ઉચિત પ્રવૃત્તિ કરવાની રુચિ છે. આથી જ પૂર્વમાં વર્ણન કરાયેલા ગૃહસ્થધર્મને સાંભળીને તેઓને પ્રીતિ થાય છે તેવા જીવોને કોઈક નિમિત્તને પામીને ગુણવાન એવા તીર્થંકરો પ્રત્યે બહુમાનભાવ થાય છે, તેના કારણે જે નમસ્કારાદિની પ્રવૃત્તિ કરે છે તે સર્વ પોતાનામાં વીતરાગભાવને પ્રગટ કરવાને અનુકૂળ વ્યાપાર સ્વરૂપ છે અને આ વ્યાપારકાળમાં વીતરાગના ગુણો પ્રત્યે જે રાગયુક્ત ઉપયોગ વર્તે છે તે રાગયુક્ત ઉપયોગના

સંસ્કારો આત્મામાં પડે છે. તે સંસ્કારો યોગનાં બીજો છે. વળી, જેમ જિન વિષયક કુશલાદિ ચિત્ત યોગબીજ છે, તેમ ભાવયોગી એવા આચાર્યમાં બહુમાનના પરિણામવાળું જે વિશુદ્ધચિત્ત છે તે પણ યોગબીજ છે. વળી, આચાર્યાદિ પ્રત્યેના બહુમાનના કારણે હું આમની ભક્તિ કરીને મારું આત્મહિત સાધું તેવા શુદ્ધાશય વિશેષથી વિધિપૂર્વક વૈયાવચ્ચની પ્રવૃત્તિ પણ યોગબીજ છે. વળી, ભવ ચારગતિની વિડંબના સ્વરૂપ છે. તેવું જણાવાથી ભવના સ્વરૂપના આલોચનકાળમાં ભવ પ્રત્યે જે સહજ ઉદ્વેગ પેદા થાય છે અર્થાત્ ચિત્તમાં વિકલ્પ થાય છે કે આ ચારગતિના પરિભ્રમણરૂપ ભવનો ઉચ્છેદ કરવા જેવો છે તે પણ યોગબીજ છે; કેમ કે ભવથી નિસ્તાર થવાના અભિલાષનો પરિણામ એ યોગમાર્ગના પક્ષપાતવાળા ચિત્ત સ્વરૂપ છે. વળી, ભવથી નિસ્તાર પામવાના અર્થી જીવો અનેક પ્રકારના દ્રવ્ય અભિગ્રહો ગ્રહણ કરે છે. અને તેનું પાલન કરે છે તે પણ યોગબીજ છે. વળી, ભગવાનના શાસ્ત્રના વચનને આશ્રયીને વિધિપૂર્વક શાસ્ત્રોને લખાવે, શાસ્ત્રોનું પૂજન કરે, સત્શાસ્ત્ર યોગ્ય જીવોને આપે, વળી સત્શાસ્ત્રોનું શ્રવણ કરે, સત્શાસ્ત્રોનું વાંચન કરે, સત્શાસ્ત્રનો વિધિપૂર્વક ઉદ્ગ્રહ કરે અર્થાત્ સત્શાસ્ત્રની વાચનાને વિધિપૂર્વક ગ્રહણ કરે વળી પોતાને થયેલ બોધ બીજાને પણ તેવો બોધ થાય તેવા આશયપૂર્વક પ્રકાશન કરે, અભ્યાસ કરેલાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે, શાસ્ત્રોએ બતાવેલા બધા પદાર્થોનું ચિંતન કરે, તેનું ભાવન કરે તે સર્વ યોગબીજો છે; કેમ કે સંસારથી નિસ્તાર પામવાના આશયપૂર્વક તેના ઉપાયના સેવનરૂપ આ સર્વ પ્રવૃત્તિ છે. વળી, દુઃખી જીવોને જોઈને તેઓનાં દુઃખ દૂર કરવાના પરિણામ સ્વરૂપ જે અત્યંત દયા થાય છે. વળી, ગુણવાન પુરુષોમાં તેઓના ગુણને જોઈને દ્વેષ થતો નથી અને ગૃહસ્થજીવનમાં સર્વત્ર=સર્વજીવો સાથે પક્ષપાત વગર ઔચિત્યથી વર્તન કરે છે તે પણ યોગબીજ છે. આ પ્રકારે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં જે યોગબીજો કહ્યા છે તે સર્વ ધર્મબીજો જાણવાં.

જે સદ્ગૃહસ્થ પૂર્વમાં બતાવેલ પાંત્રીસ પ્રકારના સામાન્ય ગૃહસ્થધર્મનું યથાયોગ્ય ભાજન છે તે ગૃહસ્થ આવાં યોગબીજોનું વપન કરે છે. ત્યારપછી તે ગૃહસ્થમાં તે યોગબીજો ધર્મચિંતાદિલક્ષણ અંકુરાદિવાળાં થાય છે.

આશય એ છે કે પ્રકૃતિથી ભદ્રક જીવો ગૃહસ્થજીવનમાં સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે અને તેવા જીવોમાં કોઈક નિમિત્તને પામીને જિન પ્રત્યે સંશુદ્ધ કુશલચિત્તાદિ બીજોનું વપન થાય તે બીજો સામગ્રીને પામીને ધર્મચિંતાદિરૂપ અંકુરાને પ્રાપ્ત કરે છે; કેમ કે જે વખતે તે ગૃહસ્થને ગુણ પ્રત્યેનો રાગ પ્રગટે છે તે વખતે યોગબીજોનું વપન થાય છે. અને ગુણના રાગી જીવોને સામગ્રી મળતાં અધિક અધિક ગુણનિષ્પત્તિના ઉપાયભૂત ધર્મનું ચિંતન આદિ કરવાનો પરિણામ થાય છે જે ક્રમસર અંકુરાદિરૂપ છે.

ધર્મબીજમાંથી ધર્મચિંતાદિ અંકુર થાય છે. તે કથનમાં સાક્ષીપાઠ આપ્યો તેનો અર્થ આ પ્રમાણે છે. ધર્મબીજોનું વપન સત્પ્રશંસાદિ છે. તેથી એ ફલિત થાય કે સત્કૃત્યો જોઈને તેની પ્રશંસા કરવામાં આવે અથવા પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે જિનમાં કુશલચિત્તાદિ થાય તે સર્વ ધર્મબીજોનું વપન છે. અને તે ધર્મબીજોનું વપન થયા પછી તે ધર્મનિષ્પત્તિના ચિંતનાદિ અંકુરા છે. અને તે ધર્મબીજોનું ફળ મોક્ષ છે.

અંકુરાદિ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ધર્મનિષ્પત્તિનું ચિંતન અંકુરો છે અને ધર્મ સાંભળવાની ક્રિયા સત્કાંડ=કંદ છે. ધર્મશ્રવણથી બોધ થયા પછી અનુષ્ઠાનનું સેવન તે નાલ છે. અને અનુષ્ઠાનના સેવનના ફળરૂપે દેવભવની અને મનુષ્યભવની ઉત્તમ સંપત્તિ મળે છે તે પુષ્પ સમાન છે અને પૂર્ણ ધર્મના સેવનનું ફળ મોક્ષ છે.

આ રીતે શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કરે છે. કેવા પ્રકારનાં એવાં તે ધર્મબીજો અંકુરાદિરૂપે પ્રરોહ પામે છે એ પ્રકારની જિજ્ઞાસા થાય. તેથી કહે છે –

વિધિપૂર્વક વપન કરાયેલ એવાં યોગબીજો પ્રરોહ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે જિનમાં કુશલચિત્તાદિ વિધિપૂર્વક વપન કઈ રીતે થાય ? એથી કહે છે –

દેશનાયોગ્ય જીવો ત્રણ પ્રકારના છે. ૧. બાલ, ૨. મધ્યમ, ૩. પ્રાજ્ઞ. તે પુરુષો પોતાની ભૂમિકાના ઔચિત્યપૂર્વક, જિનમાં કુશલચિત્તાદિ કરે તો તે યોગબીજો પોતાના આત્મામાં વપન થાય છે.

આશય એ છે કે ધર્મના અર્થી જીવો હોય તે દેશનાયોગ્ય છે, અન્ય નહિ. દેશનાયોગ્ય જીવો જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમના ભેદથી ત્રણ પ્રકારના છે. બાલ, મધ્યમ અને બુદ્ધિમાન. તે ત્રણેય પ્રકારના જીવો પોતાના બોધ અનુસાર જિનમાં કુશલચિત્તાદિ કરે તો તે કુશલચિત્તાદિ બીજોનું આત્મામાં વપન થાય અને જો તેઓ પોતાના બોધને અનુસાર કુશલચિત્તાદિ ન કરે તો બીજોનું વપન થાય નહિ.

જેમ દુર્ગતાનારી અત્યંત મુગ્ધ અવસ્થામાં છે. તે વખતે કેવાં પુષ્પો ભગવાનને ચઢાવાય અને કેવાં પુષ્પો ભગવાનને ન ચઢાવાય ? તેનો બોધ નથી. આમ છતાં સ્વબોધ અનુસાર તે દુર્ગતાનારીને ભગવાનની ભક્તિનો પરિણામ થાય છે. તેથી ભગવાનને ચઢાવવા માટે ન કલ્પે તેવાં પણ પુષ્પોને ગ્રહણ કરીને ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયથી ભગવાનની પૂજા કરવાના પ્રણિધાનથી જાય છે. તેથી મૃત્યુ પામીને દેવલોકમાં જાય છે. જો અન્ય કોઈને જ્ઞાન હોય કે આવાં પુષ્પોથી ભગવાનની પૂજા થાય નહિ આમ છતાં ભગવાન પ્રત્યેની ભક્તિપૂર્વક તેવાં અસાર પુષ્પ લઈને ભક્તિ કરવા યત્ન કરે તો તે યોગબીજો વિધિપૂર્વક વપન થયાં કહેવાય નહિ.

આનાથી એ ફલિત થાય કે તત્ત્વના અર્થી એવા બાલજીવો પોતાના બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાના પક્ષપાતવાળા હોય. તત્ત્વના અર્થી એવા મધ્યમબુદ્ધિવાળા જીવો પોતાના બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાના પક્ષપાતવાળા હોય અને પ્રાજ્ઞ જીવો પોતાના બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાના પક્ષપાતવાળા હોય તો તેઓના જિનકુશલચિત્તાદિ બીજો વિધિપૂર્વક વપન થાય છે, અન્યથા નહિ. આથી જ બાલાદિ જીવોની યોગ્યતા અનુસાર યોગ્ય ઉપદેશક ઉપદેશ આપે તો તેઓમાં યોગબીજોનું વપન થાય છે. માટે ઉપદેશકને પણ બાલાદિના વિભાગથી જ દેશના આપવાનું વિધાન શાસ્ત્રમાં છે. વળી યોગ્ય રીતે વપન કરાયેલાં યોગબીજો સામગ્રી પામીને ધર્મચિંતાદિ રૂપે પ્રરોહ પામે છે. જે જીવોએ આત્મામાં યોગબીજો નાખ્યાં નથી તેવા જીવોમાં કોઈપણ રીતે ધર્મનો ઉદય થતો નથી. તેમાં ઉપદેશપદની સાક્ષી આપે છે --

જેમ ભૂમિમાં બીજનો નિક્ષેપ કરાયો ન હોય અને સુંદર વર્ષા થાય તોપણ ધાન્ય થતું નથી. તેમ આત્મામાં ધર્મનું બીજ વપન કરાયેલું ન હોય તો સાક્ષાત્ તીર્થંકરનું દર્શન થાય, તીર્થંકરના ઉપદેશનું શ્રવણ થાય તોપણ તે શ્રવણાદિ ક્રિયાથી ધર્મરૂપ ધાન્ય પેદા થતું નથી.

શ્લોકના ઉત્તરાર્ધમાં 'યથા' શબ્દથી દૃષ્ટાંત આપ્યું કે જે પ્રમાણે વિશુદ્ધભૂમિમાં વિધિપૂર્વક વપન કરાયેલાં બીજો સુવર્ષાને પામીને પ્રરોહ પામે છે તેમ વિશુદ્ધભૂમિ સ્થાનીય સામાન્ય ગૃહસ્થધર્મ પાળનારા જીવો પોતાની બાલાદિ અવસ્થાને અનુરૂપ જિનમાં કુશલચિત્તાદિ કરીને બીજોનું વપન કરે તો યોગ્ય ઉપદેશકને પામીને તે બીજો પ્રરોહ પામે છે. જેનાથી ધર્મરૂપ ધાન્ય નિષ્પન્ન થાય છે.

શ્લોકમાં 'प्रायः' કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે મરુદેવામાતાના જેવા કેટલાક જીવોએ પૂર્વમાં ક્યારેય યોગબીજો નાખ્યાં નથી છતાં પક્વ થયેલ તથાભવ્યત્વને કારણે તેઓમાં ધર્મ નિષ્પન્ન થયો. તેથી બીજ નાખ્યા હોય તો જ ધર્મ નિષ્પન્ન થાય તેવો એકાંત નથી. પરંતુ મોટાભાગના જીવો પૂર્વમાં બીજાધાન કરે ત્યારપછી જ સામગ્રીને પામીને તેઓના લોકોત્તર ધર્મની નિષ્પત્તિ થાય છે.

અહીં કહ્યું કે મરુદેવામાતા જેવા જીવોને તથાભવ્યત્વ પક્વ થયું તેથી એ પ્રાપ્ત થાય કે દરેક જીવોમાં મોક્ષગમનરૂપ ભવ્યત્વ જુદા પ્રકારનું છે અને જેમાં જે પ્રકારનું ભવ્યત્વ હોય તે તથાભવ્યત્વથી વાચ્ય છે. અને મોટાભાગના જીવોનું તથાભવ્યત્વ બીજાધાન કર્યા પછી લોકોત્તર ધર્મને પ્રાપ્ત કરવાને અનુકૂળ પક્વ બને છે. બીજાધાન કર્યા વગર તથાભવ્યત્વ લોકોત્તર ધર્મ અનુકૂળ પક્વ બનતું નથી. મરુદેવામાતા જેવા કેટલાક જીવોનું તથાભવ્યત્વ પૂર્વમાં બીજાધાન નહિ કરેલું હોવા છતાં ત્યારે તે પ્રકારે પક્વ બને છે કે જેથી તેઓમાં પૂર્વમાં બીજાધાન નહિ કરેલું હોવા છતાં જ્ઞાનાવરણીયાદિ કર્મનો તે પ્રકારનો ક્ષયોપશમ થાય છે જેથી તેઓને લોકોત્તર ધર્મની પ્રાપ્તિ થાય છે. **॥૧૬॥**

અવતરણિકા :-

अथ पूर्वोक्तगुणवत एव संज्ञाविशेषविधिं तदवस्थाविशेषविधिं चाह –

અવતરણિકાર્થ :-

હવે પૂર્વોક્ત ગુણવાળામાં જ=પૂર્વ વર્ણન કરાયેલા પાંત્રીસ ગુણવાળા ગૃહસ્થમાં જ, સંજ્ઞાવિશેષની વિધિને=શ્લોકના પૂર્વાર્ધથી સંજ્ઞાવિશેષની વિધિને, અને તેની અવસ્થાવિશેષની વિધિને=શ્લોકના ઉત્તરાર્ધથી તે આદિધાર્મિક ગૃહસ્થની અવસ્થાવિશેષની વિધિને, કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં કહેલા પાંત્રીસ ગુણવાળા જ જીવોમાં આદિધાર્મિકરૂપ સંજ્ઞાવિશેષની વિધિને કહે છે અને તે આદિધાર્મિક જીવો જૈનદર્શન પ્રમાણે કેવી અવસ્થાવિશેષવાળા છે તેની વિધિને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

શ્લોક :-

स आदिधार्मिकश्चित्रस्तत्तत्तन्त्रानुसारतः ।
इह तु स्वागमापेक्षं, लक्षणं परिगृह्यते ।।१७।।

અન્વયાર્થ :-

સ=તે=પૂર્વમાં કહેલા પાંત્રીસ ગુણોથી ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિની યોગ્યતાવાળો એવો જીવ, તત્તત્તન્ત્રાનુસારતઃ=તે-તે તંત્ર અનુસારથી=તે-તે દર્શનના અનુસારથી ચિત્રઃ=વિચિત્ર આચારવાળો, આદિધાર્મિકઃ=આદિધાર્મિક છે. તુ=વળી ઇહ=અહીં=પ્રકમમાં=ધર્મના સ્વરૂપના નિરૂપણના પ્રકમમાં, સ્વાગમાપેક્ષં=સ્વઆગમની અપેક્ષાવાળું લક્ષણં=લક્ષણ, પરિગૃહ્યતે=ગ્રહણ કરાય છે. ।।૧૭।।

શ્લોકાર્થ :-

તે તે દર્શનના અનુસારથી વિચિત્ર આચારવાળો તે આદિધાર્મિક છે. વળી અહીં=ધર્મના સ્વરૂપના નિરૂપણના પ્રકમમાં, સ્વઆગમની અપેક્ષાવાળું લક્ષણ ગ્રહણ કરાય છે. ।।૧૭।।

ટીકા :-

'सः' पूर्वोक्तगुणैरुत्तरोत्तरगुणवृद्धियोग्यतावान् 'आदिधार्मिकः' प्रथममेवारब्धस्थूलधर्माचारत्वेनादिधार्मिकसंज्ञया प्रसिद्धः, स च तानि २ तन्त्राणि शास्त्राणि तदनुसारतश्चित्रो विचित्राचारो भवति, भिन्नाचारस्थितानामप्यन्तःशुद्धिमतामपुनर्बन्धकत्वाविरोधात्, अपुनर्बन्धकस्य हि नानास्वरूपत्वात् तत्तत्तन्त्रोक्ताऽपि मोक्षार्था क्रिया घटते, तदुक्तं योगबिन्दौ –

"अपुनर्बन्धकस्यैवं, सम्यग्नीत्योपपद्यते ।
तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयाद् ।।१।।" **[गा. २५१] इति ।**

'इह तु' प्रक्रमे 'स्वागमापेक्षं' स्वागमानुसारि लक्षणं' व्यञ्जकं प्रक्रमादादिधार्मिकस्य 'परिगृह्यते' आश्रीयते, यो ह्यन्यैः शिष्टबोधिसत्त्वनिवृत्तप्रकृत्याधिकारादिशब्दैरभिधीयते स एवास्माभिरादिधार्मिकाऽपुनर्बन्धकादिशब्दैरिति भावः । लक्षणमित्यत्रैकवचनं जात्यपेक्षम्, तल्लक्षणसम्पादनविधिश्चायमुक्तो ललितविस्तरायाम् –

"परिहर्त्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रेण, प्रवर्त्तितव्यं दानादौ, कर्त्तव्योदारपूजा भगवताम्, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रम्, भावनीयं महायत्नेन, प्रवर्त्तितव्यं विधानतः, अवलम्बनीयं धैर्यम्, पर्यालोचनीया आयतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानेन, सेवितव्यो गुरुजनः, कर्त्तव्यं योगपटदर्शनम्, स्थापनीयं तद्रूपादि चेतसि, निरूपयितव्या धारणा, परिहर्त्तव्यो विक्षेपमार्गः, यतितव्यं योगसिद्धौ, कारयितव्या भगवत्प्रतिमा,

लेखनीयं भुवनेश्वरवचनम्, कर्त्तव्यो मङ्गलजापः, प्रतिपत्तव्यं चतुःशरणम्, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदनीयं कुशलम्, पूजनीया मन्त्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यम्, वर्त्तितव्यमुत्तमज्ञाने(ते)न । एवंभूतस्य येह प्रवृत्तिः सा सर्वैव साध्वी, मार्गानुसारी ह्ययं नियमादपुनर्बन्धकादिः, तदन्यस्यैवंभूतगुणसम्पदोऽभावात्, अत आदित आरभ्यास्य प्रवृत्तिः सत्प्रवृत्तिरेव नैगमानुसारेण चित्रापि प्रस्थकप्रवृत्तिकल्पा, तदेतदधिकृत्याहुः –

"कुठारादिप्रवृत्तिरपि रूपनिर्माणप्रवृत्तिरेव," [ ]

तद्वदादिधार्मिकस्य धर्मे कात्स्न्येन तद्गामिनी न तद्बाधिनीतिहार्द्दाः, तत्त्वाविरोधकं हृदयमस्य, ततः समन्तभद्रता, तन्मूलत्वात्सकलचेष्टितस्य, एवमतोऽपि विनिर्गतं तत्तद्दर्शनानुसारतः सर्वमिह योज्यं सुप्तमण्डितप्रबोधदर्शनादि, न ह्येवं प्रवर्त्तमानो नेष्टसाधक इति । भग्नोऽप्येतद्यत्नलिङ्गोऽपुनर्बन्धक इति तं प्रत्युपदेशसाफल्यम् । नानिवृत्ताधिकारायां प्रकृतावेवंभूत इति कापिलाः, न अनवाप्तभवविपाक इति च सौगताः, अपुनर्बन्धकास्त्वेवंभूता इति जैना इति ।" **[ललितविस्तरायां प्रान्ते]**

अपुनर्बन्धकलक्षणं चेदं प्रसङ्गेनात्रावसेयम् –

"पावं ण तिव्वभावा, कुणइ ण बहु मन्नई भवं घोरं ।
उचिअट्ठिइं च सेवइ, सव्वत्थवि अपुणबंधोत्ति ।।१।। **[पञ्चाशक ३/४, योगशतक गा.१३]**

एतद्वृत्तिर्यथा-"पापमशुद्धं कर्म तत्कारणत्वाद्धिंसाद्यपि पापं तत्, "न" नैव, तीव्रभावाद्गाढसंक्लिष्टपरिणामात्, "करोति" अत्यन्तोत्कटमिथ्यात्वादिक्षयोपशमेन लब्धात्मनैर्मल्यविशेषत्वात्, तीव्रेतिविशेषणादापन्नम् अतीव्रभावात् करोत्यपि तथाविधकर्मदोषात् । तथा "न बहु मन्यते" न बहुमानविषयीकरोति, "भवं" संसारं, "घोरं" रौद्रं, घोरत्वाक्गमात्, तथा उचितस्थितिमनुरूपप्रतिपत्तिं, चशब्दः समुच्चये, "सेवते" भजते कर्मलाघवात्, सर्वत्राप्यास्तामेकत्र देशकालावस्थापेक्षया समस्तेष्वपि देवाऽतिथि-माता-पितृप्रभृतिषु, मार्गानुसारिताभिमुखत्वे मयूरशिशुदृष्टान्तात् । "अपुनर्बन्धक" उक्तनिर्वचनो जीवः, "इति" एवंविधक्रियालिङ्गो भवतीत्यलं प्रसङ्गेन" **[पञ्चाशकवृत्तिः प. ५४]** ।।१७।।

टीकार्थ :-

'सः' ..... प्रसङ्गेन ।। તે=પૂર્વમાં કહેલા ગુણો વડે ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિની યોગ્યતાવાળો ગૃહસ્થ, આદિધાર્મિક છે=પ્રથમ જ આરંભ કરાયેલા એવા સ્થૂલધર્મના આચારપણાને કારણે આદિધાર્મિક સંજ્ઞાથી પ્રસિદ્ધ છે. અને તે=આદિધાર્મિક એવો ગૃહસ્થ, તે-તે તંત્રો=શાસ્ત્રો, તેને અનુસારથી ચિત્ર=વિચિત્ર, આચારવાળો છે; કેમ કે ભિન્ન આચારમાં રહેલા પણ=જૈન દર્શનથી ભિન્ન એવા અન્યદર્શનના આચારમાં રહેલા પણ, અંતઃવિશુદ્ધિવાળાઓના=અસદ્ગ્રહ વગર ધર્મ પ્રત્યેના વલણને અનુકૂળ એવી ચિત્તશુદ્ધિવાળા જીવોના, અપુનર્બંધકત્વનો અવિરોધ છે. 'હિ'=જે કારણથી, અપુનર્બંધકનું નાના સ્વરૂપપણું હોવાથી=અપુનર્બંધકનું ભિન્નભિન્ન સ્વરૂપ હોવાથી, તે તે દર્શનમાં કહેવાયેલી પણ

મોક્ષાર્થ ક્રિયા ઘટે છે તે=અપુનર્બંધકમાં અન્ય દર્શનની મોક્ષાર્થ ક્રિયા ઘટે છે તે, યોગબિંદુમાં કહેવાયું છે –

"આ રીતે=યોગબિંદુના પૂર્વના શ્લોકોમાં કહ્યું એ રીતે, સમ્યક્નીતિથી=શુદ્ધ યુક્તિથી, અપુનર્બંધકને તે તે તંત્રમાં કહેવાયેલું=કાપિલાદિ શાસ્ત્રમાં કહેવાયેલું, અખિલ અનુષ્ઠાન અવસ્થાભેદના આશ્રયણથી ઘટે છે." **(યોગબિંદુ-શ્લોક - ૨૫૧)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

વળી અહીં=પ્રક્રમમાં=પ્રસ્તુત ગ્રંથના કહેલા ધર્મના પ્રક્રમમાં, સ્વઆગમ અપેક્ષાવાળું=સ્વઆગમને અનુસરનારું, પ્રક્રમથી આદિધાર્મિકનું લક્ષણ=વ્યંજક, પરિગ્રહણ કરાય છે=આશ્રયણ કરાય છે. જે અન્ય વડે શિષ્ટ, બોધિસત્વ, નિવૃત્ત પ્રકૃતિ અધિકારાદિ શબ્દ વડે કહેવાય છે, તે જ અમારા વડે આદિધાર્મિક, અપુનર્બંધકાદિ શબ્દ વડે કહેવાય છે, એ પ્રકારનો ભાવ છે=એ પ્રકારનો શ્લોકના ઉત્તરાર્ધનો ભાવ છે. 'લક્ષણમ્' એ પ્રકારના વચનપ્રયોગમાં જાતિની અપેક્ષાએ એકવચન છે=અપુનર્બંધકના અનેક ધર્મો છે તે સર્વધર્મની અપેક્ષાએ બહુવચનનો પ્રયોગ જોઈએ છતાં તે સર્વધર્મમાં રહેલી જાતિની અપેક્ષાએ એકવચનનો પ્રયોગ છે. અને તેના લક્ષણના સંપાદનની વિધિ=અપુનર્બંધકના લક્ષણની સંપાદનની વિધિ, લલિતવિસ્તરામાં આ કહેવાયેલ છે=આગળમાં કહેવાય છે એ કહેવાયેલ છે –

"૧. અકલ્યાણમિત્રનો યોગ પરિહાર કરવો જોઈએ. ૨. કલ્યાણમિત્રને સેવવા જોઈએ. ૩. ઉચિત સ્થિતિનું લંઘન કરવું જોઈએ નહિ=સર્વપ્રવૃત્તિમાં ઉચિત કૃત્યનું ઉલ્લંઘન કરવું જોઈએ નહિ. ૪. લોકમાર્ગની અપેક્ષા રાખવી જોઈએ=શિષ્ટલોકોની આચરણાની અપેક્ષા રાખીને પ્રવૃત્તિ કરવી જોઈએ. ૫. ગુરુસંહતિને માન આપવું જોઈએ=વડીલાદિને માન આપવું જોઈએ. ૬. એમના તંત્રથી=વડીલાદિના પરતંત્રથી, રહેવું જોઈએ. ૭. દાનાદિમાં પ્રયત્ન કરવો જોઈએ. ૮. ભગવાનની ઉદાર પૂજા કરવી જોઈએ. ૯. સાધુવિશેષનો પરિચય કરવો જોઈએ=ગુણવાન એવા સાધુપુરુષનો પરિચય કરવો જોઈએ. ૧૦. વિધિપૂર્વક ધર્મશાસ્ત્ર સાંભળવાં જોઈએ. ૧૧. મહાયત્નથી ભાવન કરવું જોઈએ=ધર્મશાસ્ત્રથી પ્રાપ્ત થયેલ બોધનું મહાયત્નથી ભાવન કરવું જોઈએ. ૧૨. વિધાનથી પ્રવર્તવું જોઈએ=વિધિપૂર્વક ધર્મની પ્રવૃત્તિમાં યત્ન કરવો જોઈએ. ૧૩. ધૈર્યનું અવલંબન લેવું જોઈએ=ધર્મનું સેવન દુષ્કર હોવા છતાં ધૈર્યપૂર્વક ધર્મ નિષ્પન્ન કરવા માટે યત્ન કરવો જોઈએ. ૧૪. આયતિનું પર્યાલોચન કરવું જોઈએ=ભવિષ્યનો વિચાર કરવો જોઈએ=ભવિષ્યમાં કોઈ અનર્થ ન થાય તે રીતે વિચારીને સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ. ૧૫. મૃત્યુનું અવલોકન કરવું જોઈએ=આ મનુષ્યભવ ગમે ત્યારે મૃત્યુ આવવાથી પૂર્ણ થઈ જશે તેમ વિચારીને પ્રમાદનો પરિહાર કરવા માટે યત્ન કરવો જોઈએ. ૧૬. પરલોકના પ્રધાનપણાથી યત્ન કરવો જોઈએ. ૧૭. ગુરુજનની=સુસાધુની સેવા કરવી જોઈએ. ૧૮. યોગપટનું દર્શન કરવું જોઈએ=યોગમાર્ગની સર્વભૂમિકાનો બોધ કરીને બુદ્ધિરૂપી ચક્ષુથી તેનું દર્શન કરવું જોઈએ. ૧૯. તેના રૂપાદિ ચિત્તમાં સ્થાપન કરવા જોઈએ=યોગમાર્ગના સ્વરૂપાદિનું ચિત્તમાં સ્થાપન કરવું જોઈએ. ૨૦. ધારણા નિરૂપણ કરવી જોઈએ=યોગમાર્ગના સ્વરૂપ વિષયક ધારણા ચિત્તમાં સદા રાખવી જોઈએ. ૨૧. વિક્ષેપમાર્ગનો ત્યાગ કરવો જોઈએ=વિક્ષેપ વગરના થઈને યોગમાર્ગની પ્રવૃત્તિ કરવી જોઈએ. ૨૨. યોગસિદ્ધિમાં યત્ન કરવો જોઈએ. ૨૩. ભગવાનની પ્રતિમા કરાવવી જોઈએ. ૨૪. ભુવનેશ્વરનું વચન લખાવવું જોઈએ=સર્વજ્ઞના વચનનું લેખન કરાવવું જોઈએ. ૨૫.

મંગલજાપ કરવો જોઈએ=આત્માનું મંગલ કરનાર એવા પંચપરમેષ્ઠિ આદિનો જાપ કરવો જોઈએ. ૨૬. ચતુઃશરણ સ્વીકારવું જોઈએ=અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણ સ્વીકારવું જોઈએ. ૨૭. દુષ્કૃતોની ગર્હા કરવી જોઈએ. ૨૮. કુશલ કૃત્યનું અનુમોદન કરવું જોઈએ. ૨૯. મંત્રદેવતાની પૂજા કવી જોઈએ. ૩૦. સત્પુરુષોની સત્ચેષ્ટાઓ સાંભળવી જોઈએ=ઉત્તમ પુરુષોની સુંદર ચેષ્ટાઓ સાંભળવી જોઈએ. ૩૧. ઔદર્યનું ભાવન કરવું જોઈએ. ૩૨. ઉત્તમ પુરુષના દૃષ્ટાંતથી પ્રયત્ન કરવો જોઈએ.

આવા પ્રકારના ગૃહસ્થની અહીં=આલોકમાં, જે પ્રવૃત્તિ છે તે સર્વ જ સુંદર છે. હિ=જે કારણથી, નિયમથી આ અપુનર્બંધકાદિ માર્ગાનુસારી છે; કેમ કે તેનાથી અન્યને=અપુનર્બંધકાદિથી અન્ય જીવોને, આવા પ્રકારની ગુણસંપત્તિનો અભાવ છે. આથી આદિથી માંડીને આની પ્રવૃત્તિ=અપુનર્બંધકની પ્રવૃત્તિ, સત્પ્રવૃત્તિ જ નૈગમનય અનુસારથી ચિત્ર પણ પ્રસ્થક પ્રવૃત્તિકલ્પ છે. તે આને=અપુનર્બંધકની પ્રવૃત્તિ નૈગમનય અનુસાર પ્રસ્થક પ્રવૃત્તિકલ્પ ચિત્ર છે તેમ પૂર્વમાં કહ્યું તે આને, આશ્રયીને અન્ય ગ્રંથમાં કહે છે –

"કુઠારાદિની પ્રવૃત્તિ પણ રૂપનિર્માણની પ્રવૃત્તિ જ છે=લાકડાને કાપવાની પ્રવૃત્તિ પણ પ્રસ્થકના સ્વરૂપના નિર્માણની જ પ્રવૃત્તિ છે !"

તેની જેમ આદિધાર્મિકની ધર્મમાં કાત્સ્ન્યથી તદ્ગામિની પ્રવૃત્તિ છે. તદ્બાધિની નથી=ધર્મને બાધ કરનારી પ્રવૃત્તિ નથી, એ પ્રમાણે હાર્દ છે.

અહીં પ્રશ્ન થાય કે આદિધાર્મિકની કાત્સ્ન્યથી ધર્મમાં તદ્ગામિની પ્રવૃત્તિ કેમ છે ? તેથી કહે છે –

આનું=આદિધાર્મિકનું, તત્ત્વ અવિરોધક હૃદય છે તેથી સમન્તભદ્રતા છે; કેમ કે સકલ ચેષ્ટિતનું તદ્મૂલપણું છે= આદિધાર્મિકની બધી ચેષ્ટાનું તત્ત્વ અવિરુદ્ધ હૃદયપૂર્વકપણું છે. 'એવમ્'=આ રીતે=પ્રસ્થકના દૃષ્ટાંતની જેમ, આનાથી જ=જૈનદર્શનથી જ 'વિનિર્ગત'=પૃથક્ભૂત, તે તે દર્શનના અનુસારથી સુપ્તમંડિતપ્રબોધદર્શનાદિ સર્વ અહીં=અપુનર્બંધકમાં, યોજવું. 'હિ'=જે કારણથી, આ રીતે પ્રવર્તમાન=પ્રસ્થકના દૃષ્ટાંતની જેમ પ્રવર્તમાન, ઈષ્ટસાધક નથી એમ નહિ, અર્થાત્ ઈષ્ટસાધક જ છે.

અપુનર્બંધકનું લક્ષણ બતાવે છે –

ભગ્ન પણ આ=અપુનર્બંધકના ઉચિત આચારથી કોઈક રીતે ભગ્ન થયેલો પણ આ, યત્નલિંગવાળો અપુનર્બંધક છે. એથી તેના પ્રત્યે=અપુનર્બંધક જીવ પ્રત્યે, ઉપદેશનું સાફલ્ય છે. પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત નહિ થયે છતે જીવ આવા પ્રકારનો થતો નથી, એ પ્રમાણે કપિલદર્શનવાળા કહે છે. અપ્રાપ્ત ભવવિપાકવાળા જીવો આવા પ્રકારના નથી, એ પ્રમાણે સૌગતો કહે છે=બૌદ્ધદર્શનવાળા કહે છે. અપુનર્બંધક આવા પ્રકારના છે તેમ જૈનો કહે છે. **(લલિતવિસ્તરામાં અંતમાં)**

અને અપુનર્બંધકનું લક્ષણ પ્રસંગથી અહીં આ જાણવું.

"અપુનર્બંધક તીવ્રભાવથી પાપ કરતો નથી. ઘોર એવા ભવને બહુ માનતો નથી અને સર્વત્ર પણ ઉચિત સ્થિતિને સેવે છે." **(પંચાશક ૩-૪, યોગશતક ગા. ૧૩)**

આની=શ્લોકની વૃત્તિ, આ પ્રમાણે છે – "પાપ અશુદ્ધ કર્મ છે. અને તેનું કારણ હોવાથી=પાપનું કારણ હોવાથી, હિંસાદિ પણ પાપ છે. તેને=પાપને, તીવ્ર ભાવથી=ગાઢ સંક્લિષ્ટ પરિણામથી, કરતો નથી જ; કેમ કે અત્યંત

ઉત્કટ એવા મિથ્યાત્વાદિ કર્મોનો ક્ષયોપશમભાવ હોવાને કારણે પ્રાપ્ત થયેલા આત્માનું નિર્મલભાવરૂપ વિશેષપણું છે. તીવ્ર એ પ્રકારના વિશેષણથી અતીવ્રભાવથી કરે પણ છે, એ પ્રમાણે પ્રાપ્ત થયું; કેમ કે તેવા પ્રકારના કર્મનો દોષ છે=પાપ કરાવે તેવા પ્રકારના કર્મનો દોષ છે. અને ભવને બહુમાનનો વિષય કરતો નથી. ભવ એટલે સંસાર, ઘોર એટલે રૌદ્ર. ઘોર સંસારને બહુમાનનો વિષય કેમ કરતો નથી તેમાં હેતુ કહે છે. સંસારના ઘોરપણાનો બોધ છે અને ઉચિત સ્થિતિને=અનુરૂપ પ્રતિપત્તિને, સેવે છે; કેમ કે કર્મનો લાઘવ છે. ક્યાં ઉચિત પ્રવૃત્તિ સેવે છે ? તેથી કહે છે. સર્વત્ર પણ=કોઈક સ્થાનને છોડી દો પરંતુ સર્વત્ર પણ દેશ, કાલ અવસ્થાની અપેક્ષાએ દેવ, અતિથિ, માતા-પિતા વગેરે વિષયક સમસ્ત કૃત્યમાં પણ, ઉચિત સ્થિતિને સેવે છે, એમ અન્વય છે.

કઈ રીતે ઉચિત સ્થિતિને સેવે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

માર્ગાનુસારિતાનું અભિમુખપણું હોતે છતે મયૂરશિશુના દૃષ્ટાંતથી ઉચિત સ્થિતિ સેવે છે.

કોણ સેવે છે ? તે સ્પષ્ટ કરે છે –

અપુનર્બંધક જીવ=ઉપરમાં વર્ણન કરાયેલો જીવ, આવા પ્રકારના ક્રિયાલિંગવાળો થાય છે. એથી પ્રસંગથી સર્યું."

શ્લોકમાં રહેલ 'च' શબ્દ છે તે ત્રણ લિંગોના સમુચ્ચય માટે છે. ॥૧૭॥

ભાવાર્થ :-

પૂર્વમાં સામાન્યથી ગૃહસ્થધર્મ બતાવ્યો તેવા ગુણોથી જીવો ઉત્તરોત્તર ગુણવૃદ્ધિની યોગ્યતાવાળા બને છે. અને તેવા જીવો આદિધાર્મિક એ પ્રકારની સંજ્ઞાથી પ્રસિદ્ધ છે. પ્રથમ ભૂમિકાના જ સ્થૂલ ધર્મના આચારોને જ સેવનારા તે આદિધાર્મિક કહેવાય. તે આદિધાર્મિક તે તે દર્શનના અનુસારે જુદા જુદા આચારવાળા હોય છે.

અહીં પ્રશ્ન થાય કે જૈનદર્શનાનુસાર જે આચારો પાળતા નથી તેઓને આદિધાર્મિક કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

અન્ય દર્શનના આચારોને પાળનારા પણ જેઓના આત્મામાં કદાગ્રહ વગર તત્ત્વના પક્ષપાતરૂપ અંતઃશુદ્ધિ વર્તે છે તેઓમાં, અપુનર્બંધકપણું સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. આથી અપુનર્બંધક અનેક સ્વરૂપવાળા છે અર્થાત્ શુદ્ધિની તરતમતાની અપેક્ષાએ અનેક ભૂમિકાવાળા છે. તેને કારણે તે તે દર્શનમાં કહેવાયેલ પણ મોક્ષ માટેની ક્રિયાઓ અપુનર્બંધકમાં ઘટે છે. અર્થાત્ મોક્ષના આશયપૂર્વક તે તે દર્શનમાં રહેલ ભદ્રક પ્રકૃતિવાળા જીવો તે-તે દર્શનના યમ-નિયમાદિના સ્થૂલ આચારો પાળીને મોક્ષમાર્ગને અનુકૂળ એવા ઉત્તમચિત્તને નિષ્પન્ન કરે છે.

આ રીતે શ્લોકના પૂર્વાર્ધથી અન્યદર્શનમાં રહેલા પણ અપુનર્બંધક જીવો આદિધાર્મિક છે તેમ બતાવ્યું. હવે પ્રસ્તુત ગ્રંથમાં કયા આદિધાર્મિક જીવોને ગ્રહણ કરવા છે તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવતાં કહે છે –

પ્રસ્તુત ગ્રંથમાં ભગવાનના વચનાનુસાર ક્રિયાઓ કરનારા આદિધાર્મિક ગ્રહણ કરવાના છે. અન્ય દર્શનમાં રહેલા આદિધાર્મિકને ગ્રહણ કરવાના નથી. તેઓ પૂર્વમાં બતાવેલા પાંત્રીસ પ્રકારના સામાન્યથી ગૃહસ્થધર્મને સેવનારા અને જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરનારા હોય છે. આવા અપુનર્બંધક જીવોને બીજા

દર્શનવાળા શિષ્ટ, બોધિસત્વ, નિવૃત્તપ્રકૃતિ અધિકારવાળા ઇત્યાદિ શબ્દોથી કહે છે. તેઓને જૈનદર્શનવાળા આદિધાર્મિક, અપુનર્બંધકાદિ શબ્દોથી કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જૈનદર્શનના શાસ્ત્રમાં પ્રકૃતિભદ્રક જીવોને આદિધાર્મિક શબ્દથી કહેવાય છે અથવા અપુનર્બંધકાદિ શબ્દથી કહેવાય છે. અર્થાત્ અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત કહેવાય છે. તે જ જીવોને અન્યદર્શનવાળા જુદા જુદા શબ્દોથી કહે છે. કેટલાક દર્શનવાળા તે જીવોને બોધિસત્ત્વ કહે છે અને કેટલાક દર્શનવાળા તે જીવોને નિવૃત્તપ્રકૃતિઅધિકારવાળા કહે છે. તે સર્વ શબ્દ દ્વારા આદિધાર્મિક જીવોનું જ સ્વરૂપ અભિવ્યક્ત થાય છે.

વળી, જૈનદર્શનાનુસાર અપુનર્બંધકનું સ્વરૂપ પોતાનામાં પ્રગટ કરવાનો ઉપાય લલિતવિસ્તરામાં આ પ્રમાણે કહેવાયો છે. તેથી એ ફલિત થાય કે કોઈપણ આદ્યભૂમિકાની અપુનર્બંધક દશાને પામેલો હોય અને લલિતવિસ્તરામાં કહેવાયેલી પ્રવૃત્તિ કરે તો વિશિષ્ટ વિશિષ્ટતર એવી અપુનર્બંધક દશાને પ્રાપ્ત કરે અને જે પ્રકર્ષવાળી થાય તો સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિનું કારણ બને છે.

લલિતવિસ્તરાના ઉદ્ધરણનો ભાવ આ પ્રમાણે છે –

પૂર્વમાં બતાવેલા સામાન્ય ગૃહસ્થધર્મને સેવનાર જીવોએ જૈનદર્શનાનુસાર પોતાનામાં વર્તતા અપુનર્બંધકપણાને વિશુદ્ધ વિશુદ્ધતર બનાવવા અર્થે શું શું કરવું જોઈએ ? તે બતાવવા અર્થે બત્રીસ આચારો બતાવે છે –

અકલ્યાણમિત્રનો સંબંધ ત્યાગ કરવો જોઈએ અને કલ્યાણમિત્રને સેવવા જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે આદ્યભૂમિકામાં જીવો નિમિત્ત પ્રમાણે ભાવોને પ્રાપ્ત કરનારા હોય છે. તેથી ધર્મથી વિમુખ મનોવૃત્તિવાળા એવા અકલ્યાણમિત્રો સાથે સંબંધ રાખવામાં આવે તો અનુચિત પ્રવૃત્તિ થવાનો સંભવ રહે છે અને પોતાની જે કંઈ સુંદર પ્રકૃતિ થઈ છે તે પણ નાશ પામે છે. તેથી કલ્યાણના અર્થી જીવોએ સંસારના રસિક એવા અકલ્યાણમિત્રનો ત્યાગ કરવો જોઈએ અને જેઓ હંમેશાં પરલોકની ચિંતા કરનારા છે, આલોકમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા છે, તેવા કલ્યાણમિત્રોની સાથે સંબંધ રાખવો જોઈએ. જેથી તેમના સહવાસથી ઉત્તમ પ્રકૃતિ બને.

કલ્યાણમિત્રો હંમેશાં ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપે છે. તેઓની ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રેરણાનું ઉલ્લંઘન કરવું જોઈએ નહિ. કલ્યાણમિત્રની પ્રેરણાથી ઉચિત પ્રવૃત્તિ કરવાથી પ્રકૃતિ વિશુદ્ધ વિશુદ્ધતર થાય અને તેમ કરવાથી પોતાની ઉત્તમ પ્રકૃતિનું નિર્માણ થાય.

વળી, અપુનર્બંધક જીવોએ લોકમાર્ગની અપેક્ષા રાખવી જોઈએ અર્થાત્ શિષ્ટલોકો જે પ્રકારે ઉચિત પ્રવૃત્તિ કરતા હોય તેની અપેક્ષા રાખીને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ; પરંતુ લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ. વળી, જેઓ વયથી, જ્ઞાનથી વૃદ્ધ છે તેવા ગુરુસમુદાયને માન આપવું જોઈએ. પરંતુ તેઓનો અનાદર કરીને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ. વળી, વડીલોના સમુદાયને પરતંત્ર થઈને રહેવું જોઈએ. જેથી નમ્રતા ગુણ આવે. અને જ્ઞાનવૃદ્ધ પુરુષના ઉચિત અનુભવ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનો માર્ગાનુસારી બોધ થાય.

વળી અપુનર્બંધક જીવોએ પોતાની ભૂમિકા અનુસાર દાન, શીલ, તપ, અને વૈરાગ્યભાવમાં યત્ન કરવો

જોઈએ, જેથી અપુનર્બંધક જીવો પ્રતિદિન ગુણથી પ્રવર્ધમાન બને. ભગવાનની ઉદાર પૂજા કરવી જોઈએ અર્થાત્ પોતાની શક્તિના પ્રકર્ષથી ઉત્તમ દ્રવ્યોથી જગતગુરુની પૂજા કરવી જોઈએ, જેથી ગુણવાન એવા તીર્થંકરો પ્રત્યે બહુમાન ભાવ વૃદ્ધિ પામે. સાધુવિશેષનો સંપર્ક રાખવો જોઈએ=ઉત્તમ ગુણોવાળા અને શાસ્ત્રના પરમાર્થને જાણનારા એવા સાધુવિશેષ સાથે સંપર્ક રાખવો જોઈએ અને તેવા મહાત્મા પાસે વિધિપૂર્વક ધર્મશાસ્ત્રો સાંભળવાં જોઈએ. ધર્મશાસ્ત્રો સાંભળ્યા પછી જે પ્રકારનો સૂક્ષ્મ બોધ થાય તે બોધથી આત્માને મહાપ્રયત્નથી ભાવન કરવો જોઈએ. પરંતુ માત્ર ધર્મશાસ્ત્રો સાંભળીને સંતોષ માનવો જોઈએ નહિ. વળી ધર્મશાસ્ત્રોના પદાર્થોથી આત્માને ભાવિત કર્યા પછી જે જે ઉચિત અનુષ્ઠાન હોય તે અનુષ્ઠાનમાં વિધિપૂર્વક પ્રવર્તવું જોઈએ. જેથી તે તે અનુષ્ઠાનમાં અતિનિપુણતા આવે અને તે તે અનુષ્ઠાનના સેવનથી કરીને ગુણની વૃદ્ધિ થાય. વળી, ધર્મના અનુષ્ઠાન વિધિપૂર્વક કરવાં અતિદુષ્કર છે. તોપણ ધૈર્યનું અવલંબન લઈને સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવથી યત્ન કરવો જોઈએ. પરંતુ આ અનુષ્ઠાન વિધિપૂર્વક કરવું દુષ્કર છે તેમ વિચારીને વિધિ પ્રત્યે ઉપેક્ષા કરવી જોઈએ નહિ.

આ રીતે કલ્યાણ માટે શું શું કરવું ઉચિત છે ? તે બતાવ્યા પછી અંતરંગ જાગૃતિ માટે શું કરવું જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે –

ભવિષ્યનું પર્યાલોચન કરવું જોઈએ. અર્થાત્ હું શું કરું કે જેથી મારું આલોકનું જીવન અને પરલોકનું જીવન અનર્થકારી ન બને તે રીતે ભવિષ્યનો વિચાર કરીને સર્વ ઉચિત પ્રવૃત્તિમાં દૃઢયત્ન કરવો જોઈએ. મૃત્યુનું અવલોકન કરવું જોઈએ અર્થાત્ વિચારવું જોઈએ કે મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે અને જેવું મૃત્યુ આવશે તેવું આલોકનું સર્જન કરાયેલું ધનાદિ સર્વ, આ ભવમાં જ સમાપ્ત થશે, પોતાની સાથે આમાંથી કંઈ આવશે નહિ. માટે પરલોકનું હિત થાય તે રીતે મારે સર્વ ઉચિત કરવું જોઈએ એમ વિચારીને પરલોકપ્રધાન થવું જોઈએ.

વળી, ગુણવાન એવા મોટા પુરુષની સેવા કરવી જોઈએ જેથી તે ગુણવાન પુરુષની સેવાથી પણ પોતાનામાં ગુણો આવે. વળી, શાસ્ત્રના વચનના બોધના બળથી યોગમાર્ગને બતાવનાર એવી યોગની ભૂમિકારૂપ યોગપટનું દર્શન કરવું જોઈએ અર્થાત્ સંસારવર્તી જીવો જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે કઈ રીતે ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા સંસારના અંતને કરે છે તે સ્વરૂપ યોગપટનું દર્શન કરવું જોઈએ. વળી, યોગપટનું દર્શન કર્યા પછી તે યોગમાર્ગનાં સ્વરૂપાદિ ચિત્તમાં સ્થાપન કરવાં જોઈએ. અર્થાત્ મારી ભૂમિકા અનુસાર ઉચિત યોગમાર્ગને હું સેવીને ઉત્તરોત્તરના યોગમાર્ગને પ્રાપ્ત કરું એ પ્રકારે યોગમાર્ગનાં સ્વરૂપાદિને ચિત્તમાં સ્થાપન કરવાં જોઈએ.

વળી, ધારણા નિરૂપણ કરવી જોઈએ=યોગમાર્ગનો જે જે પ્રકારે પોતાને સૂક્ષ્મ બોધ થયો છે તેના પારમાર્થિક સ્વરૂપને ચિત્તમાં ધારી રાખવો જોઈએ. વળી, સ્વભૂમિકાથી ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં જવાના વિક્ષેપ કરે તેવા માર્ગનો પરિહાર કરવો જોઈએ. અને વિક્ષેપના પરિહારપૂર્વક ઉત્તર-ઉત્તરની યોગસિદ્ધિમાં પ્રયત્ન કરવો જોઈએ. વળી, જે ગૃહસ્થ પાસે ધનાદિની અનુકૂળતા હોય તેવા ગૃહસ્થે ભગવાનની પ્રતિમા કરાવવી જોઈએ. જેથી ભગવાનના પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય. વળી, ભુવનેશ્વર એવા તીર્થંકરના વચનને

લખાવવાં જોઈએ. જેથી સત્શાસ્ત્રો સુરક્ષિત રહે અને યોગ્ય જીવોને તેની પ્રાપ્તિ થાય.

આ રીતે ઉચિત કૃત્ય બતાવ્યા પછી ચિત્તને નિર્મળ કરવા અર્થે શું કરવું જોઈએ ? તે બતાવે છે –

મંગલજાપ કરવો જોઈએ. અર્થાત્ આત્માનું મંગલ કરે એવા પંચપરમેષ્ઠિ આદિનો જાપ કરવો જોઈએ. જેથી ચિત્ત ઉત્તમ પુરુષોના ગુણોથી ભાવિત રહે. અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવું જોઈએ; કેમ કે કર્મને પરતંત્ર પોતાનો આત્મા અશરણ છે તેથી ગમે તે ગતિમાં જઈને વિડંબના પ્રાપ્ત કરે તેમ છે. આવા અશરણજીવોને અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચારનું શરણ સ્વીકારવું જોઈએ અને તેમના શરણથી પોતાનો આત્મા આ સંસારમાં સુરક્ષિત રહે છે. તેથી જ્યારે અવકાશ મળે ત્યારે આદિધાર્મિક જીવોએ ચારનું શરણ સ્વીકારવા માટે અંતરંગ ઉદ્યમ કરવો જોઈએ. વળી જે જે દુષ્કૃતો છે તેની ગર્હા કરવી જોઈએ. જેથી દુષ્કૃતો પ્રત્યે વિમુખભાવ અતિશય - અતિશયતર થાય. કુશલકૃત્યનું અનુમોદન કરવું જોઈએ. અર્થાત્ જગતમાં જે કોઈ જીવો જે કાંઈ કુશલપ્રવૃત્તિ કરે છે તે સર્વ કુશલપ્રવૃત્તિ પ્રત્યે પક્ષપાત વધે તેમ અનુમોદન કરવું જોઈએ.

વળી, મંત્રદેવતાની પૂજા કરવી જોઈએ અર્થાત્ પંચપરમેષ્ઠિ આદિ જે મંત્રો છે તેના અધિષ્ઠાયક એવા દેવોની પૂજા કરવી જોઈએ, જેથી તે મંત્રો પ્રત્યેનો પક્ષપાત અતિશયિત થાય. સત્ચેષ્ટા સાંભળવી જોઈએ=ઉત્તમ પુરુષના ઉત્તમ આચારોનું વર્ણન જે કંઈ શાસ્ત્રમાં આવતું હોય તે સર્વ સાંભળવું જોઈએ. ઔદાર્યનું ભાવન કરવું જોઈએ=પોતાની પ્રકૃતિ ઉદાર બને તે પ્રકારે સદા ઉદ્યમ કરવો જોઈએ. ઉત્તમ દૃષ્ટાંતથી વર્તવું જોઈએ=પૂર્વના ઉત્તમ પુરુષોએ કઈ રીતે આત્મહિતની પ્રવૃત્તિઓ કરી છે ? તેનાં દૃષ્ટાંતોનું અવલંબન લઈને સ્વશક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિમાં ઉદ્યમ કરવો જોઈએ.

આવા પ્રકારના જીવોની=પૂર્વમાં વર્ણન કર્યું એવી ઉચિત પ્રવૃત્તિ કરનારા જીવોની, જે આલોકમાં પ્રવૃત્તિ છે તે સર્વ જ સુંદર છે. જે કારણથી આ અપુનર્બંધકાદિ જીવો નિયમથી માર્ગાનુસારી છે. તેથી એ ફલિત થાય કે અપુનર્બંધકાદિ જીવો પૂર્વમાં વર્ણન કરાયેલી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે નિયમથી તેઓ મોક્ષમાર્ગને અનુરૂપ એવા ઉચિત દ્રવ્યમાર્ગને સેવનારા હોય છે અને જેઓ અપુનર્બંધકાદિ નથી તેવા જીવોને આવા પ્રકારની ગુણસંપત્તિનો અભાવ છે. અર્થાત્ પૂર્વમાં વર્ણન કર્યું તેવી ગુણસપંત્તિનો અભાવ છે. આથી પ્રારંભથી જ માંડીને અપુનર્બંધક આદિ જીવોની પ્રવૃત્તિ નૈગમનયાનુસાર ચિત્ર પ્રકારની પ્રસ્થક પ્રવૃત્તિ જેવી સત્પ્રવૃત્તિ છે.

આશય એ છે કે અપુનર્બંધકાદિ જીવો ઉપદેશને સાંભળીને પૂર્વમાં વર્ણન કર્યું તેવી જે કોઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિ જ છે.

અહીં પ્રશ્ન થાય કે અપુનર્બંધકાદિ જીવો રત્નત્રયીના માર્ગમાં પ્રવૃત્ત નથી તેથી તેઓની પ્રવૃત્તિને સત્પ્રવૃત્તિ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

નૈગમનયના મતાનુસાર પ્રસ્થકપ્રવૃત્તિ જેવી ચિત્ર પ્રકારની પણ તેઓની સત્પ્રવૃત્તિ છે.

આશય એ છે કે કોઈ સુથાર પ્રસ્થક નામના ધાન્યનું માપ વિશેષ નિર્માણ કરવાર્થે લાકડું લેવા જંગલમાં

જતો હોય ત્યારે પણ તે પ્રસ્થક કરે છે એમ નૈગમનય સ્વીકારે છે અને વ્યવહારનય તે લાકડું કાપીને લાવ્યા પછી પ્રસ્થક બનાવવાની ક્રિયાનો પ્રારંભ કરે ત્યારે પ્રસ્થક બનાવે છે એમ કહે છે.

તે દૃષ્ટાંત પ્રમાણે જે જીવો રત્નત્રયીને અનુકૂળ ચૈત્યવંદનાદિની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તે જીવોની પ્રવૃત્તિને વ્યવહારનય સત્પ્રવૃત્તિ કહે છે. જે જીવોની પ્રવૃત્તિ રત્નત્રયીને અનુકૂળ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનમાં નથી પરંતુ દૂરદૂરવર્તી રત્નત્રયીને અનુરૂપ ભાવવાળી છે તેઓની તે પ્રવૃત્તિને નૈગમનય રત્નત્રયીને અનુકૂળ એવા અનુષ્ઠાનવાળી પ્રવૃત્તિ સ્વીકારે છે. તેથી જેમ લાકડું કાપવાની ક્રિયાને પ્રસ્થકની ક્રિયા કહેવાય તેમ અપુનર્બંધકની રત્નત્રયીથી દૂરવર્તી પણ ઉચિત પ્રવૃત્તિને રત્નત્રયીને અનુકૂળ ધર્માનુષ્ઠાન કહેવાય. માટે અપુનર્બંધકને આદિથી માંડીને સત્પ્રવૃત્તિ છે એમ કહેલ છે.

તેમાં સાક્ષીપાઠ આપ્યો તેનો અર્થ આ પ્રમાણે છે –

પ્રસ્થકના રૂપના નિર્માણને માટે કુઠારાદિની પ્રવૃત્તિ પણ=કુઠારાદિ ગ્રહણ કરીને લાકડું કાપવા જવાની પ્રવૃત્તિ પણ, પ્રસ્થકના રૂપના નિર્માણની જ પ્રવૃત્તિ છે. તેમ અપુનર્બંધકાદિ જીવોની પૂર્વમાં વર્ણન કરાયેલી સર્વપ્રવૃત્તિઓ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનને સમ્યક્ નિષ્પન્ન કરવાની જ પ્રવૃત્તિ છે. માટે જેમ ચૈત્યવંદનની પ્રવૃત્તિ ગુણનિષ્પત્તિનું કારણ છે તેમ અપુનર્બંધકાદિ જીવો અકલ્યાણમિત્રના યોગનો પરિહારાદિ જે કૃત્યો કરે છે તે સર્વ પણ ધર્મનિષ્પત્તિને અનુકૂળ ઉચિત વ્યાપારરૂપ છે.

ઉપરમાં વર્ણન કર્યું એ રીતે અપુનર્બંધકાદિ આદિધાર્મિક જીવોની ધર્મમાં કાત્સ્ન્યથી=સંપૂર્ણપણે, જનારી પ્રવૃત્તિ છે. પરંતુ ધર્મમાં બાધ કરનારી પ્રવૃત્તિ નથી તે પ્રકારનું હાર્દ પ્રાપ્ત થાય છે; કેમ કે અપુનર્બંધક જીવોનું તત્ત્વની સાથે અવિરોધક એવું હૃદય હોય છે. તેથી તેઓની સમન્તભદ્રતા છે=બધી રીતે કલ્યાણ કરે તેવી ઉત્તમ પ્રકૃતિ છે; કેમ કે બધી ચેષ્ટાઓનું તદ્મૂલકપણું છે=અપુનર્બંધકાદિ જીવોની બધી ચેષ્ટાઓ સમન્તભદ્રતા મૂલક છે. આ રીતે=પૂર્વમાં પ્રસ્થક દૃષ્ટાંતથી બતાવ્યું એ રીતે, આનાથી પણ વિનિર્ગત=જૈનદર્શનથી પૃથક્ભૂત એવા, તે-તે દર્શન અનુસારથી સુપ્તમંડિતપ્રબોધદર્શન આદિ સર્વ=તે-તે દર્શનમાં કહેવાયેલ સુપ્તમંડિત પ્રબોધ દર્શનાદિ સર્વ, અહીં=અપુનર્બંધકમાં, યોજન કરવા.

આશય એ છે કે કોઈ પુરુષ સૂતો હોય અને કોઈ તેને ઊંઘમાં કુંકુમાદિ વસ્તુઓથી શણગારી દે અને જાગે ત્યારે પોતે કુંકુમાદિથી શણગારાયેલો છે તેવો આશ્ચર્યકારી બોધ થાય છે તે પ્રમાણે અપુનર્બંધકાદિ જીવોને પણ અનાભોગથી વિચિત્ર ગુણથી અલંકૃત થયેલાને સમ્યગ્દર્શનાદિના લાભકાળમાં વિસ્મયને કરનાર એવું આત્માનું દર્શન થાય છે તે 'સુપ્તમંડિત પ્રબોધ દર્શન' છે. આદિ શબ્દથી સૂતેલાને નૌકાદિ દ્વારા સમુદ્રથી ઉત્તીર્ણ કરે અને જાગે ત્યારે તેને આશ્ચર્યકારી એવા સમુદ્ર-ઉત્તીર્ણનો બોધ થાય છે તેનું ગ્રહણ કરવું અને આ રીતે પ્રવર્તમાન=પ્રસ્થકકર્તાના દૃષ્ટાંતથી પ્રવર્તમાન, એવો અપુનર્બંધક ઇષ્ટનો સાધક નથી એમ નહિ=પ્રસ્થક તુલ્ય સમ્યક્ત્વાદિ ગુણનો સાધક નથી એમ નહિ, પરંતુ સાધક જ છે. ભગ્ન પણ=અપુનર્બંધક ઉચિત આચારોથી કોઈક રીતે ભગ્ન થયેલો પણ, એતદ્યત્નલિંગવાળો=સ્વઉચિત આચારના પ્રયત્નવાળો, અપુનર્બંધક=આદિધાર્મિક જાણવો. એથી તેના પ્રત્યે=અપુનર્બંધક, પ્રત્યે ઉપદેશનું સાફલ્ય છે.

કપિલદર્શનવાળા પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત ન થયો હોય તો જીવો આવા પ્રકારના થતા નથી એમ કહે છે=પૂર્વમાં વર્ણન કર્યું તેવા ગુણોવાળા થતા નથી એમ કહે છે. અનવાપ્ત ભવવિપાકવાળા=ભવનો પરિપાક જેઓએ પ્રાપ્ત નથી કર્યો તેઓ, આવા થતા નથી તેમ સૌગતો કહે છે અને અપુનર્બંધક આવા પ્રકારના છે એમ જૈનો કહે છે. આ પ્રમાણે લલિતવિસ્તરાના પ્રાન્તમાં કહેવાયું છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ લલિતવિસ્તરાના વચનથી આદિધાર્મિક એવા અપુનર્બંધકનું સ્વરૂપ બતાવ્યું. હવે અન્ય ગ્રંથમાં અપુનર્બંધકનું લક્ષણ કહેલ છે તે બતાવતાં કહે છે –

અપુનર્બંધક જીવોમાં સૂક્ષ્મ બોધ નહિ હોવાથી સમ્યક્ત્વ નથી પરંતુ મિથ્યાત્વ છે. આમ છતાં, તે મિથ્યાત્વ કંઈક મંદ પડેલું છે તેથી અત્યંત ઉત્કટ મિથ્યાત્વાદિ કર્મનો ક્ષયોપશમભાવ વર્તે છે. અને તેના કારણે તેમના આત્મામાં કંઈક નિર્મલતા પ્રાપ્ત થઈ છે. તેથી અપુનર્બંધક જીવોને ધર્મ કરવાનો પરિણામ થયો છે. આમ છતાં પાપની વૃત્તિ પણ સર્વથા ગઈ નથી તેથી હિંસાદિ પાપ અપુનર્બંધક જીવો કરતા હોય તોપણ તીવ્રભાવથી કરતા નથી. આનાથી એ ફલિત થાય કે કેટલાક અપુનર્બંધક જીવોને સ્થૂલબોધ હોવા છતાં સ્વશક્તિ અનુસાર કેવલ ધર્મ સેવવાનો જ પરિણામ થાય છે. તેથી તેવા અપુનર્બંધક જીવો શક્તિ હોય તો સંયમ પણ ગ્રહણ કરે છે અને સંયમની શક્તિ ન હોય તો શક્તિ અનુસાર ધર્મની જ પ્રવૃત્તિમાં ઉદ્યમ કરે છે, પરંતુ પાપપ્રવૃત્તિ કરતા નથી. કેટલાક અપુનર્બંધક જીવોને પાપ કરાવે તેવું કર્મ હોવાથી હિંસાદિ આરંભ કરવાને અભિમુખ પરિણામ થાય છે તેથી સંસારના આરંભ-સમારંભ કરે છે. તોપણ તીવ્ર ભાવથી પાપ કરતા નથી. આથી જ તેવા પ્રકારના અપુનર્બંધક જીવોને ત્યાગીઓ પ્રત્યે બહુમાન હોય છે. ત્યાગી નિષ્પાપ જીવન જીવવાની વાતો કરે તે તેઓ પ્રીતિપૂર્વક સાંભળે છે તોપણ ભોગની લાલસાને કારણે આરંભ સમારંભ કરાવે તેવી પ્રવૃત્તિને છોડવા માટે ચિત્ત તૈયાર થતું નથી. તે બતાવે છે કે તેઓ પાપ કરે છે પણ તીવ્રભાવથી કરતા નથી. વળી, કંઈક નિર્મલતા થઈ હોવાને કારણે આ ભવ ચારગતિઓના પરિભ્રમણરૂપ છે, તેથી તેઓને ભવ પ્રત્યે અબહુમાનભાવ વર્તે છે; કેમ કે મિથ્યાત્વની મંદતાને કારણે, નિર્મલ થયેલી બુદ્ધિ હોવાથી ચારગતિના પરિભ્રમણમાં દુર્ગતિની વિડંબના શું છે ? તેની ઉપસ્થિતિ તેઓને થાય છે તેથી ભવનું આ પરિભ્રમણ સુંદર નથી એમ વિચારીને તેના ઉચ્છેદના પરિણામવાળા અપુનર્બંધક જીવો હોય છે. વળી, મિથ્યાત્વની મંદતાને કારણે પ્રકૃતિભદ્રક થયેલ હોવાથી અપુનર્બંધક જીવો દેશ, કાલ અને પોતાની શારીરિક-આર્થિકાદિ અવસ્થાની અપેક્ષાએ દેવની ભક્તિ કરે છે. અતિથિ=જેમને તિથિ નથી તેવા, મહાત્માઓની ભક્તિ કરે છે. અને માતા-પિતા વગેરે સાથે ઉચિત વર્તન કરે છે તેથી તેઓમાં માર્ગાનુસારિતાનો અભિમુખ ભાવ વર્તે છે.

તે મયુરશિશુના દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ મોર દેખાવમાં અતિ સુંદર હોય છે અને મોરનું બચ્ચું એટલું સુંદર નથી તોપણ કાગડાના બચ્ચા જેવું અરમ્ય નથી પણ કંઈક સુંદર છે તેમ સુસાધુ રત્નત્રયીના માર્ગ પર ચાલનારા હોવાથી મોર જેવા રમ્ય

છે. જેમ મોરના અભિમુખભાવ રૂપે મોરનું બચ્ચું રમ્ય છે તેમ અપુનર્બંધક જીવો સુસાધુના અભિમુખભાવ સ્વરૂપે રમ્ય છે. તેથી એ ફલિત થાય કે વીતરાગતા માટે સર્વ ઉદ્યમ કરનારા મુનિઓ અત્યંત માર્ગાનુસારી પરિણામવાળા છે તેવા પરિણામવાળા અપુનર્બંધક જીવ નથી, તોપણ તેને અભિમુખભાવવાળા હોવાથી ભગવાનની ભક્તિ કરે છે, સુસાધુની ભક્તિ કરે છે, માતા-પિતાના ઉપકારને યાદ કરીને તેઓ સાથે ઉચિત વર્તન કરે છે. આવા ભાવો ક્રમે કરીને સાધુપણાની પ્રાપ્તિનું કારણ બનશે જેમ મોરનું બચ્ચું ક્રમે કરીને મોર બને છે. **॥૧૭॥**

અવતરણિકા :-

अथोक्तस्वरूपस्यादिधार्मिकस्य सद्धर्मदेशनायोग्यत्वं दर्शयति –

અવતરણિકાર્થ :-

હવે ઉક્ત સ્વરૂપવાળા એવા આદિધાર્મિકનું=પૂર્વમાં વર્ણન કરાયેલા સામાન્ય ગૃહસ્થધર્મને સેવનારા એવા આદિધાર્મિકનું, સદ્ધર્મદેશનાયોગ્યપણું બતાવે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સામાન્યથી પાંત્રીસ પ્રકારનો ગૃહસ્થધર્મ બતાવ્યો. આવા ગૃહસ્થધર્મને સેવનારા જીવો આદિધાર્મિક છે, તેમ કહ્યું. હવે લોકોત્તર ધર્મસ્વરૂપ સદ્ધર્મદેશનાનું યોગ્યત્વ તેવા જીવોમાં છે તે બતાવે છે –

શ્લોક :-

स धर्मदेशनायोग्यो, मध्यस्थत्वाज्जिनैर्मतः ।
योगदृष्ट्युदयात्सार्थं, यद् गुणस्थानमादिमम् ।।१८।।

અન્વયાર્થ :-

मध्यस्थत्वात्=મધ્યસ્થપણું હોવાથી, स=તે=પૂર્વમાં વર્ણન કરાયેલ આદિધાર્મિક, धर्मदेशनायोग्यः=ધર્મદેશનાને યોગ્ય, जिनैः=ભગવાન વડે, मतः=કહેવાયો છે. यद्=જે કારણથી, (तस्य=આદિધાર્મિકને), योगदृष्ट्युदयात्=યોગદૃષ્ટિનો ઉદય હોવાથી, सार्थं=અર્થવાળું એવું, आदिमम् गुणस्थानम्=પ્રથમ ગુણસ્થાનક છે. ।।૧૮।।

શ્લોકાર્થ :-

મધ્યસ્થપણું હોવાથી તે=પૂર્વમાં વર્ણન કરાયેલો આદિધાર્મિક ધર્મદેશનાને યોગ્ય ભગવાન વડે કહેવાયો છે. જે કારણથી યોગદૃષ્ટિનો ઉદય હોવાથી અર્થવાળું એવું પ્રથમ ગુણસ્થાનક છે. ।।૧૮।।

टीका :-

'सः' पूर्वोक्तगुणसम्पत्त्या प्रसिद्ध आदिधार्मिको 'धर्मदेशनायोग्यः' लोकोत्तरधर्मप्रज्ञापनार्हः 'जिनैः' अर्हद्भिः 'मतः' उपदिष्टः, कालतश्चायं चरमावर्त्तवर्त्त्येवेत्यनुक्तमपि ज्ञेयम्, यत उक्तम् उपदेशपदे -

"घणमिच्छत्तो कालो, एत्थ अकालो उ होइ णायव्वो ।
कालो अ अपुणबंधगपभिई धीरेहिं णिद्दिट्ठो ।।१।।
णिच्छयओ पुण एसो, विन्नेओ गंठिभेअकालंमि (कालो उं)।
एयंमि विहि (विहिणा?) सयपालणाउ (सयापालणाओ?) आरोग्गमेयाउ ।।२।। **[गा. ४३२-३]**

एतद्वृत्तिर्यथा–"घनं मिथ्यात्वं यत्र स तथा, कालोऽचरमावर्त्तलक्षणो "अत्र" वचनौषधप्रयोगे "अकालस्तु" अनवसर एव भवति विज्ञेयः चरमावर्त्तलक्षणस्तु तथाभव्यत्वपरिपाकतो बीजाधानबीजोद्भेदबीजपोषणादिषु स्यादपि काल इति । अत एवाह–"कालस्तु" अवसरः पुनरपुनर्बन्धकप्रभृतिस्तत्रादिशब्दान्मार्गाभिमुखमार्गपतितौ गृह्येते, तत्र मार्गश्चेतसोऽवक्रगमनं भुजङ्गनलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रवणः स्वरसवाही क्षयोपशम-विशेषो हेतुस्वरूपफलशुद्ध्यभिमुख इत्यर्थस्तत्र पतितो भव्यविशेषो मार्गपतित इत्युच्यते, तदादिभावापन्नश्च मार्गाभिमुख इति एतौ चरमयथाप्रवृत्तकरणभागभाजावेव ज्ञेयौ । अपुनर्बन्धकोऽपुनर्बन्धककालः प्रभृतिर्यस्य स तथा, धीरैर्निर्दिष्टो व्यवहारत इति ।।१।।

निश्चयतस्तु कालो ग्रन्थिभेदकाल एव, यस्मिन् कालेऽपूर्वकरणाऽनिवृत्तिकरणाभ्यां ग्रन्थिभिन्नो भवति तस्मिन्नेवेत्यर्थः, यतोऽस्मिन् विधिनाऽवस्थोचितकृत्यकरणलक्षणेन सदा=सर्वकालं या पालना वचनौषधस्य तया कृत्वाऽऽरोग्यं संसारव्याधिरोधलक्षणम्, एतस्माद्वचनौषधप्रयोगाद् भवति । अपुनर्बन्धकप्रभृतिषु वचनप्रयोगः क्रियमाणोऽपि न तथासूक्ष्मबोधविधायकोऽनाभोगबहुलत्वात्तत्कालस्य, भिन्नग्रन्थ्यादयस्तु व्यावृत्तमोहत्वेनातिनिपुणबुद्धितया तेषु २ कृत्येषु वर्त्तमानास्तत्कर्मव्याधिसमुच्छेदका जायन्त ।।" **इति ।**

ग्रन्थिभेदमेव पुरस्कुर्वन्नाह–

"इयरा वि हंदि एयंमि, एस आरोग्गसाहगो चेव ।
पुग्गलपरिअट्टद्धं, जमूणमेअंमि संसारो ।।१।।" **[उपदेशपद गा. ४३२]**

व्याख्या-"इतरथापि" विधेः सदापालनमन्तरेणापि, हन्दीति पूर्ववत्, "एतस्मिन्" ग्रन्थिभेदे कृते सति "एष" वचनौषधप्रयोगः "आरोग्यसाधकश्चैव" भावारोग्यनिष्पादक एव संपद्यते । तथाच पठ्यते–

"लब्ध्वा मुहूर्तमपि ये परिवर्जयन्ति, सम्यक्त्वरत्नमनवद्यपदप्रदायि ।
यास्यन्ति तेऽपि न चिरं भववारिराशौ, तद्बिभ्रतां चिरतरं किमिहास्ति वाच्यम् ।।१।।"

अत्र हेतुमाह–"पुद्गलपरावर्त्तार्द्धं, यावत्, यद्यस्मादूर्ध्वं न, किञ्चिद्धीनं "एतस्मिन्" ग्रन्थिभेदे कृते सति "संसारो" जीवानां तीर्थकराद्याशातनाबहुलानामपि ।।" **इति । विंशिकायामपि–**

"अचरमपरिअट्टेसुं, कालो भवबालकालमो भणिओ ।
चरमो अ धम्मजुव्वणकालो तह चित्तभेओति ।।१।। **[चरमावर्त्तविंशिका-१९]**
ता बीअपुव्वकालो, णेओ भवबालकाल एवेह ।
इअरो उ धम्मजुव्वणकालो विहिलिंगगम्मुत्ति ।।२।।" **[बीजादिविंशिका-१६]**

ननु –

"गलमच्छभवविमोअगविसन्नभोईण जारिसो एसो ।
मोहा सुहोवि असुहो, तप्फलओ एवमेसोत्ति ।।१।।" **[उपदेशपद गा.१८८]**

इति श्री हरिभद्रवचनानुसारेण विपर्यासयुक्तत्वान्मिथ्यादृशां शुभपरिणामोऽपि फलतोऽशुभ एवेति कथमादिधार्मिकस्य देशनायोग्यत्वमित्याशङ्कायामाह–'मध्यस्थत्वाद्' इति रागद्वेषरहितत्वात् पूर्वोक्त-गुणयोगादेव माध्यस्थ्योपसंपत्तेरित्यर्थः, मध्यस्थस्यैव चागमेषु धर्मार्हत्वप्रतिपादनात् यतः–

"रत्तो १ दुट्ठो २ मूढो ३ पुव्विं वुग्गहिओ अ ४ चत्तारि ।
एए धम्माणरहा, धम्मारहा उ मज्झत्थो ।।१।।" **त्ति ।**

श्रीहारिभद्रवचनं तु कदाग्रहग्रस्ताभिग्रहिकमाश्रित्येति न विरोधः, इदमत्र हृदयम्–यः खलु मिथ्यादृशामपि केषाञ्चित्स्वपक्षनिबद्धोद्धुरानुबन्धानामपि प्रबलमोहत्वे सत्यपि कारणान्तरादुपजायमानो रागद्वेषमन्दतालक्षण उपशमो भूयानपि दृश्यते, स पापानुबन्धिपुण्यहेतुत्वात्पर्यन्तदारुण एव, तत्फल-सुखव्यामूढानां तेषां पुण्याभासकर्मोपरमे नरकादिपातावश्यंभावादित्यसत्प्रवृत्तिरेवायम् यश्च गुणवत्-पुरुषप्रज्ञापनार्हत्वेन जिज्ञासादिगुणयोगान्मोहापकर्षप्रयुक्तरागद्वेषशक्तिप्रतिघातलक्षण उपशमः; स तु सत्प्रवृत्तिरेवाग्रहनिवृत्तेः सदर्थपक्षपातसारत्वादिति ।

नन्वेवमपि स्वागमानुसारिण आदिधार्मिकस्योपपन्नं माध्यस्थ्यम्, परं तस्य विचित्राचारत्वेन भिन्नाचारस्थितानां तेषां स्वस्वमतनिष्ठानां कथं तदुपपद्यते? तदभावे च कथं देशनायोग्यत्वमित्यत्राह-'योगेत्यादि' । यद्यस्माद्धेतोः, तस्येति शेषः 'योगदृष्ट्युदयात्' योगदृष्टिप्रादुर्भावात् 'आदिमं' 'गुणस्थानं' 'सार्थम्' अन्वर्थं भवति । अयं भावः-मिथ्यादृष्टयोऽपि परमार्थगवेषणपराः सन्तः पक्षपातं परित्यज्या-द्वेषादिगुणस्थाः खेदादिदोषपरिहाराद्यदा संवेगतारतम्यमाप्नुवन्ति तदा मार्गाभिमुख्यात्तेषामिक्षुरस-कक्कबगुडकल्पा मित्रा तारा बला दीप्रा चेति चतस्रो योगदृष्टय उल्लसन्ति । भगवत्पतञ्जलिभदन्त-भास्करादीनां तदभ्युपगमात् ।

तत्र मित्रायां दृष्टौ स्वल्पो बोधः, यमो योगाङ्गम्, देवकार्यादावखेदो योगबीजोपादानम्, भवोद्वेगः सिद्धान्तलेखनादिकं बीजश्रुतौपरमःश्रद्धा सत्सङ्गश्च भवति, चरमयथाप्रवृत्तकरणसामर्थ्येन कर्म-

मलस्याल्पीकृतत्वादत एवेदं चरमयथाप्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरणमेवेति योगदृष्टिसमुच्चये व्यवस्थितम् । तथा च तद्ग्रन्थः–

"अपूर्वासन्नभावेन, व्यभिचारवियोगतः ।
तत्त्वतोऽपूर्वमेवेदमिति योगविदो विदुः ।।१।।
प्रथमं यद् गुणस्थानं, सामान्येनोपवर्णितम् ।
अस्यां तु तदवस्थायां, मुख्यमन्वर्थयोगतः ।।२।।" **[योगदृष्टिसमुच्चय गा. ३९-४०] इति १ ।।**

तारायां तु मनाक् स्पष्टं दर्शनम्, शुभा नियमाः, तत्त्वजिज्ञासा, योगकथास्वविच्छिन्ना प्रीतिर्भावयोगिषु यथाशक्त्युपचारः, उचितक्रियाऽहानिः, स्वाचारहीनतायां महात्रासः, अधिककृत्यजिज्ञासा च भवति । तथास्यां स्थितः स्वप्रज्ञाकल्पिते विसंवाददर्शनान्नानाविधमुमुक्षुप्रवृत्तेः कात्स्न्र्येन ज्ञातुमशक्यत्वाच्च शिष्टाचरितमेव पुरस्कृत्य प्रवर्त्तते । उक्तं च–

"नास्माकं महती प्रज्ञा, सुमहान् शास्त्रविस्तरः ।
शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा ।।१।।" **[योगदृष्टिस. गा. ४८] २।।**

बलायां दृष्टौ दृढं दर्शनम्, स्थिरसुखमासनम्, परमा तत्त्वशुश्रूषा, योगगोचरोत्क्षेपः, स्थिरचित्ततया योगसाधनोपायकौशलं च भवति ३ ।।

दीप्रायां दृष्टौ प्राणायामः, प्रशान्तवाहितालाभाद् योगोत्थानविरहस्तत्त्वश्रवणम्, प्राणेभ्योऽपि धर्मस्याधिकत्वेन परिज्ञानम्, तत्त्वश्रवणतो गुरुभक्तेरुद्रेकात्समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनं च भवति ४।।

तथा मित्रादृष्टिस्तृणाग्निकणोपमा, न तत्त्वतोऽभीष्टकार्यक्षमा सम्यक्प्रयोगकालं यावदनवस्थानात्, अल्पवीर्यतया ततः पटुबीजसंस्काराधानानुपपत्तेः, विकलप्रयोगादतो वन्दनादिकार्यायोगादिति ।

तारादृष्टिर्गोमयाग्निकणसदृशी, इयमप्युक्तकल्पैव, तत्त्वतो विशिष्टवीर्यस्थितिविकलत्वादतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेस्तदभावे प्रयोगवैकल्यात्ततस्तथा तत्कार्याभावादिति ।

बलादृष्टिः काष्ठाग्निकणतुल्या ईषद्विशिष्ट उक्तबोधद्वयात्, तद्भावेनात्र मनाक्स्थितिवीर्ये, अतः पटुप्रायाः स्मृतिरिह प्रयोगसमये, तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या यत्नलेशभावादिति ।

दीप्रादृष्टिः दीपप्रभासदृशी, विशिष्टतर उक्तबोधत्रयादतोऽत्रोदग्रे स्थितिवीर्ये तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ, तथाभक्तितो यत्नभेदप्रवृत्तेरिति, प्रथमगुणस्थानप्रकर्ष एतावानिति समयविदः ।

इत्थं चोक्तस्य योगदृष्टिसमुच्चयग्रन्थार्थस्यानुसारेण मिथ्यादृष्टिनामपि माध्यस्थ्यादिगुणमूलक-मित्रादिदृष्टियोगेन तस्य गुणस्थानकत्वसिद्धेस्तथाप्रवृत्तेरनाभिग्रहिकस्य संभवादनाभिग्रहिकत्वमेव तस्य देशनायोग्यत्वे शोभननिबन्धनमित्यापन्नम् ।

इत्थं च "अनाभोगतोऽपि मार्गगमनमेव सदन्धन्यायेनेत्यध्यात्मचिन्तका" **[प. ११६ बी] इति ललितविस्तरा-वचनानुसारेण यद्यनाभोगवान् मिथ्यादृष्टिरपि मिथ्यात्वमन्दतोद्भूतमाध्यस्थ्यतत्त्वजिज्ञासादिगुण-योगान्मार्गमेवानुसरति, तर्हि तद्विशेषगुणयोगादनाभिग्रहिके तु सुतरां धर्मदेशनायोग्यत्वमितिभावः, इति धर्मदेशनार्ह उक्तः ।।१८।।**

टीकार्थ :-

'सः' पूर्वोक्त ..... धर्मदेशनार्ह उक्तः ।। ते=पूर्वमां कहेवायेल એવી गुणसंपत्तिथी प्रसिद्ध એवो आदिधार्मिक, धर्मदेशना योग्य=लोकोत्तर धर्म समજાववा माटे योग्य, भगवान वडे कहेवायो छे. अने કાળથી આ=ધર્મદેશના યોગ્ય જીવ, આ ચરમાવર્તવર્તી જ છે. એ પ્રમાણે નહિ કહેવાયેલું પણ જાણવું= પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું નથી પણ અર્થથી જાણવું. જે કારણથી ઉપદેશપદમાં કહેવાયું છે –

"घणमिच्छत्तो कालो=धनमिथ्यात्वनो काळ, एत्थ=अहीं=धर्मदेशनाना विषयमां, अकालो उ होइ नायव्वो=अकाल ज ज्ञातव्य छे. अ=वळी, कालो=काल, धीरेहिं=धीरपुरुषो वडे, अपुणबंधगपभिई=अपुनर्बंधक वगेरे, निद्दिट्ठो=बतावायो छे."

"धनमिथ्यात्वनो काळ अहीं अकाल ज ज्ञातव्य छे. वळी काल धीरपुरुषो वडे अपुनर्बंधक वगेरे बतावायो छे." **(उपदेशपद - गा. ४३२)**

"पुण=वळी, निच्छयओ=निश्चयनयथी, एसो=आ=वचनऔषध प्रयोगनो काळ, गंठिभेअ कालो उ विन्नेओ=ग्रंथिभेद काळ ज जाणवो. 'एयंमि'=आ होते छते=ग्रंथिभेद होते छते, विहिणा=विधिथी=पोतानी अवस्था उचितकृत्य करणरूप विधिथी, सयापालणाओ=सदा वचनऔषधना पालनने कारणे, एयाउ=आनाथी=वचनऔषधिना प्रयोगथी, 'आरोग्यम्'=आरोग्य थाय छे."

"वळी निश्चयनयथी आ ग्रंथिभेद काल ज जाणवो. आ होते छते विधिथी सदा पालनने कारणे आनाथी आरोग्य थाय छे." **(उपदेशपद - गा. ४३३)**

आनी वृत्ति=उपदेशपदना श्लोकनी वृत्ति, 'यथा'थी बतावे छे –

"धन मिथ्यात्व जेमां छे ते तेवो छे=धन मिथ्यात्ववाळो अचरमावर्तलक्षण काळ छे. अहीं=वचनऔषध प्रयोगमां, अचरमावर्तकाळ अकाळ ज=अनवसर ज, विज्ञेय छे. वळी, तथाभव्यत्वना परिपाकथी=सिद्धिगमन योग्य पोतानुं जे प्रकारनुं भव्यत्व होय तेना परिपाकथी, बीजाधान=बीजनो उद्भेद, बीजनुं पोषण, आदि होते छते चरमावर्तलक्षण काल थाय पण.

आथी ज कहे छे –

काळ वळी=अवसर वळी=देशना आपवानो अवसर वळी, अपुनर्बंधक वगेरे छे. त्यां=अपुनर्बंधक आदिमां,

'આદિ' શબ્દથી માર્ગાભિમુખ અને માર્ગપતિત ગ્રહણ થાય છે. ત્યાં=માર્ગાભિમુખ અને માર્ગપતિત શબ્દમાં રહેલ માર્ગનો અર્થ કરે છે. માર્ગ ચિત્તનું અવક્રગમન, ભુજંગનલિકાના આયામ તુલ્ય, વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં સમર્થ, સ્વરસવાહી=જીવના સ્વભાવને વહન કરનાર, ક્ષયોપશમવિશેષ હેતુ, સ્વરૂપ, ફલશુદ્ધિને અભિમુખ, એ પ્રકારનો અર્થ છે=એ પ્રકારના અર્થવાળો ક્ષયોપશમવિશેષ છે. ત્યાં=તેવા માર્ગમાં, પતિત=રહેલો, ભવ્યવિશેષ માર્ગપતિત એ પ્રમાણે કહેવાય છે. અને તેના આદિભાવને પામેલો=માર્ગના આદિભાવને પામેલો, માર્ગાભિમુખ એ પ્રમાણે કહેવાય છે. આ=માર્ગપતિત અને માર્ગાભિમુખ, ચરમયથાપ્રવૃત્તિકરણના ભાગને ભજનારા જ જાણવા. અપુનર્બંધક વગેરે જેને છે તે તેવો અપુનર્બંધક આદિકાળ ધીરપુરુષો વડે વ્યવહારથી ઉપદેશને યોગ્ય બતાવાયો છે."

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે.

નોંધ :-

❖ ઉપદેશપદ : ગા. ૪૩૨ની ટીકામાં 'अपुनर्बन्धकोऽपुनर्बन्धककालः प्रभृतिर्यस्य स तथा' તે પ્રકારનો પાઠ અશુદ્ધ છે તેના સ્થાને આ પ્રમાણે પાઠ જોઈએ – 'अपुनर्बंधकप्रभृतिर्यस्य स तथा, अपुनर्बंधकादि कालः ।'

"વળી નિશ્ચયથી કાલ=વચનઔષધનો કાલ, ગ્રંથિભેદનો કાળ જ છે. જે કાળમાં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ દ્વારા ગ્રંથિભેદ થાય છે તે કાળમાં વચનઔષધ કરાય છે એમ અન્વય છે. જે કારણથી આમાં=ગ્રંથિભેદ કાળમાં=સમ્યક્ત્વની પ્રાપ્તિકાળમાં, અવસ્થાને ઉચિત એવા કૃત્યના કરણરૂપ વિધિથી સદા=સર્વકાલ, જે વચનૌષધની પાલના તેના વડે કરીને સંસારવ્યાધિરોધરૂપ આરોગ્ય આનાથી=વચનઔષધના પ્રયોગથી, થાય છે. અપુનર્બંધક વગેરેમાં કરાતો પણ વચનપ્રયોગ તે પ્રકારે સૂક્ષ્મબોધ વિધાયક નથી; કેમ કે તે કાળનું=અપુનર્બંધક વગેરે કાલનું, અનાભોગબહુલપણું છે. વળી ભિન્નગ્રંથિ આદિ=સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો, વ્યાવૃત્ત મોહપણું હોવાને કારણે અતિનિપુણ બુદ્ધિપણાથી તે તે કૃત્યોમાં વર્તતા તે કર્મવ્યાધિના સમુચ્છેદક થાય છે."

'इति' શબ્દ ઉપદેશપદની ટીકાની સમાપ્તિ માટે છે.

ગ્રંથિભેદને જ પુરસ્કાર કરતાં=પ્રશંસા કરતાં, કહે છે –

'इयरा वि'=વિધિના સદા પાલન વગર પણ 'ऐयंमि'=આ કરાયે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, 'ऐस'=આ=વચનઔષધનો પ્રયોગ, 'आरोग्गसाहगो चेव'=આરોગ્યસાધક જ થાય છે. 'जम्'=જે કારણથી एअंमि=આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, 'पुग्गलपरिअट्टद्धं'=અર્ધપુદ્ગલ પરાવર્તથી, 'ऊनं' संसारो=ન્યૂન સંસાર છે.

ઉપદેશપદના ઉદ્ધરણની વ્યાખ્યા કરે છે –

"'इतरथापि'=વિધિના સદા પાલન વગર પણ 'हन्दी' શબ્દ પૂર્વની જેમ અર્થવાળો છે=ઉપદર્શનના અર્થવાળો છે. આ હોતે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, આ=વચનઔષધનો પ્રયોગ, આરોગ્યસાધક જ=ભાવઆરોગ્યનો નિષ્પાદક જ થાય છે. અને તે રીતે=ઉપદેશપદનાં શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું કે ગ્રંથિભેદ થયે છતે વચનઔષધનો પ્રયોગ ભાવઆરોગ્યનો સાધક છે તે રીતે, કહેવાય છે.

મુહૂર્ત પણ પ્રાપ્ત કરીને જેઓ અનવદ્યપદને દેનાર એવા સમ્યક્ત્વરત્નનો ત્યાગ કરે છે. તેઓ પણ ભવસમુદ્રમાં ચિરકાળ રહેશે નહિ. તેને ધારણ કરનારાઓનું=સમ્યક્ત્વરત્નને ધારણ કરનારાઓનું, અહીં=ભવસમુદ્રમાં, ચિરતર વાચ્ય શું છે ?=ચિરતર વસવાટ નથી અર્થાત્ તેઓ ભવમાં લાંબો કાળ રહેતા નથી.

'अत्र'=અહીં=ઉપદેશપદ ગાથા નં. ૪૩૨ના પૂર્વાર્ધમાં કહ્યું કે ગ્રંથિભેદ હોતે છતે વચનઔષધનો પ્રયોગ ભાવઆરોગ્યનો સાધક થાય છે એમાં, હેતુ કહે છે – 'यद्'=જે કારણથી, આ=ગ્રંથિભેદ કરાયે છતે કંઈક હીન પુદ્ગલ પરાવર્તન અર્ધથી ઊર્ધ્વ તીર્થંકરાદિની આશાતના બહુલ પણ જીવોનો સંસાર નથી."

'इति' શબ્દ ઉપદેશપદના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

વિંશિકામાં પણ કહેવાયું છે –

"અચરમ પરાવર્તોમાં કાલ ભવનો બાલકાલ કહેવાયો છે. અને ચરમ=ચરમ પરાવર્તનો કાળ, ધર્મનો યૌવનકાળ તે પ્રકારના ચિત્તભેદવાળો છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે." **(ચરમાવર્તવિંશિકા - ગા. ૧૯)**

"'ता'=તે કારણથી, અહીં=સંસારમાં, ભવબાલકાલ જ બીજપૂર્વકાલ જાણવો=બીજાધાન પૂર્વનો કાલ જાણવો. વળી ઇતર=બીજપ્રાપ્તિનો કાળ ધર્મયૌવન કાળ, વિધિ, લિંગ ગમ્ય છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે." **(બીજાદિવિંશિકા - ગા. ૧૬)**

શ્લોક-૧૮ના પ્રથમપાદમાં કહ્યું કે પૂર્વમાં કહેલ ગુણસંપત્તિથી પ્રસિદ્ધ એવો આદિધાર્મિક ધર્મદેશના-યોગ્ય છે તે કથનનું અનેક ઉદ્ધરણો દ્વારા અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું. હવે શ્લોકના બીજા પાદમાં કહ્યું કે મધ્યસ્થપણું હોવાથી તે દેશનાયોગ્ય છે તેનું ઉત્થાન કરતાં કહે છે –

"'ननु' ગલમત્સ્ય, ભવવિમોચક, વિસાન્નભોજીનો જે પ્રકારનો આ=શુભભાવ, છે, 'ऐवम्'=એ પ્રમાણે 'एसो'=આ=મિથ્યાદૃષ્ટિનો સદ્અનુષ્ઠાનકાળનો ભાવ, મોહથી શુભ પણ તેના ફલથી અશુભ જ છે. 'त्ति' પાદપૂર્તિ માટે છે." **(ઉપદેશપદ - ગા-૧૮૮)**

'इति'=એ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિ મહારાજના વચનાનુસારે વિપર્યાસયુક્તપણું હોવાથી મિથ્યાદૃષ્ટિનો શુભપરિણામ પણ ફલથી અશુભ જ છે, એથી આદિધાર્મિકનું કેવી રીતે દેશનાયોગ્યત્વ છે ? અર્થાત્ દેશનાયોગ્યત્વ સ્વીકારી શકાય નહિ. એ પ્રકારની આશંકામાં કહે છે –

મધ્યસ્થપણું હોવાથી=રાગ-દ્વેષરહિતપણું હોવાથી=પૂર્વમાં કહેલ ગુણના યોગથી જ માધ્યસ્થ્યની ઉપસંપત્તિ હોવાથી, દેશનાયોગ્યપણું છે, એમ શ્લોક સાથે સંબંધ છે. અને મધ્યસ્થનું જ આગમમાં ધર્મયોગ્યત્વનું પ્રતિપાદન હોવાથી મિથ્યાદૃષ્ટિ એવો પણ આદિધાર્મિક દેશનાયોગ્ય છે, એમ અન્વય છે, જે કારણથી આગમમાં મધ્યસ્થનું જ ધર્મયોગ્યત્વનું પ્રતિપાદન છે એમ પૂર્વ સાથે સંબંધ છે.

"રાગવાળો, દ્વેષવાળો, મૂઢ અને પૂર્વમાં વ્યુત્ગ્રાહીએ ચાર આ ધર્મને માટે અયોગ્ય છે અને ધર્મને માટે યોગ્ય મધ્યસ્થ છે."

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રી હરિભદ્રસૂરિ મહારાજના વચન પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવો દેશનાયોગ્ય નથી એમ કહ્યું અને મિથ્યાદૃષ્ટિ એવા આદિધાર્મિકમાં મધ્યસ્થપણું હોવાથી તે દેશનાયોગ્ય છે તેમ કહ્યું. તે વચનનો પરસ્પર વિરોધ છે. તેના પરિહાર અર્થે કહે છે –

વળી, શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબનું વચન=શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબના ઉપદેશપદ

ગાથા-૧૮૮નું વચન, કદાગ્રહગ્રસ્ત આભિગ્રહિકમિથ્યાદૃષ્ટિને આશ્રયીને છે. એથી વિરોધ નથી=મિથ્યાદૃષ્ટિ એવા આદિધાર્મિકને દેશનાયોગ્ય કહેવામાં કોઈ વિરોધ નથી. અહીં=પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે મિથ્યાદૃષ્ટિ જીવોના શુભ પરિણામ પણ અશુભ છે તેમ કહ્યું અને ગ્રંથકારશ્રીએ આદિધાર્મિકમાં મધ્યસ્થપણું હોવાથી દેશનાયોગ્યપણું કહ્યું એમાં, આ હૃદય છે=આ તાત્પર્ય છે – જે ખરેખર મિથ્યાદૃષ્ટિઓમાં પણ કેટલાક સ્વપક્ષનિબદ્ધઉદ્ધુર અનુબંધવાળાઓનો પણ=સ્વપક્ષમાં અત્યંત કદાગ્રહવાળાઓનો પણ, પ્રબલ મોહપણું હોતે છતે પણ કારણાન્તરથી થતો રાગ-દ્વેષની મંદતારૂપ ઉપશમ અત્યંત પણ દેખાય છે, તે પાપાનુબંધી પુણ્યનો હેતુ હોવાથી પર્યન્તમાં દારુણ જ છે; કેમ કે તેના ફલરૂપે પ્રાપ્ત થતા સુખમાં વ્યામૂઢ=આસક્ત એવા, તેઓનો પુણ્યાભાસકર્મનો ઉપરમ થયે છતે નરકાદિપાતનો અવશ્ય ભાવ છે. એથી અસત્પ્રવૃત્તિ જ આ છે=શુભભાવપૂર્વક કરાયેલી તપ-સંયમની પ્રવૃત્તિ અસત્પ્રવૃત્તિ જ છે અને જે ગુણવાન પુરુષના પ્રજ્ઞાપનાના=ઉપદેશના, યોગ્યપણાને કારણે જિજ્ઞાસાદિ ગુણોનો યોગ થવાથી મોહના અપકર્ષથી પ્રયુક્ત રાગ-દ્વેષની શક્તિના પ્રતિઘાતરૂપ ઉપશમ છે. તે વળી સત્પ્રવૃત્તિ જ છે; કેમ કે અસદ્ગ્રહની નિવૃત્તિને કારણે સદર્થના પક્ષપાતનું પ્રધાનપણું છે. 'ઇતિ' શબ્દ 'इदमत्र हृदयम्'થી પ્રારંભ કરાયેલા કથનની સમાપ્તિ માટે છે.

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં 'ननु'થી કહે છે –

આ રીતે પણ=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે પણ, સ્વઆગમને અનુસરનારા=જૈનદર્શનને અનુસરનારા, આદિધાર્મિકનું મધ્યસ્થપણું ઉત્પન્ન થયું. પરંતુ તેનું=આદિધાર્મિકનું, વિચિત્ર આચારપણાથી=જુદા જુદા આચારપણાથી, ભિન્ન આચારમાં રહેલા=સ્વસ્વમતમાં રહેલા=પોતપોતાના દર્શનમાં રહેલા, એવા તેઓને=આદિધાર્મિકોને, તે=મધ્યસ્થપણું, કેવી રીતે ઉપપન્ન થાય ? અર્થાત્ ઉપપન્ન થાય નહિ. અને તેના અભાવમાં=મધ્યસ્થપણાના અભાવમાં, કેવી રીતે દેશનાયોગ્યત્વ થાય ? અર્થાત્ અન્યદર્શનમાં રહેલા આદિધાર્મિકોનું દેશનાયોગ્યત્વ થાય નહિ એ પ્રકારની શંકામાં શ્લોકના ઉત્તરાર્ધરૂપ 'योगेत्यादि'થી કહે છે –

જે કારણથી તેને=અન્યદર્શનમાં રહેલા આદિધાર્મિકને, યોગદૃષ્ટિનો ઉદય થવાથી=યોગદૃષ્ટિનો પ્રાદુર્ભાવ થવાથી, આદિમ ગુણસ્થાનક=પ્રથમગુણસ્થાનક, સાર્થ=વ્યુત્પત્તિઅર્થવાળું, છે.

શ્લોકના ઉત્તરાર્ધનો આ ભાવ છે – મિથ્યાદૃષ્ટિ આદિ પણ પરમાર્થની ગવેષણામાં તત્પર છતા પક્ષપાતનો પરિત્યાગ કરીને=સ્વ-દર્શનનો અસત્ પક્ષપાતનો પરિત્યાગ કરીને, અદ્વેષ આદિ ગુણોમાં રહેલા ખેદાદિ દોષના પરિહારથી જ્યારે સંવેગના તારતમ્યને પ્રાપ્ત કરે છે ત્યારે માર્ગાભિમુખપણાને કારણે તેઓને ઇક્ષુ, ઇક્ષુના રસ, કક્કબ, ગોળ જેવી મિત્રા, તારા, બલા અને દીપ્રા એ પ્રમાણે ચાર યોગદૃષ્ટિઓ ઉલ્લાસ પામે છે; કેમ કે ભગવાન પતંજલિ અને ભદન્ત ભાસ્કરાદિને તેનો અભ્યુપગમ છે=યોગદૃષ્ટિનો સ્વીકાર છે.

ત્યાં મિત્રાદૃષ્ટિમાં, સ્વલ્પ બોધ=અતિઅલ્પ બોધ છે, યમ નામનું યોગાંગ છે, દેવકાર્યાદિમાં અખેદ

છે, યોગબીજનું ઉપાદન છે, ભવનો ઉદ્વેગ છે, સિદ્ધાંતનું લેખનાદિ છે, બીજશ્રુતિમાં પરમ શ્રદ્ધા છે અને સત્પુરુષનો સંગ છે; કેમ કે ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કર્મમલનું અલ્પીકૃતપણું છે. આથી જ આ ચરમયથાપ્રવૃત્તકરણ પરમાર્થથી અપૂર્વકરણ જ છે. એ પ્રમાણે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં વ્યવસ્થિત છે. તે પ્રમાણે=ચરમયથાપ્રવૃત્તકરણ પરમાર્થથી અપૂર્વકરણ છે તે પ્રમાણે, તે ગ્રંથ છે=તે પાઠ છે.

"અપૂર્વ આસન્નભાવને કારણે, વ્યભિચારનો વિયોગ હોવાથી તત્ત્વથી આ=ચરમયથાપ્રવૃત્તકરણ, અપૂર્વ જ છે એ પ્રમાણે યોગના જાણનારા કહે છે." **(યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક-૩૯)**

"સામાન્યથી જે પ્રથમ ગુણસ્થાનક વર્ણન કરાયું છે તે આ અવસ્થામાં=ચરમયથાપ્રવૃત્તકરણ અવસ્થામાં, અન્વર્થ યોગના 'કારણે=ગુણસ્થાનકના અર્થના ઘટનને કારણે, મુખ્ય છે." **(યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક-૪૦) ૧॥**

વળી તારામાં=તારાદૃષ્ટિમાં, થોડું સ્પષ્ટ દર્શન છે=મિત્રાદૃષ્ટિ કરતાં કંઈક સ્પષ્ટ દર્શન છે. શુભ નિયમો છે, તત્ત્વની જિજ્ઞાસા છે. યોગકથામાં અવિચ્છિન્ન પ્રીતિ છે. ભાવયોગીમાં યથાશક્તિ ઉપચાર છે=યથાશક્તિ આહારાદિ દાનનો ઉપચાર છે. ઉચિતક્રિયાની અહાનિ છે=ઉચિતક્રિયાનું સેવન છે. સ્વઆચારની હીનતામાં મહાત્રાસ છે અને અધિકકૃત્યમાં જિજ્ઞાસા છે=પોતે સેવે છે તેનાથી ઊંચી ભૂમિકાનાં કૃત્યોમાં 'હું કઈ રીતે તે કૃત્યો કરું' તે પ્રકારે જાણવાની જિજ્ઞાસા છે અને આ દૃષ્ટિમાં રહેલો પુરુષ સ્વપ્રજ્ઞાથી કલ્પિતમાં વિસંવાદનું દર્શન હોવાને કારણે અને જુદા જુદા પ્રકારની મોક્ષના અર્થી જીવોની પ્રવૃત્તિનું સંપૂર્ણપણે જાણવું અશક્યપણું હોવાને કારણે શિષ્ટ આચરિતને જ આગળ કરીને પ્રવર્તે છે. અને કહેવાયું છે –

"અમારી મહાન પ્રજ્ઞા નથી. સુમહાન શાસ્ત્રનો વિસ્તાર છે તે કારણથી અહીં=પરલોકની પ્રવૃત્તિમાં, શિષ્ટો પ્રમાણ છે એ પ્રમાણે આ દૃષ્ટિમાં સદા માને છે." **(યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લોક-૪૮) ૨॥**

બલાદૃષ્ટિમાં દૃઢ દર્શન છે=પહેલી બે દૃષ્ટિ કરતાં અતિશય તત્ત્વનું દર્શન છે. સ્થિર અને સુખરૂપ આસન છે. પરમ તથા શુશ્રૂષા છે. યોગવિષયમાં ક્ષેપ નથી અને સ્થિર ચિત્તપણું હોવાને કારણે યોગના સાધનના ઉપાયનું કુશલપણું છે. ૩॥

દીપ્રાદૃષ્ટિમાં પ્રાણાયામ છે=ભાવ પ્રાણાયામ છે, પ્રશાંતવાહિતાના લાભને કારણે યોગમાં ઉત્થાનનો વિરહ છે, તત્ત્વશ્રવણગુણ છે. પ્રાણ કરતાં પણ=દેહાદિ કરતાં પણ, ધર્મનો અધિકપણા રૂપે બોધ છે અને તત્ત્વશ્રવણથી ગુરુભક્તિનો ઉદ્રેક થવાને કારણે સમાપત્તિ આદિ ભેદથી તીર્થકૃત દર્શન થાય છે. ૪॥

અને મિત્રાદૃષ્ટિ તૃણના અગ્નિના કણની ઉપમાવાળી છે. તત્ત્વથી અભીષ્ટ કાર્યમાં સમર્થ નથી=યોગમાર્ગની પ્રવૃત્તિમાં સમ્યક્ યત્ન કરાવવા સમર્થ નથી; કેમ કે સમ્યક્ પ્રયોગકાળ સુધી બોધનું અવસ્થાન નથી. પ્રયોગકાળ સુધી મિત્રાદૃષ્ટિમાં બોધનું અવસ્થાન કેમ નથી ? તેમાં હેતુ કહે છે. અલ્પવીર્યપણું હોવાને કારણે=મિત્રાદૃષ્ટિમાં થયેલા બોધમાં અલ્પવીર્યપણું હોવાને કારણે, તેનાથી=

મિત્રાદૃષ્ટિના બોધથી, પટુબીજના સંસ્કારના આધાનની અનુપપત્તિ છે. મિત્રાદૃષ્ટિનો બોધ પરમાર્થથી અભીષ્ટ કાર્ય કરવા સમર્થ નથી તેમ પૂર્વમાં કહ્યું તેથી શું પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે. આનાથી= મિથ્યાદૃષ્ટિના બોધથી, વિકલપ્રયોગ હોવાને કારણે=પ્રવૃત્તિકાળમાં બોધ સહવર્તી નહિ હોવાને કારણે, વંદનાદિ કાર્યનો અયોગ છે=વંદનાદિ કાર્ય બોધથી નિયંત્રિત સમ્યક્ થતા નથી. 'ઇતિ' શબ્દ મિત્રાદૃષ્ટિના કથનની સમાપ્તિ માટે છે.

તારાદૃષ્ટિ છાણના અગ્નિના કણ સદૃશ છે=તારાદૃષ્ટિનો બોધ છાણના અગ્નિના કણ સદૃશ છે. આ પણ=તારાદૃષ્ટિનો બોધ પણ, ઉક્ત કલ્પ જ છે=મિત્રાદૃષ્ટિની જેમ તત્ત્વથી અભીષ્ટ કાર્યમાં અસમર્થ જ છે; કેમ કે તત્ત્વથી બોધમાં વિશિષ્ટ વીર્ય અને સ્થિતિનું વિકલપણું છે.

અહીં પ્રશ્ન થાય કે તારાદૃષ્ટિના બોધમાં વિશિષ્ટ વીર્ય અને સ્થિતિનું વિકલપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

આનાથી પણ=તારાદૃષ્ટિના બોધથી પણ, પ્રયોગકાલમાં=બોધથી કરાતી વંદનાદિ ક્રિયાના પ્રયોગકાળમાં, સ્મૃતિપાટવની અસિદ્ધિ છે=પટુસ્મૃતિ નથી. તેના અભાવમાં=ક્રિયા કરતી વખતે બોધના અભાવમાં, પ્રયોગનું વિકલપણું હોવાથી=કરાતી વંદનાદિ ક્રિયામાં બોધનું વિકલપણું હોવાથી, તેનાથી=તારાદૃષ્ટિના બોધથી, તે પ્રકારે તેના કાર્યનો અભાવ હોવાથી=જે પ્રકારે બોધથી નિયંત્રિત સમ્યક્ કાર્ય થવું જોઈએ તે પ્રકારે વંદનાદિ કાર્યનો અભાવ હોવાથી, તારાદૃષ્ટિનો બોધ પરમાર્થથી અભીષ્ટ કાર્યક્ષમ નથી એમ અન્વય છે.

'ઇતિ' શબ્દ તારાદૃષ્ટિના કથનની સમાપ્તિ માટે છે.

બલાદૃષ્ટિ કાષ્ઠના અગ્નિના કણ તુલ્ય છે=બલાદૃષ્ટિનો બોધ કાષ્ઠના અગ્નિના કણ તુલ્ય છે. ઉક્ત બોધ દ્વયથી ઈષદ્ વિશિષ્ટ છે=મિત્રાદૃષ્ટિ અને તારાદૃષ્ટિના બોધથી ઈષદ્ વિશિષ્ટ છે. તેના ભાવને કારણે=વિશિષ્ટ બોધના ભાવને કારણે, અહીં=બલાદૃષ્ટિના બોધમાં, કંઈક સ્થિતિ અને વીર્ય છે. આથી=બલાદૃષ્ટિના બોધથી, પ્રયોગસમયમાં=ક્રિયાકાળમાં અહીં=બલાદૃષ્ટિમાં પટુપ્રાયઃ સ્મૃતિ છે. અને તેના ભાવમાં=બોધના સદ્ભાવમાં, અર્થ પ્રયોગ માત્ર પ્રીતિને કારણે યત્નલેશનો ભાવ હોવાથી=વંદનાદિ ક્રિયાકાળમાં યત્નલેશનો ભાવ હોવાથી, ઉક્ત બોધદ્વય કરતા ઈષદ્ વિશિષ્ટ છે એમ અન્વય છે.

દીપ્રાદૃષ્ટિ દીવાની પ્રભા સદૃશી છે=દીપ્રાદૃષ્ટિનો બોધ દીવાની પ્રભા જેવો છે. ઉક્ત બોધત્રયથી=પહેલી ત્રણ દૃષ્ટિઓના બોધથી, વિશિષ્ટતર બોધ છે. આથી=દીપ્રાદૃષ્ટિમાં વિશિષ્ટતર બોધ છે આથી, અહીં=દીપ્રાદૃષ્ટિના બોધમાં, ઉદગ્ર સ્થિતિ-વીર્ય છે=દીપ્રાદૃષ્ટિનો બોધ દીર્ઘકાળ ટકે છે અને બોધમાં ઘણા વીર્યનું પ્રવર્તન છે. તે કારણથી પ્રયોગસમયમાં=અનુષ્ઠાનના સેવનકાળમાં, પટુ પણ સ્મૃતિ છે=થયેલા બોધથી અત્યંત સ્મૃતિ છે. આ રીતે=દીપ્રાદૃષ્ટિમાં વિશિષ્ટતર બોધ છે એ રીતે, ભાવથી પણ=ભાવથી વંદનપ્રયોગ હોવા છતાં પણ, 'અત્ર'=અહીં=દીપ્રાદૃષ્ટિમાં વંદનાદિ વિષયક દ્રવ્યપ્રયોગ

છે=દીપ્રાદૃષ્ટિની વંદનની ક્રિયા દ્રવ્યવંદન છે એ પ્રકારનું કથન છે; કેમ કે તે પ્રકારની ભક્તિને કારણે=સમ્યગ્દૃષ્ટિને જે પ્રકારે ભક્તિ છે તેના કરતાં ન્યૂન પ્રકારની ભક્તિને કારણે, યત્નભેદની પ્રવૃત્તિ છે=સમ્યગ્દૃષ્ટિના ભાવવંદનમાં જેવો યત્ન છે તેના કરતાં અલ્પમાત્રાના ઉત્તમભાવની પ્રવૃત્તિ છે.

'इति' શબ્દ દીપ્રાદૃષ્ટિના કથનની સમાપ્તિ માટે છે.

પૂર્વમાં ચાર દૃષ્ટિઓનું વર્ણન કર્યું તેનો ફલિતાર્થ બતાવે છે –

પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ આટલો છે=આ ચાર દૃષ્ટિ સુધી છે, એ પ્રમાણે સમયના જાણનારા કહે છે. અને આ રીતે=શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કર્યા પછી કહ્યું કે યોગદૃષ્ટિના પ્રાદુર્ભાવને કારણે પ્રથમ ગુણસ્થાનક અન્યદર્શનવાળા યોગીઓને પણ હોય છે. માટે તેઓ દેશનાયોગ્ય છે અને ત્યાર પછી 'अयं भावः'થી માંડીને અત્યાર સુધી ચાર દૃષ્ટિઓનું વર્ણન કર્યું એ રીતે, કહેવાયેલા યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથના અર્થના અનુસારથી મિથ્યાદૃષ્ટિઓને પણ માધ્યસ્થ્યાદિ ગુણમૂલક મિત્રાદિ દૃષ્ટિના યોગને કારણે તેને ગુણસ્થાનકત્વની સિદ્ધિ હોવાથી=મિથ્યાદૃષ્ટિને ગુણસ્થાનકત્વની સિદ્ધિ હોવાથી, તે પ્રકારની પ્રવૃત્તિને કારણે=પોતાના આત્માનું હિત થાય તે પ્રકારે ઉચિત પ્રવૃત્તિને કારણે, અનાભિગ્રહિકનો સંભવ હોવાથી=અનાભિગ્રહિક મિથ્યાત્વનો સંભવ હોવાથી, અનાભિગ્રહિકપણું જ તેના દેશનાયોગ્ય-પણામાં સુંદર કારણ છે, એ પ્રમાણે પ્રાપ્ત થયું.

અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે અન્યદર્શનના મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ અનાભિગ્રહિકપણું દેશનાયોગ્યપણામાં સુંદર કારણ છે એ રીતે, અનાભોગથી પણ સદન્ધન્યાયથી માર્ગગમન જ છે એ પ્રમાણે અધ્યાત્મચિંતકો કહે છે. એ પ્રકારના 'ललितविस्तरा'ના વચનાનુસારથી જો અનાભોગવાળા મિથ્યાદૃષ્ટિ પણ મિથ્યાત્વની મંદતાથી ઉદ્ભૂત માધ્યસ્થ્યના કારણે તત્ત્વજિજ્ઞાસાદિ ગુણના યોગથી માર્ગને જ અનુસરે છે. તો તેના વિશેષ ગુણના યોગને કારણે=અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવના વિશેષ ગુણના યોગને કારણે, અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિમાં તો અત્યંત ધર્મદેશનાયોગ્યત્વ છે એ પ્રકારનો ભાવ છે. આ પ્રમાણે=પ્રસ્તુત શ્લોકમાં વર્ણન કરાયું એ પ્રમાણે, ધમદેશનાને યોગ્ય પુરુષ કહેવાયો. ॥૧૮॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ગૃહસ્થના સામાન્ય ધર્મો બતાવ્યા. તેવા ગૃહસ્થધર્મને સેવનારા જીવો મધ્યસ્થ હોય છે=પ્રકૃતિથી ગૃહસ્થઅવસ્થામાં આલોક અને પરલોકમાં હિત થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. અને તેવા જીવોને લોકોત્તરધર્મની દેશના માટે ભગવાને યોગ્ય કહ્યા છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિ કરવાની તેઓની પ્રકૃતિ હોવાથી લોકોત્તરધર્મ સાંભળીને વિશેષ પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરીને પરલોકનું હિત સાધે તેવી યોગ્યતાવાળા છે. વળી, આવી ઉચિત પ્રવૃત્તિ કરનારા જીવોનો કાળ ચરમાવર્તકાળ છે. જે ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું નથી છતાં અર્થથી જાણવું; કેમ કે ચરમાવર્ત પૂર્વના જીવોમાં ભોગનો રાગ અત્યંત હોય છે. તેથી પ્રાયઃ કરીને પરલોકપ્રધાન થઈને પ્રવૃત્તિ કરતા નથી. ક્વચિત્ પરલોકના પણ ઉત્તમ ભોગસુખની આશંસાથી

ધર્મ કરે તોપણ ભોગથી પર એવા મોક્ષ અર્થે તેઓ પ્રવૃત્તિ કરતા નથી. માટે પૂર્વમાં વર્ણન કરાયેલા સામાન્ય ગૃહસ્થધર્મનું સેવન કરનારા ચરમાવર્તવર્તી જીવો હોય છે અને તેઓ લોકોત્તર ધર્મની દેશના માટે યોગ્ય છે તેમ ફલિત થાય છે.

ધર્મની પ્રાપ્તિનો કાળ ચરમાવર્ત છે તેમાં ઉપદેશપદની સાક્ષી આપે છે, તેનો અર્થ આ પ્રમાણે છે –

ઘનમિથ્યાત્વનો કાળ ધર્મના ઉપદેશ માટે અકાલ જાણવો.

તેથી એ પ્રાપ્ત થાય કે અચરમાવર્તમાં રહેલા જીવોમાં અતત્ત્વ પ્રત્યે અત્યંત રાગ હોય છે. તેથી તત્ત્વને જાણવાને પણ અભિમુખ તેઓ થતા નથી માટે ધર્મની પ્રાપ્તિનો અકાળ અચરમાવર્ત છે, તેમ કહેલ છે.

વળી, ધીરપુરુષો વડે અપુનર્બંધકાદિ કાલ કહેવાયો છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત જીવોમાં ગાઢ મિથ્યાત્વ નથી તેથી ઉપદેશને અનુકૂળ એવો તેઓનો કાળ છે તેમ કહેવાયું છે. આથી જીવ અપુનર્બંધક આદિ ભાવોને ચરમાવર્તમાં જ પ્રાપ્ત કરે છે માટે ધર્મના ઉપદેશનો કાળ ચરમાવર્ત છે તેમ પ્રાપ્ત થાય છે. આ રીતે વ્યવહારનયથી ધર્મદેશનાનો કાળ બતાવ્યા પછી નિશ્ચયનયનથી ધર્મદેશનાનો કાળ શું છે ? તે બતાવવા અર્થે ઉપદેશપદમાં કહે છે –

નિશ્ચયનયથી ધર્મદેશનાનો કાળ ગ્રંથિભેદનો કાળ છે અર્થાત્ જે જીવોએ ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું છે તે જીવો જ લોકોત્તર ધર્મની દેશનાને માટે યોગ્ય છે, તેમ નિશ્ચયનય કહે છે.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનય સમ્યગ્દૃષ્ટિને જ કેમ લોકોત્તર ધર્મદેશના માટે યોગ્ય કહે છે, અપુનર્બંધકને કેમ નહિ ? તેથી કહે છે –

સમ્યગ્દૃષ્ટિ જીવો દેશનાથી પ્રાપ્ત થયેલા ધર્મને સદા વિધિપૂર્વક સેવે છે. તેથી તેઓને અપાયેલ દેશનારૂપ વચનઔષધથી તેઓને ભાવઆરોગ્ય પ્રાપ્ત થાય છે.

ઉપદેશપદના આ બે શ્લોકોથી એ ફલિત થાય કે અપુનર્બંધકાદિ જીવોમાં ગાઢ મિથ્યાત્વ નથી તોપણ મિથ્યાત્વ છે, અને મિથ્યાત્વને કારણે બુદ્ધિમાં વિપર્યાસ છે તેથી તેઓને અપાયેલો ઉપદેશ ગાઢ મિથ્યાત્વ નહિ હોવાને કારણે કંઈક સમ્યક્ પરિણમન પામતો હોવા છતાં મિથ્યાત્વના ઉદયથી પૂર્ણ સમ્યક્ પરિણમન પામતો નથી. આથી જ તેઓને અપાયેલી દેશનાથી તેઓને તત્ત્વના વિષયમાં ઘણો અનાભોગ=અજ્ઞાન, વર્તે છે અને થોડોક જ માર્ગાનુસારી બોધ થાય છે. માટે નિશ્ચયનય અપુનર્બંધકાદિ જીવોને દેશનાને યોગ્ય સ્વીકારતો નથી. આમ છતાં મંદ મિથ્યાત્વને કારણે કંઈક સમ્યક્બોધ થવાથી તે અપુનર્બંધકાદિ જીવો ક્રમે કરીને સમ્યક્ત્વ પામે છે તેથી વ્યવહારનય અપુનર્બંધક આદિ જીવોને દેશનાયોગ્ય સ્વીકારે છે. વળી સમ્યગ્દૃષ્ટિ જીવો તો સંસારના વાસ્તવિક સ્વરૂપને યથાર્થ જોનારા છે અને સંસારથી અતીત અવસ્થારૂપ મોક્ષ, જીવની રમ્ય અવસ્થા છે તેમ પણ જાણે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય સત્શાસ્ત્રનું વચન છે તેવો સ્થિર નિર્ણય છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો ધર્મદેશના સાંભળીને જે કંઈ બોધ કરે છે તે સર્વ બોધને શક્તિના પ્રકર્ષથી જીવનમાં ઉતારે છે. આથી જ અવિરતિના ઉદયવાળા પણ સમ્યગ્દૃષ્ટિ જીવો ઉપદેશને સાંભળીને પોતાનામાં

વર્તતા અવિરતિઆદિ ભાવોને ઉચ્છેદ કરવા માટે શક્તિ અનુસાર સર્વ ઉચિત પ્રયત્ન કરે છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવોને આત્માની મોક્ષરૂપ અવસ્થા જ સારરૂપ દેખાય છે. અને સંસારના ઉચ્છેદના ઉપાયરૂપ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનો ઉચ્છેદ કારણ છે તેવી સ્થિર મતિ છે અને આ પાંચ કારણનો ઉચ્છેદ યોગનિરોધ અવસ્થામાં થાય છે તેવો સ્પષ્ટબોધ છે. યોગનિરોધની અવસ્થા તરફ જવા માટે સ્વભૂમિકા અનુસાર ઉત્તર-ઉત્તરના અવિરતિ આદિ ભાવોને દૂર કરવા એ જ ઉપાય છે. તે ઉપાયોને જાણવા માટે અત્યંત અર્થી એવા સમ્યગ્દૃષ્ટિ જીવો દેશના સાંભળે છે ત્યારે યોગ્ય ઉપદેશકના વચનથી ઉત્તર-ઉત્તરની ભૂમિકાની પ્રાપ્તિના ઉપાયોને જાણીને તે રીતે યત્ન કરે છે માટે તેઓને સ્વભૂમિકાને યોગ્ય એવું વચનઔષધ ઉત્તરોત્તરના ભાવઆરોગ્યની પ્રાપ્તિ કરાવીને અવશ્ય શૈલેશી અવસ્થાનું કારણ બને છે. માટે નિશ્ચયનય પૂર્ણ વિવેકવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને જ સદ્ધર્મની દેશનાને યોગ્ય કહે છે.

અહીં ઉપદેશપદની વૃત્તિમાં કહ્યું કે અપુનર્બંધક વગેરે જીવોને તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાન આદિ થયે છતે ચરમાવર્ત લક્ષણકાળ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે દરેક જીવોનું સિદ્ધિગમનયોગ્યત્વ જુદા જુદા પ્રકારનું છે અને જે જીવોનું સિદ્ધિગમનયોગ્યત્વ જે પ્રકારે પરિપાક પામે તે પ્રકારે તેઓ બીજાધાન કરે છે. ત્યાર પછી બીજનો ઉદ્ભેદ કરે છે અને ત્યારપછી બીજનું પોષણ કરે છે. જેથી તેઓમાં ઉત્તર ઉત્તરની ભૂમિકાનો યોગમાર્ગ પ્રગટ થાય છે. તેનાથી નક્કી થાય છે કે આ જીવ ચરમાવર્તમાં છે.

વળી, અપુનર્બંધક આદિમાં 'આદિ' પદથી માર્ગાભિમુખ અને માર્ગપતિતને ગ્રહણ કરેલ છે ત્યાં માર્ગનું લક્ષણ કરતાં કહ્યું કે માર્ગ ચિત્તના અવક્રગમનરૂપ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોનું ચિત્ત તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ અવક્રગમન કરે છે તે ચિત્ત, માર્ગ છે વળી તે ચિત્ત સાપની નલિકાના આયામ તુલ્ય છે તેમ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે સાપ વક્ર ચાલવાના સ્વભાવવાળો છે છતાં નલિકામાં પ્રવેશ કરે ત્યારે તે નલિકા સીધી હોવાથી તે સાપનું ગમન વક્રતાને છોડીને સીધું થાય છે, તેમ જે જીવોનું ચિત્ત શાસ્ત્રવચનની નલિકામાં પ્રવેશ કરીને તત્ત્વને જાણવા માટે યત્ન કરે છે તેઓનું ચિત્ત વક્રતાને છોડીને તત્ત્વ તરફ જનારું થાય છે.

વળી કહ્યું કે તે ચિત્ત વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં સમર્થ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આવું ચિત્ત તત્ત્વને જાણવા માટે ઉદ્યમ કરીને ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકમાં જવા માટે સમર્થ હોય છે.

વળી, કહ્યું કે તે ચિત્ત સ્વરસવાહી ક્ષયોપશમવિશેષ છે તેથી એ પ્રાપ્ત થાય કે કર્મમલ દૂર થવાથી જીવના કંઈક સ્વાભાવિક ભાવને વહન કરનાર એવા ઉત્કટ મિથ્યાત્વના ક્ષયોપશમભાવરૂપ જીવનો પરિણામ છે.

વળી, કહ્યું કે તે ચિત્ત હેતુ-સ્વરૂપ-ફલની શુદ્ધિને અભિમુખ છે તેથી એ પ્રાપ્ત થાય કે સંસારની સ્થિતિ અને સંસારથી પર એવા મોક્ષની અવસ્થાના સ્વરૂપને જાણવા માટે આવું ચિત્ત હેતુ-સ્વરૂપ અને ફલથી યથાર્થ જાણવા માટે યત્ન કરે છે. અને આવો યત્ન જે જીવોના ચિત્તમાં થાય તેવા ચિત્તને માર્ગ કહેવાય છે. આવા માર્ગમાં જે જીવો આવેલા હોય તે માર્ગપતિત કહેવાય છે અને જે જીવો આવા માર્ગમાં હજી આવ્યા

નથી પરંતુ આવા માર્ગને અભિમુખભાવવાળા છે તેઓ માર્ગાભિમુખ કહેવાય છે.

માર્ગ શબ્દનો આ પ્રકારનો અર્થ લલિતવિસ્તરામાં કરેલ છે અને યોગદૃષ્ટિસમુચ્ચયમાં પણ આ પ્રકારનો અર્થ કરેલ છે. યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ અનુસાર યોગની ત્રીજી દૃષ્ટિમાં રહેલ જીવો માર્ગપતિત છે અને યોગની બીજી દૃષ્ટિમાં રહેલ જીવો માર્ગાભિમુખ છે; કેમ કે આવા ચિત્તના આદિ ભાવને પામેલા છે=આવા ચિત્તને પામ્યા નથી પરંતુ આવા ચિત્તના અભિમુખભાવને પામ્યા છે. તેની પૂર્વના જીવો યોગની પહેલી દૃષ્ટિમાં રહેલા જીવો અપુનર્બંધક છે.

જો કે, સામાન્યથી ચાર દૃષ્ટિમાં રહેલા જીવો અપુનર્બંધક છે તોપણ માર્ગાભિમુખ અને માર્ગપતિત તે અપુનર્બંધકની અવસ્થાવિશેષ છે. તેથી પ્રથમ ચાર દૃષ્ટિમાં રહેલા જીવોને સામાન્યથી અપુનર્બંધક કહેવાય છે અને તેઓની જ વિશેષ અવસ્થાને પૃથક્ ગ્રહણ કરવામાં આવે ત્યારે બીજી દૃષ્ટિવાળા જીવોને માર્ગાભિમુખ કહેવામાં આવે છે અને ત્રીજી દૃષ્ટિવાળા તેમજ ચોથી દૃષ્ટિવાળા જીવોને માર્ગપતિત કહેવામાં આવે છે, આ પ્રકારનો વિવેક છે.

ઉપદેશપદની ગાથા-૪૩૩નો ભાવ આ પ્રમાણે છે –

જે જીવોએ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરીને ગ્રંથિનો ભેદ કર્યો છે તે જીવો સમ્યક્ત્વને પામેલા છે. સમ્યક્ત્વ પામવાને કારણે તે જીવોને તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી છે, તેથી તે જીવો પોતાની શારીરિક અવસ્થા, સાંયોગિક અવસ્થા, અને માનસિક અવસ્થાને ઉચિત કૃત્ય કરવારૂપ વિધિપૂર્વક સદા ભગવાનના વચનરૂપ ઔષધનું પાલન કરે છે. તેથી તેઓનો સંસારરોગ અવશ્ય ક્ષીણ-ક્ષીણતર થાય છે.

વળી અપુનર્બંધક વગેરે જીવોને ભગવાનના વચનનું ઔષધ આપવામાં આવે તોપણ સમ્યગ્દૃષ્ટિ જીવો જેવો સૂક્ષ્મબોધ નથી તેથી તે ઉપદેશમાંથી કંઈક જ તત્ત્વને પામે છે, અવશેષ ઉપદેશ નિષ્ફળ જાય છે. માટે નિશ્ચયનય સમ્યગ્દૃષ્ટિ જીવોને જ ઉપદેશને યોગ્ય સ્વીકારે છે.

આનાથી એ ફલિત થાય કે અપુનર્બંધકાદિ જીવો પણ કલ્યાણના અર્થી છે અને સમ્યગ્દૃષ્ટિ જીવો પણ કલ્યાણના અર્થી છે તોપણ સમ્યગ્દૃષ્ટિને નિર્મલ પ્રજ્ઞા પ્રગટેલી હોવાથી ઉપદેશક દ્વારા તેની ભૂમિકાનુસાર જે ઉપદેશ તેને પ્રાપ્ત થાય છે તે ઉપદેશ સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ પરિણમન પામે છે. તેથી તે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વશક્તિને ગોપવ્યા વગર ઉચિત કૃત્યો કરીને પોતાના સંગના પરિણામરૂપ ભાવરોગનો નાશ કરે છે. જ્યારે અપુનર્બંધક જીવોને સૂક્ષ્મબોધ નહિ હોવાથી ઉપદેશ દ્વારા અલ્પમાત્રામાં જ તત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે; કેમ કે મંદ પણ મિથ્યાત્વ વિદ્યમાન હોવાથી ઉપદેશના મર્મને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી માટે નિશ્ચયનય અપુનર્બંધકઆદિ જીવોને દેશના યોગ્ય સ્વીકારતો નથી.

પૂર્વમાં ઉપદેશપદની સાક્ષી દ્વારા ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે નિશ્ચયનયથી સમ્યગ્દૃષ્ટિ જીવો જ દેશનાયોગ્ય છે. તેથી હવે સમ્યગ્દૃષ્ટિ જ કેમ યોગ્ય છે ? તેને સ્પષ્ટ કરતાં ઉપદેશપદની સાક્ષી આપે છે તેનો ભાવ આ પ્રમાણે છે –

કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવો અતિ અવિરતિના ઉદયવાળા હોય અને ઉપદેશક તેઓને સર્વવિરતિ કે દેશવિરતિ આદિનો ઉપદેશ આપે તો તેનું પાલન કરી શકે તેવી શક્તિવાળા નથી તોપણ તેઓને અપાયેલ ઉપદેશ ભાવઆરોગ્યનો સાધક જ થાય છે; કેમ કે સૂક્ષ્મબોધવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવો તીવ્ર અવિરતિના ઉદયવાળા હોય તો વિરતિનું પાલન કરવા અસમર્થ બને છે તોપણ ઉપદેશકના ઉપદેશને સાંભળીને વિરતિ પ્રત્યે તેઓનો પક્ષપાત તીવ્ર બને છે. તેથી ઉપદેશ દ્વારા તેઓને સ્વભૂમિકા અનુસાર ઉત્તર-ઉત્તરની ભૂમિકા પ્રાપ્ત થાય છે. તેથી અવિરતિના ઉદયવાળા પણ તેઓ વચનઔષધના સેવનથી કંઈક કંઈક ભાવઆરોગ્ય અવશ્ય પ્રાપ્ત કરે છે.

તેની પુષ્ટિ કરવા અર્થે અન્ય કોઈ સ્થાનની સાક્ષી આપે છે તેનો ભાવ એ છે કે કોઈ જીવ અનવદ્ય પદ એવા મોક્ષને દેનાર સમ્યક્ત્વને એક અંતર્મુહૂર્ત પણ પ્રાપ્ત કરે અને ત્યારપછી મિથ્યાત્વને પામે તોપણ તે જીવ સંસારમાં ઘણો કાળ ભટકતો નથી. વળી જે જીવો સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને સમ્યક્ત્વને જાળવી રાખે તે જીવો અવશ્ય અલ્પકાળમાં સંસારના પારને પામે છે.

આનાથી એ ફલિત થાય કે જેઓ સમ્યક્ત્વને પામેલા છે અને સમ્યક્ત્વથી પાત પામ્યા નથી તેવા જીવો અવિરતિના ઉદયવાળા હોય તોપણ ભગવાનના વચનરૂપી ઔષધનું સેવન કરીને અવશ્ય પોતાના ભાવરોગને સતત અલ્પ-અલ્પતર કરે છે, જેથી અલ્પકાળમાં જ તેઓ સંસારના પારને પામશે. માટે નિશ્ચયનય સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને દેશનાયોગ્ય સ્વીકારે છે.

ઉપદેશપદની ગાથા-૪૩૨ના પૂર્વાર્ધમાં કહ્યું કે અવરિત સમ્યગ્દૃષ્ટિ જીવો ભગવાનના વચનાનુસાર વિરતિનું પાલન કરતા ન હોય તોપણ તેઓ ભાવઆરોગ્યના સાધક છે તેની પુષ્ટિ કરવા અર્થે શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે –

સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ત્વથી પાત પામે અને પાછળથી તીર્થંકરાદિની ઘણી આશાતના કરે તોપણ અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સંસારમાં પરિભ્રમણવાળા હોય છે. તેથી નક્કી થાય છે કે સમ્યક્ત્વના કાળમાં તેઓમાં ઘણી શુદ્ધિ પ્રાપ્ત થયેલી છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવો દેશનાને યોગ્ય છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ વ્યવહારનય અપુનર્બંધક આદિ જીવોને દેશનાયોગ્ય સ્વીકારે છે અને નિશ્ચયનય સમ્યગ્દૃષ્ટિ જીવોને દેશનાયોગ્ય સ્વીકારે છે તેમ સ્થાપન કર્યું. હવે વિંશિકાના વચનથી તેને દૃઢ કરે છે –

'વિંશિકા'માં કહ્યું કે અચરમાવર્તકાળ ભવનો બાલકાળ છે અને ચરમાવર્તકાળ ધર્મનો યૌવનકાળ છે અને તે ધર્મયૌવનકાળ ચિત્ર ભેદવાળો છે=અનેક ભેદવાળો છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ચરમાવર્તમાં આવેલા અપુનર્બંધક જીવો ધર્મયૌવનકાળમાં છે અને સમ્યગ્દૃષ્ટિ જીવો વિશિષ્ટ પ્રકારના ધર્મયૌવનકાળને પામેલા છે; કેમ કે ધર્મયૌવનકાળ ચિત્ર ભેદવાળો હોવાથી તે આદ્યભૂમિકામાં અપુનર્બંધક અવસ્થાવાળો છે અને ઉત્તરની ભૂમિકામાં અવિરત સમ્યક્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ આદિ અવસ્થાવાળો છે.

વળી ભવનો બાલકાળ તે બીજનો પૂર્વકાળ છે, તેથી તે વખતે બીજાધાન થતું નથી માટે તે જીવો

ઉપદેશને માટે અયોગ્ય છે; કેમ કે ઉપદેશ દ્વારા તેઓમાં યોગમાર્ગનું બીજ આધાન થાય તેવું નથી.

ધર્મયૌવનકાળ વિધિ, લિંગ ગમ્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચરમાવર્તમાં આવેલા જીવો જિનવચન અનુસાર કંઈક પ્રવૃત્તિ કરનારા છે તેથી તેઓને વિધિ પ્રત્યેનો પક્ષપાત, વિધિપૂર્વકનું સેવન આદિ વર્તે છે માટે તેઓ દેશનાને યોગ્ય છે.

આ રીતે દેશનાયોગ્ય કોણ છે ? તેને કહેનારા શ્લોકના પ્રથમ પાદનો અર્થ અત્યાર સુધી સ્પષ્ટ કર્યો. શ્લોકના બીજાપાદનું ઉત્થાન કરતાં કહે છે –

ઉપદેશપદમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે કહ્યું છે કે ગલમત્સ્ય, ભવવિમોચક, વિષાન્નભોજી જીવોને જેવો શુભભાવ છે તેના જેવો મિથ્યાદૃષ્ટિ જીવોને ધર્માનુષ્ઠાનકાળમાં પ્રવર્તતો શુભભાવ ફલથી અશુભ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ગલમત્સ્ય એટલે માછલાને પકડવાના કાંટા ઉપર લગાડેલા માંસનો ટુકડો, તેને ખાવાનો શુભભાવ જે માછલાને માટે ફલથી અનર્થકારી છે. વળી, દુઃખી જીવોના દુઃખને જોઈને તેઓને ભવથી મુકાવવાને માટે મારી નાખવાના પરિણામવાળા ભવવિમોચક જીવોનો દયાનો પરિણામ ફલથી અશુભ છે. વળી, વિષવાળું અન્ન હોય અને કોઈને ભૂખ મટાડવાના ઉપાયરૂપે તે ખાવાનો પરિણામ થાય તો તે ખાવાનો પરિણામ ફલથી અશુભ છે. તે રીતે મિથ્યાદૃષ્ટિ જીવોનો ધર્મ કરવાનો શુભ પરિણામ પણ ફલથી અશુભ છે.

આ રીતે મિથ્યાદૃષ્ટિ જીવોનો શુભભાવ પણ અશુભ છે તે પ્રકારનું શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબનું વચન હોવા છતાં મિથ્યાદૃષ્ટિ એવા આદિધાર્મિક દેશનાયોગ્ય છે તેમ ગ્રંથકારશ્રીએ કેમ કહ્યું ? એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

મધ્યસ્થપણું હોવાથી મિથ્યાદૃષ્ટિ એવા આદિધાર્મિક જીવો પણ ધર્મદેશના માટે યોગ્ય છે.

મધ્યસ્થપણાનો અર્થ સ્પષ્ટ કરે છે –

રાગ-દ્વેષરહિતપણું છે=પૂર્વમાં વર્ણન કરાયેલા પાંત્રીસ ગુણના યોગથી જ તેઓને મધ્યસ્થગુણની પ્રાપ્તિ થયેલી છે, તેથી તેઓ દેશનાયોગ્ય છે.

આશય એ છે કે આદિધાર્મિક જીવો વીતરાગ નથી તેથી રાગ-દ્વેષ રહિત કહી શકાય નહિ, તોપણ જે જીવો પોતાની ભૂમિકાનુસાર તત્ત્વાતત્ત્વનો વિભાગ માટે માર્ગાનુસારી ઊહ કરે છે તેઓમાં તત્ત્વને યથાર્થ જાણવાને અનુકૂળ અને તત્ત્વના સેવનને અનુકૂળ વ્યાપારમાં રાગ-દ્વેષ પ્રવર્તક નથી પરંતુ રાગ-દ્વેષની મંદતા પ્રવર્તક છે તેથી તેઓ રાગ-દ્વેષ રહિત છે અને તેના કારણે ઉપદેશ દ્વારા તેઓને તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

વળી, શાસ્ત્રમાં પણ મધ્યસ્થને જ ધર્મદેશનાયોગ્ય કહેલ છે તેમાં સાક્ષીપાઠ આપે છે –

કહ્યું છે કે રાગવાળા દ્વેષવાળા અર્થાત્ પોતાની માન્યતામાં રાગવાળા અને પરની માન્યતામાં દ્વેષવાળા, તત્ત્વાતત્ત્વના વિભાગમાં મૂઢ અને તત્ત્વના વિષયમાં પૂર્વમાં કોઈથી વ્યુત્ગ્રાહીત આ ચાર જીવો ધર્મની દેશના

માટે અયોગ્ય છે અને જેઓ સ્વદર્શનમાં રાગવાળા કે પરદર્શનમાં દ્વેષવાળા નથી પરંતુ રાગ-દ્વેષથી આકુળ થયા વગર 'તત્ત્વ શું છે ?' તે જાણવા માટે અભિમુખ થયા છે તેવા મધ્યસ્થ જીવો દેશના માટે યોગ્ય છે.

આ કથનથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે મિથ્યાદૃષ્ટિ જીવોના શુભભાવ અશુભ છે તે કથન કદાગ્રહથી ગ્રસ્ત મતિવાળા એવા આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવોને આશ્રયીને કહ્યું છે; જ્યારે ગ્રંથકારશ્રીએ જે જીવોને મિથ્યાત્વ મંદ થયેલ છે અને તેથી રાગ-દ્વેષની આકુળતા વગર તત્ત્વને સાંભળવાને સન્મુખ થયેલા છે તેવા મધ્યસ્થ જીવોને દેશનાયોગ્ય કહ્યા છે. માટે શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબના વચન સાથે કોઈ વિરોધ નથી.

આ કથનથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કેટલાક જીવો મિથ્યાત્વદશામાં પણ પોતાના પક્ષ પ્રત્યે અત્યંત રાગવાળા હોય છે તેથી પોતાના પક્ષનો રાગ તેઓને તત્ત્વ જાણવા માટે સમ્યક્પ્રયત્ન કરવામાં બાધક બને છે. આમ છતાં, પોતાના દર્શન અનુસાર બાહ્ય તપ-ત્યાગાદિની આચરણા કરતા હોય ત્યારે રાગ-દ્વેષની મંદતારૂપ ઉપશમ દેખાય છે અને તેના કારણે તેઓ કંઈક પુણ્ય બાંધે છે તોપણ અતત્ત્વના ગાઢ રાગયુક્ત તેઓનો ઉપશમ હોવાથી પાપાનુબંધીપુણ્ય બંધાય છે અને તે કર્મ જ્યારે વિપાકમાં આવે છે ત્યારે તેવા જીવો તે સુખમાં મૂઢ=આસક્ત, થાય છે અને જ્યારે તે પુણ્યકર્મ પૂર્ણ થાય છે ત્યારે નરકાદિ પાતની પ્રાપ્તિ થાય છે. તેથી તેઓનો તપ-ત્યાગાદિ દ્વારા થયેલો ઉપશમ પણ અસત્પ્રવૃત્તિનો હેતુ છે અને તેવા જીવોને આશ્રયીને શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે કહ્યું છે કે તેઓનો શુભભાવ પણ ફલથી અશુભ જ છે.

વળી, જે જીવોનું મિથ્યાત્વ મંદ થયું છે તેવા જીવોને ગુણવાન પુરુષ તેની બુદ્ધિને અનુસાર ઉચિત ઉપદેશ આપે તો તેઓ તત્ત્વને જાણવા માટે પ્રયત્ન કરે તેવા છે અને જેઓમાં તત્ત્વ વિષયક જિજ્ઞાસાદિ ગુણો વર્તે છે અને તત્ત્વાતત્ત્વના વિષયમાં મૂઢતા નહિ હોવાથી મોહની અલ્પતાકૃત રાગ-દ્વેષની શક્તિના પ્રતિઘાતરૂપ ઉપશમભાવ વર્તે છે તેવા આદિધાર્મિક જીવોની પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિ જ છે; કેમ કે તેઓમાં અતત્ત્વનો આગ્રહ નિવૃત્ત થયેલો હોવાથી સદ્અર્થના પક્ષપાતનો ગુણ વર્તે છે. આવા જીવોને આશ્રયીને ગ્રંથકારશ્રીએ આદિધાર્મિક જીવોને દેશનાયોગ્ય કહેલ છે.

શ્લોકમાં કહ્યું કે પૂર્વમાં વર્ણન કરાયેલ ગુણસંપત્તિવાળો આદિધાર્મિક પુરુષ દેશનાયોગ્ય છે.

કેમ દેશના યોગ્ય છે ? તેમાં યુક્તિ આપી કે તેનામાં મધ્યસ્થપણું છે.

ત્યાં શંકા કરતાં કહે છે કે આ રીતે જેઓ જૈનદર્શનને પામેલા છે તેવા આદિધાર્મિકમાં મધ્યસ્થપણું ઘટે; કેમ કે જૈનદર્શનમાં રહેલા જીવોને ભગવાનના વચનાનુસાર ઉપદેશ આપનારા યોગ્ય ગુરુના યોગને કારણે મધ્યસ્થતાથી તત્ત્વ-અતત્ત્વના વિચારનો ઊહ પ્રગટ થાય છે. પરંતુ જેઓ અન્યદર્શનમાં રહેલા છે અને તે તે દર્શનના આચારોમાં ધર્મબુદ્ધિ ધારણ કરે છે તેઓમાં મધ્યસ્થપણું કઈ રીતે હોઈ શકે ? અર્થાત્ હોઈ શકે નહિ; કેમ કે તે તે દર્શનના ઉપદેશકો સ્વ-સ્વ દર્શનાનુસાર એકાંતવાદનો ઉપદેશ આપે છે. તેથી તે દર્શનમાં

રહેલા જીવોમાં પણ તે પ્રકારનો જ અતત્ત્વનો પક્ષપાત થશે અને તેઓમાં મધ્યસ્થભાવ ન હોય તો તે જીવો દેશના યોગ્ય કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. તેના નિરાકરણ માટે શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

અન્યદર્શનમાં રહેલા પણ ભદ્રકપ્રકૃતિવાળા જીવોમાં યોગદૃષ્ટિનો પ્રાદુર્ભાવ છે. તેથી 'ગુણસ્થાનક' શબ્દની વ્યુત્પત્તિથી યુક્ત એવું પ્રથમ ગુણસ્થાનક તેઓમાં છે અને તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે –

અન્યદર્શનમાં રહેલા કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવો પણ પરમાર્થથી ગવેષણામાં તત્પર હોય છે. અને અસદ્ પક્ષપાતનો ત્યાગ કરીને અદ્વેષ-જિજ્ઞાસાદિ ગુણોને ધારણ કરનારા હોય છે. અને ધર્મની પ્રવૃત્તિમાં ખેદાદિ દોષના પરિહારથી યત્ન કરનારા હોય છે. ત્યારે મોક્ષના અભિલાષરૂપ સંવેગનો પરિણામ તેઓમાં પણ તરતમતાથી પ્રાપ્ત થાય છે. તે વખતે તેઓ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગના પરિણામવાળા નથી તોપણ મોક્ષમાર્ગના અભિમુખ પરિણામવાળા છે. તેના કારણે તેઓમાંથી કેટલાકને ઇક્ષુ જેવી મિત્રાદૃષ્ટિ, ઇક્ષુના રસ જેવી તારાદૃષ્ટિ, ઇક્ષુના રસને ઉકાળીને કંઈક ઘટ્ટ થયેલ એવા કક્કબ જેવી બલાદૃષ્ટિ અને ઇક્ષુમાંથી થયેલ ગુડ જેવી દીપ્રાદૃષ્ટિ ઉલ્લાસ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે યોગમાર્ગમાં, પ્રવૃત્તિરૂપ યોગની પ્રથમ ચારદૃષ્ટિ અન્ય દર્શનવાળા જીવોમાં છે તેમાં પ્રમાણ શું ? તેથી કહે છે –

ભગવાન પતંજલિ અને ભદન્ત ભાસ્કરાદિમાં તે યોગદૃષ્ટિનો સ્વીકાર કરાયો છે. તેથી નક્કી થાય છે કે અન્યદર્શનમાં રહેલા પણ ભદ્રકપ્રકૃતિવાળા જીવોમાં તેઓની ભૂમિકાનુસાર પ્રથમની ચાર દૃષ્ટિમાંથી કોઈ દૃષ્ટિ પ્રગટ થાય છે, માટે તેઓ દેશનાને યોગ્ય છે.

અહીં ગ્રંથકારશ્રી પ્રથમની ચાર દૃષ્ટિઓનું સંક્ષેપથી સ્વરૂપ બતાવતાં કહે છે –

મિત્રાદૃષ્ટિમાં મોક્ષનું કારણ બને તેવો પ્રારંભિક અલ્પબોધ છે. વળી, યમ નામનું પ્રથમ યોગાંગ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મિત્રાદૃષ્ટિવાળા જીવોનો અલ્પ એવો પણ બોધ મોક્ષને અનુકૂળ છે. તેઓ મોક્ષને અનુકૂળ એવા યમ નામના યોગાંગને સેવનારા છે. વળી તેઓને દેવકાર્યાદિમાં અખેદ વર્તે છે. તેથી તેઓ પ્રીતિપૂર્વક આત્મકલ્યાણના કારણભૂત એવાં દેવકાર્યાદિ કૃત્યો કરે છે. વળી, યોગબીજોનું ગ્રહણ કરે છે તેથી પ્રથમ ભૂમિકાના યોગમાર્ગના ઉત્તમ સંસ્કારોનું આત્મામાં આધાન કરે છે તેમ પ્રાપ્ત થાય. વળી, તેઓને ચાર ગતિના પરિભ્રમણરૂપ ભવ પ્રત્યે ઉદ્વેગ હોય છે. સિદ્ધાંતના લેખનાદિની પ્રવૃત્તિ હોય છે. વળી યોગબીજોને સાંભળવામાં પરમ શ્રદ્ધા હોય છે. અર્થાત્ શ્રેષ્ઠ કોટિની રુચિ હોય છે. ઉત્તમ પુરુષો સાથે સંગ કરનારા હોય છે.

અહીં પ્રશ્ન થાય કે મિત્રાદૃષ્ટિવાળા જીવો આવી ગુણસંપત્તિવાળા કેમ છે ? તેથી કહે છે –

મિત્રાદૃષ્ટિવાળા જીવોમાં ચરમયથાપ્રવૃત્તિકરણના સામર્થ્યથી કર્મમલ અલ્પ થયો છે તેથી તેઓમાં આવી ગુણસંપત્તિ પ્રગટેલી છે. અને ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કર્મમલ અલ્પ થવાને કારણે જ ચરમયથા-પ્રવૃત્તકરણને 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાં પરમાર્થથી અપૂર્વકરણ જ કહેલ છે.

આશય એ છે કે જીવને અનંતકાળમાં ક્યારેય પ્રાપ્ત થયો નથી તેવો ઉત્તમ અધ્યવસાય ગ્રંથિભેદ વખતે પ્રાપ્ત થાય છે તે ઉત્તમ અધ્યવસાયને અપૂર્વકરણ કહેવાય છે. અને ચરમયથાપ્રવૃત્તકરણ ગ્રંથિભેદને અનુકૂળ એવો અપૂર્વ પરિણામ નથી તોપણ ચરમયથાપ્રવૃત્તકરણનો પરિણામ અનંતકાળમાં જીવે ક્યારેય પ્રાપ્ત કર્યો નથી, આથી તે અપૂર્વ પરિણામ છે. માટે પરમાર્થથી તેને અપૂર્વકરણ કહેલ છે.

ચરમયથાપ્રવૃત્તકરણનો પરિણામ અપૂર્વકરણ જ છે તેમાં યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથની સાક્ષી આપે છે તેનો અર્થ આ પ્રમાણે છે –

ચરમયથાપ્રવૃત્તકરણનો અધ્યવસાય અપૂર્વકરણના આસન્નભાવવાળો છે અને અવશ્ય અપૂર્વકરણને પ્રગટ કરશે તેવો છે, પરંતુ વ્યભિચારી નથી. માટે પરમાર્થથી ચરમયથાપ્રવૃત્તકરણનો અધ્યવસાય અપૂર્વ જ છે.

વળી ભગવાનના શાસનમાં ચૌદ ગુણસ્થાનકો કહ્યાં છે તેમાં પ્રથમ ગુણસ્થાનકવર્તી સર્વ સંસારી જીવો છે તોપણ ગુણસંપન્ન પ્રથમ ગુણસ્થાનક અન્ય જીવોમાં નથી પરંતુ ચરમયથાપ્રવૃત્તકરણવાળા જીવોમાં છે. માટે પ્રથમ ગુણસ્થાનકમાં સંભવી શકે તેવા ગુણો ચરમયથાપ્રવૃત્તકરણના અધ્યવસાયથી પ્રગટ થાય છે.

'યથાપ્રવૃત્તિકરણ' એટલે યથાકથંચિત્ પ્રગટ થયેલો જીવનો સુંદર અધ્યવસાય. આવું યથાપ્રવૃત્તિકરણ જીવ ચરમાવર્ત પૂર્વે પણ અનંતી વખત કરે છે, પરંતુ તે યથાપ્રવૃત્તકરણનો અધ્યવસાય મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ બનતો નથી અને જ્યારે તે જીવ ચરમાવર્તમાં આવે છે અને ચરમાવર્તમાં આવ્યા પછી યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવા વિશિષ્ટ પરિણામથી જે યથાપ્રવૃત્તિકરણ કરે છે તે 'ચરમયથાપ્રવૃત્તકરણ' છે. આ ચરમયથાપ્રવૃત્તકરણમાં થયેલો અધ્યવસાય યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવો શ્રેષ્ઠ હોય છે. માટે ચરમયથાપ્રવૃતકરણભાવી એવી મિત્રાદૃષ્ટિ કલ્યાણની પરંપરાનું કારણ છે.

વળી, મિત્રાદૃષ્ટિની પ્રાપ્તિ પછી કંઈક વિશુદ્ધિ વધે ત્યારે 'તારાદૃષ્ટિ' પ્રગટે છે. તે તારાદૃષ્ટિનું સ્વરૂપ બતાવે છે –

તારાદૃષ્ટિમાં મિત્રાદૃષ્ટિ કરતાં કંઈક તત્ત્વનું દર્શન હોય છે. વળી, શુભ નિયમો પ્રગટે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મિત્રાદૃષ્ટિ કરતાં કંઈક વિશેષ નિર્મળ બોધ છે અને કંઈક વિશેષ પ્રકારની ધર્મની પ્રવૃત્તિ છે. તેથી મિત્રાદૃષ્ટિ કરતા કંઈક વિશિષ્ટ બોધ અને વિશિષ્ટ આચરણા તારાદૃષ્ટિમાં છે. વળી તારાદૃષ્ટિવાળા જીવોને તત્ત્વની જિજ્ઞાસા પ્રગટે છે તેથી મિત્રાદૃષ્ટિ કરતાં વિશેષ પ્રકારની ગુણસંપત્તિ છે અને તારાદૃષ્ટિવાળા જીવોને યોગમાર્ગ પ્રત્યે અત્યંત રુચિ હોવાથી યોગમાર્ગની કથાઓમાં અવિચ્છિન્ન પ્રીતિ વર્તે છે. વળી, તારાદૃષ્ટિવાળા જીવો યોગમાર્ગમાં ચાલનારા એવા ભાવયોગીઓમાં પોતાની શક્તિ અનુસાર દાનાદિની ક્રિયા કરે છે અર્થાત્ પોતાની શક્તિ અનુસાર આહારાદિનું દાન કરે છે. વળી, સંસારમાં પણ પોતાની ભૂમિકા અનુસાર જે ઉચિત ક્રિયાઓ હોય છે તેનું પાલન કરે છે. વળી, પોતાના ઉચિત આચારોમાં કંઈક હીનતા દેખાય ત્યારે તારાદૃષ્ટિવાળા જીવોને મહાત્રાસ થાય છે. અર્થાત્ પશ્ચાત્તાપ થાય છે. વળી, પોતે જે આચારો સેવે છે તેનાથી ઉપરના સુંદર આચારો પોતે કઈ રીતે સેવી શકે તેના વિષયક

જિજ્ઞાસા હોય છે. વળી, તારાદૃષ્ટિમાં કંઈક વિવેક પ્રગટેલો હોવાને કારણે તે વિચારે છે કે પોતાની બુદ્ધિથી વિચારાયેલા પદાર્થમાં વિસંવાદ દેખાય છે અર્થાત્ પ્રથમ જે પદાર્થ પોતાને જે રીતે જણાતો હતો તે જ પદાર્થ કંઈક પ્રજ્ઞા વિકસે છે ત્યારે તે પ્રમાણે નથી તેવું જણાય છે. માટે આપણી પ્રજ્ઞાથી નિર્ણય કરાયેલો પદાર્થ વિપરીત પણ પ્રાપ્ત થાય છે અને મોક્ષમાર્ગની સર્વ પ્રવૃત્તિને આપણે જાણી શકતા નથી. માટે મોક્ષમાર્ગમાં ચાલનારા એવા શિષ્ટપુરુષના આચારને જ તારાદૃષ્ટિવાળા જીવો આગળ કરીને પ્રવર્તે છે.

વળી, બલાદૃષ્ટિમાં દૃઢ દર્શન હોય છે અને સ્થિર સુખાસન હોય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ બે દૃષ્ટિ કરતાં ઘણો સ્પષ્ટ બોધ હોય છે અને પ્રકૃતિ અત્યંત સંતોષવાળી હોય છે તેથી સ્વસ્થતાપૂર્વક ધર્મની પ્રવૃત્તિ કરી શકે છે. વળી, મોક્ષમાર્ગની પ્રાપ્તિના ઉપાયરૂપ તત્ત્વને સાંભળવાની પ્રકૃષ્ટ ઇચ્છા હોય છે. વળી, યોગમાર્ગની પ્રવૃત્તિમાં ક્ષેપ નામનો દોષ થતો નથી. તેથી સ્થિરતાપૂર્વક ધર્માનુષ્ઠાન સેવી શકે છે. આથી પ્રથમની બે દૃષ્ટિ કરતાં બોધ અને યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિમાં બલાદૃષ્ટિ ઘણી અધિક છે.

વળી, દીપ્રાદૃષ્ટિમાં ભાવપ્રાણાયામ પ્રગટે છે. તેથી જેમ પ્રાણાયામમાં રેચક, પૂરણ અને કુંભક કરાય છે તેમ દીપ્રાદૃષ્ટિવાળા જીવો તત્ત્વનું ભાવન કરીને ઉત્તમ ભાવો આત્મામાં પૂરે છે અને અનાદિના અશુભ ભાવોનું રેચન કરે છે અને આત્મામાં પ્રગટેલા શુભ ભાવોને સ્થિર કરવા રૂપે કુંભક કરે છે. તેથી દીપ્રાદૃષ્ટિવાળા જીવો સદા યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિથી આત્માને સમૃદ્ધિવાળો કરે છે. વળી, ચિત્તમાં પ્રશાંતવાહિતાનો પરિણામ પ્રગટ થયેલો હોવાને કારણે દીપ્રાદૃષ્ટિવાળા જીવો સ્વભૂમિકા અનુસાર જે યોગમાર્ગ સેવે છે તેમાં ઉત્થાનદોષનો વિરહ છે. વળી, યોગીઓ પાસેથી તત્ત્વશ્રવણ કરીને પોતાના યોગમાર્ગ વિષયક બોધને સમૃદ્ધ કરે છે. વળી, નિર્મલ પ્રજ્ઞા હોવાને કારણે પોતાના દસ પ્રાણો કરતા ધર્મને અધિક માને છે અર્થાત્ વિચારે છે કે આ દસ પ્રાણો મૃત્યુ સાથે વિનાશ પામશે જ્યારે સમ્યક્ રીતે સેવાયેલો ધર્મ તો પરલોકમાં સાથે આવનાર છે. તેથી સ્વબોધ અનુસાર ધર્મને સેવવામાં યત્ન કરે છે. વળી, સદ્ગુરુ પાસેથી તત્ત્વશ્રવણ કરે છે. અને તેના કારણે તેવા ઉત્તમ ગુરુ પ્રત્યે તેને ભક્તિ થાય છે. અને તત્ત્વશ્રવણને કારણે ઉત્તમ ગુરુ પાસેથી દીપ્રાદૃષ્ટિવાળા જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. તેના કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણીભૂત ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિ થાય છે અને તેના ફળરૂપે સમાપત્તિ આદિ ભેદથી તીર્થંકરનું દર્શન થાય છે અર્થાત્ ગુરુ પાસેથી સત્શાસ્ત્રનો બોધ થાય છે અને આ સત્શાસ્ત્રનો પરમાર્થ તીર્થંકરોએ આપેલો છે તેવો ગુરુના વચનથી નિર્ણય થાય છે. તેથી આ પ્રકારના તત્ત્વને આપનાર તીર્થંકર પ્રત્યે ભક્તિ થાય છે અને તે ભક્તિનો પ્રકર્ષ થાય તો તીર્થંકર સાથે ધ્યાન રૂપે સમાપત્તિ થાય છે. આદિ શબ્દથી તીર્થંકરનામકર્મના બંધની પ્રાપ્તિ થાય છે. તેથી દીપ્રાદૃષ્ટિમાં ગુરુભક્તિથી સમાપત્તિના ભેદથી તીર્થંકરનું દર્શન થાય છે તેમ કહેલ છે.

વળી, મિત્રાદૃષ્ટિ આદિ ચાર દૃષ્ટિઓનો બોધ કેવા પ્રકારનો છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

મિત્રાદૃષ્ટિવાળા જીવોને તૃણના અગ્નિના કણની ઉપમા જેવો બોધ છે.

આશય એ છે કે અનાદિકાળથી જીવ તત્ત્વમાર્ગના બોધથી રહિત છે. તેથી આત્મામાં તત્ત્વ વિષયક ગાઢ અંધકાર પ્રવર્તે છે અને કર્મની કંઈક લઘુતા થવાને કારણે પ્રાથમિક ભૂમિકાનો તત્ત્વમાર્ગ વિષયક બોધ મિત્રાદૃષ્ટિવાળા જીવોને થાય છે.

આ બોધ અતિ અલ્પ છે તેને દૃષ્ટાંતથી બતાવે છે –

તૃણના અગ્નિના કણની ઉપમા જેવો અલ્પ છે. તે બોધ અતિઅલ્પ હોવાને કારણે પરમાર્થથી યોગમાર્ગમાં સમ્યક્ યત્ન કરવાને અનુરૂપ પ્રવૃત્તિ કરાવવા સમર્થ નથી; કેમ કે ઉપદેશ આદિની સામગ્રીથી કંઈક બોધ થયો છે, તોપણ તે બોધથી પ્રેરાઈને મિત્રાદૃષ્ટિવાળા જીવો ધર્મની પ્રવૃત્તિ કરે છે ત્યારે પ્રવૃત્તિકાળ સુધી તે બોધ સમ્યક્ રહેતો નથી, તેથી તે ધર્મની પ્રવૃત્તિ બોધથી નિયંત્રિત બનતી નથી. માટે તે બોધ અભીષ્ટ કાર્ય કરવા સમર્થ નથી.

અહીં પ્રશ્ન થાય કે થયેલો બોધ ધર્મની પ્રવૃત્તિકાળ સુધી કેમ ટકતો નથી ? તેથી કહે છે –

યોગમાર્ગના પરમાર્થને જાણવા વિષયક જે ઉપયોગ પ્રવર્તે છે તે ઉપયોગમાં અલ્પવીર્યપણું હોવાને કારણે તે બોધથી પટુબીજના સંસ્કારના આધાનની અનુપપત્તિ છે. અર્થાત્ તે બોધથી કંઈક સંસ્કારો પડે છે. પરંતુ સ્મૃતિ કરાવે તેવા પટુબીજવાળા સંસ્કારોનું આધાન થતું નથી. આથી ધર્મની પ્રવૃત્તિ બોધથી નિયંત્રિત નહિ હોવાને કારણે વિકલપ્રયોગવાળી થાય છે. તેથી મિત્રાદૃષ્ટિવાળા જીવો વંદનાદિ ક્રિયા કરે તોપણ તે વંદનાદિ ક્રિયાથી જન્ય વિશિષ્ટ શુભ પરિણામરૂપ કાર્યની અપ્રાપ્તિ છે. તેથી મિત્રાદૃષ્ટિનો બોધ ક્રિયાની સમ્યક્ નિષ્પત્તિનું કારણ બનતો નથી.

વળી, મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિનો બોધ કંઈક અધિક છે અને તે છાણાના અગ્નિના કણ જેવો છે. આ દૃષ્ટિ પણ મિત્રાદૃષ્ટિ જેવી જ છે તેથી તત્ત્વથી અભીષ્ટકાર્ય કરવા સમર્થ નથી. જો કે મિત્રાદૃષ્ટિ કરતાં કંઈક અધિક બોધ છે તોપણ બોધકાળમાં વિશિષ્ટ વીર્ય નથી અને અધિક કાળ ટકે તેવી સ્થિતિવાળો પણ બોધ નથી. આથી તારાદૃષ્ટિવાળા જીવો પણ ધર્માનુષ્ઠાન સેવે ત્યારે તે બોધથી સ્મૃતિ થતી નથી. તેના અભાવને કારણે તેઓની વંદનાદિની ક્રિયા બોધના પરિણામથી વિકલ હોય છે. માટે તારાદૃષ્ટિવાળા જીવોને પણ વંદનાદિ ક્રિયામાં મિત્રાદૃષ્ટિવાળા જીવોની જેમ વિશિષ્ટ પ્રકારનો શુભભાવ થતો નથી.

બલાદૃષ્ટિનો બોધ પ્રથમ બે દૃષ્ટિ કરતાં કંઈક અધિક છે અને તે કાષ્ઠના અગ્નિના કણ જેવો છે. વિશિષ્ટ બોધ હોવાને કારણે તે બોધકાળમાં કંઈક વીર્ય પ્રવર્તે છે અને તે બોધના સંસ્કારો પણ કંઈક રહે છે. આથી બલાદૃષ્ટિવાળા જીવો તે બોધથી ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિ કરે છે ત્યારે તે ક્રિયા વિષયક જે કંઈક બોધ થયેલો છે તેની કંઈક પટુપ્રાયઃ સ્મૃતિ થાય છે. ક્રિયાકાળમાં તે બોધ હોવાને કારણે બલાદૃષ્ટિવાળા જીવોને ખાલી ક્રિયા કરવામાં પ્રીતિ નથી હોતી, પરંતુ અર્થપ્રયોગમાત્રમાં પ્રીતિ વર્તે છે અર્થાત્ તે તે ક્રિયાઓ દ્વારા ગુણવૃદ્ધિને અનુકૂળ અંતરંગ યત્ન થાય તેવા અર્થવાળી ક્રિયા કરવામાં તેઓને પ્રીતિ વર્તે છે. તેથી બલાદૃષ્ટિવાળા જીવો તે ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિમાં તત્ત્વના પારમાર્થિક બોધને અનુકૂળ એવો યત્નલેશ કરે છે. આથી જ ત્રીજી દૃષ્ટિવાળા જીવોનું ચિત્ત માર્ગગમનવાળું હોય છે તેને આશ્રયીને જ નમુત્થુણં સૂત્રમાં ભગવાનને માર્ગ દેનારા કહ્યા છે.

દીપ્રાદૃષ્ટિનો બોધ પૂર્વની ત્રણેય દૃષ્ટિ કરતાં અધિક છે અને તે દીવાની પ્રભા જેવો છે. તે દીપ્રાદૃષ્ટિનો બોધ અતિશય હોવાને કારણે દીર્ઘકાળ ટકે તેવી સ્થિતિવાળો છે. બોધકાળમાં તત્ત્વને જાણવા વિષયક ઉગ્ર વીર્ય પ્રવર્તે છે. તેથી તે બોધથી દીપ્રાદૃષ્ટિવાળા જીવો જ્યારે ધર્મની પ્રવૃત્તિ કરે છે ત્યારે પટુસ્મૃતિ થાય છે. તેથી ચોથી દૃષ્ટિવાળા જીવો જે ધર્માનુષ્ઠાન કરે છે તે ધર્માનુષ્ઠાનમાં ભાવનું પ્રાચુર્ય હોય છે, છતાં તેઓની વંદનાદિ ક્રિયાને દ્રવ્યક્રિયા કહેવામાં આવે છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવો જેવો સૂક્ષ્મ બોધ દીપ્રાદૃષ્ટિવાળા જીવોને નહિ હોવાથી સમ્યગ્દૃષ્ટિ જેવી અતિશય ભાવવાળી ધર્મની પ્રવૃત્તિ તેઓ કરી શકતા નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો કરતાં દીપ્રાદૃષ્ટિવાળા જીવોની પ્રવૃત્તિમાં યત્નભેદ હોવાને કારણે તેઓની વંદનાદિ ક્રિયાને શાસ્ત્રકારો 'દ્રવ્યક્રિયા' કહે છે. આમ, પ્રથમ ગુણસ્થાનકમાં ગુણનો પ્રકર્ષ પ્રથમ દૃષ્ટિથી માંડીને ચોથી દૃષ્ટિ સુધી થાય છે. આ પ્રકારના 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથના અર્થ અનુસાર વિચારીએ તો મિથ્યાદૃષ્ટિ જીવોને પણ માધ્યસ્થ્યાદિ ગુણમૂલક મિત્રાદિ ચાર દૃષ્ટિનો યોગ હોય છે. તેથી તેઓમાં ગુણસ્થાનકની પ્રાપ્તિ છે. અને તેના કારણે તેઓમાં અનાભિગ્રહિક મિથ્યાત્વનો સંભવ છે. અને તેઓમાં જે અનાભિગ્રહિકપણું છે. તે જ દેશનાયોગ્યત્વમાં કારણ છે. માટે-અન્યદર્શનવાળા જીવોમાં પણ દેશના સાંભળવાની યોગ્યતા છે તેમ ફલિત થાય છે.

વળી, લલિત વિસ્તરામાં કહ્યું છે અનાભોગથી પણ માર્ગગમન જ સદન્ધન્યાયથી થાય છે એમ અધ્યાત્મચિંતકો કહે છે. તે વચન અનુસાર અનાભોગવાળા એવા પણ મિથ્યાદૃષ્ટિ જીવોમાં મિથ્યાત્વની મંદતાને કારણે માધ્યસ્થ્ય, તત્ત્વજિજ્ઞાસા આદિ ગુણનો યોગ હોય છે. તેથી તેઓ માર્ગને અનુસરે છે. વળી જેઓ અનાભોગ-મિથ્યાદૃષ્ટિ કરતાં વિશેષ ગુણવાળા એવા અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ છે તેઓમાં તો અત્યંત દેશનાયોગ્યપણું છે.

અહીં વિશેષ એ છે કે જીવોનો કર્મમલ કંઈક મંદ થયો છે; આમ છતાં તત્ત્વના વિષયમાં હજી કોઈ પ્રકારનો સ્પષ્ટ બોધ નથી, તેઓ અનાભોગવાળા મિથ્યાદૃષ્ટિ જીવો છે. જેઓને કંઈક દૃષ્ટિ ઉલ્લાસિત થઈ છે તેના કારણે આગ્રહ વગર તત્ત્વને જાણવાને અભિમુખ થયા છે તેઓ અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો છે. તેથી અનાભોગ મિથ્યાદૃષ્ટિ કરતાં કંઈક યોગમાર્ગના બોધવાળા અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ ધર્મદેશના માટે વિશેષ યોગ્યતાવાળા છે. **॥૧૮॥**

અવતરણિકા :-

અથ તત્પ્રદાનવિધિમાહ –

અવતરણિકાર્થ :-

હવે તે=દેશનાના, પ્રદાનની વિધિને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ આદિધાર્મિકના પાંત્રીસ ગુણો બતાવ્યા. આવા ગુણોવાળો જીવ જૈનદર્શનના

આચારો પાળતો હોય તેથી લોકોત્તર ધર્મને અનુકૂળ એવી દેશનાને યોગ્ય છે એમ શ્લોક-૧૮માં કહ્યું. વળી અન્યદર્શનવાળા જીવોમાં પણ યોગની ચાર દૃષ્ટિવાળા જીવો દેશનાયોગ્ય છે એમ કહ્યું. હવે તેના પ્રદાનની વિધિને કહે છે=યોગ્ય જીવને દેશના આપવાની વિધિને કહે છે –

શ્લોક :-

सा च संवेगकृत्कार्या, शुश्रूषोर्मुनिना परा ।
बालादिभावं संज्ञाय, यथाबोधं महात्मना ।।१९।।

અન્વયાર્થ :-

च=અને शुश्रूषोः=સાંભળવાની ઇચ્છાવાળા શ્રોતાના बालादिभावं=બાલાદિભાવને संज्ञाय=જાણીને यथाबोधं=પોતાના બોધને અનુરૂપ महात्मना मुनिना=મહાત્મા એવા મુનિએ संवेगकृत्=સંવેગને કરનારી सा=તે=દેશના परा=પ્રકૃષ્ટ कार्या=કરવી જોઈએ. ।।૧૯।।

શ્લોકાર્થ :-

અને સાંભળવાની ઇચ્છાવાળા શ્રોતાના બાલાદિભાવને જાણીને પોતાના બોધને અનુરૂપ મહાત્મા એવા મુનિએ સંવેગને કરનારી દેશના પ્રકૃષ્ટ કરવી જોઈએ. ।।૧૯।।

ટીકા :-

'सा च' देशना 'संवेगकृत्' संवेगकारिणी, संवेगलक्षणं चेदम्–

"तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे, देवे रागद्वेषमोहादिमुक्ते ।
साधौ सर्वग्रन्थसन्दर्भहीने, संवेगोऽसौ निश्चलो योऽनुरागः ।।१।।" **इति ।**

'मुनिना' गीतार्थेन साधुनाऽन्यस्य धर्मोपदेशेऽनधिकारित्वात् । यथोक्तं निशीथे –

"संसारदुक्खमहणो विबोहणो भवियपुंडरीयाणं ।
धम्मो जिणपण्णत्तो, पकप्पजइणा कहेअव्वोत्ति ।।" **[ ]**

'प्रकल्पयतिना' इति अधीतनिशीथाध्ययनेन । 'परा' शेषतीर्थान्तरीयधर्मातिशायितया प्रकृष्टा 'कार्या' प्रज्ञापनीया, कीदृशस्य पुरतः सा कार्येत्याह–'शुश्रूषोः' श्रोतुमुपस्थितस्य, मुनिना च किंज्ञानपूर्वमाख्येयेत्याह–'बालादिभावमित्यादि,' बालादीनां त्रयाणां धर्मपरीक्षकाणाम् आदिपदेन मध्यमबुद्धिबुधयोर्ग्रहणात्, भावं परिणामविशेषं स्वरूपं वा 'संज्ञाय' सम्यक् अवैपरीत्येन ज्ञात्वाऽवबुध्य । तस्य त्रिविधस्य धर्मपरीक्षकस्य रुचिरुपलक्षणमिदं षोडशकप्रकरणोक्तम् –

"बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ।।१।।" **[षोडशक १/२]**

तेषामेवाचाररूपलक्षणं चेदम्–

"बालो ह्यसदारम्भो, मध्यमबुद्धिस्तु मध्यमाचारः ।
ज्ञेय इह तत्त्वमार्गे, बुधस्तु मार्गानुसारी यः ।।१।।" **[षोडशक १/३] इति ।**

इत्थं च तद्भावज्ञानपूर्वकं तदनुसारेण देशना विधेयेति संपन्नम् ।

टीकार्थ :-

'सा च' ..... संपन्नम् । અને તે=દેશના, સંવેગને કરનારી મુનિએ પરા કરવી જોઈએ એમ આગળ સાથે અન્વય છે. અને સંવેગનું લક્ષણ આ છે –

"ध्वस्त हिंसादि प्रबंधवाळा એવા तथ्यधर्ममां, राग-द्वेषमोहादिथी मुक्त એવા देवमां, सर्व ग्रंथना संदर्भथी हीन એવા साधुमां જે निश्चल अनुराग छे એ संवेग छे."

'इति' शब्द उद्धरणनी समाप्ति अर्थे छे.

मुनिએ=गीतार्थ साधुએ देशना करवी जोईએ. એમ પૂર્વ साथे अन्वय छे; કેમ કે अन्यने=गीतार्थ साधुथी अन्यने, धर्म उपदेशमां अनधिकारीपणुं छे. જે કારણથી 'निशीथ'માં કહેવાયું છે –

"संसारना दुःखनो नाश करनार, भव्य पुंडरीकोना विबोधने करनार जिनप्रज्ञप्त धर्म प्रकल्पयतिએ કહેવો જોઈએ=निशीथसूत्र ભણેલા साधुએ કહેવો જોઈએ."

'इति' शब्द उद्धरणनी समाप्ति माटे छे.

प्रकल्पयतिનો અર્થ કરે છે –

ભણેલું છે 'निशीथ' अध्ययन જેમણે તે प्रकल्पयति छे.

મુનિએ સંવેગકારી દેશના કેવી કરવી જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

પરા દેશના કરવી જોઈએ=शेष तीर्थान्तरीयना धर्म करतां अतिशयपणाथी प्रकृष्ट करवी जोईએ.

કેવા શ્રોતા આગળ તે દેશના કરવી જોઈએ ? એથી કહે છે –

સાંભળવા માટે ઉપસ્થિત થયેલા શ્રોતાની આગળ કરવી જોઈએ.

મુનિએ કેવા જ્ઞાનપૂર્વક દેશના કરવી જોઈએ ? એથી કહે છે –

બાલાદિ ત્રણ ધર્મપરીક્ષકના પરિણામવિશેષરૂપ ભાવને અથવા સ્વરૂપને જાણીને=સમ્યક્ અવિપરીતપણાથી જાણીને, મુનિએ દેશના કરવી જોઈએ એમ અન્વય છે. શ્લોકમાં કહેલ 'બાલાદિભાવ'થી બાલાદિ ત્રણનું ગ્રહણ કેમ છે તેમાં હેતુ કહે છે – બાલાદિમાં 'આદિ' પદથી મધ્યમબુદ્ધિ અને બુધ

પુરુષનું ગ્રહણ છે. ત્રિવિધ ધર્મપરીક્ષક એવા બાલાદિની રુચિરૂપ લક્ષણ ષોડશક પ્રકરણમાં કહેવાયેલું આ છે=આગળમાં બતાવે છે એ છે –

"બાલ લિંગને જુએ છે. મધ્યમબુદ્ધિ વૃત્ત=આચારનો વિચાર કરે છે. વળી, બુધ સર્વ યત્નથી આગમતત્ત્વની પરીક્ષા કરે છે." **(ષોડશક - ૧/૨)**

'અને તેઓનું=બાલાદિનું, આચારરૂપ લક્ષણ આ છે.

"બાલ અસદ્આરંભવાળો છે. વળી મધ્યમબુદ્ધિ મધ્યમ આચારવાળો જાણવો. સંસારમાં વળી જે બુધ તત્ત્વમાર્ગમાં માર્ગાનુસારી છે." **(ષોડશક - ૧/૩)**

અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, તેના ભાવના જ્ઞાનપૂર્વક=ધર્મપરીક્ષક એવા બાલાદિના જ્ઞાનપૂર્વક, તેના અનુસારથી=બાલાદિના ભાવના અનુસારથી, દેશના આપવી જોઈએ. એ પ્રમાણે પ્રાપ્ત થયું=શ્લોકના કથનથી પ્રાપ્ત થયું.

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં દેશના યોગ્ય જીવો કેવા સ્વરૂપવાળા છે તે બતાવ્યું. હવે દેશના કેવા સાધુએ કઈ રીતે આપવી જોઈએ ? તે બતાવતાં કહે છે –

જે સાધુ 'નિશીથ' અધ્યયનને ભણેલા છે તેઓ દેશનાના અધિકારી છે, અન્ય નહિ. વળી, તેવા સાધુએ પણ સાંભળવા માટે ઉપસ્થિત થયેલા એવા અને ધર્મપરીક્ષામાં તત્પર એવા બાલાદિ ત્રણ પ્રકારના જીવોના ભાવોને અને ત્રણ પ્રકારના જીવોના સ્વરૂપને યથાર્થ જાણીને સંવેગને કરનારી પરા દેશના આપવી જોઈએ. અહીં 'સંવેગને કરનારી' કહેવાથી એ પ્રાપ્ત થાય કે ઉપદેશકના ઉપદેશથી શ્રોતાને વીતરાગદેવમાં નિશ્ચલ અનુરાગ પેદા થાય. અહિંસાદિ તથ્યધર્મમાં નિશ્ચલ અનુરાગ પેદા થાય અને સર્વ આરંભથી રહિત એવા સુસાધુમાં નિશ્ચલ અનુરાગ પેદા થાય તે પ્રકારે દેશના કરવી જોઈએ. તેથી ઉપદેશના વિષયભૂત શ્રોતાની ભૂમિકાને અનુરૂપ દેવનું સ્વરૂપ હોય, ધર્મનું સ્વરૂપ હોય કે ભાવસાધુનું સ્વરૂપ હોય તે પ્રકારની દેશના કરવી જોઈએ. જેથી શ્રોતાને સ્વભૂમિકા અનુસાર તેમાં નિશ્ચલ અનુરાગ થાય.

વળી, તે દેશના 'પરા' કરવી જોઈએ એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે અન્ય દર્શનવાળા ઉપદેશકો જે સ્થૂલથી ધર્મ બતાવે છે. તેના કરતાં જૈનદર્શનના પરમાર્થને ભણેલા સાધુ અતિશય સૂક્ષ્મ ધર્મને બતાવનારા થાય તે રીતે દેશના કરવી જોઈએ. અર્થાત્ અન્ય દર્શનમાં અહિંસાનું સ્વરૂપ સ્થૂલથી છે જ્યારે જૈન સાધુ જિનવચનાનુસાર અહિંસાદિનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવે કે જેથી શ્રોતાને સ્થિર શ્રદ્ધા થાય કે ભગવાનના શાસનનો ધર્મ સર્વ અતિશયવાળો છે. તે પ્રકારે દેશના કરવી જોઈએ.

વળી, કહ્યું કે ઉપસ્થિત થયેલા શ્રોતાના બાલાદિભાવને અને સ્વરૂપને સમ્યક્ જાણીને દેશના કરવી જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે ષોડશકના કથન પ્રમાણે બાલાદિ જીવોની રુચિ અને બાલાદિ જીવોના આચારનું લક્ષણ જાણીને તે પ્રમાણે બાલાદિ જીવોની રુચિને અનુરૂપ ઉપદેશ આપવો જોઈએ અને તેઓના

આચારરૂપ સ્વરૂપને અનુસાર ઉપદેશ આપવો જોઈએ. તેથી એ ફલિત થાય કે બાલજીવોને સ્થૂલરુચિ છે. મધ્યમબુદ્ધિવાળા જીવોને બાલજીવો કરતાં કંઈક વિવેકવાળી રુચિ છે અને બુધ પુરુષની પૂર્ણ વિવેકવાળી રુચિ છે. તે રુચિને ખ્યાલમાં રાખીને તેઓની રુચિ અનુસાર તેઓને તત્ત્વની પ્રાપ્તિ થાય તે પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ. વળી બાલાદિનો આચાર કેવો છે ? તે ષોડશકમાં બતાવ્યું તેને સામે રાખીને તેઓના આચારમાં અધિક વિવેક થાય તે પ્રકારે ઉપદેશ આપવો જોઈએ.

આનાથી એ ફલિત થાય કે જે ઉપદેશક 'નિશીથ' અધ્યયન ભણેલા છે, આથી ગીતાર્થ છે. વળી, બાલાદિના રુચિરૂપ ભાવને અને આચારરૂપ સ્વરૂપને યથાર્થ જાણનારા છે અને તેને જાણીને તેઓની યોગ્યતા અનુસાર ભગવાનના શાસનની અતિશયતાને બતાવે તેવો ઉપદેશ આપે તે પ્રકારની ઉપદેશની વિધિ છે. આ પ્રકારની મર્યાદાથી રહિત શેષ ઉપદેશ શાસ્ત્રસંમત નથી.

ટીકા :-

तत्र बालस्य परिणाममाश्रित्य हितकारिणी देशना यथा–

"बाह्यचरणप्रधाना, कर्त्तव्या देशनेह बालस्य ।
स्वयमपि च तदाचारस्तदग्रतो नियमतः सेव्यः ।।२।।

सम्यग्लोचविधानं, ह्यनुपानत्कत्वमथ धरा शय्या ।
प्रहरद्वयं रजन्यां, स्वापः शीतोष्णसहनं च ।।३।।

षष्ठाष्टमादिरूपं, चित्रं बाह्यं तपो महाकष्टम् ।
अल्पोपकरणसंधारणं च तच्छुद्धता चैव ।।४।।

गुर्वी पिण्डविशुद्धिश्चित्रा द्रव्याद्यभिग्रहाश्चैव ।
विकृतीनां संत्यागस्तथैकसिक्थादिपारणकम् ।।५।।

अनियतविहारकल्पः, कायोत्सर्गादिकरणमनिशं च ।
इत्यादि बाह्यमुच्चैः, कथनीयं भवति बालस्य ।।६।।" **[षोडशक २/२-६]**

इदानीं मध्यमबुद्धेर्देशनाविधिर्यथा–

"मध्यमबुद्धेस्त्वीर्यासमितिप्रभृति त्रिकोटिपरिशुद्धम् ।
आद्यन्तमध्ययोगैर्हितदं खलु साधुसद्वृत्तम् ।।७।।

अष्टौ साधुभिरनिशं, मातर इव मातरः प्रवचनस्य ।
नियमेन न मोक्तव्याः, परमं कल्याणमिच्छद्भिः ।।८।।

एतत्सचिवस्य सदा, साधोर्नियमान्न भवभयं भवति ।
भवति च हितमत्यन्तं, फलदं विधिनाऽऽगमग्रहणम् ।।९।।

गुरुपारतन्त्र्यमेव च, तद्बहुमानात्सदाशयानुगतम् ।
परमगुरुत्वाप्तेरिह, बीजं तस्माच्च मोक्ष इति" ।।१०।।

इत्यादिसाधुवृत्तं, मध्यमबुद्धेः सदा समाख्येयम् ।। **[षोडशक २/७-११]**

अथ बुधोपदेशविधिर्यथा–

"आगमतत्त्वं तु परं बुधस्य भावप्रधानं तु ।।११।।

वचनाऽऽराधनया खलु, धर्मस्तद्बाधया त्वधर्म इति ।
इदमत्र धर्मगुह्यं, सर्वस्वं चैतदेवास्य ।।१२।।

यस्मात्प्रवर्त्तकं भुवि, निवर्त्तकं चान्तरात्मनो वचनम् ।
धर्मश्चैतत्संस्थो, मौनीन्द्रं चैतदिह परमम् ।।१३।।" **[षोडशक २/११-१३] इत्यादि ।**

टीकार्थ :-

तत्र बालस्य ..... इत्यादि । त्यां=पूर्वमां कह्युं के सद्धर्म परीक्षक એવા દેશનાયોગ્ય બાલાદિ ત્રણ છે તેમાં, બાલના પરિણામને આશ્રયીને હિતકારી દેશના 'यथा'थी બતાવે છે –

"અહીં=દેશનાના પ્રક્રમમાં, બાલને બાહ્ય આચારપ્રધાન દેશના કરવી જોઈએ અને તેની આગળ તે આચાર સ્વયં પણ નિયમથી સેવવો જોઈએ. ।।२।।

સમ્યક્=શાસ્ત્રના ઉપદેશ અનુસાર, લોચ કરવો, જોડા નહિ પહેરવા, ભૂમિ પર શયન, રાત્રિના બે પ્રહરનું શયન, શીત અને ઉષ્ણને સહન કરવા. ।।३।।

મહાકષ્ટરૂપ છઠ્ઠ-અઠ્ઠમાદિરૂપ ચિત્ર બાહ્યતપ અને અલ્પ ઉપકરણનું ગ્રહણ કરવું અને તેની શુદ્ધતા=સાધુને ગ્રહણ કરવા યોગ્ય ઉપકરણની શુદ્ધતાનો, બાલને ઉપદેશ આપવો જોઈએ એમ અન્વય છે. ।।४।।

ગુર્વી પિંડની વિશુદ્ધિ, અનેક પ્રકારના દ્રવ્ય અભિગ્રહોનું પાલન, વિગઈઓનો ત્યાગ અને એક દાણા આદિથી પારણું કરવું. ।।५।।

સાધુએ નવકલ્પ આદિ નીતિથી વિહાર કરવો જોઈએ અને હંમેશાં કાયોત્સર્ગ આદિ કરવો જોઈએ, ઇત્યાદિ બાહ્ય આચરણા બાલને અત્યંત કહેવી જોઈએ." ।।६।। **(षोडशक-२/२-६)**

હવે મધ્યમબુદ્ધિવાળા જીવોને દેશનાની વિધિ 'यथा'થી બતાવે છે –

"વળી ઈર્યાસમિતિ વગેરે ત્રિકોટી પરિશુદ્ધ સાધુનું સદ્વૃત્ત=સાધુનો સુંદર આચાર, આદિ, અંત અને મધ્યમ યોગો વડે સાધુનો સુંદર આચાર નક્કી હિતને દેનારું છે. ।।७।।

માતાના જેવી પ્રવચનની આઠ માતાઓને, પરમ કલ્યાણને ઇચ્છનારા સાધુઓએ હંમેશાં નિયમથી મૂકવી જોઈએ નહિ. ।।८।।

આનાથી યુક્ત એવા સાધુને=પ્રવચનમાતાથી યુક્ત એવા સાધુને, નિયમથી સદા ભવનો ભય નથી અને હિત થાય છે અને વિધિપૂર્વક આગમનું ગ્રહણ અત્યંત ફળને દેનારું થાય છે. ।।९।।

અને તેના બહુમાનથી=ગુરુવિષયક બહુમાનથી, સદાશયથી યુક્ત ગુરુપારતન્ત્ર્ય જ અહીં=સંસારમાં, પરમગુરુની પ્રાપ્તિનું બીજ છે અને તેનાથી મોક્ષ છે. 'इति'=એથી ગુરુનું પારતંત્ર્ય જ કરવું જોઈએ એ પ્રમાણે મધ્યમબુદ્ધિને ઉપદેશ આપવો જોઈએ. ।।૧૦।।

ઇત્યાદિ સાધુનો આચાર મધ્યમબુદ્ધિને સદા કહેવો જોઈએ." **(ષોડશક-૨/૭-૧૧)**

હવે બુધ પુરુષને ઉપદેશની વિધિ 'यथा'થી બતાવે છે –

"વળી બુધને કેવલ ભાવપ્રધાન જ એવું આગમ તત્ત્વ કહેવું જોઈએ. ।।૧૧।।

વચનની આરાધનાથી જ ધર્મ છે. વળી, વચનની બાધાથી અધર્મ છે. 'इति'=એ હેતુથી 'अत्र'=સંસારમાં 'इदं'=આ=વિધિ-નિષેધરૂપ વચન, धर्मगुह्यं=ધર્મનું રહસ્ય છે. અને વચન જ ધર્મનું સર્વસાર છે. ।।૧૨।।

જે કારણથી ભવ્યલોકમાં મનનું પ્રવર્તક અને નિવર્તક વચન છે અને ધર્મ વચનમાં રહેલો છે. અને અહીં=બુધને આપવા યોગ્ય ઉપદેશમાં, ભગવાનનું વચન પ્રધાન છે. ।।૧૩।।" **(ષોડશક - ૨/૧૧-૧૩) ઇત્યાદિ.**

'इत्यादि' શબ્દથી બાલ, મધ્યમ અને બુધને યોગ્ય ઉપદેશને કહેનારા અન્ય કથનનો સંગ્રહ કરવો.

ભાવાર્થ :-

બાળજીવો સ્થૂલ આચારની રુચિવાળા હોય છે. તેથી તેઓને સ્થૂલ આચારનો ઉપદેશ ઉપદેશકે આપવો જોઈએ અને તેમાં પણ જે બાળજીવો સર્વવિરતિ ગ્રહણ કરવાને અભિમુખ થાય તેવા છે તેઓને સર્વવિરતિનો કેવો ઉપદેશ આપવો જોઈએ ? તે પ્રસ્તુત ષોડશક ગ્રંથના વચનથી બતાવેલ છે. જેઓ તે ઉપદેશ સાંભળીને સર્વવિરતિને અભિમુખ થાય તેવા ન હોય તે જીવોને તેઓની ભૂમિકા અનુસાર દેશવિરતિ કે પ્રથમ ભૂમિકાના આચારનો પણ ઉપદેશ આપવો જોઈએ તે પ્રકારનું તાત્પર્ય છે.

વળી બાળજીવો સ્થૂલ આચાર જોનારા છે. તેઓમાં પણ ધીરે ધીરે મધ્યમબુદ્ધિવાળા જીવોની જેમ સૂક્ષ્મબુદ્ધિ પ્રગટે તે પ્રકારનો સ્થૂલ આચારોનો ઉપદેશ આપવો જોઈએ, પરંતુ માત્ર બાહ્ય આચારોને માનનારા એવા બાલજીવો બાહ્ય આચારોમાં જ ધર્મને સર્વસ્વ માને તે પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ નહીં. તેથી દેવ, ગુરુ અને ધર્મમાં તીવ્ર રુચિ થાય તેવો સંવેગનો પરિણામ પ્રગટે તે પ્રકારે જ ઉપદેશ આપવાની વિધિ છે, એમ પૂર્વમાં જ કહેલ છે.

વળી, મધ્યમબુદ્ધિવાળા જીવો બાહ્ય આચારો સુંદર પાળવાની રુચિવાળા છે. તેથી શાસ્ત્રમાં જે સામાન્યથી નિર્દોષ સાધુચર્યાની વિધિ છે તેવા આચારો મધ્યમબુદ્ધિના જીવોને રુચિકર થાય છે. આવા આચારોનો ઉપદેશ, ઉપદેશક તેઓને આપે તો મધ્યમબુદ્ધિથી તે આચારો ધર્મરૂપે ગ્રહણ થાય છે. માટે મધ્યમબુદ્ધિવાળા જીવોને સમિતિ-ગુપ્તિ આદિ વિષયક સૂક્ષ્મ આચારોનો ઉપદેશ આપવો જોઈએ. વળી, જે મધ્યમબુદ્ધિવાળા જીવો એ પ્રકારનો સર્વવિરતિનો ઉપદેશ સાંભળીને સર્વવિરતિ ગ્રહણ કરવા માટે સમર્થ ન જણાય તો તેઓની ભૂમિકા અનુરૂપ અન્ય દેશવિરતિ આદિનો પણ ઉપદેશ આપવો જોઈએ. વળી, મધ્યમબુદ્ધિવાળા જીવોને પણ સૂક્ષ્મ આચારોનો તે રીતે બોધ કરાવે કે જેથી તે મધ્યમબુદ્ધિવાળા જીવો ક્રમે કરીને બુધની જેમ

આગમતત્ત્વની પરીક્ષા કરનારા બને; કેમ કે મધ્યમબુદ્ધિવાળા જીવોને પણ બુધ બનાવવાથી જ તેઓના કલ્યાણની પ્રાપ્તિ છે.

વળી, બુધ પુરુષો તો સર્વ રીતે આગમતત્ત્વની પરીક્ષા કરનારા છે. તેવા જીવોને ભગવાનનું વચન જ એકાંતે કલ્યાણ કરનાર છે તેવી બુદ્ધિ સ્થિર થાય તે પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ. તેથી તે બુધપુરુષને સ્થિર બુદ્ધિ થાય કે કષ-છેદ-તાપશુદ્ધ જે સર્વજ્ઞનું વચન છે તે જ કલ્યાણકારી છે. તેથી જો તે બુધપુરુષમાં શક્તિ હોય તો સર્વવિરતિ ગ્રહણ કરીને આગમને પરતંત્ર બને જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય અને તે બુધપુરુષમાં પણ સર્વવિરતિ ગ્રહણ કરવાની શક્તિ ન હોય તોપણ તેની ભૂમિકા અનુસાર દેશવિરતિ આદિ ગ્રહણ કરીને આગમને પરતંત્ર થઈને સર્વપ્રવૃત્તિ કરે તે પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ, તેથી તેને કલ્યાણની પ્રાપ્તિ થાય.

આ ષોડશકના ઉદ્ધરણનો વિશેષ અર્થ ગીતાર્થગંગા દ્વારા પ્રકાશિત અમારા 'ષોડશક ગ્રંથ'ના લખાણ અનુસાર જાણવો.

टीका :-

कथं सा कार्येत्याह–'यथाबोधम्' इति बोधानतिक्रमेण, अनवबोधे धर्माख्यानस्योन्मार्गदेशनारूपत्वेन प्रत्युतानर्थसंभवात्, नह्योडान्धः समाकृष्यमाणः सम्यगध्वानं प्रतिपद्यत इति । मुनिना कीदृशेन? 'महात्मना' तदनुग्रहैकपरायणतया महान् आत्मा यस्य स तेन, इति संक्षेपतो धर्मदेशनाप्रदानविधिः । विस्तरतस्तु धर्मबिन्दावुक्तः, सचायम्–

"इदानीं तद्विधिमनुवर्त्तयिष्याम इति ।" **[सू. ५९]**

'इदानीं' संप्रति 'तद्विधिं' सद्धर्मदेशनाक्रमं 'वर्णयिष्यामः' निरूपयिष्यामो वयमिति ।

तद्यथा–

"तत्प्रकृतिदेवताधिमुक्तिज्ञानमिति ।" **[सू. ६०]**

तस्य सद्धर्मदेशनार्हस्य जन्तोः प्रकृतिः=स्वरूपं=गुणवल्लोकसङ्गप्रियत्वादिका देवताधिमुक्तिश्च बुद्धकपिलादिदेवताविशेषभक्तिस्तयोर्ज्ञानं प्रथमतो देशकेन कार्यम् । ज्ञातप्रकृतिको हि पुमान् रक्तो द्विष्टो मूढः पूर्वं व्युद्ग्राहितश्च चेन्न भवति तदा कुशलैस्तथा तथानुवर्त्त्य लोकोत्तरगुणपात्रतामानीयते । विदितदेवताविशेषाधिमुक्तिश्च तत्तद्देवताप्रणीतमार्गानुसारिवचनोपदर्शनेन दूषणेन च सुखमेव मार्गेऽवतारयितुं शक्य इति ।

टीकार्थ :-

कथं सा ..... शक्य इति । શ્લોકના ત્રણ પાદનો અર્થ કર્યો. હવે શ્લોકના ચોથા પાદનો અર્થ કરે છે –

તે=દેશના, કઈ રીતે કરવી જોઈએ ? એથી કહે છે – યથાબોધ કરવી જોઈએ=બોધના અનતિક્રમથી કરવી જોઈએ; કેમ કે અનવબોધમાં=જે વિષયમાં પોતાને બોધ ન હોય તેના વિષયમાં, ધર્મના કથનનું ઉન્માર્ગદેશનારૂપપણું હોવાને કારણે ઊલટો અનર્થનો સંભવ છે=દેશનાથી લાભને બદલે અહિતની પ્રાપ્તિનો સંભવ છે. 'હિ'=જે કારણથી, ઘેટા સંબંધી આંધળો સમાકૃષ્યમાણ=માર્ગમાં લઈ જવા માટે યત્ન કરાતો, સમ્યક્ માર્ગને પ્રાપ્ત કરતો નથી. એથી યથાબોધ ઉપદેશ આપવો જોઈએ, એમ અન્વય છે.

કેવા મુનિએ ઉપદેશ આપવો જોઈએ ? એથી કહે છે –

મહાત્માએ=તેના અનુગ્રહમાં એકપરાયણપણાના કારણે અર્થાત્ શ્રોતાના અનુગ્રહમાં એકપરાયણપણાને કારણે, મહાન આત્મા છે જેનો તે તેવા છે તેવા મુનિએ, ઉપદેશ આપવો જોઈએ. એ પ્રમાણે સંક્ષેપથી ધર્મદેશના આપવાની વિધિ છે. વળી, વિસ્તારથી ધર્મબિંદુમાં કહેવાયું છે=ધર્મદેશનાની વિધિ કહેવાઈ છે અને તે=ધર્મદેશનાની વિધિ, આ છે=આગળમાં બતાવે છે એ છે –

"હવે તેની વિધિને અમે અનુવર્તીશું." (સૂ. ૫૯)

હવે તેની વિધિને=સદ્ધર્મની દેશનાના ક્રમને, અમે વર્ણન કરીશું=નિરૂપણ કરીશું, તે આ પ્રમાણે –

"તેની પ્રકૃતિ અને દેવતાની અધિમુક્તિનું જ્ઞાન." (સૂ. ૬૦)

તેની=સદ્ધર્મદેશનાયોગ્ય જીવની, પ્રકૃતિ=સ્વરૂપ=ગુણવાનનો સંગ અને લોકપ્રિયત્વાદિરૂપ પ્રકૃતિ અને દેવતાની અધિમુક્તિ=બુદ્ધ, કપિલાદિ દેવતાવિશેષની ભક્તિ તે બેનું જ્ઞાન પ્રથમથી ઉપદેશકે કરવું જોઈએ અને જ્ઞાત પ્રકૃતિવાળો પુરુષ રક્ત, દ્વિષ્ટ, મૂઢ અને પૂર્વ વ્યુદ્ગ્રાહિત જો ન હોય તો કુશલ એવા ઉપદેશક વડે તે તે પ્રકારે અનુવર્તન કરીને લોકોત્તર ગુણની પાત્રતાને પ્રાપ્ત કરાવાય છે. અને જાણેલા દેવતાવિશેષની અધિમુક્તિવાળો જીવ તે તે દેવતાના પ્રણીત માર્ગાનુસારી વચનના ઉપદેશથી અને દૂષણથી સુખે જ માર્ગે અવતારવા માટે શક્ય છે.

ભાવાર્થ :-

શ્લોકના ત્રણ પાદ દ્વારા સાધુએ કેવી દેશના કરવી જોઈએ ? તેનું સ્વરૂપ બતાવ્યું. ગીતાર્થ સાધુએ પણ જે પદાર્થમાં પોતાને નિર્ણય નથી તેવા પદાર્થનું કથન કરવું જોઈએ નહિ, પરંતુ શાસ્ત્રના જે પદાર્થમાં પોતાને સ્થિર નિર્ણય છે તેનો અતિક્રમ કર્યા વગર ઉપદેશ આપવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં કથન પ્રાપ્ત થતું હોય અને પોતાને સ્થિર નિર્ણય ન હોય તોપણ તે પ્રકારનો ઉપદેશ આપે તો શું વાંધો ? તેથી કહે છે –

પોતાના બોધના અભાવમાં ધર્મના કથનનું ઉન્માર્ગ-દેશનારૂપપણું હોવાને કારણે ઊલટો અનર્થનો સંભવ છે અર્થાત્ ઉપદેશકને ઉત્સૂત્રભાષણરૂપ દોષનો પ્રસંગ છે.

તે કથન દૃષ્ટાંતથી બતાવે છે –

કોઈ ઘેટા સંબંધી આંધળો હોય અર્થાત્ ઘેટાના ટોળાની જેમ જતો હોય તેને ખેંચીને સમ્યક્ માર્ગે લાવવા માટે યત્ન કરવામાં આવે તોપણ તે સમ્યક્માર્ગને પ્રાપ્ત કરતો નથી, તેમ જે શાસ્ત્રવચનનો પોતાને નિર્ણય નથી છતાં ખેંચીને તેનો અર્થ કરવામાં આવે તો તેનાથી માર્ગનો સમ્યક્બોધ પ્રાપ્ત થતો નથી. માટે ઉપદેશકે અનિર્ણીત પદાર્થમાં ઉપદેશ આપવો જોઈએ નહિ.

વળી, તે ઉપદેશકે આ ઉપદેશથી આ મારો શિષ્ય થશે કે આ મારો ભક્ત થશે કે મારી પર્ષદા શોભાયમાન થશે ઇત્યાદિ આશંસાથી ઉપદેશ આપવો જોઈએ નહિ; પરંતુ શ્રોતાના અનુગ્રહમાં એકપરાયણપણાથી ઉપદેશ આપવો જોઈએ અર્થાત્ વિષમ એવા સંસારમાં પડેલ આ શ્રોતા, ભગવાનના શાસનના મર્મને પામીને સંસારનો અંત કરે તેવા બોધવાળો થાય એ પ્રકારના લક્ષને સામે રાખીને તેને અનુરૂપ ઉપદેશ આપવો જોઈએ.

આ પ્રકારે સંક્ષેપથી દેશનાની વિધિ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં બતાવી. હવે ગ્રંથકારશ્રી કહે છે કે દેશના વિષયક વિસ્તારથી વિધિ 'ધર્મબિંદુ' માં કહેવાઈ છે અને તે વિધિ બતાવતાં કહે છે –

ધર્મબિંદુમાં સૂત્ર છે કે હવે સદ્ધર્મદેશનાના ક્રમનું અમે વર્ણન કરીશું. આ પ્રકારે પ્રતિજ્ઞા કરીને ધર્મબિંદુમાં પ્રથમ કહે છે કે દેશનાયોગ્ય એવા જીવની પ્રકૃતિનું જ્ઞાન કરવું જોઈએ. દેશનાયોગ્ય જીવની દેવતાવિશેષમાં અધિમુક્તિનું જ્ઞાન કરવું જોઈએ=કયા દેવતામાં તેને અત્યંત ભક્તિ છે ? તેનું જ્ઞાન કરવું જોઈએ અર્થાત્ આ શ્રોતાને બુદ્ધમાં વિશેષ ભક્તિ છે કે કપિલાદિમાં વિશેષ ભક્તિ છે ? ઇત્યાદિનું જ્ઞાન કરવું જોઈએ.

શ્રોતાની પ્રકૃતિનું જ્ઞાન કરવાથી નક્કી થાય છે કે જો આ શ્રોતા સ્વદર્શનમાં રાગવાળો હોય અને પરદર્શનમાં દ્વેષવાળો હોય તો ઉપદેશ માટે અયોગ્ય છે. અથવા આ શ્રોતા સ્વદર્શનમાં રાગવાળો અને પરદર્શનમાં દ્વેષવાળો ન હોય છતાં તત્ત્વ પ્રત્યેના વલણવાળો ન હોય અને મૂઢ હોય તોપણ દેશના માટે અયોગ્ય છે. કદાચ આ શ્રોતા સ્વદર્શનમાં રાગવાળો અને પરદર્શનમાં દ્વેષવાળો પણ ન હોય, મૂઢ પણ ન હોય પરંતુ તત્ત્વનો અર્થી હોય આમ છતાં કોઈ દ્વારા પૂર્વમાં વ્યુદ્ગ્રાહિત હોય અર્થાત્ આ જૈનસાધુઓ તો બીજાના દર્શનને અશ્રેષ્ઠ કહેનારા છે, પોતાના દર્શનને શ્રેષ્ઠ કહેનારા છે, ઇત્યાદિ રૂપે વ્યુદ્ગ્રાહિત હોય, તેથી તત્ત્વને જાણવાને બદલે તે પ્રકારની વિપરીત બુદ્ધિથી જ વાસિત થઈને સાંભળવા આવ્યો હોય તો તે શ્રોતા ઉપદેશને માટે અયોગ્ય છે.

જો શ્રોતા રક્તદ્વિષ્ટ નથી, મૂઢ નથી અને પૂર્વવ્યુદ્ગ્રાહિત નથી તેવો નિર્ણય થાય તો કુશળ ઉપદેશક તે યોગ્ય શ્રોતાને તેની બુદ્ધિ અનુસાર ઉચિત ઉપદેશ આપીને લોકોત્તર માર્ગની પાત્રતા તેમાં પ્રગટ કરી શકે. માટે ઉપદેશકે શ્રોતાની પ્રકૃતિનું જ્ઞાન કરવું આવશ્યક છે.

વળી, કોઈ શ્રોતા બુદ્ધાદિ કે કપિલાદિ દર્શનમાં અતિશ્રદ્ધાવાળો હોય અને તેનું જ્ઞાન કર્યા પછી ઉપદેશ આપવામાં આવે તો તે શ્રોતાને તે તે દેવતાથી બતાવેલા માર્ગાનુસારી વચનનો ઉપદેશ આપવાથી તે શ્રોતાને તે ઉપદેશ ગ્રાહ્ય બને છે. જેમ કપિલદર્શનથી વાસિત કોઈ શ્રોતા કપિલદર્શનમાં કહેલાં યોગનાં આઠ અંગો

મોક્ષમાર્ગને અનુસરનાર હોઈ તેને તેનો ઉપદેશ આપવામાં આવે તો તે શ્રોતાથી તે વચનો ગ્રાહ્ય બને છે. તેને જણાય છે કે આ મહાત્મા પણ આ જ યોગમાર્ગને બતાવે છે જે કપિલઋષિએ બતાવેલ છે. જેમ જેમ તે શ્રોતાની બુદ્ધિ પક્વ બને અને તે યોગનાં આઠ અંગોના સૂક્ષ્મ મર્મને જાણતો થાય ત્યારપછી કપિલદર્શનમાં કહેલ આત્માની કૂટસ્થનિત્યતાનું શ્રોતાની બુદ્ધિ અનુસાર ખંડન કરે અને આત્માને કૂટસ્થ નિત્ય સ્વીકારવામાં યોગમાર્ગની કઈ રીતે સંગતિ થતી નથી ? તે યુક્તિથી બતાવે તો તે શ્રોતા સુખપૂર્વક લોકોત્તરમાર્ગમાં અવતાર પામી શકે છે. માટે શ્રોતાની કયા દર્શનમાં વિશેષ રુચિ છે ? તેનું જ્ઞાન કરીને તેને અનુરૂપ ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ.

સદ્ધર્મદેશનાયોગ્ય શ્રોતાની પ્રકૃતિ અને તેને કયા દેવમાં વિશેષ ભક્તિ છે ? તેનું જ્ઞાન કર્યા પછી કઈ રીતે દેશના આપવી જોઈએ ? તે બતાવતાં કહે છે –

ટીકા :-

तथा "साधारणगुणप्रशंसेति" [सू. ६१]

साधारणानां=लोकलोकोत्तरयोः सामान्यानां गुणानां, प्रशंसा=पुरस्कारो देशनार्हस्याग्रतो विधेया, यथा–

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः, प्रियं कृत्वा मौनं, सदसि कथनं चाप्युपकृतेः ।
अनुत्सेको लक्ष्म्यां, निरभिभवसाराः परकथाः, श्रुते चासंतोषः कथमनभिजाते निवसति ।।१।।

तथा "सम्यक्-तदधिकाख्यानमिति" [सू० ६२]

सम्यगविपरीतरूपतया तेभ्यः साधारणगुणेभ्योऽधिका विशेषवन्तो ये गुणाः तेषामाख्यानं कथनं, यथा–

"पञ्चैतानि पवित्राणि, सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं, त्यागो मैथुनवर्जनम् ।" [हारिभद्रीयाष्टक १३/२] इति ।

तथा "अबोधेऽप्यनिन्देति" [सू० ६३]

अबोधेऽप्यनवगमेऽपि सामान्यगुणानां विशेषगुणानां वा व्याख्यातानामपि, अनिन्दा, अहो मन्दबुद्धिर्भवान्य इत्थमाचक्षाणेष्वप्यस्मासु न बुध्यते वस्तुतत्त्वमित्येवं श्रोतुस्तिरस्कारपरिहाररूपा, निन्दितो हि श्रोता किञ्चिद्बुभुत्सुरपि सन् दूरं विरज्यत इति ।

तर्हि किं कर्त्तव्यमित्याह–

"शुश्रूषाभावकरणमिति" [सू० ६४]

धर्मशास्त्रं प्रति श्रोतुमिच्छा शुश्रूषा, तल्लक्षणो भावः=परिणामस्तस्य करणं=निवर्त्तनम्, श्रोतुस्तैस्तैर्वचनैरिति । शुश्रूषामनुत्पाद्य धर्मकथने प्रत्युतानर्थसम्भवः पठ्यते च–

"स खलु पिशाचकी वातकी वा यः परेऽनर्थिनि वाचमुदीरयति ।"

"भूयो भूय उपदेश इति" [सू० ६५]

भूयो भूयः=पुनः पुनरुपदिश्यत इत्युपदेशः उपदेष्टुमिष्टः वस्तुविषयः कथञ्चिदनवगमे सति कार्यः, किं न क्रियते दृढसन्निपातरोगिणां पुनः पुनः क्रिया तिक्तादिक्वाथपानोपचार इति ।

तथा "बोधे प्रज्ञोपवर्णनमिति" [सू० ६६]

बोधे सकृदुपदेशेन भूयो भूय उपदेशेन वोपदिष्टवस्तुनः परिज्ञाने तस्य श्रोतुः प्रज्ञोपवर्णनं बुद्धिप्रशंसनं यथा-नालघुकर्माणः प्राणिन एवंविधसूक्ष्मार्थबोद्धारो भवन्तीति ।

तथा "तन्त्रावतारइति" [सू० ६७]

तन्त्रे=आगमे, अवतारः=प्रवेशः आगमबहुमानोत्पादनद्वारेण तस्य विधेयः, आगमबहुमानश्चैवमुत्पादनीयः-

"परलोकविधौ शास्त्रात्प्रायो नानन्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ।।१।।
उपदेशं विनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।
धर्म्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ।।२।।
अर्थादावविधानेऽपि, तदभावः परं नृणाम् ।
धर्मेऽविधानतोऽनर्थः, क्रियोदाहरणात्परः ।।३।।
तस्मात् सदैव धर्मार्थी, शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहान्धकारेऽस्मिन्, शास्त्रालोकः प्रवर्तकः" ।।४।। [योगबिन्दु, गा. २२१-४]

'शास्त्रयत्नः' इति शास्त्रे यत्नो यस्येति समासः ।

"पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् ।
चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ।।५।।
न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियापि हि ।
अन्धप्रेक्षाक्रियातुल्या, कर्मदोषादसत्फला ।।६।।
यः श्राद्धो मन्यते मान्यानहंकारविवर्जितः ।
गुणरागी महाभागस्तस्य धर्मक्रिया परा ।।७।।
यस्य त्वनादरः शास्त्रे, तस्य श्रद्धादयो गुणाः ।
उन्मत्तगुणतुल्यत्वात्, न प्रशंसास्पदं सताम् ।।८।।
मलिनस्य यथाऽत्यन्तम्, जलं वस्त्रस्य शोधनम् ।
अन्तःकरणरत्नस्य, तथा शास्त्रं विदुर्बुधाः ।।९।।

शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तिदूती परोदिता ।

अत्रैवेयमतो न्याय्या, तत्प्राप्त्यासन्नभावतः" ।।१०।। [योगबिन्दु गा. २२५-३०]

"अत्रैव" इति मुक्तावेव (=शास्त्रौ एव) "इयं" इति शास्त्रभक्तिः (भक्तिः) "तत्प्राप्त्यासन्नभावतः" इति मुक्तिप्राप्ति-समीपभावादिति ।

टीकार्थ :-

तथा ..... समीपभावादिति ।। અને 'સાધારણગુણની પ્રશંસા' (સૂ. ૬૧)

સાધારણ અર્થાત્ લોક-લોકોત્તર સામાન્ય, ગુણોની પ્રશંસા અર્થાત્ દેશના યોગ્ય શ્રોતા આગળ મહત્ત્વ બતાવવું. જે આ પ્રમાણે –

"ગુપ્ત દાન આપવું, ગૃહમાં કોઈ મહાત્મા આવ્યા હોય તો સંભ્રમની વિધિ=સહસા ઊભા થઈને આદર-સત્કાર કરવાની વિધિ, પ્રિય કરીને=કોઈનું સારુ કરીને, મૌન લેવું=બધાની આગળ પ્રગટ કરવું નહિ અને કોઈના ઉપકારનું સભામાં કથન કરવું અર્થાત્ કોઈએ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય તો ઘણા લોકોની હાજરીમાં તેના ઉપકારનું કથન કરવું. લક્ષ્મીમાં અનુત્સેક=પોતાની પાસે ધન હોય તો તેનો અહંકાર ધારણ કરવો નહિ, નિરભિવસાર પરકથા=કોઈનું કોઈપણ કથન કરે તો તેનો અભિભવ=તિરસ્કાર ન થાય તે રીતે કરે અને શ્રુતમાં અસંતોષ=શાસ્ત્રઅધ્યયનમાં અધિક - અધિક ભણવાની જિજ્ઞાસા. આ વર્ણન કરાયેલા ગુણો અનભિજાતમાં=અકુલીન પુરુષમાં, કેવી રીતે વસે ? અર્થાત્ વસે નહિ."

અને "સમ્યક્ તેનાથી અધિકનું આખ્યાન" (સૂ. ૬૨)

સમ્યક્ અર્થાત્ અવિપરીતપણાથી, તેનાથી અર્થાત્ સાધારણ ગુણોથી, અધિક અર્થાત્ વિશેષવાળા જે ગુણો તેઓનું, આખ્યાન અર્થાત્ કથન. જે આ પ્રમાણે –

"સર્વ ધર્મચારીઓના આ પાંચ પવિત્ર આચારો છે. (અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ=પરિગ્રહનો ત્યાગ, મૈથુનનું વર્જન." (હારિભદ્રીયાષ્ટક ૧૩-૨)

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને "અબોધમાં પણ અનિંદા" (સૂ. ૬૩)

શ્રોતાને વિશેષ કથનના અબોધમાં પણ અનિંદા=વ્યાખ્યાત પણ સામાન્યગુણોના અથવા વિશેષગુણોના અબોધમાં પણ અર્થાત્ અનવગમમાં પણ, અનિંદા અર્થાત્ અહો ! મંદબુદ્ધિ તું છે જે આ રીતે કહેવાતા આમાં વસ્તુતત્ત્વને જાણતો નથી એ પ્રકારની શ્રોતાના તિરસ્કારના પરિહારરૂપ અનિંદા, જે કારણથી નિંદા કરાયેલો શ્રોતા કંઈક જાણવાની ઇચ્છાવાળો છતો અત્યંત વિરક્ત થાય એથી શ્રોતાની નિંદા કરવી નહિ, એમ અન્વય છે.

તો શું કરવું જોઈએ ? એથી કહે છે –

'શુશ્રૂષાભાવનું કરણ' (સૂ. ૬૪)=ધર્મશાસ્ત્ર પ્રત્યે સાંભળવાની ઇચ્છારૂપ શુશ્રૂષા, તદ્લક્ષણવાળો ભાવ અર્થાત્ પરિણામ, તેનું કરણ અર્થાત્ તે વચન દ્વારા શ્રોતાનું નિષ્પાદન. શુશ્રૂષાને ઉત્પાદન કર્યા વગર ધર્મકથનમાં ઊલટો અનર્થનો સંભવ છે.

અને કહેવાય છે –

'તે=તે ઉપદેશક, નિશ્ચે પિશાચકી અર્થાત્ પિશાચ ગ્રસ્ત છે અથવા વાતકી=વાચાળ છે. જે અનર્થી એવ પરમાં વાણીને ઉચ્ચારે છે.'

"ફરી ફરી ઉપદેશ આપવો." (સૂ. ૬૫)

કોઈક રીતે શ્રોતાને બોધ નહિ થયે છતે ઉપદેશ આપવા યોગ્ય એવી વસ્તુના વિષયવાળો ફરી ફરી ઉપદેશ કરવો જોઈએ.

કેમ ફરી ફરી ઉપદેશ કરવો જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે –

દૃઢ સન્નિપાતના રોગીઓને તિક્તાદિ ક્વાથપાનના ઉપચારરૂપ ક્રિયા શું ફરી ફરી નથી કરાતી ? અર્થાત્ કરાય છે.

અને બોધ થયે છતે 'પ્રજ્ઞાનું ઉપવર્ણન' (સૂ. ૬૬)

ઉપદિષ્ટ વસ્તુનો એક વખતના ઉપદેશથી બોધ થયે છતે અથવા ફરી ફરી ઉપદેશથી બોધ થયે છતે, તે શ્રોતાની પ્રજ્ઞાનું ઉપવર્ણન અર્થાત્ બુદ્ધિનું પ્રશંસન. જે પ્રમાણે અલઘુકર્મી પ્રાણીઓ આવા પ્રકારના સૂક્ષ્મઅર્થના બોધને પ્રાપ્ત કરનારા થતા નથી.

અને 'તંત્રમાં અવતાર' (સૂ. ૬૭)

તંત્રમાં અર્થાત્ આગમમાં, તેને આગમના બહુમાનના ઉત્પાદન દ્વારા, અવતાર=પ્રવેશ, કરાવવો જોઈએ અને આગમનું બહુમાન આ રીતે ઉત્પાદન કરવું જોઈએ.

"આસન્નભવ્ય, મતિમાન, શ્રદ્ધાધનથી સમન્વિત એવો પુરુષ પરલોકની વિધિમાં પ્રાયઃ શાસ્ત્રથી અન્ય અપેક્ષા રાખતો નથી. ॥૧॥

ઉપદેશ વગર અર્થ-કામ પ્રત્યે લોક પટુ છે. વળી, શાસ્ત્ર વગર ધર્મ નથી. એથી ત્યાં=શાસ્ત્રમાં, આદર હિત છે=આદર કરવો એ હિત છે. ॥૨॥

અર્થાદિ વિષયક અવિધાનમાં પણ=અર્થ-કામ વિષયક અવિધિ કરાયે છતે, કેવલ મનુષ્યને તેનો અભાવ થાય=અર્થકામનો અભાવ થાય. ધર્મમાં અવિધાનથી=ધર્મમાં અવિધિ કરવાથી, ક્રિયાના ઉદાહરણ વડે=ચિકિત્સાના ઉદાહરણ વડે, પર અનર્થ થાય=પ્રકૃષ્ટ અનર્થ થાય. ॥૩॥

તે કારણથી=ધર્મમાં અવિધિની પ્રવૃત્તિથી પ્રકૃષ્ટ અનર્થ છે તે કારણથી, ધર્માર્થી=ધર્મની અભિલાષવાળો પુરુષ, સદા જ શાસ્ત્રયત્નવાળો પ્રશંસા કરાય છે. (જે કારણથી) મોહાન્ધકારવાળા એવા આ લોકમાં શાસ્ત્રનો આલોક=શાસ્ત્રનો પ્રકાશ, પ્રવર્તક છે." ॥૪॥ (યોગબિંદુ - શ્લોક - ૨૨૧-૨૨૪)

શ્લોકમાં 'શાસ્ત્રયત્નઃ' શબ્દ છે તેનો સમાસ 'શાસ્ત્રમાં યત્ન છે જેને' એ પ્રમાણે છે.

"પાપરૂપ રોગનું ઔષધ શાસ્ત્ર છે. શાસ્ત્ર પુણ્યનું કારણ છે=પવિત્ર કૃત્યનું કારણ છે. સર્વત્ર જનારું ચક્ષુ શાસ્ત્ર છે. સર્વ અર્થનું સાધન=સર્વ પ્રયોજનનો હેતુ, શાસ્ત્ર છે. ॥૫॥

જેને આમાં=શાસ્ત્રમાં, ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ કર્મદોષને કારણે અંધની પ્રેક્ષાની ક્રિયાતુલ્ય અસત્ ફલવાળી છે. ॥૬॥

અહંકારથી રહિત, ગુણનો રાગી, મહાભાગ્યશાળી એવો જે શ્રદ્ધાળુ માન્ય દેવોને માને છે, તેની ધર્મક્રિયા પરા છે=પ્રકૃષ્ટ છે. ॥૭॥

વળી જેને શાસ્ત્રમાં અનાદર છે તેના શ્રદ્ધાદિ ગુણો ઉન્મત્તના ગુણોની સાથે તુલ્યપણું હોવાથી સંતોને પ્રશંસાનું સ્થાન નથી. ॥૮॥

જે પ્રમાણે મલિન એવાં વસ્ત્રોનું અત્યંત શોધન જલ છે, તે પ્રમાણે અંતઃકરણ રત્નનું શોધન શાસ્ત્ર છે તેમ બુદ્ધિમાન પુરુષો કહે છે. ॥૯॥

જગતવન્દ્ય એવા તીર્થંકરો વડે શાસ્ત્ર વિષયક ભક્તિ મુક્તિની પ્રકૃષ્ટ દૂતી કહેવાઈ છે. આથી અહીં જ=શાસ્ત્રમાં જ, આ=ભક્તિ, ન્યાય્ય છે; કેમ કે તેની પ્રાપ્તિનો આસન્નભાવ છે=મુક્તિની પ્રાપ્તિનો આસન્નભાવ છે." ॥૧૦॥

શ્લોકમાં કહેલા 'अत्रैव' નો અર્થ કરે છે –

અહીં જ=મુક્તિમાં જ, (શાસ્ત્રમાં જ) આ=શાસ્ત્રભક્તિ, (ભક્તિ) ન્યાય્ય છે, એમ અન્વય છે. તેની પ્રાપ્તિનો આસન્નભાવ હોવાથી=મુક્તિની પ્રાપ્તિનો સમીપભાવ હોવાથી. (આ સુધારો યોગબિંદુ ટીકા અનુસાર છે.)

'इति' શબ્દ યોગબિંદુના કથનની સમાપ્તિ માટે છે.

ભાવાર્થ :-

આદિધાર્મિક શ્રોતા તત્ત્વ જિજ્ઞાસાથી સાંભળવા આવેલ હોય ત્યારે પ્રથમ ભૂમિકામાં ઉપદેશકે સર્વ દર્શનને માન્ય એવા સામાન્ય ગુણોની પ્રશંસા કરવી જોઈએ. જેથી તે આદિધાર્મિક જીવ તે ઉપદેશ સાંભળીને તે સામાન્ય ગુણો પ્રત્યે પક્ષપાતવાળો થાય.

તે સામાન્ય ગુણો કયા છે ? તે બતાવે છે –

ગુપ્તદાન આપવું જોઈએ. ઘરમાં કોઈ મહાત્મા આવ્યા હોય તો તેનો આદર-સત્કાર કરવો જોઈએ. બીજા જીવોનું હિત કર્યા પછી પોતે તેનું હિત કર્યું છે તેવું ગાવું જોઈએ નહિ પરંતુ મૌન રહેવું જોઈએ અને કોઈનો પોતાના ઉપર ઉપકાર હોય તો તે ઉપકારની અભિવ્યક્તિ સભામાં કરવી જોઈએ. પોતાની પાસે ધન હોય તેનું અભિમાન ધારણ કરવું જોઈએ નહિ. કોઈપણ જાતનું પરનું કથન કરતી વખતે તેનો પરાભવ થાય તેવું કથન કરવું જોઈએ નહિ. તત્ત્વ જાણવા માટે અસંતોષ ધારણ કરવો જોઈએ. અને આ સર્વ ગુણો યોગ્ય જીવોમાં વસે છે તેમ કહેવાથી તે શ્રોતા તે ગુણોના પરમાર્થનો બોધ કરે તો ધીરે ધીરે તે ગુણોનો વિકાસ કરવા માટે યત્નવાળો થાય. જેથી તે જીવની ઘણા પ્રકારની ક્ષુદ્ર પ્રકૃતિઓ દૂર થાય છે અને ગંભીરતાપૂર્વક તત્ત્વાતત્ત્વના વિચાર કરવારૂપ માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે છે. અર્થાત્ કહેવું જોઈએ કે આ દેખાતો સંસાર અત્યંત રૌદ્ર છે તેવા સંસારમાં પરિભ્રમણનું કારણ જીવમાં વર્તતા દોષો છે અને તેના ઉચ્છેદનો ઉપાય યત્નપૂર્વક પ્રગટ કરાયેલા ગુણો છે માટે આત્મામાં કઈ રીતે ગુણો પ્રગટ થાય તેના પરમાર્થને જાણવા નિપુણ પ્રજ્ઞાથી યત્ન કરવો જોઈએ. જેને સાંભળવાથી ગુણ પ્રગટ કરવાના ઉપાયો વિષયક શુશ્રૂષા ગુણ શ્રોતામાં પ્રગટ થાય છે.

આ પ્રકારનો ઉપદેશ પણ એક વખત કહેવાથી કે સાંભળવાથી પ્રાયઃ જીવોને સ્થિર થતો નથી. તેથી

યોગ્ય પણ જીવોને, ઉપદેશકે તે ગુણોના મર્મનો બોધ થાય તે પ્રકારે ઉચિત ઉપદેશ આપવો જોઈએ; કેમ કે સામાન્યથી જીવોનો સ્વભાવ હોય છે કે જે કંઈ દાન આપે તે લોકમાં દેખાવું જોઈએ. અને તે પ્રકારના પ્રચલિત માર્ગને કારણે ઉપદેશ સાંભળ્યા પછી પણ તેના સંસ્કારો નષ્ટ થતા નથી. માટે, ગંભીરતાપૂર્વક શ્રોતાની બુદ્ધિ અનુસાર પૂર્વમાં કહેલા એવા લોક-લોકોત્તર સામાન્ય ગુણોનું વર્ણન શ્રોતા આગળ કરવું જોઈએ.

વળી, તે સામાન્ય ગુણોના મર્મને જાણનારો શ્રોતા બને ત્યાર પછી તે સામાન્ય ગુણો કરતાં વિશેષ ગુણો તે શ્રોતા આગળ કહેવા જોઈએ. જેના વર્ણનમાં પાંચ મહાવ્રતોનું સ્વરૂપ આવે છે. અહિંસાદિ પાંચ મહાવ્રત સર્વધર્મવાળાને સામાન્યથી અભિમત છે; છતાં શ્રોતાની બુદ્ધિને અનુરૂપ જિનવચન અનુસાર તે પાંચ મહાવ્રતોનું વિશેષ સ્વરૂપ ઉપદેશ કે બતાવવું જોઈએ. જેથી શ્રોતાને પારમાર્થિક ધર્મનો યથાર્થ બોધ થાય. આ રીતે પ્રથમ સામાન્ય ગુણોનું વર્ણન બતાવ્યું અને પછી વિશેષ ગુણોનું વર્ણન કર્યું અને તે વર્ણન ઉપદેશકે પોતાની બુદ્ધિ અનુસાર વિસ્તારથી કરે છતાં તેના મર્મનો બોધ શ્રોતાને ન થાય તો તેની નિંદા કરે નહિ અર્થાત્ ઉપદેશક કહે નહિ કે તું મંદબુદ્ધિવાળો છું, જેથી આ રીતે વિસ્તારથી ગુણોનું સ્વરૂપ બતાવવા છતાં તને બોધ થતો નથી; કેમ કે એમ કહેવાથી તત્ત્વને જાણવાનો અર્થી એવો તે શ્રોતા તત્ત્વ સાંભળવા માટે વિમુખ ભાવવાળો બને તો તે શ્રોતાના અહિતની નિષ્પત્તિ પ્રત્યે ઉપદેશકને નિમિત્તભાવની પ્રાપ્તિ થાય. માટે પરના કલ્યાણના અર્થી એવા ઉપદેશકે જિજ્ઞાસુ શ્રોતાની નિંદા કરવી જોઈએ નહિ પરંતુ તેનામાં શુશ્રૂષાભાવ પ્રગટ થાય તે પ્રકારે ઉપદેશ આપવો જોઈએ અર્થાત્ આ ગુણોનો માર્ગાનુસારી બોધ જ સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે તે પ્રકારે શ્રોતાની બુદ્ધિ અનુસાર બતાવીને તેનામાં શુશ્રૂષા ગુણ પેદા થાય તેવો યત્ન કરવો જોઈએ. જેથી તે શ્રોતા ફરી ફરી તે ગુણોનું વર્ણન સાંભળવા યત્ન કરે, જ્યાં નિર્ણય ન થાય ત્યાં યોગ્ય પૃચ્છા કરે અને અંતે તે ગુણોના પરમાર્થને જાણનારો બને જેથી સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

જે વક્તા તત્ત્વજિજ્ઞાસાથી ધર્મ સાંભળવા આવેલા શ્રોતાને પોતાના કથનથી બોધ થતો ન હોય ત્યારે તેનામાં શુશ્રૂષા ગુણ પ્રગટ કરવા માટે ઉદ્યમ ન કરે અને ફરી ફરી ઉપદેશ આપ્યા કરે તો તે ઉપદેશક પિશાચગ્રસ્ત છે કે બોલવાના વાચાળ સ્વભાવવાળો છે. તેથી તત્ત્વનો અર્થી શ્રોતા હજી થયો નથી એવા પણ પરમાં તે પ્રકારનો ઉપદેશ આપે છે.

આનાથી એ ફલિત થાય કે ઉપદેશકે શ્રોતાની યોગ્યતા જાણીને તેનામાં શુશ્રૂષા ગુણ પ્રગટ થાય તેવો ઉપદેશ આપ્યા પછી સામાન્ય ગુણોનું વર્ણન કે વિશેષગુણોનું વર્ણન કરવું જોઈએ પરંતુ વિચાર્યા વગર ઉપદેશ આપવો જોઈએ નહિ. વળી, શુશ્રૂષા ગુણવાળા એવા શ્રોતાની બુદ્ધિ એવી પટુ ન હોય તો તે ગુણોના સૂક્ષ્મ ભાવોને ધારણ કરી શકે નહિ. ત્યારે ઉપદેશકે તે વસ્તુનો ફરી ફરી ઉપદેશ આપવો જોઈએ; કેમ કે દૃઢ સંનિપાતવાળા રોગીને કટુકક્વાથ પાનનો ઉપચાર ફરી ફરી કરાય છે, તેમ જે જીવોમાં ધર્મના મર્મને જાણવાની મહાપ્રજ્ઞા નથી તેવા મંદબુદ્ધિવાળા પણ તત્ત્વના અર્થી શ્રોતાને ફરી ફરી ઉપદેશ અપાય છે. જેથી ફરી ફરી ઉપદેશને સાંભળીને તે શ્રોતાની તે પ્રકારની બુદ્ધિ વિકસિત થાય છે.

આ રીતે ઉપદેશ આપ્યા પછી શ્રોતાના મુખના ભાવો કે તેના ઉદ્‌ગારો કે તેના વર્તનથી જણાય કે આ શ્રોતાને એક વખતના કથનથી પરમાર્થનો બોધ થયો છે અથવા તો અનેક વખતના કથનથી પણ પરમાર્થનો બોધ થયો છે. ત્યારે તે શ્રોતાને વિશેષ-વિશેષ તત્ત્વ જાણવા માટે ઉત્સાહ થાય તદર્થે અને પોતાને બોધ સાચો થયો છે તેવો નિર્ણય કરાવવા અર્થે તેની બુદ્ધિની પ્રશંસા ઉપદેશકે કરવી જોઈએ. અને ઉપદેશક કહે કે જે જીવો લઘુકર્મી નથી તેવા પ્રાણીઓ આવા પ્રકારના સૂક્ષ્મ અર્થને જાણનારા થતા નથી જેથી તને સૂક્ષ્માર્થ દેખાય છે તે જ બતાવે છે કે તારામાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થાય તેવાં કર્મો લઘુતાને પામ્યાં છે.

આ રીતે, શ્રોતાને સામાન્ય ગુણો અને વિશેષ ગુણોનો બોધ કરાવ્યા પછી તે શ્રોતાને આગમ પ્રત્યે બહુમાનભાવ થાય તે પ્રમાણે ઉદ્યમ કરવો જોઈએ.

કઈ રીતે આગમમાં બહુમાન પેદા કરવું જોઈએ ? તે બતાવવા અર્થે યોગબિંદુના શ્લોકો બતાવે છે –

કોઈ શ્રોતા લોક-લોકોત્તર સામાન્ય ધર્મના મર્મને જાણનારો બને ત્યારપછી પાંચ મહાવ્રતોરૂપ વિશેષ ધર્મને જાણનારો બને તેવા શ્રોતાને સર્વજ્ઞના આગમ પ્રત્યે બહુમાનભાવ થાય તે પ્રકારનો ઉચિત ઉપદેશ અપાય છે. જે આ પ્રમાણે–

જે જીવો નજીકમાં મોક્ષમાં જવાના છે, તત્ત્વને જોવાની મતિવાળા છે અને આત્મકલ્યાણની રુચિરૂપ ધનથી સમન્વિત છે તેવા જીવો પરલોકની પ્રવૃત્તિમાં પ્રાયઃ શાસ્ત્રથી અન્યની અપેક્ષા કરતા નથી. માટે કલ્યાણના અર્થી જીવે શાસ્ત્રને જ પ્રધાન કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. વળી, સંસારી જીવોને ઉપદેશ આપવામાં ન આવ્યો હોય તોપણ તેઓ અર્થ-કામમાં પટુ હોય છે. વળી, તેઓ ધર્મ કરવા માટે પ્રવૃત્ત થાય તોપણ લોકસંજ્ઞાથી જ કરનારા બને છે; પરંતુ શાસ્ત્રના વચન વગર ધર્મ થતો નથી માટે ધર્મની પ્રવૃત્તિ કરનારા જીવોએ શાસ્ત્રમાં જ આદર કરવો હિત છે. માત્ર ગતાનુગતિક ધર્મપ્રવૃત્તિ કરવાથી હિત થાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે સંસારની પ્રવૃત્તિ છોડીને ધર્મની પ્રવૃત્તિ થતી હોય તેવા જીવોની કદાચ શાસ્ત્રપ્રધાન મતિ ન હોય તોપણ તેઓનું હિત થશે ? તેથી કહે છે –

અર્થાદિની પ્રવૃત્તિમાં અવિધિથી પ્રવૃત્તિ કરવામાં આવે તો મનુષ્યને અર્થાદિની પ્રાપ્તિ થાય નહિ પરંતુ ધર્મમાં લોકમતિ કે સ્વમતિથી પ્રવૃત્તિ કરવામાં આવે તેથી જે અવિધિ થાય તેનાથી મહાન અનર્થ થાય છે. જેમ કોઈ કુષ્ઠાદિ રોગી પુરુષ ચિકિત્સા શરૂ કરે અને કુપથ્યનું સેવન કરે તો વિશેષ પ્રકારના અનર્થને પ્રાપ્ત કરે છે, તેમ ભાવરોગ મટાડવા માટે કરાતી ધર્મની પ્રવૃત્તિ કરતી વખતે શાસ્ત્રના અવલંબન વગર યથા-તથા કરવામાં આવે તો તે ધર્મની પ્રવૃત્તિથી ભાવરોગની વૃદ્ધિરૂપ અનર્થની પ્રાપ્તિ થાય છે. માટે ધર્મના અર્થી જીવે શાસ્ત્રમાં સદા યત્ન કરવો ઉચિત છે; કેમ કે મોહના અંધકારવાળો આ લોક છે. તેથી સંસારી જીવો જે કંઈપણ પ્રવૃત્તિ કરે છે તેથી મોહની ધારાની જ વૃદ્ધિ થાય છે. મોહધારાને નાશ કરવામાં શાસ્ત્રનો પ્રકાશ જ પ્રવર્તક છે માટે શાસ્ત્રને આગળ કરીને ધર્મની પ્રવૃત્તિ કરવામાં ન આવે તો ધર્મની પ્રવૃત્તિ પણ મોહધારાની વૃદ્ધિ કરીને વિનાશનું કારણ બને છે. આથી જ ઘણા જીવો ધર્મમાં ધનવ્યય આદિ કરીને પણ લોકમાં માનખ્યાતિ આદિ ભાવોને પોષે છે પરંતુ શાસ્ત્રવચનથી ભાવિત થઈને તે રીતે પ્રચ્છન્ન દાનાદિ પ્રવૃત્તિ કરવા ઉત્સાહિત થતા નથી.

વળી, શાસ્ત્રનું મહત્ત્વ બતાવતાં કહે છે –

પાપરૂપી રોગનું ઔષધ શાસ્ત્ર છે. શાસ્ત્ર પુણ્યનું કારણ છે. સર્વ સ્થાનમાં તત્ત્વને દેખાડનાર ચક્ષુ શાસ્ત્ર છે અને આત્માના સર્વ પ્રયોજનને સિદ્ધ કરનાર શાસ્ત્ર છે અને આવું શાસ્ત્ર હોવા છતાં જેને શાસ્ત્રમાં ભક્તિ નથી અને ધર્મની ક્રિયાઓ કરે છે તેની ધર્મની ક્રિયા પણ વિપરીત ફલવાળી છે. જેમ આંધળો માણસ જોવાની ક્રિયા કરે છે તે ક્રિયાથી તેને પદાર્થનું યથાર્થ દર્શન થાય નહિ તેમ પરલોકની પ્રવૃત્તિમાં છદ્મસ્થ અંધ તુલ્ય છે. છતાં પરલોકની પ્રવૃત્તિ કેમ કરવી ? તે જોવા માટે સ્વપ્રજ્ઞાથી યત્ન કરે તો તે પ્રવૃત્તિ હિતકારી બને નહિ પરંતુ પરલોકના પરમાર્થને બતાવનાર શાસ્ત્રચક્ષુથી તે પ્રવૃત્તિ કરે તો તેની તે પ્રવૃત્તિ સફળ બને. જે શાસ્ત્રમાં શ્રદ્ધાવાળો છે, હું કંઈક જાણું છું એવા અહંકારથી રહિત છે અને માન્ય એવા તીર્થંકરોને પ્રમાણભૂત માને છે તેવો ગુણરાગી જીવ મહાભાગ્યશાળી છે અને તેની ધર્મક્રિયા કલ્યાણનું કારણ બને છે.

જેને શાસ્ત્રમાં તેવો આદર નથી અર્થાત્ શાસ્ત્રના પરમાર્થને જાણવાનો કોઈ ઉત્સાહ નથી તે જીવોને ધર્મની શ્રદ્ધા હોય, ધર્મની પ્રવૃત્તિ કરતા હોય તોપણ તે સર્વ શ્રદ્ધાદિ ગુણ પ્રશંસાનું સ્થાન નથી; કેમ કે ઉન્મત્ત પુરુષોના કોઈ ગુણો હોય તોપણ તે ગુણો નિરર્થક છે તેમ અતીન્દ્રિય પદાર્થો પોતાને દેખાતા નથી અને અતીન્દ્રિય પદાર્થોને બતાવનાર સર્વજ્ઞના વચનને જે અનુસરતા નથી તેઓ ઉન્મત્ત જેવા છે અને તેઓની ધર્મની રુચિ, ધર્મની પ્રવૃત્તિ સર્વ શિષ્ટપુરુષોને અપ્રશંસનીય જણાય છે.

જે પ્રમાણે મલિન વસ્ત્રને જલ અત્યંત શોધન કરનાર છે તે પ્રમાણે મોહથી મલિન એવા અંતઃકરણરૂપી રત્નને શાસ્ત્ર શોધન કરનાર છે. માટે તીર્થંકરોએ કહ્યું છે કે જેઓને શાસ્ત્રમાં ભક્તિ છે તે ભક્તિ મુક્તિને પ્રાપ્ત કરાવવામાં પ્રબળ કારણ છે. તેથી જેને શાસ્ત્રમાં ભક્તિ છે તે જીવો નક્કી અલ્પકાળમાં આ સંસારનો અંત કરીને મોક્ષને પ્રાપ્ત કરશે. આ પ્રકારે તે શ્રોતાને ઉપદેશ આપીને શાસ્ત્ર પ્રત્યે ભક્તિ ઉત્પન્ન કરાવવાથી તે શ્રોતા સ્વશક્તિ અનુસાર જિનવચનને જાણવા માટે અવશ્ય ઉદ્યમ કરશે. જેના ફળરૂપે થોડી પણ સેવાયેલી તેની ધર્મની પ્રવૃત્તિ કલ્યાણનું કારણ બનશે.

જે શ્રોતા શાસ્ત્રના માહાત્મ્યને સાંભળીને શાસ્ત્ર પ્રત્યે આદરવાળા થયા છે તેવા શ્રોતાને ઉપદેશક કેવી ધર્મકથા કરે ? તે બતાવતાં કહે છે –

ટીકા :-

તથા "પ્રયોગ આક્ષેપણ્યા ઇતિ" [સૂ૦ ૬૮]

"પ્રયોગો"=વ્યાપારણં, ધર્મકથાકાલે, આક્ષિપ્યન્તે=આકૃષ્યન્તે, મોહાત્તત્ત્વં પ્રતિ ભવ્યપ્રાણિનોઽનયેતિ આક્ષેપણી તસ્યાઃ કથાયાઃ, સા ચાચારવ્યવહારપ્રજ્ઞપ્તિદૃષ્ટિવાદભેદાચ્ચતુર્ધા, તત્રાચારો લોચાસ્નાનાદિસુષ્ઠુક્રિયારૂપઃ, વ્યવહારઃ કથંચિદાપન્નદોષવ્યપોહાય પ્રાયશ્ચિત્તલક્ષણઃ, પ્રજ્ઞપ્તિઃ સંશયાપન્નસ્ય મધુરવચનૈઃ પ્રજ્ઞાપનમ્, દૃષ્ટિવાદશ્ચ શ્રોત્રપેક્ષયા સૂક્ષ્મજીવાદિભાવકથનમિતિ ।

तथा "ज्ञानाद्याचारकथनमिति" [सू० ६९]

ज्ञानस्य=श्रुतलक्षणस्य आचारो ज्ञानाचारः, आदिशब्दाद्दर्शनाचारश्चारित्राचारस्तपआचारो वीर्याचारश्चेति । ततो ज्ञानाद्याचाराणां कथनं प्रज्ञापनमिति समासः । तत्र ज्ञानाचारोऽष्टधा कालविनयबहुमानोपधानाऽनिह्नव-व्यञ्जनाऽर्थतदुभयभेदलक्षणः ।

तत्र काल इति यो यस्याङ्गप्रविष्टादेः श्रुतस्य काल उक्तस्तस्मिन्नेव तस्य स्वाध्यायः कर्त्तव्यो नान्यदा, तीर्थकरवचनाद्, दृष्टं च कृष्यादेः कालकरणे फलं विपर्यये तु विपर्यय इति । तथा श्रुतग्रहणं कुर्वता गुरोर्विनयः कार्यः, विनयो ह्यभ्युत्थानपादधावनादिः-अविनयगृहीतं हि तदफलं भवति । तथा श्रुतग्रहणोद्यतेन गुरोर्बहुमानः कार्यः, बहुमानो नामाऽऽन्तरो भावप्रतिबन्धः, एतस्मिन् सति अक्षेपेणाविकलं श्रुतं भवति । अत्र च विनय-बहुमानयोश्चतुर्भङ्गी भवति, एकस्य विनयो न बहुमानः, अपरस्य बहुमानो न विनयः, अन्यस्य विनयोऽपि बहुमानोऽपि, अन्यतरस्य न विनयो नापि बहुमान इति । तथा श्रुतग्रहणमभीप्सतोपधानं कार्यम्, उपदधाति पुष्णाति श्रुतमित्युपधानं तपः, तद्धि यद्यत्राध्ययने आगाढादियोगलक्षणमुक्तं तत्तत्र कार्यम्, तत्पूर्वं श्रुतग्रहणस्यैव फलवत्त्वात् । "अनिह्नव इति" गृहीतश्रुतेनानिह्नवः, कार्यः, यद्यत्सकाशेऽधीतं तत्र स एव कथनीयो नान्यश्चित्तकालुष्याऽऽपत्तेरिति ।

तथा श्रुतग्रहणप्रवृत्तेन तत्फलमभीप्सता व्यञ्जनभेदोऽर्थभेद उभयभेदश्च न कार्यः, तत्र व्यञ्जनभेदो यथा "धम्मो मंगलमुक्किट्ठं" [दशवै० १।१] इति वक्तव्ये "पुण्णं कल्लाणमुक्कोस"मित्याह । अर्थभेदस्तु यथा "आवंति केआवंति लोगंसि विप्परामुसंति" [आचारङ्ग सू. ५।१] (श्रुतस्कंध १, अध्य. ५, सू. १४१) इत्यत्राचारसूत्रे यावन्तः केचन लोकेऽस्मिन् पाखण्डिलोके विपरामृशन्तीत्यर्थाभिधाने, अवन्तिजनपदे केयावंती रज्जुवन्ताः लोकः परामृशति कूपे इत्याह । उभयभेदस्तु द्वयोरपि याथात्म्योपमर्दे यथा-धर्मो मंगलमुत्कृष्टः, अहिंसा पर्वतमस्तके इत्यादि । दोषश्चात्र व्यञ्जनभेदादर्थभेदः, तद्भेदे क्रियायाः, क्रियाभेदे च मोक्षाभावः; तदभावे च निरर्थका दीक्षेति ।

दर्शनाचारोऽपि निःशङ्कितनिष्काङ्क्षितनिर्विचिकित्साऽमूढदृष्टिउपबृंहास्थिरीकरणवात्सल्यतीर्थप्रभावनाभेदा-दष्टधैव । तत्र "निःशङ्कित इति" शङ्कनं शङ्कितम्, निर्गतं शङ्कितं यतोऽसौ निःशङ्कितः, देशसर्वशङ्कारहित इत्यर्थः । तत्र देशशङ्का-समाने जीवत्वे कथमेको भव्योऽपरस्त्वभव्य इति शङ्कते, सर्वशङ्का तु प्राकृतनिबद्धत्वात् सकलमेवेदं परिकल्पितं भविष्यतीति । न पुनरालोचयति यथा-भावा हेतुग्राह्या अहेतुग्राह्याश्च, तत्र हेतुग्राह्या जीवास्तित्वादयः, अहेतुग्राह्या भव्यत्वादयोऽस्मदाद्यपेक्षया प्रकृष्टज्ञानगोचरत्वात्तद्धेतूनामिति । प्राकृतनिबन्धोऽपि बालादिसंधारण इति उक्तं च -

"बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः कृतः ।।१।।

दृष्टेष्टाविरुद्धत्वाच्च नायं परिकल्पनागोचरः ततश्च निःशङ्कितो जीव एवार्हच्छासनप्रतिपन्नो दर्शनाचार इत्युच्यते, अनेन दर्शनदर्शनिनोरभेदोपचारमाह, तदेकान्तभेदे त्वदर्शनिन इव फलाभावान्मोक्षाभाव इत्येवं शेषपदेष्वपि भावना कार्या ।

तथा निष्काङ्क्षितो देशसर्वकाङ्क्षारहितः, तत्र देशकाङ्क्षा-एकं दर्शनं काङ्क्षते दिगम्बरदर्शनादि, सर्वकाङ्क्षा तु सर्वाण्येवेति, नालोकयति षड्जीवनिकायपीडामसत्प्ररूपणां चेति ।

विचिकित्सा=मतिविभ्रमो, निर्गता विचिकित्सा यस्मादसौ निर्विचिकित्सः । साध्वेवं जिनदर्शनम्, किन्तु प्रवृत्तस्यापि सतो ममास्मात्फलं भविष्यति वा न वा ?, कृषिबलादिक्रियासूभयथाप्युपलब्धेरितिकुविकल्परहितः, नह्यविकल उपाय उपेयवस्तुपरिप्रापको न भवतीति संजातनिश्चय इत्यर्थः, यद्वा निर्विजुगुप्सो जुगुप्सारहितः ।

तथा अमूढदृष्टिः, बालतपस्वितपोविद्याद्यतिशयैर्न मूढा स्वभावान्न चलिता दृष्टिः सम्यग्दर्शनरूपा यस्यासौ अमूढदृष्टिः, एतावान् गुणिप्रधानो दर्शनाचारनिर्देशः । अधुना गुणप्रधानः-उपबृंहणं नाम समानधार्मिकाणां सद्गुणप्रशंसनेन तद्वृद्धिकरणम्, स्थिरीकरणं धर्माद्विषीदतां तत्रैव स्थापनम्, वात्सल्यं समानधार्मिकजनोपकारकरणम्, प्रभावना धर्मकथादिभिस्तीर्थख्यापनेति । गुणप्रधानश्चायं निर्देशो गुणगुणिनोः कथंचिद्भेदख्यापनार्थम्, एकान्ताभेदे गुणनिवृत्तौ गुणिनोऽपि निवृत्तेः शून्यताऽऽपत्तिरिति ।

चारित्राचारोऽष्टधा पञ्चसमितित्रिगुप्तिभेदात्तत्स्वरूपं च प्रतीतमेव ।

तपआचारस्तु द्वादशविधः, बाह्या-ऽभ्यन्तरतपःषट्कद्वयभेदात्, तत्र-

"अनशनमूनोदरता, वृत्तेः संक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ।।१।।
प्रायश्चित्तं ध्यानं, वैयावृत्त्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यन्तरं भवति ।।२।। [प्रशमरतौ का० १७५-६]

वीर्याचारः पुनरनिह्नुतबाह्याभ्यन्तरसामर्थ्यस्य सतः अनन्तरोक्तषट्त्रिंशद्विधे ज्ञान-दर्शनाद्याचारे यथाशक्ति प्रतिपत्तिलक्षणं पराक्रमणम्, प्रतिपत्तौ च यथाबलं पालनेति ।

ટીકાર્થ :-

तथा ..... पालनेति । અને 'આક્ષેપણીનો પ્રયોગ કરે.' (સૂ. ૬૮)=

ધર્મકથાકાલમાં આક્ષેપણી કથાનો વ્યાપાર કરે. આક્ષેપણી શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. મોહથી ભવ્યપ્રાણીઓ તત્ત્વ પ્રત્યે આક્ષેપને પામે છે આના વડે એ આક્ષેપણીકથા છે. અને આચાર-વ્યવહાર-પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદના ભેદથી તે આક્ષેપણીકથા ચાર પ્રકારની છે. ત્યાં=ચાર પ્રકારની કથામાં, આચાર લોચ, અસ્નાનાદિ સુંદર ક્રિયારૂપ છે. વ્યવહાર કોઈક રીતે પ્રાપ્ત કરેલા દોષના નાશ માટે પ્રાયશ્ચિત્તરૂપ છે. પ્રજ્ઞપ્તિ સંશયને પામેલા એવા જીવને મધુર વચન વડે પ્રજ્ઞાપનરૂપ છે. અને દૃષ્ટિવાદ શ્રોતાની અપેક્ષાએ સૂક્ષ્મજીવાદિભાવના કથનરૂપ છે.

અને જ્ઞાનાદિ આચારોનું કથન કરે છે. (સૂ. ૬૯)=

શ્રુતલક્ષણ જ્ઞાનનો આચાર જ્ઞાનાચાર છે. આદિ શબ્દથી દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચારનું ગ્રહણ છે.

'इति' શબ્દ પાંચ આચારની સમાપ્તિ માટે છે.

ત્યારપછી જ્ઞાનાદિ આચારોનું કથન=પ્રજ્ઞાપન એ પ્રકારનો જ્ઞાનાચારાદિ કથનનો સમાસ છે. ત્યાં=પાંચ આચારમાં, જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે=કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવ, વ્યંજન, અર્થ અને તદુભયના ભેદસ્વરૂપવાળો આઠ પ્રકારનો છે. ત્યાં=આઠ પ્રકારના જ્ઞાનાચારમાં, કાળ=જે અંગપ્રવિષ્ટઆદિ શ્રુતનો જે કાળ કહેવાયો છે, તેમાં જ તેનોસ્વાધ્યાય કરવો, અન્યદા નહિ; કેમ કે તીર્થંકરનું વચન છે. અને કૃષ્યાદિનું કાલકરણમાં દૃષ્ટફલ છે. અને વિપર્યયમાં વિપર્યય છે. એથી સ્વાધ્યાયાદિ કાલે કરવો જોઈએ એમ અન્વય છે. અને શ્રુતગ્રહણને કરતા ગુરુનો વિનય કરવો જોઈએ. વિનય અભ્યુત્થાન, પાદધાવનાદિ છે. જે કારણથી અવિનયથી ગ્રહણ કરાયેલું તે=શ્રુત, અફલ છે. અને શ્રુતગ્રહણમાં ઉદ્યત એવા પુરુષે ગુરુનું બહુમાન કરવું જોઈએ. બહુમાન એટલે અંતરંગ ભાવ પ્રતિબંધ=અંતરંગભાવથી પ્રીતિ. આ હોતે છતે=બહુમાન હોતે છતે, વિલંબન વગર અવિકલ શ્રુત થાય છે અને અહીં=વિનય અને બહુમાનનું સ્વરૂપ બતાવ્યું તેમાં, વિનય અને બહુમાનની ચતુર્ભંગી થાય છે.

૧. એકને વિનય છે બહુમાન નથી.

૨. બીજાને બહુમાન છે વિનય નથી.

૩. અન્યને વિનય પણ છે અને બહુમાન પણ છે.

૪. અન્યતરને વિનય નથી અને બહુમાન પણ નથી.

'इति' શબ્દ વિનય અને બહુમાનની ચતુર્ભંગીની સમાપ્તિ માટે છે.

અને શ્રુતના ગ્રહણ અર્થે અભીપ્સિત એવું=ઈચ્છિત એવું, ઉપધાન કરવું જોઈએ. ઉપધાન શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. શ્રુતને ઉપદધાન કરે છે=પોષે છે, એ ઉપધાનતપ છે. તે=તપ, જે અધ્યયનમાં જે આગાઢાદિ યોગલક્ષણવાળું કહેવાયું તે=તપ, ત્યાં=તે અધ્યયનમાં, કરવું જોઈએ; કેમ કે તત્પૂર્વક શ્રુતગ્રહણનું જ=તે તપપૂર્વક શ્રુતગ્રહણનું જ, ફલવાનપણું છે. 'અનિહ્નવ'=ગૃહીત શ્રુતથી અનિહ્નવ કરવો જોઈએ.

તે અનિહ્નવ સ્પષ્ટ કરે છે –

જે જેની પાસેથી ભણાયું હોય ત્યાં તે જ કહેવું જોઈએ=તે મહાત્માનું નામ જ કહેવું જોઈએ, અન્ય નહિ. કેમ કે ચિત્તના કાલુષ્યની પ્રાપ્તિ છે.

અને તેના ફલને ઈચ્છતા=શ્રુતના ફલને ઈચ્છતા, શ્રુતગ્રહણમાં પ્રવૃત્ત એવા પુરુષ વડે વ્યંજનભેદ, અર્થભેદ કે ઉભયભેદ કરવો જોઈએ નહિ.

ત્યાં વ્યંજનાભેદ 'યથા'થી બતાવે છે –

'धम्मो मंगलमुक्किट्ठं' (દશ વૈ. ૧-૧) એ પ્રકારના વક્તવ્યમાં 'पुण्णं कल्लाणमुक्कोसं' એ વ્યંજનભેદ છે એમ કહેવાય છે. વળી, અર્થભેદ જે પ્રમાણે 'आवंति केआवंति लोगंसि विप्परामुसंति' (આચારાંગ - ૧, ૫, ૧૪૧) એ

પ્રકારના આચારસૂત્રમાં 'आवंति'=જેટલા જીવો અસંયત છે. 'केआवंति'=કેટલાક, 'लोगंसि'=ચૌદ રજ્જુ આત્મક આ પાખંડીલોકમાં 'विप्परामुसंलि'=વિપરામર્શ કરે છે=વિષયોના અભિલાષીપણાને કારણે છજીવનિકાયનો ઉપઘાત કરે છે. આ પ્રકારના અર્થના અભિધાન હોતે છતે, અવંતીજનપદમાં કેટલાક રજ્જુવાળો લોક કૂપમાં પરામર્શ કરે છે. એ પ્રકારનો અર્થ કરવામાં આવે તે અર્થભેદ છે. વળી, ઉભયભેદ બંનેના પણ યાથાત્મ્યના ઉપમર્દનમાં છે. જે પ્રમાણે 'धर्मो मंगलमुत्कुष्टः अहिंसा पर्वतमस्तके' ઇત્યાદિ. અને અહીં=વ્યંજનભેદાદિમાં, વ્યંજનભેદથી અર્થનો ભેદ દોષ છે. તેના ભેદમાં=અર્થના ભેદમાં, ક્રિયાનો ભેદ પ્રાપ્ત થાય છે. ક્રિયાના ભેદમાં મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય છે અને તેના અભાવમાં=મોક્ષના અભાવમાં, નિરર્થક દીક્ષા છે.

'इति' શબ્દ જ્ઞાનાચારના આઠ ભેદની સમાપ્તિ માટે છે.

દર્શનાચાર પણ નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહા, સ્થિરીકરણ, વાત્સલ્ય, તીર્થપ્રભાવના ભેદથી આઠ પ્રકારનો જ છે.

ત્યાં=આઠ પ્રકારના દર્શનાચારમાં, નિઃશંકિતનો અર્થ કહે છે – 'शङ्कनं शङ्कितम्'=શંકા એ શંકિત છે. નિર્ગત શંકિત છે જેનાથી એ નિઃશંકિત=દેશ-સર્વ શંકાથી રહિત એ પ્રકારનો નિઃશંકિતનો અર્થ છે. ત્યાં=દેશ અને સર્વશંકામાં, દેશશંકા - સમાન જીવપણામાં કેવી રીતે એક ભવ્ય અપર વળી અભવ્ય ? એ પ્રમાણે શંકા કરે છે. વળી, સર્વશંકા પ્રાકૃતમાં નિબદ્ધપણું હોવાથી સકલ જ આ=શાસ્ત્ર, પરિકલ્પિત થશે.

'इति' શબ્દ દેશશંકા અને સર્વશંકાના સ્વરૂપની સમાપ્તિ માટે છે.

વળી આલોચન કરતો નથી. જે પ્રમાણે ભાવો હેતુગ્રાહ્ય છે અને અહેતુગ્રાહ્ય છે ત્યાં હેતુગ્રાહ્ય જીવના અસ્તિત્વાદિ છે. અહેતુગ્રાહ્ય ભવ્યત્વાદિ છે; કેમ કે તેના હેતુઓનું=ભવ્યત્વાદિના હેતુઓનું, અસ્મદ્ આદિ અપેક્ષાથી=આપણા જેવા છદ્મસ્થાદિની અપેક્ષાથી, પ્રકૃષ્ટ જ્ઞાનનું વિષયપણું છે.

'इति' શબ્દ દેશશંકાના સમાધાનની સમાપ્તિ માટે છે.

પ્રાકૃત નિબંધ પણ=પ્રાકૃત ભાષામાં સૂત્રની રચના પણ, બાલાદિ સાધારણ છે=બાલાદિના ઉપકાર અર્થે છે.

'इति' શબ્દ સર્વ શંકાના સમાધાનની સમાપ્તિ માટે છે અને કહેવાયું છે –

'ચારિત્રની કાંક્ષાવાળા બાલ, સ્ત્રી, મંદ અને મૂર્ખ એવા મનુષ્યના અનુગ્રહ માટે તત્ત્વના જાણનારાઓ વડે સિદ્ધાંત પ્રાકૃતમાં કરાયો છે.'

અને દૃષ્ટ-ઇષ્ટની સાથે અવિરુદ્ધપણું હોવાથી આ=સિદ્ધાંતનું કથન, પરિકલ્પનાનો વિષય નથી. અને તેથી=પૂર્વમાં દેશ અને સર્વશંકાનું સમાધાન કર્યું તેથી, નિઃશંકિત થયેલો જીવ જ અર્હદ્દશાસનને પામેલો દર્શનાચાર એ પ્રમાણે કહેવાય છે. આના દ્વારા=નિઃશંકિત જીવને દર્શનાચાર કહ્યો એના દ્વારા, દર્શન અને દર્શનીનો અભેદ ઉપચારને કહે છે. તેના એકાંતભેદમાં=દર્શન અને દર્શનીના એકાંતભેદમાં, વળી અદર્શનીની જેમ ફલનો અભાવ હોવાથી મોક્ષનો અભાવ થાય. એ રીતે શેષ પદોમાં પણ ભાવના કરવી=જે રીતે નિઃશંકિત પદમાં દર્શન અને દર્શનીનો અભેદ ઉપચાર કર્યો એ રીતે, નિષ્કાંક્ષિત આદિ શેષપદોમાં પણ ભાવના કરવી.

અને નિષ્કાંક્ષિત=દેશ અને સર્વકાંક્ષાથી રહિત, ત્યાં દેશકાંક્ષા - દિગંબર દર્શનાદિ એક દર્શનની કાંક્ષા કરે છે. વળી, સર્વકાંક્ષાને – સર્વ જ દર્શનોની આંકાક્ષા કરે છે.

'इति' શબ્દ દેશ અને સર્વકાંક્ષાના સ્વરૂપની સમાપ્તિ માટે છે.

ષડ્જીવનિકાયની પીડાને અને અસત્ પ્રરૂપણાને આલોકન કરતો નથી. અન્ય દર્શનમાં છ જીવની કાયની પીડા છે અને અસંબંધ પ્રરૂપણા છે તેનો વિચાર કરતો નથી માટે દેશની અથવા સર્વની કાંક્ષા કરે છે.

'इति' શબ્દ દેશ અને સર્વકાંક્ષાના નિવારણના સમાધાનની સમાપ્તિ અર્થે છે.

વિચિકિત્સા=મતિવિભ્રમ, નિર્ગત છે વિચિકિત્સા જેનાથી એવો આ જીવ નિર્વિચિકિત્સ કહેવાય.

વિચિકિત્સાનું સ્વરૂપ બતાવે છે –

આવા પ્રકારનું જિનદર્શન સુંદર છે. પરંતુ પ્રવૃત્ત છતાં પણ મને=જિનદર્શનાનુસાર પ્રવૃત્તિ કરતા છતાં પણ મને, આનાથી=જિનદર્શનાનુસાર પ્રવૃત્તિથી, ફલ થશે કે નહિ ? (એ પ્રકારની વિચિકિત્સા કરે છે.)

કેમ વિચિકિત્સા થઈ ? તે બતાવે છે –

ખેડૂત આદિની ક્રિયામાં ઉભયથાપણ ઉપલબ્ધિ હોવાથી વિચિકિત્સા થાય છે એમ અન્વય છે. 'इति'=આ પ્રકારની વિચિકિત્સારૂપ કુવિકલ્પથી રહિત નિર્વિચિકિત્સ છે, એમ યોજન છે.

કેમ આ પ્રકારના કુવિકલ્પથી રહિત થાય છે ? તે બતાવે છે –

અવિકલ ઉપાય, ઉપેયવસ્તુનો પરિપ્રાપક નથી થતો એમ નહિ એ પ્રકારનો સંજાત નિશ્ચયવાળો છે એ પ્રકારનો અર્થ છે.

'यद्वा'થી નિર્વિચિકિત્સનો બીજો અર્થ કહે છે –

નિર્વિજુગુપ્સાવાળો=જુગુપ્સા રહિત.

અને અમૂઢદૃષ્ટિ બાલ, તપસ્વીના તપોવિદ્યાદિના અતિશયથી મૂઢ નહિ=સ્વભાવથી ચલિત નહિ એવી સમ્યગ્દર્શનરૂપ દૃષ્ટિ છે જેને એ અમૂઢદૃષ્ટિ - આટલા ગુણીપ્રધાન દર્શનાચારનો નિર્દેશ છે=નિઃશંકિતાદિ ચારમાં ગુણીપ્રધાન એવા દર્શનાચારનો નિર્દેશ છે. હવે ગુણપ્રધાન નિર્દેશ બતાવે છે. ઉપબૃંહણ એટલે સમાન ધાર્મિકોના સદ્ગુણોની પ્રશંસાથી તેની વૃદ્ધિનું કરણ=ધર્મની વૃદ્ધિનું કરણ, સ્થિરીકરણ=ધર્મથી સિદાતા એવા જીવોને ત્યાં જ=ધર્મમાં જ, સ્થાપન, વાત્સલ્ય=સમાન ધાર્મિકજનના ઉપકારનું કરવું, પ્રભાવના=ધર્મકથાદિ વડે તીર્થની ખ્યાપના. 'इति' શબ્દ ગુણપ્રધાન દર્શનાચારના કથનની સમાપ્તિ માટે છે. અને ગુણની પ્રધાનતાવાળો આ નિર્દેશ ગુણ-ગુણીના કથંચિત ભેદને બતાવવા અર્થે છે. ગુણ-ગુણીનો કથંચિત્ ભેદ કેમ બતાવ્યો ? તેથી કહે છે. એકાંત અભેદમાં=ગુણ-ગુણીના એકાંત અભેદમાં, ગુણની નિવૃત્તિ થયે છતે ગુણીની પણ નિવૃત્તિની આપત્તિ હોવાથી શૂન્યતાની પ્રાપ્તિ થાય.

'इति' શબ્દ દર્શનાચારના કથનની સમાપ્તિ માટે છે.

ચારિત્રાચાર આઠ પ્રકારનો છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદથી, તેનું સ્વરૂપ પ્રતીત જ છે.

બાહ્ય અને અભ્યંતર એવા તપ ષટ્કદ્વયના ભેદથી તપાચાર વળી બાર પ્રકારનો છે. ત્યાં=બાર પ્રકારના તપમાં.

"અનશન, ઊનોદરતા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા એ બાહ્યતપ કહેવાયો છે. ।।૧।।

પ્રાયશ્ચિત્ત, ધ્યાન, વૈયાવૃત્ત્ય, વિનય, ઉત્સર્ગ, સ્વાધ્યાય એ તપ છ પ્રકારનો આભ્યંતર થાય છે." ।।૨।। (પ્રશમરતિ કા. ૧૭૫-૧૭૬)

વળી, વીર્યાચાર અનંતરમાં કહેવાયેલા છત્રીસ ભેદવાળા જ્ઞાન-દર્શનાદિ આચારમાં અનિહ્નુત બાહ્ય-આભ્યન્તર સામર્થ્યવાળા છતા પુરુષનું યથાશક્તિ પ્રતિપત્તિલક્ષણ પરાક્રમ છે. અને પ્રતિપત્તિમાં યથાબલ પાલન છે.

'इति' શબ્દ વીર્યાચારની સમાપ્તિ માટે છે.

ભાવાર્થ :-

ઉપદેશકે શ્રોતાને શાસ્ત્ર પ્રત્યે આદર થાય તે પ્રકારે ઉપદેશ આપવો જોઈએ તેમ પૂર્વમાં કહ્યું અને તે ઉપદેશને સાંભળીને યોગ્ય શ્રોતા શાસ્ત્રપ્રધાન મતિવાળા થાય ત્યારે ઉપદેશક આક્ષેપણીનો પ્રયોગ કરે અર્થાત્ આક્ષેપણી કથા કરે.

કઈ રીતે આક્ષેપણી કથા કરે ? તે બતાવતાં કહે છે –

ભગવાનના શાસનના સંયમના આચારો અન્યદર્શન કરતાં કેવા વિશેષ પ્રકારના છે ? તેનું સ્વરૂપ સમજાવે. જેથી સૂક્ષ્મ યતનાપૂર્વકના ભગવાનના શાસનના આચારોને જાણીને શ્રોતા સંયમના ઉચિત આચારો પ્રત્યે આક્ષિપ્ત થાય.

વળી, કોઈક રીતે સંયમજીવનમાં અતિચારોની પ્રાપ્તિ થાય તેની શુદ્ધિ માટેનો ઉચિત પ્રાયશ્ચિત્તરૂપ વ્યવહાર ભગવાનના શાસનમાં કઈ રીતે છે ? તેનું નિરૂપણ કરે, જેથી શ્રોતાને બોધ થાય કે સર્વજ્ઞકથિત આ આગમ છે. તેથી સંયમની શુદ્ધિ કરવાનો આવો નિપુણ વ્યવહાર ભગવાનના શાસનમાં પ્રાપ્ત થાય છે.

વળી, શ્રોતાને ભગવાનના વચનમાં કોઈક ઠેકાણે સંશય પ્રાપ્ત થાય ત્યારે મધુર વચનથી તે સંશયનું નિવારણ કરે. તેથી ભગવાનના શાસનની બોધિ કરાવવારૂપ પ્રજ્ઞપ્તિને જાણીને પણ તત્ત્વના અર્થી શ્રોતા ભગવાનના શાસન પ્રત્યે આક્ષિપ્ત થાય.

વળી, શ્રોતાની બુદ્ધિની અપેક્ષાએ સૂક્ષ્મજીવાદિ પદાર્થો બતાવવારૂપ દૃષ્ટિવાદ બતાવે. જેથી શ્રોતાને બોધ થાય કે સંસારના પદાર્થની વ્યવસ્થા ભગવાનના શાસનમાં અનુભવ અને યુક્તિને અનુરૂપ છે અને આ વ્યવસ્થાને આ રીતે સ્વીકારવાથી જ પરલોક અને મોક્ષની વાત સંગત થાય છે. આ પ્રકારે આક્ષેપણી કથાનો પ્રયોગ કરીને યોગ્ય શ્રોતાને ઉપદેશક સન્માર્ગમાં સ્થિર કરે. સન્માર્ગમાં સ્થિર થયેલ શ્રોતાએ આત્મકલ્યાણ અર્થે શું કરવું જોઈએ ? તે બોધ કરાવવા ઉપદેશકે જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું સ્વરૂપ શ્રોતાની બુદ્ધિને અનુરૂપ કહેવું જોઈએ. જેથી તે પાંચ આચારોનો યથાર્થ બોધ કરીને યોગ્ય શ્રોતા આત્મકલ્યાણમાં સમ્યક્ પ્રયત્ન કરી શકે.

તે પાંચ આચારો કયા છે ? તે બતાવે છે –

(૧) જ્ઞાનાચાર=શ્રુત ભણવા માટેનો ઉચિત વ્યવહાર.

(૨) દર્શનાચાર=તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ સ્થિર થાય તેવો ઉચિત આચાર.

(૩) ચારિત્રાચાર=સંવરભાવ સ્થિર થાય તેવો ઉચિત આચાર.

(૪) તપાચાર=આત્મામાં લાગેલા ક્લિષ્ટ કર્મનો નાશ કરે તેવો ઉચિત આચાર.

(૫) વીર્યાચાર=આત્મકલ્યાણ અર્થે અપ્રમાદભાવથી વીર્ય પ્રવર્તાવવાને અનુકૂળ વ્યાપાર.

આ સર્વ પાંચ આચારોનું કંઈક સ્વરૂપ ગ્રંથકારશ્રી બતાવે છે –

(૧) જ્ઞાનાચાર :-

પ્રથમ જ્ઞાનના આઠ આચારો બતાવે છે.

(i) કાળજ્ઞાનાચાર :-

જે આચારાંગાદિ શ્રુત ભણવાના છે તેને સમ્યક્ પરિણમન પમાડવા માટે જે સંયમપર્યાયનો કાળ કહ્યો છે તે કાળે આચારાંગાદિ શ્રુત ભણવા જોઈએ. પરંતુ વિપર્યયથી નહિ; કેમ કે એટલો સંયમપર્યાય પસાર કર્યા પછી સંપન્ન થયેલ યોગ્ય જીવ તે તે આચારાંગાદિને ભણીને તે શાસ્ત્રોથી આત્માને ભાવિત કરે તો આત્મકલ્યાણ થાય. અને ભગવાનની આજ્ઞા નિરપેક્ષ તેટલો સંયમપર્યાય પસાર કર્યા વગર અકાલે ભણે તો આજ્ઞાભંગ આદિ દોષોની પ્રાપ્તિ થાય.

(ii) વિનયજ્ઞાનાચાર :-

શ્રુતઅધ્યયન ગુરુના વિનયપૂર્વક કરવું જોઈએ. અર્થાત્ જે ગુરુ પાસેથી શ્રુત-અધ્યયન કરવાનું છે તેમના પ્રત્યે આદરની અભિવ્યક્તિ થાય તે પ્રકારે અભ્યુત્થાન, પાદધાવનાદિ સર્વઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. જે શાસ્ત્ર ભણનાર જીવ અવિનયથી શ્રુત ગ્રહણ કરે છે તેમને કદાચ શાબ્દબોધની મર્યાદાથી બોધ થાય તોપણ શાસ્ત્ર-અધ્યયન નિર્જરાના ફળવાળું થાય નહિ; કેમ કે શ્રુત પ્રત્યેના આદરથી જ શ્રુત સમ્યક્ પરિણમન પામે છે.

(iii) બહુમાનજ્ઞાનાચાર :-

શ્રુત-અધ્યયનની પ્રવૃત્તિ શ્રુત દેનાર ગુરુ પ્રત્યે બહુમાનપૂર્વક કરવી જોઈએ. અર્થાત્ શ્રુતદાતા ગુરુ પ્રત્યે અંતરંગ પ્રીતિ વિશેષ ધારણ કરવી જોઈએ. જેમને ગુરુ પ્રત્યે બહુમાન છે તેઓને તે શ્રુત શીઘ્ર યથાર્થ પરિણમન પામે છે.

વિનય અને બહુમાનના ભેદનો બોધ કરાવવા અર્થે વિનય અને બહુમાનની ચતુર્ભંગી ગ્રંથકારશ્રીએ બતાવી છે.

(૧) કેટલાક ભણનારને વિનય છે, બહુમાન નથી=ગુરુ આવે ત્યારે અભ્યુત્થાનાદિ ઉચિત પ્રવૃત્તિ કરે છે. પરંતુ ગુરુ પ્રત્યે અંતરંગ પ્રીતિ વિશેષ નથી અર્થાત્ આ મહાત્મા શ્રુતને ધારણ કરનારા છે અને મારા કલ્યાણ અર્થે મને સન્માર્ગને બતાવનારા છે માટે મારા માટે અત્યંત પૂજ્ય છે એ પ્રકારનું અંતરંગ બહુમાન નથી.

(૨) અન્ય કોઈ શ્રુત-અધ્યયન કરનાર મહાત્માને અંતરંગ બહુમાન છે પરંતુ પ્રમાદી સ્વભાવને કારણે દરેક પ્રસંગે અભ્યુત્થાન, પાદધાવનાદિ ઉચિત વિનય કરતા નથી.

(૩) કોઈક મહાત્માને ગુણવાન ગુરુ પ્રત્યે વિનય પણ છે અને અંતરંગ બહુમાન પણ છે, તેવા સાધુ શ્રુતના સમ્યક્ આરાધક છે.

(૪) કોઈક અન્ય સાધુ ગુરુ પાસેથી શ્રુત ભણે છે આમ છતાં ગુરુ ભગવંત પ્રત્યે અંતરંગ બહુમાન તો નથી અને ઉચિત વિનય પણ કરતા નથી.

આ ચોથો ભાંગો સર્વથા નિષ્ફળ છે. ત્રીજો ભાંગો પરિપૂર્ણ શુદ્ધ છે. બીજો ભાંગો બહુમાનભાવને કારણે કંઈક સુંદર હોવા છતાં વિવેકવાળો નથી તેથી પૂર્ણ સુંદર નથી. પ્રથમ ભાંગામાં ઉચિત વિનય છે, તોપણ અંતરંગ બહુમાન નહિ હોવાથી નિષ્ફળપ્રાયઃ છે.

(iv) ઉપધાનજ્ઞાનાચાર :-

જે જે શાસ્ત્રો અધ્યયન કરવાના છે તે તે શાસ્ત્રો માટે જે પ્રકારનું ઉપધાન ઇચ્છાયું છે તે ઉપધાન કરવું જોઈએ. ઉપધાનનો અર્થ કરતાં કહે છે – જે શ્રુત-અધ્યયન કરવાનું છે તે શ્રુત-અધ્યયનને પોષણ કરે તેવું તપવિશેષ તે ઉપધાન છે અને જે શાસ્ત્ર માટે જે પ્રકારનું આગાઢાદિ યોગલક્ષણ ઉપધાન કહેલું છે તે ઉપધાન કરીને તે શાસ્ત્ર ભણવાં જોઈએ; કેમ કે તે પ્રકારના શાસ્ત્રના આદરને કારણે ભણાયેલું શ્રુત સમ્યક્ પરિણમન પામે છે.

(v) અનિહ્નવજ્ઞાનાચાર :-

જે ગુરુ આદિ પાસેથી પોતાને શ્રુત પ્રાપ્ત થયું હોય તેનો ક્યારેય અપલાપ કરવો જોઈએ નહિ પરંતુ પ્રસંગને અનુરૂપ કહેવું જોઈએ કે આ મહાત્મા દ્વારા મને આ શ્રુતની પ્રાપ્તિ થઈ છે. જો તેમ ન કરવામાં આવે તો શ્રુતદાતાનો અપલાપ કરવાથી ચિત્તમાં કાલુષ્યની પ્રાપ્તિ થાય.

(vi-vii-viii) વ્યંજનજ્ઞાનાચાર, અર્થજ્ઞાનાચાર અને ઉભયજ્ઞાનાચાર :-

જે સાધુ જે આચારાંગાદિ શ્રુતનું અધ્યયન કરે છે. તે શ્રુતગ્રહણની પ્રવૃત્તિમાં તે શ્રુતના ફલને ઇચ્છનારા મહાત્માએ વ્યંજનભેદ, અર્થભેદ કે ઉભયભેદ કરવો જોઈએ નહિ; કેમ કે તેમ કરવાથી શ્રુતની આશાતના થાય.

વ્યંજનભેદનો અર્થ કરે છે –

જેમ દશવૈકાલિક સૂત્રમાં 'धम्मो मंगलमुक्किट्ठं' એ પ્રકારનું વચન છે તેના સ્થાને તેના સમાન અર્થવાળા અન્ય શબ્દથી કહેવામાં આવે તે વ્યંજનભેદ છે. આ પ્રકારે શાસ્ત્રમાં કરાયેલા શબ્દોને છોડીને અન્ય શબ્દ દ્વારા તે શ્રુતને બુદ્ધિમાં સ્થિર કરવામાં આવે તો વ્યંજનભેદને કારણે શ્રુતની આશાતનાની પ્રાપ્તિ થાય.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે શબ્દોમાં આચારાંગાદિ ઉપલબ્ધ છે તે શબ્દોથી આચારાંગાદિ સૂત્રને ગ્રહણ કરવું જોઈએ અને ગ્રહણ કર્યા પછી સ્થિર કરવું જોઈએ. ત્યાર પછી તે સૂત્રોના અર્થનો બોધ કરવો જોઈએ. તે સૂત્રોના અર્થનો પણ ભેદ કર્યા વગર અર્થ ગ્રહણ કરવો જોઈએ. વળી, સૂત્ર અને અર્થ બંનેનો ભેદ કર્યા

વિના સૂત્ર-અર્થને ધારણ કરવા જોઈએ અને સૂત્ર અને અર્થથી આત્માને ભાવિત કરવો જોઈએ. જેથી શ્રુતભાવિત મતિ થવાથી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

(૨) દર્શનાચાર :-

દર્શનાચાર આઠ પ્રકારનો છે. તેમાં પ્રથમ ચાર ભેદો દર્શનાચાર પાળનારા પુરુષને ગ્રહણ કરીને બતાવેલ છે; કેમ કે દર્શનાચાર ગુણ અને દર્શનાચારવાળો પુરુષ એ બંને વચ્ચે કથંચિત્ અભેદ છે તેવો બોધ થાય. જો દર્શનાચારનો દર્શનવાળા પુરુષ સાથે કથંચિત્ અભેદ ન સ્વીકારવામાં આવે પરંતુ એકાંત ભેદ સ્વીકારવામાં આવે તો દર્શનાચારવાળા પુરુષમાં દર્શનગુણ હોવા છતાં તે ગુણ તેના આત્માથી ભિન્ન હોવાને કારણે તે પુરુષ દર્શનાચાર રહિત પુરુષ જેવો જ છે તેમ માનવું પડે. જેમ દર્શનાચાર રહિત પુરુષ અદર્શની છે=સમ્યગ્દર્શન રહિત છે, એમ દર્શનાચારવાળો પુરુષ પણ સમ્યગ્દર્શન રહિત છે તેમ માનવું પડે. આવું સ્વીકારીએ તો દર્શનાચાર નહિ પાળનાર પુરુષ સમ્યગ્દર્શન રહિત હોવાથી મોક્ષમાં જઈ શકે નહિ તેમ દર્શનાચાર પાળનાર પુરુષ પણ સમ્યગ્દર્શન રહિત હોવાથી મોક્ષમાં જઈ શકે નહિ તેમ માનવું પડે. તેથી દર્શનાચારની સાથે સમ્યગ્દર્શનવાળા પુરુષનો કથંચિત્ અભેદ છે તેવો બોધ કરાવવા અર્થે પ્રથમ ચાર દર્શનાચારોનો દર્શનાચારવાળા પુરુષ સાથે અભેદ બતાવેલ છે.

વળી, પાછળના ચાર આચારો ગુણરૂપ છે પરંતુ ગુણીરૂપ નથી, તેથી દર્શનાચાર પાળનારા ગુણી કરતાં દર્શનાચારરૂપ ગુણનો કથંચિત્ ભેદ છે તેવો બોધ થાય. જો ગુણ-ગુણીનો સર્વથા અભેદ સ્વીકારવામાં આવે તો ગુણ પામ્યા પછી ગુણનો નાશ થાય ત્યારે દર્શનાચાર પાળનારા પુરુષના પણ નાશની આપત્તિ આવે. આ રીતે આઠ આચાર દ્વારા ગુણ-ગુણીનો ભેદાભેદ શ્રોતાને બતાવવો જોઈએ. જેથી પ્રસંગને અનુરૂપ શ્રોતાને સ્યાદ્વાદનો પણ બોધ થાય અને દર્શનાચારનો પણ બોધ થાય.

(i) નિઃશંકિતદર્શનાચાર :-

ભગવાનના વચનમાં દેશથી શંકા થાય કે સર્વથી શંકા થાય એમ બે પ્રકારની શંકા થઈ શકે. કોઈને શંકા થાય કે જગતમાં જીવો બધા સમાન છે; આમ છતાં કેટલાક જીવો ભવ્ય છે અને કેટલાક જીવો અભવ્ય છે તેમ શાસ્ત્રમાં કેમ કહ્યું ? આ પ્રકારની કોઈને શંકા થઈ હોય તેનું નિવારણ ઉપદેશકે કરતાં કહેવું જોઈએ કે જગતના ભાવો કેટલાક હેતુથી ગ્રાહ્ય છે અને કેટલાક અહેતુથી, સર્વજ્ઞના વચનથી ગ્રાહ્ય છે. જેમ જીવનું અસ્તિત્વ છે વગેરે હેતુથી ગ્રાહ્ય છે. જગતમાં જીવોમાં કેટલાક ભવ્ય છે અને કેટલાક અભવ્ય છે તે હેતુથી ગ્રાહ્ય નથી પરંતુ પદાર્થનો તેવો સ્વભાવ છે અને સર્વજ્ઞ તે ભાવોને જોઈ શકે છે, છદ્મસ્થ જોઈ શકતા નથી. માટે સર્વજ્ઞના વચનથી તે ભાવોને તે રીતે સ્વીકારવા જોઈએ.

આ પ્રકારની દર્શનાચાર વિષયક જે કોઈ દેશશંકા થાય તે સર્વનું નિવર્તન કરીને ભગવાનના વચનમાં નિઃશંકિત થવું જોઈએ.

વળી, કોઈને સર્વશંકા થાય કે ભગવાનનાં શાસ્ત્રો પ્રાકૃતમાં નિબદ્ધ છે માટે આ સર્વ આગમો પરિકલ્પિત્ હશે. આ પ્રકારની શંકાથી સર્વશાસ્ત્રમાં અપ્રમાણબુદ્ધિ થાય. તેના નિવારણ માટે ઉપદેશકે કહેવું જોઈએ કે

શાસ્ત્રો પ્રાકૃતમાં રચાયેલાં છે તેનું કારણ બાલાદિ જીવોને સુખે બોધ થાય તે પ્રયોજન છે. આ રીતે જે જે સ્થાનોમાં સર્વ શંકા થાય તેનું ઉચિત સમાધાન પ્રાપ્ત કરીને શાસ્ત્રવચનમાં નિઃશંકિત થવું જોઈએ. જેથી ભગવાને બતાવેલાં સત્શાસ્ત્રો સર્વકલ્યાણનું એક કારણ છે, તેવી સ્થિર બુદ્ધિ થાય. આ પ્રકારે દર્શનાચારનું પાલન આરાધક જીવે કરવું જોઈએ એમ ઉપદેશક ઉપદેશ આપે.

(ii) નિષ્કાંક્ષિતદર્શનાચાર :-

દેશ અને સર્વ આકાંક્ષાથી રહિત જે હોય તે નિષ્કાંક્ષિત કહેવાય.

જેમ કોઈને દિગંબર દર્શનાદિ એક દર્શનની આકાંક્ષા થાય તે દેશકાંક્ષાવાળો કહેવાય. આવા શ્રોતાને ગુરુ કહે કે ષડ્જીવનિકાયની પીડાને દિગંબર દર્શન જોનાર નથી.

આશય એ છે કે ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા જીવોને દિગંબરનું નગ્નપણું, ઉપધિરહિતપણું એવા બાહ્ય આચારોને જોઈને થાય કે આ દર્શનના આચારો અધિક શ્રેષ્ઠ છે; કેમ કે નિર્લેપ થવા માટે આ જ આચારો કારણ છે. આવા શ્રોતાને ઉપદેશક કહે કે દિગંબર સાધુ પાત્રાં વગેરે રાખતા નથી, તેથી હાથમાં આહાર ગ્રહણ કરવાથી થતી ષડ્જીવનિકાયની પીડાને જોનારા નથી માટે અયતનાપરાયણ એવું તેઓનું દર્શન છે.

આ પ્રકારની જે જે શંકા શ્રોતાને થઈ હોય તે તે શંકાનું ઉચિત સમાધાન આપીને તે શ્રોતાને અન્યદર્શનની આકાંક્ષા વગરનો કરવો જોઈએ અને આ રીતે નિષ્કાંક્ષિત થાય તો ભગવાનના વચનમાં સ્થિરતાપૂર્વક દૃઢપ્રવૃત્તિ શ્રોતાની થાય તે પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ.

વળી, કેટલાક મુગ્ધ શ્રોતાઓને સર્વકાંક્ષા થાય અર્થાત્ વિચારે કે બધાં દર્શનો ત્યાગની વાતો કરે છે, અહિંસાદિનું પાલન કરવાનું કહે છે, તેથી કોઈ દર્શનમાં પક્ષપાત કરવો ઉચિત નથી. બધાં દર્શનો આત્મકલ્યાણની વાતો કરનારાં હોવાથી સુંદર છે. આવા શ્રોતાને ઉપદેશકે તેની બુદ્ધિ અનુસાર અન્યદર્શનની અસત્ પ્રરૂપણા શું છે ? તે બતાવીને નિષ્કાંક્ષિત કરવો જોઈએ અને આ રીતે અન્યદર્શનની કોઈપણ પ્રકારની આકાંક્ષા થઈ હોય તેનું સમ્યક્ યત્નાપૂર્વક નિવર્તન કરવું જોઈએ. જેથી અન્યદર્શનની કાંક્ષા વગરનો શ્રોતા થવાથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળો બને તેથી તે શ્રોતાને જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ વધે.

(iii) નિર્વિચિકિત્સદર્શનાચાર :-

વિચિકિત્સા તે મતિભ્રમ છે અને તેવા મતિભ્રમ વગરનો પુરુષ નિર્વિચિકિત્સ કહેવાય છે.

કેવા પ્રકારનો મતિભ્રમ થાય છે ? તે બતાવતાં કહે છે –

આ ભગવાનનું વચન સુંદર છે અને તે વચનાનુસાર હું પ્રવૃત્તિ કરું છું, પરંતુ આ પ્રવૃત્તિનું ભવિષ્યમાં મને ફળ મળશે કે નહિ મળે ? તેવા પ્રકારની શંકા થાય છે.

કેમ એવી શંકા થાય છે ? તેમાં યુક્તિ બતાવે છે –

ખેતી આદિની ક્રિયામાં બંને પ્રકારની પ્રાપ્તિ છે. તેથી વિચારકને શંકા થાય છે.

આશય એ છે કે ખેડૂત ખેતી કરે પણ ઉચિત વરસાદ આદિ ન થાય તો ફળ મળતું નથી. અને ઉચિત વરસાદ આદિ થાય તો ફળ મળે છે. તેમ પોતાની પરલોક અર્થે કરાયેલ પ્રવૃત્તિનું ફળ મળશે કે નહિ મળે તેવી કોઈને શંકા થાય તો પરલોકપ્રધાન પ્રવૃત્તિમાં શૈથિલ્ય આવે, તેથી તેને યુક્તિથી ઉપદેશકે દૂર કરવી જોઈએ અને કહેવું જોઈએ કે કોઈ જાતની ખામી વગરનો ઉપાય ઉપેયવસ્તુનો પરિપ્રાપક નિયમા થાય છે તેથી ભગવાનના વચનાનુસાર સમ્યક્‌બોધ કરીને તે પ્રકારની સમ્યક્‌પ્રવૃત્તિ કરવામાં આવે અને તે પ્રવૃત્તિ જો કોઈ ખામીવાળી ન હોય તો અવશ્ય તે પ્રવૃત્તિથી ક્લિષ્ટકર્મની નિર્જરા થાય છે. તેથી જિનવચનાનુસાર કરાયેલ પ્રવૃત્તિ ક્યારેય નિષ્ફળ બને નહિ પરંતુ અવશ્ય ફળ આપે છે. આ પ્રકારે ઉચિત બોધ કરાવવાથી વિચિકિત્સા રહિત તે પુરુષ સર્વ ઉચિત પ્રવૃત્તિ ભગવાનના વચનના પરમાર્થને જાણીને યથાર્થ કરવા તત્પર બને છે. જેથી દર્શનશુદ્ધિ થવાને કારણે સ્વભૂમિકાનુસાર ધર્મની દૃઢ પ્રવૃત્તિ થાય છે.

અથવા નિર્વિચિકિત્સનો અર્થ જુગુપ્સારહિત પણ શાસ્ત્રમાં કરેલ છે. તેથી કોઈને સાધુનાં મલિન વસ્ત્રાદિ પ્રત્યે જુગુપ્સા થાય તો સંયમની આચરણા પ્રત્યેનો ઉત્સાહ મંદ થાય. તેથી સાધુનાં મલિન ગાત્રાદિ પ્રત્યે જુગુપ્સાને દૂર કરવા માટે વિચારવું જોઈએ કે પુદ્‌ગલ પ્રત્યેના મમત્વનો ત્યાગ કરવા અર્થે મહાત્મા દેહની સ્વચ્છતા માટે યત્ન કરતા નથી પરંતુ દેહ પ્રત્યે નિરપેક્ષ થઈને આત્મકલ્યાણ માટે ઉદ્યમ કરે છે. માટે સાધુનાં મલિન ગાત્રો પરમાર્થથી આત્માના નિસ્પૃહતાગુણની વૃદ્ધિમાં કારણ હોવાથી અનુમોદનીય છે પરંતુ જુગુપ્સનીય નથી. આ પ્રકારે વિચારવાથી જુગુપ્સા રહિત થવાય છે. જેથી નિર્વિજુગુપ્સારૂપ દર્શનાચારનું પાલન થાય છે.

(iv) અમૂઢદૃષ્ટિદર્શનાચાર :-

અન્યદર્શનમાં રહેલા બાલતપસ્વીઓ જેઓ પાસે તપની શક્તિ ઘણી હોય, વિદ્યાની શક્તિ ઘણી હોય તેના કારણે જેઓનું ચિત્ત ચલિત થાય અર્થાત્ જેઓનાં બાહ્યતપ અને બાહ્યવિદ્યાથી જેની દૃષ્ટિ મૂઢ થાય તો ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા રહે નહિ. તેવા જીવો મૂઢદૃષ્ટિવાળા કહેવાય. તેનું નિવારણ કરવા અર્થે વિચારવું જોઈએ કે માત્ર બાહ્યતપ કે વિદ્યાદિનો અતિશય તે તત્ત્વ નથી પરંતુ જે દર્શનમાં માર્ગાનુસારી સૂક્ષ્મપદાર્થો યથાર્થ બતાવાયા છે તેવું આ ભગવાનનું શાસન કષ-છેદ-તાપશુદ્ધ છે તેમ વિચારીને ભગવાનના શાસનમાં સ્થિરશ્રદ્ધાવાળા થવું જોઈએ. જેથી સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનના અવલંબનથી પરલોકના હિતની પ્રવૃત્તિ થાય.

(v) ઉપબૃંહણાદર્શનાચાર :-

પ્રથમના ચાર ભેદોથી સ્થિર શ્રદ્ધાવાળા થયેલા પણ સમ્યગ્‌દૃષ્ટિ જીવો પોતાના સમ્યગ્‌દર્શનની નિર્મળતા અર્થે પોતાના સમાન ધાર્મિક જીવોના સદ્‌ધર્મની પ્રશંસાથી તેના ગુણોનું ઉપબૃંહણ કરવું જોઈએ.

આશય એ છે કે જીવમાં વર્તતો સમ્યગ્‌દર્શનગુણ ગુણનો પક્ષપાત કરાવનાર છે અને પોતાને ગુણોનો પક્ષપાત દૃઢ થાય તદર્થે સમ્યગ્‌દૃષ્ટિ જીવે પોતાના સમાન ધર્મને કરનાર જીવોમાં જે માર્ગાનુસારી ગુણો હોય તેની પ્રશંસા કરીને પોતાના ગુણનો પક્ષપાત વધારવો જોઈએ. જેથી તે જીવો પણ ધર્મમાં દૃઢ યત્નાવાળા થાય અને પોતાને પણ ગુણ પ્રત્યેના પક્ષપાતનો ભાવ અતિશયિત થાય.

(vi) સ્થિરીકરણદર્શનાચાર :-

કોઈક રીતે કોઈક જીવ ધર્મની પ્રવૃત્તિમાં સિદાતા હોય તેને ઉચિત ઉપાયથી દૂર કરીને તેઓને ધર્મમાં સ્થિર કરવા જોઈએ જેથી પોતાને ભગવાનના વચન પ્રત્યેનો પક્ષપાતભાવ પુષ્ટ થાય.

(vii) વાત્સલ્યદર્શનાચાર :-

વળી સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે પોતાની જેમ સમાન ધર્મ કરનાર જીવો પર ઉપકાર કરીને વાત્સલ્ય કરવું જોઈએ. જેથી પોતાના જીવનમાં ધર્મ પ્રત્યેના પક્ષપાતનો ભાવ દૃઢ થાય.

(viii) પ્રભાવનાદર્શનાચાર :-

પોતાની શક્તિ અનુસાર ધર્મકથા દ્વારા ભગવાનનું શાસન યોગ્ય જીવોને કેમ પ્રાપ્ત થાય ? તેવો ઉચિત યત્ન કરવો જોઈએ. જેથી પોતાનો ભગવાનના શાસન પ્રત્યેનો પક્ષપાતભાવ વિશુદ્ધ-વિશુદ્ધતર બને.

આ પ્રકારના આઠ દર્શનાચારો છે. જેના પાલનથી સમ્યગ્દર્શન પ્રગટ ન થયું હોય તો પ્રગટ થાય અને પ્રગટ થયેલું હોય તો તે નિર્મળ બને છે. આ પ્રકારે દર્શનાચાર વિષયક શ્રોતાની બુદ્ધિ અનુસાર ઉચિત ઉપદેશ આપવો જોઈએ.

(૩) ચારિત્રાચાર :-

ચારિત્રાચાર આઠ પ્રકારનો છે. જે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ છે.

આત્મકલ્યાણના અર્થી જીવોએ સર્વશક્તિથી આ આઠ પ્રકારના આચારોને પાળીને સંસારના ઉચ્છેદ માટે પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રકારનો શ્રોતાની બુદ્ધિ અનુસાર ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ જેથી ચારિત્રનો યથાર્થ બોધ થાય અને શ્રોતા સ્વશક્તિ અનુસાર ચારિત્રાચાર પાળીને હિત સાધી શકે.

(૪) તપાચાર :-

તપાચાર બાર પ્રકારનો છે. બાહ્યતપના છ ભેદો છે અને અભ્યંતરતપના છ ભેદો છે. ચારિત્રની વિશેષ શુદ્ધિ અર્થે શાસ્ત્રમાં બાર પ્રકારનો તપ કહ્યો છે. જેનો ઉપદેશ ઉપદેશકે શ્રોતાની બુદ્ધિ અનુસાર બતાવીને શ્રોતાને સ્વશક્તિ અનુસાર તે તપ કરવાનો ઉત્સાહ થાય તેમ કરવું જોઈએ. પ્રસ્તુત ગ્રંથમાં સંક્ષેપથી તેનાં બાર નામ બતાવ્યાં છે.

(૫) વીર્યાચાર :-

આત્મામાં પ્રવૃત્તિ કરવાને અનુકૂળ જે વીર્યશક્તિ છે તે વીર્યશક્તિ પૂર્વમાં વર્ણન કરાયેલ જ્ઞાનાદિ ચાર આચારોમાં પૂરેપૂરી ફોરવવામાં આવે તે વીર્યાચારનું પાલન છે. તેથી જે પુરુષમાં સંયોગ અનુસાર જે જે આચાર પાળવાની શક્તિ હોય તે તે આચારને પાળવા માટે તે પુરુષે પ્રતિજ્ઞા કરવી જોઈએ અને પ્રતિજ્ઞા કર્યા પછી પૂરેપૂરી શક્તિ અનુસાર તે આચારોનું પાલન કરવું જોઈએ. જેથી પોતાનું વિદ્યમાન વીર્ય જ્ઞાનાચાર આદિમાં પ્રવર્તવાથી સફળ બને.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે પોતાની પાસે વિદ્યમાન વીર્યને સદ્‌શાસ્ત્ર ભણવા માટે, ભણીને સ્થિર કરવા માટે અને સ્થિર થયેલા બોધને જીવનમાં ઉતારવા માટે જે કંઈ શક્તિ અનુસાર ઉદ્યમ કરવામાં આવે તે વીર્યાચારનું પાલન છે અને તેમાં જે કંઈ પ્રમાદ કરવામાં આવે તે પોતાના વિદ્યમાન વીર્યને સન્માર્ગના પ્રવર્તનમાં ગોપવવા સ્વરૂપ છે.

ટીકા :-

तथा "निरीहशक्यपालनेति" [सू० ७०]

निरीहेणैहिकपारलौकिकफलेषु राज्यदेवत्वादिलक्षणेषु व्यावृत्ताभिलाषेण शक्यस्य ज्ञानाचारादेर्विहितमिदमिति-बुद्ध्या पालना कार्या इति च कथ्यत इति ।

तथा "अशक्ये भावप्रतिपत्तिरिति" [सू० ७१]

"अशक्ये" ज्ञानाचारादिविशेष एव कर्त्तुमपार्यमाणे कुतोऽपि धृतिसंहननकालबलादिवैकल्याद्, "भावप्रतिपत्तिः" भावेनान्तःकरणेन प्रतिपत्तिरनुबन्धः, न पुनस्तत्र प्रवृत्तिरपि, अकालौत्सुक्यस्य तत्त्वत आर्त्तध्यानत्वादिति ।

तथा "पालनोपायोपदेश इति" [सू० ७२]

एतस्मिन् ज्ञानाद्याचारे प्रतिपन्ने सति पालनाय उपायस्याधिकगुणतुल्यगुणलोकमध्यसंवासलक्षणस्य निजगुण-स्थानकोचितक्रियापरिपालनानुस्मरणस्वभावस्य चोपदेशो दातव्य इति ।

तथा "फलप्ररूपणेति" [सू० ७३] अस्याचारस्य सम्यक्परिपालितस्य सतः फलमिहैव तावदुपप्लवह्रासो भावैश्वर्यवृद्धिर्जनप्रियत्वं च, परत्र च सुगतिजन्मोत्तमस्थानलाभः, परम्परया निर्वाणावाप्तिश्चेति यत्कार्यं तस्य प्ररूपणा=प्रज्ञापना, विधेयेति ।

ટીકાર્થ :-

तथा ..... विधेयेति । **પાંચ આચારોનો ઉપદેશ આપ્યા પછી ઉપદેશકે તત્ત્વના અર્થી શ્રોતાને કહેવું જોઈએ કે** 'નિરીહશક્ય પાલના કરવી.' (સૂ. ૭૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ઈહલૌકિક રાજ્યત્વલક્ષણ અને પારલૌકિક દેવત્વાદિ લક્ષણ ફલમાં નિરીહતાથી=વ્યાવૃત્ત અભિલાષાથી, શક્ય એવા જ્ઞાનાચારાદિનું=પોતાનાથી પાલન થઈ શકે એવા જ્ઞાનાચાર આદિનું 'આ વિહિત છે' એ પ્રકારની બુદ્ધિથી પાલન કરવું જોઈએ, એ પ્રમાણે ઉપદેશક દ્વારા કહેવાય છે.

અને 'અશક્યમાં ભાવપ્રતિપત્તિ' (સૂ. ૭૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અશક્ય એવા જ્ઞાનાચારાદિ વિશેષમાં જ=પોતાનાથી કરવા માટે અશક્ય એવા જ્ઞાનાચારાદિ વિશેષમાં જ=કોઈપણ કારણથી ધૃતિ, સંઘયણ, કાલ, બલાદિના વૈકલ્યના કારણે કરવા માટે અસામર્થ્યવાળા જ્ઞાનાચારાદિ વિશેષમાં જ,

ભાવપ્રતિપત્તિ=ભાવથી અર્થાત્ અંતઃકરણથી પ્રતિપત્તિ અર્થાત્ અનુબંધ=રાગ, પરંતુ ત્યાં પ્રવૃત્તિ પણ નહિ.

કેમ અશક્યમાં પ્રવૃત્તિ ન કરવી ? તેથી કહે છે –

અકાલ ઔત્સુક્યનું તત્ત્વથી આર્તધ્યાનપણું છે.

અને 'પાલનાના ઉપાયનો ઉપદેશ' (સૂ. ૭૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

આ જ્ઞાનાદિ આચાર સ્વીકાર કરાયે છતે પાલન માટે=તે આચારોના પાલન માટે, અધિકગુણ અને તુલ્યગુણવાળા લોકમાં સંવાસરૂપ ઉપાયનો અને પોતાના ગુણસ્થાનકને ઉચિત ક્રિયાના પરિપાલનના અનુસ્મરણના સ્વભાવનો ઉપદેશ આપવો જોઈએ.

અને 'ફલપ્રરૂપણા' (સૂ. ૭૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

સમ્યક્ પરિપાલિત છતા આ આચારનું ફલ અહીં જ=આ ભવમાં જ, ઉપપ્લવનો હ્રાસ=ચિત્તમાં કષાયોના ઉપદ્રવોનો નાશ, ભાવઐશ્વર્યની વૃદ્ધિ=સંતોષાદિ ગુણોની વૃદ્ધિ અને જનપ્રિયપણું છે. અને પરલોકમાં સુગતિમાં જન્મ અને ઉત્તમ સ્થાનનો લાભ છે. અને પરંપરાથી નિર્વાણની પ્રાપ્તિ છે. એ પ્રકારનું જે કાર્ય=સમ્યક્ આચારનું ફળ, તેની પ્રરૂપણા=પ્રજ્ઞાપના, કરવી જોઈએ=ઉપદેશકે પ્રજ્ઞાપના કરવી જોઈએ.

ભાવાર્થ :-

યોગ્ય શ્રોતા તત્ત્વના અર્થી થાય ત્યાર પછી જીવનમાં ઉચિત ધર્મની પ્રવૃત્તિ કરે તદર્થે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું તેમ ઉપદેશક પાંચ આચારોનું સ્વરૂપ બતાવે. તે બતાવ્યા પછી ઉપદેશક તેમને શું કહે ? તે બતાવતાં કહે છે.

યોગ્ય શ્રોતાને તેની ભૂમિકા અનુસાર પાંચ આચારોનો બોધ થયા પછી ઉપદેશકે કહેવું જોઈએ કે પૂર્વમાં વર્ણન કરાયેલા પાંચ આચારોનું નિરીહતાપૂર્વક શક્ય પાલન કરવું જોઈએ અર્થાત્ આ પાંચ આચારના પાલનથી આલોકના વૈભવની ઇચ્છા કરવી જોઈએ નહિ પરંતુ આ આચારોના પાલનથી હું રત્નત્રયીની વૃદ્ધિને કરું જેથી શીઘ્ર સંસારનો અંત થાય તે પ્રકારના સદાશયપૂર્વક પોતાની જે શક્તિ હોય તે શક્તિ અનુસાર જ્ઞાનાચારાદિનું પાલન કરવું જોઈએ. વળી, કહેવું જોઈએ કે જે જ્ઞાનાચારાદિ પાળવાની પોતાનામાં શક્તિ નથી તેમાં ભાવથી પ્રતિબંધ ધારણ કરવો જોઈએ. પરંતુ શક્તિનો વિચાર કર્યા વગર તેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ.

આશય એ છે કે પોતાની ભૂમિકા અનુસાર શાસ્ત્ર-અધ્યયન, સંયમની ક્રિયા કઈ રીતે પ્રસ્તુત ક્રિયા વીતરાગતાનું કારણ બને તે પ્રકારના દૃઢ પ્રણિધાનથી કરવામાં આવે તો તે આચારો દ્વારા ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ અવશ્ય થાય છે. પરંતુ પોતાની શક્તિથી ઉપરની ભૂમિકાના તે આચારોમાં યત્ન કરવામાં આવે તો તે આચારોના પાલનથી ગુણવૃદ્ધિ થાય નહિ માત્ર બાહ્યક્રિયા થાય અને તે આચારોને અનુકૂળ પોતાની શક્તિ નહિ હોવા છતાં તે આચારો પાળવા માટેની જે ઇચ્છા થાય છે તે અકાલ

ઔત્સુક્યરૂપ હોવાથી આર્તધ્યાનરૂપ છે માટે બુદ્ધિમાન પુરુષે પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત આચારમાં ઉદ્યમ કરવો જોઈએ.

જો સર્વવિરતિને પાલનને અનૂકૂળ વીર્યનો સંચય થયો હોય નહિ અને સર્વવિરતિ પાલન કરવા માટે તત્પર થયેલા જીવો કદાચ દૃઢ મન કરીને સર્વવિરતિના બાહ્ય આચારો પાળે તોપણ તે આચારોથી ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે નહિ અને તે જ મહાત્મા પોતાના ચિત્તની ભૂમિકાને અનૂરૂપ દેશવિરતિના ઉચિત આચારમાં ગુણવૃદ્ધિને અનુકૂળ ઉપયુક્ત થઈને ઉદ્યમ કરે તો પોતાની ભૂમિકાને અનુરૂપ તે આચારો હોવાથી ઉત્તર-ઉત્તરના ગુણની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. તેથી ઉપદેશકે શ્રોતાને કહેવું જોઈએ કે પોતાની ભૂમિકા અનુસાર ઉચિત પંચાચારના પાલનમાં ઉદ્યમ કરવો જોઈએ અને જ્યાં પોતાની શક્તિ નથી ત્યાં ભાવથી તે આચાર પ્રત્યે રાગને ધારણ કરવો જોઈએ. અને વિચારવું જોઈએ કે હું મારી ભૂમિકાના આચારોને સેવીને સંચિત વીર્યવાળો થાઉં જેથી ઉપરની ભૂમિકાના આચારોને પાળીને વિશેષ-વિશેષ પ્રકારના ગુણસ્થાનકની વૃદ્ધિ કરું અને તે પ્રકારે ન કરવામાં આવે અને શક્તિની ઉપરની ભૂમિકાના આચારોનો સ્વીકાર કરવામાં આવે તો તે આચારોના પાલનથી તે પ્રકારનું ચિત્ત નિષ્પન્ન થતું ન હોવાથી તે ક્રિયા વ્યર્થ થવાથી આર્તધ્યાનરૂપ બને છે.

વળી, યોગ્ય શ્રોતાને ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ કે પોતાનામાં જે આચારોની શક્તિ છે તે આચારોને ગ્રહણ કર્યા પછી તેના પાલન અર્થે પોતાનાથી અધિક ગુણવાળા અને પોતાને તુલ્ય ગુણવાળા લોકો સાથે વસવું જોઈએ. જેથી તેઓના સહવાસથી પોતાના આચારોને પાળવામાં અપ્રમાદભાવ થાય અને જો હીનગુણવાળા સાથે વસવામાં આવે તો તેઓના સહવાસથી પોતે સ્વીકારેલા પોતાની શક્તિ અનુસારના આચારો પાળવામાં પ્રમાદભાવ થવાથી પોતાના સદ્વીર્યનો નાશ થાય છે.

વળી, પોતાના ગુણસ્થાનકને ઉચિત એવી ક્રિયાના પાલનના અનુસ્મરણનો સ્વભાવ ધારણ કરવો જોઈએ. અર્થાત્ પોતે પોતાની ભૂમિકા અનુસાર જે ગુણસ્થાનક સ્વીકાર્યું છે તે ગુણસ્થાનકને ઉચિત કઈ ક્રિયાઓ છે અને તે ક્રિયાઓને શાસ્ત્રવિધિ અનુસાર પાલનના અનુસ્મરણનો સ્વભાવ ધારણ કરવો જોઈએ. જેથી સ્વીકારાયેલા ગુણસ્થાનકના આચારના પાલન દ્વારા ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની શીઘ્ર પ્રાપ્તિ થાય જેથી આ સંસારનો શીઘ્ર અંત થાય. આ પ્રકારે યોગ્ય શ્રોતાને ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ.

વળી, યોગ્ય શ્રોતાને સ્વીકારાયેલા આચારોના પાલનમાં દૃઢ ઉત્સાહ થાય તદર્થે ફલની પ્રરૂપણા કરવી જોઈએ અર્થાત્ કહેવું જોઈએ કે સ્વભૂમિકાનુસાર સ્વીકારાયેલા આ પાંચ આચારોનું સમ્યક્ રીતે પાલન કરવામાં આવે તો તેનું અહીં જ ફળ મળે છે.

૧. ઉપદ્રવોનો નાશ :-

તે આચારોના સેવનથી ઉપદ્રવોનો નાશ થાય છે; કેમ કે સ્વભૂમિકાનુસાર સેવાયેલા જ્ઞાનાચારાદિના પાલનથી શાસ્ત્રવચનમાં સ્થિરમતિ થાય છે. સૂક્ષ્મબોધ થાય છે. અને દર્શનાચારના પાલનથી ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધા થવાથી ચિત્ત યોગમાર્ગમાં પ્રવૃત્તિ માટે ઉત્સાહિત થાય છે. તેથી ચિત્તમાં તે પ્રકારના

રાગાદિ કાલુષ્યની હીનતા થાય છે. વળી સ્વભૂમિકાનુસાર ચારિત્રાચારના પાલનથી ચિત્ત નિસ્પૃહ-નિસ્પૃહતર બને છે. તેથી ચિત્તમાં ઉપદ્રવના નાશરૂપ અહીં જ ફળ મળે છે.

૨. ભાવઐશ્વર્યની વૃદ્ધિ :-

ભાવઐશ્વર્યની વૃદ્ધિ થાય છે=ઉપર-ઉપરના ગુણસ્થાનકમાં જવા માટે અનુકૂળ દ્યુતિ, બલ, સત્ત્વ આદિ ભાવોની વૃદ્ધિ થાય છે.

૩. લોકપ્રિયતા :-

વિવેકપૂર્વકના ઉત્તમ આચારોના પાલનને કારણે તે મહાત્મા લોકમાં પ્રિય બને છે. અર્થાત્ લોકોને દેખાય છે કે આ મહાત્મા ધર્મ સેવીને કેવી ઉત્તમ પ્રકૃતિવાળા બન્યા છે. આ રીતે સમ્યક્ આચારોનું પાલન ત્રણ પ્રકારના ફળને આપે છે.

વળી, પરલોકમાં સુંદર ગતિમાં જન્મ થાય છે અને ત્યાં પણ ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ થાય છે. જેમ સારા આચારો પાળીને તે મહાત્મા દેવગતિમાં જાય અને દેવગતિમાં પણ મહર્ધિક દેવ કે ઇન્દ્રાદિ પદવીને પ્રાપ્ત કરે છે. વળી, પરંપરાએ આ આચારોના સેવનથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. સુંદર આચારોથી પ્રાપ્ત થતા યથાર્થ સ્વરૂપવાળા આ પ્રકારના ફલને બતાવવાથી તે શ્રોતાનું આચારપાલન માટેનું સદ્વીર્ય વિશેષ પ્રકારે ઉલ્લસિત થાય છે.

ટીકા :-

अत्रैव विशेषमाह-"देवर्द्धिवर्णनमिति" [सू० ७४]

देवानामृद्धेर्विभूतिरूपादिलक्षणाया वर्णनं=प्रकाशनम्, यथा-तत्रोत्तमा रूपसम्पत्, सत्स्थितिप्रभावसुखद्युतिलेश्यायोगः, विशुद्धेन्द्रियावधित्वम्, प्रकृष्टानि भोगसाधनानि, दिव्यो विमाननिवह इत्यादि वक्ष्यमाणमेव ।

तथा "सुकुलागमनोक्तिरिति" [सू० ७५]

देवस्थानाच्च्युतावपि विशिष्टे देशे, विशिष्टे काले, निष्कलङ्केऽन्वये उदग्रे सदाचारेणाख्यायिकापुरुष-युक्तेऽनेकमनोरथापूरकमत्यन्तनिरवद्यं जन्मेत्यादिवक्ष्यमाणलक्षणैव (उक्तिः) ।

तथा "कल्याणपरम्पराऽऽख्यानमिति" [सू० ७६]

ततः सुकुलागमनादुत्तरं कल्याणपरम्परायास्तत्र सुन्दरं रूपम्, आलयो लक्षणानां रहितमामयेनेत्यादिरूपाया अत्रैव धर्मफलाध्याये वक्ष्यमाणाया आख्यानं निवेदनं कार्यमिति ।

तथा "असदाचारगर्हेति" [सू० ७७]

असदाचारः सदाचारविलक्षणो हिंसानृतादिर्दशविधः पापहेतुभेदरूपः । यथोक्तम्-

"हिंसानृतादयः पञ्च, तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार, इति पापस्य हेतवः ।।१।।" [शास्त्रवार्ता समु. का. ४]

तस्य गर्हाऽसदाचारगर्हा, यथा-

"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो, न मिथ्यात्वसमं तमः ।।१।।

द्विषद्विषतमोरोगैर्दुःखमेकत्र दीयते ।
मिथ्यात्वेन दुरन्तेन, जन्तोर्जन्मनि जन्मनि ।।२।।

वरं ज्वालाऽऽकुले क्षिप्तो, देहिनात्मा हुताशने ।
न तु मिथ्यात्वसंयुक्तं, जीवितव्यं कदाचन ।।३।।" इति

तत्त्वाश्रद्धानगर्हा, एवं हिंसादिष्वपि गर्हायोजना कार्या ।

तथा "तत्स्वरूपकथनमिति" [सू० ७८]

तस्याऽसदाचारस्य हिंसादेः स्वरूपकथनम्, यथा-"प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा" । [तत्त्वार्थं सू. ७।८] "असदभिधानं मृषा" । "अदत्तादानं स्तेयम्" । "मैथुनमब्रह्म" । "मूर्छा परिग्रहः" [तत्त्वार्थ सूत्र ७।१०-१२] इत्यादि ।

तथा "स्वयं परिहार इति" [सू० ७९]

स्वयमाचारकथकेन परिहारोऽसदाचारस्य संपादनीयः, यतः स्वयमसदाचारमपरिहरतो धर्मकथनं नटवैराग्यकथनमिवानादेयमेव स्यान्न तु साध्यसिद्धिकरमिति ।

तथा "ऋजुभावाऽऽसेवनमिति" [सू० ८०]

ऋजुभावस्य कौटिल्यत्यागरूपस्यासेवनमनुष्ठानं देशकेनैव कार्यम् । एवं हि तस्मिन्नविप्रतारणकारिणि संभाविते सति शिष्यस्तदुपदेशान्न कुतोऽपि दूरवर्त्ती स्यादिति ।

तथा "अपायहेतुत्वदेशनेति" [सू० ८१]

अपायानामनर्थानाम् इहलोकपरलोकगोचराणां हेतुत्वं प्रस्तावादसदाचारस्य यो हेतुभावस्तस्य देशना विधेया यथा-

"यन्न प्रयान्ति पुरुषाः, स्वर्गं यच्च प्रयान्ति विनिपातम् ।
तत्र निमित्तमनार्यः, प्रमाद इति निश्चितमिदं मे" ।।३।।

प्रमादश्चासदाचार इति ।

ટીકાર્થ :-

अत्रैव ..... सदाचार इति । આમાં જ=પૂર્વમાં કહ્યું કે યોગ્ય શ્રોતા પાસેથી ફલની પ્રરૂપણા કરવી જોઈએ. તે ફલના વિષયમાં જ, વિશેષને કહે છે –

'દેવની ઋદ્ધિનું વર્ણન' - (સૂ. ૭૪)

તેના તાત્પર્યને સ્પષ્ટ કરે છે –

દેવોની વિભૂતિ રૂપાદિરૂપ ઋદ્ધિનું વર્ણન-પ્રકાશન જે પ્રમાણે ત્યાં=દેવભવમાં, ઉત્તમ રૂપસંપત્તિ મળે છે. સત્સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાનો યોગ થાય છે=દેવભવમાં દીર્ઘકાળની સુંદર સ્થિતિ છે, જીવનો ઘણો પ્રભાવ છે, ત્યાં ઘણા પ્રકારનાં સુખો છે, ઉત્તમ કાંતિ છે, ઉત્તમ લેશ્યાનો યોગ છે. વિશુદ્ધ ઇંન્દ્રિય અને અવધિપણું છે=મનુષ્યની ઇંન્દ્રિય કરતાં અતિ પટુ ઇંન્દ્રિય છે. અને અવધિજ્ઞાનનો યોગ છે. પ્રકૃષ્ટ ભોગસાધનો છે. દિવ્ય વિમાનનો સમૂહ છે. ઇત્યાદિ વક્ષ્યમાણ જ=આગળમાં કહેવાશે એ જ, દેવોની ઋદ્ધિ છે.

અને 'સુકુલના આગમનની ઉક્તિ.' (સૂ. ૭૫)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

દેવસ્થાનથી ચ્યુત થયા છતાં પણ=ધર્મ સેવીને તેવા ઉત્તમ દેવસ્થાનને પામ્યા પછી ત્યાંથી ચ્યુત થયા પછી પણ, વિશિષ્ટ એવા દેશમાં, વિશિષ્ટ એવા કાળમાં, સદાચારથી આખ્યાયિકાવાળા પુરુષથી યુક્ત એવા ઉદગ્ર=ઉચ્ચ, નિષ્કલંક અન્વયમાં=કુળમાં, અનેક મનોરથો આપૂરક અત્યંત નિરવદ્ય એવો જન્મ ઇત્યાદિ વક્ષ્યમાણ લક્ષણવાળી જ સુકુલમાં આગમનની ઉક્તિ-ઉપદેશકે કરવી જોઈએ.

અને 'કલ્યાણની પરંપરાનું આખ્યાન કરે.' (સૂ. ૭૬)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

તે સુકુલના આગમનથી ઉત્તર=ધર્મ સેવીને દેવભવમાંથી ચ્યવીને સુકુલમાં આગમન થાય તેનાથી ઉત્તર, ત્યાં=સુકુલમાં, સુંદર રૂપ, લક્ષણોનું આલય=લક્ષણોના સ્થાન એવો દેહ, રોગથી રહિત ઇત્યાદિરૂપ અહીં જ=આ ગ્રંથમાં, ધર્મફલ નામના અધ્યાયમાં કહેવાનારા સ્વરૂપવાળી કલ્યાણની પરંપરાનું આખ્યાન=નિવેદન, કરવું જોઈએ.

અને 'અસદાચારની ગર્હા કરવી જોઈએ.' (સૂ. ૭૭)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

સદાચારથી વિલક્ષણ હિંસાનૃતાદિ દશ પ્રકારનો પાપના હેતુભેદરૂપ અસદાચાર છે.

તેમાં 'यथोक्तम्'થી સાક્ષી આપે છે –

"હિંસા, અનૃત આદિ પાંચ અને તત્ત્વનું અશ્રદ્ધાન જ અને ક્રોધાદિ ચાર એ પાપના હેતુઓ છે." (શાસ્ત્રવાર્તા સમુ. કા. ૪)

તેની ગર્હા=પાપના હેતુઓની ગર્હા, અસદાચારની ગર્હા છે.

અને તે ગર્હા 'यथा'થી સ્પષ્ટ કરે છે –

"મિથ્યાત્વ સમાન સત્રુ નથી, મિથ્યાત્વ સમાન વિષ નથી, મિથ્યાય સમાન રોગ નથી, મિથ્યાત્વ સમાન અંધકાર નથી." (૧)

"શત્રુ, વિષ, અંધકાર અને રોગ વડે એકત્ર=એક જન્મમાં, દુઃખ અપાય છે દુરન્ત એવા મિથ્યાત્વ વડે=ગાઢ એવા મિથ્યાત્વ વડે, જીવને જન્મોજન્મમાં=ઘણા જન્મોમાં, દુઃખ અપાય છે." (૨)

"જ્વાલાઓથી આકુલ એવા અગ્નિમાં મનુષ્ય વડે આત્મા=પોતે, ફેંકાયેલો સારો પરંતુ મિથ્યાત્વથી યુક્ત જીવિતવ્ય ક્યારેય પણ સારું નથી.' (૩)

'इति'=એ પ્રમાણે, તત્ત્વના અશ્રદ્ધાનની ગર્હા, એ રીતે હિંસાદિમાં પણ ગર્હાની યોજના કરવી જોઈએ.

અને 'તેના સ્વરૂપનું કથન.' (સૂ. ૭૮)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

તેના=અસદાચારરૂપ હિંસાદિના, સ્વરૂપનું કથન. જે પ્રમાણે "પ્રમત્તયોગથી પ્રાણવ્યપરોપણ હિંસા છે." (તત્વાર્થ સૂ. ૭/૮) 'અસદ્નું અભિમાન મૃષા છે', 'અદત્તનું ગ્રહણ સ્તેય છે', 'મૈથનનું સેવન અબ્રહ્મ છે', 'મૂર્ચ્છા પરિગ્રહ છે.' (તત્વાર્થ સૂત્ર - ૭/૧૦-૧૨) ઇત્યાદિનું કથન કરે.

અને 'સ્વયં પરિહાર કરે.' (સૂ. ૭૯)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

આચારકથક એવા ઉપદેશકે સ્વયં અસદાચારનો પરિહાર સંપાદન કરવો જોઈએ. જે કારણથી સ્વયં અસદાચારને નહિ પરિહાર કરતા એવા ઉપદેશકનું ધર્મકથન નટના વૈરાગ્યના કથનની જેમ અનાદેય જ થાય, પરંતુ સાધ્યની સિદ્ધિને કરનારું થાય નહિ.

અને 'ઋજુભાવથી આસેવન.' (સૂ. ૮૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

કૌટિલ્યના ત્યાગરૂપ ઋજુભાવનું આસેવન=અનુષ્ઠાન, દેશકે જ=ઉપદેશકે જ, કરવું જોઈએ. આ પ્રમાણે હોતે છતે=ઋજુભાવથી ઉપદેશક અનુષ્ઠાન સેવે એ રીતે હોતે છતે, અવિપ્રતારણકારી એવી તેની=ઉપદેશકની સંભાવના થયે છતે શિષ્ય તેના ઉપદેશથી કોઈ રીતે પણ દૂર થાય નહિ.

અને 'અપાયના હેતુત્વની દેશના.' (સૂ. ૮૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ઇહલોક-પરલોક વિષયક અપાયોનું=અનર્થોનું હેતુપણું પ્રસ્તાવથી અસદાચારનો જે હેતુભાવ તેની દેશના કરવી જોઈએ. જે પ્રમાણે –

"પુરુષો સ્વર્ગમાં જે જતા નથી અને જે વિનિપાતને પામે છે ત્યાં અનાર્ય એવો પ્રમાદ નિમિત્ત છે. એ પ્રમાણે મારા વડે નિશ્ચિત છે."

અને પ્રમાદ અસદાચાર છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઉપદેશકે શ્રોતાને પંચાચારના પાલનના ઉત્તમ ફળનું વર્ણન કરવું જોઈએ જેથી યોગ્ય જીવોને પંચાચારના પાલનમાં ઉત્સાહ થાય. હવે પંચાચારપાલનના ફળના વિષયમાં જ વિશેષ કહે છે –

યોગ્ય શ્રોતા આગળ દેવોની ઋદ્ધિનું વર્ણન કરવું જોઈએ અને બતાવવું જોઈએ કે દેવભવમાં મનુષ્ય

કરતાં ઘણી વિશેષ પ્રકારની વિભૂતિ છે, રૂપાદિ છે.

તે સ્પષ્ટ કરતાં કહે છે –

દેવભવમાં ઉત્તમ રૂપની સંપત્તિ છે અને દીર્ઘકાળ સુધી સ્થિતિ છે. દેવભવમાં મનુષ્ય જેવું ચંચલ આયુષ્ય નથી. વળી, દેવભવનો પ્રભાવ ચક્રવર્તી આદિને પણ નથી તેવો વિશિષ્ટ કોટિનો છે. દેવભવનાં સુખો મનુષ્યલોકનાં સુખો કરતાં કલ્પનાતીત છે, દેહની કાંતિ ઘણી શ્રેષ્ઠ છે. લેશ્યાનો યોગ પણ ઘણો વિશેષ છે.

વળી, સંસારી જીવો ભોગના સુખનો અનુભવ ઇન્દ્રિયોથી કરે છે અને તેનાથી જ ભોગનો આહ્લાદ મેળવે છે. તેના સાધનભૂત ઇન્દ્રિય મનુષ્યને મળેલ છે તેના કરતાં વિશુદ્ધ ઇન્દ્રિયોનો યોગ દેવભવમાં છે, તેથી ઇન્દ્રિયજન્ય સુખ પણ દેવોને અતિશયવાળું હોય છે અને ઇન્દ્રિયજન્ય જ્ઞાન પણ અતિશયવાળું હોય છે. વળી, દેવભવમાં ભવકૃત જ અવધિજ્ઞાન છે. તેથી તેઓનું જ્ઞાન પણ મનુષ્ય કરતાં ઘણી વિશેષ કોટિનું છે.

મનુષ્યલોકમાં જે ભોગસાધનો છે તેના કરતાં પ્રકૃષ્ટ કોટિનાં ભોગસાધનો દેવભવમાં છે. વળી, દિવ્ય એવાં વિમાનોનો સમૂહ દેવભવમાં છે. એ પ્રકારે આગળમાં દેવભવનું વર્ણન કરાશે તે પ્રકારના દેવભવની ઋદ્ધિનું વર્ણન ઉપદેશકે શ્રોતા આગળ કરવું જોઈએ. જેથી શ્રોતાને દુષ્કર એવા પણ પંચાચારના પાલનમાં ઉત્સાહ થાય અને વિચાર આવે કે આ પંચાચારના પાલનનું મોક્ષરૂપ શ્રેષ્ઠ ફળ તો છે પરંતુ મોક્ષ નહિ મળે ત્યાં સુધી પણ આવી ઉત્તમ સંપત્તિવાળા દેવભવની પ્રાપ્તિ દ્વારા જીવના હિતને કરનારું આ પંચાચારનું પાલન છે તેવો સ્થિર નિર્ણય થાય અને તેમાં પણ દેવભવના વિશેષ વર્ણનને કારણે શ્રોતાને પંચાચારના પાલનનો વિશેષ ઉત્સાહ થાય છે.

વળી, ઉપદેશકે કહેવું જોઈએ કે આવા ઉત્તમ એવા દેવભવની પ્રાપ્તિ પછી પંચાચારનું પાલન કરનારા મહાત્મા સુકુલમાં જન્મે છે.

તે સુકુલ કેવું છે તેનું ઉપદેશક વર્ણન કરે. તે આ પ્રમાણે –

તે મહાત્મા જે દેશમાં જન્મે તે દેશ પણ વિશેષ પ્રકારનો હોય અર્થાત્ સામાન્ય અન્ય દેશો કરતાં જીવને સુખસામગ્રીનું કારણ બને તેવો વિશિષ્ટ દેશ હોય. એવો વિશિષ્ટ કાળ હોય કે જે કાળમાં ભોગસુખો ઘણા મળે. વળી તેમાં પણ ઉત્તમ કુલમાં જન્મે જે કુળ સદાચારને સેવનારા એવા પુરુષથી પ્રવૃત્ત હોય. જેમ ઋષભદેવનું ઇક્ષ્વાકુકુળ ઉત્તમ એવા તીર્થંકરથી પ્રવૃત્ત હતું તેથી તેવા ઉત્તમ કુળમાં જન્મ લેનારા જીવો સુંદર ધર્મની આરાધના કરી શકે. વળી તેવા કુળમાં સુંદર ભોગો મેળવે છે અને સુખે - સુખે આત્મહિત સાધી શકે છે. ઉત્તમ કુળમાં અનેક મનોરથને પૂરનાર અત્યંત નિરવદ્ય જન્મ પ્રાપ્ત થાય છે. આવા સુકુલને પ્રાપ્ત કર્યા પછી તે મહાત્માને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે.

કયા પ્રકારની કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

સુંદરરૂપ મળે છે, તે મહાત્માનો દેહ સર્વ લક્ષણનું સ્થાન હોય છે, રોગાદિથી રહિત હોય છે, ઇત્યાદિ સર્વ પ્રકારની કલ્યાણની પરંપરાનું કારણ બને છે. આ પ્રકારનો ઉપદેશ આપવાથી ધર્મ કઈ રીતે જીવને

ઉત્તમ ફળની પરંપરા દ્વારા હિતનું કારણ બને છે ? તેવી વિશેષ બુદ્ધિ ઉત્પન્ન થવાથી ધર્મના પાલન માટેનો ઉત્સાહ અતિશયિત થાય છે. આ રીતે, ઉત્સાહિત થઈને ધર્મમાં પ્રવૃત્તિ કરતા એવા શ્રોતાની ધર્મપ્રવૃત્તિ દૃઢ કરવા અર્થે ઉપદેશક અસદાચારની ગર્હા કરે છે; કેમ કે જીવો સામાન્યથી અસદાચારને સેવવાની પ્રકૃતિવાળા છે. તેથી અનાદિથી ભવપરંપરાને પ્રાપ્ત કરી રહ્યા છે. માટે અસદાચાર સુઅભ્યસ્ત છે. તેથી ઉત્સાહથી પંચાચારના પાલન માટે ઉદ્યમ કરનારા જીવો પણ નિમિત્તને પામીને અસદાચારનું સેવન કરે છે. તેની નિવૃત્તિ માટે ઉપદેશકે અસદાચારોની શ્રોતા આગળ ગર્હા કરવી જોઈએ.

તે સર્વ અસદાચાર શું છે ? તે સંક્ષેપથી બતાવતાં કહે છે –

હિંસાદિ પાંચ અવ્રતો અસદાચાર છે. જિનવચનાનુસાર જે તત્ત્વ છે તેના અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ અસદાચાર છે. ક્રોધ-માન-માયા-લોભ એ રૂપ ચાર કષાયો અસદાચાર છે; કેમ કે પાપના હેતુ છે.

અને તેની ગર્હા કઈ રીતે કરે ? તે બતાવતાં પ્રથમ મિથ્યાત્વની ગર્હા કરે છે –

જિનવચનમાં અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી; કેમ કે ભગવાનનું વચન જીવને ઉચિત પ્રવૃત્તિ કરાવીને કલ્યાણની પરંપરાનું એક કારણ છે. આમ છતાં, જે જીવોને તે જિનવચન પ્રત્યે અત્યંત પક્ષપાત નથી તેથી જિનવચનના પરમાર્થને જાણવા યત્ન કરતા નથી અથવા કોઈ રીતે જાણવા યત્ન કરે તોપણ યથાતથા જાણે છે, યથાતથા જિનવચનને સેવે છે અને હું જિનવચનને જાણું છું અને સેવું છું તેવી બુદ્ધિ ધારણ કરે છે; પરંતુ પરમાર્થથી જિનવચનથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે તે મિથ્યાત્વરૂપ છે.

આ મિથ્યાત્વ જેવો શત્રુ આત્મા માટે અન્ય કોઈ નથી; કેમ કે તે સર્વ વિનાશનું કારણ છે. મિથ્યાત્વ જેવું કોઈ વિષ નથી, મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી અને મિથ્યાત્વ જેવો કોઈ અંધકાર નથી; કેમ કે શત્રુથી એકભવમાં દુઃખ મળે છે, વિષ ખાવાથી એક ભવમાં મૃત્યુ થાય છે, અજ્ઞાનથી કોઈ વિપરીત પ્રવૃત્તિ થવાથી એક ભવમાં દુઃખ મળે છે અને રોગથી જે કંઈ પીડા થાય છે તે એક ભવમાં થાય છે.

જ્યારે જિનવચનથી વિપરીત રુચિરૂપ મિથ્યાત્વ જીવને માટે ખરાબ અંતવાળું હોવાથી ઘણા ભવો સુધી દુર્ગતિઓની પરંપરા દ્વારા વિનાશનું કારણ બને છે. તેથી સર્વ ઉદ્યમથી મિથ્યાત્વને દૂર કરવા માટે જીવે પ્રયત્ન કરવો જોઈએ.

વળી, મિથ્યાત્વની અત્યંત નિંદનીયતા બતાવવા માટે કહે છે કે જ્વાલાયુક્ત અગ્નિમાં કોઈક વડે ફેંકાયેલ દેહવાળો પોતાનો આત્મા સારો છે પરંતુ મિથ્યાત્વથી યુક્ત જીવન ક્યારેય સારું નથી; કેમ કે જ્વાલાવાળા અગ્નિમાં નાખવાથી આત્માને એક ભવમાં બળીને ભસ્મ થવારૂપ અનર્થ પ્રાપ્ત થાય છે. જ્યારે મિથ્યાત્વયુક્ત જીવન તો જન્મોજન્મ ઘણા અનર્થોની પરંપરાને પ્રાપ્ત કરાવે છે. આ રીતે ભગવાનના વચનથી વિપરીત રુચિરૂપ મિથ્યાત્વની શ્રોતા આગળ ગર્હા કરવાથી શ્રોતાને મિથ્યાત્વને દૂર કરવા માટેનો ઉત્સાહ થાય છે અને તે રીતે હિંસાદિના અનર્થોની ગર્હા ઉપદેશકે કરવી જોઈએ. જેથી તે શ્રોતા મિથ્યાત્વના નિવર્તન માટે, હિંસાદિ પાપોના નિવર્તન માટે અને ક્રોધાદિ કષાયોના નિવર્તન માટે સમ્યક્ ઉદ્યમ કરીને અસદાચારથી દૂર રહે. જેથી સ્વભૂમિકા અનુસાર પંચાચારનું સમ્યક્ પાલન કરીને હિત સાધી શકે.

વળી, હિંસાદિ પાપો શું છે ? તેનું સ્વરૂપ શ્રોતાની બુદ્ધિ અનુસાર ઉપદેશકે કરવું જોઈએ. જેથી હિંસાદિના સ્વરૂપને જાણીને તે પાપોથી શ્રોતા નિવર્તન પામે, જેનું સ્વરૂપ પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રી સંક્ષેપથી બતાવે છે –

જેમ પ્રમત્ત યોગથી પ્રાણ વ્યપરોપણ હિંસા છે.

તેથી એ ફલિત થાય કે જે શ્રોતા પોતાની ભૂમિકા અનુસાર દેશવિરતિ કે પંચાચારના આચારો પાળે છે અને શક્તિને ગોપવ્યા વગર સર્વશક્તિથી ઉદ્યમ કરે છે તેવા જીવો હિંસાના પાપના નિવર્તનવાળા છે. જો કે સંપૂર્ણ પાપની વિરતિ સર્વવિરતિમાં સંભવે છે તોપણ સ્વભૂમિકા અનુસાર અપ્રમાદભાવથી પંચાચારના પાલનમાં ઉદ્યમ કરનારા શ્રાવકો પણ હિંસાના પાપને પ્રાપ્ત કરતા નથી. પરંતુ સર્વવિરતિ માટે શક્તિનો સંચય કરે છે. તેથી શક્તિ સંચય થવાથી સંપૂર્ણ અહિંસા પાળવા માટે સમર્થ બને છે. આ પ્રકારનો ઉપદેશ આપવાથી વિવેકી શ્રોતાને અપ્રમાદભાવથી પંચાચારના પાલનમાં ઉત્સાહ થાય છે.

વળી, જે રીતે વસ્તુ હોય તેનાથી વિપરીત અજ્ઞાનતાથી, વિચાર્યા વગર, સહસા કે કષાયના વશથી કથન કરવામાં આવે તે મૃષાવચન છે. તેથી પાપના ત્યાગના અર્થીએ ઉચિત નિર્ણય કરીને જે હિતકારી વચન હોય, યથાર્થ વચન હોય તેવું જ કથન કરવું જોઈએ, અન્યથા મૃષાવાદની પ્રાપ્તિ થાય.

કોઈએ વસ્તુ આપેલી ન હોય અને ગ્રહણ કરવામાં આવે તો સ્તેય દોષ છે. તેથી પારકી વસ્તુને તેના માલિકને પૂછ્યા વગર ગ્રહણ કરવાથી ચોરીનું પાપ લાગે છે.

અબ્રહ્મનું સેવન મૈથુન છે.

બાહ્યપદાર્થોની મૂર્ચ્છા પરિગ્રહ છે. તેથી પરિગ્રહના પાપની વિરતિના અર્થીએ સર્વત્ર મૂર્ચ્છાના પરિહાર માટે ઉદ્યમ કરવો જોઈએ.

વળી, ઉપદેશકે સ્વયં અસદાચારનો પરિહાર કરવો જોઈએ અર્થાત્ જે પ્રકારનો ઉપદેશ, ઉપદેશક શ્રોતાને આપે છે તે પ્રકારે હિંસાદિ પાપો, મિથ્યાત્વરૂપ પાપ અને ક્રોધાદિ કષાયરૂપ પાપનો પરિહાર કરવો જોઈએ. જો તે પાપનો પરિહાર ઉપદેશક ન કરે અને પ્રસંગે ઉપદેશક તે પ્રકારનાં પાપો સેવતા હોય તો ઉપદેશકનું કથન નટના વૈરાગ્ય જેવું શ્રોતાને અનાદેય બને. તેથી ઉપદેશ શ્રોતાને સમ્યક્ પરિણમન પામે નહિ.

વળી, ઉપદેશક જે ઉપદેશ આપે છે તે આચારોનું ઋજુભાવથી ઉપદેશકે સેવન કરવું જોઈએ. પરંતુ શ્રોતાને દેખાડવા પૂરતું તેની સન્મુખ સેવન કરવું જોઈએ નહિ. ઉપદેશક ઋજુભાવથી તે ધર્મ સેવતા હોય અને ઉચિત ઉપદેશ આપતા હોય તો શ્રોતાને ખાતરી થાય કે આ ઉપદેશક જે પોતે માને છે તેવો જ ઉપદેશ આપે છે. તેથી મને ઠગનારા નથી. પરંતુ મારા હિતને અનુસાર ઉચિત ઉપદેશ આપનારા છે. તેથી તેવા શ્રોતા તે ઉપદેશકને સમ્યક્ પરતંત્ર થઈને હિત સાધી શકે છે.

વળી, ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ કે કલ્યાણના અર્થી પણ જીવો ધર્મ સેવવા છતાં પ્રમાદ કરે છે તેના કારણે જ સદાચારના ફળને પામતા નથી. તેથી સદાચારની પ્રવૃત્તિને નિષ્ફળ કરનાર અને અનર્થોની

પ્રાપ્તિ કરાવનાર પ્રમાદ છે. આ પ્રકારનો ઉપદેશ આપવાથી કલ્યાણના અર્થે પ્રવૃત્ત થયેલ યોગ્ય શ્રોતા સ્વશક્તિ અનુસાર પંચાચારના પાલન માટે તત્પર થયા પછી અપ્રમાદભાવથી પંચાચારના પાલન માટે ઉદ્યત થાય છે.

ટીકા :-

अपायानेव व्यक्तीकुर्वन्नाह -

"नारकदुःखोपवर्णनमिति" [सू. ८२]

नरके भवा नारकास्तेषामुपलक्षणत्वात्तिर्यगादीनां च दुःखान्यशर्माणि तेषामुपवर्णनं विधेयम्, यथा-

"तीक्ष्णैरसिभिर्दीप्तैः कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः ।
परशुत्रिशूलतोमरमुद्गरवासी मुसण्ढीभिः ।।१।।

संभिन्नतालुशिरसश्छिन्नभुजाश्छिन्नकर्णनासोष्ठाः ।
भिन्नहृदयोदरान्त्रा, भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ।।२।।

निपतन्त उत्पतन्तो, विचेष्टमाना महीतले दीनाः ।
नेक्षन्ते त्रातारं, नैरयिकाः कर्मपटलान्धाः ।।३।।

क्षुत्तृड्हिमान्युष्णभयार्दितानां, पराभियोगव्यसनातुराणाम् ।
अहो तिरश्चामतिदुःखितानां, सुखानुषङ्गः किल वार्त्तमेतत् ।।४।।

मानुष्यकेऽपि दारिद्र्यरोगदौर्भाग्यशोकमुख्यानि ।
जातिकुलाऽवयवादिन्यूनत्वं चाश्नुते प्राणी ।।५।।

देवेषु च्यवनवियोगदुःखितेषु, क्रोधेर्ष्यामदमदनातितापितेषु ।
आर्यानस्तदिह विचार्य संगिरन्तां, यत्सौख्यं किमपि निवेदनीयमस्ति" ।।६।। इति ।

तथा "दुष्कुलजन्मप्रशस्तिरिति" [सू० ८३]

दुष्कुलेषु शकयवनशबरबर्बरादिसंबन्धिषु यज्जन्म असदाचाराणां प्राणिनां प्रादुर्भावस्तस्य प्रशस्तिः=प्रज्ञापना कार्या ।

तत्र चोत्पन्नानां किमित्याह -

"दुःखपरम्परानिवेदनमिति" [सू० ८४]

दुःखानां शारीरमानसाशर्मलक्षणानां या परम्परा प्रवाहस्तस्या निवेदनं=प्ररूपणं यथा-असदाचारपारवश्याज्जीवा दुष्कुलेषूत्पद्यन्ते । तत्र चासुन्दरवर्णरसगन्धस्पर्शशरीरभाजां तेषां दुःखनिराकरणनिबन्धनस्य धर्मस्य स्वप्नेऽप्यनुपलम्भाद्धिंसाऽनृतस्तेयाशुद्धकर्मप्रवणानां नरकादिफलः पापकर्मोपचय एव संपद्यते, तदभिभूतानाम् इह परत्र

चाऽव्यवच्छिन्नानुबन्धा दुःखपरम्परा प्रसूयते । यदुच्यते-

"कर्मभिरेव स जीवो, विवशः संसारचक्रमुपयाति ।
द्रव्यक्षेत्राद्धाभावभिन्नमावर्त्तते बहुशः ।।१।।"

टीकार्थ :-

अपायानेव ..... बहुशः ।। અપાયોને જ વ્યક્ત કરતાં કહે છે –

"નારકનાં દુઃખોનું ઉપવર્ણન." (સૂ. ૮૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

નરકમાં થનારા જીવો નારક કહેવાય. તેઓના=નારકોના અને ઉપલક્ષણપણું હોવાથી તિર્યંચાદિનાં દુઃખોનું ઉપવર્ણન કરવું જોઈએ. જે પ્રમાણે –

"તીક્ષ્ણ તલવારોથી, દીપ્ત ભાલાઓથી, વિષમ કુહાડાઓથી, વિષમ ચક્રોથી, પરશુ, ત્રિશુન, તોમર, મુદ્ગર, ફરસી, મુસંઢીથી સંભિન્ન તાલુ-શિરવાળા, છિન્ન ભુજાવાળા, છિન્ન કર્ણ, નાસિકા, ઓષ્ઠવાળા, ભેદાયેલા હૃદય-ઉદર-આંતરડાવાળા, ભિન્ન અક્ષિપુટવાળા, અત્યંત દુઃખથી પીડા પામતા, મહીતલમાં પડતા અને ઊછળતા વિચેષ્ટા કરતા એવા દીન, કર્મપટલથી અંધ થયેલા એવા નારકીઓ રક્ષણ કરનારાઓને જોતા નથી." (શ્લોક - ૧-૨-૩)

"ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી, ભયથી પીડા પામેલા, પરના પરાભવના વ્યસનવાળા, અતિદુઃખિત એવા તિર્યંચોને અહો ! સુખનો અનુષંગ=સુખનો સંગ, એ ખરેખર વાર્તા છે=કહેવા પૂરતું છે." (૪)

"પ્રાણી મનુષ્યપણામાં પણ દારિદ્ર, રોગ, દૌર્ભાગ્ય, શોક વગેરે અને જાતિ, કુલ, અવયવાદિથી ન્યૂનપણાને પ્રાપ્ત કરે છે." (૫)

ચ્યવન-વિયોગના દુઃખવાળા, ક્રોધ-ઈર્ષા-મદ-મદન=કામના અતિતાપવાળા એવા દેવોમાં (શું સુખ છે ?) 'तद्'=તે કારણથી=પૂર્વમાં ચાર ગતિની દુઃખિત અવસ્થા બતાવી તે કારણથી, હે આર્યો ! વિચારીને અમને કહો. અહીં=સંસારમાં, જે નિવેદનીય એવું કંઈપણ સુખ છે ?=ગણના કરી શકાય એવું કંઈપણ સુખ નથી. (૬)

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને "દુષ્કુલ જન્મની પ્રશસ્તિ." (સૂ. ૮૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

શક, યવન, શબર, બર્બરાદિ સંબંધવાળા દુષ્કુલોમાં અસદાચારવાળા પ્રાણીઓનો જે જન્મ=પ્રાદુર્ભાવ, તેની પ્રશસ્તિ=પ્રજ્ઞાપના, કરવી જોઈએ.

અને ત્યાં=હલકાં કુળોમાં, ઉત્પન્ન થયેલા જીવોને શું છે ? એ કહે છે –

"દુઃખની પરંપરાનું નિવેદન." (સૂ. ૮૪)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

શારીરિક, માનસિક, અશર્મલક્ષણ દુઃખોની જે પરંપરા=પ્રવાહ, તેનું નિવેદન=પ્રરૂપણ, ઉપદેશકે કરવું જોઈએ. જે

પ્રમાણે – અસદાચારના પરવશપણાથી જીવો ખરાબ કુળોમાં ઉત્પન્ન થાય છે. અને ત્યાં અસુંદર વર્ણ, અસુંદર રસ, અસુંદર ગંધ, અસુંદર સ્પર્શના શરીરવાળા તેઓને દુઃખના નિરાકરણના કારણ એવા ધર્મનું સ્વપ્નમાં પણ અનુપલમ્ભ હોવાથી=પ્રાપ્તિ નહિ હોવાથી, હિંસા, જૂઠ, ચોરી, અશુદ્ધ કર્મ કરવામાં તત્પર એવા તેઓને નરકાદિ ફલવાળાં પાપકર્મનો ઉપચય=જથ્થો, જ પ્રાપ્ત થાય છે. તેનાથી=તે પાપકર્મોથી, અભિભૂત થયેલા એવા તેઓને અહીં અને પરભવમાં અવ્યવચ્છિન્ન અનુબંધવાળી દુઃખની પરંપરા ઉત્પન્ન થાય છે. જે કારણથી કહેવાય છે –

"કર્મથી જ વિવશ તે જીવ સંસારચક્રને પ્રાપ્ત કરે છે. અનેક વખત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન એવા સંસારચક્રને આવર્તન કરે છે."

ભાવાર્થ :-

ઉપદેશક યોગ્ય જીવોને પ્રમાદ અસદાચાર છે એમ ઉપદેશ આપ્યા પછી પ્રમાદથી સેવાયેલા અસદાચારથી પ્રાપ્ત થતા અનર્થોને વ્યક્ત કરે છે. જે સાંભળીને તેના અનર્થોથી ભય પામીને પણ તે શ્રોતા સ્વીકારાયેલા જ્ઞાનાચારાદિ પંચાચારના પાલનમાં અપ્રમાદભાવથી ઉદ્યમ કરીને હિત સાધી શકે. તે અસદાચારોના અનર્થો બતાવતાં પ્રથમ નારકીના જીવો નરકમાં કઈ રીતે દુઃખો પામે છે ? તેનું વર્ણન ત્રણ શ્લોકમાં કરેલ છે. તે પ્રમાણે વિચારવાથી નારકીની વિડંબના 'ચક્ષુ' સામે સ્પષ્ટ થવાથી ભાવિમાં તેવા અનર્થો પોતાને ન મળે તે પ્રકારની શ્રોતામાં જાગૃતિ આવે છે. વળી, અસદાચાર સેવીને જીવો જેમ નરકમાં જાય છે તેમ ત્યાંથી નીકળીને તિર્યંચાદિ ભવોને પામે છે; ત્યાં પણ તેઓને કોઈ સુખ નથી, અનેક પ્રકારની વિડંબના છે તે શ્લોક-૪માં બતાવેલ છે.

વળી, અસદાચાર સેવીને નરક-તિર્યંચના અનર્થોને પ્રાપ્ત કર્યા પછી તેવા જીવો કોઈક રીતે મનુષ્યભવમાં આવે તો કેવી ખરાબ સ્થિતિને પામે છે ? તેનું વર્ણન શ્લોક-૫માં કરેલ છે. અસદાચારના સેવનથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ પણ વિડંબના સ્વરૂપ છે. વળી, જેઓ અસદાચાર સેવીને મનુષ્યભવને પામે છે, ત્યાં કોઈક કષ્ટ વેઠીને કદાચ દેવભવ પામે તોપણ અસદાચાર સેવનારા જીવોને દેવભવમાં પણ કંઈ સુખ નથી તે શ્લોક-૬ના પૂર્વાર્ધથી બતાવેલ છે. અને તે છ શ્લોકોના સારને બતાવતાં શ્લોક-૬ના ઉત્તરાર્ધમાં કહે છે કે હે વિચારક જીવો ! અહીં સંસારમાં અસદાચાર સેવનારા જીવોને ચારેય ગતિમાં ક્યાંય સુખ નથી માટે સુખના અર્થી જીવે સર્વ ઉદ્યમથી સ્વીકારાયેલાં વ્રતોમાં અપ્રમાદભાવ કરવો જોઈએ.

વળી, અસદાચારના સેવનના ફળરૂપે મનુષ્યભવમાં આવે ત્યારે દુષ્કુલમાં જન્મે છે, જેના કારણે ઘણાં પાપો કરીને દુર્ગતિમાં જાય છે તેમ ઉપદેશક બતાવે.

તેથી એ ફલિત થાય કે કોઈક રીતે આરાધક બનેલ જીવો પણ પ્રમાદને વશ સ્વીકારાયેલા જ્ઞાનાચારાદિના આચારોમાં યથાતથા યત્ન કરે અને ભગવાનના વચનની આશાતના આદિ પ્રાપ્ત થાય અને તેના ફળરૂપે તે જીવો, ખરાબ ભવોને પામીને સંસારચક્રમાં ભમે છે. માટે પ્રમાદ કર્યા વગર પોતાની શક્તિ અનુસાર વીતરાગતાને અનુકૂળ ઉચિત શક્તિનો સંચય થાય તે પ્રકારે સદાચારને સેવવા ઉદ્યમ કરવો જોઈએ.

વળી, અસદાચાર સેવીને જીવો હલકાં કુળોમાં જાય છે, ત્યાર પછી દુઃખની પરંપરાની પ્રાપ્તિ થાય છે,

તેનો ઉપદેશ ઉપદેશકે આપવો જોઈએ અર્થાત્ કહેવું જોઈએ કે સ્વીકારાયેલાં વ્રતોમાં પ્રમાદને વશ દોષો સેવવાથી જીવો હલકાં કુળોમાં જાય છે અને તે ભવોમાં અનેક પાપો કરીને દુર્ગતિની પરંપરા પ્રાપ્ત કરે છે. માટે પ્રમાદ વગર શક્તિ અનુસાર પંચાચારના પાલનમાં ઉદ્યમ કરવો જોઈએ.

કર્મોથી અભિભૂત થયેલા જીવો દુઃખની પરંપરા પ્રાપ્ત કરે છે તેમાં સાક્ષીપાઠ આપ્યો તેનો અર્થ એ છે કે કર્મથી વિવશ થયેલો જીવ સંસારના પરિભ્રમણરૂપ સંસારચક્રને પામે છે અને આ સંસારચક્રનું પરિભ્રમણ જીવ કેવી રીતે કરે છે તેની વિચારણા દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી થાય છે તે બતાવવા માટે શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું કે જીવ અનેક વખત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવના ભેદથી ભેદાયેલ એવા સંસારચક્રમાં આવર્તન પામે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અનેક વખત પુદ્ગલ દ્રવ્યોના ગ્રહણને આશ્રયીને આવર્તન કરે છે. અર્થાત્ જગતવર્તી સર્વ પુદ્ગલોને દેહાદિ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે. વળી તે સર્વ પુદ્ગલનું ગ્રહણ એક વખત નથી કરતો, અનેક વખત કરે છે. વળી ચૌદ રાજલોકરૂપ ક્ષેત્ર છે. તે સર્વક્ષેત્રને સ્પર્શીને અનેક વખત જન્મ્યો છે. તેથી ક્ષેત્રની સ્પર્શનાને આશ્રયીને પણ સંસારચક્રનું આવર્તન અનેક વખત થયેલ છે. વળી, ઉત્સર્પિણી-અવસર્પિણી કાળના જે સમયો છે તે દરેક સમયોને ક્રમસર સ્પર્શીને પણ બહુ વખત આ કાળચક્ર પસાર કર્યું છે.

જેમ વર્તમાનમાં જે સમયમાં જન્મ છે તેના પછીના સમયમાં જ તે ક્ષેત્રમાં જન્મ થાય તો તે સમયની ગણના કરાય, અન્ય સમયની નહિ. તે પ્રમાણે ક્રમસર ઉત્સર્પિણી-અવસર્પિણી કાળના દરેક સમયને ક્રમસર સ્પર્શીને આ સંસારચક્રને બહુ વખત પસાર કર્યું અને સંસારવર્તી જીવો જે મોહના ભાવો કરે છે તે સર્વભાવો પણ કરીને આ સંસારચક્રને બહુ વખત પસાર કર્યું છે. માટે જો કર્મને પરવશ થઈને સદાચાર સેવવામાં પ્રમાદ કરવામાં આવે તો ફરી સંસારચક્રમાં અનેક વખત ફરવાનો પ્રસંગ આવશે. માટે, પ્રાપ્ત થયેલા વિવેકના બળથી અસદાચારના પરિહારના ઉદ્યમપૂર્વક સદાચારમાં ઉદ્યમ કરવો જોઈએ. જેથી ખરાબ ભવોની પરંપરા પ્રાપ્ત થાય નહિ.

ટીકા :-

તથા "उपायतो मोहनिन्देति" [सू० ८५]

उपायत=उपायेनानर्थप्रधानानां मूढपुरुषलक्षणानां प्रपञ्चनरूपेण, मोहस्य=मूढताया, निन्दा=अनादरणीयता ख्यापनेति, यथा-

"अमित्रं कुरुते मित्रं, मित्रं द्वेष्टि हिनस्ति च ।
कर्म चारभते दुष्टं, तमाहुर्मूढचेतसम् ।।१।।
अर्थवन्त्युपपन्नानि, वाक्यानि गुणवन्ति च ।
नैव मूढो विजानाति, मुमूर्षुरिव भैषजम् ।।२।।

सम्प्राप्तः पण्डितः कृच्छ्रं, पूजया(प्रज्ञया?) प्रतिबुध्यते ।

मूढस्तु कृच्छ्रमासाद्य, शिलेवाम्भसि मज्जति ।।३।।"

अथवोपायतो मोहफलोपदर्शनद्वारलक्षणान्मोहनिन्दा कार्येति-

"जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुता(त?)म् ।

वीक्षमाणा अपि भवं, नोद्विजन्त्यपि मोहतः (नोद्विजन्तेऽतिमोहतः?)।।१।।

धर्मबीजं परं प्राप्य, मानुष्यं कर्मभूमिषु ।

न सत्कर्मकृषावस्य, प्रयतन्तेऽल्पमेधसः ।।२।।

"अस्येति" धर्मबीजस्य ।

"बडिशामिषवत्तुच्छे, कुसुखे दारुणोदये ।

सक्तास्त्यजन्ति सच्चेष्टां, धिगहो दारुणं तमः ।।३।। इति ।

टीकार्थ :-

तथा ..... इति । अने "ઉપાયથી મોહની નિંદા" (सू. ८५)

तेनो अर्थ स्पष्ट करे छे –

ઉપાયથી=અનર્થપ્રધાન એવા મૂઢ પુરુષનાં લક્ષણોના પ્રપંચનરૂપ ઉપાયથી, મોહની=મૂઢતાની, નિંદા=અનાદરણીયતાનું ખ્યાપન કરે. જે પ્રમાણે –

"અમિત્રને મિત્ર કરે છે, મિત્રનો દ્વેષ કરે છે. અને હિંસા કરે છે અને દુષ્ટ કર્મનો આરંભ કરે છે તેને મૂઢ ચિત્તવાળા કહે છે. (૧)

"જેમ મરવાની ઇચ્છાવાળો ઔષધને જાણતો નથી તેમ અર્થવાળા, ઉપપન્ન=યુક્તિથી સંગત એવા ગુણવાળાં વાક્યોને મૂઢ જાણતો નથી." (૨)

"કૃચ્છને=આપત્તિને, પ્રાપ્ત થયેલો પંડિત પ્રજ્ઞા વડે પ્રતિબોધ પામે છે. વળી કૃચ્છને=આપત્તિને, પામીને મૂઢ શિલાની જેમ પાણીમાં ડૂબે છે." (૩)

અથવા મોહના ફલના ઉપદર્શન લક્ષણ ઉપાયથી મોહની નિંદા કરવી જોઈએ.

કઈ રીતે મોહના ફલના ઉપદર્શનથી મોહની નિંદા કરવી જોઈએ ? તે બતાવે છે –

"જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોક આદિથી ઉપદ્રવ પામેલા ભવને જોતા પણ જીવો અતિમોહથી ઉદ્વેગ પામતા નથી." (૧)

"કર્મભૂમિમાં પ્રકૃષ્ટ એવા ધર્મના બીજરૂપ મનુષ્યપણાને પામીને અલ્પબુદ્ધિવાળા જીવો આના=ધર્મબીજના, વપન માટે, સત્કર્મ રૂપ ખેતીમાં પ્રયત્ન કરતા નથી." (૨)

શ્લોકમાં રહેલા 'अस्य'નો અર્થ 'धर्मबीजस्य' છે. "બડિશ આમિષની જેમ=કાંટા ઉપર લાગેલા માંસના ટુકડામાં

આસક્ત એવા માછલાની જેમ, દારુણ ઉદયવાળા તુચ્છ કુસુખમાં આસક્ત જીવો સત્‌ચેષ્ટાનો ત્યાગ કરે છે. અહો ! દારુણ અંધકારને ધિક્કાર થાઓ !

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

ભાવાર્થ :-

ઉપદેશકે શ્રોતાને મૂઢતાનો ત્યાગ કરાવવા અર્થે ઉપાયપૂર્વક મોહની નિંદા કરવી જોઈએ.

કઈ રીતે નિંદા કરવી જોઈએ ? તે બતાવતાં કહે છે –

મૂઢ પુરુષો અનર્થપ્રધાન હોય છે અને તેઓ કેવા હોય છે તેના સ્વરૂપના વર્ણનથી મૂઢતારૂપ મોહની નિંદા કરવી જોઈએ. જેથી તે યોગ્ય શ્રોતામાં અનાભોગથી પણ તેવી મૂઢતા પ્રાપ્ત થાય નહિ અને તે મૂઢપુરુષના લક્ષણનું વર્ણન કઈ રીતે કરે તે ત્રણ શ્લોકોથી બતાવે છે.

જે અકલ્યાણનાં કારણ છે તે પરમાર્થથી મિત્ર નથી પરંતુ આત્મા માટે અમિત્ર છે તેવા જીવોને મૂઢ જીવ મિત્ર કહે છે; કેમ કે વિષયોમાં મૂઢ, તત્ત્વાતત્ત્વમાં મૂઢ જીવોને હિતાહિતનો વિચાર હોતો નથી પરંતુ ઇન્દ્રિયોના અસાર ભાવોમાં મૂઢતા હોય છે. તેથી પોતાની ઇન્દ્રિયોના અસાર ભાવોને પુષ્ટ કરે તેવા અકલ્યાણમિત્રને તેઓ મિત્ર માને છે અને જેઓ પોતાના કલ્યાણનું કારણ છે તેવા ધર્મપરાયણ મિત્ર હિતબુદ્ધિથી તેને સન્માર્ગમાં પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરે ત્યારે તે કલ્યાણમિત્ર પ્રત્યે દ્વેષ કરે છે. અને સંસારના આરંભ-સમારંભ કરીને હિંસા કરે છે. અને ધનસંચય આદિ કે અન્ય કોઈ પ્રયોજનથી કષ્ટકર્મ આરંભે છે તેવા જીવોને મૂઢચિત્તવાળા કહેવાય છે. વળી, ભગવાનના વચનના ઉપદેશરૂપ કે આપ્તપુરુષના વચનના ઉપદેશરૂપ અર્થવાળાં અને યુક્તિથી સંગત એવાં વાક્યને મૂઢ પુરુષ જાણતો નથી. જેમ મૃત્યુથી ઇચ્છાવાળો પુરુષ ઔષધને જાણતો નથી તેમ આત્મકલ્યાણમાં ઉપયોગી અને જીવની ઉત્તમ પદ્ધતિને કહેનારાં એવાં ઉપદેશવચનો યુક્તિયુક્ત હોય, ગુણને કરનારાં હોય તોપણ મૂઢ જીવો તે ઉપદેશનો વિચાર કરતા નથી પરંતુ આત્મા હશે કે નહિ ? પરલોક હશે કે નહિ ? ઇત્યાદિ શંકા કરીને ધર્મથી વિમુખ રહેનારા હોય છે. વળી, જેઓ પંડિત છે તેઓ કોઈ કૃચ્છને પ્રાપ્ત કરે=કષ્ટને પ્રાપ્ત કરે, ત્યારે પ્રજ્ઞાથી વિચારે છે કે આ પ્રકારના વિષય સંયોગો હું બુદ્ધિમાન હોવા છતાં મને કેમ પ્રાપ્ત થયા ? વસ્તુતઃ મારા જ ભૂતકાળનાં કરાયેલાં કર્મોનું આ ફળ છે. એમ વિચારીને તેવા વિષમ સંયોગોમાં પણ ચિત્તમાં ક્લેશને પ્રાપ્ત કર્યા વગર ઉચિત પ્રવૃત્તિ કરીને પોતાનું હિત સાધે છે. વળી, કોઈ મૂઢ પુરુષ કૃચ્છ=સંકટને, પ્રાપ્ત કરે ત્યારે સંક્લેશને કરીને પોતાનો વિનાશ કરે છે. અને વિચારે છે કે આનાથી કે આનાથી મારું અહિત થાય છે તેમ વિચારીને બાહ્ય નિમિત્ત પ્રત્યે દ્વેષ કરીને પોતે ક્લેશને પ્રાપ્ત છે. જેમ શિલા પાણીમાં ડૂબે છે તેમ ક્લિષ્ટ ભાવોથી મૂઢ પુરુષ પોતાનો વિનાશ કરે છે.

આ પ્રકારનો ઉપદેશ આપવાથી યોગ્ય શ્રોતાને મૂઢ ભાવો કઈ રીતે વિનાશકારી છે તેનો બોધ થાય છે. તેથી પોતાનામાં મૂઢતા ન આવે તે માટે જાગૃતિ આવે છે અને વારંવાર મૂઢતાના અનર્થનો વિચાર કરીને અમૂઢ ભાવોને ધારણ કરે છે. જેથી તેવા યોગ્ય શ્રોતાને કલ્યાણમિત્રો પ્રત્યે પક્ષપાત થાય. અર્થસભર એવાં

વાક્યો પ્રત્યે પક્ષપાત થાય અને ભૂતકાળનાં કર્મોને કારણે વિષમ સંયોગ આવે તો પ્રજ્ઞાથી તે વિષમ સંયોગોને પણ કલ્યાણની પરંપરાનું કારણ બનાવે છે.

ઉપાયથી મોહની નિંદાનો પૂર્વમાં અર્થ કર્યો કે મૂઢ પુરુષો કેવા હોય તેના સ્વરૂપને બતાવવાપૂર્વક મોહની નિંદા કરવી જોઈએ જેથી વિવેકી શ્રોતા તેવી મૂઢતાને ધારણ કરે નહિ અને હિતમાં પ્રવૃત્તિ કરે. હવે મોહનું ફળ કેવું છે ? તે બતાવવારૂપ ઉપાયથી મોહની નિંદા કરતાં કહે છે –

સંસાર જન્મ, મૃત્યુ, જરા, રોગ, શોક આદિ ઉપદ્રવવાળો પ્રત્યક્ષ દેખાય છે અને આવા સંસારનું સ્વરૂપ જોવા છતાં જે જીવોમાં મોહ વર્તે છે અર્થાત્ મૂઢતા વર્તે છે તેઓ સંસારથી ઉદ્વેગ પામતા નથી. આ પ્રકારનું મોહનું ફળ છે. વળી, ધર્મના બીજના વપનના પ્રબળ કારણ એવા કર્મભૂમિમાં પ્રાપ્ત થયેલા મનુષ્યભવવાળા પણ જે જીવો મૂઢ હોય છે અર્થાત્ અલ્પબુદ્ધિવાળા હોય છે તેઓ સત્કર્મરૂપી ખેતીમાં યત્ન કરતા નથી, પરંતુ ભોગવિલાસ કરીને મનુષ્યજન્મને નિષ્ફળ કરે છે તે તેમનામાં વર્તતા મોહનું ફળ છે.

વળી, જેમ માછીમાર દ્વારા કાંટા ઉપર માંસ મૂકીને માંછલાંને પકડવા માટે કાંટો પાણીમાં નખાય છે ત્યારે તે માંસમાં લુબ્ધ થયેલાં માછલાંઓ આ માંસ ખાવાથી મૃત્યુ થશે તે જોતાં નથી તે તેઓનું અજ્ઞાન છે. તેમ દારુણ વિપાકવાળા સંસારનાં કુસુખોમાં આસક્ત જીવો સત્ચેષ્ટાનો ત્યાગ કરે છે અને તેવાં કુત્સિત સુખો પાછળ જીવન પસાર કરીને નરકાદિ દુર્ગતિમાં જાય છે તે સર્વ તેઓના ચિત્તમાં વર્તતો દારુણ અંધકાર છે જે મોહનું ફળ છે.

આ રીતે મોહનું ફળ બતાવવાથી વિવેકી શ્રોતાને વિવેક પ્રગટે છે. જેથી સંસારના જન્મ-જરા-મૃત્યુ આદિ સ્વરૂપને યથાર્થ જોનારા બને છે અને પ્રાપ્ત થયેલા મનુષ્યભવનો ધર્મબીજના વપનમાં ઉપયોગ કરે છે. અને તુચ્છ એવા સંસારનાં સુખોમાં આસક્ત થઈને સત્ચેષ્ટાનો ત્યાગ કરતા નથી.

ટીકા :-

તથા "सज्ज्ञानप्रशंसनमिति" [सू० ८६]

सदविपर्यस्तं ज्ञानं यस्य स सज्ज्ञानः पण्डितो जनस्तस्य, सतो वा ज्ञानस्य विवेचनलक्षणस्य प्रशंसनं पुरस्कारं इति । यथा–

"तन्त्रैस्त्रिभिरीक्षते न गिरीशो नो पद्मजन्माष्टभिः,
स्कन्दो द्वादशभिर्न वा न मघवा चक्षुःसहस्रेण च ।
सम्भूयापि जगत्त्रयस्य नयनैस्तद्वस्तु नो वीक्षते ।
प्रत्याहृत्य दृशः समाहितधियः पश्यन्ति यत्पण्डिताः" ।।१।। इति ।

तथा–

"नाऽप्राप्यमभिवाञ्छन्ति, नष्टं नेच्छन्ति शोचितुम् ।
आपत्सु च न मुह्यन्ति, नराः पण्डितबुद्धयः ।।२।।

न हृष्यत्यात्मनो माने, नापमाने च रुष्यति ।

गाङ्गो ह्रद इवाक्षोभ्यो, यः स पण्डित उच्यते" ।।३।।

तथा-"पुरुषकारसत्कथेति" [सू० ८७]

पुरुषकारस्योत्साहलक्षणस्य सत्कथा माहात्म्यप्रशंसनं यथा-

"दुर्गा तावदियं समुद्रपरिखा तावन्निरालम्बनं, व्योमैतन्ननु तावदेव विषमः पातालयात्रागमः ।

दत्वा मूर्द्धनि पादमुद्यमभिदो दैवस्य कीर्तिप्रियैर्वीरैर्यावदहो न साहसतुलामारोप्यते जीवितम् ।।१।।"

तथा-

"विहाय पौरुषं कर्म, यो दैवमनुवर्त्तते ।

तद्विनश्यति तं प्राप्य, क्लीबं पतिमिवाङ्गना ।।१।।" इति ।

तथा-

"वीर्यर्द्धिवर्णनमिति" [सू० ८८]

वीर्यर्द्धेः प्रकर्षरूपायाः शुद्धाचारबललभ्यायास्तीर्थकरवीर्यपर्यवसानाया वर्णनमिति । यथा-

"मेरुं दण्डं धरां छत्रं, यत्केचित्कर्त्तुमीशते ।

तत्सदाचारकल्पद्रुफलमाहुर्महर्षयः ।।१।।"

ટીકાર્થ :-

तथा ..... महर्षयः ।। અને "सत्ज्ञानનું પ્રશંસન" (सू. ८९)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

'सद्'=અવિપર્યય જ્ઞાન છે જેને તે सत्ज्ञान=પંડિતજન. તેનું પ્રશંસન અથવા વિવેચનલક્ષણ सत्ज्ञानનું પ્રશંસન=પુરસ્કાર. જે પ્રમાણે –

"ત્રણ નેત્ર વડે મહાદેવ તેને જોતા નથી, આઠ નેત્ર વડે પદ્મજન્મ તેને જોતા નથી, બાર નેત્રવડે સ્કન્દ=કાર્તિકસ્વામી, તેને જોતા નથી, અથવા હજાર નેત્ર વડે ઇન્દ્ર તેને જોતા નથી. એકઠાં થઈને પણ ત્રણેય જગતનાં નયનો વડે તે વસ્તુ દેખાતી નથી દૃષ્ટિને પાછી ખેંચીને=વિષયોથી ઇન્દ્રિયોને સંવૃત્ત કરીને, સમાહિત બુદ્ધિવાળા=સમાધિ પામેલા બુદ્ધિવાળા, પંડિતપુરુષો જેને જુએ છે." ।।૧।।

અને

"પંડિતબુદ્ધિવાળા મનુષ્યો અપ્રાપ્ય વસ્તુને ઇચ્છતા નથી. નષ્ટ પામેલી વસ્તુનો શોક કરવા માટે યત્ન કરતા નથી. અને આપત્તિમાં મૂંઝાતા નથી." ।।૨।।

"પોતાના માનમાં હર્ષિત થતા નથી અને અપમાનમાં રોષ પામતા નથી. ગાંગહ્રદની જેમ જે અક્ષોભ્ય છે તે પંડિત કહેવાય છે." ।।૩।।

અને "પુરુષકારની સત્કથા કરે." (સૂ. ૮૭)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ઉત્સાહલક્ષણ પુરુષકારની સત્કથા=માહાત્મ્યનું પ્રશંસન.

જે 'યથા'થી બતાવે છે –

"'ननु'=ખરેખર, ત્યાં સુધી આ સમુદ્રની પરિખા, ત્યાં સુધી નિરાલંબન એવું આકાશ, ત્યાં સુધી જ વિષમ પાતાલયાત્રાનું ગમન દુર્ગા છે=દુષ્કર છે, જ્યાં સુધી અહો ! કીર્તિપ્રિય એવા વીરપુરુષો વડે ઉદ્યમનો નાશ કરનાર એવા દેવના=કર્મના, મસ્તક ઉપર પગ મૂકીને સાહસતુલામાં જીવિતનું આરોપણ કરાતું નથી." ॥૧॥

અને

"પૌરુષકર્મને છોડીને=પુરુષકારને છોડીને, જે દેવનું અનુવર્તન કરે છે=કર્મનું આલંબન લે છે, નપુંસકપતિને પ્રાપ્ત કરીને સ્ત્રીની જેમ તેને પ્રાપ્ત કરીને=કર્મને પ્રાપ્ત કરીને, તે વિનાશ પામે છે=તેનો પુરુષકાર વિનાશ પામે છે." ॥૧॥

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને "વીર્યની ઋદ્ધિનું વર્ણન." (સૂ. ૮૮)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

શુદ્ધ આચારના બલથી લભ્ય, તીર્થંકરના વીર્યમાં પર્યવસાન એવી પ્રકર્ષરૂપ વીર્યની ઋદ્ધિનું વર્ણન. જે પ્રમાણે-

"જે કોઈ મેરુને દંડ અને પૃથ્વીને છત્ર કરવા માટે સમર્થ છે તેને મહર્ષિઓ સદાચારરૂપ કલ્પદ્રુમનું ફળ કહે છે." ॥૧॥

ભાવાર્થ :-

સત્જ્ઞાનનું પ્રશંસન :-

ઉપદેશકે યોગ્ય શ્રોતા આગળ સત્જ્ઞાનનું પ્રશંસન કરવું જોઈએ. જેથી શ્રોતાને સદ્જ્ઞાન પ્રત્યેનો પક્ષપાત પ્રગટ થાય.

'સત્જ્ઞાન પ્રશંસન'નો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે –

અવિપર્યય જ્ઞાનવાળા જે પંડિતપુરુષો છે તેમની પ્રશંસા કરે જેથી શ્રોતાને યથાર્થ જ્ઞાનવાળા મહાપુરુષો પ્રત્યે બદ્ધરાગ થાય અને તેવા ઉત્તમ પુરુષો પાસેથી તત્ત્વ જાણવા માટે પ્રયત્ન કરે.

વળી સત્જ્ઞાનનો અર્થ 'અથવા'થી કરે છે –

યથાર્થ વિવેચનરૂપ જે સત્જ્ઞાન છે તેની પ્રશંસા કરે, જેથી શ્રોતાને યથાર્થજ્ઞાનના પરમાર્થને જાણવા માટે અભિમુખ ભાવ થાય જેથી સ્થૂલબોધ કરી સંતોષ પામે નહિ; પરંતુ શાસ્ત્રના પરમાર્થને જાણવાને અભિમુખ પરિણામવાળો થાય.

પૂર્વમાં કહ્યું કે સત્જ્ઞાનવાળા પુરુષની પ્રશંસા કરવી જોઈએ. તેમાં 'યથા'થી સાક્ષી આપતાં કહે છે તેનો અર્થ આ પ્રમાણે છે –

સામાન્ય રીતે મનુષ્યને બે ચક્ષુ હોય છે; જ્યારે મહાદેવ, પદ્મજન્મ અને સ્કંદને અનુક્રમે ત્રણ, આઠ અને બાર ચક્ષુ હોય છે. સામાન્ય મનુષ્ય ચર્મચક્ષુથી જીવના હિતને અનુકૂળ પારમાર્થિક તત્ત્વને જોઈ શકતો નથી. ત્રણ ચક્ષુથી મહાદેવ પણ જીવના હિતને અનુકૂળ પારમાર્થિક તત્ત્વ જોઈ શકતા નથી. આઠ ચક્ષુ વડે પદ્મજન્મ પણ તે તત્ત્વને જોઈ શકતા નથી, બાર ચક્ષુ વડે સ્કંદ=કાર્તિકસ્વામી, પણ તે તત્ત્વને જોઈ શકતા નથી, અને હજાર ચક્ષુ વડે ઇન્દ્ર પણ તે તત્ત્વને જોઈ શકતા નથી તેટલું જ નહિ; પરંતુ એકઠા થઈને ત્રણેય જગતનાં નયનો વડે જોવા માટે યત્ન કરવામાં આવે તો પણ, તે વસ્તુ દેખાતી નથી.

બુદ્ધિમાન પુરુષો વિષયોથી ઇન્દ્રિયોને પાછી ખેંચીને સમાહિત બુદ્ધિવાળા હોય છે=સમાધાન પામેલી બુદ્ધિવાળા હોય છે. અર્થાત્ આત્માને માટે આ બાહ્યવિષય અસાર છે, આત્માની પરમ સ્વસ્થતા જ આત્મા માટે જ સાર છે તે પ્રકારે સમાધાનને પામેલ બુદ્ધિવાળા પંડિતપુરુષો હોય છે. તેઓ જીવના હિતરૂપ તત્ત્વને જુએ છે અર્થાત્ આત્માના કલ્યાણની પરંપરાના કારણીભૂત યોગમાર્ગના પરમાર્થને જુએ છે. આત્માના અંતરંગ ભાવોરૂપ જે તત્ત્વ છે તેને જોનારા છે અર્થાત્ મોહથી અનાકુળ એવી ચેતના જીવ માટે પરમાર્થ છે તે પ્રકારના તત્ત્વને જોનારા છે.

આ રીતે સત્જ્ઞાનવાળા પુરુષોની મર્મને જોનારી દૃષ્ટિ હોય છે તેમ બતાવીને હવે પંડિતપુરુષો કેવા હોય છે ? તે અન્ય ઉદ્ધરણથી સ્પષ્ટ કરે છે –

પંડિતપુરુષો હંમેશાં તત્ત્વને જોનારા હોય છે. જીવ માટે તત્ત્વ આત્માનો નિરાકુળભાવ છે. તેથી પંડિતપુરુષો આત્માના નિરાકુળભાવ માટે સદા ઉદ્યમ કરનારા હોય છે. માટે પોતાની પ્રયત્નથી અપ્રાપ્ય હોય તેવી વસ્તુની ઇચ્છા કરતા નથી. જેના કારણે અપ્રાપ્ય વસ્તુની ઇચ્છા કરીને સંસારી જીવો જેમ ક્લેશ પામે છે તેમ પંડિત પુરુષો ક્લેશ પામતા નથી. વળી, પોતાને પ્રાપ્ત થયેલ ઇષ્ટ વસ્તુ કોઈક રીતે નષ્ટ થઈ જાય તેનો પંડિત પુરુષો શોક કરતા નથી તેથી અન્ય સંસારી જીવોની જેમ નષ્ટ વસ્તુનો વિચાર કરીને ક્લેશને પામતા નથી. વળી, પંડિત બુદ્ધિવાળા પુરુષો આપત્તિમાં મોહ પામતા નથી અર્થાત્ મૂંઝાતા નથી પરંતુ વિચાર કરે છે કે ભૂતકાળનાં કર્મોને કારણે જે આપત્તિ આવેલ છે તેનો ઉચિત ઉકેલ જે રીતે થઈ શકે તે રીતે યત્ન કરવો જોઈએ જેથી ક્લેશની પ્રાપ્તિ ન થાય.

આ રીતે પંડિત પુરુષો પોતાની જીવનવ્યવસ્થા કઈ રીતે કરે છે તે બતાવ્યું. હવે તેઓની માનસિક સ્થિતિ કેવી હોય છે ? તે બતાવતાં કહે છે –

પંડિતપુરુષોના બુદ્ધિના વૈભવને જોઈને લોકો તેને માન આપતા હોય, તેનાથી તેઓ હર્ષિત થતા નથી અને પોતે બુદ્ધિમાન હોવા છતાં કોઈક રીતે કોઈ તેમનું અપમાન કરે તો રોષ પામતા નથી; પરંતુ સર્વ બાહ્યસંજોગોમાં ગાંગહ્રદની જેમ અક્ષોભ્ય રહે છે તે પંડિતપુરુષ કહેવાય છે. આ રીતે સદ્જ્ઞાનવાળા ઉત્તમપુરુષની પ્રશંસા કરવાથી યોગ્ય શ્રોતાને તે પ્રકારનો સદ્જ્ઞાનનો પક્ષપાત થાય છે. જેથી સત્જ્ઞાનવાળા પુરુષોની જેમ તેવા પુરુષોના અવલંબન દ્વારા પોતાની પ્રકૃતિ પણ તેવી નિષ્પન્ન કરી શકે.

યોગ્યજીવને યોગમાર્ગની પ્રવૃત્તિમાં ઉત્સાહ થાય તેના માટે ઉપદેશક પુરુષકારની પ્રશંસા કરે, જેથી

ઉત્સાહિત થઈને તે શ્રોતા સ્વશક્તિને અનુસાર પંચાચારાદિ ઉચિત આચારોમાં યત્ન કરીને કલ્યાણને પ્રાપ્ત કરે.

પુરુષકારની પ્રશંસા કઈ રીતે કરે ? તેમાં લૌકિક પુરુષકારનું પ્રથમ દૃષ્ટાંત બતાવે છે –

લોકમાં પણ કહેવાય છે કે ત્યાં સુધી સમુદ્રની પરિખા ઓળંગવી દુષ્કર છે જ્યાં સુધી સાહસિક પુરુષ યત્ન ન કરે. ત્યાં સુધી જ નિરાલંબન એવું આકાશ દુષ્કર છે અર્થાત્ નિરાલંબન એવા આકાશમાં ઉપર જવું દુષ્કર છે કે જ્યાં સુધી સાહસિક પુરુષ સાહસ ન કરે. અને ત્યાં સુધી જ વિષમ એવી પાતાલયાત્રાનું ગમન દુષ્કર છે જ્યાં સુધી દૈવના મસ્તક ઉપર પગ મૂકીને સાહસિક પુરુષ પોતાના જીવિતની પણ ઉપેક્ષા કરીને યત્ન ન કરે.

આનાથી એ ફલિત થાય કે સમુદ્રને તરવું, આકાશમાં ઉપર જવું કે પાતાલમાં પ્રવેશ કરવો દુષ્કર છે પરંતુ તે સાધતાં કદાચ મૃત્યુ થાય તેની પણ ચિંતા કર્યા વગર જે જીવો ઉદ્યમ કરનારા છે, તે જીવો અશક્ય દેખાતા એવા પણ કાર્યને સાધી શકે છે. માટે દુષ્કર કાર્ય સાધવાના અર્થી જીવોએ આ કાર્ય સાધવું સુકર છે કે દુષ્કર છે ? તેનો વિચાર કર્યા વિના સર્વશક્તિથી સાધ્યની સિદ્ધિ કરવા અર્થે યત્ન કરવો જોઈએ.

આ પ્રકારે લોકમાં કહેવાય છે તેમ બતાવીને ઉપદેશક કહે કે સમુદ્રને તરવા આદિ તુચ્છ કાર્ય પણ કીર્તિના અર્થી જીવો પ્રયત્ન દ્વારા સાધી શકે છે, જ્યારે પંચાચારનું પાલન તો મહાફલવાળું છે. કદાચ પ્રથમ ભૂમિકામાં અનભ્યાસ હોવાથી દુષ્કર જણાય તોપણ કૃતનિશ્ચયવાળો પુરુષ દુષ્કર પણ તે કાર્યને અવશ્ય સાધી શકે છે. માટે પંચાચારનું પાલન અતિદુષ્કર છે એમ વિચારીને નિરુત્સાહિત થવું જોઈએ નહિ; પરંતુ સર્વ ઉદ્યમથી પુરુષકાર કરવો જોઈએ, જેથી શક્તિના પ્રકર્ષથી આ ભવમાં પંચાચારનું સેવન થાય અને શક્તિના પ્રકર્ષથી સેવાયેલા પંચાચારના પાલનના બળથી બંધાયેલા પુણ્યથી જન્માન્તરમાં મહાશક્તિની પ્રાપ્તિ થાય અને અધિક-અધિક પંચાચાર સેવીને મહાત્મા સુખપૂર્વક આ સંસારસાગરને તરી જાય છે. માટે પ્રમાદ રહિત, સર્વ ઉદ્યમથી પંચાચારના પાલન માટે યત્ન કરવો જોઈએ.

વળી, પુરુષકારની પ્રશંસા કરતાં ઉપદેશક શ્રોતાને કહે છે કે કેટલાક જીવો પુરુષકારને છોડીને કર્મનું જ અનુસરણ કરે છે અને વિચારે છે કે મારું કર્મ જ તેવું છે જેથી આ પંચાચારનું પાલન મારાથી શક્ય નથી અથવા આ ઉચિત પ્રવૃત્તિ હું સાધી શકું તેમ નથી. આવા જીવો તે દૈવનું અવલંબન લઈને પોતાના પુરુષકારનો વિનાશ કરે છે.

કઈ રીતે તેઓ પોતાના પુરુષકારનો વિનાશ કરે છે ? તે દૃષ્ટાંતથી બતાવે છે –

નપુંસકપતિને પામીને સ્ત્રી જેમ પોતાનું સ્ત્રીજીવન નિષ્ફળ કરે છે તેમ નપુંસક જેવા જીવો પોતાના વીર્યનું આલંબન લઈને પોતાનું હિત સાધી શકતા નથી. અર્થાત્ આ કાર્ય કરવાનું મારું વીર્ય નથી, હું સાધી શકું તેમ નથી; કેમ કે મારું કર્મ બળવાન છે, તેમ વિચારીને સદ્વીર્યને પ્રવર્તાવતા નથી. તેથી જેમ નપુંસકપતિને પામેલી એવી સ્ત્રીનું સ્ત્રીપણું નિષ્ફળ છે તેમ કર્મનું અવલંબન લઈ સદ્વીર્યને ન પ્રવર્તાવનારમાં વિદ્યમાન સદ્વીર્ય નિષ્ફળ છે.

વીર્યની ઋદ્ધિનું વર્ણન :-

પૂર્વમાં વર્ણન કરેલ પંચાચારનું પાલન જે જીવો પ્રમાદ રહિત કરે છે અને ક્વચિત્ અનાભોગ આદિથી તેમાં સ્ખલના થઈ હોય તેનો યથાર્થ નિર્ણય કરીને તેની શુદ્ધિ કરે છે તેઓ, શુદ્ધ આચારના પાલનને કરનારા છે અને તેવા શુદ્ધાચારના બળથી ઉત્તરોત્તર ભવમાં પ્રકર્ષવાળી વીર્યશક્તિ મળે છે તે પ્રકર્ષવાળી વીર્યશક્તિ તીર્થંકરના વીર્યમાં પર્યવસાન પામનાર છે. અર્થાત્ જેમ તીર્થંકરો મહાસત્ત્વથી કર્મનો નાશ કરી શકે છે તેવું મહાવીર્ય તે જીવને પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે વર્ણન કરવાથી પ્રથમ ભૂમિકામાં દુષ્કર જણાતું પણ પંચાચારનું પાલન યોગ્ય શ્રોતા ઉત્સાહથી કરવા પ્રવૃત્ત થાય છે, તેના માટે ઉત્સાહપૂર્વક પંચાચારના પરમાર્થને જાણવા યત્ન કરે છે, જાણીને તેને સ્થિર કરવા યત્ન કરે છે અને સ્થિર કર્યા પછી શક્તિ અનુસાર પંચાચારનું પાલન કરીને અંતરંગ વીર્યનો સંચય કરે છે; કેમ કે ઉપદેશકના વચનથી તેને સ્થિર નિર્ણય થયો છે કે આ પ્રકારના મારા વીર્યના પ્રવર્તનથી હું પણ તીર્થંકરના જેવા મહાવીર્યને પ્રાપ્ત કરીને આ સંસારનો ઉચ્છેદ કરી શકીશ.

તે વીર્યનું વર્ણન કરવા માટે 'યથા'થી કહે છે –

શાસ્ત્રોમાં કહ્યું છે કે દેવોની શક્તિ છે તેથી તેઓ મેરુને દંડ કરીને અને જંબુદ્વીપની ધરાને છત્ર કરીને પૃથ્વીને ઉપાડવા માટે સમર્થ છે. આ પ્રકારનું તેઓમાં જે સદ્વીર્ય પ્રાપ્ત થયું તે પૂર્વભવમાં સુંદર આચારોના પાલનરૂપ કલ્પદ્રુમનું ફળ છે. તેથી જેઓ મનુષ્યભવમાં સાવ અલ્પવીર્યવાળા છે તેઓ પણ દેવભવને પામીને સદાચારના ફળરૂપે આવી શક્તિ પ્રાપ્ત કરે છે તેમ પંચાચારના સેવનરૂપ સદાચારના બળથી દેવોને પણ દુર્લભ એવું અને તીર્થંકરોના જેવું મોહના જયને અનુકૂળ સદ્વીર્ય યોગ્ય જીવો પ્રાપ્ત કરી શકે છે.

ટીકા :-

तथा–"परिणते गम्भीरदेशनायोग इति" [सू० ८९]

परिणते गम्भीरायाः पूर्वदेशनापेक्षयाऽत्यन्तसूक्ष्माया आत्मास्तित्वतद्बन्धमोक्षादिकाया देशनाया योगो व्यापारः कार्यः । इदमुक्तं भवति–यः पूर्वं साधारणगुणप्रशंसादिरनेकधोपदेशः प्रोक्त आस्ते, स यदा तदावारककर्महासातिशयाद-ङ्गाङ्गीभावलक्षणं परिणाममुपागतो भवति, तदा जीर्णे भोजनमिव गम्भीरदेशनायामसौ देशनार्होऽवतार्यत इति ।

अयं च गम्भीरदेशनायोगो न श्रुतधर्मकथनमन्तरेणोपपद्यत इत्याह –

"श्रुतधर्मकथनमिति" [सू० ९०]

श्रुतधर्मस्य वाचनाप्रच्छनापरावर्त्तनाऽनुप्रेक्षाधर्मकथनलक्षणस्य सकलकुशलकलापकल्पद्रुमविपुलालवालकल्पस्य कथनं यथा –

"चक्षुष्मन्तस्त एवेह, ये श्रुतज्ञानचक्षुषा ।
सम्यक् सदैव पश्यन्ति, भावान् हेयेतरान्नराः ।।१।।"

अयं च श्रुतधर्मः प्रतिदर्शनमन्यथान्यथा प्रवृत्त इति नासावद्यापि तत्सम्यग्भावं विवेचयितुमलमित्याह –

"बहुत्वात् परीक्षावतार इति" [सू० ९१]

तस्य हि बहुत्वाच्छ्रुतधर्माणां श्रुतधर्म इतिशब्दसमानतया विप्रलब्धबुद्धेः परीक्षायां त्रिकोटिपरिशुद्धिलक्षणायां श्रुतधर्मसंबन्धिन्यामवतारः कार्यः, अन्यत्राप्यवाचि –

"तं शब्दमात्रेण वदन्ति धर्मं, विश्वेऽपि लोका न विचारयन्ति ।
स शब्दसाम्येऽपि विचित्रभेदैर्विभिद्यते क्षीरमिवार्चनीयम् ।।१।।
लक्ष्मीं विधातुं सकलां समर्थं, सुदुर्लभं विश्वजनीनमेनम् ।
परीक्ष्य गृह्णन्ति विचारदक्षाः, सुवर्णवद्वञ्चनभीतचित्ताः ।।२।।" इति ।

परीक्षोपायमेवाह –

"कषादिप्ररूपणेति" [सू० ९२]

यथा सुवर्णमात्रसाम्येन तथाविधमुग्धलोकेष्वविचारेणैव शुद्धाशुद्धरूपस्य सुवर्णस्य प्रवृत्तौ कषच्छेदतापाः परीक्षणाय विचक्षणैराद्रियन्ते, तथाऽत्रापि श्रुतधर्मे परीक्षणीये कषादीनां प्ररूपणेति ।

कषादीनेवाह –

"विधिप्रतिषेधौ कष इति" [सू० ९३]

विधिरविरुद्धकर्त्तव्याऽर्थोपदेशकं वाक्यं यथा स्वर्गकेवलार्थिना तपो-ध्यानादि कर्त्तव्यम्, समितिगुप्तिशुद्धा क्रिया इत्यादि, प्रतिषेधः पुनर्न हिंस्यात्सर्वभूतानि, नानृतं वदेदित्यादि, ततो विधिश्च प्रतिषेधश्च विधिप्रतिषेधौ किमित्याह–कषः सुवर्णपरीक्षायामिव कषपट्टके रेखा । इदमुक्तं भवति–यत्र धर्मे उक्तलक्षणो विधिः, प्रतिषेधश्च पदे पदे सुपुष्कल उपलभ्यते, स धर्मः कषशुद्धः, न पुनः–

"अन्यधर्मस्थिताः सत्त्वा, असुरा इव विष्णुना ।
उच्छेदनीयास्तेषां हि, वधे दोषो न विद्यते ।।१।।" इत्यादिकवाक्यगर्भ इति ।

छेदमाह –

"तत्संभवपालनाचेष्टोक्तिश्छेद इति" [सू० ९४]

तयोर्विधिप्रतिषेधयोरनाविर्भूतयोः संभवः, प्रादुर्भूतयोश्च पालना रक्षारूपा, ततस्तत्संभवपालनार्थं या चेष्टा भिक्षाटनादिबाह्यक्रियारूपा, तस्या उक्तिश्छेदः । यथा कषशुद्धावप्यन्तरामशुद्धिमाशङ्कमानाः सौवर्णिकाः सुवर्णगोलिकादेश्छेदमाद्रियन्ते, तथा कषशुद्धावपि धर्मस्य छेदमपेक्षन्ते स च छेदो विशुद्धबाह्यचेष्टारूपो, विशुद्धा च चेष्टा सा यत्रासन्तावपि विधिप्रतिषेधावबाधितरूपौ स्वात्मानं लभेते लब्धात्मानौ चातीचारलक्षणापचारविरहितौ उत्तरोत्तरां वृद्धिमनुभवतः, सा यत्र धर्मे चेष्टा सप्रपञ्चा प्रोच्यते स धर्मः छेदशुद्ध इति ।

यथा कष-च्छेदशुद्धमपि सुवर्णं तापमसहमानं कालिकोन्मीलनदोषान्न सुवर्णभावमश्नुते । एवं धर्मोऽपि सत्यामपि कषच्छेदशुद्धौ तापपरीक्षायामनिर्वहमाणो न स्वभावमासादयत्यतस्तापं प्रज्ञापयन्नाह –

"उभयनिबन्धनभाववादस्ताप इति" [सू० ९५]

उभयोः कष-च्छेदयोरनन्तरमेवोक्तरूपयोर्निबन्धनं परिणामि किमित्याह–तापोऽत्र श्रुतधर्मपरीक्षाधिकारे । इदमुक्तं भवति – यत्र शास्त्रे द्रव्यरूपतयाऽप्रच्युतानुत्पन्नः पर्यायात्मकतया च प्रतिक्षणमपरापरस्वभावास्कन्दनेनानित्य-स्वभावो जीवादिरवस्थाप्यते स्यात्तत्र तापशुद्धिः, यतः परिणामिन्येवात्मादौ तथाविधाशुद्धपर्यायनिरोधेन ध्यानाध्ययनाद्य-परशुद्धपर्यायप्रादुर्भावादुक्तलक्षणः कषो बाह्यचेष्टाशुद्धिलक्षणश्च छेद उपपद्यते न पुनरन्यथेति ।

एतेषां मध्यात्को बलीयानितरो वेति प्रश्ने यत्कर्त्तव्यं तदाह –

"अमीषामन्तरदर्शनमिति" [सू० ९६]

अमीषां त्रयाणां परीक्षाप्रकाराणां परस्परमन्तरस्य विशेषस्य समर्थाऽसमर्थरूपस्य दर्शनं कार्यमुपदेशकेन ।

तदेव दर्शयति –

"कषच्छेदयोरयत्न इति" [सू० ९७]

कषच्छेदयोः परीक्षाऽक्षमत्वेनादरणीयतायामयत्नोऽतात्पर्यं मतिमतामिति ।

कुत इत्याह –

"तद्भावेऽपि तापाभावेऽभाव इति" [सू० ९८]

तयोः कषच्छेदयोर्भावः सत्ता तद्भावस्तस्मिन्, किं पुनरतद्भावे? इत्यपिशब्दार्थः । किमित्याह–"तापाभावे" उक्तलक्षणतापविरहे अभावः परमार्थतोऽसत्तैव परीक्षणीयस्य, न हि तापे विघटमानं हेम कषच्छेदयोः सतोरपि स्वं स्वरूपं प्रतिपत्तुमलम्, जातिसुवर्णत्वात्तस्य ।

एतदपि कथमित्याह –

"तच्छुद्धौ हि तत्साफल्यमिति" [सू० ९९]

तच्छुद्धौ तापशुद्धौ हि यस्मात्तत्साफल्यं तयोः कषच्छेदयोः सफलभावः । तथाहि–ध्यानाऽध्ययनादिकोऽर्थो विधीयमानः प्रागुपात्तकर्मनिर्जरणफलः हिंसादिकश्च प्रतिषिध्यमानो नवकर्मोपादाननिरोधफलः, बाह्यचेष्टाशुद्धिश्चानयो-रेवानाविर्भूतयोर्योगेनाविर्भूतयोश्च परिपालनेन फलवती स्यात् । न चापरिणामिन्यात्मन्युक्तलक्षणौ कषच्छेदौ स्वकार्यं कर्त्तुं प्रभविष्णू स्यातामिति तयोस्तापशुद्धावेव सफलत्वमुपपद्यते न पुनरन्यथेति ।

ननु फलविकलावपि तौ भविष्यत इत्याह – "फलवन्तौ च वास्तवाविति" [सू० १००] उक्तलक्षणभाजौ सन्तौ पुनस्तौ कषच्छेदौ वास्तवौ कषच्छेदौ भवतः स्वसाध्यक्रियाकारिणो हि वस्तुनो वस्तुत्वमुशन्ति सन्तः ।

विपक्षे बाधामाह –

"अन्यथा याचितकमण्डनमिति" [सू० १०१]

अन्यथा फलविकलौ सन्तौ वस्तुपरीक्षाधिकारे समवतारितावपि तौ याचितकमण्डनम्, द्विविधं ह्यलङ्कारफलम्, निर्वाहे सति परिशुद्धाऽऽभिमानिकसुखजनिका स्वशरीरशोभा, कथंचिन्निर्वहणाभावे च तेनैव निर्वाहः न च याचितकमण्डने एतद्द्वितीयमप्यस्ति परकीयत्वात्तस्य, ततो याचितकमण्डनमिव याचितकमण्डनम् । इदमुक्तं भवति-द्रव्यपर्यायोभयस्वभावे जीवे कषच्छेदौ निरुपचरिततयोपस्थाप्यमानौ स्वफलं प्रत्यवन्ध्यसामर्थ्यावेव स्याताम्, नित्याद्येकान्तवादे तु स्ववादशोभार्थं तद्वादिभिः कल्प्यमानावप्येतौ याचितकमण्डनाकारौ प्रतिभासेते, न पुनः स्वकार्यकराविति ।

आह-अवगतं यथा कषच्छेदतापशुद्धः श्रुतधर्मो ग्राह्यः, परं किंप्रणेतृकोऽसौ प्रमाणमिति व्यतिरेकतः साधयन्नाह-

"नातत्त्ववेदिवादः सम्यग्वाद इति" [सू० १०२]

न=नैव, अतत्त्ववेदिनः=साक्षादेव वस्तुतत्त्वमज्ञातुं शीलस्य पुरुषविशेषस्यार्वाग्दर्शिन इत्यर्थः वादो=वस्तुप्रणयन-मतत्त्ववेदिवादः किमित्याह-सम्यग्वादो यथावस्थितार्थवादः, साक्षादवीक्षमाणेन हि प्रमात्रा प्रोक्तं जात्यन्ध-चित्रकरनरालिखितचित्रकर्मवत् यथावस्थितरूपविसंवादेनासमञ्जसमेव शास्त्रं स्यादिति कथं तद्भाषितं वस्तु अविपरीतरूपतां प्रतिपत्तुमुत्सहत इति ।

सम्यग्वादताया एवोपायमाह-

"बन्धमोक्षोपपत्तितस्तच्छुद्धिरिति" [सू० १०३]

बन्धो मिथ्यात्वादिहेतुभ्यो जीवय कर्मपुद्गलानां च वह्न्ययःपिण्डयोरिव क्षीर-नीरयोरिव वा परस्परम-विभागपरिणामेनावस्थानम्, मोक्षः पुनः सम्यग्दर्शन-ज्ञान चारित्रेभ्यः कर्मणामत्यन्तोच्छेदः, ततो बन्धश्च मोक्षश्च बन्धमोक्षौ तयोरुपपत्तिर्घटना तस्याः सकाशाच्छुद्धिर्वस्तुवादनिर्मलता चिन्तनीया । इदमुक्तं भवति - यस्मिन् सिद्धान्ते बन्धमोक्षयोग्य आत्मा तैस्तैर्विशेषैर्निरूप्यते स सर्ववेदिपुरुषप्रतिपादित इति कोविदैर्निश्चीयते इति ।

इयमपि बन्धमोक्षोपपत्तिर्यथा युज्यते तथाऽऽह-

"इयं बध्यमानबन्धनभावे इति" [सू० १०४]

इयं बन्धमोक्षोपपत्तिर्बध्यमानस्य बन्धनस्य च वक्ष्यमाणस्य भावे सद्भावे सति भवति ।

कुत इत्याह -

"कल्पनामात्रमन्यथेति" [सू० १०५]

यस्मात्कारणादियं कल्पनैव केवला वितथार्थप्रतिभासरूपा, न पुनस्तत्र प्रतिभासमानोऽर्थोऽपीति कल्पनामात्रम्, अन्यथा मुख्यबध्यमानबन्धनयोरभावे वर्त्तते इति । बध्यमानबन्धन एव व्याचष्टे -

"बध्यमान आत्मा बन्धनं वस्तुसत्कर्मेति" [सू० १०६]

तत्र बध्यमानः स्वसामर्थ्यतिरोधानेन पारवश्यमानीयमानः, क इत्याह–आत्मा चतुर्दशभूतग्रामभेदभिन्नो जीवः प्रतिपाद्यते तथा बध्यते मिथ्यात्वादिभिर्हेतुभिरात्माऽनेनेति बन्धनम्, किमित्याह–वस्तुसत्परमार्थतो विद्यमानम् कर्म ज्ञानावरणादि अनन्तानन्तपरमाणुप्रचयस्वभावमत एव मूर्त्तप्रकृतीति ।

अत्रात्मग्रहणेन साङ्ख्यमतनिरासमाह, यतस्तत्रोच्यते–

"आत्मा न बध्यते, नापि संसरति कश्चित्, संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः" ।

वस्तुसद्ग्रहणेन तु सौगतमतस्य, यतस्तत्रापि पठ्यते ।

"चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते ।।१।।"

"रागादिक्लेशवासितमिति" रागादिक्लेशैः सर्वथा चित्तादव्यतिरिक्तैर्वासितं संस्कृतम्, एवं हि बध्यमानान्न भिन्नं वस्तु सत्कर्मेत्युपगतं भवति । तत्र प्रकृतेरेव बन्धमोक्षाभ्युपगमे आत्मनः संसाराऽपवर्गावस्थयोरभिन्नैकस्वभावत्वेन योगिनां यम-नियमाद्यनुष्ठानं मुक्तिफलतयोक्तं यद्योगशास्त्रेषु तद्व्यर्थमेवस्यात् । बौद्धस्यापि चित्तादव्यतिरिक्त-कर्मवादिनोऽवस्तुसत्त्वमेव कर्मणः स्यात्, यतो यद्यतोऽव्यतिरिक्तस्वरूपं तत्तदेव भवति, न च लोके तदेव तेनैव बध्यते इति प्रतीतिरस्ति, बध्यमानबन्धनयोः पुरुषनिगडादिरूपयोर्भिन्नस्वभावयोरेव लोके व्यवह्रियमाणत्वात् । किञ्च–चित्तमात्रत्वे कर्मणोऽभ्युपगम्यमाने संसारापवर्गयोर्भेदो न प्राप्नोति, चित्तमात्रस्योभयत्राप्यविशेषात् । बन्धमोक्षहेतूनेवाह –

"हिंसादयस्तद्योगहेतवस्तदितरे तदितरस्येति" [सू० १०७]

"हिंसादयः" इति हिंसानृतादयो जीवपरिणामविशेषाः, किमित्याह–तद्योगहेतवस्तस्य=बन्धस्य संसारफलत्वेन परमार्थचिन्तायां पापात्मकस्यैव योगहेतव आत्मना सह बन्धकारणभावमापन्ना वर्त्तन्ते । यदवाचि–

"हिंसाऽनृतादयः पञ्च, तत्त्वाऽश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार, इति पापस्य हेतवः ।।१।।"

तथा "तदितरे" तेभ्यो हिंसादिभ्य इतरेऽहिंसादय एव, "तदितरस्य" तस्माद्बन्धादितरो मोक्षस्तस्यानुरूप-कारणप्रभवत्वात् सर्वकार्याणामिति ।

बन्धस्यैव स्वरूपमाह –

"प्रवाहतोऽनादिमानिति" [सू० १०८]

प्रवाहतः परम्परातोऽनादिमान् आदिभूतबन्धकालविकलः ।

अत्रैवार्थे उपचयमाह –

"कृतकत्वेऽप्यतीतकालवदुपपत्तिरिति" [सू० १०९]

"कृतकत्वेऽपि" स्वहेतुभिर्निष्पादितत्वेऽपि, बन्धस्यातीतकालस्येवोपपत्तिर्घटनाऽनादिमत्त्वस्य वक्तव्या । किमुक्तं भवति? प्रतिक्षणं क्रियमाणोऽपि बन्धः प्रवाहापेक्षयाऽतीतकालवदनादिमानेव ।

अथ यादृशादनयोर्दृष्टान्तदार्ष्टान्तिकभावोऽभूत् तं साक्षादेव दर्शयन्नाह -

"वर्त्तमानताकल्पं कृतकत्वमिति" [सू० ११०]

यादृशी अतीतकालसमयानां वर्त्तमानता तत्कल्पं क्रियमाणत्वमित्युपन्यसितुं युक्तं स्यात् ।

यादृशी चात्मनि प्रागुपन्यस्ता बन्धहेतव उपपद्यन्ते तमन्वयव्यतिरेकाभ्यामाह-

"परिणामिन्यात्मनि हिंसादयो भिन्नेऽभिन्ने च देहादिति" [सू० १११]

परिणमनं परिणामो द्रव्यरूपतयाऽवस्थितस्यैव वस्तुनः पर्यायान्तरप्रतिपत्तिः यथोक्तम्-

"परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम् ।
न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः ।।१।।"

परिणामो नित्यमस्यातीति परिणामी तत्र, आत्मनि जीवे, "हिंसादयः" प्राग्निरूपिता उपपद्यन्ते, तथा "भिन्ने" पृथग्रूपे "अभिन्ने च" तद्विपरीते, चकारो विशेषणसमुच्चये, कस्मादित्याह-"देहात्" शरीरात् ।

अत्रैवार्थे विपक्षे बाधामाह-

"अन्यथा तदयोग इति" [सू० ११२]

यदि हि परिणाम्यात्मा भिन्नाभिन्नश्च देहान्नेष्यते, तदा तेषां हिंसादीनां बन्धहेतुतयोपन्यस्तानामयोगोऽघटना । कथमित्याह-

"नित्य एवाधिकारतोऽसंभवादिति" [सू० ११३]

नित्य एव अच्युतानुत्पन्नस्थिरैकस्वभावे आत्मनि नतु पर्यायनयावलम्बनेनानित्यरूपेऽपीत्येवकारार्थोऽभ्युपगम्यमाने द्रव्यास्तिकनयावष्टम्भतोऽधिकारतस्तिलतुषत्रिभागमात्रमपि पूर्वस्वरूपादप्रच्यवमानत्वेनासम्भवादघटनात् हिंसायाः, यतो विवक्षितहिंसा विवक्षितपर्यायविनाशादिस्वभावा शास्त्रेषु गीयते यथोक्तम् -

"तत्पर्यायविनाशो, दुःखोत्पादस्तथा च संक्लेशः ।
एष वधो जिनभणितो, वर्जयितव्यः प्रयत्नेन ।।१।।"

तथा "अनित्ये चापराऽहिंसनेनेति" [सू० ११४]

"अनित्ये च" सर्वथा प्रतिक्षणभङ्गुरे पुनरात्मन्यभ्युपगम्यमाने सति, अपरेण केनचिल्लुब्धकादिना अहिंसनेनाऽव्यापादनेन, कस्यचिच्छूकरादेर्हिंसाऽसंभवः, प्रतिक्षणभङ्गुरत्वाभ्युपगमे हि सर्वेषात्मसु स्वत एव स्वजन्मलाभक्षणानन्तरं सर्वथा निवर्त्तमानेषु कः कस्य हिंसकः? को वा कस्य हिंसनीयः? इति ।

तथा "भिन्न एव देहान्न स्पृष्टवेदनमिति" [सू० ११५]

यदि हि "भिन्न एव" विलक्षण एव सर्वथा देहादात्मा तदा "न" नैव स्पृष्टस्य योषिच्छरीरशयनासनादेः कण्टकज्वलनज्वालादेश्च इष्टानिष्टरूपस्पर्शनेन्द्रियविषयस्य देहेन स्पृश्यमानस्य वेदनमनुभवनं प्राप्नोति भोगिनः पुरुषस्य । न हि देवदत्ते शयनादीनि भोगाङ्गानि स्पृशति विष्णुमित्रस्यानुभवप्रतीतिरस्तीति ।

तथा "निरर्थकश्चानुग्रह इति" [सू० ११६]

"निरर्थकः" पुरषसंतोषलक्षणफलविकलश्चः समुच्चये "अनुग्रहः" स्रक्चन्दनाङ्गनावसनादिभिर्भोगाङ्गैरुपष्टम्भो भवेद्देहस्य, देहादात्मनोऽत्यन्तभिन्नत्वात्, निग्रहस्याप्युपलक्षणमेतत् ।

एवं भेदपक्षं निराकृत्याभेदपक्षनिराकरणायाह –

"अभिन्न एवामरणं वैकल्यायोगादिति" [सू० ११७]

"अभिन्न एव" देहात्सर्वथा नानात्वमनालम्बमाने आत्मनि सति "चैतन्यविशिष्टः कायः पुरुष इति मतावलम्बिनां सुरगुरुशिष्याणामभ्युपगमेन" किमित्याह-"अमरणं" मृत्योरभाव आपद्यते आत्मनः, कुत इत्याह–वैकल्यस्यायोगादघटनात्, यतो मृतेऽपि देहे न किञ्चित्पृथिव्यादिभूतानां देहारम्भकाणां वैकल्यमुपलभ्यते, वायोस्तत्र वैकल्यमिति चेन्न, वायुमन्तरेण उच्छ्वूनभावाऽयोगात्, तर्हि तेजसस्तत्र वैकल्यमस्तीति चेन्न, तेजसो व्यतिरेकेण कुथितभावाप्रतिपत्तेरिति कथं देहाभिन्नात्मवादिनां मरणमुपपन्नं भवेदिति? ।

प्राक्तनावंस्थयोर्वायुतेजसोस्तत्राभावात् मरणमुपपद्यते इति चेदुच्यते –

"मरणे परलोकाभाव इति" [सू० ११८]

"मरणे" अभ्युपगम्यमाने परलोकस्याभावः प्रसज्यते, न हि देहादभिन्न एवात्मन्यभ्युपगम्यमाने कश्चित्परलोकयायी सिद्ध्यति, देहस्यात्रैव तावत्पातदर्शनात्तद्व्यतिरिक्तस्य चात्मनोऽनभ्युपगमात् न च वक्तव्यं परलोक एव तर्हि नास्ति, तस्य सर्वशिष्टैः प्रमाणोपष्टम्भोपपन्नत्वेनाभीष्टत्वात् प्रमाणं चेदम्–यो योऽभिलाषः स सोऽभिलाषान्तरपूर्वको दृष्टो, यथा यौवनकालाभिलाषो बालकालीनाभिलाषपूर्वकः अभिलाषश्च बालस्य तदहर्जातस्य प्रसारितलोचनस्य मातुः स्तनौ निभालयतः स्तन्यस्पृहारूपः यच्च तदभिलाषान्तरं तन्नियमाद्भवान्तरभावीति ।

तथा "देहकृतस्यात्मनाऽनुपभोग इति" [सू० ११९]

एकान्तभेदे देहाऽऽत्मनोः "देहकृतस्य" शुभस्याशुभस्य वा "आत्मनानुपभोगः" सुखदुःखानुभवद्वारेणाऽवेदनमापद्यते । नहि कश्चिदन्यकृतं शुभमशुभं वा वेदयितुमर्हति, कृतनाशाकृताभ्यागमदोषप्रसङ्गादिति ।

तथा "आत्मकृतस्य देहेनेति" [सू० १२०]

यदि च देहाद्भिन्न एवात्मेत्यभ्युपगमस्तदा "आत्मकृतस्य" कुशलादकुशलाद्वाऽनुष्ठानादात्मसमुपार्जितस्य शुभस्याशुभस्य च कर्मण इहामुत्र च देहेन कर्त्रानुपभोगोऽवेदनं प्रसज्यते, अकृतत्वात् ।

यदि नामैवमापद्यते तथापि को दोषः? इत्याह -

"दृष्टेष्टबाधेति" [सू० १२१]

दृष्टस्य सर्वलोकप्रतीतस्य देहकृतस्यात्मना आत्मकृतस्य च देहेन यः सुखदुःखानुभवस्तस्य, इष्टस्य च शास्त्रसिद्धस्य बाधाऽपह्नवः प्राप्नोति । तथाहि-दृश्यत एवात्मा देहकृताच्चौर्यपारदार्याद्यनार्यकार्याच्चारकादौ चिरशोकविषादादीनि दुःखानि समुपलभमानः शरीरं च तथाविधमनःसंक्षोभादापन्नज्वरादिजनितव्यथामनुभवति । न च दृष्टेष्टापलापिता युक्ता सताम्, नास्तिकलक्षणत्वात्तस्याः ।

इत्थं सर्वथा नित्यमनित्यं च तथा देहाद् भिन्नमभिन्नं चात्मानमङ्गीकृत्य हिंसादीनामसंभवमापाद्योपसंहरन्नाह -

"अतोऽन्यथैतत्सिद्धिरिति तत्त्ववाद इति" [सू० १२२]

"अत" एकान्तवादाद् "अन्यथा" नित्याऽनित्यादिस्वरूपे आत्मनि समभ्युपगम्यमाने एतत्सिद्धिः हिंसा-हिंसादिसिद्धिस्तत्सिद्धौ च तन्निबन्धना बन्धमोक्षसिद्धिः "इति" एष "तत्त्ववादः" प्रतिज्ञायते, योऽतत्त्ववदिना पुरुषेण वेदितुं न पार्यत इति ।

टीकार्थ :-

तथा ..... पार्यत इति । અને પરિણત થયે છતે=પૂર્વમાં વર્ણન કરેલ દેશના પરિણત થયે છતે, ગંભીર દેશનાનો યોગ=વ્યાપાર કરવો. (સૂ. ૮૯)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

પરિણત થયે છતે=અત્યાર સુધી વર્ણન કરાયેલી દેશના શ્રોતામાં પરિણમન પામે છતે, પૂર્વમાં વર્ણન કરાયેલ દેશનાની અપેક્ષાએ અત્યંત સૂક્ષ્મ એવી ગંભીર આત્માના અસ્તિત્વની તેના=આત્માના, બંધની અને આત્માના મોક્ષાદિ વિષયક એવી દેશનાનો યોગ=વ્યાપાર કરવો. આ કહેવાયેલું થાય છે – પૂર્વમાં સાધારણગુણ પ્રશંસાદિ અનેક પ્રકારનો જે ઉપદેશ કહેવાયો છે તે=તે ઉપદેશ. જ્યારે તદ્ આવારક કર્મના હ્રાસના અતિશયથી અંગાગીભાવલક્ષણ પરિણામને પામેલો થાય છે, ત્યારે જીર્ણ ભોજનની જેમ=પચી ગયેલા ભોજનની જેમ, ગંભીર દેશનામાં દેશનાયોગ્ય આ શ્રોતા અવતાર કરાય છે.

અને આ ગંભીર દેશનાનો યોગ શ્રુતધર્મના કથન વિના ઉપપન્ન થતો નથી. એથી કહે છે –

"શ્રુતધર્મનું કથન." (સૂ. ૯૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

સકલ કુશલના સમૂહ એવા કલ્પદ્રુમના સિંચન માટે વિપુલ પાણીના ક્યારા જેવું, વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથન=ધર્મકથારૂપ શ્રુતધર્મનું કથન ઉપદેશક કરે.

તે શ્રુતધર્મનું કથન 'યથા'થી બતાવે છે –

"અહીં=જગતમાં, ચક્ષુવાળા તે જ મનુષ્યો છે જે શ્રુતજ્ઞાનરૂપ ચક્ષુ વડે હેય-ઇતર=હેય અને ઉપાદેય, એવા ભાવોને સદા જ સમ્યક્ જુએ છે."

અને આ શ્રુતધર્મ પ્રતિદર્શનમાં અન્યથા=અન્યથારૂપે પ્રવૃત્ત છે=દરેક દર્શનમાં ભિન્ન-ભિન્નરૂપે પ્રવૃત્ત છે. એથી આ=શ્રુતધર્મ, હજી પણ તેના સમ્યક્‌ભાવને વિભાગ કરવા માટે સમર્થ નથી=કયું શ્રુત સાચું છે અને કયું શ્રુત સાચું નથી ? તેના સમ્યક્‌ભાવને વિભાગ કરવા માટે સમર્થ નથી. એથી કહે છે –

"બહુપણું હોવાથી=શ્રુતધર્મનું બહુપણું હોવાથી, પરીક્ષામાં અવતાર છે." (સૂ. ૯૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

શ્રુતધર્મોના 'શ્રુતધર્મ' એ પ્રમાણે શબ્દનું સમાનપણું હોવાથી તેનું=શ્રુતધર્મનું, બહુપણું હોવાને કારણે વિપ્રલબ્ધબુદ્ધિ થવાથી=ઠગાવાની બુદ્ધિ થવાથી, શ્રુતધર્મસંબંધી ત્રિકોટિપરિશુદ્ધરૂપ પરીક્ષામાં અવતાર કરવો જોઈએ=શ્રોતાનો અવતાર કરવો જોઈએ.

અન્યત્ર પણ=અન્ય ગ્રંથમાં પણ, કહેવાયું છે –

"વિશ્વમાં પણ શબ્દમાત્રથી તેને ધર્મ કહે છે=દરેક દર્શનોનાં ઉપદેશવચનો શબ્દરૂપ હોવાથી તેને ધર્મ કહે છે, લોકો વિચાર કરતા નથી, શબ્દના સામ્યમાં પણ=દરેક દર્શનના ઉપદેશરૂપ વચનોના શબ્દરૂપ સામ્યમાં પણ, વિચિત્ર ભેદો વડે તે=ધર્મ, ભેદને પામે છે. જેમ અર્ચનીય એવું ક્ષીર=વિભાગ કરવા યોગ્ય એવું દૂધ વિવિધ ભેદોથી ભેદને પામે છે."

"સુવર્ણની જેમ વંચનથી ભીતચિત્તવાળા=ઠગાવાના ભયયુક્ત ચિત્તવાળા, વિચારક દક્ષપુરુષો સકલલક્ષ્મીને કરવા માટે સમર્થ સુદુર્લભ, વિશ્વના જનીન એવા=વિશ્વના હિતના સંબંધવાળા એવા, આને=શ્રુતધર્મને, પરીક્ષા કરીને ગ્રહણ કરે છે."

પરીક્ષાના ઉપાયને જ કહે છે -

"કષાદિની પ્રરૂપણા કરવી." (સૂ. ૯૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે સુવર્ણ માત્રના સામ્યથી તેવા પ્રકારના મુગ્ધલોકોમાં અવિચારથી જ શુદ્ધાશુદ્ધરૂપ સુવર્ણની પ્રવૃત્તિ થયે છતે=શુદ્ધ અને અશુદ્ધના વિભાગ વગર સુવર્ણની પ્રવૃત્તિ થયે છતે, કષ-છેદ-તાપ પરીક્ષણ માટે વિચક્ષણ પુરુષો વડે સ્વીકારાય છે. તે પ્રમાણે અહીં પણ પરીક્ષણીય એવા શ્રુતધર્મમાં કષાદિની પ્રરૂપણા કરવી જોઈએ.

કષાદિને જ કહે છે –

"વિધિ અને પ્રતિષેધ કષ છે." (સૂ. ૯૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અવિરુદ્ધ કર્તવ્ય અર્થનું ઉપદેશક વાક્ય વિધિ છે. જે પ્રમાણે સ્વર્ગના અર્થીએ અને કેવલજ્ઞાનના અર્થીએ તપ-ધ્યાનાદિ કરવું જોઈએ. સમિતિ-ગુપ્તિની શુદ્ધ ક્રિયા કરવી જોઈએ ઇત્યાદિ વિધિ છે. વળી પ્રતિષેધ સર્વજીવોની હિંસા કરવી જોઈએ નહિ. જૂઠું બોલવું જોઈએ નહિ. ઇત્યાદિ છે.

ત્યારપછી=વિધિ-પ્રતિષેધનો અર્થ કર્યા પછી, વિધિ-પ્રતિષેધનો સમાસ સ્પષ્ટ કરતાં કહે છે –

વિધિ અને પ્રતિષેધ એ વિધિ-પ્રતિષેધ છે.

વિધિ-પ્રતિષેધ શું છે ? એથી કહે છે –

તે વિધિ-પ્રતિષેધ કષ છે=સુવર્ણની પરીક્ષામાં કસોટી પથ્થર પર રેખાની જેમ કષ છે. આ કહેવાયેલું થાય છે=સૂત્રમાં કહ્યું કે વિધિ-પ્રતિષેધ કષ છે એનાથી આ કહેવાયેલું થાય છે, જે ધર્મમાં પૂર્વે કહ્યું તેવા લક્ષણવાળી વિધિ અને પ્રતિષેધ પદે પદે સુપુષ્કલ પ્રાપ્ત થાય છે તે ધર્મ કષશુદ્ધ છે. પરંતુ "અન્ય ધર્મમાં રહેલા જીવો, વિષ્ણુ વડે અસુરોની જેમ ઉચ્છેદનીય છે. તેઓના વધમાં દોષ નથી." ઇત્યાદિ વાક્યગર્ભવચન કષશુદ્ધ નથી.

છેદ પરીક્ષાને કહે છે –

"તેના સંભવ અને પાલનાને અનુરૂપ ચેષ્ટાની ઉક્તિ છેદ છે." (સૂ. ૯૪)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

તે બેના=અનાવિર્ભૂત વિધિ-પ્રતિષેધના, સંભવ અને પ્રાદૂર્ભૂત એવા તે બેની રક્ષારૂપ પાલના. ત્યારપછી=તત્સંભવ અને પાલના માટેનો અર્થ કર્યા પછી, તેના સંભવ-પાલન માટે ભિક્ષાટનાદિ બાહ્યક્રિયારૂપ જે ચેષ્ટા તેની ઉક્તિ છેદ છે, જે પ્રમાણે કષશુદ્ધિમાં પણ અંદરમાં અશુદ્ધિની આશંકા કરતા સુવર્ણની પરીક્ષા કરનારા સુવર્ણગોલિકાના છેદને કરે છે, તે પ્રમાણે કષશુદ્ધ પણ ધર્મના છેદની અપેક્ષા રાખે છે=ધર્મની છેદપરીક્ષાની બુદ્ધિમાન પુરુષો અપેક્ષા રાખે છે. અને તે છેદવિશુદ્ધિ બાહ્ય ચેષ્ટારૂપ છે. અને વિશુદ્ધ ચેષ્ટા તે છે જેમાં અવિદ્યમાન પણ અબાધિત રૂપવાળા વિધિ અને પ્રતિષેધ સ્વઆત્માને પ્રાપ્ત કરે છે=સ્વસ્વરૂપને પ્રાપ્ત કરે છે. અતિચારરૂપ અપચારથી વિરહિત એવા લબ્ધ સ્વરૂપવાળા વિધિ-પ્રતિષેધ=વિશુદ્ધ બાહ્યચેષ્ટા દ્વારા અતિચારરૂપ અપચારથી રહિત પ્રાપ્ત સ્વરૂપવાળા એવા વિધિ-પ્રતિષેધ, ઉત્તરોત્તર વૃદ્ધિને અનુભવે છે=પોતાના સંયમજીવનમાં ઉત્તરોત્તર વિશુદ્ધ વિધિ-પ્રતિષેધ પ્રાપ્ત થાય છે, તે ચેષ્ટા જે ધર્મમાં સપ્રપંચ કહેવાય છે તે ધર્મ છેદશુદ્ધ છે.

જે પ્રમાણે કષ-છેદ શુદ્ધ પણ સુવર્ણ, તાપને નહિ સહન કરતું કાલિકાના ઉન્મીલનના દોષને કારણે સુવર્ણભાવને પ્રાપ્ત કરતું નથી, એ રીતે ધર્મ પણ કષ-છેદની શુદ્ધિ હોતે છતે પણ તાપ પરીક્ષામાં અનિર્વાહને પામતો સ્વભાવને પ્રાપ્ત કરતો નથી=તે શ્રુતવચન, શ્રુતધર્મરૂપ સ્વભાવને પ્રાપ્ત કરતું નથી. આથી તાપને પ્રજ્ઞાપન કરતાં=બતાવતાં, કહે છે.

"ઉભયનું નિબંધન એવો ભાવવાદ તાપ છે." (સૂ. ૯૫)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અનંતરમાં કહેવાયેલા કષછેદરૂપ ઉભયનું નિબંધન=પરિણામિ, અહીં શ્રુતધર્મની પરીક્ષાના અધિકારમાં તાપ છે. આ કહેવાયેલું થાય છે=પૂર્વમાં તાપનું લક્ષણ બતાવ્યું તેના દ્વારા આ કહેવાયેલું થાય છે, જે શાસ્ત્રમાં દ્રવ્યપણાથી અપ્રચ્યુત અનુત્પન્ન અને પર્યાયાત્મકપણાથી પ્રતિક્ષણ અપરાપર સ્વભાવના આસ્કન્દનથી=પ્રાપ્તિથી, અનિત્ય સ્વભાવ જીવાદિમાં સ્થાપન કરાય છે. ત્યાં=તે શાસ્ત્રમાં, તાપશુદ્ધિ છે. જે કારણથી પરિણામી જ એવા આત્માદિમાં તેવા પ્રકારના અશુદ્ધ પર્યાયના નિરોધથી, ધ્યાન-અધ્યયનાદિ અપર એવા શુદ્ધ પર્યાયના પ્રાદુર્ભાવથી ઉક્તલક્ષણ કષ અને બાહ્ય ચેષ્ટાની શુદ્ધિલક્ષણ છેદ ઉપપન્ન થાય છે. પરંતુ અન્યથા નહિ=પરિણામી આત્માદિ ન સ્વીકારવામાં આવે તો કષ-છેદ ઉપપન્ન થતા નથી=સંગત થતા નથી.

આ બધામાંથી=પૂર્વમાં શ્રુતધર્મની કષ-છેદ-તાપશુદ્ધ પરીક્ષા બતાવી તે ત્રણ પરીક્ષામાંથી, કોણ બળવાન છે કે ઇતર છે ?=કોણ બળવાન છે કે અબળવાન છે ? એ પ્રકારના પ્રશ્નમાં જે કર્તવ્ય છે=જે ઉપદેશકને કહેવા જેવું છે, તેને કહે છે –

"આ બધાના=ત્રણ પરીક્ષાઓના, અંતરનું દર્શન કરાવવું જોઈએ." (સૂ. ૯૬)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

આ ત્રણ પ્રકારની પરીક્ષાઓના પરસ્પર અંતરનું=સમર્થ-અસમર્થરૂપ વિશેષનું, દર્શન ઉપદેશકે કરાવવું જોઈએ.

તેને જ=ત્રણ પ્રકારની પરીક્ષામાં પરસ્પર વિશેષને જ, બતાવે છે –

"કષ-છેદમાં અયત્ન." (સૂ. ૯૭)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

કષ-છેદની પરીક્ષાનું અક્ષમપણું હોવાને કારણો અનાદરણીયતા હોતે છતે અયત્ન છે=મતિમાનોને અતાત્પર્ય છે.

કેમ મતિમાનને કષ-છેદમાં અયત્ન છે ? એથી કહે છે –

"તેના ભાવમાં પણ=કષ-છેદના સદ્‌ભાવમાં પણ, તાપનો અભાવ હોતે છતે=તાપ પરીક્ષાથી શ્રુતધર્મ શુદ્ધ અસિદ્ધ થયે છતે, અભાવ છે." (સૂ. ૯૮)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

તેનો=કષ-છેદનો, ભાવ=સત્તા, તદ્‌ભાવ તેમાં=કષ-છેદના ભાવમાં, તાપનો અભાવ હોતે છતે=ઉક્ત લક્ષણ તાપનો વિરહ હોતે છતે, અભાવ છે=પરમાર્થથી પરીક્ષણીય પદાર્થની અસત્તા જ છે=પરમાર્થથી પરીક્ષણીય એવા સુવર્ણની કે શ્રુતધર્મની અસત્તા જ છે.

કષ-છેદથી શુદ્ધમાં પણ તાપનો વિરહ હોય તો પરીક્ષણીય એવા સુવર્ણની સત્તા કેમ નથી ? તે સ્પષ્ટ કરે છે –

તાપમાં વિઘટમાન એવું સુવર્ણ કષ-છેદમાં વિદ્યમાન હોવા છતાં પણ સ્વસ્વરૂપને=સુવર્ણના સ્વરૂપને, પ્રાપ્ત કરવા સમર્થ નથી જ; કેમ કે તેનું જાતિ સુવર્ણપણું છે=અશુદ્ધ સુવર્ણપણું છે.

આ પણ કેમ છે ?=તાપ શુદ્ધિના અભાવમાં પરીક્ષણીય એવા સુવર્ણનો અભાવ કેમ છે ? એથી કહે છે –

"જે કારણથી તેની શુદ્ધિમાં=તાપની શુદ્ધિમાં, તેનું સાફલ્ય છે=કષ-છેદનું, સાફલ્ય છે." (સૂ. ૯૯)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જે કારણથી તેની શુદ્ધિમાં=તાપની શુદ્ધિમાં તેનું સાફલ્ય છે=કષ-છેદનો, સફલભાવ છે.

તાપશુદ્ધિ હોતે છતે કષ-છેદનો સફલભાવ કેમ છે ? તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

ધ્યાન-અધ્યયન આદિ અર્થે કરાતો પૂર્વમાં બંધાયેલા કર્મની નિર્જરાના ફલવાળો થાય છે અને પ્રતિષેધ કરાતા એવા હિંસાદિ નવા કર્મના ગ્રહણના નિવૃત્ત ફલવાળા થાય છે.

ધ્યાન-અધ્યયનથી નિર્જરા થાય છે અને હિંસાદિના પરિહારથી નવા કર્મના ગ્રહણનો નિરોધ થાય છે તેની સંગતિ તાપશુદ્ધિના અભાવમાં નથી તે સ્પષ્ટ કરે છે –

બાહ્યચેષ્ટાની શુદ્ધિ અનાવિર્ભૂત એવા આ બેના યોગથી=અનાવિર્ભૂત એવા ધ્યાન-અધ્યયન અને હિંસાદિની નિવૃત્તિરૂપ બેના યોગથી અને આવિર્ભૂત એવા બેના પરિપાલનથી=આવિર્ભૂત એવા ધ્યાન-અધ્યયન અને હિંસાદિની

નિવૃત્તિરૂપ બેના પરિપાલનથી, ફલવાળી થાય છે. અને અપરિણામી આત્મામાં ઉક્ત લક્ષણવાળા કષ-છેદ સ્વકાર્ય કરવા માટે સમર્થ થતા નથી. એથી, તે બેનું=કષ-છેદરૂપ તે બેનું તાપશુદ્ધિ હોતે છતે જ સફલપણું ઉત્પન્ન થાય છે. વળી, અન્યથા થતું નથી=તાપશુદ્ધિ ન હોય તો કષ-છેદ સ્વકાર્ય કરવા માટે સમર્થ થતા નથી.

'નનુ'થી શંકા કરે છે. ફલવિકલ પણ તે બે થશે=તાપશુદ્ધિ ન હોય તેથી કષ-છેદ ફલવિકલ બને તોપણ કષ-છેદ શુદ્ધ શાસ્ત્રવચનો વાસ્તવિક થશે. એથી કહે છે –

"અને ફલવાળા કષ-છેદ વાસ્તવિક છે." (સૂ. ૧૦૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ઉક્ત લક્ષણવાળા છતાં=પૂર્વમાં કહેલા તાપશુદ્ધિથી યુક્ત એવા કષ-છેદ શુદ્ધિના લક્ષણવાળા છતાં, વળી તે બંને કષ-છેદ વાસ્તવિક કષ-છેદ થાય છે. જે કારણથી સંતપુરુષો સ્વસાધ્ય ક્રિયા કરનારી વસ્તુનું વસ્તુત્વ સ્વીકારે છે.

વિપક્ષમાં બાધને કહે છે=જે કષ-છેદ પરીક્ષાથી ઉત્તીર્ણ એવો શ્રુતધર્મ સ્વસાધ્યક્રિયા કરનારો ન હોય છતે તે શ્રુતધર્મને કષ-છેદથી શુદ્ધ સ્વીકારવામાં બાધને કહે છે –

"અન્યથા યાચિતકમંડન છે." (સૂ. ૧૦૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અન્યથા=ફલવિકલ છતા એવા તે બેને વસ્તુની પરીક્ષાના અધિકારમાં અવતારણ કરાયે છતે પણ, તે બે=કષ-છેદ, યાચિતકમંડન છે.

તે યાચિતકમંડનને સ્પષ્ટ કરે છે –

બે પ્રકારનું અલંકારનું ફળ છે. નિર્વાહ હોતે છતે=આજીવિકા હોતે છતે, પરિશુદ્ધ આભિમાનિક સુખજનક સ્વશરીરની શોભા છે અને કોઈક રીતે નિર્વાહનો અભાવ થયે છતે=કોઈક રીતે આજીવિકાના નિર્વાહનો અભાવ થયે છતે, તેનાથી જ=પોતાના અલંકારથી જ, આજીવિકાનો નિર્વાહ થાય છે. અને યાચિતકમંડનમાં આ બંને ફળ નથી; કેમ કે તેનું પરકીયપણું છે. તેથી યાચિતકમંડન જેવું યાચિતકમંડન છે=તાપશુદ્ધ ન હોય, કષ-છેદ-શુદ્ધ એવું શ્રુતવચન માંગી લાવેલા અલંકારની શોભા જેવું યાચિતકમંડન છે. આ કહેવાયેલું થાય છે=તાપશુદ્ધ ન હોય અને કષ-છેદશુદ્ધ હોય તેવું શ્રુતવચન યાચિતકમંડન જેવું છે એમ પૂર્વમાં કહ્યું તેનાથી આ કહેવાયેલું થાય છે – દ્રવ્ય-પર્યાય ઉભય સ્વભાવવાળા જીવમાં નિરુપચરિતપણાથી ઉપસ્થાપ્યમાન એવા કષ-છેદ સ્વફલ પ્રત્યે અવન્ધ્ય સામર્થ્યવાળા જ થાય. વળી, નિત્યાદિ એકાંતવાદમાં સ્વવાદ શોભા માટે તે વાદીઓ દ્વારા કલ્પના કરાતા એવા આ=કષ-છેદ, યાચિતકમંડનના આકારવાળા પ્રતિભાસે છે. પરંતુ સ્વકાર્યકર પ્રતિભાસતા નથી.

'આહ'થી કહે છે –

જણાયું છે જે પ્રમાણે કષ-છેદ-તાપશુદ્ધ શ્રુતધર્મ ગ્રહણ કરવો જોઈએ. પરંતુ કયા પ્રણેતૃકનો આ=કષ-છેદ-તાપશુદ્ધ ધર્મ, પ્રમાણ છે ? એથી વ્યતિરેકથી બતાવતાં કહે છે –

"અતત્ત્ત્વવેદિનો વાદ સમ્યક્‌વાદ નથી." (સૂ. ૧૦૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અતત્ત્વવેદિનો=સાક્ષાત્ જ વસ્તુતત્ત્વના અજ્ઞાત સ્વભાવવાળા પુરુષવિશેષનો=છદ્મસ્થનો, વાદ=વસ્તુનું પ્રણયન, અતત્ત્વવેદિવાદ છે. અને તે અતત્ત્વવેદિવાદ સમ્યક્વાદ નથી જ=યથાવસ્થિત અર્થવાદ નથી જ=યથાવસ્થિત કથન નથી જ.

અતત્ત્વવેદિનો વાદ સમ્યક્વાદ કેમ નથી ? તે સ્પષ્ટ કરે છે –

'હિ' જે કારણથી, સાક્ષાત્ નહિ જોનારા એવા પ્રમાત્રા વડે કહેવાયેલું શાસ્ત્ર યથાવસ્થિતરૂપના વિસંવાદથી અસમંજસ જ થાય. તેમાં દૃષ્ટાંત બતાવે છે. જાતિથી અંધ ચિત્રને કરનારા એવા પુરુષથી આલેખન કરાયેલ ચિત્રકર્મની જેમ અસમંજસ જ શાસ્ત્ર થાય એમ અન્વય છે. એથી તેનાથી બોલાયેલી વસ્તુની અવિપરીતરૂપતાને સ્વીકારવા માટે કેવી રીતે ઉત્સાહ થાય ? અર્થાત્ ઉત્સાહ થાય નહિ.

સમ્યગ્વાદતાના જ ઉપાયને કહે છે –

બંધ-મોક્ષની ઉપપત્તિથી તેની શુદ્ધિ છે=વસ્તુના કથનની નિર્મળતા છે. (સૂ. ૧૦૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અગ્નિ અને લોખંડના પિંડની જેમ અથવા ક્ષીર-નીરની જેમ, મિથ્યાત્વાદિ હેતુથી જીવનો અને કર્મપુદ્ગલોનો પરસ્પર અવિભાગ પરિણામથી અવસ્થાન બંધ છે. વળી, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રથી કર્મોનો અત્યંત ઉચ્છેદ મોક્ષ છે.

બંધ-મોક્ષનો અર્થ કર્યા પછી તેનો સમાસ સ્પષ્ટ કરે છે –

'ततः'=તેનાથી=બંધ અને મોક્ષની ઉપપત્તિથી=બંધ અને મોક્ષ તે બેની ઉપપત્તિ=ઘટના, તેનાથી, શુદ્ધિ=વસ્તુવાદની નિર્મળતા, ચિંતનીય છે. આ કહેવાયેલું થાય છે=પૂર્વના કથનથી આ કહેવાયેલું થાય છે – જે સિદ્ધાંતમાં બંધ-મોક્ષ યોગ્ય એવો આત્મા તે તે વિશેષણોથી નિરૂપણ કરાય છે. તે=સિદ્ધાંત, સર્વવેદી-પુરુષથી પ્રતિપાદિત છે એ પ્રમાણે બુદ્ધિમાનો વડે નિશ્ચય કરાય છે.

આ પણ બંધ-મોક્ષની ઉપપત્તિ=પૂર્વમાં કહ્યું એ પણ બંધ-મોક્ષની ઉપપત્તિ, જે પ્રમાણે ઘટે છે તે પ્રમાણે કહે છે-

"આ=બંધ-મોક્ષની ઉપપત્તિ, બધ્યમાનના અને બંધનના ભાવમાં=બધ્યમાન એવા આત્માના અને બંધનરૂપ કર્મના સદ્ભાવમાં છે. (સૂ. ૧૦૪)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

આ=બંધ અને મોક્ષની ઉપપત્તિ, આગળમાં કહેવાશે એ બધ્યમાન એવા આત્માનો અને બંધનભૂત એવા કર્મનો સદ્ભાવ હોતે છતે થાય છે.

કેમ ? એથી કહે છે –

"અન્યથા=બધ્યમાન અને બંધનના અભાવમાં કલ્પના માત્ર છે." (સૂ. ૧૦૫)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જે કારણથી આ કલ્પના જ છે=કેવલ વિતર્થ અર્થપ્રતિભાસરૂપ કલ્પના જ છે, પરંતુ ત્યાં=કલ્પના કરાયેલ પદાર્થમાં, પ્રતિભાસમાન અર્થ પણ નથી. એથી કલ્પના માત્ર છે.

ક્યારે કલ્પનામાત્ર છે ? એથી કહે છે.

અન્યથા=મુખ્ય બધ્યમાન અને મુખ્ય બંધનના અભાવમાં=અનુપચરિત બધ્યમાન અને અનુપચરિત બંધનના અભાવમાં, કલ્પનામાત્ર વર્તે છે.

બધ્યમાન અને બંધનને જ કહે છે –

"બધ્યમાન આત્મા છે અને બંધન વસ્તુરૂપે સત્=વિદ્યમાન, એવું કર્મ છે." (સૂ. ૧૦૬)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ત્યાં=બધ્યમાન અને બંધનમાં, બધ્યમાન=સ્વસામર્થ્યના તિરોધાનથી પારવશ્યને પ્રાપ્ત કરાતો એવો આત્મા=ચૌદભૂતગ્રામના ભેદવાળો જીવ, પ્રતિપાદન કરાય છે અને મિથ્યાત્વાદિ હેતુઓ વડે આનાથી=કાર્મણવર્ગણાથી, આત્મા બંધાય છે. એથી કાર્મણવર્ગણા બંધન છે.

તે બંધનને જ સ્પષ્ટ કરે છે –

વસ્તુરૂપે સત્=પરમાર્થ રૂપે, વિદ્યમાન એવું જ્ઞાનાવરણાદિકર્મ અનંતાન્તપરમાણુપ્રચયના સ્વભાવવાળું જ મૂર્ત પ્રકૃતિ બંધન છે એમ અન્વય છે. આથી જ=પરમાણુના પ્રચયના સ્વભાવવાળું બંધન છે આથી જ, મૂર્ત પ્રકૃતિવાળું છે.

અહીં=બધ્યમાન વસ્તુમાં, આત્માના ગ્રહણથી સાંખ્યમતના નિરાસને કહે છે. જે કારણથી ત્યાં=સાંખ્યમતમાં, કહેવાય છે –

"આત્મા બંધાતો નથી, કોઈપણ આત્મા સંસરણ પામતો નથી અને જુદા જુદા આશ્રયવાળી પ્રકૃતિ સંસરણ પામે છે, બંધાય છે અને મુકાય છે."

વસ્તુસત્ગ્રહણથી=વસ્તુરૂપે વિદ્યમાન એવા કર્મના ગ્રહણથી, સૌગતમતના નિરાસને કહે છે. જે કારણથી ત્યાં પણ=સૌગતમતમાં પણ, કહેવાય છે –

"રાગાદિ ક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે. તેનાથી=રાગાદિથી, વિનિર્મુક્ત એવું તે જ=ચિત્ત જ, ભવાન્ત=ભવનો અંત, છે. એ પ્રમાણે કહેવાય છે."

રાગાદિ ક્લેશવાસિત=સર્વથા ચિત્તથી અવ્યતિરિક્ત=અભિન્ન એવા રાગાદિ ક્લેશોથી વાસિત=સંસ્કૃત, એવું ચિત્ત જ સંસાર છે, એમ અન્વય છે. આ રીતે=રાગાદિક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે એમ કહ્યું એ રીતે, બધ્યમાનથી ભિન્ન એવું વસ્તુરૂપે સત્કર્મ એ પ્રમાણે ઉપગત થતું નથી=એ પ્રમાણે બૌદ્ધો વડે સ્વીકૃત થતું નથી.

ત્યાં=સાંખ્યમતનો નિરાસ કર્યો ત્યાં, પ્રકૃતિનો જ બંધ અને મોક્ષ સ્વીકાર કરાયે છતે સંસાર અને અપવર્ગ અવસ્થાનું આત્માના અભિન્ન એકસ્વભાવપણાને કારણે યોગીઓને યમ-નિયમાદિ અનુષ્ઠાન મુક્તિરૂપ ફલપણાથી જે યોગશાસ્ત્રોમાં કહેવાયું છે તે વ્યર્થ જ થાય. ચિત્તથી અવ્યતિરિક્ત કર્મવાદી એવા બૌદ્ધના પણ મતે કર્મનું અવસ્તુ સત્ત્વ જ થાય=અવસ્તુરૂપે જ સત્ત્વ થાય. જે કારણથી જે જેનાથી અવ્યતિરિક્ત સ્વરૂપવાળું છે. તે, તે જ છે. અને લોકમાં પણ તે જ તેનાથી બંધાય છે એ પ્રકારની પ્રતીતિ નથી; કેમ કે પુરુષ બેડી આદિરૂપ ભિન્ન સ્વભાવવાળા જ બધ્યમાન અને બંધનનું લોકમાં વ્યવહિયપ્રમાણપણું છે=બધ્યમાન અને બંધન તરીકેનો વ્યવહાર થાય છે. વળી, કર્મનું ચિત્તમાત્રપણું સ્વીકાર કરાયે છતે, સંસાર અને અપવર્ગનો ભેદ પ્રાપ્ત થાય નહિ; કેમ કે ચિત્તમાત્રનું ઉભયત્ર પણ=સંસાર અને અપવર્ગમાં પણ, અવિશેષ છે.

બંધ અને મોક્ષના હેતુને જ કહે છે –

"હિંસાદિ તેના યોગના હેતુઓ છે=બંધના સંબંધના હેતુઓ છે, તેનાથી ઇતર=હિંસાદિથી ઇતર એવા અહિંસાદિ, તદ્ઇતરના=બંધથી ઇતર એવા મોક્ષના, હેતુઓ છે. (સૂ. ૧૦૭)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

હિંસાદિ=હિંસા અનૃતાદિ જીવના પરિણામવિશેષો, તદ્યોગના હેતુઓ છે=તેના અર્થાત્ બંધના=સંસાર-ફલપણારૂપે પરમાર્થ ચિંતામાં પાપાત્મક જ એવા બંધના, સંબંધના હેતુઓ છે=આત્માની સાથે બંધના કારણભાવ આપન્ન વર્તે છે=આત્માની સાથે બંધના કારણભાવરૂપે પ્રાપ્ત એવા હિંસાદિ વર્તે છે. જે કારણથી કહેવાયું છે.

"હિંસાનૃતાદિ પાંચ, તત્ત્વનું અશ્રદ્ધાન જ અને ક્રોધાદિ ચાર એ પાપના હેતુઓ છે."

અને તેનાથી ઇતર=તે હિંસાદિથી ઇતર એવા અહિંસાદિ જ, 'તદ્ઇતરના'=તે બંધથી ઇતર એવા મોક્ષ, તેનાં કારણો છે; કેમ કે સર્વકાર્યોનું અનુરૂપ કારણ પ્રભવપણું છે=જગતમાં જે કંઈ કાર્ય થાય છે તે સર્વકાર્ય અનુરૂપ કારણથી થાય છે. તેથી સંસાર અને મોક્ષરૂપ કાર્યો પણ અનુરૂપ કારણથી થાય છે.

બંધના જ સ્વરૂપને કહે છે –

"પ્રવાહથી અનાદિમાન છે." (સૂ. ૧૦૮)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

પ્રવાહથી=પરંપરાથી, અનાદિમાન છે=બંધ અનાદિમાન છે=આદિભૂત બંધકાલ વિકલ છે.

આ જ અર્થમાં=પ્રવાહથી બંધ અનાદિમાન છે એ જ અર્થમાં, ઉપચયને કહે છે=પુષ્ટિને કહે છે –

"કૃતકપણું હોવા છતાં પણ=બંધનું કૃતકપણું હોવા છતાં પણ, અતીતકાલની જેમ ઉપપત્તિ છે=પ્રવાહથી અનાદિમાન બંધની ઉપપત્તિ છે." (સૂ. ૧૦૯)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

કૃતકપણું હોવા છતાં પણ=બંધનું સ્વહેતુઓથી નિષ્પાદિતપણું હોવા છતાં પણ, અતીતકાલની જેમ ઉપપત્તિ છે=અનાદિમત્ત્વની ઘટના વક્તવ્ય છે. શું કહેવાયેલું થાય છે ?=આ કથનથી શું કહેવાયેલું થાય છે ? એથી કહે છે - પ્રતિક્ષણ પણ કરાતો બંધ=જીવના પરિણામથી પ્રતિક્ષણ પણ કરાતો બંધ, પ્રવાહની અપેક્ષાએ અતીતકાલની જેમ અનાદિમાન જ છે.

હવે જેવા પ્રકારનો આ બેનો=અતીતકાલ અને બંધાતા કર્મનો, દૃષ્ટાંત-દાષ્ટાન્તિકભાવ થયો તેને સાક્ષાત્ જ બતાવતાં કહે છે –

"વર્તમાનતાકલ્પ કૃતકત્વ છે." (સૂ. ૧૧૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જેવા પ્રકારની અતીતકાલ સમયની વર્તમાનતા છે તેના જેવું ક્રિયમાણપણું છે=કર્મોનું ક્રિયમાણપણું છે, એ પ્રમાણે ઉપન્યાસ કરવા માટે યુક્ત થાય. અને જેવા પ્રકારના આત્મામાં પૂર્વમાં કહેલા બંધના હેતુઓ ઘટે છે, તેને અન્વય-વ્યતિરેક દ્વારા કહે છે –

"દેહથી ભિન્ન-અભિન્ન અને પરિણામી એવા આત્મામાં હિંસાદિ ઘટે છે." (સૂ. ૧૧૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

પરિણમન પરિણામ છે. દ્રવ્યરૂપપણાથી અવસ્થિત જ વસ્તુના પર્યાયાન્તરની પ્રાપ્તિ પરિણામ છે. જે કારણથી કહેવાયું છે.

"પરિણામ અર્થાન્તર ગમન છે અને સર્વથા વ્યવસ્થાન નથી અને સર્વથા વિનાશ નથી તેના જાણનારાઓને પરિણામ ઈષ્ટ છે."

પરિણામનો અર્થ કર્યા પછી પરિણામીનો અર્થ કરે છે –

પરિણામ નિત્ય આને છે એ પરિણામી. તે પરિણામીરૂપ આત્મામાં=જીવમાં, પૂર્વમાં નિરૂપિત કરાયેલા હિંસાદિ ઘટે છે અને ભિન્નમાં=પૃથગ્રૂપમાં અને અભિન્નમાં=તેનાથી વિપરીતમાં=અપૃથગ્રૂપમાં, હિંસાદિ ઘટે છે એમ અન્વય છે. 'ચ'કાર વિશેષણના સમુચ્ચય માટે છે=આત્માના ભિન્નાભિન્નરૂપ અને પરિણામીરૂપ બે વિશેષણના સમુચ્ચય માટે છે.

કોનાથી આત્મા ભિન્નાભિન્નરૂપ છે ? એથી કહે છે –

દેહથી=શરીરથી, ભિન્નાભિન્નરૂપ પરિણામી આત્મામાં હિંસાદિ ઘટે છે એમ અન્વય છે. આ જ અર્થમાં=પૂર્વમાં કહ્યું કે દેહથી ભિન્નાભિન્ન અને પરિણામી આત્મામાં હિંસાદિ ઘટે છે એ જ અર્થમાં, વિપક્ષમાં=વિપક્ષ સ્વીકારવામાં=આત્માને દેહથી ભિન્નાભિન્નરૂપ અને પરિણામીરૂપ પક્ષથી વિપરીત સ્વીકારવામાં, બાધને કહે છે –

"અન્યથા તેનો અયોગ છે=આત્મા પરિણામી ન હોય અને દેહથી ભિન્નાભિન્ન ન હોય તો હિંસાદિનો અયોગ છે. (સૂ. ૧૧૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જો પરિણામી આત્મા અને દેહથી ભિન્નાભિન્ન આત્મા ઈચ્છાતો નથી તો બંધના હેતુપણાથી ઉપન્યસ્ત એવા હિંસાદિનો અયોગ છે=અઘટના છે.

કેમ અઘટના છે ? એથી કહે છે.

"નિત્ય જ એવા આત્મામાં અધિકાર હોવાથી=નિત્ય જ એવા આત્માનો સ્વીકાર હોવાથી, અસંભવ છે=હિંસાદિનો અસંભવ છે." (સૂ. ૧૧૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

નિત્ય જ=અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એકસ્વભાવવાળા આત્મામાં પરંતુ પર્યાયનયના અવલંબનથી અનિત્યરૂપ પણ નહિ એ પ્રકારનો 'એવ'કારનો અર્થ છે. અને નિત્ય જ એવો આત્મા સ્વીકારાયે છતે દ્રવ્યાસ્તિકનયના અવષ્ટમ્ભથી અધિકાર હોવાને કારણે=સ્વીકાર હોવાને કારણે, તિલતુષ ત્રિભાગ માત્ર પણ=તલના ફોતરાના ત્રીજા ભાગ માત્ર પણ, અર્થાત્ સ્વલ્પ પણ પૂર્વ સ્વરૂપથી અપ્રચ્યવમાનપણું હોવાથી હિંસાદિનો અસંભવ છે=અઘટન છે. જે કારણથી વિવક્ષિત હિંસા=વિવક્ષિત એવા કોઈ જીવની હિંસા, વિવક્ષિત એવા જીવના વિદ્યમાન પર્યાયના વિનાશાદિ સ્વભાવવાળી=વિવક્ષિત એવા જીવના વિદ્યમાન પર્યાયના વિનાશ અને અન્ય પર્યાયના ઉત્પાદ સ્વભાવવાળી, હિંસા શાસ્ત્રમાં કહેવાય છે. જે પ્રમાણે કહેવાયું છે –

"તેના=જીવના, પર્યાયનો વિનાશ, દુઃખનો ઉત્પાદ અને તે પ્રકારનો સંક્લેશ ભગવાન વડે કહેવાયેલો આ વધ પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ."

અને "અનિત્યમાં અપર વડે અહિંસન હોવાને કારણે હિંસાનો અસંભવ છે." (સૂ. ૧૧૪)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અને અનિત્ય સ્વીકારાયે છતે=સર્વથા પ્રતિક્ષણભંગુર આત્મા સ્વીકારાયે છતે, અપર એવા કોઈ શિકારી આદિ વડે કોઈક સૂકરાદિના હિંસાનો અસંભવ છે. હિ=જે કારણથી, સર્વ આત્માઓમાં પ્રતિક્ષણ ભંગુરપણું સ્વીકારાયે છતે સ્વતઃ સ્વજન્મની પ્રાપ્તિની ક્ષણ પછી સર્વથા નિવર્તમાન એવા જીવોમાં કોણ કોનો હિંસક થાય ? અથવા કોણ કોનો હિંસનીય થાય ?

અને "દેહથી ભિન્ન જ એવા આત્મામાં સ્પૃષ્ટનું વેદન નથી." (સૂ. ૧૧૫)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જો ભિન્ન જ=સર્વથા દેહથી વિલક્ષણ જ, આત્મા છે તો દેહની સાથે સ્પૃશ્યમાન એવા સ્પૃષ્ટ એવા સ્ત્રીના શરીર, શયન, આસન આદિના અને કંટક, અગ્નિજ્વાલાદિના ઈષ્ટ-અનિષ્ટરૂપ સ્પર્શેન્દ્રિયના વિષયનું વેદન=અનુભવન, ભોગીપુરુષને પ્રાપ્ત થતું નથી જ.

કેમ દેહથી ભિન્ન એવા આત્માને સ્પૃષ્ટનું વેદન થતું નથી ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

શયનાદિ ભોગાંગોનો સ્પર્શ કરાતો દેવદત્ત હોતે છતે વિષ્ણુમિત્રને અનુભવની પ્રતીતિ નથી જ.

"અને નિરર્થક અનુગ્રહ છે." (સૂ. ૧૧૬)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ભોગાંગ એવા સ્રક્, ચંદન, અંગના, વસનાદિથી દેહનો ઉપષ્ટંભ અનુગ્રહ નિરર્થક=પુરુષના સંતોષ લક્ષણ ફલ વિકલ થાય; કેમ કે દેહથી આત્માનું અત્યંત ભિન્નપણું છે. આ=દેહથી આત્માનો ભેદ સ્વીકારવાથી અનુગ્રહ નિરર્થક છે એમ કહ્યું એ, નિગ્રહનું પણ ઉપલક્ષણ છે=કોઈના દ્વારા કરાયેલો નિગ્રહ પણ નિરર્થક થાય.

સૂત્રમાં 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે.

આ રીતે=પૂર્વમાં કહ્યું કે દેહથી ભિન્ન આત્માને સ્વીકારીએ તો દેહને સ્પૃષ્ટનું વેદન થાય નહિ અને અનુગ્રહ નિરર્થક થાય એ રીતે, ભેદપક્ષનું નિરાકરણ કરીને, અભેદપક્ષનું નિરાકરણ કરવા માટે=દેહથી આત્મા સર્વથા અભિન્ન છે એ પક્ષનું નિરાકરણ કરવા માટે, કહે છે –

"અભિન્નમાં જ=દેહથી અભિન્ન એવા આત્મામાં જ, અમરણ છે; કેમ કે વૈકલ્યનો અયોગ છે=મૃતદેહમાં પંચભૂતમાંથી કોઈપણ ભૂતના વિકલપણાનો અયોગ છે." (સૂ. ૧૧૭)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અભિન્ન હોતે છતે જ=દેહથી સર્વથા જુદાપણાનું અનાલંબન કરાતો આત્મા હોતે છતે, ચૈતન્ય વિશિષ્ટ કાયા પુરુષ છે. એ પ્રકારના મતને અવલંબન કરનારા સુરગુરુશિષ્યના અભ્યુપગમથી અમરણ થાય=આત્માને મૃત્યુનો અભાવ પ્રાપ્ત થાય.

કેમ આત્માને મૃત્યુનો અભાવ પ્રાપ્ત થાય ? એથી કહે છે –

વૈકલ્યનો અયોગ હોવાથી=વૈકલ્યનું અઘટન હોવાથી, આત્માને અમરણ પ્રાપ્ત થાય એમ અન્વય છે.

દેહથી અભિન્ન આત્મા સ્વીકારવાથી આત્માનું અમરણ કેમ પ્રાપ્ત થાય ? તે યુક્તિથી સ્પષ્ટ કરે છે.

જે કારણથી મરેલા પણ દેહમાં=લોકને પ્રતીત એવા મૃત પણ દેહમાં, દેહ આરંભક એવા પૃથિવ્યાદિભૂતોનું કોઈ વૈકલ્ય ઉપલભ્ય થતું નથી. (માટે આત્માના મૃત્યુનો અભાવ પ્રાપ્ત થાય એમ અન્વય છે.) ત્યાં=મરેલા દેહમાં વાયુનું વિકલપણું છે. એ પ્રમાણે નાસ્તિકવાદી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે વાયુ વગર ઉત્સૂનભાવનો=મરી ગયા પછી શરીર ફુલાઈ જાય છે તેનો, અયોગ છે. તો ત્યાં=મૃતદેહમાં, તેજસનું વૈકલ્ય છે તે પ્રમાણે નાસ્તિક કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે તૈજસના વ્યતિરેકથી=અગ્નિના અભાવથી, કુથિતભાવની અપ્રતિપત્તિ છે=મૃતદેહ સડે છે તે પ્રકારના કુત્સિતભાવની અપ્રાપ્તિ છે. એથી કેવી રીતે દેહથી અભિન્ન આત્મવાદીને મરણ ઉપપન્ન થાય ? અર્થાત્ દેહથી અભિન્ન આત્મવાદીના મતમાં મરણ સંગત થાય નહિ.

પૂર્વમાં રહેલા વાયુ અને તેજસનો ત્યાં અભાવ હોવાથી=અમરણકાળમાં વર્તતા એવા વાયુ અને તેજસનો મૃતદેહમાં અભાવ હોવાથી, મરણ સંગત થશે=દેહથી ભિન્ન આત્મા ન સ્વીકારીએ તોપણ મરણ સંગત થશે, એ પ્રમાણે કોઈ કહે તો તેને કહે છે –

"મરણમાં પરલોકનો અભાવ પ્રાપ્ત થાય." (સૂ. ૧૧૮)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

મરણ સ્વીકારાયે છતે=દેહથી સર્વથા અભિન્ન એવો આત્મા સ્વીકારીને મરણ સ્વીકારાયે છતે, પરલોકનો અભાવ પ્રાપ્ત થાય.

કેમ પરલોકનો અભાવ પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે.

દેહથી અભિન્ન જ આત્મા સ્વીકારાયે છતે પરલોક જનારો એવો કોઈ આત્મા સિદ્ધ થતો નથી; કેમ કે અહીં જ=મૃતકાળમાં અહીં જ, દેહના પાતનું દર્શન છે=પડેલા મૃતદેહનું દર્શન છે, અને દેહથી વ્યતિરિક્ત એવા આત્માનો અસ્વીકાર છે. અને તો પછી પરલોક જ નથી એમ ન કહેવું; કેમ કે તેનું=પરલોકનું, સર્વ શિષ્ટો વડે પ્રમાણના ઉપષ્ટંભથી ઉપપન્નપણારૂપે અભિષ્ટપણું છે અને આ પ્રમાણ છે=પરલોકને સ્વીકારવાનું આ પ્રમાણ છે – જે જે અભિલાષ છે તે તે અભિલાષાન્તરપૂર્વક જોવાયું છે. જે પ્રમાણે યૌવનકાલનો અભિલાષ બાલકાલના અભિલાષપૂર્વક છે અને તે દિવસે ઉત્પન્ન થયેલા પ્રસારિત લોચનવાળા એવા બાલનો માતાના સ્તનોને જોતો સ્તનની સ્પૃહારૂપ અભિલાષ છે અને જે તેનું અભિલાષાન્તર છે=તે દિવસે જન્મેલા બાલના અભિલાષથી અભિલાષાન્તર છે તે નિયમથી ભવાંતર ભાવિ છે.

પૂર્વમાં કહ્યું કે દેહથી ભિન્ન આત્મા હોય તો સ્પૃષ્ટનું વેદન થાય નહિ અને નિરર્થક અનુગ્રહ થાય અને દેહથી અભિન્ન આત્મા હોય તો મરણ સંગત થાય નહિ. આ કથન વર્તમાન ભવના અનુભવને આશ્રયીને કરેલું. ત્યારપછી દેહથી અભિન્ન આત્મા સ્વીકારીએ અને મરણની સંગતિ કરવામાં આવે તો પરલોકનો અભાવ પ્રાપ્ત થાય. તેમ સ્થાપન કર્યું. હવે દેહથી એકાંત ભિન્ન આત્મા માનીએ તો વર્તમાનનાં શુભાશુભ

કૃત્યોનું ફળ પરલોકમાં આત્માને પ્રાપ્ત થાય નહિ તે બતાવવા અર્થે કહે છે –

અને "દેહકૃતનો આત્મા દ્વારા અનુપભોગ છે." (સૂ. ૧૧૯)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

દેહ અને આત્માનો એકાંત ભેદ હોતે છતે દેહથી કરાયેલા શુભ કે અશુભ કૃત્યનો આત્મા દ્વારા અનુપભોગ છે=સુખ-દુઃખના અનુભવ દ્વારા અવેદન પ્રાપ્ત થાય=શુભાશુભ કૃત્યના ફળરૂપ સુખદુઃખના અનુભવ દ્વારા અવેદન પ્રાપ્ત થાય.

દેહથી આત્મા ભિન્ન માનીએ તો દેહથી કરાયેલા કૃત્યના ફળનો અનુભવ આત્માને કેમ ન થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કોઈ પુરુષ અન્યકૃત શુભ-અશુભને વેદન કરવા માટે સમર્થ નથી; કેમ કે કૃતનાશ અને અકૃત અભ્યાગમ દોષનો પ્રસંગ છે.

અને "આત્મકૃતનો દેહથી અનુપભોગ પ્રાપ્ત થાય." (સૂ. ૧૨૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અને જો દેહથી ભિન્ન જ આત્મા છે તે પ્રમાણે અભ્યુપગમ હોય તો આત્માકૃતનું=કુશલ-અકુશલ અનુષ્ઠાનથી સમુપાર્જિત એવા શુભાશુભ કર્મનું, આલોક અને પરલોકમાં દેહથી કર્તાને અનુપભોગ=અવેદન, પ્રાપ્ત થશે; કેમ કે અકૃતપણું છે.

જો આ પ્રમાણે પ્રાપ્ત થાય=પૂર્વમાં કહ્યું કે દેહ અને આત્માનો એકાંત ભેદ સ્વીકારવામાં આવે તો દેહકૃત એવા શુભાશુભ કૃત્યનો ઉપભોગ આત્માને થાય નહિ અને આત્મકૃત શુભાશુભ કર્મનો ઉપભોગ દેહને થાય નહિ એમ જો પ્રાપ્ત થાય, તોપણ શું દોષ છે ? એથી કહે છે –

"દૃષ્ટ અને ઈષ્ટની બાધા છે=લોકમાં દૃષ્ટ છે તેની બાધા છે, અને આત્મા માટે ઈષ્ટ એવા આગમની બાધા છે." (સૂ. ૧૨૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

દૃષ્ટની=સર્વલોકપ્રતીતની=દેહકૃતનો આત્મા વડે અને આત્મકૃતનો દેહ વડે જે સુખ-દુઃખનો અનુભવ તેની, અને ઈષ્ટની=શાસ્ત્રસિદ્ધની, બાધા પ્રાપ્ત થાય છે=અપલાપ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે – દેહથી કરાયેલા એવા ચોરી, પરદારાગમનાદિ અનાર્ય કાર્યોથી જેલ આદિમાં લાંબા સમય સુધી શોક-વિષાદ આદિ દુઃખોને પ્રાપ્ત કરતો આત્મા દેખાય છે તેવા પ્રકારના મનના સંક્ષોભથી=તેવા પ્રકારની માનસિક ચિંતાથી, પ્રાપ્ત થયેલ જ્વરાદિથી ઉત્પન્ન થયેલી વ્યથાને શરીર અનુભવે છે. અને દૃષ્ટ-ઈષ્ટનું અપલાપિપણું સંતપુરુષોને ઈષ્ટ નથી; કેમ કે તેની=દૃષ્ટ-ઈષ્ટની અપલાપિતા, નાસ્તિકનું લક્ષણપણું છે.

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સર્વથા નિત્ય અને સર્વથા અનિત્ય આત્મા સ્વીકારીને અને દેહથી ભિન્ન અને દેહથી અભિન્ન આત્માને સ્વીકારીને હિંસાદિના અસંભવનું આપાદન કરીને ઉપસંહાર કરતા કહે છે=ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી કહે છે –

"આથી=એકાંતવાદથી, અન્યથા=નિત્યાનિત્યાદિ સ્વરૂપવાળા આત્માના સ્વીકારમાં, આની સિદ્ધિ છે=હિંસા-અહિંસાદિની સિદ્ધિ છે, એ તત્ત્વવાદ છે." (સૂ. ૧૨૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

આનાથી=એકાંતવાદથી અન્યથા=નિત્યાનિત્યાદિ સ્વરૂપવાળો આત્મા સ્વીકારાયે છતે, આની સિદ્ધિ છે=હિંસા - અહિંસાદિની સિદ્ધિ છે અને તેની સિદ્ધિમાં=હિંસા-અહિંસાદિની સિદ્ધિમાં, તદ્ નિબંધન=હિંસા-અહિંસાદિ નિબંધન, બંધ-મોક્ષની સિદ્ધિ છે એ તત્ત્વવાદ પ્રતિજ્ઞા કરાય છે. જે અતત્ત્વવેદિ પુરુષ વડે જાણવું શક્ય નથી.

❖ ટીકામાં 'અતત્ત્વવાદિના' સ્થાને 'યોઽતત્ત્વવેદિના' પાઠ 'ધર્મબિંદુ'ની વૃત્તિમાંથી લીધો છે.

ભાવાર્થ :-

ઉપદેશક પાંત્રીસ ગુણવાળા માર્ગાનુસારી યોગ્ય જીવોને સામે રાખીને કેવો ઉપદેશ આપે તેનું અત્યાર સુધી વર્ણન કર્યું. તે ઉપદેશ યોગ્ય શ્રોતાને સમ્યક્ પરિણમન પામે ત્યારે તે શ્રોતાને સ્થિર નિર્ણય થાય છે કે આ મહાત્મા જે પ્રકારે ઉપદેશ આપે છે તે પ્રકારે હું પ્રયત્ન કરીશ તો મારા સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થશે. તેથી તે શ્રોતા તે ઉપદેશકનાં સર્વ વચનોને સદા બુદ્ધિમાં યથાર્થ રીતે અવધારણ કરી રાખે છે અને તે વચનોને નિત્ય સ્મરણ કરીને પોતાના જીવનમાં તે પ્રકારે આચરણા કરવા ઉદ્યમ કરે છે. શ્રોતાની તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ જોઈને ઉપદેશકને નિર્ણય થાય છે કે આ શ્રોતાને અત્યાર સુધી કહેવાયેલો મારો ઉપદેશ સમ્યક્ પરિણમન પામ્યો છે તેથી આ શ્રોતા મારા તે ઉપદેશનાં વચનોને આદર્શરૂપે રાખીને જીવન જીવવા યત્ન કરે છે. આવો નિર્ણય ઉપદેશકને થાય ત્યારે ઉપદેશક તે શ્રોતાને ગંભીર દેશના આપવાનો પ્રયત્ન કરે.

આ ગંભીર દેશના કેવી છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

પૂર્વમાં જે સામાન્યથી પંચાચારાંદિનો ઉપદેશ આપ્યો તેના કરતાં અત્યંત સૂક્ષ્મ પદાર્થોને કહેનારી દેશના ગંભીર દેશના છે.

તે અત્યંત સૂક્ષ્મ પદાર્થો કયા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

આત્માનું અસ્તિત્વ, આત્માનો કર્મની સાથે બંધ અને આત્માનો કર્મથી મોક્ષ કઈ રીતે અનુભવ અને યુક્તિથી સંગત છે ? તે સર્વ વિષયક સૂક્ષ્મ પદાર્થોનું નિરૂપણ તે ગંભીર દેશના છે અને તેવી ગંભીર દેશના શ્રોતાને કહેવી જોઈએ. જેથી શ્રોતાને સંસારઅવસ્થા, મુક્ત અવસ્થા બંને વિષયક સૂક્ષ્મ ભાવોનો યથાર્થ બોધ થાય અને સંસારના ઉચ્છેદના ઉપાયરૂપ જિનવચન કઈ રીતે કારણ છે ? તેનો સૂક્ષ્મ બોધ થાય જેથી ભગવાનના વચનાનુસાર તત્ત્વને જોનારી સૂક્ષ્મ માર્ગાનુસારી બુદ્ધિ તે શ્રોતામાં પ્રગટ થાય.

પૂર્વની દેશના પરિણમન પામે છતે ગંભીર દેશના આપવી જોઈએ એમ પૂર્વમાં જે કહ્યું તેને સ્પષ્ટ કરતાં કહે છે –

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં જે સાધારણ ગુણના પ્રશંસાદિ અનેક પ્રકારનો ઉપદેશ કહ્યો છે તે ઉપદેશ જ્યારે શ્રોતાને, તેના આવારક કર્મના હ્રાસના અતિશયને કારણે=ઉપદેશથી પ્રાપ્તવ્ય એવા બોધના આવારક કર્મના હ્રાસના અતિશયને કારણે, તે ઉપદેશ અંગાગીભાવરૂપ પરિણમન પામે છે, ત્યારે તે શ્રોતા ગંભીર દેશનાને યોગ્ય થાય છે.

આનાથી એ ફલિત થાય કે ઉપદેશકનાં વચનો જે શ્રોતાના હૈયાને સ્પર્શેલાં છે તે શ્રોતા તે વચનોને નિત્ય સ્મરણ કરીને તે વચનાનુસાર પોતાના જીવનને ઘડવા માટે તત્પર થયો છે. તે શ્રોતાને તે ઉપદેશ અંગાંગીભાવરૂપે પરિણમન પામેલ છે. આવો શ્રોતા ગંભીર દેશનાને યોગ્ય છે તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ પૂર્વનું ખાધેલું પચી ગયું હોય ત્યારે નવું ભોજન કરવું હિતાવહ છે તેમ પૂર્વનો ઉપદેશ જેને જીવનમાં પરિણમન પામેલ છે તેને સૂક્ષ્મ પદાર્થો કહેવા હિતાવહ છે. જ્યાં સુધી પૂર્વમાં વર્ણન કરેલ દેશના પરિણમન પામે નહિ ત્યાં સુધી ઉપદેશકે તેની તે દેશના અનેક દૃષ્ટિકોણથી શ્રોતાને સમજાવવી જોઈએ. જેથી દુષ્કર પણ તે વચનો શ્રોતાની બુદ્ધિને સ્પર્શે તો ક્રમે કરીને તે ઉપદેશ અવશ્ય પરિણમન પામે અને જ્યારે તે વચનો સમ્યક્ પરિણમન પામે ત્યારપછી જ સૂક્ષ્મ પદાર્થને કહેનારી દેશના આપવી જોઈએ અને જ્યારે શ્રોતાની તે ભૂમિકા નિષ્પન્ન થાય ત્યારે ઉપદેશક દ્વારા શ્રોતા ગંભીર દેશનામાં અવતાર કરાય છે.

પૂર્વમાં કહ્યું કે યોગ્ય શ્રોતાને પૂર્વમાં કહેલ ઉપદેશ પરિણમન પામે ત્યાર પછી ઉપદેશકે ગંભીર દેશના આપવી જોઈએ અને આ ગંભીર દેશના શ્રુતધર્મના કથન વિના સંભવે નહિ. તેથી હવે ઉપદેશકે શું કહેવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

શ્રુતધર્મનું કથન કરવું જોઈએ. આ શ્રુતધર્મ જીવના સર્વ કુશલના સમૂહરૂપ જે કલ્પવૃક્ષ છે તેને ફળદ્રુપ કરવા માટે વિપુલ પાણીના ક્યારા જેવું છે. તેથી એ ફલિત થાય કે જીવના સર્વ પ્રકારના કલ્યાણને માટે કારણીભૂત એવો ચારિત્રધર્મ છે. આ ચારિત્રધર્મ જીવ માટે કલ્પવૃક્ષ જેવો છે; કેમ કે જેમ કલ્પવૃક્ષ સર્વ મનોવાંછિત આપે છે તેમ જેના ચિત્તમાં જિનવચનાનુસાર ચારિત્રધર્મ પરિણમન પામ્યો છે તે જીવોને સંસારમાં પણ સર્વ મનોવાંછિત પ્રાપ્ત થાય છે અને અંતે પૂર્ણ સુખમય મોક્ષ પ્રાપ્ત થાય છે. આવા કલ્પવૃક્ષ જેવા ચારિત્રધર્મને જીવમાં સમૃદ્ધ કરવા અર્થે વિપુલ એવા પાણીના ગમનના ક્યારા જેવો આ શ્રુતધર્મ છે; કેમ કે જેમ જેમ શ્રુતધર્મના પરમાર્થનો યોગ્ય જીવને બોધ થાય છે તેમ તે શ્રુતભાવિત મતિવાળા તે યોગ્ય જીવો તે શ્રુતવચનાનુસાર દૃઢ પ્રવૃત્તિ કરીને ચારિત્રની પરિણતિને અતિશયિત કરે છે. આ રીતે ભગવાને બતાવેલો શ્રુતધર્મ સર્વ કલ્યાણનું કારણ છે તેમ બતાવે તેથી શ્રોતાને શ્રુતધર્મનું ઉત્તમ ફલ છે તે પ્રકારનો બોધ થાય. વળી, તે શ્રુતધર્મથી આત્માને ભાવિત કરવાથી આત્મામાં ઉત્તમ આચારો પ્રગટ થાય તેવો બોધ થાય. તે ઉત્તમ આચારો જીવની સર્વ કલ્યાણ પરંપરાના કારણ છે તેવો બોધ થાય.

આ શ્રુતધર્મની પ્રાપ્તિ ગીતાર્થગુરુ પાસેથી વાચના દ્વારા પ્રાપ્ત થાય છે. વાચનાથી પ્રાપ્ત થયેલ શ્રુતમાં ક્વચિત્ સંદેહ થાય ત્યાં પૃચ્છા કરે. સંદેહ રહિત થાય પછી સંદેહ રહિત થયેલા શ્રુતને પરાવર્તન કરીને સ્થિર કરવામાં આવે તો સહજ રીતે શ્રુત ઉપસ્થિત થાય તેવા સ્થિરભાવરૂપે બને છે. તે રીતે સ્થિર થયા

પછી તે શ્રુતના અવલંબનથી શ્રુતના ગંભીર અર્થોને સૂક્ષ્મ પ્રજ્ઞાથી અનુપ્રેક્ષણ કરવામાં આવે તો ઘણા સૂક્ષ્મ ભાવોનો બોધ થાય છે. આ બોધ પ્રગટ થયા પછી યોગ્ય જીવને તેનો બોધ કરાવવા અર્થે ધર્મકથા કરવામાં આવે તે સર્વ શ્રુતધર્મ છે. તેમ કહેવાથી શ્રુતધર્મનો અર્થી શ્રોતા તે પ્રકારે શ્રુતપ્રાપ્તિ માટે ઉદ્યમ કરીને સર્વ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે.

શ્રુતધર્મના કથનનું સ્વરૂપ બતાવતાં કહે છે –

સંસારમાં ચક્ષુવાળા જીવો તે જ છે જેઓ શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુથી આત્મા માટે શું હેય છે ? અને આત્મા માટે શું ઉપાદેય છે ? તે પ્રકારના ભાવોને સદા સમ્યક્ રીતે જોનારા છે.

આ કથનથી એ ફલિત થાય કે આત્માને અનુચિત પ્રવૃત્તિનો ત્યાગ અને આત્માને ઉચિત પ્રવૃત્તિ કરાવનાર શ્રુતજ્ઞાન છે. તેથી કલ્યાણના અર્થીએ શાસ્ત્રવચનના બળથી હેય-ઉપાયદેય ભાવોનું જ્ઞાન થાય તે પ્રકારે જાણવા માટે સર્વ ઉદ્યમ કરવો જોઈએ; કેમ કે જીવનું હિત શું છે ? અને જીવનુ અહિત શું છે ? તેનો બોધ કરાવીને હિતમાં કઈ રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ ? અને અહિતથી કઈ રીતે નિવૃત્તિ કરવી જોઈએ ? તેનો બોધ કરાવવો તે શ્રુતધર્મનું મુખ્ય પ્રયોજન છે.

પૂર્વમાં કહ્યું કે ઉપદેશક યોગ્ય શ્રોતાને શ્રુતધર્મનું કથન કરે. ત્યાં પ્રશ્ન થાય કે આ શ્રુતધર્મ દરેક દર્શનોમાં ભિન્ન-ભિન્નરૂપે પ્રવૃત્ત છે; કેમ કે તે તે દર્શનમાં જુદા જુદા પ્રકારના સંયમના આચારોનું વર્ણન છે, જુદા જુદા પદાર્થોનું વર્ણન છે. તેથી વિચારક શ્રોતાને કયા શ્રુતધર્મનો સ્વીકાર કરીને તેનાથી મારે પ્રવૃત્તિ કરવી જોઈએ તેનો નિર્ણય થઈ શકે નહિ. તેથી ઉપદેશક તે શ્રોતાને શું ઉપદેશ આપે ? તે બતાવે છે.

શ્રુતધર્મનું બહુપણું હોવાથી ઉપદેશક, શ્રોતાને શ્રુતધર્મની પરીક્ષામાં અવતાર કરે.

શ્રુતધર્મનું બહુપણું કેમ છે ? તેથી કહે છે –

દરેક દર્શનોનાં વચનોમાં આ શ્રુતધર્મ છે એ પ્રકારના શબ્દનું સમાનપણું છે તેથી કોઈપણ દર્શનના વચનને જોઈને વિચારકને વિચાર થાય કે દિગંબર દર્શન તે પ્રકારનો શ્રુતધર્મ કહે છે. સ્થાનકવાસી દર્શન તે પ્રકારનો શ્રુતધર્મ કહે છે. વળી કપિલાદિ અન્ય અન્ય દર્શન પણ તે તે પ્રકારનો શ્રુતધર્મ કહે છે. તેથી ઘણા પ્રકારના શ્રુતધર્મો છે. માટે સાચા શ્રુતની પ્રાપ્તિ ન થાય તો ઠગાવાની સંભાવના છે તેવી બુદ્ધિ વિચારક શ્રોતાને થાય. તે ઠગાવાની બુદ્ધિના નિવારણ માટે શ્રોતાને શ્રુતધર્મ સંબંધી કષ-છેદ-તાપ પરિશુદ્ધ એવી પરીક્ષામાં શ્રોતાનો ઉપદેશક અવતાર કરે છે. જેમ સુવર્ણમાં ઠગાવાનો સંભવ રહે છે, તેથી સુવર્ણને ગ્રહણ કરનાર કષ-છેદ-તાપથી શુદ્ધ હોય તેવા સુવર્ણને ગ્રહણ કરે છે તેમ કલ્યાણના અર્થી જીવોએ કષ-છેદ-તાપથી શુદ્ધ એવું શ્રુત કયા દર્શનનું છે ? તેનો નિર્ણય કરીને તે શ્રુતનું અધ્યયન કરવું જોઈએ, જેથી સમ્યક્ શ્રુતધર્મની પ્રાપ્તિ થાય એમ ઉપદેશક કહે.

વિશ્વમાં પણ તે તે દર્શનના ઉપદેશનાં વચનો શબ્દ માત્રથી શ્રુતધર્મને કહે છે. પરંતુ કયો શ્રુતધર્મ તત્ત્વને બતાવનાર છે ? અને કયો શ્રુતધર્મ યથાતથા પદાર્થને બતાવનાર છે ? તેનો વિચાર લોકો કરતા નથી. જોકે સર્વ દર્શનના ધર્મને કહેનારા ઉપદેશનાં વચનોમાં શબ્દનું સામ્ય હોવા છતાં પણ જગત માટે પૂજનીય એવા

તે શ્રુતધર્મનો દૂધ-પાણીની જેમ વિચિત્ર ભેદો વડે વિભાગ થાય છે અર્થાત્ દૂધ દૂધ છે અને પાણી પાણી છે. તેમ દૂધ જેવું શ્રુત સર્વજ્ઞના વચનરૂપ છે અને પાણી જેવું અસાર અન્યદર્શનના વચનરૂપ શ્રુત છે. તેથી તે શ્રુત વિચિત્ર ભેદો વડે કરીને વિભાગ કરાય છે.

જેમ સુવર્ણમાં ઠગાવાથી ભય પામેલા જીવો સુવર્ણની પરીક્ષા કરીને સુવર્ણને ગ્રહણ કરે છે તેમ શ્રુતધર્મને ગ્રહણ કરવાના વિષયમાં વિચારક પુરુષ શ્રુતધર્મને પરીક્ષા કરીને ગ્રહણ કરે છે.

પરીક્ષા કરીને તેઓ જે શ્રુતધર્મ ગ્રહણ કરે છે તે શ્રુતધર્મ કેવો છે ? તે બતાવતાં કહે છે –

સકલ લક્ષ્મીને કરવા માટે સમર્થ તેવો શ્રુતધર્મ છે; કેમ કે પરીક્ષાથી શુદ્ધ એવું શ્રુત સર્વજ્ઞકથિત છે. અને તે શ્રુતધર્મનો જે સ્વીકાર કરે છે તે મહાત્માઓને સર્વ પ્રકારની પુણ્યપ્રકૃતિઓ અને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. તેથી પરીક્ષાથી શુદ્ધ એવું શ્રુત સકલ લક્ષ્મીને કરવા માટે સમર્થ છે. વળી, આવું શ્રુત જીવને પ્રાપ્ત થવું અતિદુર્લભ છે. આથી જ અનંતકાળમાં પરમાર્થથી જીવને તે શ્રુતધર્મની પ્રાપ્તિ થઈ નહિ આના કારણે સંસારની સર્વ વિડંબનાની પ્રાપ્તિ થઈ. તેથી વિચારક સુદુર્લભ એવા શ્રુતની પરીક્ષા કરીને તેવા શ્રુતધર્મને ગ્રહણ કરે છે. વળી તે શ્રુત વિશ્વના જીવોનું એકાંત હિત કરનાર છે. તેથી મિથ્યાશ્રુતની પ્રાપ્તિ ન થાય અને પોતાના હિતની પ્રાપ્તિ થાય તેવા શ્રુતની સમ્યક્ પરીક્ષા કરીને બુદ્ધિમાન પુરુષો તે શ્રુતને સ્વીકારે છે. જે-તે શ્રુતને સ્વીકારતા નથી. આ પ્રકારના વચનથી ફલિત થાય છે કે વિચારક પુરુષોએ પરીક્ષા કરીને ત્રિકોટી શુદ્ધ એવા શ્રુતધર્મને સ્વીકારવો જોઈએ. જેથી હિતની પ્રાપ્તિ થાય. આ રીતે ઉપદેશક શ્રોતાને શ્રુતધર્મની પરીક્ષા કરવી જોઈએ તેવો ઉપદેશ આપે તેથી શ્રોતા પણ શ્રુતધર્મની પરીક્ષા કરવાને અભિમુખ થાય.

ત્યારપછી શ્રુતધર્મની પરીક્ષા કરવાનો ઉપાય ઉપદેશક બતાવે છે –

જેમ સુવર્ણ માત્રનું સામ્ય પ્રાપ્ત થતું હોય તેથી અવિચારક જીવો શુદ્ધાશુદ્ધનો વિભાગ કર્યા વગર સુવર્ણને ગ્રહણ કરે છે અને તેવા સુવર્ણમાં આ સુવર્ણ છે તેવી બુદ્ધિ કરે છે. તે સ્થાનમાં વિચક્ષણ પુરુષો કષ-છેદ-તાપથી તે સુવર્ણની પરીક્ષા કરે છે. અર્થાત્ કષ-છેદ-તાપથી પરિશુદ્ધ હોય તેવા સુવર્ણને સુવર્ણરૂપે સ્વીકારે છે, અન્ય સુવર્ણને સુવર્ણરૂપે સ્વીકારતા નથી. તે પ્રકારે પરીક્ષા કરવા યોગ્ય એવા શ્રુતધર્મમાં પણ કષાદિની પરીક્ષા કરવી જોઈએ અર્થાત્ ઉપદેશક શ્રોતાને કહે કે જેમ વિચારક પુરુષ સુવર્ણની પરીક્ષા કરીને શુદ્ધ સુવર્ણ ગ્રહણ કરે છે તેમ વિચારક પુરુષે કષાદિની પરીક્ષા કરીને પ્રમાણભૂત એવા શ્રુતધર્મને સ્વીકારવો જોઈએ; પરંતુ શ્રુતધર્મરૂપ શબ્દના સામ્યથી જે તે વચનરૂપ શ્રુતને શ્રુતધર્મરૂપે સ્વીકારવો જોઈએ નહિ.

શ્રુત વિષયક કષ શું છે ? તે પ્રથમ બતાવે છે –

શ્રુતમાં બતાવેલાં વિધિવાક્યો અને પ્રતિષેધવાક્યો તે કષ છે.

આશય એ છે કે જેમ સુવર્ણને કસોટીના પથ્થર ઉપર ઘસીને પરીક્ષા કરવામાં આવે અને જે સુવર્ણને ઘસવાથી સુવર્ણ જેવી રેખા પડે તે સુવર્ણ કષશુદ્ધ છે તેમ કહેવાય. જે સુવર્ણને ઘસવાથી કસોટી પથ્થર પર

રેખા સુવર્ણના જેવી પડે નહિ પણ કંઈ ભિન્ન પ્રકારની રેખા પડે તો તે સુવર્ણ કષશુદ્ધ નથી તેમ કહેવાય છે. તે રીતે જે શાસ્ત્રોમાં વિધિવાક્યો છે તે વિધિવાક્યો મોક્ષને અનુકૂળ હોય અને જે નિષેધવાક્યો છે તે મોક્ષથી વિરુદ્ધ એવી પ્રવૃત્તિના નિષેધરૂપ હોય તે આગમ કષશુદ્ધ છે તેમ નક્કી થાય.

તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

અવિરુદ્ધ કર્તવ્યના અર્થનું ઉપદેશવાક્ય વિધિવાક્ય છે.

તેથી એ ફલિત થાય કે આત્માના એકાંત હિતરૂપ મોક્ષથી અવિરુદ્ધ એવું જે કર્તવ્ય છે તેના અર્થને બતાવનાર જે વચનો છે તે વિધિવાક્ય છે.

તે વિધિવાક્યો કયાં છે ? તે સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે આત્માના હિતની પરંપરારૂપ સ્વર્ગ અને કેવલજ્ઞાનના અર્થી પુરુષે તપ-ધ્યાનાદિ કરવાં જોઈએ. અને સમિતિ-ગુપ્તિની શુદ્ધ ક્રિયા કરવી જોઈએ.

તેથી એ ફલિત થાય કે જે શાસ્ત્રમાં કહેવામાં આવે કે સંસારમાં ભટકતા જીવોએ કલ્યાણની પરંપરારૂપ સ્વર્ગની પ્રાપ્તિ અર્થે અને મોક્ષની પ્રાપ્તિ અર્થે તપ-ધ્યાન-અધ્યયન આદિ કરવું જોઈએ, સમિતિ-ગુપ્તિની શુદ્ધ ક્રિયા કરવી જોઈએ, કોઈ જીવોની હિંસા કરવી જોઈએ નહિ, જૂઠું બોલવું જોઈએ નહિ. આ પ્રકારનાં વિધિવાક્યો અને નિષેધવાક્યો જે શાસ્ત્રમાં ઉપલબ્ધ થતાં હોય તે શાસ્ત્ર કષશુદ્ધ છે.

તેનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે શ્રુતધર્મમાં તપ-ધ્યાન-સ્વાધ્યાય-સમિતિ-ગુપ્તિનાં પદે-પદે વિધિવાક્યો મળતાં હોય અને જે શાસ્ત્રમાં પદે-પદે હિંસાદિનાં નિષેધવચનો મળતાં હોય તે શ્રુત કષશુદ્ધ છે. પરંતુ જે દર્શનના વચનમાં કહેવામાં આવતું હોય કે જેમ વિષ્ણુએ અસુરોને મારી નાખ્યા તેમ અન્યધર્મમાં રહેલા જીવોનો નાશ કરવો જોઈએ, તેઓના વધમાં દોષ નથી. આવાં વચનોને કહેનારું તે દર્શન કષશુદ્ધ નથી.

આનાથી એ ફલિત થાય કે અન્ય કોઈક એવું દર્શન છે કે જે દર્શનમાં તપ-ધ્યાનાદિ પ્રવૃત્તિનું પણ વર્ણન હોય અને હિંસાદિના નિષેધની પ્રવૃત્તિનું પણ વર્ણન હોય; આમ છતાં તે દર્શનનાં કેટલાંક વચનો એવાં હોય કે જેમાં કહેવામાં આવે કે અન્યદર્શનના જીવોને મારી નાખવામાં કોઈ દોષ નથી, તેવા દર્શનનાં વચનો કષશુદ્ધ નથી.

અહીં વિશેષ એ છે કે જૈનદર્શનનો સ્વીકાર કરનારા પણ અને જૈનદર્શન અનુસાર ધર્મની પ્રવૃત્તિ કરનારા પણ જીવો પોતાની માન્યતાથી વિરુદ્ધ માન્યતાવાળા જીવો પ્રત્યે કરુણાબુદ્ધિ કરવાને બદલે કે તેમના હિતની ચિંતા કરવાને બદલે પોતાના શત્રુભૂત છે તેવા પ્રકારની બુદ્ધિથી દ્વેષભાવને ધારણ કરે કે તેઓના નાશમાં પણ ધર્મ છે તેવું માનતા હોય તો તેઓ વડે સ્વીકારાયેલો ધર્મ જિનવચન અનુસાર નથી પરંતુ અસંબદ્ધ પ્રલાપ કરનારા દર્શનનું વચન છે કે અન્યદર્શનવાળાને મારવામાં અધર્મ નથી તેના જેવું છે.

આ રીતે કષપરીક્ષા બતાવ્યા પછી સુવર્ણના દૃષ્ટાંતથી છેદપરીક્ષા બતાવવા અર્થે કહે છે –

જેમ સુવર્ણ કસોટીપથ્થર ઉપર સુવર્ણની રેખા યથાર્થ પાડે તો કહેવાય કે આ સુવર્ણ કષપરીક્ષાથી પૂર્ણ શુદ્ધ છે તેમ આ શાસ્ત્ર કષપરીક્ષાથી પૂર્ણ શુદ્ધ છે, માટે કલ્યાણની પરંપરાનું કારણ છે. આમ છતાં કષથી શુદ્ધ એવા સુવર્ણમાં પણ ઘણી વાર અંદરથી અસુવર્ણની પ્રાપ્તિ થતી હોય છે, આ અશુદ્ધિના નિવારણ માટે છેદપરીક્ષા કરવામાં આવે છે. જેથી ઉપરથી શુદ્ધ સુવર્ણ હોવા છતાં અંદરથી અસુવર્ણ નીકળે તો તેનો ત્યાગ થાય. તેમ કષશુદ્ધ એવાં શાસ્ત્રોની છેદપરીક્ષા કરવામાં આવે અને છેદપરીક્ષામાંથી તે શાસ્ત્રો શુદ્ધ સિદ્ધ ન થાય તો કષશુદ્ધ એવાં તે શાસ્ત્રોને વિચારક શ્રોતા શ્રુતધર્મરૂપે સ્વીકારતા નથી. તેથી હવે શ્રુતધર્મમાં છેદપરીક્ષા બતાવે છે –

જે શાસ્ત્રમાં મોક્ષને અનુકૂળ વિધિવાક્યો હોય અને મોક્ષને પ્રતિકૂળ નિષેધવાક્યો હોય તે શાસ્ત્ર કષશુદ્ધ છે. તેવી વિધિ અને નિષેધ કોઈક મહાત્મામાં પ્રગટ ન થયેલ હોય તેને પ્રગટ કરવા માટે કારણ બને તેવી આચારસંહિતા જે શાસ્ત્રમાં બતાવેલી હોય અને કોઈ મહાત્મામાં તેવા વિધિ-પ્રતિષેધ પ્રગટ થયેલા હોય તે વિધિ-પ્રતિષેધની રક્ષા કરવામાં કારણ બને તેવી આચારસંહિતા જે શાસ્ત્રમાં બતાવેલી હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ કહેવાય છે. જેમ ભગવાનના શાસનમાં મોક્ષને અનુકૂળ એવા વિધિવાક્યો ઉપલબ્ધ છે અને મોક્ષને પ્રતિકૂળ એવાં નિષેધવચનો ઉપલબ્ધ છે. તે વિધિ-નિષેધના સેવનના અર્થી કોઈ મહાત્મા સંયમ ગ્રહણ કરે અને તે સંયમજીવનમાં ભગવાને જે રીતે ભિક્ષાટન આદિ બાહ્યક્રિયા બતાવી છે તે પ્રકારે તે બાહ્યક્રિયાનું પાલન કરે તો મોક્ષને અનુકૂળ એવા સમિતિ-ગુપ્તિના ભાવો તે મહાત્મામાં પ્રગટ થયા ન હોય અને મોક્ષને પ્રતિકૂળ એવી હિંસાદિની નિવૃત્તિ તે મહાત્મામાં પ્રગટ થઈ ન હોય તો તે ભિક્ષાટન આદિ સર્વ ઉચિત આચાર દ્વારા તે મહાત્મામાં વિધિ-પ્રતિષેધનો આવિર્ભાવ થાય છે. આવિર્ભૂત થયેલા તે વિધિ-પ્રતિષેધનું અતિચાર રહિત પાલન પણ તે પ્રકારની ભિક્ષાટનાદિ બાહ્યક્રિયાથી થાય છે. તેથી તેવી બાહ્યક્રિયાને બતાવનારું શાસ્ત્ર છેદશુદ્ધ છે.

અહીં ભિક્ષાટનાદિમાં 'આદિ' શબ્દથી સંયમની સર્વક્રિયાઓ ગ્રહણ કરવાની છે. જે મહાત્મા સાધુજીવનને અનુરૂપ ઓઘસામાચારી, દશવિધ ચક્રવાલસામાચારી અને પદવિભાગ સામાચારીરૂપ જે ક્રિયા બતાવી છે તે સર્વ ક્રિયાઓ તે રીતે સેવે તો તે ક્રિયાના બળથી તેના સંયમજીવનમાં વિધિ-પ્રતિષેધ આવિર્ભાવ પામે છે. જેથી સંયમ લેતી વખતે ગુણસ્થાનક પ્રગટ ન થયું હોય તો વિધિ-પ્રતિષેધના અવિર્ભાવથી ગુણસ્થાનક પ્રગટ થાય છે અને પ્રગટ થયેલું તે ગુણસ્થાનક સામાચારીના પાલનથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. એટલું જ નહિ પણ ભગવાનની બતાવેલ સામાચારીના બળથી નિરતિચાર સંયમનું પાલન સંભવી શકે; કેમ કે ભગવાને અપરિગ્રહ વ્રતના રક્ષણ માટે સર્વ પરિગ્રહનો ત્યાગ કહ્યો છે છતાં કોઈ સાધુ સ્વાધ્યાય આદિ દ્વારા કે ધર્મધ્યાન દ્વારા વિધિનું પાલન કરતા હોય અને શીતાદિના કારણે ધર્મધ્યાનમાં વ્યાઘાત થતો હોય તો ધર્મધ્યાનની વૃદ્ધિ અર્થે ઉપષ્ટંભક એવાં વસ્ત્રાદિના ગ્રહણની પણ શાસ્ત્રમાં અનુજ્ઞા આપેલ છે. તેથી ભગવાનના શાસનમાં બતાવાયેલ આચારસંહિતાથી અતિચાર રહિત તે મહાત્મા સંયમ પાળી શકે છે. વળી, દિગંબર શાસ્ત્ર પણ તે રીતે જ વિધિ-પ્રતિષેધ બતાવે છે, તેથી કષશુદ્ધ છે. આમ છતાં વસ્ત્રોનો એકાંત નિષેધ કરે છે. તેથી ધર્મધ્યાનના ઉપષ્ટંભક એવા વસ્ત્રનું સાધુ દ્વારા અગ્રહણ થવાથી શીતાદિથી પરાભવ

પામેલા તે મહાત્મા ધર્મધ્યાનમાં યત્ન કરી શકે નહિ. આથી વિધિ-પ્રતિષેધને ઉપષ્ટંભક આચારસંહિતા કોઈ કોઈ સ્થાનોમાં દિગંબરના શાસ્ત્રમાં નથી તેથી તે શાસ્ત્ર છેદશુદ્ધ નથી. જે શાસ્ત્રમાં વિધિ-પ્રતિષેધને એકાંત ઉપષ્ટંભક બને તેવી આચાર-સંહિતા સર્વ સ્થાનોમાં પ્રાપ્ત થતી હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ છે.

આ રીતે કષપરીક્ષા, છેદપરીક્ષા બતાવ્યા પછી સુવર્ણના દૃષ્ટાંતથી તાપપરીક્ષા બતાવવા અર્થે કહે છે -

જે પ્રમાણે કોઈ સુવર્ણની પરીક્ષા કરનાર ઉપલબ્ધ સુવર્ણને કષથી શુદ્ધ જાણે, છેદથી શુદ્ધ જાણે ત્યારપછી તેને તાપપરીક્ષાથી તપાસે ત્યારે સુવર્ણને અનુરૂપ અપેક્ષિત તાપ આપવામાં આવે અને તે સુવર્ણમાં કંઈક અન્ય ધાતુની મિશ્રતા હોય તો તે સુવર્ણમાં કાળાશ પ્રાપ્ત થાય છે. તે કાળાશરૂપ દોષને કારણે નક્કી થાય છે કે આ સુવર્ણ પરિપૂર્ણ શુદ્ધ સુવર્ણ નથી. એ રીતે કષ-છેદની શુદ્ધિ જે શાસ્ત્રવચનમાં પ્રાપ્ત થતી હોય તે શાસ્ત્રવચનની પણ તાપથી પરીક્ષા કરાય છે.

કષશુદ્ધિ અને છેદશુદ્ધિની સંગતિનું કારણ બને તેવું આત્માદિને પરિણામી સ્વીકારનાર વચન જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ છે. જેમ જૈન દર્શન આત્માદિ પદાર્થોને દ્રવ્યરૂપે નિત્ય સ્વીકારે છે અર્થાત્ તેની વિદ્યમાન અવસ્થા પ્રચ્યુત પામતી નથી અર્થાત્ નાશ પામતી નથી. દ્રવ્ય દ્રવ્યરૂપે નિત્ય હોવાથી ઉત્પન્ન થતું નથી, પરંતુ અપ્રચ્યુત અનુત્પન્ન છે. વળી, તે દ્રવ્ય પર્યાયરૂપે પ્રતિક્ષણ અપર-અપરભાવને પામે છે; માટે અનિત્ય છે. આ રીતે આત્માદિને પરિણામી સ્વીકાર્યા તેથી શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી સંસારના કારણીભૂત એવા મિથ્યાત્વ અવિરતિ આદિ ભાવો તિરોધાન થવાથી અશુદ્ધ પર્યાયનો નિરોધ થાય છે અને ધ્યાન-અધ્યયનાદિ ક્રિયાથી ઉત્તરોત્તર કષાયની અલ્પ-અલ્પતારૂપ શુદ્ધ પર્યાય પ્રાદુર્ભાવ પામે છે. તેથી જૈનદર્શનના વચનાનુસાર પરિણામી આત્માદિને સ્વીકારવાથી કષ અને છેદ ઘટે છે; કેમ કે આત્મા પરિણામી ન હોય તો વિધિ-પ્રતિષેધથી પણ આત્મામાં કોઈ પરિણામાન્તર થાય નહિ. તેથી આત્માના અશુદ્ધ પર્યાયનો નિરોધ થાય છે અને શુદ્ધ પર્યાયનો પ્રાદુર્ભાવ થાય છે તેમ કહી શકાય નહિ. તેથી વિધિ-પ્રતિષેધના વચનો અને તેને અનુરૂપ બાહ્ય ચેષ્ટા કોઈ ફળ પ્રાપ્ત કરાવી શકે નહિ. આત્માને પરિણામી સ્વીકારવાથી શાસ્ત્રમાં બતાવેલી ઉચિત ક્રિયા દ્વારા આત્મા અશુદ્ધ પર્યાયનો ત્યાગ કરીને શુદ્ધ પર્યાયને પામતો પામતો જ્યારે પરિપૂર્ણ શુદ્ધ પર્યાયને પામે છે ત્યારે સંસારનો ઉચ્છેદ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે તે કથન સંગત થાય છે.

આનાથી એ ફલિત થાય કે જે શાસ્ત્રમાં વિધિ-પ્રતિષધ મોક્ષને અનુકૂળ હોય અને જે શાસ્ત્રમાં સર્વ આચારો વિધિ-પ્રતિષેધના પોષક હોય, વળી જે શાસ્ત્રમાં આત્માદિ પદાર્થોને પરિણામી સ્વીકારવામાં આવતા હોય તે શાસ્ત્ર કષ-છેદ-તાપથી શુદ્ધ છે. આવું શાસ્ત્રવચન સર્વજ્ઞથી પ્રણીત છે, એકાંતે કલ્યાણની પરંપરાનું કારણ છે. આ પ્રકારે નિર્ણય કરીને તે સર્વજ્ઞના વચનને સ્વીકારવું જોઈએ. તે સર્વજ્ઞના વચનને સ્વીકાર્યા પછી તે સર્વજ્ઞના વચનના યથાર્થ તાત્પર્યનો બોધ કરવો જોઈએ. તેનો યથાર્થ બોધ કર્યા પછી તે શાસ્ત્રવચનાનુસાર સ્વભૂમિકા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. તેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય. આ પ્રકારે શ્રોતાની બુદ્ધિ અનુસાર ઉપદેશક શ્રોતાને ઉપદેશ આપે જેથી તે શ્રોતા સ્વબુદ્ધિ અનુસાર શાસ્ત્રની

પરીક્ષા કરે અને કષ-છેદ-તાપશુદ્ધ એવા શ્રુતધર્મને સ્વીકારે અને સ્વીકાર્યા પછી તેનો પારમાર્થિક બોધ કરીને સર્વ કલ્યાણની પ્રાપ્તિ કરે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઘણા શ્રુતધર્મો ઉપલબ્ધ છે. તેથી કયો શ્રુતધર્મ આદેય છે ? તેવી શ્રોતાને આશંકા થાય. તેથી ઉપદેશકે શ્રોતાને શ્રુતધર્મની પરીક્ષામાં અવતાર કરવો જોઈએ.

કઈ રીતે શ્રોતાએ શ્રુતધર્મની પરીક્ષા કરવી જોઈએ ? એ પ્રકારની જિજ્ઞાસામાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ સુવર્ણની ત્રણ પ્રકારની પરીક્ષા થાય છે તેમ શ્રુતધર્મની પણ ત્રણ પ્રકારની પરીક્ષા થાય છે. આમ શ્રોતાને જણાવીને ઉપદેશકે શ્રુત વિષયક કષ-છેદ-તાપનું સ્વરૂપ બતાવવું જોઈએ.

આ રીતે ઉપદેશકના વચન દ્વારા શ્રુતવિષયક ત્રણ પરીક્ષાનું સ્વરૂપ જાણ્યા પછી વિચારકને પ્રશ્ન થાય કે આ ત્રણ પરીક્ષામાંથી કઈ પરીક્ષા બલવાન છે ? કઈ પરીક્ષા અબલવાન છે ? તે ઉપદેશકે શ્રોતાને બતાવવું જોઈએ.

આ માટે ઉપદેશકે શું કહેવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

કષ-છેદ-તાપરૂપ આ ત્રણ પરીક્ષામાં પરસ્પર અંતર બતાવવું જોઈએ=સમર્થ-અસમર્થરૂપ વિશેષ બતાવવું જોઈએ.

કયા પ્રકારનું સમર્થ-અસમર્થરૂપ વિશેષ બતાવવું જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કષ-છેદમાં અયત્ન કરવો જોઈએ, પરંતુ તાપમાં જ યત્ન કરવો જોઈએ.

કેમ તાપમાં જ યત્ન કરવો જોઈએ ? તેથી કહે છે –

કોઈ શ્રુતધર્મ કષ-છેદથી શુદ્ધ હોય આમ છતાં તાપથી શુદ્ધ ન હોય તો તે શ્રુતધર્મ આદરણીય બને નહિ. જેમ સુવર્ણની પરીક્ષામાં કોઈક વ્યક્તિ દ્વારા લાવેલા સુવર્ણની પરીક્ષા કરનાર વ્યક્તિ પરીક્ષા કરે અને તે સુવર્ણ કષથી શુદ્ધ પ્રાપ્ત ન થાય તો તે સુવર્ણ સુવર્ણકાર સુવર્ણરૂપે સ્વીકારતો નથી અને જો કષ-છેદની પરીક્ષા કર્યા વગર પણ તાપની પરીક્ષાથી સુવર્ણ શુદ્ધ છે તેમ નક્કી થાય તો તે સુવર્ણને સુવર્ણકાર સુવર્ણરૂપે સ્વીકારે છે. અને કષ-છેદની પરીક્ષા કર્યા વગર પણ તાપની પરીક્ષાથી આ સુવર્ણ અશુદ્ધ છે તેમ નક્કી થાય તો તે સુવર્ણકાર તે સુવર્ણને કષથી કે છેદથી પણ પરીક્ષા કરવા યત્ન કરતો નથી, પરંતુ કહે છે કે આ સુવર્ણ, સુવર્ણ નથી. તેમ જે શાસ્ત્ર તાપની પરીક્ષામાંથી પસાર થઈને શુદ્ધ થતું ન હોય તે શાસ્ત્રની કષથી કે છેદથી પરીક્ષા કરવામાં યત્ન કરવાની આવશ્યકતા રહેતી નથી.

આનાથી એ ફલિત થાય કે તે-તે દર્શનનાં શ્રુતવચનો જુદાં જુદાં ઉપલબ્ધ થાય છે અને ઉપદેશક શ્રોતાને કહે કે શ્રુત વચનાનુસાર કરાયેલી સર્વ પ્રવૃત્તિ જ કલ્યાણની પરંપરાનું કારણ છે, અન્ય નહિ. તેથી વિચારક શ્રોતાને પ્રશ્ન થાય કે ભિન્ન ભિન્ન દર્શનનાં ભિન્ન ભિન્ન શ્રુતવચનો મળે છે. માટે કયા વચનથી પ્રવૃત્તિ કરવાથી મારું હિત થશે ? તેના નિવારણ માટે ઉપદેશકના વચનથી ત્રણ પ્રકારની પરીક્ષાનું જ્ઞાન થયા પછી તે શ્રોતા વિચારે કે આત્માદિને કયું દર્શન પરિણામી સ્વીકારે છે ? અને કયું દર્શન પરિણામી સ્વીકારતું

નથી ? તેનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ. જે દર્શન આત્માને પરિણામી માનતું નથી પરંતુ આત્માને એકાંત નિત્ય માને છે તે દર્શનના વચનાનુસાર આત્મામાં પરિણામાન્તર થતું નથી તેથી તે દર્શનના વચનાનુસાર ધર્મની પ્રવૃત્તિ કરવાથી પણ જો આત્મામાં કોઈ પરિણામાન્તર ન થતું હોય તો ધર્મના સેવનનું કોઈ ફળ પ્રાપ્ત થાય નહિ માટે તે દર્શનનું વચન સમ્યક્ શ્રુતવચનરૂપ નથી. વળી, કેટલાક દર્શનકારો આત્માને એકાંત અનિત્ય માને છે. તે દર્શનના વચનાનુસાર આત્માનો બીજી ક્ષણમાં અભાવ પ્રાપ્ત થાય છે. તેથી તે દર્શનના વચનાનુસાર કરાયેલ ધર્મની પ્રવૃત્તિનું ફળ પણ પોતાને મળે છે તેમ કહી શકાય નહિ. માટે તે દર્શનને પણ પ્રમાણભૂત સ્વીકારી શકાય નહિ પરંતુ જે દર્શન આત્માને પરિણામી સ્વીકારે છે તે દર્શનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી જ ધર્મ - અધર્મની વ્યવસ્થા સંગત થાય છે. માટે આત્માદિને પરિણામી સ્વીકારનાર સ્યાદ્વાદનો મત જ પ્રમાણભૂત છે તેમ નિર્ણય કરીને તે દર્શનના અભ્યાસ માટે યત્ન કરવો જોઈએ અને તે દર્શનના વચનાનુસાર શ્રુતના રહસ્યને પામીને પ્રવૃત્તિ કરવાથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

પૂર્વમાં કહ્યું કે કોઈ દર્શન કષ-છેદ-શુદ્ધ હોય અને તાપશુદ્ધ ન હોય તો તે દર્શન સ્વીકૃત થાય નહિ. જેમ કષ-છેદથી શુદ્ધ પણ સુવર્ણ તાપશુદ્ધ ન હોય તો તે, સુવર્ણરૂપે સ્વીકૃત થાય નહિ. તેની સ્પષ્ટતા કરતાં કહે છે –

તાપશુદ્ધિ હોતે છતે જ કષ-છેદ શુદ્ધિનું સફલપણું છે.

કઈ રીતે તાપશુદ્ધ હોય તો જ કષ-છેદશુદ્ધિનું સફલપણું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે દર્શન તાપથી શુદ્ધ હોય તે દર્શન આત્માને પરિણામી સ્વીકારે છે. તે દર્શનાનુસાર કરાતાં ધ્યાન-અધ્યયનાદિ કૃત્યો પૂર્વમાં બધાયેલાં કર્મોની નિર્જરાનું કારણ બને છે; કેમ કે આત્માને પરિણામી સ્વીકારવાથી ધ્યાન-અધ્યયનની ક્રિયા દ્વારા આત્મામાં મોહના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપાર ઉલ્લસિત થાય છે, તેમ સ્વીકારી શકાય છે. જે વ્યાપારના બળથી પૂર્વમાં બંધાયેલાં કર્મોની નિર્જરા થાય છે. વળી, આત્મા પરિણામી હોય તો પ્રતિષેધ કરાતાં એવાં હિંસાદિથી નવાં કર્મોના ગ્રહણનો નિરોધ થાય છે; કેમ કે આત્મા પરિણામી હોવાથી હિંસાદિની પ્રવૃત્તિનો ત્યાગ કરવાને કારણે હિંસાદિથી જન્યભાવોનો અભાવ થાય છે તેમ સ્વીકારી શકાય છે અને તેના કારણે હિંસાદિજન્ય ભાવોથી બંધાતાં નવાં કર્મોનો નિરોધ થાય છે. આત્માને પરિણામી સ્વીકારવામાં ન આવે તો ધ્યાન-અધ્યયન આદિ દ્વારા પણ આત્મામાં કોઈ મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉદ્યમ થાય નહિ અને હિંસાના નિષેધથી પણ નવા કર્મના ગ્રહણને અનુકૂળ ભાવોનો નિરોધ થાય નહિ. તેથી વિધિ-પ્રતિષેધની ક્રિયાનું કોઈ ફળ પ્રાપ્ત થાય નહિ. માટે આત્માને પરિણામી સ્વીકારવાથી કષ-છેદની શુદ્ધિનો સફલભાવ છે.

પૂર્વમાં કહ્યું કે આત્માને પરિણામી સ્વીકારવાથી ધ્યાન-અધ્યયન દ્વારા પૂર્વે બાંધેલાં કર્મોની નિર્જરા થાય છે અને હિંસાદિના ત્યાગથી નવા કર્મના ગ્રહણનો નિરોધ થાય છે તે બંને કૃત્યો આત્માના તે પ્રકારના અંતરંગ પરિણામથી થાય છે. તેથી હવે તે અંતરંગ પરિણામ પ્રત્યે ધ્યાન-અધ્યયનની બાહ્ય ચેષ્ટા અને હિંસાદિના ત્યાગની બાહ્ય ચેષ્ટા કઈ રીતે કારણ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અંતરંગ રીતે અનાવિર્ભૂત એવા વિધિ-પ્રતિષેધના પરિણામ પ્રત્યે બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ, વિધિ-પ્રતિષેધના આવિર્ભાવનું કારણ બને છે. અને અંતરંગ રીતે આવિર્ભૂત થયેલા વિધિ-પ્રતિષેધના પરિપાલન માટે બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ કારણ બને છે તેથી બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ ફલવાળી છે.

આશય એ છે કે કોઈ મહાત્મા ધ્યાન-અધ્યયનની ઉચિત બાહ્ય ચેષ્ટા કરતા હોય તો તેનાથી તે મહાત્માનો મોહના ઉન્મૂલને અનુકૂળ અંતરંગ પરિણામ આવિર્ભાવ ન પામ્યો હોય તો તે વિશુદ્ધ એવી બાહ્ય ધ્યાન-અધ્યયનની ક્રિયાથી આવિર્ભાવ પામે છે અને અંતરંગ રીતે હિંસાદિના પાપના વિરામનો પરિણામ આવિર્ભાવ ન પામ્યો હોય અને તે પ્રગટ કરવા માટે કોઈ મહાત્મા બાહ્ય હિંસાદિની નિવૃત્તિની શુદ્ધ ચેષ્ટા કરતા હોય તો તે બાહ્ય ચેષ્ટાની શુદ્ધિથી અનાવિર્ભૂત એવો હિંસાદિની નિવૃત્તિનો પરિણામ આવિર્ભાવ પામે છે. તેથી બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ અંતરંગ પરિણામવાળા વિધિ-પ્રતિષેધના આવિર્ભાવ દ્વારા ફલવાળી થાય છે. વળી, કોઈ મહાત્મામાં મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ પરિણામ ઉલ્લસિત થયો હોય અને હિંસાદિની નિવૃત્તિનો અંતરંગ પરિણામ ઉલ્લસિત થયો હોય તે અંતરંગ પરિણામનું પરિપાલન બાહ્ય ચેષ્ટાની શુદ્ધિથી થાય છે=વિશુદ્ધ એવી બાહ્ય ધ્યાન-અધ્યયનની ચેષ્ટા અને વિશુદ્ધ એવી હિંસાદિની નિવૃત્તિની ચેષ્ટાથી પ્રગટ થયેલો અંતરંગ પરિણામ સુરક્ષિત થાય છે. તેથી વિધિ-પ્રતિષેધ પ્રત્યે બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ પણ ઉપકારક છે.

આત્માને અપરિણામી સ્વીકારવામાં આવે તો ધ્યાન-અધ્યયન કે હિંસાદિની નિવૃત્તિ અને તેને અનુરૂપ બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ કોઈ ફલવાળી થાય નહિ; કેમ કે આત્મા અપરિણામી હોય તો, તે તે ક્રિયાઓથી પણ આત્મામાં કોઈ પરિણામાન્તર થાય છે તેમ સ્વીકારી શકાય નહિ. તેથી તાપશુદ્ધિ હોતે છતે જ કષ-છેદ શુદ્ધિ સફલ છે, અન્યથા નહિ. માટે તાપશુદ્ધ આગમ હોય તે આગમનો સ્વીકાર કરવો જોઈએ. તે આગમને સ્વીકાર્યા પછી તે આગમ કઈ રીતે કષશુદ્ધ છે ? કઈ રીતે છેદશુદ્ધ છે ? તેનો નિર્ણય કરીને તે આગમના વચનના બળથી ધ્યાન-અધ્યયનની ક્રિયા અને હિંસાદિથી નિવૃત્તિની ક્રિયા કઈ રીતે સ્વફલસાધક છે અને તે વિધિ-પ્રતિષેધને અનુરૂપ બાહ્યચેષ્ટાની શુદ્ધિ કઈ રીતે અનાવિર્ભૂત એવા વિધિ-પ્રતિષેધનો આવિર્ભાવ કરે છે અને કઈ રીતે આવિર્ભાવ પામેલા વિધિ-પ્રતિષેધનું પરિપાલન કરે છે તેનો યથાર્થબોધ કરીને તે રીતે શ્રુતવચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય.

પૂર્વમાં સ્થાપન કર્યું કે જે શ્રુતધર્મ તાપશુદ્ધ ન હોય તે શ્રુતધર્મનાં કષશુદ્ધ અને છેદશુદ્ધ વચન પણ સ્વકાર્ય કરવા માટે અસમર્થ છે, ત્યાં 'ननु'થી કોઈ શંકા કરે છે – જે શ્રુતવચનો કષ-છેદશુદ્ધ હોય અને તાપશુદ્ધ ન હોય તેથી ફલવિકલ હોય તોપણ કષ-છેદશુદ્ધ હોવાને કારણે વાસ્તવિક થશે. તેનો ઉત્તર આપતાં કહે છે –

ફલવાળાં શ્રુતવચનો જ વાસ્તવિક છે.

આશય એ છે કે જે શ્રુતવચનો એકાંતવાદને સ્વીકારે છે તે શ્રુતવચનો કષથી શુદ્ધ હોય અને છેદથી પણ શુદ્ધ હોય તોપણ તેઓએ સ્વીકારેલ એકાંતવાદ અનુસાર આત્મા અપરિણામી હોય તો વિચારકને જણાય

કે આ શ્રુતવચનાનુસાર પ્રવૃત્તિ કરવામાં આવશે તોપણ આત્મામાં કોઈ પરિવર્તન થતું નહિ હોવાથી મને કોઈ ફળ મળશે નહિ. તેથી તે શ્રુતવચનો પ્રવૃત્તિનાં નિયામક બને નહિ; કેમ કે સંતપુરુષો સ્વસાધ્ય ક્રિયા કરનારી વસ્તુને જ વસ્તુરૂપે સ્વીકારે છે અને જે કષ-છેદ શુદ્ધવચનો સ્વસાધ્યને કરવા અસમર્થ હોય તેવાં શ્રુતવચનોને સંતપુરુષો પ્રમાણરૂપે સ્વીકારતા નથી.

વિપક્ષમાં બાધને કહે છે=જે શ્રુતવચનો તાપશુદ્ધ ન હોય છતાં તે શ્રુતવચનોથી પ્રવૃત્તિ કરવામાં આવે તેમાં બાધની પ્રાપ્તિ છે તે બતાવે છે –

વસ્તુની પરીક્ષાનો અધિકાર ચાલતો હોય ત્યારે તે વચનો તાપશુદ્ધ નથી તેવો નિર્ણય થવાને કારણે આ કષશુદ્ધ અને છેદશુદ્ધ વચનો ફલવિકલ છે તેવો નિર્ણય થવા છતાં તેને સ્વીકારીને પ્રવૃત્તિ કરવામાં આવે તો તે શ્રુતવચનોનો સ્વીકાર યાચિતકમંડન જેવો છે=માંગી લાવેલા આભૂષણની શોભા જેવો છે.

તે કથન સ્પષ્ટ કરે છે –

અલંકારોનું ફળ બે પ્રકારનું છે. જેની પાસે અલંકાર હોય અને આજીવિકા થતી હોય તો તે અલંકારના ધારણથી પરિશુદ્ધ એવા આભિમાનિક સુખજનક એવી સ્વશરીરની શોભા થાય છે. અર્થાત્ અલંકાર પહેરનારને એવા પ્રકારનું અભિમાન થાય છે કે મારું શરીર શોભાયમાન છે અને આ આભિમાનિક સુખ અલંકાર પોતાના હોવાથી પરિશુદ્ધ છે અને કોઈક સમયે જીવનનિર્વાહ ન થતો હોય તો તે અલંકારોથી આજીવિકાનો નિર્વાહ કરી શકે છે. તેથી અલંકારનું ફળ તેને મળે છે, પરંતુ કોઈક પાસથી માંગી લાવેલા અલંકારથી આ બંને પ્રકારનાં ફળ મળતાં નથી; કેમ કે પ્રસંગે તે અલંકારો પહેરીને આભિમાનિક સુખજનક એવી સ્વશરીરની શોભા કરે છે તોપણ આ અલંકારો મારા પોતાના નથી, પાછા આપવાના છે. તેવી બુદ્ધિ હોવાથી તે સ્વશરીરની શોભા પરિશુદ્ધ નથી અને આજીવિકા ન થાય ત્યારે તે અલંકારોથી નિર્વાહ થઈ શકતો નથી, માટે તે અલંકારોનું ફળ તેમને મળતું નથી. તેવી રીતે જેઓ આત્માને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય માને છે તેઓ પોતાના કથનને શોભાવવા માટે કહે કે અમારું શ્રુતવચન કષશુદ્ધ છે અને છેદશુદ્ધ છે તોપણ તે શ્રુતવચન તેઓના એકાંતવાદના સ્વીકાર અનુસાર સ્વકાર્ય કરનારું ન હોય તો માંગી લાવેલા અલંકારોના આકાર જેવું ભાસે છે; કેમ કે શ્રુતવચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી ફળ પ્રાપ્ત થશે નહિ તેવો નિર્ણય હોવા છતાં તે શ્રુતવચન પ્રમાણભૂત સ્વીકારવાં તે અર્થ વગરનું છે.

પૂર્વમાં ઉપદેશકે શ્રોતાને કેવો ઉપદેશ આપવો જોઈએ તે બતાવતાં કહ્યું કે યોગ્ય શ્રોતાને કષ-છેદ-તાપશુદ્ધ શ્રુતધર્મ ગ્રહણ કરવાનો ઉપદેશ આપવો જોઈએ. જેથી અનેક શ્રુતધર્મ વિદ્યમાન છે તેમાંથી સમ્યક્ શ્રુતધર્મના ગ્રહણની પ્રાપ્તિ થાય. તે ઉપદેશ સાંભળીને શ્રોતા કહે છે –

કષ-છેદ-તાપશુદ્ધ શ્રુતધર્મ ગ્રહણ કરવો જોઈએ એ પ્રકારનો મને નિર્ણય થયો પરંતુ કેવા પ્રણેતૃકનો=કેવા શ્રુતધર્મના રચયિતાનો, આ શ્રુતધર્મ પ્રમાણ છે ? આ પ્રકારની શ્રોતાને જિજ્ઞાસા થાય તેનું સમાધાન

વ્યતિરેકથી આપતાં કહે છે. અર્થાત્ આવા પ્રણેતૃકનો કહેલો શ્રુતધર્મ પ્રમાણ નથી એ રૂપ વ્યતિરેકથી કહે છે.

શું કહે છે ? તે બતાવતાં કહે છે –

જેઓ અતત્ત્ववેદી છે તેઓનો વાદ સમ્યક્‌વાદ નથી.

અતત્ત્ववેદી કોણ છે ? તે સ્પષ્ટ કરે છે –

જે પુરુષો સાક્ષાત્ વસ્તુતત્ત્વને જાણવાના સ્વભાવવાળા નથી તે પુરુષો અતત્ત્ववેદી છે.

તેથી એ ફલિત થાય કે મોક્ષપ્રાપ્તિના ઉપાયો જે બતાવે છે તે ઉપાયોથી આ પ્રમાણે કાર્ય થશે તે પ્રમાણે જેઓ સાક્ષાત્ જોનારા નથી તે સર્વ અતત્ત્ववેદી કહેવાય.

જેમ કોઈ નગરનો આ માર્ગ છે તેવું જેણે સાક્ષાત્ જોયેલું ન હોય તે વ્યક્તિ તે નગરના માર્ગને જાણનારો છે, તેમ કહી શકાય નહિ. તે રીતે યોગમાર્ગના ઉપદેશ આપનારા જે માર્ગનો ઉપદેશ આપે છે તે માર્ગની પ્રવૃત્તિથી આ પ્રકારનું ફળ પ્રાપ્ત થશે તેવું સાક્ષાત્ જોતા નથી તે સર્વ અતત્ત્ववેદી છે. તેઓના ઉપદેશને કહેનારા શાસ્ત્રનું પ્રણયન=ઉપદેશને કહેનારા શાસ્ત્રની રચના, સમ્યક્‌વાદ નથી.

આ કથનથી અર્થથી એ ફલિત થાય કે તીર્થંકરો સર્વજ્ઞ થયા પછી જગતના સર્વ પદાર્થોને પ્રત્યક્ષથી જોનારા છે. જીવો કયા પ્રકારની પ્રવૃત્તિ કરે અને તે પ્રવૃત્તિ દ્વારા તેઓ કેવા ભાવ કરી શકે છે અને તે ભાવથી કેવા પ્રકારના કર્મબંધ થાય છે, કેવા ભાવથી કર્મની નિર્જરા થાય છે તે સર્વ તીર્થંકરો સાક્ષાત્ જોનારા છે. તે સાક્ષાત્ જોયા પછી શબ્દો દ્વારા યોગ્ય જીવોને તેનો યથાર્થ બોધ કરાવવા માટે ઉપદેશ આપે છે અને તે ઉપદેશ અનુસાર ગણધરો શાસ્ત્રરચના કરે છે. તેથી તીર્થંકરો દ્વારા કહેવાયેલા ઉપદેશાનુસાર અને ગણધર દ્વારા રચાયેલાં તે શાસ્ત્રો સમ્યક્‌વાદ છે. અન્ય સર્વનાં રચના કરાયેલાં શાસ્ત્રો સમ્યક્‌વાદ નથી; કેમ કે તેની રચના કરનારા પ્રણેતા યથાવત્ વસ્તુના સ્વરૂપને સ્વયં જાણતા નથી. તેથી સ્વકલ્પનાથી જે-તે કથન કરે તે કથનાનુસાર કરાયેલી પ્રવૃત્તિથી ફળની પ્રાપ્તિ થાય છે, તેવું કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ, જેમ વેદમાં કહ્યું છે કે 'स्वर्गकामो यजेत् ।' તે વચનાનુસાર કોઈ યજ્ઞ કરે, તે યજ્ઞથી તેને સ્વર્ગ પ્રાપ્ત થાય છે તેવું સાક્ષાત્ કોઈએ જોયું ન હોય આમ છતાં કોઈ કહે કે યજ્ઞ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તો તેવું વચન કઈ રીતે શ્રદ્ધેય બને ? અર્થાત્ શ્રદ્ધેય બને નહિ.

આનાથી એ ફલિત થાય કે સાક્ષાત્ વસ્તુને જોનારા એવા પુરુષથી કહેવાયેલાં વચનો જ પ્રમાણ છે અને તેનાથી કહેવાયેલ શાસ્ત્ર કયું છે ? તેનો નિર્ણય કરવા માટે કષાદિ પરીક્ષા કરવામાં આવે છે. તેથી જે શાસ્ત્ર કષાદિ ત્રણથી શુદ્ધ છે તે શાસ્ત્ર સર્વજ્ઞપ્રણીત છે. તે શાસ્ત્ર પ્રમાણ છે, અન્ય શાસ્ત્ર પ્રમાણ નથી.

પૂર્વમાં ઉપદેશકે કહ્યું કે અતત્ત્ववેદીનો વાદ સમ્યક્‌વાદ નથી તેથી અર્થથી સિદ્ધ થયું કે તત્ત્વને જાણનારા એવા સર્વજ્ઞ દ્વારા કહેવાયેલો વાદ સમ્યક્‌વાદ છે. ત્યાં જિજ્ઞાસા થાય કે સર્વજ્ઞથી કહેવાયેલો વાદ સમ્યક્‌વાદ છે તેવો નિર્ણય કઈ રીતે થાય ? તેથી સમ્યક્‌વાદતાના ઉપાયને કહે છે –

જે કથનમાં બંધ-મોક્ષની ઉપપત્તિ થતી હોય તે કથનમાં બંધ-મોક્ષની ઉપપત્તિને કારણે તેની શુદ્ધિ છે

અર્થાત્ તે કથનની શુદ્ધિ છે. તેથી નક્કી થાય કે આ સમ્યક્‌વાદ છે.

આનાથી એ ફલિત થાય કે જે શાસ્ત્રમાં સંસારના કારણ એવા બંધનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું હોય અને મોક્ષના કારણ એવી ઉચિત ચેષ્ટાનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું હોય તેથી વિચારક નિર્ણય કરી શકે છે કે આ પ્રકારની પ્રવૃત્તિથી બંધ થાય છે અને આ પ્રકારની પ્રવૃત્તિથી બંધનો ઉચ્છેદ થવાથી મોક્ષ થાય છે. અને જે શાસ્ત્રવચનમાં તેની શુદ્ધિ પ્રાપ્ત થતી હોય તે શાસ્ત્રવચન પ્રમાણભૂત છે તેવો નિર્ણય થાય.

બંધનાં કારણો કયાં છે ? તે બતાવતાં કહે છે –

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ બંધનાં કારણો છે. તેનાથી જીવ અને કર્મપુદ્‌ગલોના પરસ્પર એકમેક ભાવરૂપે અવસ્થાન થાય છે તે બંધ છે.

તેમાં દૃષ્ટાંત આપે છે –

જેમ લોખંડનો ગોળો અગ્નિથી તપાવવામાં આવે તો તે લોખંડ અને અગ્નિ એકમેક ભાવરૂપે તે ગોળામાં ઉપલબ્ધ થાય છે તેમ મિથ્યાત્વાદિ ભાવોથી આત્મા સાથે સંબંધને પામેલાં કર્મો એકમેકભાવને પામે છે. અથવા દૂધ અને પાણીનું મિશ્રણ કરવાથી જેમ દૂધ અને પાણી એકમેકભાવને પામે છે તેમ બંધ એ આત્માની સાથે કર્મની એકમેક અવસ્થા છે અને બંધની પ્રાપ્તિનું કારણ મિથ્યાત્વ, અવિરતિ આદિ પાંચ ભાવો છે. કર્મથી બંધાયેલા આત્માની મુક્તિનો ઉપાય જે બંધનાં પાંચ કારણો છે તેનું સમ્યગ્‌જ્ઞાન કરવું. તે જ્ઞાન કર્યા પછી તે મિથ્યાત્વાદિ ભાવોથી વિપરીત એવાં સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ=મન, વચન, કાયાના યોગનો અભાવ, એ પાંચ કારણોનો યથાર્થ બોધ કરવો તે સમ્યગ્‌જ્ઞાન છે. તે પાંચ કારણોને સેવવાની રુચિ સમ્યગ્‌દર્શન છે અને સ્વભૂમિકાનુસાર તે પાંચ કારણોને સેવવાં તે સમ્યક્‌ચારિત્ર છે. આ પાંચ કારણોનો પ્રકર્ષ થાય ત્યારે રત્નત્રયીનો પ્રકર્ષ પ્રાપ્ત થાય અને તેનાથી પૂર્વનાં બંધાયેલાં કર્મોનો ઉચ્છેદ થાય તે મોક્ષ છે.

વળી, મોક્ષપ્રાપ્તિના ઉપાયો જે શાસ્ત્રમાં યથાર્થ બતાવ્યા હોય અને બંધનાં કારણો યથાર્થ બતાવ્યાં હોય અને તેના ઉચ્છેદનો ઉપાય યથાર્થ બતાવ્યો હોય તે શાસ્ત્રનાં વચનોમાં બંધ અને મોક્ષની ઉપપત્તિ થતી હોવાથી તે શાસ્ત્રમાં કહેવાયેલા પદાર્થના કથનની નિર્મળતા પ્રાપ્ત થાય છે એ પ્રકારે બુદ્ધિમાન પુરુષ નિર્ણય કરી શકે છે.

આનાથી શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે શાસ્ત્રમાં બંધ-મોક્ષ યોગ્ય એવો આત્મા તે તે વિશેષપણાથી નિરૂપિત કરાય છે તે શાસ્ત્ર સર્વ વેદીપુરુષથી પ્રતિપાદન કરાયેલું છે તે પ્રકારે બુદ્ધિમાન નિર્ણય કરી શકે છે.

આનાથી એ ફલિત થાય કે આત્માને પરિણામી કહ્યો તેથી મિથ્યાત્વાદિ ભાવો કરનાર આત્મા બંધયોગ્ય છે અને મિથ્યાત્વાદિ ભાવોથી વિપરીત ભાવો કરનાર આત્મા મોક્ષયોગ્ય છે. તે તે પ્રકારની વિશેષતાથી ભગવાનના શાસ્ત્રમાં નિરૂપણ કરાયેલ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાન દ્વારા બતાવેલ શાસ્ત્ર સર્વજ્ઞપુરુષથી પ્રતિપાદન કરાયેલું છે. તે પ્રમાણે શાસ્ત્રની પરીક્ષા કરવામાં દક્ષ એવા પુરુષ નિર્ણય કરી શકે છે.

યોગ્ય શ્રોતાને ઉપદેશ આપતાં ઉપદેશક કહે કે બંધ-મોક્ષની ઉપપત્તિથી જ શાસ્ત્રની શુદ્ધિ છે, તેમ પૂર્વમાં બતાવ્યું. હવે બંધ-મોક્ષની ઉપપત્તિ કઈ રીતે સંગત થાય ? તે બતાવે છે –

જે દર્શનકારો બધ્યમાન એવા આત્માને સ્વીકારતા હોય અને બંધનરૂપ કર્મને સત્ સ્વીકારતા હોય તેના મતમાં જ બંધ અને મોક્ષની ઉપપત્તિ થાય છે. જેઓ તેમ સ્વીકારતા નથી તેઓના મતમાં બંધ અને મોક્ષ કલ્પનામાત્ર સિદ્ધ થાય છે. જો કે સર્વ દર્શનકારો મોક્ષની વાતો કરે છે અને સંસારના ઉચ્છેદનો ઉપદેશ આપે છે તોપણ તેઓએ એકાંતવાદ સ્વીકારેલો હોવાથી આત્માને સ્વીકારવા છતાં આત્મા કર્મોથી બધ્યમાન છે અને આત્માથી બંધાતાં કર્મો વસ્તુરૂપે સત્ છે તેમ સ્વીકારતા નથી. તેને સામે રાખીને જ અહીં કહે છે કે અનુભવ અનુસાર પદાર્થ વિચારવામાં આવે તો આત્મા કર્મોથી બધ્યમાન હોય અને આત્માથી અતિરિક્ત જ્ઞાનાવરણીયાદિ કર્મો વિદ્યમાન હોય અને તેનાથી આત્મા બંધાતો હોય તો જ બંધ અને મોક્ષ ઘટે, અન્યથા ઘટે નહિ. આ રીતે જૈનદર્શન સ્વીકારે છે; કેમ કે આત્માને પરિણામી સ્વીકારે છે અને સંસારાવસ્થામાં રહેલા આત્માઓ ચૌદ પ્રકારના જીવસ્થાનરૂપ ચૌદ ભૂત ગ્રામના ભેદવાળા છે અને તેઓ કર્મથી બંધાયેલા છે અને નવાં કર્મોથી બધ્યમાન છે; કેમ કે કર્મબંધના હેતુ એવા મિથ્યાત્વાદિ પાંચ કારણોમાંથી જેમને જે કારણો વિદ્યમાન હોય તે કારણોથી તેઓને બંધ થાય છે. આથી જે જીવોમાં મિથ્યાત્વાદિ પાંચ બંધનાં કારણો છે તે જીવો તે પ્રકારનાં કર્મોને બાંધે છે અને તે પાંચ કારણોમાંથી બંધનું જે જે કારણ ઉચ્છેદ થાય છે તે તે કારણજન્ય કર્મબંધ અટકે છે અને આથી જ મિથ્યાત્વાદિ ચાર કારણોનો ઉચ્છેદ થયો છે એવા કેવલીને પણ કર્મબંધનું યોગરૂપ કારણ વિદ્યમાન હોવાથી યોગકૃત કર્મબંધ થાય છે. જ્યારે કેવલી યોગનિરોધ કરે છે ત્યારે સર્વ કારણોનો અભાવ થવાથી કર્મબંધ થતો નથી અને જે કર્મો બંધાય છે તે કર્મો પણ વસ્તુ રૂપે સત્ એવા કાર્મણવર્ગણાના પુદ્ગલો જૈનદર્શન સ્વીકારે છે. તેથી જૈનદર્શનમાં બંધમોક્ષની ઉપપત્તિ અનુભવને અનુરૂપ સિદ્ધ થાય છે.

હવે, જે દર્શનવાળા મોક્ષનો ઉપદેશ આપે છે; આમ છતાં, બધ્યમાન એવા આત્માને માનતા નથી અથવા બધ્યમાન એવા કર્મને માનતા નથી તેમને બતાવે છે –

તેમાં પ્રથમ આત્માને બધ્યમાન નહિ માનનાર સાંખ્યમતના વચનને કહે છે –

સાંખ્યદર્શનકારો આત્માને કૂટસ્થનિત્ય માને છે. તેથી તેઓ કહે છે કે આત્મા બંધાતો નથી અને આત્મા સંસારમાં પરિભ્રમણ કરતો નથી, પરંતુ આત્મા તો સદા પોતાના સ્વરૂપમાં જ રહેલો છે.

આ વચન સાંભળીને વિચારકને પ્રશ્ન થાય કે આ સંસાર દેખાય છે તે શેનાથી ઉત્પન્ન થયો ? તેથી કહે છે –

જુદા જુદા જીવના આશ્રયવાળી પ્રકૃતિ સંસરણ કરે છે=સંસારમાં પરિભ્રમણ કરે છે, બંધાય છે અને મુકાય છે. તેથી પ્રકૃતિને જ બંધ અને મોક્ષ છે. તે પ્રકૃતિના જ બંધ અને મોક્ષનો ઉપચાર આત્મામાં કરાય છે. તેથી કહેવાય છે કે આત્મા બંધાય છે અને આત્મા મુકાય છે.

આ પ્રકારના સાંખ્યદર્શનના સ્વીકાર પ્રમાણે આત્મા અનુપચરિત બધ્યમાન નથી, પરંતુ ઉપચરિત બધ્યમાન છે. તેથી સાંખ્યદર્શનમાં બંધ અને મોક્ષની ઉપપત્તિ થાય નહિ.

વળી, પૂર્વમાં કહ્યું કે આત્માને બધ્યમાન સ્વીકારવાથી અને વસ્તુરૂપે સત્ એવા કર્મને બંધનરૂપે સ્વીકારવાથી બંધ-મોક્ષની ઉપપત્તિ થાય છે. તેથી હવે વસ્તુરૂપે સત્ એવા કર્મને બંધનરૂપે નહિ સ્વીકારનાર સૌગતમત શું માને છે ? તે બતાવીને તેના મતમાં બંધ-મોક્ષ સંગત નથી તે બતાવતાં કહે છે –

સૌગતો=બૌદ્ધમત, કહે છે કે રાગાદિ ક્લેશથી વાસિત એવું ચિત્ત જ સંસાર છે અને તે રાગાદિ ક્લેશથી રહિત ચિત્ત જ ભવનો અંત છે=મોક્ષ છે. તેથી સૌગતના મતાનુસાર વસ્તુરૂપે સત્ એવાં કર્મો બંધનરૂપે સ્વીકારાતાં નથી, પરંતુ રાગાદિવાળું ચિત્ત જ સંસાર છે તેમ સ્વીકારાય છે. તેથી આત્માથી અતિરિક્ત એવાં કર્મોથી આત્મા બંધાયેલો નહિ હોવા છતાં રાગાદિવાળો આત્મા સંસાર છે તેમ ફલિત થાય અને રાગાદિભાવ વગરનો આત્મા મુક્ત છે તેમ સિદ્ધ થાય. પરંતુ આત્માથી અતિરિક્ત વસ્તુરૂપે સત્ એવાં કર્મો બંધનરૂપે તેઓ સ્વીકારતા નથી. તેથી તેમના મતે પણ બંધ-મોક્ષ સંગત થાય નહિ.

બૌદ્ધદર્શનવાળા કર્મને આત્માથી ભિન્ન વસ્તુરૂપે સ્વીકારતા નથી તેથી તેના મતમાં બંધન ઘટે નહિ તે યુક્તિથી સ્પષ્ટ કરતાં કહે છે –

જે જેનાથી અવ્યતિરિક્ત=અભિન્ન, સ્વરૂપવાળું છે તે તે જ છે અર્થાત્ બૌદ્ધ મતાનુસાર ચિત્તથી અવ્યતિરિક્ત સ્વરૂપવાળું કર્મ છે, તેથી તે કર્મ ચિત્તસ્વરૂપ જ છે. આમ સ્વીકારીએ તો ચિત્તથી જ ચિત્ત બંધાય છે તેમ પ્રાપ્ત થાય પરંતુ ચિત્ત જ ચિત્તથી બંધાય છે તે પ્રકારની પ્રતીતિ લોકવિરુદ્ધ સિદ્ધ થાય. વસ્તુતઃ લોકપ્રતીતિ અનુસાર બધ્યમાન એવો પુરુષ અને બંધન એવી બેડી આદિ જુદા જુદા સ્વભાવવાળી વસ્તુ છે. તેમ બધ્યમાન એવો આત્મા અને બંધન એવું કર્મ જુદાં છે તેમ માનવું ઉચિત છે. વળી, ચિત્ત જ સંસાર છે અને ચિત્ત જ મોક્ષ છે તેમ સ્વીકારીએ તો સંસારઅવસ્થામાં કેવલ ચિત્ત છે છતાં તે રાગાદિવાળું છે અને મુક્ત અવસ્થામાં કેવલ ચિત્ત છે છતાં મુક્ત છે તેમ સ્વીકારવું પડે. વસ્તુતઃ સંસારઅવસ્થામાં ચિત્તથી અતિરિક્ત કર્મ ન હોય તો કેવલ ચિત્ત રાગાદિવાળું થઈ શકે નહિ અને જો ચિત્તથી અતિરિક્ત કર્મ નહિ હોવા છતાં સંસારઅવસ્થામાં પણ રાગાદિવાળું ચિત્ત હોય તો મુક્ત અવસ્થામાં પણ તે ચિત્ત રાગાદિ અભાવવાળું થઈ શકે નહિ. માટે સંસારઅવસ્થાવાળા ચિત્તનો અને મુક્ત અવસ્થાવાળા ચિત્તનો ભેદ કરવા અર્થે માનવું જોઈએ કે સંસારઅવસ્થામાં ચિત્તથી અતિરિક્ત કર્મ છે તેથી તે ચિત્ત રાગાદિવાળું થયેલ છે અને મુક્ત અવસ્થામાં તે કર્મોનું વિગમન થયેલ છે તેથી તે ચિત્ત રાગાદિ વગરનું થયેલ છે. અહીં 'ચિત્ત' શબ્દથી પરમાર્થથી આત્માનું જ ગ્રહણ છે.

ઉપદેશકે પૂર્વમાં યોગ્ય શ્રોતાને કહ્યું કે, બધ્યમાન એવો આત્મા અને સ્વરૂપથી સત્ એવું બંધનરૂપ કર્મ સ્વીકારવામાં આવે તો બંધ અને મોક્ષની ઉપપત્તિ થાય છે. આ પ્રકારે બોધ કરાવ્યા પછી બંધના હેતુઓ કયા છે ? અને મોક્ષના હેતુઓ કયા છે ? તેનો બોધ કરાવતાં કહે છે –

હિંસાદિ જીવના પરિણામવિશેષ છે અને તે બંધનાં કારણો છે. તે બંધનાં કારણોને સ્પષ્ટ કરતાં કહ્યું કે હિંસાદિ પાંચ, તત્ત્વનું અશ્રદ્ધાન અને ક્રોધાદિ ચાર કષાયો પાપના હેતુઓ છે.

તેથી એ ફલિત થાય કે આ દસ કારણો જીવને પાપ બંધાવીને સંસારમાં પરિભ્રમણનું કારણ બને છે અને તે કારણોનું સેવન કરીને પ્રાયઃ જીવ દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, આ બંધનાં કારણોથી ઈતર અહિંસાદિ પાંચ મહાવ્રતો ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ અને ક્રોધાદિથી વિપરીત એવા ક્ષમાદિ ચાર ભાવો પુણ્યબંધની પ્રાપ્તિ દ્વારા, સદ્ગતિની પરંપરા પ્રાપ્ત કરાવે છે અને અંતે મોક્ષરૂપ ફળને આપે છે. આ પ્રકારે બંધનાં અને મોક્ષનાં કારણો બતાવ્યા પછી તેમાં યુક્તિ આપી કે સર્વ કાર્યો, અનુરૂપ કારણથી થાય છે. આથી જ વ્યવહારમાં જે જે કાર્યના અર્થી જીવો છે. તે તે કાર્યને અનુરૂપ તેવી કારણસામગ્રીમાં યત્ન કરીને ફળને પ્રાપ્ત કરે છે. તે પ્રમાણે હિંસાદિ કારણો જીવમાં તે પ્રકારના ક્લિષ્ટ ભાવો કરે છે. તે ક્લિષ્ટ ભાવોને અનૂરૂપ પાપબંધ થાય છે અને તે પાપબંધને અનુરૂપ દુર્ગતિના પરિભ્રમણરૂપ કાર્ય થાય છે. વળી, તે હિંસાદિથી વિપરીત અહિંસાદિમાં યત્ન કરવાથી તે અહિંસાદિને અનુરૂપ જીવમાં અક્લિષ્ટ ભાવો થાય છે અર્થાત્ શુભ ભાવો થાય છે. તે શુભ ભાવોને અનુરૂપ પુણ્યબંધ અને નિર્જરા થાય છે; કેમ કે તે શુભ ભાવમાં જે જે મોહનો અભાવઅંશ છે, તે તે મોહના અભાવઅંશથી પૂર્વમાં તે તે પ્રકારના મોહથી બંધાયેલા પાપનો નાશ થાય છે. તે શુભ ભાવમાં જે જે અંશે પ્રશસ્ત શુભ લેશ્યા છે તે-તે અંશે પાપથી વિપરીત એવું પુણ્ય બંધાય છે. તેથી અહિંસાદિના સેવનરૂપ કારણથી થયેલા શુભ ભાવ દ્વારા પુણ્યબંધ અને નિર્જરારૂપ કાર્ય થાય છે અને તે પુણ્યબંધ અને નિર્જરારૂપ કારણને અનુરૂપ ઉત્તરમાં સુંદર ભવની પ્રાપ્તિ અને ગુણની સમૃદ્ધિરૂપ કાર્ય થાય છે. સુંદર ભવની પ્રાપ્તિ અને ગુણની સમૃદ્ધિરૂપ કારણને અનુરૂપ વિશિષ્ટ યોગમાર્ગના સેવનરૂપ કાર્ય થાય છે. જેના અંતિમ ફળરૂપે સર્વકર્મનો નાશ અને સર્વકર્મરહિત અવસ્થારૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી સુગતિની પરંપરા દ્વારા મોક્ષના અર્થી જીવે પાપબંધના હેતુ એવા હિંસાદિનો ત્યાગ કરવો જોઈએ અને મોક્ષના કારણભૂત એવા અહિંસાદિમાં ઉદ્યમ કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે પૂર્વમાં સંસારના કારણ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ કહેલાં તે જ પાંચ કારણોને અહીં મિથ્યાત્વથી તત્ત્વ અશ્રદ્ધાન કહેલ છે. હિંસાદિ પાંચથી, અવિરતિને ગ્રહણ કરેલ છે. ક્રોધાદિ ચાર કષાયોથી, કષાયને ગ્રહણ કરેલ છે. તેમાં પ્રમાદનો અંતર્ભાવ છે. આ સર્વ પાપનાં કારણો ઉચ્છેદ થાય ત્યારે જીવ વીતરાગ - સર્વજ્ઞ બને છે. ત્યારપછી સંસારનું એક કારણ યોગ રહે છે જેનો નિરોધ કરીને કેવલી સંસારનો ઉચ્છેદ કરે છે. તેથી વિવક્ષાના ભેદથી કથનભેદ છે. તેથી અનેક દૃષ્ટિકોણથી જીવને સંસારના હેતુઓનો બોધ થાય તે પ્રમાણે શાસ્ત્રમાં પ્રરૂપણા હોય છે. માટે સંસારના કારણ રૂપે મિથ્યાત્વાદિ પાંચ કારણો પૂર્વમાં કહ્યાં અને પ્રસ્તુતમાં હિંસાદિ દસ કારણો બંધના હેતુ કહ્યાં, તેમાં પરસ્પર કોઈ વિરોધ નથી.

પૂર્વમાં બંધના અને મોક્ષના હેતુઓ બતાવ્યા હવે આત્મા સાથે જે કર્મનો બંધ થાય છે તે બંધના સ્વરૂપને કહે છે –

જીવ સાથે જે કર્મનો બંધ થાય છે તે પ્રવાહથી અનાદિમાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવ પહેલાં બંધ વગરનો હતો અને પછી બંધ થયો તેમ નથી પરંતુ અનાદિકાળથી જીવ કર્મથી બંધાયેલો છે.

અહીં પ્રશ્ન થાય કે બંધ હિંસાદિથી થાય છે તેથી જે બંધ હિંસાદિથી થતો હોય તે અનાદિમાન કઈ રીતે સંગત થાય ? તેથી કહ્યું કે પ્રવાહથી અનાદિમાન છે, પરંતુ તે તે બંધની અપેક્ષાએ અનાદિમાન નથી અને પ્રવાહથી બંધની અનાદિમાનતાની સંગતિ બતાવતાં કહે છે –

બંધ કૃતક હોવા છતાં પણ અતીતકાલની જેમ બંધની પ્રવાહથી અનાદિમાનતાની ઉપપત્તિ છે. જેમ અતીતકાલની દરેક ક્ષણ કોઈક કાળમાં વર્તમાન હતી અને તે વર્તમાન ક્ષણ પૂર્વમાં ન હતી અને તે વખતે ઉત્પન્ન થઈ, છતાં અતીતકાળ પ્રવાહથી અનાદિવાળો છે તેમ તે તે બંધ તે તે હિંસાદિના પરિણામથી થાય છે તેથી જીવથી તે બંધ કરાય છે માટે બંધ કૃતક છે. તોપણ પ્રવાહથી બંધનો પ્રવાહ અનાદિનો છે, પરંતુ પહેલાં જીવ બંધ વગરનો હતો અને પછી બંધાયો તેવું નથી; કેમ કે એક વખત જીવ બંધથી મુક્ત થાય છે પછી ક્યારેય બંધાતો નથી. તેથી જો બંધ કૃતક હોવાને કારણે આદિમાન સ્વીકારવામાં આવે તો પ્રથમ બંધ વગરના જીવને બંધ થયો તેમ માનવું પડે અને તેમ માનીએ તો બંધ વગરના એવા મુક્તાત્માઓને પણ ફરી બંધ થવાની આપત્તિ આવે. માટે અનુભવને અનુરૂપ પદાર્થની વિચારણાથી માનવું પડે કે જીવ તે તે ક્ષણમાં હિંસાદિ પ્રવૃત્તિઓ કરીને કર્મ બાંધે છે છતાં જીવ સાથે બંધાયેલાં કર્મો પ્રવાહથી અનાદિનાં છે.

આ રીતે યોગ્ય શ્રોતાને ઉપદેશકે બંધ અને મોક્ષનાં કારણો બતાવીને બંધનું સ્વરૂપ બતાવ્યા પછી હવે કેવો આત્મા સ્વીકારીએ તો પૂર્વમાં કહેલા બંધના હેતુઓ તેમાં ઘટે તે બતાવવા અર્થે કહે છે –

જો આત્માને પરિણામી માનવામાં આવે અને દેહથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન માનવામાં આવે તો પૂર્વમાં કહેલા હિંસાદિ બંધના હેતુઓ સંગત થાય છે. અને જો આત્માને પરિણામી ન સ્વીકારીએ અને દેહથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન ન સ્વીકારીએ તો પૂર્વમાં કહેલા હિંસાદિ બંધના હેતુઓ સંગત થાય નહિ.

આત્માને પરિણામી સ્વીકારવા માટે પરિણામ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

આત્મદ્રવ્ય, દ્રવ્યરૂપે અવસ્થિત છે અને પર્યાયરૂપે અન્ય-અન્ય પર્યાયને પામે છે તે પરિણામ છે.

પરિણામનો અર્થ સ્વીકારવા માટે સાક્ષી આપે છે –

તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે પરિણામ એક અવસ્થામાંથી અન્ય અવસ્થામાં ગમનરૂપ છે પરંતુ વસ્તુ સર્વથા અવસ્થિત પણ નથી અર્થાત્ સર્વથા સ્થિર પણ નથી અને વસ્તુનો સર્વથા વિનાશ પણ નથી. તેને તત્ત્વના જાણનારાઓ પરિણામ કહે છે. પરિણામવાળી જે વસ્તુ હોય તે પરિણામી કહેવાય. તેથી પરિણામી જીવદ્રવ્ય છે. તે જીવદ્રવ્ય દેહથી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે તેથી તેમાં હિંસાદિ ઘટે છે.

આશય એ છે કે સંસારી જીવો દેહધારી છે અને દેહથી સર્વથા ભિન્ન હોય તો દેહના નાશથી તેઓને કોઈ પીડા થાય નહિ. જેમ કોઈ સંસારી જીવથી ભિન્ન એવા ઘટ-પટાદિના નાશથી કે અન્ય જીવના નાશથી

સંસારી જીવને પીડા થતી નથી પરંતુ પોતાના દેહ સાથે પોતાનો કથંચિત્ અભેદ છે. તેથી પોતાના દેહનો કોઈ નાશ કરે તો પોતાને પીડા થાય છે. વળી, પોતાના દેહથી પોતાનો કથંચિત્ ભેદ પણ છે. જો સર્વથા અભેદ હોય તો દેહના નાશથી આત્માનો નાશ થાય અથવા જેમ આત્મા પોતાના ગુણોથી અભિન્ન છે, તેમ દેહનો આત્માથી અભેદ હોય તો આત્મા અન્યભવમાં જાય ત્યારે જેમ તેના જ્ઞાનાદિગુણ અન્યભવમાં સાથે જાય છે તેમ તેનો દેહ પણ તેની સાથે જવો જોઈએ. પરંતુ મૃત્યુ સમયે દેહ સાથે જતો નથી માટે આત્મા દેહથી ભિન્ન છે. આ રીતે દેહથી આત્મા ભિન્નાભિન્ન છે માટે હિંસાદિ ભાવો ઘટે છે.

વળી, આત્મા પૂર્વમાં હિંસાના પરિણામવાળો ન હોય અને પાછળથી હિંસાના પરિણામવાળો થાય છે તેથી આત્મા પરિણામી છે તેમ નક્કી થાય છે. જો આત્મા પરિણામી ન હોય તો પૂર્વમાં હિંસાના ભાવવાળો નહિ એવો આત્મા પાછળથી હિંસાના ભાવવાળો થાય નહિ. આ રીતે યુક્તિ-અનુભવથી ઉપદેશક યોગ્ય શ્રોતાને સમજાવે તો શ્રોતાને સ્થિર નિર્ણય થાય કે મારા દેહથી મારો કોઈક અપેક્ષાએ ભેદ છે અને કોઈક અપેક્ષાએ અભેદ છે. મારો આત્મા પરિણામી છે તેથી મારા આત્મામાં હિંસાદિ ભાવો ઘટે છે અને યત્ન કરવાથી હિંસાદિની નિવૃત્તિ થાય છે અને અહિંસાદિ ભાવોની પ્રાપ્તિ થાય છે. હિંસાદિ ભાવોથી કર્મનો બંધ થાય છે અને અહિંસાદિ ભાવોથી ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારના અનુભવને અનુરૂપ શ્રોતાને બોધ થવાથી તે શ્રોતા ઉત્સાહિત થઈને હિંસાદિના સ્વરૂપને અને અહિંસાદિના સ્વરૂપને જાણવા યત્ન કરશે. હિંસા-અહિંસાદિના પરમાર્થને જાણીને હિંસાદિ ભાવોની નિવૃત્તિ કરશે અને અહિંસાદિ ભાવોમાં યત્ન કરશે. જેથી તેને સર્વ કલ્યાણની પ્રાપ્તિ થશે.

વળી, આત્માને પરિણામી ન સ્વીકારીએ તો આત્મા અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એક સ્વભાવવાળો છે તેવો અર્થ પ્રાપ્ત થાય. અને પર્યાયાસ્તિકનયના અવલંબનથી અનિત્યરૂપે નથી તેમ પ્રાપ્ત થાય. આત્મા ક્યારેય પણ અવસ્થાનાંતર પામતો નથી, પરંતુ સદા એક સ્વભાવવાળો રહે છે તેમ માનીએ તો પૂર્વના સ્વભાવથી તેમાં કોઈ ફેરફાર થતો નથી, તેમ પ્રાપ્ત થાય. આમ સ્વીકારીએ તો આત્મામાં હિંસાનું અઘટન છે; કેમ કે વિવક્ષિત જીવની હિંસા એ જીવના કોઈક વિવક્ષિત પર્યાયના વિનાશાદિ સ્વભાવવાળી શાસ્ત્રમાં કહેવાઈ છે અને આત્મામાં કોઈ પરિવર્તન ન હોય તો તેનો વિનાશ સંભવે નહિ.

શાસ્ત્રમાં હિંસાનું લક્ષણ બતાવેલ છે તેનું ઉદ્ધરણ આપતાં કહે છે –

કોઈ જીવ જે ભવમાં હોય તેના તે ભવનો વિનાશ કરાય તે હિંસા છે અથવા કોઈ જીવમાં દુઃખ ઉત્પન્ન કરાય તે હિંસા છે અથવા કોઈ જીવને સંક્લેશ ઉત્પન્ન કરાય તે હિંસા છે. આ પ્રમાણે ભગવાને ત્રણ પ્રકારની હિંસા કહી છે. તે હિંસાનો પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ.

પૂર્વમાં સ્થાપન કર્યું કે આત્મા પરિણામી ન સ્વીકારવામાં આવે અને એકાંત નિત્ય સ્વીકારવામાં આવે તો હિંસાદિ ઘટે નહિ. હવે આત્માને પરિણામી ન માનવામાં આવે અને એકાંતે અનિત્ય માનવામાં આવે તો હિંસાદિ ઘટે નહિ તે બતાવે છે –

જો આત્મા એકાંતે અનિત્ય હોય તો ઉત્પત્તિની બીજી ક્ષણમાં તેનો સ્વતઃ જ નાશ થાય છે. તેથી

સૂકરાદિની દરેક ક્ષણો ઉત્પત્તિ પછી બીજી ક્ષણમાં સ્વતઃ નાશ પામે છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો શિકારી સૂકરની હિંસા કરે છે ત્યારે પણ શિકારીના પ્રયત્નથી સૂકરનો નાશ થયો છે તેમ કહી શકાય નહિ; કેમ કે તે સૂકર સ્વતઃ બીજી ક્ષણમાં નાશ પામે છે. તેથી શિકારીના પ્રયત્નથી સૂકરની હિંસા થઈ છે તેમ કહી શકાય નહિ. માટે એકાંત અનિત્ય પક્ષમાં દરેક જીવો સ્વજન્મની પ્રાપ્તિની પછીની ક્ષણમાં સ્વતઃ સર્વથા નિવર્તમાન હોવાને કારણે કોઈનો હિંસક કોઈ થાય નહિ; કેમ કે બીજી ક્ષણમાં તે સ્વયં જ નાશ પામે છે અને કોઈ જીવ કોઈને માટે હિંસનીય બને નહિ; કેમ કે ઉત્પત્તિની બીજી ક્ષણમાં તે સ્વતઃ જ નાશ પામે છે.

આ રીતે એકાંત નિત્ય પક્ષમાં કે એકાંત અનિત્ય પક્ષમાં હિંસા નથી તેમ સ્થાપન કર્યું. તેથી અર્થથી ફલિત થયું કે આત્મા દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય સ્વીકારવાથી આત્મા પરિણામી સિદ્ધ થાય છે અને આત્મા પરિણામી સ્વીકારવાથી આત્મામાં હિંસાદિ ઘટે છે.

હવે આત્મા દેહથી ભિન્નભિન્ન સ્વીકારવા માટે યુક્તિ બતાવે છે –

જો દેહથી આત્મા સર્વથા ભિન્ન હોય તો દેહને સ્પૃષ્ટ વસ્તુનું આત્માને વેદન થાય નહિ અને ભોગી જીવોને અનુભવ છે કે પોતાના દેહની સાથે સ્પૃષ્ટ એવા સ્ત્રીના શરીરનું, શયનનું કે આસનાદિનું પોતાને વેદન થાય છે અને દેહની સાથે સ્પૃષ્ટ એવા કાંટા, અગ્નિજ્વાલાદિનું વેદન થાય છે. તેથી નક્કી થાય છે કે દેહથી આત્મા સર્વથા ભિન્ન નથી.

આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ દેવદત્તથી ભિન્ન વિષ્ણુમિત્ર છે તેથી દેવદત્તના શરીરને શયનાદિ ભોગનાં સાધનોનો સ્પર્શ થતો હોય તો તેનો અનુભવ વિષ્ણુમિત્રને થતો નથી; કેમ કે દેવદત્તથી વિષ્ણુમિત્ર સર્વથા ભિન્ન છે તેમ દેવદત્ત પણ પોતાના શરીરથી સર્વથા ભિન્ન હોય તો તેના શરીરને સ્પર્શનારા શયનાદિનો અનુભવ દેવદત્તને થઈ શકે નહિ; માટે સ્વીકારવું જોઈએ કે દેવદત્ત પોતાના શરીરથી સર્વથા ભિન્ન નથી.

પૂર્વમાં કહ્યું કે દેહથી આત્માને ભિન્ન સ્વીકારીએ તો દેહને સ્પૃષ્ટનું વેદન થઈ શકે નહિ. વળી દેહથી ભિન્ન આત્મા સ્વીકારીએ તો દેહને જે ભોગસામગ્રીથી અનુગ્રહ થાય છે તે પણ નિરર્થક થાય અને દેહને પ્રતિકૂળ સામગ્રી આપીને કોઈ નિગ્રહ કરે છે તે પણ નિરર્થક થાય તે બતાવતાં કહે છે –

સંસારી જીવોને ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોરૂપ પુષ્પની માળા, ચંદનનો લેપ, સ્ત્રી આદિનો સંયોગ પ્રાપ્ત થાય છે. ત્યારે પોતાને સંતોષરૂપ ફલ પ્રાપ્ત થાય છે તે અનુગ્રહ છે. અને જો દેહથી આત્માને સર્વથા ભિન્ન સ્વીકારીએ તો દેહની સાથે સંયોગને પામતા સ્રક્ ચંદનાદિથી પુરુષને સંતોષરૂપ ફલ દેખાય છે તે થવું જોઈએ નહિ. વળી, દેહને કોઈ બંધનમાં નાખે તો મારો આ પુરુષે નિગ્રહ કર્યો છે તેવી પ્રતીતિ થવી જોઈએ નહિ અને સર્વ જનને પ્રતીતિ છે કે સ્રક્, ચંદનાદિથી પોતાને અનુગ્રહ થાય છે અને બંધનાદિથી પોતાને નિગ્રહ થાય છે તેથી દેહની સાથે પોતાના આત્માનો અભેદ છે.

પૂર્વમાં દેહથી ભિન્ન આત્મા સ્વીકારીએ તો શું દોષ આવે તે બતાવ્યું અને સિદ્ધ કર્યું કે દેહથી અભિન્ન

આત્મા છે. તેથી કોઈને ભ્રમ થાય કે દેહથી આત્માનો સર્વથા અભેદ છે તે ભ્રમના નિરાકરણ માટે અને કેટલાક નાસ્તિકવાદીઓ દેહરૂપ જ આત્મા સ્વીકારે છે, દેહથી ભિન્ન કોઈ આત્મા નામની વસ્તુ નથી તેમ કહે છે, તે જાતના નિરાકરણ માટે કહે છે –

દેહથી સર્વથા અભિન્ન આત્મા સ્વીકારવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે ચૈતન્ય વિશિષ્ટ કાયા છે તે જ પુરુષ છે. આમ સ્વીકારીએ તો સુરગુરુના શિષ્યોના મતનો અર્થાત્ ચાર્વાકદર્શનકારોના મતનો સ્વીકાર થાય અને તેમ સ્વીકારીએ તો મરણના અભાવની પ્રાપ્તિ થાય.

કેમ મરણના અભાવની પ્રાપ્તિ થાય? એથી કહે છે –

સંસારમાં પ્રત્યક્ષથી દેખાય છે કે કોઈ જીવ મરી જાય છે ત્યારે તેના મૃતદેહમાં પાંચ ભૂતોનું વૈકલ્ય નથી અને પાંચભૂતરૂપ જ આત્મા સ્વીકારીએ તો દેહથી સર્વથા આત્માનો અભેદ માની શકાય. મૃત્યુ પછી પણ પંચભૂતાત્મક દેહ વિદ્યમાન છે, માટે લોકમાં આ પુરુષ મરી ગયો છે, એ પ્રકારની પ્રતીતિ છે તે સંગત થાય નહિ. અહીં દેહથી આત્માનો અભેદ સ્વીકારનાર નાસ્તિકવાદી કહે કે કોઈ મૃત્યુ પામે છે ત્યારે તે દેહમાં વાયુનો અભાવ પ્રાપ્ત થાય છે માટે પાંચભૂત નહિ હોવાથી મૃત્યુની સંગતિ થાય છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

મૃતદેહમાં વાયુનો અભાવ નથી; કેમ કે વાયુ વગર મૃતદેહમાં ઉત્સૂનભાવનો અયોગ છે.

ત્યાં નાસ્તિકવાદી કહે કે તો મૃતદેહમાં તૈજસનું વિકલપણું છે. તેથી પંચભૂતાત્મક શરીર નહિ હોવાને કારણે મરણની સંગતિ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

નાસ્તિકવાદીનું આ વચન પણ બરાબર નથી; કેમ કે મૃતદેહમાં અગ્નિ ન હોય તો પડેલું મડદું સડી જાય છે તેની સંગતિ થાય નહિ; કેમ કે અગ્નિને કારણે જ દેહમાં તે પ્રકારનું પરિવર્તન સંભવે છે. તેથી દેહથી અભિન્ન આત્મવાદીના મતમાં મરણ ઉપપન્ન થતું નથી=સંગત થતું નથી. માટે દેહથી ભિન્ન આત્માને સ્વીકારવો જોઈએ.

પૂર્વમાં દેહથી અભિન્ન આત્માને સ્વીકારનાર અર્થાત્ દેહરૂપ જ આત્માને સ્વીકારનાર ચાર્વાકમતનું નિરાકરણ કર્યું. તે સાંભળીને કોઈ શ્રોતાને પ્રશ્ન થાય કે મૃતદેહ પડેલ છે તેની પૂર્વે જ્યારે તે વ્યક્તિનું મરણ થયું ન હતું ત્યારે તેના દેહમાં જે વાયુ અને તેજસ હતા તે વાયુ અને તેજસનો તે વ્યક્તિના મૃતદેહમાં અભાવ છે અને મૃતદેહમાં પ્રતીત થતા વાયુ અને તેજસ અન્ય પ્રકારના છે એમ સ્વીકારીશું તો દેહરૂપ જ આત્મા સ્વીકારવાથી પણ મરણની સંગતિ થશે તેને ઉપદેશક કહે છે –

આ રીતે દેહરૂપ જ આત્મા સ્વીકારવાથી મરણની પ્રાપ્તિમાં પરલોકના અભાવની પ્રાપ્તિ થાય; કેમ કે દેહરૂપ જ આત્મા સ્વીકારવાથી પરલોકમાં જનાર આત્મા નામની કોઈ વસ્તુની સિદ્ધિ થાય નહિ.

કેમ પરલોકમાં જનાર આત્માની સિદ્ધિ થાય નહિ ? તેમાં યુક્તિ આપે છે –

મૃતદેહ અહીં પડેલ દેખાય છે અને દેહથી વ્યતિરિક્ત આત્મા ન સ્વીકારવામાં આવે તો પરલોક જનાર કોઈ નથી તેમ સિદ્ધ થાય.

અહીં કદાચ શ્રોતા કહે કે તો પરલોક નથી તેમ માનીએ તો શું વાંધો ? તેથી ઉપદેશક કહે છે –

સર્વ શિષ્ટપુરુષો વડે પરલોક પ્રમાણ રૂપે સ્વીકારાયેલો છે અર્થાત્ પ્રામાણિક પ્રતીતિથી પરલોક ઘટે છે તેમ સ્વીકારાયું છે.

પરલોકને સ્વીકારવાની પ્રામાણિક પ્રતીતિ સ્પષ્ટ કરે છે –

સંસારી જીવોને જે જે અભિલાષ થાય છે તે સર્વ અભિલાષ, પૂર્વના અભિલાષપૂર્વક હોય છે. જેમ યૌવનકાળના અભિલાષ બાલકાળના અભિલાષપૂર્વક હોય છે. અને તે દિવસે જન્મેલ બાળક સ્તનપાનની અભિલાષા કરે છે. તેથી જણાય છે કે આ અભિલાષ પણ પૂર્વના કોઈ અભિલાષપૂર્વક છે અને પૂર્વનો અભિલાષ નિયમથી ભવાંતરનો અભિલાષ છે.

આશય એ છે કે અભિલાષ તે ઇચ્છારૂપ છે. ઇચ્છા કેમ કરવી તેનો કોઈને બોધ ન હોય તો તેને કોઈ દિવસ ઇચ્છા થાય નહિ અને બાલકાળમાં બાલ્યભાવને અનુરૂપ બાલને ઇચ્છા હતી તેથી યૌવનકાળમાં યૌવનભાવને અનુરૂપ તે ઇચ્છા કરે છે. જેમ તે દિવસનું જન્મેલું બાળક સ્વભૂમિકાનુસાર સ્તનપાન કરવાનો અભિલાષ કરે છે. આ અભિલાષ કરવાનો પરિણામ પૂર્વમાં કરેલા અભિલાષના સંસ્કારોથી ઉત્પન્ન થયો છે. અને તે અભિલાષના સંસ્કારોનું કારણ પૂર્વ જન્મનો અભિલાષ છે; કેમ કે બાળકના જન્મ પૂર્વનો અભિલાષ બતાવે છે કે આ બાળકે પૂર્વભવમાં સ્વભૂમિકાનુસાર અભિલાષ કરેલ છે તેથી અભિલાષ કરનાર આત્મા પૂર્વભવમાં હતો એમ સિદ્ધ થાય છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે દેહથી અભિન્ન આત્માને સ્વીકારવામાં આવે તો પરલોકનો અભાવ પ્રાપ્ત થાય. હવે સાંખ્ય દર્શનકારો આત્માને કૂટસ્થ નિત્ય માને છે અને દેહને આત્માથી એકાંત ભિન્ન માને છે. તેમ સ્વીકારીએ તો શું દોષ પ્રાપ્ત થાય ? તે બતાવવા અર્થે કહે છે –

સાંખ્યદર્શનકારો માને છે તેમ દેહ અને આત્માનો એકાંતભેદ સ્વીકારવામાં આવે તો વર્તમાનમાં જે મનુષ્ય શુભ કે અશુભ કૃત્યો કરે છે તે શુભ કે અશુભ કૃત્યો તેના દેહે કરેલ છે, આત્માએ કર્યાં નથી તેમ માનવું પડે. તેથી તે દેહથી કરાયેલા શુભાશુભ કૃત્યનું ફળ સુખ-દુઃખના અનુભવ રૂપે આત્માને થાય છે તે અનુભવ આત્માને થવો જોઈએ નહિ; કેમ કે જેમ કોઈ અન્ય પુરુષ શુભ કે અશુભ કર્મ કરે તેનું ફળ અન્યને પ્રાપ્ત થતું નથી તેમ કોઈ મનુષ્ય શુભ કે અશુભ કૃત્ય કરતો હોય અને તેનો આત્મા દેહથી સર્વથા ભિન્ન હોય તો તે મનુષ્યના દેહથી કરાયેલા શુભ-અશુભ કર્મનું ફળ તેના આત્માને થાય નહિ અને દેહથી કરાયેલાં કર્મોનું ફળ સુખદુઃખના વેદનરૂપે તેના આત્માને થાય છે તેમ સ્વીકારીએ તો કૃતનાશ અને અકૃત અભ્યાગમનો દોષ આવે; કેમ કે દેહે તે શુભ કે અશુભ કર્મો કર્યાં છે અને તે દેહને તેનું ફળ મળ્યું નથી તેથી દેહ વડે કરાયેલા કર્મનો દેહને ફળ આપ્યા વિના નાશ થયો તેથી કૃતનાશ દોષ આવ્યો અને દેહથી ભિન્ન એવા આત્માએ તે કૃત્યો કર્યાં નથી છતાં દેહ વડે કરાયેલાં કર્મોનું ફળ તે આત્માને પ્રાપ્ત થયું તેમ કહેવાય તેથી અકૃત અભ્યાગમ દોષ આવ્યો. આથી કૃતનાશ અને અકૃત અભ્યાગમ નામના દોષ હોવાને કારણે દેહથી સર્વથા ભિન્ન આત્મા છે તેમ જે સાંખ્ય દર્શન માને છે તે ઉચિત નથી. પરંતુ દેહથી કથંચિત અભિન્ન આત્મા

છે માટે દેહથી અભિન્ન એવા આત્માએ શુભ કે અશુભ કૃત્ય કર્યું છે તેથી તે શુભ કે અશુભ કૃત્યનું ફળ તે આત્માને પરલોકમાં પ્રાપ્ત થાય છે તે કથન સંગત થાય.

વળી, દેહથી આત્માને એકાંત ભિન્ન માનવામાં આવે તો કોઈ આત્મા કુશલ અનુષ્ઠાન કરે અને કોઈ આત્મા અકુશલ અનુષ્ઠાન કરે તેનાથી બંધાયેલ શુભ કે અશુભ કર્મનું વેદન આ ભવમાં કે પરભવમાં દેહથી થાય છે. તે પણ વેદન સંગત થાય નહિ; કેમ કે તે કુશલ અનુષ્ઠાન કે અકુશલ અનુષ્ઠાન આત્માએ કર્યું છે, દેહે કર્યું નથી અને વેદન દેહને થાય છે.

આશય એ છે કે કોઈ આત્માએ ચોરી કરી હોય તો તે ચોરીનું ફળ તેને આ ભવમાં પણ મળે છે અને આ ભવમાં ન મળે તો પરભવમાં પણ મળે છે, પરંતુ જો આત્માથી દેહ સર્વથા ભિન્ન હોય તો તે ચોરીનું ફળ આ ભવમાં શિક્ષારૂપે દેહને પ્રાપ્ત થાય છે તે સંગત થાય નહિ. કોઈએ આ ભવમાં ચોરી કરી તેનાથી તેને પરભવમાં ફળ મળે છે અને તેના આત્માથી પરભવનો દેહ સર્વથા જુદો હોય તો તે દેહને તે ચોરીનું ફળ મળવું જોઈએ નહિ; કેમ કે તે દેહે તે ચોરીનું કૃત્ય કર્યું નથી. તેથી એમ માનવું ઉચિત છે કે દેહની સાથે આત્માનો સર્વથા ભેદ નથી, કથંચિત ભેદ છે. આથી જ આત્મા વડે કરાયેલ કૃત્યનું ફળ તેની સાથે અભિન્ન એવા દેહને પ્રાપ્ત થાય છે.

પૂર્વમાં કહ્યું કે દેહ અને આત્માનો સર્વથા ભેદ સ્વીકારવામાં આવે તો દેહકૃત એવા શુભાશુભ કૃત્યનો અનુભવ આત્માને થાય નહિ અને આત્મકૃત શુભાશુભ કર્મનો દેહથી અનુભવ થાય નહિ. ત્યાં કોઈ કહે કે તે વાત સ્વીકારી લઈએ તો શું વાંધો ? તેના સમાધાન માટે કહે છે –

જો તેમ સ્વીકારવામાં આવે તો દૃષ્ટની બાધા છે અને ઇષ્ટની બાધા છે માટે તેમ સ્વીકારી શકાય નહિ.

દૃષ્ટની અને ઇષ્ટની બાધા કઈ રીતે છે ? તે બતાવતાં કહે છે –

જેમ કોઈ વ્યક્તિએ દેહથી ચોરી, પરદારાગમનાદિ અકાર્યો કર્યાં હોય અને તેના કારણે તેને કેદખાનાદિમાં નાંખેલ હોય ત્યારે તેને લાંબા સમય સુધી શોકવિષાદ આદિ દુઃખો ઉત્પન્ન થતાં દેખાય છે. તે દુઃખો તે આત્માને થાય છે. તેમજ કોઈ આત્માને તે પ્રકારની માનસિક ચિંતાદિ હોય તેના કારણે તેના દેહને જ્વરાદિની પ્રાપ્તિનો અનુભવ થાય છે. તે બંને અનુભવો દેહથી ભિન્ન આત્મા સ્વીકારવાથી સંગત થાય નહિ. માટે દેહથી ભિન્ન આત્મા સ્વીકારવાથી દૃષ્ટની બાધા છે. વળી, ઇષ્ટની પણ બાધા છે=શાસ્ત્રવચનની પણ બાધા છે; કેમ કે દેહધારી એવો જીવ જે કંઈ કૃત્યો કરે છે તે સર્વનું ફળ તે જીવને પ્રાપ્ત થાય છે, એ પ્રકારે શાસ્ત્રકારો કહે છે. જો દેહથી ભિન્ન આત્મા સ્વીકારીએ તો તે શાસ્ત્રવચનની બાધા થાય અને સંત પુરુષોને દૃષ્ટ અને ઇષ્ટનો અપલાપ કરવો ઉચિત નથી; કેમ કે નાસ્તિક પુરુષો દૃષ્ટ અને ઇષ્ટનો અપલાપ કરનારા હોય છે.

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે આત્માને સર્વથા નિત્ય સ્વીકારવામાં આવે કે સર્વથા અનિત્ય સ્વીકારવામાં આવે તો હિંસાદિનો સંભવ થાય નહિ. વળી દેહથી આત્માને એકાંતે ભિન્ન માનવામાં આવે કે એકાંતે અભિન્ન માનવામાં આવે તોપણ હિંસાદિનો સંભવ થાય નહિ. તે કથનનો ઉપસંહાર કરતાં કહે છે –

પૂર્વમાં આત્માને એકાંતે નિત્ય અને એકાંતે અનિત્ય માનનાર મતથી અથવા દેહથી આત્માને એકાંતે ભિન્ન કે એકાંતે અભિન્ન માનનાર મતથી અન્યથા આત્મા સ્વીકારવામાં આવે અર્થાત્ એકાંતવાદથી આત્માને અન્યથા એવા નિત્યાનિત્યરૂપ સ્વીકારવામાં આવે કે ભેદાભેદરૂપ સ્વીકારવામાં આવે તો હિંસા-અહિંસાદિની સિદ્ધિ થાય અને હિંસા-અહિંસાદિની સિદ્ધિ થાય તો હિંસાદિને કારણે બંધની પ્રાપ્તિ અને અહિંસાદિના પાલનના કારણે મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેની સિદ્ધિ થાય. માટે એકાંતવાદથી અન્યથાવાદ એ તત્ત્વવાદ છે. એ પ્રકારે પ્રતિજ્ઞા કરાય છે અને આ પ્રકારની પ્રતિજ્ઞા અતત્ત્વવાદી એવા પુરુષ વડે સમજી શકાતી નથી પરંતુ મધ્યસ્થતાપૂર્વક તત્ત્વાતત્ત્વના વિભાગ માટે યત્ન કરનાર પુરુષ આ તત્ત્વવાદના પરમાર્થને જાણી શકે છે.

ટીકા :-

एवं तत्त्ववादे निरूपिते किं कार्यमित्याह –

"परिणामपरीक्षेति" [सू० १२३]

"परिणामस्य" तत्त्ववादविषयज्ञानश्रद्धानलक्षणस्य "परीक्षा" एकान्तवादाऽरुचिसूचनवचनसंभाषणादिनोपायेन निर्णयनं विधेयम् ।

ततोऽपि किं कार्यमित्याह–

"शुद्धे बन्धभेदकथनमिति" [सू० १२४]

"शुद्धे" परमां शुद्धिमागते परिणामे "बन्धभेदकथनं" बन्धभेदस्य मूलप्रकृतिबन्धरूपस्याष्टविधस्य उत्तरप्रकृति-बन्धस्वभावस्य च सप्तनवतिप्रमाणस्य कथनं प्रज्ञापनं कार्यं बन्धशतकादिग्रन्थानुसारेणेति ।

तथा "वरबोधिलाभप्ररूपणेति" [सू० १२५]

"वरस्य" तीर्थकरलक्षणफलकारणतयाऽशेषबोधिलाभेभ्योऽतिशायिनो "बोधिलाभस्य" "प्ररूपणा" प्रज्ञापना अथवा "वरस्य" द्रव्यलाभव्यतिरेकिणः पारमार्थिकस्य बोधिलाभस्य प्ररूपणा हेतुतः स्वरूपतः फलतश्चेति ।

तत्र हेतुतस्तावदाह–

"तथाभव्यत्वादितोऽसाविति" [सू० १२६]

भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिकोभाव आत्मस्वतत्त्वमेव । तथाभव्यत्वं तु भव्यत्वमेव कालादिभेदेनात्मनां बीजसिद्धिभावात् नानारूपतामापन्नम् आदि शब्दात् काल-नियति-कर्म पुरुष परिग्रह, तत्र कालो विशिष्ट पुद्गलपरावर्तोत्सर्पिण्यादिः तथा भव्यत्वस्य फलदानाभिमुख्यकारीवसन्तादिवद्वनस्पतिविशेषस्य कालसद्भावेऽपि न्यूनाधिकव्यपोहेन नियतकार्यकारिणी नियतिः । अपचीयमानसंक्लेशं नानाशुभाशयसंवेदनहेतुः कुशलानुबन्धि कर्म । समुपचितपुण्यसंभारो महाकल्याणाशयः प्रधानपरिज्ञानवान् प्ररूप्यमाणार्थपरिज्ञानकुशलः पुरूषः । ततस्तथाभव्यत्वमादौ येषां ते तथा तेभ्योऽसौ वरबोधिलाभः प्रादुरस्ति स्वरूपं च जीवादिपदार्थश्रद्धानमस्य ।

अथ फलत एव तमेवाह-

"ग्रन्थिभेदे नात्यन्तसङ्क्लेश इति" [सू० १२७]

इह ग्रन्थिरिव ग्रन्थिर्दृढो रागद्वेषपरिणामः, तस्य ग्रन्थेर्भेदेऽपूर्वकरणवज्रसूच्या विदारणे सति लब्धशुद्धतत्त्व-श्रद्धानसामर्थ्याद् "नात्यन्तं" न प्रागिवातिनिबिडतया "संक्लेशो" रागद्वेषपरिणामः प्रवर्त्तते, न हि लब्धवेधपरिणामो मणिः कथञ्चिन्मलापूरितरन्ध्रोऽपि प्रागवस्थां प्रतिपद्यत इति ।

एतदपि कुत इत्याह-

"न भूयस्तद्बन्धनमिति" [सू० १२८]

यतो "न" "भूयः" पुनरपि तस्य ग्रंथेर्बन्धनं निष्पादनं भेदे सति संपद्यत इति । किमुक्तं भवति-यावती ग्रन्थिभेदकाले सर्वकर्मणामायुर्वर्जानां स्थितिरन्तःसागरोपमकोटीकोटिलक्षणाऽवशिष्यति तावत्प्रमाण(णा)मेवासौ सम्यगुपलब्धसम्यग्दर्शनो जीवः कथञ्चित्सम्यक्त्वापगमात्तीव्रायामपि तथाविधसंक्लेशप्राप्तौ बध्नाति, न पुनस्तं(स्तां) बन्धेनातिक्रामतीति ।

तथा "असत्यपाये न दुर्गतिरिति" [सू० १२९]

असत्यविद्यमाने "अपाये" विनाशे सम्यग्दर्शनस्य परिशुद्धभव्यत्वपरिपाकसामर्थ्यान्मतिभेदादिकारणानवाप्तौ "न" नैव "दुर्गतिः" कुदेवत्वकुमानुषत्वतिर्यक्त्वनारकत्वप्राप्तिः संपद्यते, किंतु सुदेवत्वसुमानुषत्वे एव स्याताम्, अन्यत्र पूर्वबद्धायुष्केभ्य इति ।

तथा "विशुद्धेश्चारित्रमिति" [सू० १३०]

"विशुद्धेः" परिशुद्धनिःशङ्कितत्वादिदर्शनाचारवारिपूरप्रक्षालितशङ्कादिपङ्कतया प्रकर्षप्राप्तिलक्षणायाः सम्यग्दर्शनसत्कायाः सकाशात्किमित्याह-"चारित्रं" सर्वसावद्ययोगपरिहारनिरवद्ययोगसमाचाररूपं संपद्यते । शुद्धसम्यक्त्वस्यैव चारित्ररूपत्वात्तथा चाचारसूत्रम्-"जं मोणंति पासहा, तं संमंति पासहा । जं संमंति पासहा, तं मोणंति पासहत्ति" [१।५।३ सू० १५५] ।

"भावनातो रागादिक्षय इति" [सू० १३१]

भाव्यन्ते मुमुक्षुभिरभ्यस्यन्ते निरन्तरमेव ता इति भावनास्ताश्चानित्यत्वाऽशरणत्वादयो द्वादश यथोक्तम् -

"भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः, कर्माश्रवसंवरविधिश्च ।।१।।
निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च, भावना द्वादश विशुद्धाः ।।२।।" [प्रशमरति १४९-१५०]

ताभ्यो "रागादिक्षयो" रागद्वेषमोहमलप्रलयः संजायते, सम्यक्चिकित्साया इव वातपित्तादिरोगापगमः, प्रचण्डपवनाद्वा यथा मेघमण्डलविघटनम्, रागादिप्रतिपक्षभूतत्वाद् भावनानामिति ।

ततोऽपि किमित्याह–

"तद्भावेऽपवर्ग इति" [सू० १३२]

"तस्य" रागादिक्षयस्य "भावे" सकललोकाऽलोकविलोकनशालिनोः केवलज्ञानदर्शनयोर्लब्धौ सत्यां निस्तीर्णभवार्णवस्य सतो जन्तोः "अपवर्गः" उक्तनिरुक्त उद्भवतीति ।

किंलक्षण इत्याह–"स आत्यन्तिको दुःखविगम इतीति" [सू० १३३]

सोऽपवर्गः अत्यन्तं सकलदुःखशक्तिनिमूलनेन भवतीति आत्यन्तिको "दुःखविगमः" सर्वशारीरमानसाशर्मविरहः सर्वजीवलोकासाधारणानन्दानुभवश्चेति ।

इत्थं देशनाविधिं प्रपञ्च्योपसंहरन्नाह –

"एवं संवेगकृद्धर्म, आख्येयो मुनिना परः ।

यथाबोधं हि शुश्रूषोर्भावितेन महात्मना" [धर्मबिन्दुः गा. १० प. २९ ए] इति ।

व्याख्यातप्रायम् ।

आह–धर्माख्यापनेऽपि यदा तथाविधकर्मदोषान्नावबोधः श्रोतुरुत्पद्यते तदा किंफलं धर्माख्यानमित्याह–

"अबोधेऽपि फलं प्रोक्तं, श्रोतॄणां मुनिसत्तमैः ।
कथकस्य विधानेन, नियमाच्छुद्धचेतसः ।।१।।" [धर्मबिन्दुः गा. ११ प. २९] इति सुगमम् ।

आह–प्रकारान्तरेणापि देशनाफलस्य संभाव्यमानत्वादलमिहैव यत्नेनेत्याशङ्क्याह–

नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित् ।
यादृशी दुःखविच्छेदाद्देहिनां धर्मदेशना ।।२।। [धर्मबिन्दुः गा. १२ प. २९] इति ।

"न" नैवोपकारोऽनुग्रहो "जगति" भुवने "अस्मिन्" उपलभ्यमाने "तादृशो" "विद्यते" समस्ति "क्वचित्" काले क्षेत्रे वा "यादृशी" यादृग्रूपा "दुःखविच्छेदात्" शारीरमानसदुःखापनयनात् "देहिनां" देशनार्हाणां "धर्मदेशना" इति धर्मदेशनाजनितो मार्गश्रद्धानादिर्गुणः, तस्य निःशेषक्लेशलेशाकलङ्कमोक्षाक्षेपं प्रत्यवन्ध्यकारणत्वात् ।

इति निरूपितो धर्मबिन्दौ [अध्याय २ । प. १६-३०] सद्धर्मदेशनाप्रदानविधिः ।।१९।।

टीकार्थ :–

एवं तत्त्ववादे ..... प्रदानविधिः ।। આ રીતે તત્ત્વવાદ નિરૂપણ કરાયે છતે=પૂર્વમાં કહ્યું કે એકાંતવાદથી અન્યથા નિત્યાનિત્યાદિ રૂપે આત્મા સ્વીકારાયે છતે હિંસા-અહિંસાદિની સિદ્ધિ છે એ તત્ત્વવાદ છે એ રીતે, તત્ત્વવાદ નિરૂપણ કરાયે છતે, શું કરવું જોઈએ ? એથી કહે છે –

"પરિણામની પરીક્ષા." (સૂ. ૧૨૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

પરિણામની=તત્ત્વવાદ વિષયક જ્ઞાન અને શ્રદ્ધાન લક્ષણ પરિણામની, પરીક્ષા=એકાંતવાદની અરુચિના સૂચન એવા વચન અને સંભાષણ આદિ ઉપાય દ્વારા શ્રોતાને પ્રાપ્ત થયેલ પરિણામનો નિર્ણય કરવો જોઈએ.

ત્યાર પછી શું કરવું જોઈએ ? એથી કહે છે –

"શુદ્ધ પ્રાપ્ત થયે છતે=શ્રોતાને શુદ્ધ પરિણામ પ્રાપ્ત થયે છતે, બંધ-ભેદનું કથન કરવું." (સૂ. ૧૨૪)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

શુદ્ધ હોતે છતે=પરમશુદ્ધિને પામેલ પરિણામ હોતે છતે, બંધ-ભેદનું કથન કરવું=બંધ-ભેદની આઠ પ્રકારની મૂલપ્રકૃતિના બંધનના સ્વરૂપનું અને સત્તાણુ પ્રકારની ઉત્તર પ્રકૃતિના બંધસ્વભાવરૂપ બંધ-ભેદનું કથન=પ્રજ્ઞાપન કરવું જોઈએ.

કઈ રીતે પ્રજ્ઞાપન કરવું જોઈએ ? એથી કહે છે –

બંધ-શતકાદિ ગ્રંથના અનુસારથી કથન કરવું જોઈએ.

અને "વરબોધિલાભની પ્રરૂપણા કરવી." (સૂ. ૧૨૫)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

વરબોધિલાભની=તીર્થંકરરૂપ ફલનું કારણપણું હોવાથી અશેષ બોધિલાભથી અતિશાયી એવા બોધિલાભની, પ્રરૂપણા કરવી=પ્રજ્ઞાપના કરવી અથવા દ્રવ્યલાભથી વ્યતિરિક્ત એવા પારમાર્થિક બોધિલાભની પ્રરૂપણા કરવી.

કઈ રીતે પ્રરૂપણા કરવી ? એથી કહે છે –

હેતુથી, સ્વરૂપથી અને ફલથી વરબોધિલાભની પ્રરૂપણા કરવી. ત્યાં=ત્રણ પ્રકારની બોધિલાભની પ્રરૂપણામાં, હેતુથી કહે છે=હેતુથી બોધિલાભની પ્રરૂપણા બતાવે છે.

"તથાભવ્યત્વાદિથી આ=વરબોધિલાભ, છે." (સૂ. ૧૨૬)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ભવ્યત્વ એટલે સિદ્ધિગમન-યોગ્યત્વરૂપ અનાદિ પારિણામિકભાવસ્વરૂપ આત્માનું સ્વતત્વ જ છે. વળી, તથાભવ્યત્વ કાલાદિના ભેદથી આત્માને બીજસિદ્ધિનો ભાવ હોવાથી નાનારૂપતાને પામેલું ભવ્યત્વ જ છે. 'આદિ'શબ્દથી કાલ, નિયતિ, કર્મ અને પુરુષકારનું ગ્રહણ છે. ત્યાં કાળ વિશિષ્ટ પુદ્ગલ-પરાવર્ત ઉત્સર્પિણી આદિરૂપ તથાભવ્યત્વના ફલદાનને અભિમુખકારી છે.

કોની જેમ વિશિષ્ટ પુદ્ગલ પરાવર્તકાળ તથાભવ્યત્વના ફલદાનને અભિમુખકારી છે ? એથી કહે છે -

વનસ્પતિ વિશેષને વસંતાદિઋતુની જેમ, કાલના સદ્ભાવમાં પણ ન્યૂનાધિકના વ્યપોહથી નિયતકાર્યને કરનારી નિયતિ છે. અપચીયમાન સંક્લેશવાળું જુદા જુદા પ્રકારના શુભ આશયના સંવેદનના હેતુ એવું કુશલાનુબંધી કર્મ છે. સમુપચિત પુણ્યના સંભારવાળો, મહાકલ્યાણના આશયવાળો, પ્રધાન પરિજ્ઞાનવાળો, પ્રરૂપ્યમાણ અર્થના પરિજ્ઞાનમાં કુશલ એવો પુરુષ છે=પુરુષકાર છે.

ત્યારપછી તથાભવ્યત્વાદિનો સમાસ બતાવે છે –

તથાભવ્યત્વ છે આદિમાં જેને તે તેવા છે=તથાભવ્યત્વાદિરૂપ છે. તેનાથી આ વરબોધિલાભ પ્રાદુર્ભાવ થાય છે. અને આનું સ્વરૂપ=વરબોધિલાભનું સ્વરૂપ, જીવાદિ પદાર્થનું શ્રદ્ધાન છે.

હવે ફલથી જ તેને=વરબોધિલાભને, કહે છે –

"ગ્રંથિભેદ થયે છતે અત્યંત સંક્લેશ થતો નથી." (સૂ. ૧૨૭)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અહીં=જગતમાં, ગ્રંથિના જેવી ગ્રંથિ છે=દૃઢ રાગ-દ્વેષનો પરિણામ છે. તેનો=ગ્રંથિનો, ભેદ કરાયે છતે=અપૂર્વકરણરૂપી વજ્રસૂચિથી વિદારણ કરાયે છતે, પ્રાપ્ત થયેલા શુદ્ધ તત્ત્વના શ્રદ્ધાનના સામર્થ્યથી અત્યંત સંક્લેશ થતો નથી=પૂર્વની જેમ અતિનિબિડપણાથી રાગદ્વેષના પરિણામરૂપ સંક્લેશ પ્રવર્તતો નથી.

ગ્રંથિભેદ પછી અત્યંત સંક્લેશ કેમ થતો નથી ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

લબ્ધવેધપરિણામવાળો મણિ=માળામાં પરોવવાર્થે છિદ્ર પાડેલો મણિ, કોઈક રીતે મલથી આપૂરિત છિદ્રવાળો પણ પૂર્વની અવસ્થાને પ્રાપ્ત કરતો નથી=અછિદ્રવાળી અવસ્થાને પ્રાપ્ત કરતો નથી. આ પણ કેમ છે ?=ગ્રંથિભેદ થયા પછી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તોપણ અત્યંત સંક્લેશ થતો નથી, એ પણ કેમ છે ? એથી કહે છે –

"ફરી તેનું બંધન નથી." (સૂ. ૧૨૮)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

જે કારણથી ફરી પણ તેનું=ગ્રંથિનું, બંધન=નિષ્પાદન, ગ્રંથિનો ભેદ થયે છતે પ્રાપ્ત થતું નથી.

શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

સમ્યગ્ ઉપલબ્ધ સમ્યગ્દર્શનવાળો આ જીવ કોઈક રીતે સમ્યક્ત્વના અપગમથી તીવ્રતાવાળા પણ તેવા પ્રકારના સંક્લેશની પ્રાપ્તિમાં, ગ્રંથિભેદકાળમાં આયુષ્યને છોડીને સર્વકર્મની સ્થિતિ અંતઃસાગરોપમ કોટાકોટી લક્ષણ જેટલી અવશેષ રહે છે. તેટલા પ્રમાણવાળી જ બાંધે છે. પરંતુ તે બંધને અતિક્રમણ કરતો નથી.

અને "અપાય નહિ હોતે છતે=સમ્યક્ત્વનો અપગમ નહિ હોતે છતે, દુર્ગતિ થતી નથી." (સૂ. ૧૨૯)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

અવિદ્યમાન અપાય=વિનાશ, હોતે છતે=સમ્યગ્દર્શનનો વિનાશ અવિદ્યમાન હોતે છતે=પરિશુદ્ધ ભવ્યત્વના પરિપાકના સામર્થ્યથી મતિભેદાદિના કારણની અપ્રાપ્તિ થયે છતે, પૂર્વમાં દુર્ગતિના બંધાયેલા આયુષ્યવાળા જીવોને છોડીને દુર્ગતિ નથી જ=કુદેવત્વ, કુમાનુષત્વ, તિર્યંચત્વ, નારકત્વની પ્રાપ્તિ થતી નથી જ, પરંતુ સુદેવતત્વ, સુમાનુષત્વ જ પ્રાપ્ત થાય છે.

અને "વિશુદ્ધિથી=સમ્યક્ત્વની વિશુદ્ધિથી, ચારિત્ર પ્રાપ્ત થાય છે." (સૂ. ૧૩૦)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

વિશુદ્ધિથી=પરિશુદ્ધ નિઃશંકિતત્વાદિ દર્શનાચારરૂપ પાણીના પૂરથી પ્રક્ષાલિત શંકાદિ કાદવપણાને કારણે પ્રકર્ષ પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનાદિથી, ચારિત્ર=સર્વ સાવદ્યયોગના પરિહારપૂર્વક નિરવદ્યયોગનાં સમાચારરૂપ ચારિત્ર, પ્રાપ્ત થાય

છે; કેમ કે શુદ્ધ સમ્યક્ત્વનું જ ચારિત્રરૂપપણું છે. અને તે પ્રમાણે=શુદ્ધ સમ્યક્ત્વ ચારિત્રરૂપ છે તે પ્રમાણે, આચારાંગનું સૂત્ર છે –

"જેને મૌન એ પ્રમાણે તું જો, તેને સમ્યક્ત્વ એ પ્રમાણે તું જો. જેને સમ્યક્ત્વ એ પ્રમાણે તું જો, તેને મૌન એ પ્રમાણે તું જો." **(આચારાંગ ૧/૧/૫-૩, સૂ. ૧૫૫)**

'ઇતિ' શબ્દ આચારાંગસૂત્રના કથનની સમાપ્તિ માટે છે.

આ રીતે સમ્યગ્દર્શન ચારિત્રમાં પરિણમન પામે છે તેમ બતાવ્યા પછી શ્રોતાને પ્રશ્ન થાય કે રાગાદિભાવો ચારિત્રમાં યત્ન કરવા માટે બાધક થાય છે. તેનો ક્ષય કઈ રીતે કરવો ? તે બતાવવા અર્થે કહે છે –

"ભાવનાથી રાગાદિનો ક્ષય થાય છે." (સૂ. ૧૩૧)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

મોક્ષના અર્થી એવા જીવો દ્વારા ભાવન કરાય છે અર્થાત્ તેઓ નિરંતર જ અભ્યાસ કરાય છે એ ભાવનાઓ છે. અને તે અનિત્યત્વ, અશરણાત્વાદિ બાર પ્રકારની છે.

જે પ્રમાણે કહેવાયું છે. "અનિત્યત્વ, અશરણત્વ અને એકતા, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, કર્મના આશ્રવની વિધિ અને સંવરની વિધિ, નિર્જરણ, લોકવિસ્તર, ધર્મસુઆખ્યાત, તત્ત્વચિંતા=ધર્મના સુંદર કહેવાયેલા તત્ત્વની ચિંતા, બોધિનું સુદુર્લભપણું, બાર ભાવના વિશુદ્ધ ભાવવી જોઈએ."

તેના દ્વારા રાગાદિનો ક્ષય=રાગ, દ્વેષ, મોહમલનો પ્રલય થાય છે. જેમ સમ્યક્ ચિકિત્સાથી વાત, પિત્તાદિ રોગનો અપગમ થાય છે અથવા જે પ્રમાણે પ્રચંડ પવનથી મેઘમંડલનું વિઘટન થાય છે.

ભાવનાથી રાગ - દ્વેષ ક્ષય કેમ થાય છે ? તેમાં હેતુ કહે છે –

ભાવનાનું રાગાદિ પ્રતિપક્ષભૂતપણું છે.

તેનાથી પણ શું ?=ભાવનાથી રાગાદિનો ક્ષય થવાથી પણ શું ? એથી કહે છે –

"તેના ભાવમાં=રાગાદિના ક્ષયના ભાવમાં, અપવર્ગ છે." (સૂ. ૧૩૨)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

તેના=રાગાદિના ક્ષયના ભાવમાં, સકલ લોકાલોકને જોવામાં સમર્થ એવા કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થયે છતે તરેલા ભવરૂપી સમુદ્રવાળા જીવને કહેવાયેલા વ્યુત્પત્તિ અર્થવાળો અપવર્ગ ઉદ્ભવ થાય છે.

વળી, તે મોક્ષ કેવા લક્ષણવાળો છે ? એથી કહે છે –

"તે=મોક્ષ, આત્યન્તિક દુઃખના વિગમરૂપ છે." (સૂ. ૧૩૩)

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

તે=અપવર્ગ, અત્યંત સકલ દુઃખશક્તિના નિમૂલન દ્વારા થાય છે, એથી આત્યંતિક દુઃખવિગમ છે=સર્વ શારીરિક માનસિક દુઃખના વિરહરૂપ છે અને સર્વ જીવલોકના સુખ કરતાં અસાધારણ આનંદના અનુભવરૂપ છે.

આ રીતે દેશનાવિધિને વિસ્તારથી કહીને ઉપસંહાર કરતાં કહે છે –

"આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સંવેગને કરનારો પ્રકૃષ્ટ ધર્મ મુનિએ કહેવો જોઈએ.

કઈ રીતે કહેવો જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

ભાવિત એવા મહાત્માએ સાંભળનાર એવા શ્રોતાને યથાબોધ કહેવો જોઈએ." **(ધર્મબિંદુ ગા. ૧૦, ૫.૨૯ એ અધ્યાય-૨)**

આ વ્યાખ્યાતપ્રાય છે=પ્રસ્તુત શ્લોકમાં કહ્યું તે પૂર્વના કથનથી વ્યાખ્યાતપ્રાય છે.

'આહ'થી શંકા કરે છે - ધર્મના ખ્યાપનમાં પણ જ્યારે તેવા પ્રકારના કર્મના દોષને કારણે=તત્ત્વના અર્થી શ્રોતામાં તત્ત્વને સ્પર્શે તેવા પ્રકારના બોધમાં બાધક એવા જ્ઞાનાવરણીયાદિ કર્મના દોષને કારણે, શ્રોતાને બોધ થતો નથી ત્યારે ધર્મનું આખ્યાન શું ફલવાળું છે ? એથી કહે છે –

"શ્રોતાને અબોધ થયે છતે પણ મુનિઓ વડે વિધાનથી=વિધિથી, શુદ્ધચિત્તવાળા એવા કથકને=ઉપદેશકને નિયમથી ફલ કહેવાયું છે." **(ધર્મબિંદુ ગા. ૧૧ અધ્યાય-૨)**

'આહ'થી શંકા કરે છે - પ્રકારાન્તરથી પણ દેશનાના ફલનું સંભાવ્યમાનપણું હોવાથી અહીં જ=શ્રોતાને ઉપદેશના વિષયમાં જ, યત્નથી સર્યું. એ પ્રકારની આશંકા કરીને કહે છે –

"આ જગતમાં તેવો ઉપકાર ક્યારેય વિદ્યમાન નથી. જેવા પ્રકારની ધર્મદેશના જીવોના દુઃખના વિચ્છેદથી ઉપકારક છે." **(ધર્મબિંદુ ગા. ૧૨ અધ્યાય-૨)**

તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

ઉપલભ્યમાન એવા આ જગતમાં કોઈ કાળમાં અથવા કોઈ ક્ષેત્રમાં તેવા પ્રકારનો ઉપકાર=અનુગ્રહ, વિદ્યમાન નથી જ. જેવા પ્રકારની જીવોના=દેશના યોગ્ય જીવોના, દુઃખના વિચ્છેદથી=શારીરિક, માનસિક દુઃખ દૂર કરવાથી, ધર્મદેશના છે. અર્થાત્ ધર્મદેશનાજનિત માર્ગશ્રદ્ધાનાદિ ગુણ છે; કેમ કે તેનું=માર્ગશ્રદ્ધાન આદિ ગુણનું, નિઃશેષ ક્લેશલેશના અકલંકવાળા એવા મોક્ષના આક્ષેપ પ્રતિ અવંધ્યકારણપણું છે.

એ રીતે, ધર્મબિંદુમાં ધર્મદેશના પ્રદાનવિધિ નિરૂપિત છે. ॥૧૯॥

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે ઉપદેશક તત્ત્વવાદનું નિરૂપણ કરે એથી સિદ્ધ થાય કે આત્માને પરિણામી સ્વીકારવામાં આવે અને દેહથી ભિન્નભિન્ન સ્વીકારવામાં આવે તો પૂર્વમાં વર્ણન કર્યા પ્રમાણે બંધના હેતુ એવા હિંસાદિ દસ પાપોથી કર્મોનો બંધ અને તેનાથી વિપરીત મોક્ષના હેતુ એવા અહિંસાદિ દસના સેવનથી ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થાય એ કથન સંગત થાય. આ પ્રકારના તત્ત્વવાદનું નિરૂપણ કર્યા પછી ઉપદેશકે શ્રોતાને પોતાનો ઉપદેશ પરિણમન પામ્યો છે કે નહિ ? તેની પરીક્ષા કરવી જોઈએ.

કઈ રીતે પરીક્ષા કરવી જોઈએ ? એથી કહે છે –

શ્રોતાના એકાંતવાદનાં અરુચિનાં સૂચક વચનો અને તે પ્રકારનું તેનું સંભાષણ છે કે નહિ ? તે જાણીને

તેનાથી નિર્ણય કરવો જોઈએ કે પોતાના વડે અપાયેલો ઉપદેશ આ શ્રોતાને સમ્યક્ પરિણમન પામ્યો છે. અને જ્યારે ઉપદેશકને નિર્ણય થાય કે જે તાત્પર્યથી તત્ત્વવાદનું પોતે નિરૂપણ કરેલ છે તે તાત્પર્યથી આ શ્રોતા ભગવાનના વચનને યથાર્થ સમજીને તેના પરમાર્થને જાણનારો બન્યો છે તેથી હવે આ શ્રોતાને વિશેષ પ્રકારનો બોધ કરાવવાર્થે બંધના ભેદનું કથન કરવું જોઈએ.

આશય એ છે કે તત્ત્વવાદના બોધથી શ્રોતાને સામાન્યથી એ નિર્ણય થયેલો કે અહિંસાદિ પાંચ, તત્ત્વનું શ્રદ્ધાન અને ક્ષમાદિ ચાર ભાવો તે મોક્ષનાં કારણ છે અને તેનાથી વિપરીત એવા હિંસાદિ દસ ભાવો બંધનાં કારણ છે. તેથી મારે બંધનાં કારણોનો ત્યાગ કરવો જોઈએ અને મોક્ષના ઉપાયોને સેવવા જોઈએ તેવા શ્રોતાને બંધનાં કારણોના સેવનથી બંધાતાં કર્મોના ભેદનો બોધ કરાવવો જોઈએ. જેથી શ્રોતાને વિશદ બોધ થાય કે હિંસાદિના સેવનથી જે બંધની પ્રાપ્તિ છે તે બંધના અવાંતરભેદ મૂલપ્રકૃતિભેદ આઠ છે અને ઉત્તરપ્રકૃતિરૂપ ભેદ સત્તાણુ છે. અને તે સર્વનો વિશેષબોધ થાય તો તે કર્મબંધથી થતા જીવને શું-શું અનર્થો થાય છે તેનો બોધ તે શ્રોતાને થાય. જેથી વિશેષ પ્રકારના બોધના કારણે બંધના ઉપાયોનું નિવર્તન કરીને તે શ્રોતા આત્મહિત સાધી શકે.

વળી, બંધના ભેદોનું કથન કર્યા પછી અન્ય શું કરવું જોઈએ ? તે બતાવે છે –

વરબોધિલાભની પ્રરૂપણા કરવી જોઈએ.

તે વરબોધિલાભની પ્રરૂપણા બે રીતે બતાવે છે –

૧. તીર્થંકરભાવની પ્રાપ્તિના કારણ એવા શ્રેષ્ઠબોધિલાભની પ્રરૂપણા અથવા ૨. દ્રવ્યબોધિલાભથી વ્યતિરિક્ત એવો પારમાર્થિક બોધિલાભની પ્રરૂપણા.

પૂર્વમાં બતાવેલ મોક્ષના હેતુ એવા અહિંસાદિ દસ કારણોને સેવીને મહાત્માઓ તીર્થંકરભાવની પ્રાપ્તિના કારણ એવા શ્રેષ્ઠ બોધિલાભને પ્રાપ્ત કરે છે. જે બોધિલાભ અન્ય સર્વ બોધિલાભથી સર્વોત્તમ છે.

આશય એ છે કે બોધિલાભ અનેક પ્રકારના છે. કેટલાક જીવો બોધિલાભને પ્રાપ્ત કરીને છેલ્લા ભવમાં પ્રત્યેકબુદ્ધ થાય છે, કોઈક સ્વયંબુદ્ધ થાય છે, કોઈક વળી બુદ્ધબોધિત થાય છે. તે સર્વ બોધિલાભ કરતાં તીર્થંકરના ભાવને પ્રાપ્ત કરાવનારો બોધિલાભ સર્વોત્તમ છે. આવો સર્વોત્તમ બોધિલાભ પણ જિનવચનાનુસાર તત્ત્વના સેવનથી જીવોને પ્રાપ્ત થઈ શકે છે. માટે તત્ત્વવાદના પરમાર્થને જાણ્યા પછી અપ્રમાદભાવથી તત્ત્વમાં યત્ન કરવામાં આવે તો જે જીવોમાં સત્ત્વનો પ્રકર્ષ થાય તે જીવો આવા બોધિલાભને=તીર્થંકરભાવને પ્રાપ્ત કરાવનાર બોધિલાભને; પ્રાપ્ત કરીને તીર્થંકર જેવી સમૃદ્ધિ પ્રાપ્ત કરશે અને ઘણા જીવો પર ઉપકાર કરીને મોક્ષરૂપ ફળ પામશે. માટે કલ્યાણના અર્થીએ મોક્ષના ઉપાયમાં અપ્રમાદ કરવો જોઈએ.

વળી, બોધિલાભ વિષયક પ્રરૂપણા 'અથવા'થી કહે છે –

તત્ત્વવાદને સાંભળીને કેટલાક જીવો તત્ત્વને અભિમુખ થાય છે અને તત્ત્વશ્રવણને અભિમુખ થયેલા જીવો શાસ્ત્રવચનાનુસાર ગુરુ પાસેથી સમ્યક્ત્વ ગ્રહણ કરે છે તે વખતે સમ્યક્ત્વને પ્રગટ કરવા અને સ્થિર

કરવાના ઉપાયરૂપ દર્શનાચારને સેવવાની પ્રતિજ્ઞા કરે છે. તેવા પણ જીવોને સમ્યગ્દર્શન પ્રગટ થયું ન હોય તો દ્રવ્યથી બોધિનો લાભ છે અને તે દ્રવ્યથી સ્વીકારેલ બોધિલાભ દર્શનાચારના સેવનથી પારમાર્થિક બોધિલાભનું કારણ બને છે. તે બતાવવા માટે 'વર'નો અર્થ કરે છે –

દ્રવ્ય-બોધિલાભથી વ્યતિરિક્ત એવું વર=પારમાર્થિક બોધિલાભ, તેની પ્રરૂપણા કરવી જોઈએ.

કઈ રીતે પારમાર્થિક બોધિલાભની પ્રરૂપણા કરવી જોઈએ ? એથી કહે છે –

પારમાર્થિક બોધિલાભની હેતુથી, સ્વરૂપથી અને ફલથી પ્રરૂપણા કરવી જોઈએ. જેથી શ્રોતાને પારમાર્થિક બોધિલાભનો યથાર્થ બોધ થાય; કેમ કે માત્ર દ્રવ્યથી ઉચ્ચારેલ સમ્યગ્દર્શનથી કલ્યાણની સિદ્ધિ નથી પરંતુ દ્રવ્યથી સ્વીકારાયેલ સમ્યગ્દર્શન દ્વારા પારમાર્થિક સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો તે શ્રોતાને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. માટે પારમાર્થિક બોધિલાભ શું છે ? તેનો બોધ કરાવવાર્થે ઉપદેશકે યત્ન કરવો જોઈએ.

આ રીતે બોધિલાભનો હેતુથી, સ્વરૂપથી અને ફલથી બોધિ કરાવવો જોઈએ તેમ કહ્યું તેથી હવે હેતુથી બોધિલાભનું સ્વરૂપ બતાવે છે –

તથાભવ્યત્વાદિથી સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ બોધિલાભ થાય છે.

તેથી એ ફલિત થાય કે બોધિલાભનો હેતુ તથાભવ્યત્વાદિ છે.

વળી, તથાભવ્યત્વાદિમાં 'આદિ' પરથી અન્ય ચાર કારણોનું ગ્રહણ છે. તેથી સમ્યક્ત્વપ્રાપ્તિ પ્રત્યે તથાભવ્યત્વાદિ પાંચ કારણો હેતુ છે, તે પ્રકારનો અર્થ ફલિત થાય છે.

૧. તથાભવ્યત્વ=જીવનો તેવા પ્રકારનો સ્વભાવ.

૨. કાળ=કાળનો પરિપાક.

૩. નિયતિ.

૪. કર્મ.

૫. પુરુષ=પુરુષકાર.

૧. તથાભવ્યત્વ :–

તથાભવ્યત્વ શું છે ? તે સ્પષ્ટ કરવાર્થે પ્રથમ ભવ્યત્વનો અર્થ કરે છે –

જીવમાં સિદ્ધિગમનને યોગ્યતારૂપ અનાદિ પારિણામિકભાવ વર્તે છે. જે આત્માના સ્વસ્વરૂપરૂપ જ ભવ્યત્વ છે.

દરેક ભવ્યજીવોને કાલાદિના ભેદથી બીજસિદ્ધિ થાય છે. પરંતુ એક કાલમાં બીજસિદ્ધિ થતી નથી. તેથી નક્કી થાય છે કે સિદ્ધિગમનયોગ્યત્વ દરેક જીવોનું સમાન નથી. જો દરેક જીવોનું ભવ્યત્વ સમાન હોય તો એક કાળમાં જ દરેક ભવ્યજીવોને બીજસિદ્ધિ થવી જોઈએ અને તેના ફળરૂપે એક કાળમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી જોઈએ. પરંતુ તેવું કાર્ય થતું નથી માટે નક્કી થાય છે કે સિદ્ધિગમનયોગ્યત્વ દરેક જીવોનું,

ભિન્ન ભિન્ન પ્રકારનું છે. તેથી જે જીવોનું જે પ્રકારનું ભવ્યત્વ હોય તે પ્રકારે તે જીવને બીજસિદ્ધિ આદિ થાય છે. તે પ્રકારના ભવ્યત્વના ભેદને બતાવવા માટે તથાભવ્યત્વ કહેવાય છે અર્થાત્ તેવા પ્રકારનું ભવ્યત્વ સમ્યક્ત્વપ્રાપ્તિ પ્રત્યે હેતુ છે, એમ કહેવાય છે. તેથી એ ફલિત થાય કે જીવમાં રહેલો તેવા પ્રકારનો સ્વભાવ તે તથાભવ્યત્વ છે અને તથાભવ્યત્વને કારણે જીવ સદ્ધર્માદિની પ્રશંસા કરીને બીજાધાન કરે છે. અને બીજાધાનાદિની પ્રાપ્તિ પછી ઉપદેશક આદિ ઉચિત સામગ્રી પામીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. તેથી જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ તેના પ્રત્યે હેતુ તે જીવમાં રહેલું તથાભવ્યત્વ છે.

૨. કાળ :-

સમ્યક્ત્વની પ્રાપ્તિનો હેતુ એવો કાળ એ વિશિષ્ટ પુદ્ગલપરાવર્ત ઉત્સર્પિણી આદિરૂપ છે. અને તથાભવ્યત્વને ફલદાનને અભિમુખ કરનારો છે. જેમ વનસ્પતિવિશેષને ખીલવવામાં વસંતઋતુ કારણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે દરેક ભવ્યજીવો અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યા છે. જે જીવોના તથાભવ્યત્વના પાકનો કાળ પ્રાપ્ત થાય ત્યારે તે કાળ તે જીવમાં વર્તતા તથાભવ્યત્વને, સમ્યક્ત્વપ્રાપ્તિને અભિમુખ કરે છે. તે કાળ એટલે અનંતા પુદ્ગલપરાવર્ત પસાર થયા તેમાંથી જે જીવ જે કાળમાં સમ્યક્ત્વને અભિમુખ ભાવવાળો થાય તે કાળ. આ કાળ પૂર્વના અનંત પુદ્ગલપરાવર્ત કરતાં વિશિષ્ટ પુદ્ગલપરાવર્તરૂપ છે અને તે ઉત્સર્પિણી-અવસર્પિણી આદિ સ્વરૂપ છે. તેથી એ ફલિત થાય કે અત્યાર સુધી તે જીવનો કાળ પાક્યો ન હતો. તેથી તેના તથાભવ્યત્વનો કાળ પાક્યો નહિ હોવાથી તેનું તથાભવ્યત્વ સમ્યક્ત્વરૂપ ફલદાનને અભિમુખ થયું નહિ. હવે તેનો કાળ પાક્યો તેથી તે જીવમાં રહેલું તથાભવ્યત્વ સમ્યક્ત્વને અભિમુખ બન્યું. તે કાળ પૂર્વના અનંતા પુદ્ગલપરાવર્ત કરતાં વિશિષ્ટ પુદ્ગલપરાવર્તરૂપ કાળ છે. તે કાળમાં તે જીવ કોઈક નિમિત્તને પામીને ધર્મની પ્રશંસાદિ કરીને બીજાધાન કરે છે. તેના પૂર્વના સર્વકાલમાં તે જીવે ક્યારેય બીજાધાન કર્યું નહિ તેનું કારણ તે જીવનો કાળ પાક્યો ન હતો. આથી જ, જે જીવનો હજી સમ્યક્ત્વપ્રાપ્તિનો કાળ પાક્યો નથી તે જીવ ધર્મસામગ્રી પામીને પણ માર્ગાનુસારી ઊહ કરે તેવી બુદ્ધિવાળા થયા નથી અને જે જીવનો કાળ પાક્યો છે તે જીવને માર્ગાનુસારી ઊહ પ્રગટે છે. જેના બળથી તત્ત્વાતત્ત્વનો વિભાગ કરીને તે જીવ સમ્યક્ત્વ પામે છે. માટે વનસ્પતિવિશેષને જેમ વસંતઋતુ ફલને અભિમુખ બનાવે છે તેમ કાળનો પરિપાક જીવના તથાભવ્યત્વને સમ્યક્ત્વરૂપ ફલ આપવાને અભિમુખ કરે છે.

૩. નિયતિ :-

કોઈ જીવનો કાળ પાકેલ હોય તોપણ કેટલાક જીવો બીજાધાન કરીને અટકે છે તો કેટલાક જીવો બીજાધાન કરીને તરત સમ્યક્ત્વ પામે છે. વળી, કેટલાક જીવો બીજાધાન કરીને તરત જ સમ્યક્ત્વ પામી ભાવથી સર્વવિરતિને પામીને તત્કાલ સંસારનો અંત પણ કરે છે. આ રીતે કાળપરિપાક થયા પછી કોઈકમાં ન્યૂનકાર્ય થાય છે અને કોઈકમાં અધિક કાર્ય થાય છે તેનું કારણ તે જીવમાં રહેલી નિયતિ છે. તેથી જે જીવની જે પ્રકારની નિયતિ હોય તે પ્રકારે કાળપરિપાક થયા પછી ન્યૂન કે અધિકના વ્યવચ્છેદપૂર્વક નિયત એવું બીજાધાનાદિરૂપ કાર્ય નિયતિ કરે છે. આથી જ જીવોની નિયતિ તેવા પ્રકારની છે તે જીવો પ્રથમ જ બીજાધાનની સાથે કેવલજ્ઞાનની પ્રાપ્તિરૂપ ફળને પણ પ્રાપ્ત કરે છે. જેમ મરુદેવા માતા તેમનો કાળ

ચરમભવમાં જ પાકે છે અને તે જ વખતે બીજાધાનાદિના ક્રમથી મરુદેવામાતાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. અને જે જીવોની નિયતિ તેવી નથી તે જીવો કાળના પરિપાક પછી પોતાની નિયતિ અનુસાર બીજાધાનાદિના ક્રમથી સમ્યક્ત્વની પ્રાપ્તિ યાવત્ મોક્ષની પ્રાપ્તિ કરે છે.

૪. કર્મ :-

અપચીયમાન સંક્લેશવાળું, જુદા જુદા પ્રકારના સંવેદનના હેતુ એવું કુશલાનુબંધી કર્મ સમ્યક્ત્વની પ્રાપ્તિનો હેતુ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવમાં મોહઆપાદક કર્મો છે જે સંક્લેશને કરનારા છે. પરંતુ જ્યારે જીવનું તથાભવ્યત્વ પરિપાકને અભિમુખ થાય છે અને સમ્યક્ત્વને અભિમુખ જીવનો કાળ પાકે છે ત્યારે તે સંક્લેશ કરનારાં કર્મો ક્ષીણ - ક્ષીણતર થઈ રહ્યાં છે અને તેના કારણે તે જીવને કુશલબુદ્ધિ પેદા કરાવે તેવું કર્મ વિપાકમાં આવે છે અને તેના કારણે જુદા જુદા પ્રકારના શુભ અધ્યવસાયોનું તે જીવોને સંવેદન થાય છે. આથી જ સમ્યક્ત્વને અભિમુખ થયેલા જીવોનું તેવું કર્મ હોવાને કારણે જીવોને માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થાય છે. આ માર્ગાનુસારી બુદ્ધિને આપાદક એવું કર્મ એ સમ્યક્ત્વપ્રાપ્તિ પ્રત્યે હેતુ છે.

આથી એ ફલિત થાય કે ચરમાવર્ત બહાર રહેલ જીવોનો તથાભવ્યત્વનો પરિપાક નહિ થયેલો હોવાથી તે જીવોનું કર્મ અતિ સંક્લેશ કરનારું હોય છે. અને તેના કારણે જ તે જીવોને તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ થતી નથી. તેના કારણે તેઓ સમ્યક્ત્વ પામી શકતા નથી અને શાસ્ત્રવચન છે કે 'બુદ્ધિ કર્માનુસારી' તેથી માર્ગાનુસારી બુદ્ધિ આપાદક એવું કુશલાનુબંધી કર્મ સમ્યક્ત્વ પ્રાપ્તિ પ્રત્યે હેતુ છે.

૫. પુરુષકાર :-

સમુપચિત પુણ્યના સંભારવાળો, મહાકલ્યાણના આશયવાળો, પ્રધાન પરિજ્ઞાનવાળો=મુખ્ય પદાર્થના બોધવાળો, અને ઉપદેશક દ્વારા પ્રરૂપણા કરાતા અર્થના પરિજ્ઞાનમાં કુશલ એવો પુરુષ એ જ પુરુષકાર છે. તે પુરુષકાર સમ્યક્ત્વની પ્રાપ્તિ પ્રત્યે હેતુ છે.

આશય એ છે કે જ્યારે જીવ સમ્યક્ત્વપ્રાપ્તિને અભિમુખ બને છે ત્યારે તે મહાત્માને પુણ્યનો સમૂહ અત્યંત ઉત્થિત થયેલો છે તેથી માર્ગાનુસારી બુદ્ધિ વર્તી રહી છે. આ માર્ગાનુસારી બુદ્ધિ મહાકલ્યાણના આશયવાળી છે અને આત્માને હિતકારી શું છે ? તેવા પ્રધાન અર્થને જાણવાને અનુકૂળ વ્યાપારવાળી છે. અને યોગ્ય ઉપદેશક દ્વારા તેની યોગ્યતાને અનુરૂપ જે અર્થપ્રરૂપણા કરાય છે, તે અર્થના પરિજ્ઞાનમાં કુશલ એવી તેની બુદ્ધિ પ્રવર્તે છે. તેના બળથી શાસ્ત્રવચનના પરમાર્થને તે જીવ પ્રાપ્ત કરે છે તે કુશલ વ્યાપાર પુરુષકાર છે.

આનાથી એ ફલિત થાય કે જીવનું તથાભવ્યત્વ જ્યારે પરિપાકને અભિમુખ બને તેવો કાળ પ્રગટ થાય ત્યારે તેની નિયતિને અનુસાર તેનામાં ઊહ પ્રગટે છે તેને અનુરૂપ તેનું કુશલાનુબંધીકર્મ વિપાકમાં આવી રહ્યું છે અને તે કુશલાનુબંધીકર્મને અનુરૂપ તે જીવમાં ઉત્તમ આશય થાય છે અને તેથી ઉપદેશકાદિ દ્વારા કહેવાતા ઉપદેશનો સમ્યક્‌બોધ કરવા તે જીવ સમ્યક્ વ્યાપાર કરે છે. તેથી જીવમાં સમ્યક્ત્વ પ્રગટે છે.

આમ, સમ્યક્ત્વપ્રાપ્તિ પ્રત્યે તથાભવ્યત્વાદિ પાંચ હેતુઓનો સમુદાય કારણ છે.

હેતુથી સમ્યક્ત્વ બતાવ્યા પછી સ્વરૂપથી સમ્યક્ત્વ બતાવે છે –

ભગવાને જીવાદિ નવપદાર્થો જે પ્રકારે બતાવ્યા છે તે પ્રકારે જીવાદિ પદાર્થવિષયક તેવી રુચિ=ભગવાને બતાવેલા જીવાદિ પદાર્થોને યથાર્થ જાણીને તે અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને મારે આત્મહિત સાધવું છે તેવી તીવ્ર રુચિ, તે સમ્યક્ત્વનું સ્વરૂપ છે.

હેતુ અને સ્વરૂપથી સમ્યક્ત્વને બતાવ્યા પછી ફલથી સમ્યક્ત્વ શું છે ? તે બતાવે છે –

જીવમાં વર્તતી તત્ત્વાતત્વના વિભાગમાં બાધક એવી રાગ-દ્વેષની પરિણતિરૂપ ગ્રંથિ છે અને સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં તે ગ્રંથિનો ભેદ થાય છે. તે ગ્રંથિનો ભેદ થયા પછી જીવને અત્યંત સંક્લેશ થતો નથી. અર્થાત્ ભોગાદિની ઇચ્છા તે સંક્લેશરૂપ છે. તોપણ વિવેકચક્ષુ ખૂલેલાં હોવાને કારણે ગાઢ આસક્તિનો અભાવ થવાથી અતિસંક્લેશ થતો નથી.

આશય એ છે કે કોઈ દોરીની ગાંઠ બંધાયેલી હોય અને લાંબા સમય સુધી રહેવાથી ગૂઢ, રૂઢ, કર્કશ એવી ગાંઠને ખોલવી અતિદુષ્કર છે. તેમ સંસારી જીવોને ઇન્દ્રિયને અનુકૂળ બાહ્યવિષયોમાં જ સારબુદ્ધિ વર્તે તેવી રાગાદિની પરિણતિરૂપ ગ્રંથિ અતિ મજબૂત થયેલી છે અને જીવો અનાદિકાળથી તે પ્રકારના ભાવોને કરીને બાહ્યપદાર્થને જોવાની દૃષ્ટિવાળા થયા છે અને કોઈક રીતે ઉપદેશાદિની સામગ્રીને પામીને ધર્મ કરે તોપણ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી ઊહ પ્રગટ થતો નથી પરંતુ સ્વ-સ્વ દર્શન પ્રત્યેના પક્ષપાતથી જ ધર્મબુદ્ધિ થાય છે. તેથી સ્વદર્શનનો પક્ષપાત અને પરદર્શન પ્રત્યે અરુચિરૂપ રાગ-દ્વેષની પરિણતિ મજબૂત અને સ્થિર વર્તે છે, તેવા જીવોએ રાગ-દ્વેષની પરિણતિરૂપ ગ્રંથિનો ભેદ કર્યો નથી. પરંતુ જે જીવોમાં તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત પ્રગટ્યો છે. તેથી સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવા માટે નિર્મલદૃષ્ટિ પ્રગટી છે. અને તેના કારણે તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી ઊહ પ્રગટ્યો છે તેવા જીવોને જીવાદિ તત્ત્વો જે પ્રકારે ભગવાને બતાવ્યા છે તે પ્રકારે યથાર્થ ભાસે છે તેથી કોઈપણ દર્શનના પક્ષપાત વગર તત્ત્વ પ્રત્યેના પક્ષપાતથી તે જીવો શક્તિ અનુસાર જીવાદિ તત્ત્વોને જાણવા માટે અને જાણીને તે પ્રકારે ઉચિત પ્રવૃત્તિ કરવા માટે યત્ન કરે છે. તેવા જીવોમાં સમ્યક્ત્વ વર્તે છે. અને સમ્યક્ત્વને કારણે તેઓમાં નિર્મળબુદ્ધિ વર્તે છે. તેથી અવિરતિ આપાદક કર્મોના બળથી ભોગાદિની ઇચ્છારૂપ રાગાદિનો સંક્લેશ તેઓને થાય છે. તોપણ તે સંક્લેશ અત્યંત મંદ હોય છે. તેથી કહ્યું કે ગ્રંથિભેદ થયે છતે અત્યંત સંક્લેશ વર્તતો નથી. વળી આવા જીવો સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તોપણ પૂર્વના જેવો સંક્લેશ તેઓને ક્યારેય થતો નથી.

તેમાં દૃષ્ટાંત કહે છે –

માળામાં પરોવવા માટે મણિમાં છિદ્ર પાડેલું હોય અને કોઈક રીતે તે છિદ્ર મલથી પૂર્ણ થાય તોપણ છિદ્ર નહિ પાડેલા મણિ જેવું તે છિદ્ર પાડેલું મણિ થતું નથી; કેમ કે તે મલથી પુરાયેલા છિદ્રના મલને કાઢવા માટે અલ્પ યત્નની આવશ્યકતા છે. પરંતુ ભેદ વગરના મણિમાં છિદ્ર પાડવા માટે અધિક યત્નની

આવશ્યકતા છે. તેથી ભેદ વગરના મણિમાં છિદ્ર પાડવા માટે જેવો યત્ન જોઈએ છે તેવો યત્ન છિદ્રમાંથી મલને કાઢવા માટે આવશ્યક નથી. તે રીતે એક વખત તત્ત્વાતત્ત્વનો ઊહ કરીને તત્ત્વને જોવામાં બાધક એવા રાગાદિનો જેમણે નાશ કર્યો છે તે જીવોને ગ્રંથિભેદકાળમાં સર્વ કર્મથી રહિત આત્માની ઉત્તમ અવસ્થા તત્ત્વરૂપ દેખાય છે. અને સમિતિ-ગુપ્તિના મર્મના બોધપૂર્વક સમિતિ-ગુપ્તિનું પાલન તેનો ઉપાય દેખાય છે. અને કોઈક નિમિત્તથી તેવા જીવો સમ્યક્ત્વથી પાત પામે તોપણ ફરી કિંચિત્ કાળમાં અવશ્ય સમ્યક્ત્વ પામે છે. તેથી તેઓમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે જેવો સંક્લેશ હતો તેવો સંક્લેશ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી પણ થતો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે અતિશય સંક્લેશનો અભાવ તે સમ્યક્ત્વનું ફળ છે અને સમ્યક્ત્વ પામ્યા પછી જીવો અધિક - અધિક સંક્લેશનો અભાવ કરીને, સમ્યક્ત્વથી ભ્રષ્ટ ન થાય તો સર્વ સંક્લેશથી રહિત એવી સિદ્ધાવસ્થાને અલ્પકાળમાં પ્રાપ્ત કરે છે.

પૂર્વમાં કહ્યું કે સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તોપણ પૂર્વના જેવો તીવ્ર સંક્લેશનો પરિણામ તે જીવને થતો નથી. ત્યાં પ્રશ્ન થાય કે પૂર્વમાં જેમ મિથ્યાત્વ હતું તેમ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી પણ જીવમાં મિથ્યાત્વ વર્તે છે તેથી એ જીવોને પૂર્વના જેવો સંક્લેશ થતો નથી તે કેમ નક્કી થાય ? તેથી કહે છે –

સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા જીવો પૂર્વના જેવો ફરી કર્મબંધ કરતા નથી. તેથી નક્કી થાય છે કે ગ્રંથિભેદના પૂર્વે તે જીવો જ્યારે ગાઢ મિથ્યાત્વ અવસ્થામાં હતા ત્યારે જેવો સંક્લેશ કરી તીવ્ર કર્મ બાંધતા હતા તેવો સંક્લેશ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી પણ તે જીવોને ક્યારેય થતો નથી.

ફરી તેવો કર્મબંધ કેમ થતો નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે જીવો સમ્યક્ત્વ પામવા માટે ગ્રંથિભેદ કરી રહ્યા છે તે જીવો આયુષ્યકર્મને છોડીને સર્વકર્મની સ્થિતિ અંતઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં કરે છે અને સમ્યક્ત્વ પામ્યા પછી તે જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તોપણ ગ્રંથિભેદકાળમાં સત્તામાં રહેલી અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ કરતા અધિક કર્મની સ્થિતિ બાંધતા નથી. તેથી નક્કી થાય છે કે અધિક કર્મબંધની સ્થિતિને અનૂકુળ એવો સંક્લેશ તેઓમાં નથી.

અહીં વિશેષ એ છે કે ગ્રંથિભેદકાળમાં આયુષ્યકર્મને છોડી સર્વકર્મની સ્થિતિ અંતઃકોટાકોટી પ્રમાણ હોય છે. અને તે વખતે સમ્યક્ત્વને કારણે જીવમાં વર્તતો વિશુદ્ધ પરિણામ હોવાથી સત્તામાં જે અંતઃકોટાકોટી સ્થિતિ છે તેનાથી પણ નવાં બંધાતાં કર્મોની સ્થિતિ અલ્પપ્રમાણમાં કરે છે; કેમ કે સમ્યક્ત્વકાળમાં સંક્લેશ અલ્પ છે. અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી સંક્લેશ અધિક થાય છે. તેથી સમ્યક્ત્વકાળના બંધ કરતાં અધિક કર્મની સ્થિતિ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા જીવો બાંધે છે. તોપણ સમ્યક્ત્વના કાળમાં જે સત્તામાં અંતઃકોટાકોટી પ્રમાણ સ્થિતિ હતી તેનાથી અધિક કર્મબંધની સ્થિતિ થતી નથી. તેથી એ ફલિત થાય છે કે મિથ્યાત્વ અવસ્થામાં તેઓને સંક્લેશ છે તે પણ અંતઃકોટાકોટીથી અધિક સ્થિતિબંધનું કારણ બનતો નથી અને ગ્રંથિભેદ પૂર્વે જ્યારે ગાઢ મિથ્યાત્વ વર્તતું હતું ત્યારે તીવ્ર સંક્લેશને કારણે તે જીવો ઉત્કટ સીત્તેર

કોટાકોટી કર્મની સ્થિતિ બાંધતા હતા. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે તે જીવોને જેવો તીવ્ર સંક્લેશ થતો હતો તેવો સંક્લેશ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી તે જીવોને થતો નથી.

જે જીવોનો પરિશુદ્ધ ભવ્યત્વનો પરિપાક થાય છે તે જીવોને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી મતિભેદની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ આ જિનવચન જ તત્ત્વ છે, અન્ય તત્વ નથી એ પ્રકારની સમ્યક્ત્વકાળમાં થયેલી મતિ, તેનાથી વિપરીત મતિ થતી નથી. જે જીવોમાં સમ્યક્ત્વનો વિનાશ નથી પરંતુ સમ્યક્ત્વ વિદ્યમાન છે તેવા જીવોએ પૂર્વમાં અર્થાત્ મિથ્યાત્વ અવસ્થામાં નરકાદિ આયુષ્ય બાંધેલું હોય તો સમ્યક્ત્વ પામ્યા પછી નરકાદિમાં જાય છે, પરંતુ જે જીવોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં આયુષ્ય બાંધ્યું નથી અને તેમના સમ્યક્ત્વનો પાત થાય તેમ નથી તેવા જીવો કુદેવત્વ, કુમાનુષત્વ, તિર્યંચ અને નરકરૂપ દુર્ગતિને ક્યારેય પ્રાપ્ત કરતા નથી પરંતુ મનુષ્યભવમાં હોય તો અવશ્ય સુદેવપણામાં જાય છે અને દેવભવમાં હોય તો અવશ્ય સુમનુષ્યપણાને પામે છે.

તેથી એ ફલિત થાય કે આવા જીવો સમ્યક્ત્વના બળથી ધર્મની સાધનાનું કારણ બને તેવા સુંદર દેવભવ અને સુંદર મનુષ્યભવની પરંપરા દ્વારા અલ્પકાળમાં અવશ્ય મોક્ષમાં જાય છે અને જેઓએ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું છે તેના પૂર્વે નરકાદિનું આયુષ્ય બાંધ્યું છે તેથી તેઓ એક વખત નરકાદિમાં જાય છે અને ત્યાર પછી તેઓ અવશ્ય સુદેવત્વને અને સુમાનુષત્વને જ પામે છે અને અલ્પકાળમાં સંસારનો અંત કરે છે. આ પ્રકારના ઉપદેશ દ્વારા શ્રોતાને સમ્યક્ત્વનો તીવ્ર પક્ષપાત થાય તેવો યત્ન ઉપદેશક કરે.

અહીં વિશેષ એ છે કે જે જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતારૂપ ભવ્યત્વ છે. તે જીવો તથાભવ્યત્વના પરિપાકથી તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિવાળા થાય છે અને તથાભવ્યત્વના પરિપાકથી જ જીવોને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. પરંતુ કેટલાક જીવોના તથાભવ્યત્વનો પરિપાક તેવો વિશુદ્ધ હોતો નથી તેથી સમ્યક્ત્વને પામ્યા પછી કોઈક નિમિત્તને પામીને તેઓની ભગવાનના વચનમાં પ્રગટ થયેલી રુચિ નાશ પામે છે. આવા જીવો સમ્યક્ત્વ પામ્યા પછી મિથ્યાદૃષ્ટિ પણ બને છે. પરંતુ જે જીવોના ભવ્યત્વનો પરિપાક પરિશુદ્ધ થયેલો છે તે જીવોને ભગવાનના વચનમાં થયેલી રુચિ ક્યારેય અન્યથા થતી નથી પરંતુ સદા વિદ્યમાન રહે છે. જેઓને ભગવાનના વચનમાં સ્થિરરુચિ હોય તેવા જીવો સદા શક્તિ અનુસાર જિનવચનને જાણવા માટે, જાણીને સ્વભૂમિકાનુસાર જિનવચન સેવવા માટે ઉદ્યમ કરે છે તેથી તેવા જીવો ક્યારેય પણ દુર્ગતિની પ્રાપ્તિ કરતા નથી.

દુર્ગતિથી જેને ભય લાગ્યો છે તેવા જીવોએ દૃઢ યત્નપૂર્વક જિનવચન જ તત્ત્વ છે એ પ્રકારનું ભાવન કરીને તે પરિણામ અત્યંત સ્થિર કરવો જોઈએ કે જેથી ક્યારેય વિપરીતભાવને પામે નહિ. આ પ્રકારનો ઉપદેશ શ્રોતાને આપવાથી યોગ્ય શ્રોતા તેના પરમાર્થને જાણીને સદા નિઃશંકિત આદિ દર્શનાચારમાં દૃઢ યત્ન કરીને પોતાના સમ્યગ્દર્શનને સ્થિર કરવા પ્રયત્ન કરે. જેથી સમ્યગ્દર્શન પ્રગટ્યું ન હોય તો પ્રગટ થાય અને પ્રગટ થયેલું હોય તો સ્થિર ભાવને પામે. અને પ્રગટ થયેલા સમ્યગ્દર્શનના બળથી તે શ્રોતાનું દુર્ગતિઓના પાતથી રક્ષણ થાય.

પૂર્વમાં ઉપદેશકે શ્રોતાને ઉપદેશ આપ્યો કે સમ્યગ્દર્શનથી પાત ન થાય તો જીવને દુર્ગતિની પ્રાપ્તિ થતી

નથી. વળી, ત્યારપછી કહે છે કે સમ્યક્ત્વની વિશુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

તે અર્થને સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ યોગ્ય જીવ પરિશુદ્ધ નિઃશંકિતત્વાદિ દર્શનાચારનું પાલન કરે તો તેનાથી તેના આત્મામાં ભગવાનના વચનમાં થયેલ શંકાદિના અતિચારોરૂપ કાદવ દૂર થાય છે. તેથી તે જીવમાં ભગવાનના વચનમાં રહેલી સ્થિરરુચિ પ્રકર્ષવાળી થાય છે. અને ભગવાનના વચનમાં પ્રકર્ષવાળી સ્થિરરુચિ હંમેશાં સર્વ સાવદ્યયોગના પરિહારપૂર્વક નિરવદ્ય મન-વચન-કાયાના યોગની પ્રવૃત્તિ સ્વરૂપ ચારિત્રની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનને વિશુદ્ધ કરવામાં આવે તો ચારિત્રની પ્રાપ્તિ પણ સુલભ બને છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ કેમ થાય છે ? તેથી કહે છે –

શુદ્ધ સમ્યક્ત્વનું જ ચારિત્રરૂપપણું છે.

આશય એ છે કે ભગવાનના વચનમાં અત્યંત રુચિ ભગવાનના વચનાનુસાર મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવવામાં જ વિશ્રાંત થનાર છે. ભગવાનના વચનનો ઉપદેશ સર્વ સાવદ્યયોગના પરિહારપૂર્વક નિરવદ્ય મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવવાનો છે. તેથી જે જીવો દર્શનાચારના સેવનથી સમ્યગ્દર્શનને અતિ નિર્મળ કરે છે તે જીવોમાં ભગવાનના વચન પ્રત્યે વર્તતો તીવ્ર પક્ષપાત ભગવાનના વચનાનુસાર સાવદ્યયોગની નિવૃત્તિપૂર્વક નિરવદ્યયોગોમાં પ્રવૃત્તિ કરાવીને વિશ્રાંત થાય છે તેથી પરિશુદ્ધ સમ્યગ્દર્શન ચારિત્રરૂપ જ છે.

તેમાં "આચારાંગ"ની સાક્ષી આપતાં બતાવ્યું કે જે મૌન છે=મુનિભાવ છે, તેને તું સમ્યક્ત્વ જાણ, અને જે સમ્યક્ત્વ છે તેને તું મુનિભાવ જાણ. એમ બતાવીને સમ્યક્ત્વ મુનિભાવ સ્વરૂપ જ છે તેમ બતાવ્યું તે પરિશુદ્ધ સમ્યગ્દર્શનને બતાવનાર છે; કેમ કે જે જીવોને ભગવાનના વચનમાં અત્યંત સ્થિર શ્રદ્ધા છે તે જીવો અવશ્ય જિનવચનાનુસાર નિરવદ્યયોગોમાં પ્રવૃત્તિ કરીને સંસારનો અંત કરવા ઉદ્યમ કરે છે. આ પ્રકારે યોગ્ય શ્રોતાને ઉપદેશ આપવાથી મોક્ષના અર્થી એવા શ્રોતાને મોક્ષના ઉપાયભૂત ચારિત્ર અને ચારિત્રના ઉપાયભૂત પરિશુદ્ધ એવા સમ્યગ્દર્શનમાં દૃઢ ઉદ્યમ થાય જેથી યોગ્ય શ્રોતા તેના પરમાર્થને જાણીને અપ્રમાદભાવથી જિનવચન પ્રત્યે સ્થિર શ્રદ્ધા કરીને જિનવચનાનુસાર નિરવદ્યયોગોમાં દૃઢ વ્યાપાર કરવા માટે ઉત્સાહિત થાય.

પૂર્વમાં ઉપદેશકે સમ્યગ્દર્શનથી દુર્ગતિની પ્રાપ્તિ થતી નથી અને સમ્યગ્દર્શનની શુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે તેમ બતાવ્યું. હવે સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં, સમ્યગ્દર્શનની વિશુદ્ધિમાં કે ચારિત્રની પ્રાપ્તિમાં જીવને બાધક રાગાદિ ભાવોના નાશનો ઉપાય ભાવનાઓ છે તે બતાવતાં કહે છે –

જે જીવો સંસારથી મુક્ત થવાની ઇચ્છાવાળા છે તે જીવો નિરંતર જ અનિત્યત્વ આદિ બાર ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે. આ ભાવનાઓના બળથી આત્મામાં વર્તતો રાગ, દ્વેષ અને મિથ્યાત્વરૂપી મોહનો મલ નાશ પામે છે. જેમ શરીરમાં વાત-પિત્તાદિની વિષમતાથી રોગ થયેલો હોય તો સમ્યક્ ચિકિત્સાથી નાશ પામે છે, તેમ આત્માના ભાવરોગ માટે સમ્યક્ચિકિત્સા સ્થાનીય આ બાર ભાવનાઓ છે. જેમ પ્રચંડ

પવનથી મેઘના મંડલો દૂર થાય છે તેમ મેઘના મંડલ જેવી આત્મામાં રાગાદિ પરિણતિ છે. જે જીવો અત્યંત ઉપયોગપૂર્વક આ બાર ભાવનાઓથી આત્માને વાસિત કરે છે તેઓની તે ભાવનાઓ પ્રચંડ પવન જેવી હોવાથી મેઘમંડલ જેવા રાગાદિ ભાવોનો નાશ કરે છે.

અહી પ્રશ્ન થાય કે ભાવનાઓથી રાગાદિ નાશ કેમ પામે છે ? તેથી કહે છે –

રાગાદિ ભાવો બાહ્યવિષયને સ્પર્શીને થનારા આત્માના ભાવો છે અને આ બાર ભાવના બાહ્યપદાર્થોથી વિપરીત દિશામાં આત્માને પ્રવર્તાવે તેવા વિશુદ્ધભાવને ઉલ્લસિત કરે એવા પ્રકારના પરિણામ સ્વરૂપ છે તેથી રાગાદિ ભાવોના પ્રતિપક્ષરૂપ આ ભાવનાઓ છે. માટે સંસારની વાસ્તવિક સ્થિતિના અવલોકનમાંથી ઉત્થિત થયેલ અન ઉચિત એવા આશ્રવના નિરોધ માટે અને સંવરને ઉલ્લસિત કરવા માટે જીવને પ્રવર્તાવનારી એવી આ ભાવનાઓ મુમુક્ષુએ સદા ભાવન કરવી જોઈએ જેથી રાગાદિનો ક્ષય થાય અને નિર્મલ એવું સમ્યગ્દર્શન સ્થિર થાય. તે સમ્યગ્દર્શન ચારિત્રની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ ફલમાં વિશ્રાંત થાય તે પ્રમાણે સદા મુમુક્ષુએ યત્ન કરવો જોઈએ.

પૂર્વમાં બતાવ્યું એ પ્રમાણે કોઈ મુમુક્ષુ બાર પ્રકારની ભાવનાથી આત્માને અત્યંત ભાવિત કરે તો બાહ્યપદાર્થોના બળથી પોતે સુરક્ષિત છે તેવો ભ્રમ તેના ચિત્તમાંથી અશરણાદિ ભાવનાઓના ભાવનને કારણે દૂર થાય છે. આશ્રવ અને સંવરાદિ ભાવનાઓથી આશ્રવના રોધ માટે અને સંવરમાં દૃઢ યત્ન કરવા માટે ઉત્સાહિત થાય છે. તેથી આશ્રવના નિરોધના ઉપાયોને અને સંવરના ઉપાયોને યથાર્થ જાણીને તેને સેવવા માટે દૃઢ ઉદ્યમ થાય છે જેના બળથી રાગાદિભાવો ક્ષય થવા માંડે છે અને બારભાવનાઓના પ્રકર્ષથી જ્યારે રાગાદિ અત્યંત ક્ષય પામે છે ત્યારે તે મહાત્માને કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે. તે વખતે તે મહાત્મા ભવરૂપી સમુદ્રને પાર પામેલા બને છે અને તેના ફળરૂપે તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે યોગ્ય શ્રોતાને ઉપદેશક કહે. જે સાંભળીને તે યોગ્ય શ્રોતા બાર ભાવનાઓના પરમાર્થને જાણવા માટે, જાણીને સ્થિર કરવા માટે અને સ્થિર કર્યા પછી તે ભાવનાઓથી આત્માને અત્યંત ભાવિત કરવા ઉદ્યમ કરે જેના બળથી નિર્લેપ થયેલ તે મહાત્મા પોતાને મોક્ષ પ્રાપ્ત થશે તેવી સ્થિર શ્રદ્ધાપૂર્વક યત્ન કરીને આત્મહિત સાધશે.

વળી, રાગ-દ્વેષના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે તે મોક્ષ કેવા સ્વરૂપવાળો છે તે ઉપદેશક શ્રોતાને બતાવે અને કહે કે તે મોક્ષ આત્યંતિક દુઃખના નાશરૂપ છે અર્થાત્ સંસારમાં જે કંઈ સુખ મળે છે તે સુખના કાળમાં દુઃખનો નાશ છે, તોપણ આત્યંતિક દુઃખનો નાશ નથી; કેમ કે સંસારાવસ્થામાં મૃત્યુ અવશ્યભાવિ છે જે દુઃખરૂપ છે. તે સિવાય પણ ગમે ત્યારે શારીરિક-માનસિક ક્લેશો પ્રાપ્ત થાય છે તે દુઃખરૂપ છે. એથી સંસારનું સુખ આત્યંતિક દુઃખના વિગમનરૂપ નથી પરંતુ દુઃખોથી અનુવિદ્ધ છે. જ્યારે મોક્ષ અવસ્થામાં જે સુખ થાય છે તે સુખ આત્યંતિક દુઃખના અભાવરૂપ છે અને સંસારવર્તી જીવોને જે સુખ છે તે સર્વ સુખ કરતાં ઉત્કૃષ્ટ સુખરૂપ છે. આ પ્રકારનો ઉપદેશ સાંભળીને શ્રોતાને મોક્ષના સુખ પ્રત્યેનો પક્ષપાત દૃઢ થાય જેના કારણે તેના ઉપાયભૂત રાગાદિના નાશની ઇચ્છા ઉત્કટ

થાય અને રાગાદિના નાશની ઇચ્છા ઉત્કટ થાય તો તેના ઉપાયભૂત બાર ભાવનાઓમાં તે શ્રોતા માર્ગાનુસારી દૃઢ યત્ન કરીને હિત સાધી શકે.

અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે દેશનાવિધિના વિસ્તારને કરીને ઉપસંહાર કરતાં ધર્મબિંદુની સાક્ષી આપે છે –

ધર્મબિંદુ ગ્રંથના આધારે અત્યાર સુધી જે દેશનાવિધિનું વર્ણન કર્યું એ પ્રમાણે સંવેગને કરનાર પ્રકૃષ્ટ ધર્મ મુનિએ કહેવો જોઈએ.

તેથી એ ફલિત થાય કે અત્યાર સુધી વર્ણન કર્યું એ વિધિ અનુસાર મોક્ષફલ સુધીનું માર્ગાનુસારી સૂક્ષ્મ વર્ણન ગ્રંથકારશ્રીએ કર્યું તે સાંભળીને જેની બુદ્ધિમાં સ્થિર નિર્ણય થાય કે જીવની સુંદર અવસ્થા મુક્તાવસ્થા જ છે અને જીવની ખરાબ અવસ્થા સંસારઅવસ્થા છે અને તેના ઉપાયભૂત એવો ધર્મ આ મહાત્માએ બતાવ્યો તે છે અને તે શ્રોતાને તે ઉપદેશ દ્વારા તીવ્ર મોક્ષના અભિલાષપૂર્વક આવો પ્રકૃષ્ટ ધર્મ=મહાવિવેકવાળો ધર્મ, સેવવાનો પરિણામ થાય તેવી દેશના સાધુએ આપવી જોઈએ.

કઈ રીતે તેવી દેશના સાધુએ આપવી જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

તે ઉપદેશક સાધુએ સ્વયં ભાવિત થઈને સાંભળનાર શ્રોતાના બોધને અનુરૂપ દેશના આપવી જોઈએ.

તેનાથી એ ફલિત થાય કે જો ઉપદેશક અત્યંત સંવેગથી ભાવિત થઈને ઉપદેશ આપે તો તે સંવેગનો પરિણામ ઉપદેશકને તો કલ્યાણનું કારણ બને પરંતુ ઉપદેશકના ભાવથી શ્રોતામાં પણ તેવો ભાવ પ્રસૂત થાય છે તે ન્યાયથી ઉપદેશકના તીવ્ર સંવેગના બળથી યોગ્ય શ્રોતાને પણ અવશ્ય સંવેગ થાય. વળી, ઉપદેશકે તીવ્ર સંવેગથી પૂર્વમાં વર્ણન કર્યું તેવી દેશના શ્રોતાના ક્ષયોપશમનો વિચાર કર્યા વગર કરવી જોઈએ નહિ. પરંતુ શ્રોતાની કેવા પ્રકારની ક્ષયોપશમશક્તિ છે ? તેનો વિચાર કરીને તેની બોધશક્તિને અનુરૂપ વિસ્તારથી કે સંક્ષેપથી પૂર્વમાં વર્ણન કરાયેલા પદાર્થો સંવેગપૂર્વક કહેવા જોઈએ જેથી યોગ્ય શ્રોતાને અવશ્ય તે ઉપદેશ પરિણમન પામે અને ઉપદેશકના ઉપદેશનું સાફલ્ય પ્રાપ્ત થાય.

પૂર્વમાં ઉપદેશકે શ્રોતાને કઈ રીતે ઉપદેશ આપવો જોઈએ ? તેની વિધિ બતાવી. ત્યાં કોઈને શંકા થાય કે "કોઈ ઉપદેશક તે વિધિ અનુસાર ધર્મનો ઉપદેશ આપે. આમ છતાં, કોઈ શ્રોતા તત્ત્વ સાંભળવા માટે સન્મુખ થયો હોય છતાં તેના તેવા પ્રકારનાં કર્મો વર્તતાં હોય જેથી તે ઉપદેશકના કથનના મર્મને ગ્રહણ ન કરી શકે અથવા તેવા પ્રકારના કર્મના દોષને કારણે તેનું ચિત્ત અન્ય કાર્યમાં વ્યગ્ર હોય જેથી સંવેગપૂર્વક પણ અપાયેલો ઉપદેશકનો ઉપદેશ શ્રોતાને બોધનું કારણ ન બને ત્યારે તે ઉપદેશકના ઉપદેશની પ્રવૃત્તિનું કોઈ ફળ નથી." તેના નિવારણ માટે કહે છે –

જે ઉપદેશક શુદ્ધ ચિત્તપૂર્વક શાસ્ત્રની મર્યાદાના સ્મરણ અનુસાર શ્રોતાના બોધની શક્તિ આદિનો વિચાર કરીને ઉપદેશ આપે છે અને કોઈક તેવા કારણને કારણે શ્રોતાને બોધ ન થાય તોપણ ઉપદેશકને નિયમથી ફળની પ્રાપ્તિ થાય છે; કેમ કે ઉપદેશક ભગવાનના વચનનું સ્મરણ કરીને શ્રોતાના હિત કરવાના નિર્મળ આશયથી શાસ્ત્રવિધિની મર્યાદા અનુસાર ઉપદેશ આપે છે ત્યારે ઉપદેશકના હૈયામાં વર્તતા વિશુદ્ધ ભાવથી ઉપદેશકને ફળની પ્રાપ્તિ થાય છે. માટે શ્રોતાના તેવા પ્રકારના કર્મદોષના કારણે તેને બોધ ન થાય

તોપણ ઉપદેશકનો શ્રમ સફળ છે માટે ઉપદશકે સર્વથા પ્રમાદ કર્યા વગર શ્રોતાની યોગ્યતાનો નિર્ણય કરીને શાસ્ત્રવિધિ અનુસાર ઉપદેશમાં ઉદ્યમ કરવો જોઈએ. જેથી શક્ય હોય તો સ્વ-પર કલ્યાણ થાય, અથવા એકાંતે સ્વનુ કલ્યાણ થાય.

પૂર્વમાં કહ્યું કે શ્રોતાને એવા કોઈક કર્મના દોષને કારણે દેશના પરિણમન ન પામે તોપણ શુદ્ધાશયથી દેશના આપનાર ઉપદેશકને ફલ પ્રાપ્ત થાય છે. ત્યાં કોઈક શંકા કરે છે કે ઉપદેશકને અન્ય સ્વાધ્યાયાદિ ઉચિત પ્રવૃત્તિથી પણ નિર્જરારૂપ ફલની પ્રાપ્તિ છે, તેથી ઉપદેશક દેશનામાં પ્રયત્ન ન કરે તો શું વાંધો ? તેથી કહે છે –

જગતમાં ક્યારેય તેવો ઉપકાર વિદ્યમાન નથી જે ઉપકાર યોગ્ય શ્રોતાના દુઃખના ઉચ્છેદને કારણે ધર્મદેશનાથી થાય છે અર્થાત્ ઉપદેશકને ઉપદેશકાળમાં ધર્મદેશનાથી જેવો ઉપકાર થાય છે તેવો ઉપકાર અન્ય રીતે થતો નથી; કેમ કે તે ધર્મદેશનાજનિત ઉપદેશકમાં માર્ગશ્રદ્ધાન આદિ ગુણો પ્રગટે છે. અને તે માર્ગશ્રદ્ધાનાદિ ગુણો સંપૂર્ણ ક્લેશલેશના સ્પર્શ વગરના એવા મોક્ષના આક્ષેપ પ્રત્યે અવંધ્યકારણ છે. તેથી ઉપદેશકની દેશનાની શક્તિ હોવા છતાં યોગ્ય શ્રોતાના હિતની ઉપેક્ષા કરીને અન્ય પ્રવૃત્તિ કરે તો તે પ્રકારનો ઉપકાર થાય નહિ પરંતુ સ્વશક્તિ અનુસાર શ્રોતાના હિતને અનુકૂળ દેશનામાં પ્રવૃત્તિ કરે તો તે શ્રોતાને પણ હિતની પ્રાપ્તિ થાય.

આ રીતે ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી જે દેશનાવિધિ બતાવી તે દેશનાવિધિ ધર્મબિંદુમાં નિરૂપિત છે.

અહીં વિશેષ એ છે કે જે ઉપદેશકમાં **અન્ય ઉપર ઉપકાર કરવાની શક્તિ હોય છતાં પ્રમાદને વશ** ઉચિત દેશનાદિમાં પ્રયત્ન ન કરે તો તેનામાં માર્ગશ્રદ્ધાનાદિ ગુણો પ્રાપ્ત થાય નહિ અર્થાત્ માર્ગશ્રદ્ધાન અને માર્ગસેવન આદિ ગુણો પ્રાપ્ત થાય નહિ; કેમ કે ભગવાનની આજ્ઞા છે કે શક્તિ હોય તો સ્વ અને પરના ઉપકારમાં અત્યંત ઉદ્યમ કરવો જોઈએ અને જો પરના ઉપકારની શક્તિ ન હોય તો સ્વના ઉપકારમાં જ અત્યંત ઉધ્યમ કરવો જોઈએ. જે ઉપદેશકમાં સ્વ-પર ઉપકાર કરવાની શક્તિ છે આમ છતાં, પરના ઉપકાર પ્રત્યે યત્ન ન કરે તો ભગવાનના વચનનું પાલન થાય નહિ તેથી તે ઉપદેશકમાં ભગવાનના માર્ગનું શ્રદ્ધાન કદાચ વિદ્યમાન હોય તોપણ ભગવાનની આજ્ઞાના પાલનમાં પ્રયત્ન નહિ હોવાથી માર્ગના પાલનરૂપ ગુણની પ્રાપ્તિ થાય નહિ. માટે શક્તિસંપન્ન એવા મુનિએ અવશ્ય સ્વ-પરના ઉપકારમાં ઉદ્યમ કરવો જોઈએ. જેથી તે ઉપદેશક મહાત્માને પણ શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય. **॥૧૯॥**

અવતરણિકા :-

અથ સદ્ધર્મગ્રહણયોગ્યતામાહ –

અવતરણિકાર્થ :-

હવે સદ્ધર્મના ગ્રહણની યોગ્યતાને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં અત્યાર સુધી સદ્ધર્મની દેશના ઉપદેશકે યોગ્ય શ્રોતાને કઈ રીતે આપવી જોઈએ ? તેનું નિરૂપણ કર્યું. હવે શ્રોતામાં, સદ્ધર્મના ગ્રહણની યોગ્યતા છે તે નક્કી કરવા માટે તે યોગ્યતા કેવા સ્વરૂપવાળી છે તે બતાવે છે –

શ્લોક :-

संविग्नस्तच्छ्रुतेरेवं, ज्ञाततत्त्वो नरोऽनघः ।
दृढं स्वशक्त्या जातेच्छः, संग्रहेऽस्य प्रवर्त्तते ।।२०।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ઉપરમાં દેશનાની વિધિ બતાવી એ નીતિથી, तच्छ्रुतेः=તેની શ્રુતિથી=દેશનાના શ્રવણથી, अनघः=મિથ્યાત્વના માલિન્યથી રહિત છતો, ज्ञाततत्त्वो संविग्न नरः=જ્ઞાતતત્ત્વવાળો સંવિજ્ઞ છતો પુરુષ, जातेच्छः=જાત ઈચ્છાવાળો અર્થાત્ ધર્મને સાંભળવાની ઉત્પન્ન થયેલી અત્યંત ઈચ્છાવાળો, अस्य संग्रहे=ધર્મના સંગ્રહમાં, स्वशक्त्या दृढं प्रवर्त्तते=સ્વશક્તિથી દૃઢ પ્રવર્તે છે, (આવા શ્રોતામાં સદ્ધર્મ ગ્રહણની યોગ્યતા છે એમ અવતરણિકા સાથે સંબંધ છે.) ।।૨૦।।

શ્લોકાર્થ :-

આ રીતે તેની શ્રુતિથી અનઘ, જ્ઞાતતત્ત્વવાળો સંવિગ્ન છતો પુરુષ જાત ઈચ્છાવાળો આના સંગ્રહમાં સ્વશક્તિથી દૃઢ પ્રવર્તે છે. આવા શ્રોતામાં સદ્ધર્મ ગ્રહણની યોગ્યતા છે એમ અવતરણિકા સાથે સંબંધ છે. ।।૨૦।।

ટીકા :-

'एवम्' उक्तनीत्या 'तच्छ्रुतेः' तस्या धर्मदेशनायाः श्रुतेः श्रवणाद् 'नरः' श्रोता पुमान् 'अनघो' व्यावृत्ततत्त्वप्रतिपत्तिबाधकमिथ्यात्वमालिन्यः सन्नत एव 'ज्ञाततत्त्वः' करकमलतलाकलितनिस्तला-स्थूलामलमुक्ताफलवच्छास्त्रलोचनबलेन लोकितसकलजीवादिवस्तुवादः, तथा 'संविग्नः' संवेगमुक्तलक्षणं प्राप्तः सन् 'जातेच्छो' लब्धचिकीर्षापरिणामोऽर्थाद्धर्मे 'दृढम्' अतिसूक्ष्माभोगपूर्वं यथा स्यात्तथा 'स्वशक्त्या' स्वसामर्थ्येन हेतुभूतेन 'अस्य' धर्मस्य 'सङ्ग्रहे' सम्यग्वक्ष्यमाणयोगवन्दनादिशुद्धिरूपविधिपूर्वं ग्रहे=प्रतिपत्तौ 'प्रवर्त्तते' प्रवृत्तिमाधत्ते, अदृढमयथाशक्ति च धर्मग्रहणप्रवृत्तौ भङ्गसंभवेन प्रत्युतानर्थसंभव इति दृढस्वशक्त्योर्ग्रहणं कृतमिति विशेषगृहिधर्मग्रहणयोग्यता प्रतिपादिता भवति ।

ટીકાર્થ :-

'एवम्' ..... भवति । આ રીતે=ઉક્તનીતિથી=પૂર્વના શ્લોકમાં ગ્રંથકારશ્રીએ દેશનાની વિધિ બતાવી

એ નીતિથી, તેના શ્રવણને કારણે=ધર્મદેશનાના શ્રવણને કારણે, નર=શ્રોતારૂપ પુરુષ, અનઘ છતો=વ્યાવૃત થયા છે. તત્ત્વ-પ્રતિપત્તિના બાધક એવા મિથ્યાત્વના માલિન્યવાળો છતો, આથી જ જ્ઞાતતત્ત્વવાળો= કરકમલ-તલમાં=હાથની હથેળીમાં, આકલિત નિસ્તલ અસ્થૂલ એવા આમલમુક્તાફળની જેમ શાસ્ત્રના લોચનના બળથી અવલોકન કરાયેલા સકલ જીવાદિ વસ્તુવાદવાળો, અને સંવિગ્ન=પૂર્વમાં કહેલા લક્ષણવાળા સંવેગને પ્રાપ્ત થયો છતો, જાત ઇચ્છાવાળો=અર્થથી ધર્મમાં પ્રાપ્ત થયેલી ચિકીર્ષાના પરિણામવાળો, દૃઢ=અતિસૂક્ષ્મ ઉપયોગપૂર્વક જે પ્રમાણે થાય તે પ્રમાણે, સ્વશક્તિથી=ધર્મસંગ્રહમાં હેતુભૂત એવા સ્વસામર્થ્યથી, આના=ધર્મના, સંગ્રહમાં=સમ્યક્ વક્ષ્યમાણ એવા યોગ-વંદનાદિ શુદ્ધિરૂપ વિધિપૂર્વક ગ્રહણમાં=સેવનમાં, પ્રવૃત્તિને કરે છે. અદૃઢ અને અયથાશક્તિ ધર્મના ગ્રહણની પ્રવૃત્તિમાં ભંગનો સંભવ હોવાને કારણે ઊલટો અનર્થનો સંભવ છે. તેથી દૃઢ અને સ્વશક્તિનું ગ્રહણ કરાયેલું છે. આ રીતે=શ્લોકમાં વર્ણન કર્યું એ રીતે, વિશેષ ગૃહીધર્મના ગ્રહણની યોગ્યતા પ્રતિપાદન કરાયેલી થાય છે.

ભાવાર્થ :-

પૂર્વશ્લોકમાં ઉપદેશકે યોગ્ય શ્રોતાને કેવી દેશના આપવી જોઈએ તેનું સ્વરૂપ બતાવ્યું. હવે ધર્મ સાંભળવા તત્પર થયેલા શ્રોતામાં સદ્ધર્મગ્રહણની યોગ્યતા હોય ત્યારે તે શ્રોતા કેવો હોય ? તેનું સ્વરૂપ બતાવે છે –

કોઈ યોગ્ય ઉપદેશક પૂર્વમાં વર્ણન કર્યું એ નીતિથી યોગ્ય શ્રોતાને ધર્મદેશના આપે અને તે ધર્મશ્રવણને કારણે તે શ્રોતાને નિર્મળ મતિ થાય અર્થાત્ ભગવાનનું આ વચન જે પ્રમાણે મહાત્મા કહે છે તે પ્રમાણે તત્ત્વને બતાવનાર છે માટે મોક્ષના અર્થી એવા મને આ મહાત્માએ જે પ્રકારે ધર્મ કરવાનો ઉપદેશ આપ્યો તે રીતે ધર્મમાં પ્રયત્ન કરીને મારે હિત સાધવું જોઈએ તેવી સ્થિર બુદ્ધિ થાય તો તે શ્રોતામાં મિથ્યાત્વરૂપી મળ દૂર થાય છે અને તેના કારણે તે જ્ઞાતતત્વવાળો બને છે.

જેમ કોઈ પુરુષના હાથમાં આમ્લફળ હોય તો તે આંબળાના સ્વરૂપને યથાર્થ જાણી શકે છે તેમ પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે ઉપદેશકના વર્ણન દ્વારા જે શ્રોતાને શાસ્ત્રવચનથી યથાર્થ નિર્ણય થયો છે કે સંસાર અવસ્થા આત્માની વિડંબના છે અને આત્માની મુક્ત અવસ્થા સુંદર છે, સંસારાવસ્થામાં પોતાનો આત્મા પરિણામી અને દેહથી ભિન્નાભિન્નરૂપ છે, હિંસાદિ સંસારના ઉપાયો છે અને અહિંસાદિ મોક્ષના ઉપાયો છે, મોક્ષ દુઃખના અત્યંત અભાવરૂપ છે અને પરમસુખ સ્વરૂપ છે, સુખના અર્થી એવા મારે જિનવચનાનુસાર ધર્મમાં ઉદ્યમ કરીને કલ્યાણ સાધવું જોઈએ તેવો સ્થિર નિર્ણય થયો છે તે શ્રોતા શાસ્ત્રવચનથી જ્ઞાતતત્વવાળો છે.

આ સર્વ ઉપદેશ સાંભળીને તેને સંસારના ઉચ્છેદની અને મોક્ષપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા થઈ છે. તેથી તે શ્રોતા સંવેગના પરિણામવાળો છે. સંવેગના પરિણામને કારણે તે શ્રોતા ધર્મ સેવવાના પરિણામવાળો થયો છે અર્થાત્ હવે મારે મારી શક્તિને અનુરૂપ ઉચિત ધર્મ સેવવો છે તેવા પરિણામવાળો થયો છે. તેથી દૃઢ એવી સ્વશક્તિથી ધર્મના સેવનમાં પ્રવૃત્તિ કરે છે એનાથી જણાય છે કે આ શ્રોતા વિશેષ પ્રકારના સદ્ધર્મના ગ્રહણની યોગ્યતાને પામેલો છે.

આશય એ છે કે દેશના સાંભળીને નિર્મળ મતિવાળો એવો શ્રોતા પોતાની શક્તિને ગોપવ્યા વગર આગળ કહેવાશે એવા વંદનાદિની શુદ્ધિરૂપ વિધિપૂર્વક યોગરૂપ ધર્મને ગ્રહણમાં દૃઢ પ્રવૃત્તિ કરે છે. તેનાથી નક્કી થાય છે કે હવે આ શ્રોતા વિશેષ પ્રકારની ધર્મને કરવાની યોગ્યતાને પામેલ છે.

અહીં દૃઢ અને સ્વશક્તિથી તે શ્રોતા ધર્મના સંગ્રહમાં પ્રવર્તે છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈ શ્રોતા પૂર્વમાં કહેવાયેલા ઉપદેશને સાંભળીને ધર્મ કરવાની ઇચ્છાવાળો થયો હોય આમ છતાં, ધર્મમાં દૃઢ પ્રયત્ન કરનાર ન હોય અને પોતાની શક્તિનો વિચાર કર્યા વગર શક્તિથી બહારનું કૃત્ય કરવા તત્પર થયેલો હોય અથવા જે કૃત્યમાં પોતાની શક્તિ હોય તેને ગોપવીને ધર્મમાં પ્રવૃત્તિ કરનાર હોય તેવા શ્રોતાથી થનારા ધર્મની પ્રવૃત્તિમાં શાસ્ત્રવિધિના ભંગનો સંભવ છે; કેમ કે શક્તિ બહારનું કૃત્ય હોય તો તે કૃત્યથી ઉચિત પરિણતિ નિષ્પન્ન થાય નહિ પરંતુ તે સ્વીકારેલું કૃત્ય યથાતથા થાય અને શક્તિ હોવા છતાં તે કૃત્ય સમ્યક્ ન કરવામાં આવે તો તે ધર્માનુષ્ઠાન બાહ્યથી થાય પરંતુ અંતરંગશુદ્ધિનું કારણ બને નહિ માટે તે ધર્મ સેવીને પણ તે મહાત્મા ઉચિત હિત સાધી શકે નહિ માટે અનર્થનો સંભવ છે; તેથી જે શ્રોતા ઉપદેશ સાંભળીને દૃઢ યત્ન કરનાર છે તે શ્રોતા વિશેષ પ્રકારના ગૃહસ્થધર્મને યોગ્ય છે એમ અહીં કહેલ છે.

આનાથી એ ફલિત થાય કે આ પ્રકારના ઉપદેશના બળથી અત્યંત ધર્મને અભિમુખ થયેલો યોગ્ય શ્રોતા શ્રાવકધર્મને અનુકૂળ એવી યોગ્યતાવાળો થયો છે. તેથી તેવા શ્રોતાને ઉપદેશક તેની ભૂમિકાનુસાર વિશેષ પ્રકારનો શ્રાવકધર્મ સમજાવે તો તે શ્રોતા અવશ્ય ભાવશ્રાવક બને છે.

ટીકા :-

शास्त्रान्तरे चैकविंशत्या गुणैर्द्धर्मग्रहणार्हो भवतीति प्रतिपादितं तद्यथा –

धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो १ । रूववं २ । पगइसोमो ३ ।
लोगप्पिओ ४ । अकूरो ५ । भीरू ६ । असढो ७ । सुदक्खिण्णो ८।।१।।
लज्जालुओ ९ । दयालू १० । मज्झत्थो सोमदिट्ठी ११ । गुणरागी १२ ।
सक्कह १३ । सुपक्खजुत्तो १४ । सुदीहदंसी १५ । विसेसन्नू १६।।२।।
वुड्ढाणुगो १७ । विणीओ १८ । कयण्णुओ १९ । परहिअत्थकारी अ २० ।
तह चेव लद्धलक्खो २१ । इगवीसगुणेहिं संजुत्तो ।।३।। **[धर्मरत्नप्रकरणे गा. ५-७ सम्बोधप्रकरण श्रावक. गा. ६-८ प्रवचनसारोद्धारे गा. १३५६-८]**

एतासां व्याख्या-धर्माणां मध्ये यो रत्नमिव वर्त्तते जिनप्रणीतो देशविरतिसर्वविरतिरूपो धर्मः स धर्मरत्नम्, तस्य 'योग्यः' उचितो भवतीत्यध्याहारः, 'एकविंशत्या गुणैः संपन्न' इति तृतीयगाथान्ते संबन्धः ।

तानेव गुणान् गुणगुणिनोः कथञ्चिदभेद इति दर्शनाय गुणिप्रतिपादनद्वारेणाह–अक्खुद्दो इत्यादि । तत्राक्षुद्रोऽनुत्तानमतिः १ । रूपवान् प्रशस्तरूपः, स्पष्टपञ्चेन्द्रियरूप इत्यर्थः २ । प्रकृतिसोमः

स्वभावतोऽपापकर्मा ३ । लोकप्रियः सदा सदाचारचारी ४ । अक्रूरोऽक्लिष्टचित्तः ५ । भीरुरैहिकामुष्मिकापायभीलुकः ६ । अशठः परावञ्चकः ७ । सुदाक्षिण्यः प्रार्थनाभङ्गभीरुः ८ । लज्जालुरकार्यवर्ज्जकः ९ । दयालुः सत्त्वानुकम्पकः १० । मध्यस्थो रागद्वेषरहितोऽत एवासौ सोमदृष्टिर्यथावस्थितविचारवित्त्वात्, इह पदद्वयेनाप्येक एव गुणः ११ । गुणरागी गुणिपक्षपातकृत् १२ । सती धर्मकथाऽभीष्टा यस्य स सत्कथः १३ । सुपक्षयुक्तः सुशीलानुकूलपरिवारोपेतः १४ । सुदीर्घदर्शी सुपर्यालोचितपरिणामसुन्दरकार्यकारी १५ । विशेषज्ञोऽपक्षपातित्वेन गुणदोषविशेषवेदी १६ । वृद्धानुगः परिणतमतिपुरुषसेवकः १७ । विनीतो गुणाधिकेषु गौरवकृत् १८ । कृतज्ञः परोपकाराविस्मारकः १९ । परहितार्थकारी निरीहः सन् परार्थकृत्, सुदाक्षिण्यो हि अभ्यर्थित एव परोपकारं करोत्ययं पुनः स्वत एव परहितरत इति विशेषः २० ।

तह चेवत्ति तथाशब्दः प्रकारार्थश्चः समुच्चये, एवोऽवधारणे । ततश्च यथैते विंशतिस्तथैव तेन प्रकारेण, लब्धलक्ष्यश्च धर्माधिकारीति पदयोगः, पदार्थस्तु लब्ध इव=प्राप्त इव, लक्ष्यो=लक्षणीयो धर्मानुष्ठानव्यवहारो येन स लब्धलक्ष्यः सुशिक्षणीयः २१ ।

इत्येकविंशत्या गुणैः संपन्नो धर्मरत्नयोग्य इति योजितमेव ।

अत्राह–ननु किमेकान्तेनैतावद्गुणसंपन्ना धर्माधिकारिण उतापवादोऽप्यस्तीति प्रश्ने सत्याह–

"पायद्धगुणविहीणा, एएसिं मज्झिमाऽवरा णेआ ।
इत्तो परेण हीणा, दरिद्दपाया मुणेअव्वा ।।१।।" [धर्मरत्न-प्र० गा. ३०]

इहाधिकारिण उत्तमा मध्यमा हीनाश्चेति त्रिधा, तत्रोत्तमाः संपूर्णगुणा एव पादश्चतुर्थांशस्तत्प्रमाणैर्गुणैर्ये विहीनास्ते मध्यमाः, अर्द्धप्रमाणगुणहीनाश्च जघन्याः, अर्द्धादप्यधिकैर्हीना नरा दरिद्रा धर्मरत्नस्यायोग्या इत्यर्थः ।

अत्र च यद्यपि श्रावकयतिधर्मभेदाद्धर्मो द्विधा, श्रावकधर्मोऽपि अविरतविरतश्रावकधर्मभेदाद्द्विधा । तत्राविरतश्रावकधर्मस्य पूर्वसूरिभिः–

"तत्थहिगारी अत्थी, समत्थओ जो न सुत्तपडिकुट्ठो ।
अत्थी उ जो विणीओ, समुट्ठिओ पुच्छमाणो अ ।।१।।" [श्रावकधर्मविधिः गा.४]

इत्यादिनाऽधिकारी निरूपितः, विरतश्रावकधर्मस्य–

"संपत्तदंसणाई, पइदिअहं जइजणा सुणेइ अ ।
सामायारिं परमं, जो खलु तं सावयं बिंति ।।१।।"

तथा–

"परलोगहिअं ध(स)म्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ।
अइतिव्वकम्मविगमा, उक्कोसो सावगो इत्थ ।।१।।" **[पञ्चाशक १।२, श्रावकधर्मविधि-२]**

इत्यादिभिरसाधारणैः श्रावकशब्दप्रवृत्तिहेतुभिरधिकारित्वमुक्तम्–यतिधर्माधिकारिणोऽप्येवं तत्प्रस्तावे वक्ष्यमाणा यथा–

"पव्वज्जाए अरिहा, आरिअदेसंमि जे समुप्पन्ना ।
जाइकुलेहिं विसिट्ठा, तह खीणप्पायकम्ममला ।।१।।
तत्तो अ विमलबुद्धी, दुलहं मणुअत्तणं भवसमुद्दे ।
जम्मो मरणनिमित्तं, चवलाओ संपयाओ अ ।।२।।
विसया य दुक्खहेऊ, संजोगे निअमओ विओगुत्ति ।
पइसमयमेव मरणं, इत्थ विवागो अ अइरुद्दो ।।३।।
एवं पयईए च्चिअ, अवगयसंसारनिग्गुणसहावा ।
तत्तो अ तव्विरत्ता, पयणुकसायप्पहासा य ।।४।।
सुकयन्नुआ विणीआ, रायाईणमविरुद्धकारी अ ।
कल्लाणंगा सड्ढा, धीरा तह समुवसंपन्ना ।।५।।" **[पञ्चवस्तुके गा. ३२-६]**

इति पृथक् पृथक् प्रतिपादितास्तथाप्येभिरेकविंशत्या गुणैः कतमधर्मस्याधिकारित्वमिति न व्यामोहः कार्यः, यत एतानि सर्वाण्यपि शास्त्रान्तरीयाणि लक्षणानि प्रायेण तत्तद्गुणस्याङ्गभूतानि वर्त्तन्ते चित्रस्य वर्णकशुद्धिविचित्रवर्णतारेखाशुद्धिनानाभावप्रतीतिवत् । प्रकृतगुणाः पुनः सर्वधर्माणां साधारणभूमिकेव चित्रकराणामिति सूक्ष्मबुद्ध्या परिभावनीयम् । यदुक्तम्–

दुविहंपि धम्मरयणं, तरइ नरो घित्तुमविगलं सो उ ।
जस्सेगवीसगुणरयणसंपया होइ सुत्थित्ति ।।१।।

ते च सर्वेऽपि गुणाः प्रकृते संविग्नादिविशेषणपदैरेव संगृहीता इति सद्धर्मग्रहणार्ह उक्तः ।।२०।।

ટીકાર્થ :-

शास्त्रान्तरे ..... उक्तः ।। અને શાસ્ત્રાન્તરમાં=ધર્મબિંદુ ગ્રંથ કરતાં અન્ય એવા શાસ્ત્રમાં એકવીશ ગુણોથી ધર્મગ્રહણયોગ્ય જીવ થાય છે એ પ્રમાણે પ્રતિપાદન કરાયું છે. તે આ પ્રમાણે –

ધર્મરત્નને યોગ્ય - ૧. અખુદ્ર ૨. રૂપવાન ૩. પ્રકૃતિસૌમ્ય ૪. લોકપ્રિય ૫. અક્રૂર ૬. ભીરુ ૭. અશઠ ૮. સુદાક્ષિણ્યવાળો ૯. લજ્જાલુ ૧૦. દયાલુ ૧૧. મધ્યસ્થ એવો સૌમ્યદૃષ્ટિ ૧૨. ગુણરાગી ૧૩. સત્કથ ૧૪. સુપક્ષ યુક્ત ૧૫. સુદીર્ઘદર્શી ૧૬. વિશેષજ્ઞ ૧૭. વૃદ્ધાનુગત ૧૮. વિનીત ૧૯. કૃતજ્ઞ ૨૦. પરહિતાર્થકારી અને તે રીતે જ

૨૧. લબ્ધલક્ષ્ય. એકવીસ ગુણોથી યુક્ત ધર્મરત્નને યોગ્ય થાય છે. તેમ પ્રથમ શ્લોક સાથે સંબંધ છે. (ધર્મરત્નપ્રકરણ, ગા. ૫-૬-૭, સંબોધપ્રકરણ શ્રાવક૦ ૬-૭-૮, પ્રવચનસારોદ્ધાર ગા. ૧૩૫૬-૭-૮)

આમની વ્યાખ્યા=ધર્મરત્નને યોગ્ય એકવીસ ગુણો પૂર્વમાં બતાવ્યા તેની વ્યાખ્યા–ધર્મોના મધ્યે જિનપ્રણીત દેશવિરતિ-સર્વવિરતિરૂપ ધર્મ જે રત્નની જેમ વર્તે છે તે ધર્મરત્ન છે. તેને યોગ્ય=ધર્મરત્નને ઉચિત, એકવીસ ગુણોથી સંપન્ન થાય છે, એ પ્રમાણે ત્રીજી ગાથાના અંતમાં સંબંધ છે.

ઉદ્ધરણના શ્લોકોમાં 'धम्मरयणस्स जुग्गो' પછી 'भवति' એ પ્રમાણે શબ્દ અધ્યાહાર છે.

ગુણ-ગુણીનો કથંચિત અભેદ છે તે બતાવવા માટે તે જ ગુણોને ગુણીના પ્રતિપાદન દ્વારા 'अक्खुद्दो इत्यादि'થી એકવીસ ગુણોને કહે છે –

ત્યાં=એકવીસ ગુણોમાં,

૧. અક્ષુદ્ર=અનુત્તાનમતિવાળો=અતિગંભીર, ઉદાર પરિણામવાળો=ઉતાવળો નહિ,

૨. રૂપવાન=પ્રશસ્તરૂપવાળો=સ્પષ્ટ પંચેન્દ્રિયરૂપવાળો,

૩. પ્રકૃતિસૌમ્ય=સ્વભાવથી અપાપકર્મવાળો,

૪. લોકપ્રિય=સદા સદાચાર આચરનાર,

૫. અક્રૂર=અક્લિષ્ટ ચિત્તવાળો,

૬. ભીરુ=આલોકના-પરલોકના અનર્થથી ભીરુ,

૭. અશઠ=પર-અવંચક,

૮. સુદાક્ષિણ્ય=પ્રાર્થનાના ભંગમાં ભીરુ,

૯. લજ્જાલુ=અકાર્યવર્જક,

૧૦. દયાલુ=જીવોની અનુકંપાવાળો,

૧૧. મધ્યસ્થ=રાગદ્વેષ રહિત, આથી જ આ સૌમ્યદૃષ્ટિ છે; કેમ કે યથાવસ્થિત વિચારવાનપણું છે. અહીં=પ્રસ્તુત ગુણમાં, પદદ્વય દ્વારા પણ એક જ ગુણ છે.

૧૨. ગુણરાગી=ગુણીના પક્ષપાતને કરનારો,

૧૩. સુંદર ધર્મકથા અભીષ્ટ છે જેને તે સત્કથ,

૧૪. સુપક્ષયુક્ત=સુશીલ અને અનુકૂલ પરિવારથી યુક્ત,

૧૫. સુદીર્ઘદર્શી=સુપર્યાલોચિત પરિણામ સુંદર કાર્યને કરનાર,

૧૬. વિશેષને જાણનારો=અપક્ષપાતીપણું હોવાને કારણે ગુણ-દોષના વિશેષને જાણનારો.

૧૭. વૃદ્ધાનુગ:=વૃદ્ધોને અનુસરનાર=પરિણતમતિવાળા પુરુષનો સેવક=સેવા કરનારો.

૧૮. વિનીત=ગુણાધિકમાં ગૌરવને કરનારો,

૧૯. કૃતજ્ઞ=પરના ઉપકારને વિસ્મરણ નહિ કરનાર,

૨૦. પરહિતાર્થકારી=નિરીહ છતો પરના અર્થને કરનારો.

આઠમા સુદાક્ષિણ્ય ગુણ કરતા વીસમા પરહિતાર્થકારી ગુણના ભેદને સ્પષ્ટ કરે છે –

'હિ'=જે કારણથી, સુદાક્ષિણ્યવાળો પુરુષ અભ્યર્થિત જ પરોપકારને કરે છે. વળી, આ=પરહિતાર્થકારી પુરુષ, સ્વતઃ જ પરહિતમાં રત છે, એથી વિશેષ છે=સુદાક્ષિણ્યગુણ કરતાં પરહિતાર્થકારી ગુણમાં ભેદ છે.

'तह चेव'નો અર્થ કરે છે –

'तथा' શબ્દ પ્રકાર અર્થવાળો છે અને 'च' શબ્દ સમુચ્ચયમાં છે અને 'एव' શબ્દ અવધારણમાં છે.

તેનાથી શું પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

જે પ્રમાણે આ વીસ ગુણો છે તે પ્રમાણે જ લબ્ધલક્ષ્ય ધર્મનો અધિકારી છે એ પ્રમાણે પદનો યોગ છે=ધર્મઅધિકારી એ પદનો સંબંધ છે.

હવે 'લબ્ધલક્ષ્ય' શબ્દનો અર્થ કરે છે –

વળી, પદનો અર્થ=લબ્ધલક્ષ્યરૂપ પદનો અર્થ, લબ્ધની જેમ=પ્રાપ્તની જેમ, લક્ષ્ય=લક્ષણીય, ધર્માનુષ્ઠાનનો વ્યવહાર છે જેના વડે તે લબ્ધલક્ષ્ય=સુશિક્ષણીય=સુખે કરીને બોધ કરી શકાય તેવો, છે.

આ પ્રમાણે એકવીસ ગુણોથી સંપન્ન ધર્મરત્નને યોગ્ય છે એ પ્રમાણે યોજન જ કરાયું છે.

અહીં 'ननु'થી શંકા કરે છે –

શું એકાંતથી આટલા ગુણસંપન્ન ધર્મના અધિકારી છે કે અપવાદ પણ છે ? એ પ્રકારનો પ્રશ્ન થયે છતે કહે છે –

"આમાં=એકવીસ ગુણોમાં, પાદ અને અર્ધગુણથી વિહીન મધ્યમ અને અપર જાણવા=જઘન્ય જાણવા. આનાથી અધિક હીન દરિદ્રપ્રાય જાણવા." **(ધર્મરત્નપ્રકરણ- ગા. ૩૦)**

શ્લોકનો અર્થ કરે છે –

અહીં=ધર્મરત્નના વિષયમાં, અધિકારી ઉત્તમ, મધ્યમ અને હીન એ રીતે ત્રણ પ્રકારના છે. ત્યાં ઉત્તમ સંપૂર્ણ ગુણવાળા જ છે=એકવીસ ગુણવાળા જ છે. પાદ=ચતુર્થ અંશ, તત્ પ્રમાણ ગુણો વડે જે વિહીન છે તે મધ્યમ છે અને અર્ધપ્રમાણ ગુણહીન જઘન્ય છે. અર્ધથી પણ અધિક ગુણોથી હીન નર દરિદ્ર છે=ધર્મરત્નને અયોગ્ય છે એ પ્રકારનો અર્થ છે.

અને અહીં=ધર્મરત્નમાં, જોકે શ્રાવકધર્મ અને યતિધર્મના ભેદથી ધર્મ બે પ્રકારનો છે. શ્રાવકધર્મ પણ અવિરત અને વિરત શ્રાવકધર્મના ભેદથી બે પ્રકારનો છે. ત્યાં અવિરત શ્રાવકધર્મના પૂર્વ આચાર્ય વડે 'तत्थहिगारी' ઇત્યાદિ દ્વારા અધિકારી નિરૂપણ કરાયેલા છે.

તે શ્લોકનો અર્થ આ પ્રમાણે છે –

"ત્યાં=ધર્મમાં, જે અર્થી, સમર્થ સૂત્રથી પ્રતિકૃષ્ટ નથી=નિરાકૃત નથી, તે અધિકારી છે. વળી જે વિનીત, સમુપસ્થિત અને પુચ્છમાણ છે તે અર્થી છે." **(શ્રાવકધર્મવિધિ, શ્લોક-૪)**

વિરત શ્રાવકધર્મનું 'संपत्तदंसणाई' ઇત્યાદિ બે શ્લોક દ્વારા શ્રાવક શબ્દના પ્રવૃત્તિના હેતુ એવા અસાધારણ ગુણો વડે અધિકારીપણું કહેવાયું છે.

તે બે શ્લોકનો અર્થ આ પ્રમાણે છે –

"પ્રાપ્ત થયેલા દર્શનાદિવાળો પ્રતિદિન યતિજનની પરમ સામાચારીને જે સાંભળે છે તેને શ્રાવક કહેવાય છે."

અને

"પરલોકના હિતને કરનારા એવા જિનવચનને અતિ તીવ્રકર્મના વિગમનના કારણે સમ્યક્ ઉપયુક્ત જે પુરુષ સાંભળે છે તે અહીં=શ્રાવકધર્મના વિચારના પ્રક્રમમાં, ઉત્કૃષ્ટ શ્રાવક છે=ભાવશ્રાવક છે." **(પંચાશક-૧/૨ શ્રાવકધર્મવિધિ-૨)**

યતિધર્મના અધિકારીઓનું પણ આ રીતે તેના પ્રસ્તાવમાં વક્ષ્યમાણ છે અને તે 'યથા'થી બતાવે છે –

"પ્રવ્રજ્યાને યોગ્ય - જે આર્યદેશમાં ઉત્પન્ન થયેલા છે, જાતિ, કુલથી વિશિષ્ટ છે અને ક્ષીણ પ્રાયકર્મમલવાળા છે અને તેથી વિમલબુદ્ધિ છે અને 'ભવસમુદ્રમાં મનુષ્યપણું દુર્લભ છે, જન્મ-મરણનું નિમિત્ત છે અને ચપલ સંપત્તિઓ છે. વિષયો દુઃખના હેતુ છે. સંયોગમાં નિયમથી વિયોગ છે, પ્રતિસમય જ મરણ છે=દરેક સમયે આયુષ્ય ઘટી રહ્યું છે. અહીં=સંસારમાં, વિપાક=કર્મનો વિપાક, અતિ રૌદ્ર છે.' એ પ્રકારે પ્રકૃતિથી જ અવગત છે સંસારનો નિર્ગુણ સ્વભાવ જેને એવો અને તેના કારણે તેનાથી વિરક્ત=ભવથી વિરક્ત, પ્રતનુકષાય અને અલ્પ હાસ્યવાળો, સુકૃતજ્ઞ, વિનીત, રાજા આદિના અવિરુદ્ધ કાર્યને કરનારો, કલ્યાણના અંગવાળો=દેહના સર્વ અંગોથી પૂર્ણ, શ્રદ્ધાવાળો, ધીર તથા સમુવસંપન્ન=સંયમ લેવા માટે ઉપસ્થિત થયેલ છે તે પ્રવ્રજ્યાને યોગ્ય છે. એમ પ્રથમ ગાથા સાથે સંબંધ છે." **(પંચવસ્તુક, ગા. ૩૨થી ૩૬)**

આ પ્રમાણે=પૂર્વમાં ધર્મ, શ્રાવકધર્મ અને યતિધર્મ બે ભેદવાળો બતાવ્યો અને શ્રાવકધર્મ પણ અવિરત અને વિરત શ્રાવકધર્મના બે ભેદવાળો બતાવ્યો અને તે સર્વધર્મને યોગ્ય જીવોના સ્વરૂપને બતાવનારા ઉદ્ધરણો આપ્યાં એ પ્રમાણે, ધર્મયોગ્ય જીવો પૃથક્-પૃથક્ પ્રતિપાદન કરાયા તોપણ આ એકવીસ ગુણોથી કયા ધર્મનું અધિકારીપણું છે ? એ પ્રકારનો વ્યામોહ કરવો નહિ. જે કારણથી આ સર્વ પણ શાસ્ત્રાન્તરનાં લક્ષણો=ગ્રંથકારશ્રીએ પૂર્વમાં એકવીસ ગુણો બતાવ્યા તે સર્વ પણ શાસ્ત્રાન્તરનાં લક્ષણો, ચિત્રની વર્ણકશુદ્ધિ, વિચિત્ર વર્ણતા, રેખાશુદ્ધિના નાનાભાવની પ્રતીતિની જેમ પ્રાયઃ તે તે ગુણના અંગભૂત વર્તે છે=અવિરત શ્રાવકધર્મ, વિરત શ્રાવકધર્મ અને યતિધર્મને યોગ્ય જીવોના ગુણના અંગભૂત વર્તે છે. વળી, ચિત્રકારોની સાધારણ ભૂમિકાની જેમ પ્રકૃત ગુણો સર્વધર્મોની સાધારણ ભૂમિકા છે એ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી પરિભાવન કરવું જોઈએ.

જે કારણથી કહેવાયું છે –

"બે પ્રકારના પણ=શ્રાવકધર્મ અને યતિધર્મરૂપ બે પ્રકારના પણ, ધર્મરત્નને અવિકલ ધારણ કરવા માટે તે જ નર સમર્થ છે જેને એકવીસ ગુણરત્નની સંપદા સુસ્થિત છે." **(ધર્મરત્નપ્રકરણ, ગા. ૧૪૦)**

અને તે સર્વ પણ ગુણો=ધર્મરત્નપ્રકરણમાં એકવીસ ગુણો બતાવ્યા અને ઉદ્ધરણથી અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરત જીવને યોગ્ય ગુણો બતાવ્યા તે સર્વ પણ ગુણો, પ્રકૃત શ્લોકમાં=ગ્રંથકારશ્રીએ બતાવેલા મૂળ શ્લોકમાં 'સંવિગ્ન' આદિ વિશેષણોવાળાં પદો વડે જ સંગૃહીત કર્યાં છે. એ પ્રમાણે સદ્ધર્મગ્રહણને યોગ્ય જીવ કહેવાયો. ॥૨૦॥

ભાવાર્થ :-

પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારશ્રીએ સદ્ધર્મગ્રહણયોગ્ય જીવનું સ્વરૂપ બતાવ્યું. તેના વિષયમાં અન્ય શાસ્ત્રમાં સદ્ધર્મયોગ્ય જીવના એકવીસ ગુણો બતાવ્યા છે. તેને બતાવીને તેનું સંક્ષિપ્ત સ્વરૂપ પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ છે. ત્યાં પ્રશ્ન થાય કે 'સદ્ધર્મયોગ્ય' શબ્દથી સદ્ધર્મ-શ્રાવકધર્મ અને સાધુધર્મ એમ બે પ્રકારનો પ્રાપ્ત થાય છે અને શ્રાવકધર્મ પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરત સમ્યગ્દૃષ્ટિ એમ બે પ્રકારે પ્રાપ્ત થાય છે. તેથી આ એકવીસ ગુણો કયા શ્રાવકના છે ? એ પ્રકારની જિજ્ઞાસા થાય. વળી, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવનું, દેશવિરતિને યોગ્ય જીવનું અને સર્વવિરતિને યોગ્ય જીવનું લક્ષણ શું છે ? તે બતાવે છે –

તેમાં જે અવિરત સમ્યગ્દૃષ્ટિને યોગ્ય જીવ છે તેનું લક્ષણ બતાવતાં કહ્યું કે જે જીવ ધર્મનો અર્થી હોય, સમર્થ હોય અને જેને સૂત્રમાં પ્રતિષેધ કરાયો ન હોય તેવો જીવ ધર્મનો અધિકારી છે.

તેમાં અર્થી કોણ હોય છે ? તે બતાવતાં કહે છે –

જે વિનયવાળો છે, ધર્મ સાંભળવા માટે સમુપસ્થિત છે અને ધર્મના પરમાર્થને પૂછી રહ્યો છે. આવો જીવ સમ્યક્ત્વરૂપ અવિરત શ્રાવકધર્મને સ્વીકારવા માટે યોગ્ય છે.

વળી, દેશવિરતિધર્મ સ્વીકારવા માટે કોણ યોગ્ય છે ? તે બતાવતાં કહે છે –

સંપ્રાપ્ત દર્શન અને જ્ઞાનના ગુણવાળો, પ્રતિદિન સાધુજનની શ્રેષ્ઠ સામાચારીને જે સાંભળે છે તેને શ્રાવક કહેવાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનનાં વચનનો પ્રાથમિક બોધ જેમને પ્રાપ્ત થયો છે, તેથી સમ્યગ્દર્શન અને પ્રથમ ભૂમિકાનું સમ્યગ્જ્ઞાન મળ્યું છે અને સર્વવિરતિની અત્યંત લાલસા છે પરંતુ સર્વવિરતિ પાળવા સમર્થ નથી અને પ્રતિદિન સાધુસામાચારીને સાંભળે છે તેવો જીવ દેશવિરતિવાળો છે.

વળી, અન્ય ગ્રંથોમાં કહ્યું છે કે અતિ તીવ્ર કર્મના વિગમનને કારણે પરલોકના હિતનું કારણ એવું જિનવચન જે સમ્યક્ ઉપયોગપૂર્વક સાંભળે છે તે અહીં ઉત્કૃષ્ટ શ્રાવક છે=ભાવશ્રાવક છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પરલોકને હિતકારી એવું સર્વવિરતિનું સ્વરૂપ અત્યંત ઉપયોગપૂર્વક સાંભળે છે અને પોતાનામાં સર્વવિરતિની શક્તિ નથી છતાં સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સાધુસામાચારી સાંભળીને સર્વવિરતિની શક્તિના સંચય કરવા માટે જે ઉદ્યમવાળો છે તે ભાવશ્રાવક છે.

વળી, સર્વવિરતિના અધિકારી તરીકે પંચવસ્તુમાં સોળ ગુણો કહ્યા છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે ધર્મરત્ન પ્રકરણમાં, જે એકવીસ ગુણો કહ્યા છે તે અવિરત સમ્યગ્દૃષ્ટિને યોગ્ય જીવ માટે કે દેશવિરતિને યોગ્ય જીવ માટે કે સર્વવિરતિને યોગ્ય જીવ માટે કહ્યા છે ? તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

આ એકવીસ ગુણો ત્રણેય પ્રકારના યોગ્ય જીવોમાં વર્તે છે. ફક્ત અવિરત સમ્યગ્દૃષ્ટિને યોગ્ય જીવમાં કે દેશવિરતિને યોગ્ય જીવમાં કે સર્વવિરતિને યોગ્ય જીવમાં તે-તે પ્રકારનો શુદ્ધિનો ભેદ હોય છે. તેથી ધર્મને અભિમુખ થયેલા પણ ત્રણ પ્રકારના જીવો સ્વ-સ્વ ભૂમિકાને અનુરૂપ સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિમાંથી યથાયોગ્ય ધર્મનો સ્વીકાર કરે છે. ધર્મને યોગ્ય એકવીસ ગુણો ત્રણે પ્રકારના ધર્મ માટે સાધારણ ભૂમિકારૂપ છે.

વળી, ત્યાં પ્રશ્ન થાય કે 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાં ધર્મને યોગ્ય એકવીસ ગુણો કહ્યા છે અને ગ્રંથકારશ્રીએ તો પ્રસ્તુત શ્લોકમાં ધર્મને યોગ્ય જીવનું સ્વરૂપ અન્ય પ્રકારે બતાવ્યું છે. તેથી ગ્રંથકારશ્રી ખુલાસો કરે છે –

ગ્રંથકારશ્રીએ સંવિગ્ન, જ્ઞાતતત્ત્વવાળો આદિ વિશેષણો આપ્યાં તે વિશેષણોથી 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાં કહેલા એકવીસ ગુણોનો સંગ્રહ થાય છે. તેથી શબ્દના વર્ણનથી સ્વરૂપનો ભેદ છે, પરંતુ ધર્મયોગ્ય જીવનું લક્ષણ 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાં કરેલ છે તેની સાથે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં ધર્મયોગ્ય જીવનું લક્ષણ કર્યું તેમાં કોઈ વિરોધ નથી.

આનાથી એ ફલિત થાય કે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે પૂર્વમાં બતાવેલી દેશનાના શ્રવણથી જે મહાત્મા સંવિગ્ન થયા છે, જ્ઞાતતત્ત્વવાળા છે અને સ્વશક્તિ અનુસાર દૃઢ ધર્મને ગ્રહણ કરવા માટે પ્રવૃત્ત છે તે જીવોમાં 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાં બતાવેલા એકવીસ ગુણો સ્વભૂમિકાનુસાર હોય છે.

इति परमगुरुभट्टारकश्रीविजयानन्दसूरिशिष्यपण्डितश्रीशान्तिविजयगणिचरणसेवि-
महोपाध्यायमानविजयगणिविरचितायां स्वोपज्ञधर्मसंग्रहवृत्तौ
सामान्यतो गृहिधर्मव्यावर्णनो नाम प्रथमोऽधिकारः ।

।। इति प्रथमोऽधिकारः ।।

આ પ્રમાણે પરમગુરુ ભટ્ટારક આચાર્ય શ્રી વિજય આનંદસૂરીશ્વરજીશિષ્ય
પંડિત શ્રી શાંતિવિજય ગણિ ચરણસેવી મહોપાધ્યાય માનવિજય ગણિવિરચિત
સ્વોપજ્ઞ ધર્મસંગ્રહવૃત્તિમાં સામાન્યથી ગૃહસ્થધર્મના વ્યાવર્ણન નામનો
પ્રથમ અધિકાર સમાપ્ત થયો.

: પ્રથમ અધિકાર સમાપ્ત :

અનુસંધાન : ધર્મસંગ્રહ ભાગ-૨

वचनादविरुद्धाद्यदनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादिभावसम्मिश्रं, तद्धर्म इति कीर्त्यते ।।

❋

મૈત્ર્યાદિભાવથી સંમિશ્ર અવિરુદ્ધ વચનથી
યથોદિત એવું જે અનુષ્ઠાન તે ધર્મ
એ પ્રમાણે કહેવાય છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફ્રતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in